હૉલ કેઈન કૃત

'ધ બૉન્ડમેન' યાને

આત્મ-બલિદાન

સંપા૦ ગોપાળદાસ પટેલ

વિશ્વ-સાહિત્ય અકાદમી, અમદાવાદ-૧૫

વિશ્વ-સાહિત્ય અકાદમી ગ્રંથમાળા–૪

આત્મ-બલિદાન

[હૉલ કેઈન કૃત નવલકથા : 'ધ બૉન્ડમૅન']

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

અમર પાળિયાઓરૂપ

આવી કથાઓનું સેવન જેટલું વધુ થાય તેટલું સારું.
–'વાચક'

પ્રકાશક
વિશ્વ-સાહિત્ય અકાદમી
સરદાર-બ્રિગેડ હૉલ, ૧૭૦, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઇટ, અમદાવાદ-૧૫

પ્રકાશક :
ડૉ. રજનીકાન્ત જોશી
મંત્રી
વિશ્વ-સાહિત્ય અકાદમી
૧૭૦, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫
ફોન : ૪૦૬૧૯૭

મુદ્રક :
ધુરંધર
પ્રકૃતિ જીવન પ્રેસ,
રાતરાણી-ફૂલવાડી આશ્રમ, અમદાવાદ-૧૫
ફોન : ૬૭૪૬૫૭૮ : ૬૭૫૧૫૦૧

પહેલી આવૃત્તિ, પ્રત ૧૦૦૦

મુખ્ય વિક્રેતા :
નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૧૪
અને
વિશ્વ-સાહિત્ય કિતાબ ઘર, સરદાર-બ્રિગેડ હૉલ,
૧૭૦, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ, અમદાવાદ-૧૫
ફોન : ૬૭૫૧૫૦૧ : ૬૭૪૬૫૭૮

કિં. રૂ. ૧૦૦.૦૦

તા. ૨-૧૦-'૯૮
ગાંધી-જયંતી

વિશ્વ-સાહિત્ય અકાદમીનું નિવેદન

શ્રદ્ધેય શ્રી. વિજયશંકર મંછારામ ભટ્ટની આ એક અનોખી ભેટ ગુજરાતી વાચકને છે. તેઓ શ્રી. મગનભાઈ દેસાઈના જિજ્ઞાસુ મિત્રો અને આજીવન અભ્યાસી હતા. તેઓ ચિંતક અને વિદ્વાન વિદ્યોપાસક હતા. સદ્-ગ્રંથ અને સત્પુરુષનો સંગ અને સેવા એમનો પ્રિય શોખ હતો. તેઓ સતત કંઈને કંઈ સ્વાધ્યાય અર્થે વાચન કર્યા જ કરે. અંગ્રેજી, હિંદી, મરાઠી, ગુજરાતી એ બધી ભાષાઓમાંથી ઉત્તમ પુસ્તકો તેઓ વીણી કાઢતા; અને પોતાને ગમતાં પુસ્તકો બીજાને વાંચવા તેઓ ભલામણ કરતા રહેતા. તેમની પ્રેમાળ ભલામણને કારણે ગુજરાતી વાચકને આ સુંદર કથાનો લાભ મળે છે. ગુરુદત્તનાં પુસ્તકોના પણ તેઓ ભારે શોખીન હતા, અને તેમાંય 'गुण्ठन' પર ! તેમની ભલામણથી કમુબહેન પટેલે હિંદી લેખક ગુરુદત્તની નીચેની છ નવલકથાઓ ગુજરાતીમાં ઉતારી ગુજરાતી વાર્તા-સાહિત્યમાં કીમતી ઉમેરો કર્યો છે : ('गुण्ठन' — કુટુંબ પરિવાર, 'पतन का मार्ग' — ભ્રષ્ટાચારને માર્ગે, 'प्रवंचना' — પ્રેમનાથ, 'गंगा की धारा' — ગંગાજળ, 'भूल' — ભૂલ કોની ? અને 'धरती और धन' — ધન અને ધરતી) શ્રી. ગુરુદત્તનાં આ પુસ્તકો આપણી પ્રાચીન ભારતીય કુટુંબભાવનાને સાકાર કરે છે. આ વાર્તાઓ લખીને ગુરુદત્તે કમાલ કરી છે.

સ્વનિષ્ઠ અને સ્વતંત્ર વિચારમય જીવન-ઉપાસના ગોપાળદાસ પટેલે કરી; તેના માતૃભાષાના અગાધ પ્રેમરૂપે આ હૉલ કેઈનનું પુસ્તક ગુજરાતી વાચક આગળ રજૂ કરતાં અકાદમી ધન્યતા અનુભવે છે.

તા. ૨-૧૦-'૯૮

ડૉ. રજનીકાન્ત જોશી [મંત્રી]
જીવણલાલ શાહ [પ્રમુખ]

વંદન!

[અમર પાળિયાઓરૂપ – આ કથાને]

૧

માતૃભાષાના પ્રેમી ગુજરાતી વાચકને, સ્વ૦ શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈને, સ્વ૦ વિજયશંકર મંછારામ ભટ્ટને, સ્વ૦ ગોપાળદાસ પટેલને, સ્વ૦ શ્રી ઠાકોરભાઈ દેસાઈને અને વિશ્વ-સાહિત્ય અકાદમીને હૉલ કેઈનની એક ઉત્તમ નવલકથાના આ બૃહત્‌-સંક્ષેપના પ્રકાશન ટાણે વંદન! હૉલ કેઈનની અમર પાળિયાઓરૂપ આ કથા આપણા સમાજને ઉન્નત બનાવવાની બેઠી તાકાત ધરાવે છે. વાર્તાનો પ્રસન્ન કથા-પ્રવાહ એકધારો ને સતત વહે છે. આ વાર્તા તેના પાવકતમ ભાવમાં વાચકને તરબોળ કરે છે. હૉલ કેઈને સુંદર પાત્રોનું રસપૂર્ણ ચિત્ર દોરીને પોતાની વાર્તાકળાને ખરેખર જેબ આપ્યો છે.

૨

હૉલ કેઈનની આ એક મહા-કથા છે. લેખક પોતે જ એને 'સાગા' કહી છે. 'સાગા' નામ તો પ્રાચીન રાષ્ટ્રીય ઈતિહાસને આધારે રચાયેલ મહા-કાવ્ય જેવી વીર-કથાઓને જ આપવામાં આવે છે. પણ લેખકે આ નવલકથા, જેની ઘટનાઓનો કાળ ઈ.સ. ૧૮૦૦ આસપાસનો કહેવાય, તેને 'સાગા' કહી છે. અને આપણે જોઈ શકીશું તેમ આ નવલકથાને 'સાગા' કહી છે, તે સમુચિત જ નહીં, પરંતુ યથાર્થ પણ છે.

જોકે, આઈસલૅન્ડ જેવા યુરોપખંડની છેક ઉત્તરે આવેલા અને કઠોર-કપરી કુદરતી પરિસ્થિતિવાળા તુચ્છ ટાપુનાં પાત્રોની આ કથા

છે, જ્યાં સૂર્ય પણ ઘણુંખરું આથમતો નથી તથા જેની ધરતીનો મોટો ભાગ કાં તો બરફથી કે ફાટી નીકળેલા ધરતીકંપોના ઊકળતા લાવા-રસનાં જામી ગયેલાં ગચિયાંથી છવાયેલો છે.

વાર્તા સીધીસાદી છે – કશા કાવા-દાવા, ગુપ્ત રહસ્ય, ભેદ-ભરમ કે બીજી ફાલતુ લાગણીઓના ઉછાળા તેમાં નથી. છતાં તેમાં માનવ-જીવનની ચરમ કૃતાર્થતા સાકાર થતી નિરૂપાયેલી હોવાથી એ સનાતન કથા — **મહા-કથા** બની રહી છે.

વાચકને જરૂર પ્રશ્ન ઊઠશે કે, આ નવલકથાનો મુખ્ય નાયક હડધૂત થયેલી માતાનો બધેથી હડધૂત થયેલો પુત્ર જ છે. છેવટે તો તે પોતાની પ્રેમપાત્ર માનેલી યુવતી તરફથી પણ જાકારો પામે છે. પોતાની માતાને રંજાડનાર અને તેનું જીવન બરબાદ કરનાર પોતાના પિતા ઉપર, તેના બીજા ગેરકાયદે લગ્નની પત્ની ઉપર તથા તેને થયેલા સંતાન ઉપર વેર લેવા તે નીકળે છે; છતાં છેવટે એ બધામાંથી એકે વસ્તુ તે પાર પાડી શકતો નથી.

વસ્તુતાએ પણ સુખભોગ કે બીજી વ્યાવહારિક સફળતાઓ કે સંપન્નતાઓની દૃષ્ટિએ જ જો જીવનની સાર્થકતા નાણવા જઈએ, તો તો આપણી નવલકથાના નાયકનું જીવન છેક જ નિરર્થક – વ્યર્થ ગયેલું લાગે. નર્યા દુઃખ અને નરી હતાશા સિવાય તે પોતાંના જીવનમાં કશું જ હાંસલ કરી શકતો નથી.

પરંતુ તે પોતાના તુચ્છ જીવન દરમ્યાન **બીજાને માટે** બલિદાન થવાનો છેવટે એવો અનુપમ લહાવો પ્રાપ્ત કરે છે, જેથી તેનું જીવન ધન્ય બની જાય છે. જીવનની એ એક ક્ષણ પણ તેને જીવનની કૃતાર્થતાની ટોચે પહોંચાડી દે છે. માનવ-ઈતિહાસના એવાં આત્મ-બલિદાનના દાખલા જ પછીથી સૌને યુગો સુધી મહા-કથાઓમાં કીર્તન કરવાની વસ્તુ બની રહે છે.

૩

નવલકથાકાર પ્રસંગોનું અને પાત્રોનું ઘડતર કરતો કરતો છેવટે જ્યારે આપણા સમગ્ર લાગણીતંત્રને ઉછાળી મૂકે — હચમચાવી મૂકે એવા પ્રસંગ ઉપર આવે છે, ત્યારે આપણે પણ એ ઘડીએ જાણે એક પ્રકારની ધન્યતાનો ઉછાળો અનુભવીએ છીએ.

આ નવલકથાની બલિહારી તો એ છે કે, એમાં પર્વે પર્વે હૃદય-ઉછાળ પ્રસંગો આવે છે! એવા પ્રસંગો જ ભરપટ્ટે રજૂ કરવાની કુશળતા લેખકની આ નવલકથાને સાચા અર્થમાં 'સાગા' બનાવે છે. મહાભારત વિષે એમ કહેવાયું છે કે, 'જે આમાં છે તે જ સૌમાં છે; અને જે આમાં નથી એ કોઈમાં નથી' આમ કહીને આખા સાહિત્ય-જગતને મહાભારતનું જ 'ઉપજીવી' બતાવ્યું છે. એનો અર્થ એટલો જ છે કે, માનવ-ભાવનાને ઉછાળી મૂકે — વલોવી નાખે — પાવન કરે, એવા પ્રસંગો એ મહાકાવ્યમાં એટલા બધા તથા એવા વિવિધ પ્રકારના છે કે, બીજા કવિઓ હવે જે કંઈ કલ્પશે, તે એમાં કોઈ ને કોઈ રૂપે આવી જ ગયું હશે!

આ નવલકથા પણ સ્ત્રી-પુરુષ વચ્ચેના, પિતા-પુત્ર વચ્ચેના. ભાઈ-ભાઈ વચ્ચેના અરે દુશ્મન-દુશ્મન વચ્ચેના અનેક ભાવ-ઉછાળ પ્રસંગો ઉપરાઉપરી રજૂ કરે છે. માનવહૃદયના એ બધા ભાવોને દેશ-કાળ કે જાત-પાતની કશી મર્યાદા હોય નહીં. એ બધા ભાવો માનવ-સુલભ હોઈ સાર્વજનિક છે. એટલે ધરતીને ઉત્તર છેડે આવેલા આઈસલૅન્ડમાં ભજવાતી આ કથા ગુજરાતનાં ગરમ મેદાનોમાં પણ અપ્રસ્તુત હરગિજ નથી બનતી.

૪

આ નવલકથા ૧૮૯૦માં લખાઈ છે. તેના લેખકની સૌથી પ્રથમ નવલકથા ૧૮૮૫માં લખાઈ હતી, અને સૌથી છેવટની જાણીતી કથા ૧૯૨૩માં. લેખક પોતે ૧૯૩૧માં ગુજરી ગયા છે. છતાં અંગ્રેજી

ભાષામાં હવે તેની એક પણ નવલકથા એક પણ આવૃત્તિમાં ઉપલબ્ધ નથી! એ ઉપરથી વાચન-રસની બાબતમાં અત્યારનો જમાનો શું શું છાંડી બેઠો છે અથવા શાની પાછળ પડયો છે, એ સમજી શકાય છે.

છતાં ગુજરાતી ભાષામાં એ વિશ્વ-સાહિત્યની નવલકથાઓ હજુ પણ ઉતારવાનું સાહસ કરી શકાય છે, તેનો અર્થ એ છે કે, ગુજરાતી વાચક હજુ પંડિત નેહરુની "જ્ઞાનની બારી"ની ચુંગલમાં પૂરેપૂરો ફસાઈ ગયો નથી. હજુ તેના અંતરના તારોને છેડનારું કાંઈ પણ મળે, તો તે તેને ઝટ આવકારે છે. ગુજરાતના એ ગુપ્ત તારોને જ આપણે જેટલા વફાદાર રહીશું, તેટલા સબળા અને સધ્ધર બની શકીશું. દ્વારિકાના મોહન શ્રીકૃષ્ણ, પોરબંદરના મોહન ગાંધી, ચરોતરના સરદાર, તથા સૌરાષ્ટ્ર-કચ્છ-સુરત-ભરૂચ-અમદાવાદ-નડિયાદ-વડોદરાના સેંકડો નર-રત્નોને યાદ કરીને ગુજરાત હજુ ધન્ય થઈ શકે છે.

તા. ૨-૧૦-'૯૮ — ગો૦ છો૦ પટેલ

અનુક્રમ

	વંદન	પુ૦ છો૦ પટેલ	૪
	બલિદાન	ગોપાળદાસ પટેલ	૧૩
	પાત્ર-પરિચય		૧૯

પર્વ પહેલું
સ્ટિફન ઓરી

	સૂત્રપાત	૩
૧.	હાકેમ	૫
૨.	હાકેમની દીકરી	૧૫
૩.	જેસન	૨૦
૪.	આદમ ફેરબ્રધર	૨૮
૫.	સન-લૉફ્સ	૩૯
૬.	છોકરા-છોકરીની નાનકડી દુનિયા	૫૩
૭.	પિતાનું ઋણ	૭૧
૮.	ઘોર અંધકાર : મનનો અને રાત્રીનો	૮૨
૯.	જેસનનું આગમન	૯૩
૧૦.	સ્ટિફનનો અંત	૧૦૫

પર્વ બીજું
માઇકેલ સન-લૉફ્સ

૧.	ઉદય અને અસ્ત	૧૨૩
૨.	આદમની વિદાય	૧૪૦
૩.	અવળચંડી ભવિતવ્યતા	૧૫૩
૪.	માઇકેલ સન-લૉફ્સનો ઉદય	૧૬૫
૫.	‘પ્રીત ન કરિયો કોય’	૧૭૩
૬.	ગ્રીબા ગઈ !	૧૭૮

૭. વેરની આગ ! ૧૮૪
૮. ધરપકડ ૧૯૨
૯. સજા ૨૦૬
૧૦. ફૅરબ્રધર-ભાઈઓ ૨૧૯
૧૧. માફી ૨૨૭
૧૨. શંકા ૨૨૪
૧૩. માઇકેલ સન-લૉફ્સનું પતન ૨૫૬

પર્વ ત્રીજું
જૅસન

૧. બુઢ્ઢા આદમ ફૅરબ્રધરની દાસ્તાં ૨૬૯
૨. ગંધકની ખાણો ૨૮૩
૩. મોતના ઓછાયાવાળી કારમી ખાડ ૩૦૦
૪. "સૌ માટેની ઘાટી" ૩૧૧
૫. કાનૂન-પર્વત ૩૨૪
૬. પ્રલયકાળ ૩૪૫
૭. સાચી વફાદાર ૩૫૦
૮. ફરી પાછો ક્યાંથી ! ૩૬૭
૯. 'સબસે ઊંચી પ્રેમ-સગાઈ...' ૩૭૯
૧૦. ભગ્ન હૃદય ! ૩૯૧
૧૧. જીવન દઈને જીવન કમાવાય ! ૩૯૮

સત્યાગ્રહની મીમાંસા

લેખક

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

૧૯૩૫માં બહાર પડેલો આ ગ્રંથ સત્યાગ્રહનું સામાજિક દર્શન, રાજ્ય- અને સમાજ- વિદ્યાની દષ્ટિએ સમજાવવા પ્રયત્ન કરે છે.

સત્યાગ્રહના મૂળ સિદ્ધાંતની સમજ, સમાજવાદ, સામ્યવાદ વગેરે બીજા સામાજિક સિદ્ધાંતોની દષ્ટિએ તેનું પરીક્ષણ, તેની પાછળ રહેલી સામાજિક ફિલસૂફી, વગેરે બાબતોની શાસ્ત્રીય રીતે ચર્ચા કરતું પ્રથમ પુસ્તક આને કહી શકાય. આ પુસ્તક માટે લેખકને 'પારંગત'ની પદવી પૂ. ગાંધીજીને હાથે એનાયત કરવામાં આવી હતી.

આ પુસ્તકનો હિંદી અનુવાદ પણ બહાર પડી ચૂકયો છે. અને તેનો અંગ્રેજી અનુવાદ પણ હાલ પ્રેસમાં છપાય છે. 'સત્યાગ્રહની મીમાંસા' અંગ્રેજીમાં પ્રસિદ્ધ થશે ત્યારે વિશ્વના ગાંધી-પ્રેમીઓ તેને તેટતેટલા ભાવે આવકારશે. સત્યાગ્રહનો સંદેશો વિશ્વમાં પહોંચાડવાની અકાદમીની હોંશ છે.

*

સરસ્વતીચંદ્ર

લેખક

ગોવર્ધનરામ માધવરાવ ત્રિપાઠી

"સરસ્વતીચંદ્ર" આપણા સાક્ષર-જીવનના 'પંડિત-યુગનું મહા-કાવ્ય' છે. તેના પણ બે જુદી જુદી કક્ષાના સચિત્ર સંક્ષેપો પરિવાર સંસ્થા તરફથી બહાર પડી ચૂકયા છે. ગુજરાતી ભાષાની આ મહા-કાદંબરી 'સરસ્વતીચંદ્ર'નો સચિત્ર અંગ્રેજી અનુવાદ પણ વિશ્વ-સાહિત્ય અકાદમી તરફથી તૈયાર થઈ રહ્યો છે.

અર્પણ

પરમ પિતા-ગુરુ

શ્રી, મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

-ને ચરણે

જેમના સંસ્પર્શે મારા બધા દોષો
ગળાઈ ગયા, અને હું માટીમાંથી
માનવ બન્યો.

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

ડૂમા-ડિકન્સ-હ્યૂગો-સ્કૉટ અને ટૉલ્સ્ટૉયની

રસ-સભર નવલકથાઓ

[સંપા૦ ગોપાળદાસ પટેલ]

લે મિઝેરાબ્લ યાને **દરિદ્રનારાયણ** સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૫૦.૦૦
[વિક્ટર હ્યૂગો કૃત વિખ્યાત નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ.]

આશા અને ધીરજ સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦૦.૦૦
[અલેક્ઝાન્ડર ડૂમા કૃત અદ્‌ભુત રસ-પ્રધાન નવલકથા
'કાઉંટ ઑફ મોન્ટેક્રિસ્ટો'નો છાયાનુવાદ.]

થ્રી મસ્કેટિયર્સ – ૪ યાને **પ્રેમ-પંક** સં૦ ગોપાળદાસ પટેલ ૧૫૦.૦૦
[ડૂમા કૃત 'લુઈઝા દ લા વાલિયેર'નો સચિત્ર સંક્ષેપ.]

થ્રી મસ્કેટિયર્સ – ૫ યાને **દગા કિસીકા સગા નહિ!** ૧૫૦.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ
[ડૂમા કૃત 'મૅન ઇન ધી આયર્ન માસ્ક'નો સચિત્ર સંક્ષેપ.]

'ડોમ્બી ઍન્ડ સન' યાને **તવંગરનું સંતાન** ૧૦૦.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ
[ડિકન્સ કૃત નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ, સચિત્ર.]

પિકવિક ક્લબ યાને **'સૌ સારું, જેનું છેવટ સારું''** ૧૦૦.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ
[ડિકન્સ કૃત નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ.]

જુગારીની દુહિતર સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦૦.૦૦
[ચાર્લ્સ ડિકન્સ કૃત 'ધી ઑલ્ડ ક્યુરીયોસીટી શૉપ']

અદાલતી ન્યાય સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦૦.૦૦
[ચાર્લ્સ ડિકન્સ કૃત 'બ્લીક હાઉસ']

હૃદયપલટો સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦૦.૦૦
[ટૉલ્સ્ટૉય કૃત નવલકથા 'રિઝરેક્શન'નો વિસ્તૃત સંક્ષેપ.]

પ્રાપ્તિસ્થાન

**વિશ્વ-સાહિત્ય કિતાબ-ઘર, ૧૭૦, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ, અમદાવાદ–૧૫**

બલિદાન

૧

માણસજાતે આચરેલા, અપનાવેલા તથા ખીલવેલા સૌ ગુણોમાં મોટો કે મહત્ત્વનો કોઈ ગુણ હોય તો તે **સ્વાર્પણ** અથવા આત્મ-બલિદાન છે.

બીજા ગુણો આચરવાથી કે ધારણ કરવાથી પોતાની જાત ધન્ય બની જાય છે; તથા પોતાની ફરજ કે પોતાનું કર્તવ્ય સમજીને તે ગુણો આચરાતા હોય છે. ઉપરાંત, એ ગુણો ન ખીલવવાથી પોતાની જાતને ક્ષતિ પહોંચવાનો કે પોતાનું કંઈક અહિત થવાનો ખતરો હોય છે; ત્યારે આત્મ-બલિદાન એવો ગુણ છે કે જેને માટે કોઈ પ્રકારનો બહારનો કે બીજાનો કોઈ તકાજો હોતો નથી: પોતાની સ્વતંત્ર મરજીથી **બીજાના** હિત કે લાભ માટે તે આચરાય છે.

અહીં એ સવાલ ઊભો થાય ખરો કે, બીજા ગુણો ધારણ કરવાથી તો પોતાને સુખ-શાંતિ-ઉન્નતિ વગેરે હાંસલ થાય છે; પરંતુ બીજાને માટે આત્મ-બલિદાન આપવાથી શું હાંસલ થતું હશે, જેથી પોતાની જાતનું – પોતાના સર્વસ્વનું બલિદાન આપવા માણસ તૈયાર થાય? આત્મ-બલિદાનથી સૃષ્ટિનો કે સરજનહારનો – એવો તો કયો મોટો કે અંતિમ ઉદ્દેશ સિદ્ધ થતો હશે, જેથી આત્મ-બલિદાન આપનાર પોતાનું સર્વસ્વ ગુમાવીને પણ પોતાની જાતને **ધન્ય થયેલી** માની શકે છે?

ઉપરાંત, આત્મ-બલિદાન **કોને** માટે આપવામાં આવ્યું હોય એની કસોટીથી તેનું મૂલ્યાંકન કરી શકાય ખરું? તેમજ આત્મ-બલિદાન આપનાર **પાત્રની** કક્ષાનો કે મહત્તાનો પણ એ આત્મ-બલિદાનનું મૂલ્યાંકન કરતી વખતે ખ્યાલ રાખવો પડે ખરો?

હરગિજ નહિ!

પોતાની બધી લાગણીઓ તથા કામનાઓ ભૂલીને અથવા જતી કરીને, બીજાના સુખ માટે – બીજાના હિત માટે આત્મ-બલિદાન આપવું, એ વસ્તુ પોતે જ આપોઆપ એટલી મોટી મહત્તા ધરાવે છે કે, એ બલિદાન આપનારની કક્ષા કઈ છે કે કઈ બાબત માટે એ બલિદાન અપાયું છે તેની ગણના કે હિસાબ કરવાનો હોતો જ નથી. પોતાનું કહી શકાય તેવું થોડું હોય કે વધારે, વધુ કીમતી હોય કે ઓછું કીમતી હોય પણ તેને ત્યાગવું અર્થાત્ બીજાને ખાતર જતું કરવું – હોમી દેવું એ સરખું જ મુશ્કેલ કે અઘરું હોય છે. ઊલટું પોતાનું કહી શકાય તેવું થોડું હોય તો તે કારણે જ તેને જતું કરવું વધુ અઘરુ કે મુશ્કેલ બની જાય છે.

૨

નવલકથાઓમાં મુખ્યત્વે કે સામાન્ય રીતે સ્ત્રી-પુરુષના પ્રેમની વસ્તુને ખૂબ બહલાવવામાં આવી હોય છે; ગીતમાં પણ એ વસ્તુ જ ખૂબ આવે છે. પરંતુ એ વસ્તુને બહલાવ્યા કરવી હોય તોપણ તેને ખૂબ જ મર્યાદાઓ છે. જેમકે, એ પ્રેમ ઊભો થવાનાં નિમિત્ત બે કે ત્રણ[1] છે: ગુંડાઓના કે જાલીમોના હાથમાંથી સ્ત્રીને બચાવવી, અણીને વખતે તેને મદદ કરવી, અથવા સ્વયંવરની શરતો પૂરી કરીને જીતી જીવી. શારીરિક બાહ્ય સ્વરૂપથી અંજાઈ જઈને પણ પ્રેમ થાય; પરંતુ બંને પક્ષે તે એક-સાથે કે એક જ કારણે થવો વિરલ હોય છે. પ્રેમ થયા પછી મિલન થતા પહેલાં પણ વચ્ચે માબાપ તરફની, સમાજ તરફની કે હરીફ તરીફની અડચણો પણ એક-સરખી જ ઓળંગવાની હોય છે. પરંતુ હૃદયપલટો થવો કે આત્મ-બલિદાન આપવું એ બાબતને

૧. કોઈ સ્ત્રી અને પુરુષ વચ્ચે પ્રેમ ઊભો થવાનો કવિઓએ આંતર: કોઽપિ હેતુ: કહીને કોઈ અજાણ્યો એવો આંતરિક હેતુ પણ ગણાવ્યો છે. પરંતુ તે હેતુને શબ્દોમાં નિરૂપવો અશક્ય છે. કારણ કે તે માટે પુનર્જન્મ, પૂર્વજન્મનાં કર્મો, તથા પૂર્વજન્મનાં કર્મોનું ફળ આપનાર ઈશ્વર વગેરે અગમ્ય કે અનિરૂપ્ય બાબતો પણ સાથે સાથે જ માની લેવી પડે.

એવી કશી મર્યાદાઓ હોતી નથી. દરેક પ્રસંગે કે દરેક વ્યક્તિદીઠ એના નિમિત્તમાં – એના અમલમાં – અગણિત વૈવિધ્ય હોઈ શકે. તેથી સ્ત્રી-પુરુષ વચ્ચેના પ્રેમની નવલકથાઓ કે કાવ્યોનું વસ્તુ થોડા વખતમાં ખૂટી જાય છે; ત્યારે હૃદય-પલટાની કે આત્મ-બલિદાનની વાર્તાઓનું વસ્તુ અખૂટ હોય છે, તથા તેને નિરૂપવું અઘરું પણ હોય!

૩

આત્મ-બલિદાનની આ અંગ્રેજી નવલકથા મને નામથી પણ પરિચિત નહોતી. વાંચી તો નહોતી જ. પરંતુ ૨૦-૩૦ વર્ષ પહેલાં 'પરિવાર' સંસ્થાએ વિશ્વસાહિત્યની ઉત્તમ નવલકથાઓ બૃહત્ સંક્ષેપરૂપે ગુજરાતીમાં ઉતારવાનું શરૂ કરેલું, તે જોઈ મારા એક મુરબ્બી મિત્ર સ્વ૦શ્રી વિજયશંકર ભટ્ટે સર થૉમસ હેન્રી હૉલ કેઈનની 'ધ બૉન્ડ-મૅન' નામની અંગ્રેજી નવલકથાની એક નકલ મને વાંચવા અને પછી ઠીક લાગે તો ગુજરાતીમાં ઉતારવા મોકલી આપી. તે પહેલાં મેં ડૂમા, હ્યૂગો, ડિકન્સ, સ્કૉટ વગેરેની રાજદરબારનાં કરતૂકો, પ્રેમશૌર્ય, ઉદાત્ત ભાવનાઓ – લાગણીઓ કે કામનાઓ નિરૂપતી અનેક નવલકથાઓ ગુજરાતીમાં ઉતારેલી; પરંતુ આ નવલકથા વાંચતાં જ મને લાગી આવ્યું કે આત્મ-બલિદાનની તથા હૃદય-પલટાની નવલકથાઓ જ સર્જનની દૃષ્ટિએ, પરિણામની દૃષ્ટિએ તથા રસ યા મનોરંજનની દૃષ્ટિએ પણ વધુ આવકારવા યોગ્ય છે. તેથી મેં બીજી નવલકથાઓનું હાથ ઉપરનું કામ પડતું મૂકીને આ નવલકથાનું કામ જ હાથ ઉપર લીધું અને તેને ખંતથી તથા પ્રેમથી પૂરું પણ કર્યું. જોકે શ્રી. વિજયશંકરભાઈના જીવતોજીવત હું તેમની પ્રિય નવલકથાનું આ રૂપાંતર તેમના હાથમ મૂકી ન શકયો, તેનો ખેદ હંમેશ માટે મારા મનમાં રહી જવાનો છે.

૪

દેહાંતદંડની કારમી સજા ઘણા ખૂનીઓ, હત્યારાઓ અને ગુંડાઓને થયે જાય છે. પરંતુ પોતે કોઈ ગુનો કર્યો ન હોય તથા રાજસત્તાએ કે ન્યાયતંત્રે દેહાંતદંડની સજા ફરમાવી પણ ન હોય,

છતાં પોતે મોતના કારમા મુખમાં ધસી જવાનું સ્વીકારવું, એ ખરેખર એક અનોખું – ન સમજાય તેવું કૃત્ય છે. પહેલાં ગામડાં ઉપર ધાડો પડતી, ત્યારે ગામના બચાવ અર્થે ધાડપાડુઓની સામે ધસી જઈ તેમનો સામનો કરવા જતાં શહીદ થનારાઓ માટે ગામલોક ગામને પાદરે તેમના પાળિયા ઊભા કરતા, – જેથી પછીની પેઢીઓ પણ તેમને યાદ રાખી શકે. આત્મ-બલિદાનની આવી કથાઓ કે નવલકથાઓ આજની તેમજ ભવિષ્યની પેઢીઓ માટે અમર પાળિયાઓરૂપ છે. આવી નવલકથાઓનું સેવન જેટલું વધુ થાય તેટલું સારું.

૫

આ નવલકથાનું વસ્તુ યુરોપની છેક ઉત્તર-પશ્ચિમે હિમ-વર્તુળને અડીને આવેલા આઈસલૅન્ડ નામના વેરાન – કઠોર ટાપુમાં (તેની આસપાસ આવેલા નાનકડા ટાપુઓ પણ તેમાં ગણી લેવાના) મંડાય છે. ઈશ્વર પણ તેને જાણે ભૂલી ગયો હોય એવો એ ટાપુ આજુબાજુ બરફના મહાસાગરમાં નીકળી આવ્યો હોવા છતાં સળગતા – ભભૂકતા જ્વાળામુખીઓથી પણ ભરેલો છે. આખા ટાપુમાં કિનારા તરફનો ચોથો ભાગ જ કંઈક વસવાલાયક છે. તેમ છતાં માણસ નો ત્યાં વસે છે; જેમ ધ્રુવ પ્રદેશ તરફના બરફછાયા વેરાન પ્રદેશમાં પણ ઍસ્કીમો લોકો વસે છે તેમ.

ટાપુના લોકો ભલા-ભોળા, કામગરા તથા નાદાન છે. ટાપુમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ રાખવા પડતા નથી. રાજાનો પ્રતિનિધિ થોડા સૈનિકોને આશરે બધું સંભાળી લે છે. પરંતુ તેવા ટાપુમાંય જુદા જુદા રાજાઓ પોતાની રાજસત્તા જમાવવા ઇચ્છે જ. એટલે ડેન્માર્કનો રાજા અને ઇંગ્લૅન્ડનો રાજા વારાફરતી ત્યાં પોતાનો અડ્ડો જમાવે છે. તેવા એક રાજપલટાના અરસામાં આ નવલકથા મંડાય છે, અને પૂરી થાય છે. પણ તેનું બધું મુખ્ય કાર્ય તો રાજ-સત્તા કરતાં સામાન્ય લોકો દ્વારા જ થાય છે; અને છેવટનું આત્મ-

બલિદાનનું મહત્ કાર્ય તો તેઓમાંનાય અદનામાં અદના આદમી દ્વારા થાય છે.

છતાં એ કઠોર ભૂમિ તેમજ તેથી વધુ કઠોર પર્યાવરણવાળા ટાપુના સામાન્ય જનોનાં કાર્યો તથા કુ-કાર્યો દ્વારા લેખક એક અનોખી – રસપ્રદ – નવલકથા ઊભી કરે છે. નવલકથાનું એકેએક પગરણ (પ્રકરણ પણ) વાચકને ઘેરા રસમાં ખેંચતું જાય છે. સારાં-નરસાં બેઉ તત્ત્વોનો બનેલો માનવી જેવાં સારાં કામ કરી બતાવે છે, તેવાં જ કેટલાંય ખરાબ કાર્યો પણ કરે જ છે. પરંતુ નવલકથાકારે એ સારાં-નરસાં કાર્યોની ફૂલગૂંથણી એવી કુશળતાથી કરેલી છે કે, દરેક પગથિયું વાર્તાને રસની અંતિમ કોટીએ પહોંચાડતું જાય છે. કોઈ પગથિયા ઉપરથી વાચકને કોરેકોરા જવું પડતું નથી – દરેક પગથિયે તે વાર્તા-રસથી વધુ ને વધુ ભીંજાતો જાય છે.

પુરુષનું ચરિત્ર જેમ આ નવલકથામાં ઠીક ઠીક ઉપસાવવામાં આવ્યું છે, તેમ સ્ત્રીનું ચરિત્ર પણ સોળે કળાએ ખીલવાયું છે. સ્ત્રીનું હૃદય કેવું કોમળ, પ્રેમાળ, વફાદાર, તથા એકનિષ્ઠ હોઈ શકે, તે બતાવતાં લેખક જાણે થાકતા જ નથી. આઈસલૅન્ડ જેવા વેરાન પ્રદેશમાં એક સામાન્ય સ્ત્રીને શી મોટી કામગીરી બજાવવાની હોય ? છતાં જે કંઈ કામગીરી બજાવવાની ગ્રીબાને માથે આવે છે, તેને ઉદાત્ત રીતે પાર પાડતી બતાવવામાં નવલકથાકારે પોતાની કળાને પણ સમુચિત રીતે કૃતાર્થ કરી છે.

વાર્તા સીધી-સાદી રીતે જ ઊભી થતી કે વિસ્તરતી નથી. તેથી વાર્તાકારે આ નવલકથાનાં ત્રાણ 'પર્વ' પાડયાં છે. છતાં વાર્તા એટલી બધી અટપટી પણ બની જતી નથી કે જેથી વાચક વાર્તાનો રસ-તંતુ જ ખોઈ બેસે. વાર્તાનું એકેએક પ્રકરણ – એકેએક પગથિયું વાર્તાને જુદે જુદે છેડેથી આગળ ધપાવે છે; પરંતુ વાચકને કયાંય જાણે અટવાઈ ગયો હોય – ભૂલો પડયો હોય તેવો અનુભવ થતો નથી. વાર્તાનું એકેએક પાત્રા વાચકના માનસપટ ઉપર એવા ઘેરા

રંગોથી અંકિત થતું જતું હોય છે કે, થોડા વખત બાદ તે ફરીથી સામું આવી મળે ત્યારે આ કોણ અજાણ્યું આવ્યું એવો ભાવ હરગિજ પેદા થતો નથી. પરદેશી પાત્રોની વાર્તાઓમાં એ મુશ્કેલી વાચકને સામાન્ય રીતે પજવતી હોય છે જ. તેથી આ અનુવાદમાં શરૂઆતમાં જ વાર્તાનાં મુખ્ય પાત્રોનો પરિચય કક્કાવારી પ્રમાણે ગોઠવીને મૂકયો છે, જેથી વાર્તા વાંચતાં અજાણ્યા જેવું નામ તેની સામે આવે, તોપણ તેને વિષે ટૂંક માહિતી ઝટ મળી રહે.

૬

આ નવલકથા વાચકોના હાથમાં આવશે, ત્યારે કેટલાકનો પ્રતિભાવ સારો હશે, તો કેટલાકનો ખરાબ પણ હશે. ખરાબ નવલ-કથાઓ, ખરાબ સિનેમાનાં ચલચિત્રો, ખરાબ નાટકો અને હવે તો અબાલ-વૃદ્ધને વધુ ને વધુ પ્રિય થતું જતું ટી.વી. વગેરેના વધારે પડતા સંસર્ગથી વાચકોની સુરુચિ નાશ પામતી જાય છે. તેને ફરી જીવતી કરવી હોય તો વાચકને સારી નવલકથાઓ, સારાં ચલચિત્રો, સારાં નાટકો વગેરેના સંપર્કમાં મૂકવો જોઈએ. એવા જ કંઈક આશયથી પરિવાર સંસ્થા મારફત શ્રી. મગનભાઈ દેસાઈએ સારી નવલકથાઓને બીજી ભાષાઓમાંથી ગુજરાતી વાચકને માફક આવે તે સ્વરૂપમાં — કદમાં — પ્રકાશિત કરવાની પ્રવૃત્તિ આરંભાવી હતી.

પરિવર્તન તો કુદરતનો કાયદો જ છે. પરંતુ હાલમાં નાચ-ગાન-વાચન-ખાન-પાન ઇત્યાદિ બાબતોમાં થઈ રહેલું અંગ્રેજી-મુખી પરિવર્તન કયાં જઈને અટકશે, તથા કયાં લઈ જશે એ તો રવીન્દ્ર-નાથનો 'ભારત-ભાગ્ય-વિધાતા' જાણે. પરંતુ જેઓ આ પરિવર્તનનું કમનસીબ હાર્દ કે પરિણામ સમજે છે, તેમણે તો 'સારી' ગણાતી વસ્તુઓ નફા-તોટાનો ખ્યાલ રાખ્યા વિના સૌ સમક્ષ ધર્યા કરવાની ફરજ બજાવ્યે જ છૂટકો.

તા. ૨૯-૧૧-'૯૨ **ગોપાળદાસ જીવાભાઈ પટેલ**

પાત્ર-પરિચય

[કક્કાવારી પ્રમાણે]

આદમ, ફૅરબ્રધર : મૅન ટાપુમાં નિમાયેલો ડેપ્યુટી ગવર્નર. સીધો-સાદો લૅંગ્યૂનો ખેડૂત. પરંતુ સચ્ચરિત્ર તથા વફાદાર. તેની દીકરી ગ્રીબા નવલકથાની નાયિકા તરીકે મુખ્ય ભાગ ભજવે છે.

ઍથોલ, ડ્યૂક ઑફ : પોતાની હકૂમત હેઠળના મૅન ટાપુ માટે ઇંગ્લૅન્ડના રાજાએ નીમેલો ગવર્નર-જનરલ. તેને મૅન ટાપુમાં રહેવું ગમતું ન હોવાથી તે આદમ ફૅરબ્રધરને પોતાના ડેપ્યુટી ગવર્નર તરીકે નીમે છે.

એરિક : જૅસન અને માઇકેલ સન-લૉફ્સ પાછળ પડેલા ગાર્ડોનો કૂતરો.

ઍશર : આદમ ફૅરબ્રધરના છ પુત્રોમાં સૌથી મોટો. ભલો, પણ અસ્થિર પ્રકૃતિનો.

ઓરીસન : સ્ટિફનના બાપનું નામ. પણ બધા સ્ટિફનને 'સ્ટિફન ઓરી' જ કહેતા.

ઓસ્કર : ગ્રીબાને અંગ્રેજી શીખવવા માઇકેલ સન-લૉફ્સે રોકેલી અંગ્રેજ હજૂરિયણનો પતિ. ગ્રીબાના પિતા દરિયાઈ હોનારતમાં સપડાયા છે તેવા સમાચાર મળતાં તેમની શોધમાં તેને મોકલવામાં આવ્યો હતો. પ્રેસિડન્ટ માઇકેલ સન-લૉફ્સને ઘેર સામાન્ય નોકરની સેવા બજાવે છે.

ગ્રીબા : આદમ ફૅરબ્રધરની છ પુત્રો ઉપરાંતની સાતમી લાડકી દીકરી. માઇકેલ સન-લૉફ્સ અને જૅસન બંનેના પરિચયમાં આવી આ વાર્તાનું મુખ્ય નાટચબિંદુ ઊભું કરે છે.

ગ્રીમસન : આઇસલૅન્ડની પાર્લમેન્ટ આલ્થિંગમાં સમાનતાવાદી પક્ષનો આગેવાન. પ્રેસિડન્ટપદ માટે માઇકેલ સન-લૉફ્સનો કટ્ટર હરીફ. આલ્થિંગમાં તેની સામેનો પક્ષ 'ચર્ચ પાર્ટી.' તે પક્ષ રાજ્યના બંધારણમાં ધર્મને પાયામાં સ્થાપવા માગતો હતો.

ચેલ્સ એ-ફીલી : ભાડે ભાર વહન કરી નિયત સ્થળે પહોંચાડી આવનાર –ભારવૈયો. માઇકેલ સન-લૉક્સનો પરિચિત.

જુઆન : ૅમી અને જૅમી બે વણકરભાઈઓનું ઘરકામ કરનારો.

જૅક : વહાણની હોનારતમાં આદમ સાથે સપડાયેલો એક ખલાસી.

જૅમી : અને ડૅમી બે ઘરડા વણકરભાઈઓ.

જૅકબ : આદમ ફૅરબ્રધરનો પાંચમો છોકરો. શિયાળ જેવો લુચ્ચો.

જૅસન : સ્ટિફન ઓરી અને તેની પહેલી પત્ની રાશેલનો પુત્ર. શરીરે કદાવર, મનથી નિર્મળ – આ વાર્તાનો નાયક. તેના આત્મ-બલિદાનની જ આ કથા હોઈ, લેખકે તેનું યથોચિત ચિત્રણ કરીને હાથ ધોઈ નાખ્યા છે.

જૉન : આદમ ફૅરબ્રધરનો છઠ્ઠો છોકરો. ટાપટીપ પસંદ કરનારો – 'જેન્ટલમૅન' નામે ઓળખાતો.

જૉન ડયૂક ઑફ ઍથોલ : જુઓ 'ઍથોલ.'

જૉન પિટર્સન, બિશપ : રેક્જાવિકનો બુઢ્ઢો બિશપ. લૅટિન ભાષા શીખવવાની શાળા ચલાવે છે. જૅસન ઉપર ગ્રીબાએ માંડેલા કેસ વખતે ત્યાંની અદાલતના પ્રમુખપદે બિરાજે છે.

જૉન્સન : ગ્રીમ્સી ટાપુ ઉપરનો એકમાત્ર કંજૂસ તવંગર.

જૉર્ગન જૉર્ગન્સન : ડેન્માર્કના રાજાએ આઇસલૅન્ડમાં નીમેલો પોતાનો ગવર્નર-જનરલ. સ્વાર્થ, કૂટનીતિ અને કશું પાર પાડવા માટે યોજેલી વ્યૂહ-રચનાની બાબતમાં બેફામ. સ્ટિફન ઓરીની પત્ની રાશેલનો પિતા. પરંતુ પોતાની મરજી વિરુદ્ધ લગ્ન કર્યું હોવાથી પુત્રીને કાયમ માટે તજી દે છે.

ટ્રોલોપ, કાઉન્ટ : આઇસલૅન્ડ ખાતે ડેન્માર્કના રાજાનો મિનિસ્ટર.

ડેન વેડ : 'ધર્મવીર' ઉપનામથી ઓળખાતો એક મેથોડિસ્ટ. સ્ટિફનને મરતી વખતે પ્રાર્થના કરી લેવા બહુ સમજાવે છે.

ડૅમી : અને જૅમી બે ઘરડા વણકરભાઈઓ.

ડૅવી : પૅરિલ વહાણ ઉપરનો મૅન ટાપુનો વતની એવો બુઢ્ઢો ખલાસી. તે વહાણમાં જ ખલાસી તરીકે જૅસન જોડાયો હતો.

થર્સ્ટન : આદમ ફૅરબ્રધરનો ચોથો છોકરો. મક્કમ સ્વભાવનો પણ હંમેશાં પીધેલ રહેતો.

નૉરી ક્રો : મૅંઘાલ્ડનો વીશીવાળો. માઇકેલ સન-લૉક્સને સપડાવવા આદમ ફૅરબ્રધરના બીજા અને ત્રીજા છોકરાએ ગોઠવેલા કાવતરામાં સંદેશ-વાહક બને છે.

પિટર્સન, જૉન બિશપ : જુઓ 'જૉન પિટર્સન, બિશપ.'

પૅટ્રિકસન : કાનૂન-પર્વત ઉપરની મલ્લ-કુસ્તીની હરીફાઈમાં ઘણાને પછાડનારો મલ્લ. છેવટે સ્ટિફન ઓરીને હાથે હારતાં ગવર્નર-જનરલ જૉર્ગન જૉર્ગન્સનની દીકરી રાશેલ બાપના વિરોધ છતાં વિજેતા સ્ટિફન ઓરીને પરણે છે. પૅટ્રિક્સન તથા સ્ટિફન ઓરી વચ્ચે મારણાંતિક વેર બંધાય છે; સ્ટિફન પછી તેનું ખૂન કરી નાખે છે.

પૅટ્રિકસન : આઇસલૅન્ડ જતા જહાજમાંથી ટપાલ લેવા-આપવા હોમ ટાપુમાંથી હોડી લઈને આવેલો ટપાલી. સ્ટિફને કાનૂન-પર્વત ઉપર હરાવેલા મલ્લ પૅટ્રિકસનનો ભાઈ. તે પણ પોતાના ભાઈના ખૂનનો બદલો લેવા હંમેશાં પ્રયત્ન કર્યા કરે છે.

માઇકેલ સન-લૉક્સ : સ્ટિફન ઓરીને બીજી પત્ની લિઝાથી થયેલો પુત્ર. તેના સોનેરી વાળને કારણે તેને તેનો પિતા માઇકેલ 'સન-લૉક્સ' કહેતો. સ્ટિફન તેને આદમ ફૅરબ્રધરને ત્યાં ઊછરવા મૂકી દે છે.

ફૅરબ્રધર : જુઓ આદમ ફૅરબ્રધર. તેના છ દીકરા 'ફૅરબ્રધર ભાઈઓ' તરીકે નવલકથામાં બહુ હલકટ ભાગ ભજવી જાય છે. ગ્રીબા તેમની એકની એક બહેન. તેના જીવનમાં પણ તે સ્વાર્થી બેવકૂફો આગ લગાડે છે.

રાશેલ : આઇસલૅન્ડના ગવર્નર-જનરલ જૉર્ગન જૉર્ગન્સનની પુત્રી. તેનો પિતા તેને કાઉન્ટ ટ્રોલોપ સાથે પરણાવવા ઇચ્છે છે. પણ છેવટે તે પોતાની પસંદગીથી સ્ટિફન ઓરીને પરણીને બાપથી છૂટી પડે છે. જેસન તેનો પુત્ર.

રૂથ : આદમ ફૅરબ્રધરની કર્કશા પત્ની.

લિઝા : સ્ટિફન આઇસલૅન્ડથી પૅટ્રિકસનનું ખૂન કરવા બદલ પકડાઈ ન જવાય તે માટે કાયમનો નાસી છૂટયો ત્યારે લિઝાને ત્યાં આશરો પામી તેને પરણ્યો હતો. તેનાથી તેને માઇકેલ સન-લૉક્સ નામનો પુત્ર જન્મ્યો હતો. લિઝા બદચલન સ્ત્રી હોઈ પતિ કે પુત્ર તરફ કશો ભાવ રાખતી નહિ. એટલે સ્ટિફનને હાથે જ માઇકેલ ઊછર્યો હતો.

લિઝા કિલી : સ્ટિફન ઓરી અંગ્રેજ જહાજ ઉપરથી નાસી છૂટયો ત્યાર પછી તેને પોતાને ત્યાં આશરો આપનાર અને પછી તેને પરણનાર બદચલન બાઈ. જુઓ ઉપર 'લિઝા.'

સન-લૉક્સ : જુઓ માઇકેલ સન-લૉક્સ.

સિગર્ડ : જૅસન અને માઇકેલ પાછળ પડેલા ગાર્ડોમાંના એકનું નામ.

સિગ્ફ્સ થૉર્ગ્સન : સ્ટૅપ્પનનો લ્યૂથરન પાદરી. ગવર્નર-જનરલ જોર્ગનની દીકરી રાશેલને સ્ટૅપ્પનના ખલાસી સ્ટિફન ઓરી સાથે પરણાવવા બદલ તેને હેરાન કરવા દૂર ગ્રીમ્સી ટાપુ ઉપર ખસેડવામાં આવે છે.

સ્ટિફન ઓરી : આઇસલૅન્ડના જોકુલના સ્ટૅપ્પન ગામનો ખલાસી. બહુ મજબૂત બાંધાનો હોઈ આલ્થિંગ વખતે મલ્લ પૅટ્રિકસનને પછાડે છે અને તેનો જાની દુશ્મન બને છે. ગવર્નર-જનરલ જૉર્ગન જૉર્ગન્સનની પુત્રી રાશેલ તેના ઉપર કુરબાન થઈ બાપનું ઘર અને બાપને તજીને તેને પરણી જાય છે – અને કાયમની દુ:ખી થાય છે. જૅસન તેનો પુત્ર.

સ્ટીન : આદમ ફૅરબ્રધરનો ત્રીજો છોકરો. રૉસની પેઠે ઘાતકી સ્વભાવનો – ઝનૂની.

હુસાવિક : આંખોનો વૈદ. ગંધકની ખાણોમાં કામ કરતા મજૂરો અચાનક ફાટી નીકળેલી ગંધકની ધૂણીથી આંધળા બની જાય, ત્યારે તેમનો ઉપચાર કરતો. 'હુસાવિક' ગામનું પણ નામ છે.

વાચકની ક્ષમાયાચના

[વીસેક વર્ષ પહેલાં જેની હસ્તપ્રત તૈયાર થયેલી, અને છેક પથારીવશ થયા પછી જે ચોપડીનું છાપકામ હાથ ઉપર લેવામાં આવ્યું, તેમાં વિરામ-ચિહ્નોની બાબતમાં અરાજક તો છે જ; પરંતુ વાર્તાનું વસ્તુ સમજવામાં જ મુશ્કેલી ઊભી કરે તેવી નીચે બતાવેલી ભૂલો સુધારી લઈને જ વાચકે વાર્તા વાંચવાનું શરૂ કરવા વિનંતી. **—સં૦**]

પાન	**લીટી**	**અશુદ્ધ**	**શુદ્ધ**
૩	૧૦	ફગોળાયા	ફંગોળાયા
૫૫	૭	તેતે	તેને
૬૫	૩	ન રહ્યો એ;	ન રહ્યો; એ
૬૯	૧	નાનડડી	નાનકડી
૮૮	૬	આપ્પું	આપ્યું
૧૨૮	૬	ફજૂસ	કંજૂસ
૧૩૧	૯	**જેસનના**	**જેકબના**
૨૦૧	૧૫	કેટવા	કેટલા
૨૧૦	૬	જવાબ નહીં.”	જવાબ નહીં.
૨૧૪	૧૯	ત્યારે, તો	ત્યારે તો
૨૪૪	૧૨	એક કાગળ	એ કાગળ
૨૫૧	૧૭	તેમ તેમ નથી	તેમ નથી
૨૫૮	૨૩	એ ચાવી	એની ચાવી
૨૬૪	૧૭	આ હતું ખરું?	આ હતું ખરું ને
૨૮૧	૨૭	ન હતા.	ન હતો.
૩૦૪	૧૯	ન બને!”	ન બને?”
૩૦૯	૨૭	ચાર વાર દૂરની	ચાર વાર જેટલે દૂરની
૩૨૧	૨૪	પહોંચ્યો પણ તેણે જોયું.	પહોંચ્યો. પણ તેણે જોયું

પર્વ પહેલું

સ્ટિફન ઓરી

સૂત્રપાત

આઇસલૅન્ડ એટલે હિમ-ભૂમિ! યુરોપખંડનો છેક જ પશ્ચિમ છેવાડાનો ઉત્તર તરફનો ભાગ. ચાળીસ હજાર ચોરસ માઈલ વિસ્તારવાળો એ મુખ્ય ટાપુ ઉત્તર-ધ્રુવનું બરફ-કૂંડાળું પૂરું થાય કે તરત તેની દક્ષિણે આવેલો છે. તેની આસપાસ બીજા નાના ટાપુ તો ઘણા છે.

આટલો બધો નર્યા બરફનો જ ભાર દરિયાઈ સપાટીથી સરેરાશ બે હજાર ફૂટ ઊંચાઈવાળી પોતાની પીઠ ઉપર વહન કર્યા કરતો હોવા છતાં એ આખો ટાપુ સૌથી વધુ જ્વાળામુખીઓથી ભરેલો છે — તેમાંના કેટલાક તો સળગતા છે! કેટલાય ગરમ પાણીના ઝરા બહારની બરફીલી ઠંડી ઉપર ફગોળાયા કરે છે. પાસે જ ઉત્તર આટલાંટિકનો હૂંફાળો સમુદ્ર-પ્રવાહ ટાઢા-બોળ મહાસાગર-પાણીને વીંધતો ચાલ્યો જાય છે, અને આઇસલૅન્ડના વાતાવરણને સહ્ય તથા ભેજવાળું બનાવે છે.

ટાપુનો ચોથો ભાગ માંડ વસી શકાય તેવો છે. ઘણાંખરાં ગામ ઊંચી કરાડોવાળા ભાગેલા કિનારા ઉપર જ આવેલાં છે. ઇમારતી ઝાડનું નામનિશાન નથી. ઘાસછાયાં ચરાણ બીડ છે, જેમના ઉપર ઘેટાં, ઘોડા અને ઢોર ઊછરે છે. ખેતીમાં બટાકા અને ટર્નિપ જેવાં કંદ પેદા કરી શકાય. લોકોના નિર્વાહનો મુખ્ય આધાર સમુદ્રની પેદાશ — માછલાં વગેરે છે.

આઇસલૅન્ડની સંસ્કૃતિ સ્વતંત્રપણે જ ખીલી છે. અંતરમાં ભાવનાની હૂંફાળી તરબોળતા; પણ બહાર બરફની ટાઢાશ — કશી ખોટી દોડધામ નહીં. પ્રમાણિકતા, એકવચનીપણું અને સામાનું ખોટી રીતે પડાવી લેવાની અનિચ્છા લોકોમાં સ્વાભાવિક જ પ્રવર્તે છે. પોલીસ-સંસ્થા જેવું કશું હોયા વિના લોકો સુખેથી શાંતિમાં જીવે છે.

એ લોકોનું પ્રાચીન સાહિત્ય પણ મહાકાવ્ય 'સાગા' શૈલીનું, અંતરના ગૂઢ ભાવોથી ભરેલું અને ત્યાંના ખડકો જેવું કપરું છે.

અલબત્ત, ત્યાંના લોકો બાકીની દુનિયાથી અલગપણે ગમે તેવું શાંત – ટાઢું જીવન જીવવા ઇચ્છે, પણ આસપાસના ભૂંડારી પ્રકૃતિના પડોશીઓ એમને શાના જંપવા દે? એટલે આઈસલૅન્ડમાં પણ ધર્મ-ઝનૂની પાદરીઓ, રાજ્ય-લોભી સત્તાધીશો અને ધન-લોભી ચાંચિયાઓ અને વેપારીઓનાં પગરણ ૯મા સૈકા પહેલાંથી જ મંડાઈ ચૂકયાં હતાં. ખ્રિસ્તી ધર્મ ત્યાં ઈ.સ. ૧૦૦૦માં દાખલ થયો.

આ નવલકથાનો કાળ ઈ.સ. ૧૮૦૦નો હોઈ, તે વખતે ડેન્માર્કના રાજાની હકૂમત પોતાના નીમેલા ગવર્નર-જનરલ મારફત એ ટાપુમાં પ્રવર્તતી હતી.

૧

હાકેમ

૧

આ નવલકથાને સમયે જૉર્ગન જૉર્ગન્સન નામનો ઉમરાવ ડેન્માર્કના રાજા તરફથી આઈસલૅન્ડનો ગવર્નર-જનરલ નિમાયો હતો. અલબત્ત, તે ડેન્માર્કની રાજધાની કૉપનહેગનમાં જન્મેલો ડૅનિશ યાને હડહડતો 'ડેન' હતો.

પણ ગવર્નર-જનરલ જેવે પદે પહોંચતા પહેલાં તેણે ઘણાં પગથિયાં વટાવ્યાં હતાં, અને તે બધાં રૂડાં-રૂપાળાં ન હતાં.

શરૂઆતમાં તો તે એક અંગ્રેજ વેપારી જહાજ ઉપર ઉમેદવાર તરીકે દાખલ થયો; પછી બ્રિટિશ નૌકાસૈન્યમાં હલકા દરજ્જાનો અફસર બન્યો; ત્યાર પછી ડેન્માર્ક અને ફ્રાન્સ ઇંગ્લૅન્ડની સામે થયાં, ત્યારે એક ડૅનિશ ખાનગી જહાજનો કમાન બની, ઇંગ્લૅન્ડનાં જહાજોને જ પજવવા લાગ્યો.

જૉર્ગન સ્વાર્થ ખાતર જ પ્રમાણિક બની શકતો; કૂટ-નીતિની આવશ્યકતાને કારણે જ ન્યાયી બનતો; તથા વ્યૂહરચનાના તકાજાને કારણે જ ઉદાર! પોતાના રહ્યાસહ્યા અંતરના અવાજને તે કદી પોતાના રોજિંદા વ્યવહારમાં ડખલ કરવા દેતો નહિ.

એક વખત વેલ્સ[૧]ના વેપારીના જહાજમાં તે લિવરપુલથી આઈસ-લૅન્ડની રાજધાની રેક્જાવિક બંદરે આવી પહોંચ્યો. આઈસલૅન્ડની કંગાળ, ભૂખે મરતી રાજધાનીની એની એ પહેલી ઓળખાણ હતી.

૧. ઇંગ્લૅન્ડ દેશનો એક ભાગ.

પણ તેથી વધુ ઓળખાણ તેને એ જહાજના વેલ્સ વેપારીના ઘરમાં થઈ. તે વેપારીનો લિવરપુલ મથકે ધીકતો ધંધો ચાલતો હતો અને તેને પચીસ વર્ષની ફૂટડી કન્યા હતી. જૉર્ગન અંગ્રેજ માલના બદલામાં આઈસલૅન્ડની પેદાશ ભરી લાવવા એ વેપારીની નોકરીએ રહ્યો હતો. પહેલી મુસાફરી દરમ્યાન જ તે અહીંથી સો ટન મીઠું ભરી ગયો અને ત્યાંથી જ્વાળામુખીનો ગંધકભર્યો બોજ વહી લાવ્યો. બીજી મુસાફરીમાં તે પેલા વેલ્સ-વેપારીની દીકરીને જ પત્ની તરીકે ઉપાડી ગયો અને પછી ખાલી વહાણ પાછું મોકલવાની તસ્દી પણ તેણે લીધી નહિ.

દરમ્યાન ઇંગ્લૅન્ડ અને ડેન્માર્ક વચ્ચે વૈમનસ્ય ઊભું થયાની ખબર પડતાં તે અંગ્રેજ હકૂમતની વફાદારી ફગાવી દઈ, ડેન્માર્કની રાજધાની કૉપનહેગન પહોંચી ગયો. ત્યાંના સત્તાવાળાઓને તેણે જણાવ્યું કે, અંગ્રેજ હકૂમતની બધી છાનીછૂપી વાતો હું જાણું છું, માટે મને આઈસલૅન્ડનો ગવર્નર-જનરલ બનાવો, તો હું તમને બહુ ઉપયોગી થઈ પડીશ. ડેન્માર્કવાળાઓએ તેને વર્ષે ચારસો પાઉંડને પગારે એ જગાએ નીમ્યો; એટલે તે પોતાના સસરા વેલ્સ-વેપારીના જહાજ ઉપર જ ડેન્માર્કનો ધ્વજ ફરકાવી રેક્જાવિક બંદરે લાંગર્યો.

જૉર્ગન જૉર્ગન્સન તે વખતે તો ભરજુવાનીમાં હતો; પણ પછી ઉંમર ઢળવા માંડવા છતાં તેનું પથ્થર જેવું હૃદય જરાય પોચું પડવા લાગ્યું ન હતું. તેને પોતાનો વંશજ મેળવી પોતાનો વંશ કાયમ કરવાની બહુ ઇંતેજારી હતી; પણ તેની સમગ્ર વિજયી કારકિર્દીની એ એક વિચિત્ર નિષ્ફળતા હતી કે તેને દીકરો ન જ થયો – માત્ર એક દીકરી થઈ.

પણ ભગવાને કરેલી ભૂલને તેણે માણસની બુદ્ધિથી સુધારી લેવાનો પ્રયત્ન કર્યો — ડેન્માર્કના આઈસલૅન્ડ ખાતેના પ્રધાન કાઉંટ ટ્રૉલોપ સાથે તેણે પોતાની પુત્રી પરણાવવાનું નક્કી કર્યું. ટ્રૉલોપને વર્ષે પાંચસો

પાઉંડ પગાર મળતો હતો; ઉપરાંત એક મકાન આઈસલૅન્ડની રાજધાની રેક્જાવિકમાં અને બીજું ડેન્માર્કની રાજધાની કૉપનહેગનમાં મળ્યું હતું.

કાઉંટ ટ્રૉલોપ પિસ્તાલીસ વર્ષની ઉંમરનો હતો – ઊંચો, કરચલી-ભરેલો, પાવડર છાંટેલો, તેલ ચોપડેલો અને સ્ત્રી-દાક્ષિણ્યથી છલકાતો. જૉર્ગનની પુત્રી રાશેલ તેની વેલ્સ-જાતિની માની પેઠે દુ:ખ સહન કરવામાં ધીર, પ્રેમ કરવામાં ઉગ્ર, અને દ્વેષ કરવામાં તાતી હતી. કાઉન્ટ ટ્રૉલોપ સાથે લગ્નની વાત ઊપડી ત્યારે તે વીસ વર્ષની હતી અને તેની મા કેટલાંક વર્ષ થયાં ગુજરી ગઈ હતી.

કાઉન્ટે જૉર્ગનના વિચારમાં મૂંગી સંમતિ આપી દીધી હતી. કારણ કે રાશેલ એવી ફૂટડી છોકરી હતી કે, તેને નકારવાનું કોઈ પુરુષને કારણ જ ન હોઈ શકે. છોકરીએ પણ શરૂઆતમાં બાપના વિચારને અવમાન્યો પણ નહિ કે સંમાન્યો પણ નહિ. વસ્તુતાએ, ક્યારે પરણવું, કોને પરણવું તથા કેવી રીતે પરણવું તેનો કશો વિચાર જ તેણે કર્યો ન હતો.

૨

રાશેલની ૨૧મી વરસગાંઠ પછીના જુલાઈ મહિનાનું પહેલું અઠવાડિયું ચાલતું હતું. એ મહિનો આઈસલૅન્ડની પ્રાચીન લોકસભા 'આલ્થિગ'નો મહિનો કહેવાય. 'આલ્થિગ'ના ઉત્સવ માટે ચૌદ દિવસનો રાષ્ટ્રીય તહેવાર જાહેર કરવામાં આવ્યો. પ્રાચીન રિવાજ પ્રમાણે થિંગ્વેલિરની ખીણમાં આવેલા પ્રાચીન કાનૂન-પર્વત ઉપર અત્યારના કાયદો અને વ્યવસ્થા જાળવનારાઓ – ગવર્નર-જનરલ, બિશપ, સ્પીકર અને શેરીફો – લોકોના પ્રતિનિધિઓ સાથે ભેગા મળવાના હતા. ત્યાં આઈસલૅન્ડના પ્રાચીન કાયદાઓનું જાહેર વાચન થવાનું, તથા નવા કાનૂનોની જાહેરાત. બદમાશો ઉપર કેસ ચાલવાના, તથા હક-દાવા – લેણ-દેણ પતવવાનાં. ઉપરાંતમાં ત્યાં મલ્લ-કુસ્તી થાય; ઘોડદોડ થાય; શસ્ત્રોના ખેલ થાય; અને સાથે સાથે પ્રેમના અને જીવલેણ વેરના પ્રસંગો પણ.

આ વખતે કાઉન્ટ ટ્રૉલોપ આઈસલૅન્ડમાં હાજર હોઈ જૉર્ગને તેને આ પ્રાચીન મહોત્સવ વખતે પોતાની હાજરીથી શોભામાં વૃદ્ધિ કરવા નિમંત્ર્યો. ગવર્નર-જનરલની મંડળી પચાસેક આઈસલૅન્ડનાં ઘોડાં-ટટવાં ઉપર બેસી કાનૂન-પર્વતે જવા નીકળી. રાશેલ તેના બાપ અને કાઉન્ટની વચ્ચે ઘોડેસવારી કરીને ઊપડી. એ છ-સાત લાંબા ડૅનિશ માઈલની મુસાફરી દરમ્યાન જૉર્ગને રાશેલના કાઉન્ટ સાથેના લગ્નની શરતો નક્કી કરી લીધી. કાઉન્ટ કબૂલ થયો અને રાશેલે વાંધો ન લીધો.

ત્રણ દિવસ 'આલ્થિગ' લોકસભાનું કામકાજ ચાલ્યું, તે દરમ્યાન રાશેલ ખૂબ કંટાળી ગઈ. પણ પછી ચોથે દિવસે મલ્લ-કુસ્તી શરૂ થઈ. તેના બાપે તેને ટેકરા ઉપર ઊંચે આસને પોતાની સાથે બેસાડી. આખા આઈસલૅન્ડમાં જે વિજેતા નીવડે, તેની કમરે ચાંદીના બકલવાળો પટ્ટો તે બાંધવાની હતી.

રાશેલે પોતાને મળેલા એ બહુમાન બાબતમાં કશી ઇંતેજારી ન દાખવી. કુસ્તી ચાલવા લાગી ત્યારે તે પરીક્ષક સાથે ઉપેક્ષાબુદ્ધિથી આવીને બેસી તો ગઈ જ. કાઉંટ તેને પડખે ઊભો રહ્યો.

નીચે અખાડાની આસપાસ સેંકડો સ્ત્રી-પુરુષ-છોકરાં વગેરે ટોળું વળીને ઊભાં હતાં. એક મલ્લ તેની સાથે કુસ્તી કરવા આવનાર સૌને પછાડચે જતો હતો. તેનું નામ પૅટ્રિકસન હતું. તે આઈસલૅન્ડ પાસેના વેસ્ટમૅન ટાપુમાં આવીને વસેલા કોઈ આઈરિશનો વંશજ હતો. જેમ જેમ એ બધાને પછાડતો ગયો, તેમ તેમ તેનો માથાનો પવન પણ સાથે સાથે વધવા લાગ્યો; અને છેવટે તો તેની તુમાખી રાશેલને એવી અસહ્ય લાગવા માંડી કે કોઈ એનો પવન ઉતારે એવો છે કે નહીં તે જોવા તેણે પ્રેક્ષકો તરફ બેદરકારીથી સહેજ જ નજર નાખી.

પણ તેની સાથે જ તેની બધી બેદરકારી દૂર થઈ ગઈ! કાનૂન-પર્વતના નીચેના ટેકરાઓ ઉપર એક માણસ તેનું માથું હાથમાં અને

કોણી ઢીંચણ ઉપર ટેકવીને બેઠો હતો. તેનું માથું ખુલ્લું હતું, અને ગરમીને કારણે તેણે પોતાનું ઊનનું શર્ટ પીઠ ઉપર ઉલટાવી નાખ્યું હતું. દેખાવે તે જુવાન, પહોળા ખભાનો અને ગંઠાયેલા સ્નાયુઓવાળો હતો. તેનાં કપડાં સામાન્ય તથા ફાટેલાં હતાં. તે કુસ્તી તરફ કશો ખાસ રસ દાખવતો ન હતો; આઈસલૅન્ડના વતનીઓની પેઠે તે સ્વાભાવિક સુસ્ત મુદ્રામાં બેઠો હતો એટલું જ. જ્યારે છેલ્લો હારેલો માણસ પાછો ફર્યો, ત્યારે લોકોએ જે બુમરાણ મચાવી મૂકી, તે સાંભળીને તે જરા જાગ્રત થયો, અને પોતાની સુસ્ત આંખો જરા ઊંચી કરીને તેણે તે તરફ નજર નાખી.

મલ્લકુસ્તી પૂરી થઈ. પૅટ્રિકસન વિજેતા જાહેર થયો અને ગવર્નરની પુત્રીને હાથે વિજેતાનો પટ્ટો પહેરવા તે કાનૂન-પર્વતના ટેકરા ઉપર ચડયો. રાશેલે તે વિધિ કશો ખાસ રસ દાખવ્યા વિના પૂરો કર્યો; — તેની આંખો તો પેલા પહોળા ખભાવાળા ઉપર જ ચોટી રહી હતી.

પૅટ્રિકસને હવે દારૂ મંગાવ્યો, જેથી તે સૌ હારેલાઓને દારૂ પાઈને તેમના પ્રત્યે શુભેચ્છા દાખવી શકે. તેણે પોતે પણ ખૂબ ઢીંચ્યો પછી તે બડાશ મારીને હાકલ કરવા લાગ્યો કે, તમારા ટાપુના કોઈ પણ મજબૂત માણસને મારી પાસે લાવો, અને હું તેને ચટ દઈને ચત્તાપાટ કરી દઈશ! આટલું મોટેથી કહીને તે નીચે ઊતરવા માંડયો, તે વખતે જ પેલા પહોળા ખભાવાળાએ તેની સામે સીધી નજર કરીને જોયું.

પૅટ્રિકસન એની નજરમાં રહેલા હુંકારને પામી ગયો; એટલે તરત જ બોલી ઊઠયો, "વાહ ભાઈ, આ ટૅંડુજી બેઠા બેઠા ઘૂરકે છે ને કંઈ! લાવો જરા એમને ઊંચાનીચા કરીએ." એમ કહીને તેણે તેની આસપાસ પોતાના હાથ ભિડાવી, તેને તેની બેઠક ઉપરથી ઊંચો કરવા પ્રયત્ન કર્યો. પણ પેલો ત્યાંથી જરાય ચસ્યો નહીં.

પૅટ્રિક્સને હવે છંછેડાઈ, પોતાનું પૂરું જોર લગાવ્યું; પણ બેકાર! જે પ્રેક્ષકો એની આ ફજેતી જોઈ રહ્યા હતા, તેમણે બૂમ પાડીને કહ્યું, 'આ સુસ્ત જુવાનિયો જરી વાર પહેલાં કુસ્તીમાં જ ઊતર્યો હોત, તો પૅટ્રિક્સનની દેન નથી કે તે તેને પછાડી શકે!'

તરત જ પૅટ્રિક્સન ગુસ્સામાં આવી ત્રાડી ઊઠયો, "હજુય કશું મોડું નથી થયું. આ જુવાનિયો જો મારી સામે આવી જાય, તો તેને પછાડયા પહેલાં વિજેતાનો આ પટ્ટો હું પહેરીને ઘેર નહીં જાઉં!"

તરત જ પેલો જુવાનિયો ખડો થઈ ગયો. પણ તે વખતે જ માલૂમ પડયું કે તેનો જમણો હાથ કોણી અને કાંડા વચ્ચે જખમાયેલો હતો; અને ઘાથી ઉપરની બાજુએ તેણે રૂમાલ તાણી બાંધ્યો હતો. પણ એથી જરાય ગભરાયા વિના તેણે તો પોતાનો ડાબો હાથ પૅટ્રિક્સનની કેડની આસપાસ ભિડાવી દીધો. પૅટ્રિક્સને તેને પહેલો પકડયો હતો એટલે એ તેને જોરથી અધ્ધર ઘુમાવીને પોટલાની પેઠે જમીન ઉપર ફગાવવા ગયો; પણ પેલાનો પગ જમીન ઉપર એવો ચોટી રહ્યો કે, તે પોતે જ ઊલટો હાલક-ડોલક થઈ ગયો. પછી તો પેલાએ પોતાનો એક પગ પૅટ્રિક્સનના પગ વચ્ચે ઘાલીને બીજા પગનો ઢીંચણ તેના પેટ ઉપર દબાવી, પોતાનું માથું તેની દાઢી નીચે લાવી, પોતાના ડાબા હાથ વડે તેની પાંસળીઓને ભિડાવીને પેલાને પોતાની ઊલટી બાજુએ એવો નમાવવા માંડયો કે, થોડી વારમાં જ પૅટ્રિક્સનના પીઠ વચ્ચેથી જ બે કટકા થઈ જાત. પણ તેના સગાવહાલા તરત ત્યાં દોડી આવ્યા. તેઓએ પૅટ્રિક્સનને હારેલો જણાવી, તેને મારી ન નાખવા આજીજી કરી. પેલા જુવાને તરત પોતાનું દબાણ ઓછું કરી પૅટ્રિક્સનને એવો ધક્કો માર્યો કે, તે માટીના રોડાની પેઠે દૂર ફંગોળાઈ ગયો.

રાશેલ તો ચિંતાભરી નજરે આ કુસ્તી જોઈ રહી હતી. પણ જ્યારે પૅટ્રિક્સન હારીને ગબડી પડયો, ત્યારે તે હસી પડી અને પોતાના પિતાને કહેવા લાગી કે, પેલો કમરપટ્ટો હવે આ નવા વિજેતાને પૅટ્રિક્સને કાઢી આપવો જોઈએ!

જૉર્ગને તરત જ એ વાતની ઘસીને ના પાડી દીધી. કારણકે, કુસ્તી-દાવ પૂરો થયેલો જાહેર કરવામાં આવ્યો હતો અને પૉટ્રિક્સનને વિજેતા તરીકે પટ્ટો વિધિસર પહેરાવી દેવામાં આવ્યો હતો. હવે તો આ જુવાન બીજા આલ્થિંગ વખતે આવીને વિજેતા નીવડે તો જ તેને પટ્ટો મળે !

રાશેલે તરત પોતાનો નેકલેસ ગળામાંથી ઉતાર્યો અને પેલા જુવાનને પાસે બોલાવી તેના ઘવાયેલા હાથના ખભા ઉપર પહેરાવી દીધો; અને પૂછ્યું, "બહાદુર, તમારું નામ શું ?"

"સ્ટિફન."

"કોના દીકરા ?"

"ઓરીસનનો દીકરો છું, પણ બધા મને સ્ટિફન ઓરી જ કહે છે."

"શો ધંધો કરો છો ?"

"ખલાસી, જોકુલના સ્ટેપ્પન ગામે."

દરમ્યાન પૉટ્રિક્સન ઊભો થઈ ત્યાં આવી પહોંચ્યો અને પોતાનો કમરપટ્ટો રાશેલના પગ આગળ નાખીને સ્ટિફનને સંબોધીને બોલ્યો, "એ પટ્ટો હવે તારો છે, લઈ લે."

ત્યાર બાદ તે મોંએથી ભૂંડા શાપ વરસાવતો ટોળાં વચ્ચેથી ચાલતો થઈ ગયો.

૩

એક કલાક બાદ, રાતના ઝાંખા પ્રકાશમાં સ્ટિફન ઓરી ગવર્નરની દીકરી સાથે થિંગવેલિરના ધર્માચાર્યના મકાનના દરવાજા પાસે ઊભો હતો. જૉર્ગનના રસાલાને ધર્માચાર્યના મકાનમાં ઉતારો મળ્યો હતો.

સ્ટિફને રાશેલને કહ્યું, "આ પટ્ટો પાછો લઈ લો; કારણકે, હું જો એ પટ્ટો રાખીશ, તો પૉટ્રિક્સન અને તેના સગાઓ મને આખી જિંદગી જંપવા નહીં દે."

રાશેલે કહ્યું, "એ પટ્ટો તમે જીત્યા છો, અને એ તમારે રાખવાનો છે. તમને કોઈ વાતનો કોઈ તરફથી ભય રહેતો હોય, તો મનમાં એટલી ધારણ રાખજો કે, મેં — ગવર્નર-જનરલની પુત્રીએ — તમને એ આપ્યો છે; અને કોઈ તે બદલ તમને કશું કહી — કરી શકે નહીં."

તરત જ પાસેની બાજુએથી કંઈ અવાજ સંભળાયો અને સ્ટિફન ચોંકી ઊઠયો. પણ રાશેલે હસીને કહ્યું, "એવડા મોટા પૅટ્રિકસનને પછાડનારા થઈને રાતને વખતે કશો અવાજ આવે તેમાં ગભરાઈ શાના જાઓ છો?"

બીજે દિવસે સવારે થિંગ્વેલિરમાં બુમરાણ મચી રહ્યું કે, પૅટ્રિકસનનું ખૂન થયું છે. જ્યાં તેનું શરીર પડયું હતું ત્યાં લોકો દોડી આવ્યા. તેમણે જોયું કે, તેની કેડ વચ્ચેથી ભાગી નાખવામાં આવી હતી.

તરત જ કાનૂન-પર્વત આગળ અદાલત બેઠી. ધર્માચાર્ય ન્યાયાધીશ તરીકે હતા; અને શબ મળ્યું હતું તેની પાસે તંબૂઓમાં સૂતેલા નવ જણ પંચ તરીકે. પરંતુ કોણે ખૂન કર્યું — કયારે કર્યું એનો કશો પુરાવો મળ્યો નહીં. આખી રાત દરમ્યાન કોઈએ કશો અવાજ પણ સાંભળ્યો ન હતો. એટલે આલ્થિંગ સમક્ષ કોઈની ઉપર કશો આરોપ મૂકી શકાય તેમ નહોતું. પૅટ્રિકસનનાં સગાંવહાલાં સ્ટિફન ઓરી તરફ કાળી અંધાર આંખો કરવા માંડયાં; પણ તેના મોઢા ઉપર સહેજે ફરક પડયો નહિ.

ગવર્નર-જનરલની દીકરી મલ્લકુસ્તીની રાતથી માંડીને, રાષ્ટ્રીય તહેવાર પૂરો થયો ત્યાં સુધી, પોતાના ઉતારામાં જ ભરાઈ રહી. પછી જ્યારે તંબૂઓ સંકેલી, બધાં પોતપોતાના ઘર તરફ જવા ઊપડયાં, ત્યારે રાશેલે જૉર્ગન અને કાઉંટ ટ્રૉલોપની વચ્ચે ઘોડેસવારી કરીને પ્રયાણ કર્યું.

તેની પાછળ વીસેક ડગલાં દૂર સ્ટિફન ઓરી પણ પોતાના ટટવા ઉપર બેસીને આવતો હતો; અને તેનીય પાછળ પાંચેક ડગલાં દૂર પૅટ્રિકસનનો ભાઈ!

જુલાઈ મહિનો પૂરો થઈ ઑગસ્ટ મહિનો બેઠો. રાશેલના કાઉંટ સાથેના લગ્નનો દિવસ નજીક આવ્યો. પણ કન્યાની વિનંતીથી લગ્નનો દિવસ જરા દૂર ધકેલવામાં આવ્યો. એ બીજો દિવસ પણ નજીક આવ્યો, ત્યારે રાશેલે ફરી તે દિવસ આગળ ધકેલાવ્યો. એ ત્રીજો દિવસ પણ નજીક આવ્યો ત્યારે હજુ પણ તે દિવસ આગળ ધકેલવાની વાત રાશેલે કરી; પણ જૉર્ગને ઘસીને ના પાડી દીધી. કારણકે, મિનિસ્ટર કાઉન્ટ ટ્રૉલોપને હવે ડેન્માર્કની રાજધાની કૉપનહેગન પાછા ફરવાનું થયું હતું; એટલે તેમની સાથેનું લગ્ન પતી જ જવું જોઈએ.

પણ હવે કાઉન્ટ પોતે જ એ લગ્ન માટે આનાકાની કરવા લાગ્યો. તેને રાશેલ બાબત ઘણા ઘણા અહેવાલો મળતા જતા હતા. તેણે જૉર્ગનને એ વિષે એક દિવસ વાત કરી. પેલાએ જવાબ આપ્યો કે, "રાશેલ મારી દીકરી છે; અને હું આ ટાપુનો ગવર્નર-જનરલ છું. જૉર્ગન જૉર્ગન્સનની દીકરી સામે આંખ ઊંચી કરવાની હિંમત જ કોઈ ન કરી શકે."

કાઉન્ટે તરત જવાબ આપ્યો, "મને ખાતરીબંધ માહિતી છે કે, સ્ટેપ્પનનો સ્ટિફન ઓરી તમારી દીકરીનું કુંવારિકાપણું ખંડિત કરી ચૂક્યો છે. નવાઈની વાત તો એ છે કે, એ માણસ તદ્દન પ્રમાદી છે — દિવસ આખો ઘરની પથારીમાં અને રાત આખી દારૂના પીઠામાં ગાળે છે. એની મા જ માછલાં ચીરવાનું કામકાજ કરી, તેનું ભરણપોષણ કરે છે."

ગવર્નરે તરત પોતાની મુક્કી જોરથી ટેબલ ઉપર ઠોકીને કહ્યું, "જૂઠી વાત! મારી છોકરી એવા કંગલાની તો સામું પણ ન જુએ!"

"ઠીક, તો તમારી દીકરી અત્યારે અહીં કેમ નથી?" કાઉન્ટે જરા તપી જઈને પૂછ્યું.

"તે માંદી છે એટલે પોતાના કમરામાં સૂઈ ગઈ છે, વળી." જૉર્ગને પણ ચડસે ચડીને જવાબ આપ્યો.

"તો ઠીક, તમે એ ઘરમાં છે કે નહિ તે જોઈ આવો; પછી તે ક્યાં છે એ હું તમને બતાવું. હું બધું નજરે જોઈને જ આવ્યો છું."

જૉર્ગન દીકરીના કમરામાં જોઈ આવ્યો; તે ત્યાં ન હતી. હવે કાઉન્ટ તેને પોતાની પાછળ પાછળ ચુપકીદીથી બહાર લઈ ગયો. શિયાળાના દિવસો અંધારઘેરા બનતા જતા હતા. રેક્જાવિકના ગવર્નમેન્ટ-હાઉસની પાછળ એક નાનું બીડ હતું. તે રાતે બરફ પડવા લાગ્યો હતો અને થોડે દૂર બે જણ એકબીજાને બાથ ભરીને ઊભાં હતાં — સ્ટિફન અને જૉર્ગન જૉર્ગન્સનની દીકરી રાશેલ. બિલાડીની પેઠે ધીમેથી સરકીને એક જણ તેમની પાછળ જઈને ઊભો હતો : તે પૅટ્રિકસનનો ભાઈ હતો. તેની પાછળ કાઉન્ટ અને ગવર્નર-જનરલ જઈને ઊભા રહ્યા.

જંગલી જાનવરની જેમ હુંકાર કરીને જૉર્ગન તરત જ રાશેલ અને સ્ટિફનની વચ્ચે જઈને ઊભો રહ્યો. તેણે સ્ટિફનની છાતી ઉપર જોરથી થપાટ મારી; તરત જ રાશેલ બાપની સમક્ષ ઘૂંટણિયે નમી પડી.

જૉર્ગને તેના ઉપર શાપ વરસાવવા માંડયા — "હરામજાદી, તું મારી દીકરી જ નથી; તારા શરીરમાં મારું લોહી હોય એમ લાગતું નથી. હરામજાદી, તારું કાળું કર — તમો બંનેનું સત્યાનાશ જાઓ!"

રાશેલ બાપના શાપ કાને ન પડે તે માટે કાનમાં આંગળીઓ ખોસવા ગઈ અને તરત જ બેભાન થઈને નીચે ઢળી પડી.

તેનો જંગી પ્રેમી તેને ફૂલની પેઠે હાથમાં ઉપાડી લઈ, ગુપચુપ ત્યાંથી ચાલતો થયો.

૨
હાકેમની દીકરી

ગવર્નર-જનરલની દીકરીને અને સ્ટેપ્પનના ખલાસીને સિગ્ફ્સ થૉમ્સન નામના લ્યૂથરન પાદરીએ પરણાવ્યાં; પણ તે ભલા ખ્રિસ્તીને એ લગ્ન ભારે પડી ગયું. એક અઠવાડિયામાં જ તેને રાજધાનીના દેવળમાંથી બદલી, મુખ્ય ટાપુથી સાત ડેનિશ દરિયાઈ માઈલ દૂર આવેલા છેવાડાના ટાપુ ઉપર આવેલી ગ્રીમ્સીની નાની દેવળ-જાગીર ઉપર ખસેડવામાં આવ્યો.

સ્ટિફન ઓરીને પરણનારી રાશેલના જીવનમાં પણ સુખના દહાડા ન આવ્યા. તેના મનમાં હતું કે તેનો પતિ તેને પોતાને ગામ લઈ જશે, જેથી તેને અહીં સૌની નજર હેઠળ હીણપતભર્યું જીવન ગુજારવું નહિ પડે. પણ સ્ટિફને એવી દલીલ કરી કે, સ્ટેપ્પન તો બહુ કંગાળ ગામ છે – જ્યાં મોટાં વહાણો તો આવી શકતાં નથી; તેના કરતાં અહીં રેકૂજાવિકમાં વધુ રોજગાર મળી શકે.

રાશેલને નાછૂટકે કબૂલ થવું પડયું અને તેઓ માછી લોકોના વાડામાં એક કંગાળ ઘર લઈને રહ્યાં.

સ્ટિફન કશું કામકાજ કરતો નહીં. મલ્લકુસ્તીમાં તેણે બતાવેલા પરાક્રમથી તેના પ્રશંસકો ઘણા થયા હતા, અને એવા મોટા માણસથી સામાન્ય કામકાજ કેમ થઈ શકે? પણ છેક જ બેસી રહ્યે આવક શી રીતે થાય? એટલે તેણે રાશેલને સૂચવ્યું કે, તારો બાપ ખાસો પૈસાદાર છે; તેની પાસેથી આપણને જોઈતી ખર્ચજોગી રકમ તું કેમ માગી લાવતી નથી?

બિચારી રાશેલને આ સાંભળી કમકમાં આવી ગયાં. તે તો એક મરદની મરદાનગીને પરણી હતી; અને તે ખાતર બાપના કે સૌના તુચ્છકારને તેણે અવગણ્યો હતો. પણ સ્ટિફન તો છેક જ માટીનો માણસ નીકળ્યો — જેને એટલું પણ વટ-આબરૂનું ભાન નહોતું કે, રાશેલથી બાપને ઘેર હવે કોઈ રીતે કે કોઈ કારણે ન જવાય.

સ્ટિફનથી રાશેલની ઠપકાભરી — કરુણાભરી આંખો સામે જોવાય તેમ ન રહ્યું. તેણે એક દિવસ કહ્યું કે, "મારી મા જ મને સીધો રાખી શકે તેમ છે; તે જ અત્યાર સુધી મારી સંભાળ લેતી આવી છે. તે જો નજીક હશે તો મારી પાસે કંઈક કામ પણ લઈ શકશે; તેમજ હું પોતે પણ તેના ડરથી થોડો ઓછો દારૂ પીશ. વળી તે બહુ કામગરી બાઈ છે, એટલે કામકાજ કરીને ઘરનો ચૂલોય સળગતો રાખી શકશે. તેથી તેને હું આપણે ત્યાં રહેવા બોલાવી લઉં છું."

રાશેલને વળી સ્ટિફનની કોઈ વાતમાં હા-ના કહેવાપણું જ ક્યાં હતું? એટલે સ્ટિફનની મા એક દિવસ એક વિચિત્ર ટટવા ઉપર બેસીને અને પોતાની સામાન્ય ઘરવખરી લઈને આવી જ પહોંચી. તેનો કર્કશ અને બિહામણો દેખાવ જોઈને જ રાશેલનો રહ્યોસહ્યો આનંદ મરી ગયો.

માએ આવતાંવેંત રાશેલ તરફ પગથી માથા સુધી નજર નાખીને જોઈ લીધું — જાણે દીકરે ખરીદેલા કોઈ જાનવરની જાત તપાસતી હોય. તે સમજી ગઈ કે, છોકરી ખરેખર ફૂટડી હતી; પણ એ ફૂટડી છોકરી કશું ભારે કામકાજ કરીને છોકરાનું પેટ ભરી શકે તેમ ન હતી. મા પોતાના છોકરાનું એદીપણું જાણતી હતી. એટલે તેણે રાશેલના હાથમાંથી પોતાના છોકરાને પાછો જીતી લેવાનો કાર્યક્રમ સીધો આરંભી દીધો. તેણે એક બાજુ રાશેલને ધિક્કારવાનું શરૂ કર્યું, અને બીજી બાજુ છોકરાને લાલન-પાલનથી ખુશ રાખવાનું.

માના આવ્યાથી આમ સ્ટિફનભાઈ ઊલટા વધુ ફાવી ગયા. તેમનું એદીપણું વધતું ચાલ્યું. પણ રાશેલ બિચારીના દહાડા દોહ્યલા

બની ગયા. તેને હવે સ્ટિફનની માએ તુચ્છકારપૂર્વક આપેલા રોટલા ગળે ઉતારવાના હતા.

પણ તે સગર્ભા અવસ્થામાં હતી, એટલે તેને મન મારીને ચૂપ જ રહેવું પડ્યું.

મા કામે જતી ત્યારે સ્ટિફન કોઈ કોઈ વાર રાશેલ પાસે બેસી શરમભર્યે મોંએ બળાપો કરતો કે, મારી પાસે એકાદ હોડી જેવું સાધન હોત, તો હું આપણા બંનેને જોઈએ તેટલું સહેજે કમાઈ લાવત - માને આશરે આમ તારે ને મારે જીવવું ન પડત.

રાશેલે એક વાર પૂછ્યું, "હોડી કેટલાની આવે, ભલા?"

"આજકાલ બંદરમાં લાંગરેલા વહાણના સ્કૉટિશ કપ્તાને એક સારી હોડી સાઠ ક્રાઉનમાં વેચવા કાઢી છે. આ બાજુ એવી મજબૂત હોડી ઝટ ન મળે."

એ જ અરસામાં રાશેલે પડોશની છોકરીઓને વાતો કરતી સાંભળી હતી કે, બર્નાર્ડ ફ્રૅંક નામનો એક યહૂદી ધક્કા ઉપર જુવાન સ્ત્રીઓના વાળ ભારે કિંમત આપીને ખરીદે છે. પોતાના પતિને મોઢે સારી હોડીના સાઠ ક્રાઉનની વાત સાંભળી, રાશેલને પોતાના સુંદર સોનેરી વાળ યાદ આવ્યા. એટલે પતિને કંઈ બહાનું બતાવી, તે એકલી ઝટ ધક્કા તરફ ચાલી.

ત્યાં ખરે જ કેટલીય છોકરીઓ વાળ વેચવા ટોળે વળી હતી. તેઓમાંની કેટલીક વાળ વેચીને જે પૈસા હાથ આવે તે લઈ, સ્ટોર તરફ કાચ-કીડિયાં, વીંટીઓ, રંગબેરંગી શાલ વગેરે ખરીદવા દોડી જતી. ત્યારે કેટલીક વાળ વિનાનાં પેલીઓનાં બોડકાં માથાં જોઈ, વાળ વેચવા કે નહીં તેની ગડભાંજમાં ત્યાં જ ભમ્યા કરતી.

રાશેલનું પણ ત્યાં પહોંચ્યા પછી મન પાછું પડી ગયું. પોતે હોડી ખરીદવાના પૈસા લાવી આપશે તેથી તે પોતાના પતિને માના

હાથમાંથી પાછો મેળવી શકશે ખરી? શરૂઆતમાં પોતે જે વાળથી અને જે રૂપથી પતિને પામી શકી હતી, તે વાળ અને તે રૂપ ન રહેતાં પતિનું સુસ્ત મન તેના તરફ આભાર જેવા બીજા કશા હાર્દિક ભાવથી ખેંચાશે – બંધાશે ખરું?

પણ એટલામાં પેલો યહૂદી તેની દ્વિધા જોઈ ગયો. તેના સોનેરી સુંદર વાળ તેની નજરમાં વસી ગયા. તેણે તરત રાશેલને વાળ વેચવા લોભાવવા માંડી. છેવટે રાશેલે પૂછ્યું, "મારા વાળનું શું આપશો?"

"પૂરા પચાસ ક્રાઉન!"

"સાઠ આપો તો વિચાર કરું."

યહૂદીએ પોતાને કેવી ખોટ જશે એની વાત કરતાં કરતાં સાઠ ક્રાઉન ગણીને રાશેલના હાથમાં મૂકયા. રાશેલે પણ પોતાનો વિચાર ફરી જાય તે પહેલાં પોતાના વાળ તેની પાસે કપાવી નાખ્યા.

ઘેર જઈ રાશેલે સ્ટિફનના હાથમાં સાઠ ક્રાઉન પકડાવી દીધા અને ઝટ તેને પેલા સ્કૉટિશ કપ્તાનની હોડી ખરીદી લેવા જણાવ્યું. સ્ટિફન બાઘો થઈ, વાળ વિનાના રાશેલના મોં સામું જોઈ રહ્યો. તેને રાશેલનું વાળ કપાવેલું મોં ગમ્યું નહિ; પણ તે ત્યાંથી ઊઠીને ઝટપટ ચાલતો તો થયો જ.

થોડી વારે સ્ટિફનની મા પાછી આવી, ત્યારે રાશેલે તેને હરખાતાં હરખાતાં પોતે સ્ટિફનને હોડી ખરીદવા પૈસા લાવી આપ્યાની વાત કરી. ડોસી માત્ર થોડું ઘૂરકી; વિશેષ કાંઈ તે વખતે તો બોલી નહિ.

સ્ટિફન હોડી ખરીદી લીધાની ખુશ-ખબર લઈને ક્યારે પાછો આવે, તેની આતુર થઈને રાશેલ રાહ જોવા લાગી. પણ એક પછી એક કલાક પસાર થવા લાગ્યા છતાં સ્ટિફન પાછો ન આવ્યો.

છેક છેવટે મોડી રાતે, મધરાત બાદ સ્ટિફન દારૂના ઘેનમાં લથડિયાં ખાતો ઘેર પાછો આવ્યો. તેણે રાશેલ સમક્ષ ઘૂંટણિયે પડીને તેની માફી માગતાં જણાવ્યું કે, "સાઠ ક્રાઉનના સો ક્રાઉન કરવા હું

જુગાર ખેલ્યો હતો; પણ પચાસ ક્રાઉન હારી જતાં, બાકીના દશ પોતાને થયેલો ભારે પસ્તાવો ભૂલવા તેણે પીઠામાં ખરચી નાખ્યા છે."

રાશેલનું હૈયું બેસી ગયું. પણ ડોસી તરત જ પાસે આવીને વિજયના ઘમંડ સાથે બોલી ઊઠી, "તારા વાળના પૈસા આપી મારા છોકરાને તારે હાથ કરી લેવો હતો, ખરું? હવે મારો છોકરો તારા હાથમાં આવી રહ્યો, બોડકી!"

રાશેલ મરણિયા જેવી થઈ ગઈ અને મા-દીકરા બંને ઉપર તડૂકી ઊઠી. માએ પોતાના કહ્યાગરા દીકરાને રડારોળ કરીને ઉશ્કેર્યો. સ્ટિફનને માએ કરેલા પડકારથી શૂરાતન ચડી આવ્યું. તેણે તરત આગળ આવી રાશેલના મોં ઉપર અવળા પંજાની ફેંટ લગાવી દીધી.

રાશેલ પગથી માથા લગી સળગી ઊઠી. "મને તેં મારી? મારા ઉપર હાથ ઉગામ્યો, એમ? પૅટ્રિકસનનું તેં કરેલું ખૂન ભૂલી ગયો છે, શું? હવે જો તારી વલે કરાવું છું!"

રાશેલના શબ્દો, સ્ટિફનના પંજા કરતાં વધુ કઠોર નીવડ્યા. રાક્ષસ જેવો સ્ટિફન એ ધમકી આગળ મીણ થઈ ગયો.

પોતાની ટોપી ઉપાડી લઈ, તરત તે અંધારી રાતે ઘરમાંથી કાયમ માટે બહાર નીકળી ગયો.

૩

જેસન

૧

તે જ રાતે રાશેલને સમય પહેલાં પ્રસૂતિ થઈ ગઈ. તેને પુત્ર જન્મ્યો; — પરંતુ તેના બાપની અમાનુષિતા વિચારીને તેના અંતરમાં પુત્ર પ્રત્યે જરાય ભાવ પેદા ન થયો.

બાળક રડવા લાગ્યું, પણ માએ તેને ધવરાવવા લીધું નહિ.

સ્ટિફનની મા સ્ટિફનની શોધમાં ગઈ હતી તે ભૂંડા સમાચાર અને તેથીય વધુ રાશેલ માટેનો કાળો તિરસ્કાર લઈને પાછી આવી. તેણે રાશેલને સંભળાવ્યું — "સ્ટિફન ગઈ રાતે ઊપડેલા કોઈ અંગ્રેજ જહાજમાં ચડીને ભાગી ગયો છે. તારે કારણે મારો દીકરો મેં ખોયો."

પણ પછી તો હાથની મુક્કી રાશેલના મોં સામે ઉગામીને તેણે ઉમેર્યું, "દીકરાના બદલામાં દીકરો — જેમ મારો દીકરો તારે કારણે મેં ખોયો, તેમ તારો દીકરો પણ તું ખોજે!"

રાશેલે પોતાના કમનસીબ પુત્રને ધવરાવ્યો જ નહિ — તેને મરવા માટે તજી દીધો.

પણ થોડી વાર બાદ અસહાય અને મરવા પડેલા બાળકનું કલ્પાંત સાંભળી, તેને દયા આવી. તેણે કશો વિચાર કર્યા વિના બાળકને ધવરાવવા છાતીએ લીધું. દેવળની વાળઝૂડ અને સારસંભાળ કરનાર એક ડોસો-ડોસી પાસે જ રહેતાં હતાં. ડોસી છેવટના થોડા સમયથી રાશેલની સારવાર કરતી હતી. તે તરત પાદરીને બોલાવી લાવવા દોડી — જેથી ખ્રિસ્તી જલદીક્ષા પામ્યા વિના બાળક મરી ન જાય.

પાદરીએ આવીને ઉતાવળે રાશેલને તેનું નામ પૂછ્યું; પણ તેણે કશો જવાબ આપ્યો નહિ. એટલે પાદરીએ પેલી પડોશણને છોકરાના બાપનું નામ પૂછ્યું.

તે ભલી બાઈએ જવાબ આપ્યો – "સ્ટિફન ઓરી."

"તો પછી આ બાળકનું નામ સ્ટિફન સ્ટિફન્સન રાખીએ," એમ કહી પાદરીએ પાણીમાં આંગળીઓ બોળી.

પણ રાશેલ પોતાના બાળકને એના બાપનું ભૂંડું નામ મરતી વખતે પણ ન લાગે તે માટે બોલી ઊઠી – "ના, ના, ના."

પડોશણે કહ્યું, "આ બાઈને બિચારીને એના ભૂંડા પતિએ બહુ દુ:ખ દીધું છે; એટલે છોકરાનું નામ માના બાપના નામ ઉપરથી પાડો."

"તો તેનું નામ જૉર્ગન જૉર્ગન્સન રાખીએ," પાદરીએ કહ્યું.

પણ રાશેલ પાછી ત્રાડી ઊઠી, "ના, ના, ના; મને અને આને બાપ છે જ નહિ. તેનું નામ માત્ર જૅસન પાડો."

"હેં? ખ્રિસ્તીનું નામ એવું તે હોતું હશે?" પાદરી બોલી ઊઠયો.

"ભલા, એ તો જહાજનું નામ હોય!" પડોશણ પણ બોલી ઊઠી. છતાં છોકરાનું નામ જૅસન જ પાડવામાં આવ્યું. રાશેલે તેને બધાં સગંવહાલાંથી તે બાબતમાં છૂટો પાડી દીધો.

પણ નવાઈની વાત એ બની કે, કલાક બાદ છોકરો જાણે ફરી સજીવન થવા લાગ્યો!

અને ત્રણ દિવસ બાદ તો રાશેલ જાતને નિચોવી-નિચોવીને, પોતાનો સમગ્ર જીવનરસ એ બાળકને ધવરાવવા લાગી.

તે રાતે ટાપુના બિશપ રાશેલ પાસે આવ્યા. તેમને રાશેલની મા સાથે મિત્રતા હતી; અને તેથી જ અત્યારે રાશેલનો બાપ તેમના પ્રત્યે કિન્નો રાખતો હતો. બિશપે રાશેલને કહ્યું, "માછીવાડામાં એક

માછી તાજેતરમાં મરી ગયો છે. તેણે પોતાની થોડીઘણી જે કંઈ મિલકત હતી તે દેવળને અર્પણ કરી દીધી છે. તું એ મકાનમાં જઈને રહે.”

સુવાવડના દિવસો પૂરા થતાં જ રાશેલ પોતાના બાળક પુત્રને લઈ, બિશપે ચીંધેલા ખોલડામાં રહેવા ચાલી ગઈ. લાવાનાં ગચિયાંને ધૂળધમાથી ચણીને એ ખોલડું ઊભું કરવામાં આવ્યું હતું. અંગ્રેજ વેપારીઓ માટે દરિયાઈ પંખીઓનાં સુવાળાં પીંછાં સાફ કરવાનું કામ કરીને રાશેલ આજીવિકા જોગ કમાવા લાગી. તેનો બાપ જૉર્ગન જૉર્ગન્સન પુત્રીની લાચાર સ્થિતિ જાણતો હશે, પણ તેને મદદ કરવા તેણે કદી કશો પ્રયત્ન કર્યો નહિ.

૨

રાશેલનું બાળક ધીમે ધીમે મોટું થવા લાગ્યું, અને તેનો આનંદી કલબલાટ રાશેલના ભાગી ગયેલા હૃદયને સજીવન કરવા લાગ્યો. તેને પોતાની કાળી મજૂરી કરવામાં પણ આનંદ આવવા લાગ્યો; જીવન વહાલું લાગવા માંડયું, એ બાળક તેનાં બાવડાંમાં બળ પૂરતું; અને તેના શૂન્ય અંતરમાં પ્રાણ. રાશેલ હવે કંગલી રહી ન હતી: તેને ચાહવા માટે બાળક હતું — કેટલી મોટી સમૃદ્ધિ? એની એ કાળી કોટડી જ તેને માટે પ્રકાશપૂર્ણ સ્વર્ગ બની ગઈ.

રાશેલ દરિયા-કિનારે કામ કર્યા કરે, ત્યારે બાળક તેની પાસે કાંકરા રમ્યા કરતું. મા તેના તરફ નજર કરતી કરતી તેની આસપાસ કેવાં કેવાં સ્વપ્ન ઊભાં કર્યા કરતી: તેનો એ લાલ મોટો થઈ કિનારે આવતાં જહાજોમાં ચડીને પરદેશ જશે — કદાચ પોતાને પણ સાથે લઈ જશે — પોતાની માના વતનમાં — ઇંગ્લૅન્ડમાં સ્તો. ત્યાંના પુરુષો સ્ત્રીઓ પ્રત્યે સજ્જનતાથી વર્તે છે અને ત્યાંની સ્ત્રીઓ પુરુષોને વફાદાર રહે છે. ઇંગ્લૅન્ડ જતા સુધીના થોડા દિવસ જ આ હતભાગા ટાપુમાં પોતાને રહેવાનું છે — તેનો ઉદ્ધારક તેના પગ પાસે જ ખેલે છે — તેનો પોતાનો જૅસન!

૩

વરસો વીતવા લાગ્યાં. જેસન મજબૂત બાંધાનો, ઊંચો, કદાવર જુવાનિયો બન્યો. તેના વાળ લાલાશ-પડતા રંગના હતા. તે જુસ્સાદાર, ઝનૂની, આકળા સ્વભાવનો, અવિચારી, સાહસી, તથા ગણતરી વિનાનો હતો. તે જાણે માનવ જળચર પ્રાણી હતો, અને દિવસનો મોટો ભાગ દરિયા-કિનારે જ ગાળતો. રમત ગણાય એવું જે કંઈ કામકાજ હોય તે બધું તે ઉત્સુકતાથી કરતો. જેમકે બંદર બહારના ઊભા ચઢાણવાળા ખડકોની ટોચે ઇડર-ડક પંખીઓના માળામાંથી ઈંડાં ઉતારી લાવવાં એ તેનું કામ. લોકો રાશેલને કહેતા કે, તારો છોકરો બરાબર તેના બાપ ઉપર ઊતરશે, ત્યારે તેને ગમતું નહિ, અને તે કાનમાં આંગળીઓ ખોસી દેતી. તેનો પુત્ર ફૂટડો અને તેજસ્વી તો હતો જ – એટલો એ તેનો – રાશેલનો અંશ ગણાય. અને ભલે એ છોકરાને તેના બાપની પેઠે સુસ્તીના ગાળા વચ્ચે વચ્ચે આવી જાય; – પણ એક બાબતમાં તે તેના બાપ કરતાં છેક જ જુદો હતો, એની કોણ ના પાડી શકવાનું હતું? – તે એની માને ખૂબ જ ચાહતો! લોકો જેસનના એ ગુણ અંગે પણ ગુસપુસ કરતા કે, એનો બાપ પણ બીજા ગમે તેટલા દુર્ગુણ તેનામાં હશે, પણ રાશેલને ચાહવાની બાબતમાં તો ઊણો ન હતો.

લોકોની એ બધી ગુસપુસ પોતાના પુત્રને કાને ન પડે, અને પોતાના ખંડિત જીવનની કહાણી તેને વખત પહેલાં કોઈ ન સંભળાવી દે, તે માટે રાશેલે પોતાના દીકરાને અંગ્રેજી ભાષા જ શીખવી હતી. છતાં જેસન દરિયા-કિનારેથી આઇસલૅન્ડની ભાષાના શબ્દો વીણતો જ રહેતો અને પછી તો પોતાની માની શરમની અને પોતાના બાપની હલકટતાની વાત ત્રણગણી કરીને બહારથી સાંભળી લાવ્યો જ. પરિણામ એ આવ્યું કે, મા પ્રત્યેનો તેનો પ્રેમ ત્રણગણો વધી ગયો, અને બાપ પ્રત્યેનો કિન્નો પણ.

છતાં આ બધા દિવસો દરમ્યાન રાશેલના મનમાં એક આશા ટકી રહી હતી – અને તે એ કે પોતાનો પતિ સ્ટિફન ગમે ત્યારે

પોતાની પાસે પાછો આવશે જ. તેણે કરેલા ખૂનની વાત બહાર પાડી દેવાની ધમકી પોતે અલબત્ત આપી હતી, પણ પોતાની પત્નીની એવી ધમકીને કોણ કાયમ સાચી માન્યા કરે, ભલા? અલબત્ત ગુસ્સામાં આવી જઈ રાશેલ એ શબ્દો મોંએથી બોલી ગઈ હતી; પણ તેથી પૅટ્રિકસનના ભાઈના ડરને કારણે પોતાની પત્ની અને બાળકથી જીવનભર કોઈ દૂર રહેતું હશે, વારુ?

છેવટે રાશેલને મનમાં એવી આશા બંધાવા લાગી કે પૅટ્રિકસનનો ભાઈ મરી જશે, ત્યાર પછી તો સ્ટિફન જરૂર પોતાને ઘેર પાછો આવશે. પોતાના સંતાનનું મોં જોવા આવ્યા વિના કોઈને ચાલતું હશે, ભલા?

— એટલે જૅસન બહારથી સાંભળેલી વાતોથી બાપ પ્રત્યે ગમે તેટલો વેરભાવ અને ખુન્નસ ધરાવતો થતો જતો હતો, પણ રાશેલને ઊંડી ઊંડી એવી ખાતરી હતી કે સ્ટિફન પાછો આવશે ત્યારે પોતાની માને પતિ પ્રત્યે કેવો સદ્ભાવ છે એ નજરે જોશે, ત્યારે જૅસન પણ પોતાના પિતાને ધીમે ધીમે ચાહતો થઈ જશે.

એટલે જ્યારે થોડા દિવસ બાદ ખબર મળી કે, પૅટ્રિકસનનો ભાઈ હવે અહીં દેખાતો નથી; — તે વેસ્ટમૉન ટાપુઓ તરફ કાયમનો પાછો ચાલ્યો ગયો છે, ત્યારે રાશેલને ખાતરી થઈ ગઈ કે, સ્ટિફન હવે જરૂર પાછો આવશે જ. કારણકે, સ્ટિફનને હવે કોઈથી ડરવાનું રહ્યું ન હતું.

૪

પણ દિવસો અને મહિના વીતવા લાગ્યા, પરંતુ સ્ટિફન આવ્યો નહીં કે તેની કશી ભાળ મળી નહિ. ત્યારે છેવટે અંદરથી અને બહારથી અત્યાર સુધી આશા અને હિંમતથી ઝૂઝતી રહેલી રાશેલ ભાગી પડી. તેની તબિયત ઝપાટાબંધ લથડવા લાગી.

એક દિવસ અચાનક પૅટ્રિકસનનો ભાઈ પાછો આવ્યો! તે રાશેલને એટલી જ ખબર કહેવા આવ્યો હતો કે, સ્ટિફન ઓરી મૅન

ટાપુમાં છે — દક્ષિણમાં છેક આઇરિશ સમુદ્ર તરફ. ત્યાં તે ફરી પરણ્યો છે અને તેને એક છોકરો છે. તેની પત્ની તો મરી ગઈ છે, પણ તેનો છોકરો હજુ જીવે છે. પૉટ્રિક્સનના ભાઈએ આ ખબર કહીને રાશેલ ઉપર વેર લીધું કે તેને આશ્વાસન આપ્યું, તે એ જાણે.

પણ રાશેલ એ સમાચાર સાંભળીને પથારીમાં પડી, તે પાછી ઊઠી જ નહિ. તેની આશાનો સૂરજ હવે કાયમનો કાળા વાદળ નીચે ઘેરાઈ ગયો હતો.

શિયાળાની ઋતુમાં ઉત્તર તરફના આ ટાપુમાં રાત અને દિવસ એકબીજા સાથે એવાં ભળી જાય છે કે, અંધારું જાણે કદી ખસતું જ નથી. રાશેલ પોતાની ઝૂંપડીમાં એકલી પડી પડી પોતાની જીવનયાત્રા પરિસમાપ્ત કરી રહી હતી.

જેસન અવારનવાર ઘેર આવતો; અર્ધોએક કલાક માની સામે ટગર ટગર જોઈ રહેતો. તેને જંગલી વછેરાની જેમ જીવનના તરવરાટનો જ અનુભવ હતો – મોતની નિશ્ચેષ્ટતાનો નહિ. એટલે પોતાની મા જીવનલીલા સમાપ્ત કરી રહી છે, એ વાતનો એને ખ્યાલ જ ન હતો.

એક દિવસ જેસન ઘેર આવ્યો હતો, ત્યારે રાશેલના છેલ્લા શ્વાસ ચાલતા હતા – શ્વાસ શાના? ડચકાં અને ઘરેરાટી જ સંભળાતાં હતાં. જેસનનું નામકરણ કરનાર ભલા પાદરીને ખબર મળતાં તે ત્યાં દોડી આવ્યો અને પ્રાર્થના કરવા લાગી ગયો. તેણે રાશેલના બાપ ગવર્નર-જનરલ જૉર્ગનને ખબર આપવા વિચાર કર્યો, પણ રાશેલે ધસીને ના પાડી દીધી.

જેસન શ્વાસ પણ લીધા વિના કે આંસુ લાવ્યા વિના જડ જેવો થઈને મા પાસે ઊભો હતો. અચાનક રાશેલે આંખ ઉઘાડી અને જેસનને પાસે બોલાવ્યો.

"હજુ જરા વધુ નજીક આવ, બેટા." માએ ધીમે અવાજે કહ્યું.

જૅસને વધુ પાસે જઈને તેનો ઠંડો પડી ગયેલો હાથ પોતાના બંને હાથમાં લીધો.

રાશેલની આંખોનું તેજ ચાલ્યું ગયું હતું, પણ જૅસનના બંને હાથની દિશામાં મોં રાખીને તેણે કહ્યું, —

"બેટા, તારી વિદાય લઉં છું; તને એકલો મૂકીને જતાં મને હવે ડર લાગતો નથી. તું બહાદુર છે, ખડતલ છે; અને જે માણસ દુનિયાનો સામનો કરી શકે, તેને હંમેશ દુનિયા નમતી આવે છે. માત્ર નિર્બળ પ્રત્યે જ તે ક્રૂર બની જાય છે — ખાસ કરીને ભીરુ એવી સ્ત્રીઓ જેઓ હૃદયહીન પુરુષોના હાથમાં ગુલામ થઈને વેચાઈ ગયેલી હોય, તેઓ પ્રત્યે ખાસ!"

પછી તેણે જૅસનને બધી વાત ધીમે ધીમે કહી સંભળાવી — પોતાના પ્રેમની વાત, પોતાની વફાદારીની વાત, પોતાની આખી જીવન-કહાણી. ટૂંકા થોડા શબ્દોમાં તેણે એ વાત કહી દીધી. વધારે શબ્દો બોલવા માટે તેનામાં શ્વાસ જ નહોતો રહ્યો.

"મેં તેને સર્વસ્વ અર્પ્યું. એને કારણે મેં બાપનો શાપ વહોર્યો. પણ તેણે મને મારી — અને ઉપરથી મારો ત્યાગ કરીને ભાગી ગયો — અને બીજીને પડખે ભરાયો. સાંભળ — જરા વધુ નજીક આવ — તું ખલાસી થવાનો, અને દૂર દૂર સુધી દરિયો ખેડવાનો. જો કદીક તું તારા બાપને ભેગો થાય, તો તારી માએ એને માટે શું શું સહન કર્યું છે તે યાદ કરજે. જો તું કદી એને ભેગો ન થાય, પણ તેના દીકરાને ભેગો થાય, તોપણ તારી માએ એ છોકરાના બાપને હાથે શું વેઠયું છે તે યાદ કરજે. તને હું કહું છું તે સંભળાય છે? મારાથી હવે બરાબર બોલાતું નથી. મેં કહ્યું તે સમજ્યો? — વિદાય, બેટા, વિદાય. મેં કહેલી વાત ભૂલતો નહિ."

એક વધુ ડચકું ખાઈને રાશેલે પ્રાણ ત્યાગી દીધા.

જૅસન હજુ જેમનો તેમ માના મુખ સામે મીટ માંડીને ઊભો

રહ્યો. તેની આંખમાંથી આંસુ પણ ટપકયું નહિ કે તેના સુકાઈ ગયેલા ગળામાંથી કશો અવાજ પણ નીકળ્યો નહિ.

પેલો ભલો પાદરી હવે પોતાની આંખો લૂછતો લૂછતો બોલ્યો, "ચાલ બેટા, હવે તારી માને અવલમંજિલ પહોંચાડીએ."

"ના, હજુ નહિ," એમ બોલી જૅસન માની પાસે ઘૂંટણિયે પડયો. તેનો હાથ પોતાના હાથમાં લઈ તે મોટેથી બોલ્યો, "મારા બાપે તને મારી નાખી છે; આખી દુનિયામાંથી હું તેને ગમે ત્યાંથી ખોળી કાઢીશ અને તેને મારી નાખીશ, એ મારો કોલ છે."

"આ શું બોલે છે, બેટા?" ભલો પાદરી ગભરાઈને બોલી ઊઠયો.

જૅસને તેને કશો જવાબ આપ્યા વિના આગળ ચલાવ્યું, "અને જો મારો બાપ તે પહેલાં જ મરી ગયો હશે, અને મને ભેગો નહિ થાય, તો હું આખી દુનિયા ખૂંદી વળીને તેના દીકરાને શોધી કાઢીશ, અને તેના બાપને બદલે તેનો જીવ લઈશ."

"ચૂપ, ચૂપ, બેટા!" પાદરી બોલી ઊઠયો.

"ભગવાન મારા સાક્ષી છે!" જૅસને વાકય પૂરું કર્યું.

"બેટા, બેટા, જીવોનાં અપકૃત્યની સજા કરવાનું — પાપનો બદલો લેવાનું ભગવાનના હાથમાં છે — આપણ માણસોના હાથમાં નહીં."

જૅસને કંઈ જવાબ ન આપ્યો. તે સીધો પોતાની માના મૃત દેહને વળગી પડયો — નાનો હતો ત્યારે વળગતો હતો તેમ.

રાશેલનો જે દિવસે દફન-સંસ્કાર કર્યો, તે દિવસે ઈસ્ટરનો[૧] તહેવાર હતો. અર્થાત્ સ્ટિફન ઓરીને આઈસલૅન્ડમાંથી નાઠે બરાબર ૧૯ વર્ષ થયાં હતાં. બીજે જ દિવસે જૅસન એક આઈરીશ જહાજ ઉપર ખલાસી તરીકે જોડાઈ ગયો. તે આયર્લૅન્ડના બેલફાસ્ટ બંદરે

૧. ઈસુ ખ્રિસ્તીના પુનરુત્થાન નિમિત્તે ઊજવાતો ઉત્સવ.

જવાનું હતું; પણ વચ્ચે કંબરલૅન્ડના વ્હાઇટ-હેવને તથા મૅન ટાપુના રૅમ્સે બંદરે લાંગરવાનું હતું. તેનો બાપ સ્ટિફન ઓરી મૅન ટાપું તરફ છે, એવું પૅટ્રિકસનનો ભાઈ તેની માને તાજેતરમાં સંભળાવી ગયો હતો.

6

આદમ ફૅરબ્રધર

૧

આયર્લૅન્ડના સમુદ્રમાં મૅન-ટાપુ ઘણાં સૈકાંથી પોતાની અલગ મૅન્ક્સ ભાષા અને પોતાના સીધા-સાદા કાયદા-કાનૂનો જાળવતો ચાલ્યો આવ્યો છે. ઘણાં ઘણાં વર્ષો પૂર્વે તેને પોતાના રાજાઓ પણ હતા; હવે રાજ્યકર્તા ઉમરાવો છે. તેમાંના એક સ્કૉટિશ ઉમરાવે ૧૭૬૫માં તેને સોનાના બદલામાં વેચી નાખ્યો. ત્યાર બાદ ઇંગ્લૅંડનો રાજા તેનો ગવર્નર-જનરલ નીમવાનો અધિકાર ધરાવતો થયો. તેણે એક સ્કૉટિશ ઉમરાવ જૉન, ડ્યૂક ઑફ ઍથોલ—૪ને ગવર્નર-જનરલ નીમ્યો. પણ તેને એ ટાપુ ઉપર જવાનું તથા રહેવાનું ગમ્યું નહિ, એટલે તેણે ત્યાં પોતાનો ડેપ્યુટી-ગવર્નર નીમવાનો વિચાર કર્યો.

તે એમ વિચાર કરે તે પહેલાં તો છવ્વીસ જણા એ પદ માટે તેને અરજ કરવા લાગ્યા : બંને ન્યાયાધીશો, અને ચોવીસે ધારાસભ્યો. પણ તેણે તેમાંથી કોઈને પસંદ ન કર્યા. તેને પોતાની ખાસ કલ્પના મુજબનો જ માણસ પોતાને સ્થાને નીમવો હતો.

છેવટે તેને ભાળ મળી કે, ટાપુની ઉત્તરે એક ખેડૂત રહે છે, તે તેની પ્રમાણિકતા, સાદાઈ, અને ધર્માચરણ માટે બહુ જાણીતો છે. તરત જ ડ્યૂક એની વધુ તપાસ માટે જાતે ઊપડયો.

પેલા ખેડૂતનું નામ આદમ ફેરબ્રધર હતું. તેનું કુટુંબ ખાસું મહોળું હતું. જુવાનીમાં તે દરિયો ખેડવા નાસી ગયો હતો; પણ આલ્જીરિયનોએ[1] તેને કેદ પકડી લીધો અને અઠ્ઠાવીસ મહિના સુધી પોતાને ત્યાં ગુલામ તરીકે રાખ્યો. ત્યાંથી તે ભાગી છૂટયો અને છેવટે ગિની[2]ના જહાજના કમાન તરીકે પોતાને વતન પાછો ફર્યો. આ એનો આખો ઇતિહાસ, આખી કેળવણી, કે આખી કારકિર્દી હતાં.

માંઘોલ્ડ જિલ્લામાં આવેલી પાંચસો એકર જેટલી ભૂંડી ભખ જમીનમાં 'લૉગ્યૂ' મથકે તે રહેતો હતો. ડ્યૂક જ્યારે ઘોડા ઉપર બેસી તેને ત્યાં પહોંચ્યો, ત્યારે તે પોતે બારણા ઉપરનો ઘંટ વગાડીને પોતાનાં કુટુંબીઓને જમવા માટે બોલાવતો હતો. તે વચલી ઉંમરનો, સુદૃઢ બાંધાનો, માયાળુ ચહેરાનો, અને મીઠા અવાજવાળો માણસ હતો.

આદમે ડ્યૂકનો સમાનતાને નાતે હાથ લાંબો કરી સત્કાર કર્યો. ડ્યૂકે પણ તેની સાથે હાથ મિલાવ્યો. આદમે ઘોડાની લગામ પકડી રાખી, જેથી ડ્યૂક નિરાંતે ઊતરી શકે. પછી ઘોડાના તંગ ઢીલા કરી, ડ્યૂક સાથે વાતો કરતો કરતો તે પહેલાં ઘોડાને પોતાના તબેલામાં લઈ ગયો; ત્યાં ઘોડાને ખાવા માટે ઓટની જોગવાઈ કર્યા પછી તે ડ્યૂકને પોતાની સાથે ઘરમાં લાવ્યો.

જમવા માટે મેજ ઉપર તૈયારી થઈ ગઈ હતી અને જમનારાં બધાં આવવા લાગ્યાં હતાં. આદમે ડ્યૂકને પોતાને જમણે હાથે બેસાડ્યા. આદમની પત્ની, છ દીકરા, નોકરો, નોકરડીઓ – બધાં સાથે જ ટેબલની આસપાસ બેસી ગયાં.

આદમે ભગવાનની પ્રાર્થના છ શબ્દોમાં કરી લીધી, એટલે તરત બધાં ખાવા લાગી ગયાં.

---

૧. આલ્જીરિયા, આફ્રિકાની ઉત્તરે આવેલું રાજ્ય. – **સંપા૦**

૨. આટલાંટિક કિનારે આવેલું પશ્ચિમ આફ્રિકાનું રાજ્ય. – **સંપા૦**

જમ્યા બાદ આદમે છ શબ્દોમાં ભગવાનનો આભાર માન્યો એટલે પછી બધાં ઊઠી ઊઠીને ચાલતાં થયાં. આદમે ટાપુનો રાજા એવો ડયૂક પોતાને ત્યાં જમવા બેઠો હોવા છતાં, રોજના ભોજનમાં કશો સુધારોવધારો કર્યો ન હતો. – ડયૂકે વિચાર્યું કે, આ માણસમાં ખરેખર રાજવીનું ગૌરવ છે.

પછી બંને જણ નિરાંતે આરામ-ખુરશી ઉપર વાતો કરતા બેઠા. ડયૂકે પૂછયું, "ગિનીથી પાછા આવ્યા બાદ તમને કદી વધુ સત્તાવાળી કે વધુ મળતરવાળી સ્થિતિએ પહોંચવાની ઇચ્છા નથી થઈ?"

"વધુ સત્તાવાળી સ્થિતિ? પણ જે વસ્તુ એ નામે ઓળખાય છે, તે ખરેખર સત્તા હોય છે ખરી? – નામ અને રૂપ ભાગ્યે જ મળતાં આવે છે!" આદમે જવાબ આપ્યો.

"—એનામાં કોઈ રાજદરબારી પુરુષનો અનુભવ હોય એમ દેખાય છે!" ડયૂકે વિચાર્યું.

"અને મળતરની વાત પૂછો, તો દુનિયા જયારથી શરૂ થઈ છે ત્યારથી કદી સુખી માણસને પૈસાનું આકર્ષણ લોભાવી શકયું છે, ખરું?" આદમે આગળ ચલાવ્યું.

"—એનામાં એક ન્યાયાધીશનું ડહાપણ પણ છે!" ડયૂકે વિચાર્યું.

"અને હું મારી જાતને પૂરેપૂરી સુખી માનું છું." આદમે સમારોપ કર્યો.

ડયૂકે હવે પોતાની મુલાકાતનો હેતુ તેને જણાવ્યો. "હું તમને જે પદ આપવા માગું છું, તે માટે એક જ ગુણ હોવો જરૂરી છે; પણ મારી પાસેનાં માણસોમાં મને એ ગુણ જ દેખાતો નથી. એ જગા માટે મારે 'પ્રમાણિક' માણસ જોઈએ; અને તે જો મૂરખ ન હોય તો એટલું વધારે સારું. તમે એ જગા સ્વીકારશો?"

"ના," આદમે ટૂંકો ને ટચ જવાબ આપી દીધો.

"— બસ આ માણસ જ મારે ખપે," ડયૂકે નક્કી કરી લીધું.

છેક છ મહિના બાદ ડ્યૂકની મુરાદ બર આવી : આદમ ફેર-બ્રધર મૉન ટાપુનો ડેપ્યુટી-ગવર્નર બન્યો. પગાર વર્ષે પાંચસો પાઉંડ.

૨

૧૭મી જૂનની સાંજે મૉન ટાપુના રૅમ્સે શહેરમાં મોટો ઉત્સવ-સમારંભ મચ્યો હતો. 'રૉયલ જ્યૉર્જ' જહાજમાં ઇંગ્લૅન્ડનો પાટવી કુંવર 'પ્રિન્સ ઑફ વેલ્સ' ઍથોલના ડ્યૂક સાથે મૅન્ક્સ-ભૂમિ ઉપર પહેલવારકો પદાર્પણ કરતો હતો. અંધારું થતા પહેલાં તો જહાજ લંગર ઉપાડીને પાછું ચાલતું થયું, પણ શહેરમાં તો રાત પડી ત્યારે તે માટેનો ઉત્સવ-સમારંભ માત્ર શરૂ જ થયો હતો.

આ બધી ધમાલ વચ્ચે એક અજાણ્યો વિચિત્ર માણસ શહેરમાં થઈને પસાર થવા લાગ્યો. તે કદાવર, ઊંચો, શણ જેવા વાળવાળો અને પગમાં જોડા વિનાનો હતો. તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો અને તેનાં ડાચાં બેસી ગયાં હતાં. ફૂટડી છોકરીઓ પોતાની વાતો બંધ કરી તેની પાછળ જોઈ રહેવા લાગી; પણ પેલો લાંબી ફલાંગો ભરતો આગળ ધસ્યે જતો હતો, અને લોકો બાજુએ ખસીને તેને મારગ આપતા હતા.

પહેલાં તે 'સૅડલ' વીશી તરફ ગયો, પણ અંદરથી આવતા અવાજો સાંભળી, ત્યાંથી આગળ ચાલ્યો. પછી તે 'પ્લાઉ' નામની બીજી એક વીશી આગળ આવી પહોંચ્યો અને તેમાં દાખલ થયો.

એક કલાક બાદ, તલવારો તથા જહાજનાં લોઢાંથી સુસજ્જ થયેલા ચાર માણસો દોડતા બંદર તરફથી આવ્યા. તેઓ નૌકાસૈન્યના માણસો હતા અને અંગ્રેજ જહાજમાંથી ભાગી છૂટેલા એક ખલાસીને પકડવા દોડી આવ્યા હતા. તેઓના જણાવ્યા મુજબ 'ભાગેડુ માણસ પરદેશી હતો અને રાક્ષસી કદનો હતો; તે અંગ્રેજી કે મૅન્ક્સ ભાષાનો એક શબ્દેય બોલી શકતો ન હતો; તેને કોઈએ જોયો છે?'

"હા; તે 'પ્લાઉ' વીશીમાં ગયો છે."

તરત ચારે માણસો 'પ્લાઉ' વીશી તરફ દોડયા.

વીશી ચલાવનારી ભલી બાઈએ તેઓને બધી માહિતી આપતાં જણાવ્યું, 'ખરે જ, એવો માણસ અહીં આવ્યો હતો; પણ ન તેની એકે વાત આપણને સમજાય કે ન આપણી એકે વાત તે સમજે. મેં તેને બટકું રોટલો અને થોડુંઘણું પીવાનું આપ્યું હતું, ખરું.'

"તો હવે તે અંદર નથી?'

'વાહ ભાઈ, તમારી મેળાએ જ જોઈ લ્યો, બસ!'

ચારે જણા વીશીમાં બધે ફરી વળ્યા; છેવટે ખાલી હાથે તેઓ ચાલતા થયા.

જ્યારે તેઓ ચાલ્યા ગયા, ત્યારે વીશીવાળી બારણા બહાર નીકળી ચોતરફ જોવા લાગી. તરત જ પેલો જંગી માણસ તેની પાછળ પાછળ બહાર આવ્યો.

વીશીવાળીએ આંગળી એક તરફની અંધાર-ગલી તરફ ચીંધી. પેલો ટોપો ઉતારી, નમન કરી, ગુપચુપ ચાલતો થયો.

અંધાર-ગલી પૂરી થતાં તે બૉલ્યૂરની તળેટીમાં આવી પહોંચ્યો. આગળ નર્યો ગ્રામપ્રદેશ પથરાયેલો હતો. રસ્તા ઉપરનાં બે-ત્રણ નાનાં ઘર વટાવીને તે આગળ ચાલ્યો; પણ તેમાં દીવો બળતો ન હતો. એક વીશી પણ આવી, પરંતુ તેનું બારણું બંધ હતું અને ઠોકવા છતાં કોઈએ ઉઘાડયું નહિ. છેવટે તે એક આડ-રસ્તો ફંટાતો હતો ત્યાં આવ્યો ત્યારે દૂરથી તેને ઝાડીમાં થઈને આવતા દીવાનો પ્રકાશ દેખાયો. તે 'લૅગ્યૂ' મથકે આવી પહોંચ્યો હતો.

જે પ્રકાશ તેણે જોયો હતો તે એક જ બારીમાંથી આવતો હતો; અને તે સીધો એ તરફ ચાલ્યો ગયો. અંદર એક માણસ ચૂલા પાસે બેઠો હતો. આગના પ્રકાશમાં તેનું મોં બહુ ભલમનસાઈભર્યું અને માયાળુ લાગતું હતું. તે આદમ ફૅરબ્રધર હતો.

પેલો અજાણ્યો થોડી વાર વિચારમાં પડી ચૂપ ઊભો રહ્યો. પછી તેણે બારી ઉપર ટકોરો માર્યો.

વાત એમ બની હતી કે, ગવર્નર-જનલર[1] ફેરબ્રધરને આજે પ્રિન્સ ઑફ વેલ્સ અને ડયૂક ઑફ ઍથોલના સત્કાર માટે ખાસી દોડધામ કરવી પડી હતી. પછી જ્યારે 'રૉયલ જ્યૉર્જ' વહાણ પ્રિન્સ ઑફ વેલ્સ વગેરેને લઈને ત્યાંથી પાછું ઊપડી ગયું, ત્યાર બાદ આવા શાહી મુલાકાતીના દબદબાથી આભા બનેલા લોકોએ તેમના આગમન નિમિત્તનો ઉત્સવ-સમારંભ ઊજવવાનું પૂરા જોસથી અને ઉમળકાથી શરૂ કર્યું. તે વખતે આદમ ફેરબ્રધર ગુપચુપ ત્યાંથી છટકી ગયો. તે ગવર્નમેન્ટ-હાઉસમાં રહેતો હતો, પણ આજે લૅગ્યૂ-મથકે પોતાના જૂના ઘરમાં શાંતિથી એક રાત ગાળવાનું નક્કી કરી, અહીં ચાલ્યો આવ્યો હતો. આદમના ત્રણ મોટા છોકરા એ ઘરમાં રહેતા હતા. પણ તેઓ ઉત્સવ-સમારંભ માટે રૅમ્સે ચાલ્યા ગયા હોઈ, એક ઘર-કારભારણ જ ઘરમાં હતી. ખરી રીતે તે આદમની દૂરની સગી પણ થતી હતી. આદમને માટે તેણે વાળુનું કાઢી ટેબલ ઉપર ગોઠવી દીધું. પછી આદમે તેને રૅમ્સે મુકામે બધી ઊજવણી જોવા રવાના કરી દીધી. વાળુનું પરવારી તે એકલો હવે ચૂલા પાસે ખુરશી ખેંચી લાવીને બેઠો હતો અને ચુંગી ફૂંકતો હતો.

એમ શાંતિમાં બેઠાં બેઠાં તે ઝોકાં ખાવા માંડયો અને સ્વપ્નાંમાં મશગૂલ થઈ ગયો.

તે રાતે તેને આલ્જીરિયામાં પોતાની કેદ અને ગુલામીના દેખાવો સ્વપ્નમાં આવી ચડયા — પોતાનું વહાણ તૂટી જતાં તે કેવી રીતે એ

૧. ગવર્નર-જનરલે પોતાને બદલે નીમેલો ડેપ્યુટી-ગવર્નર. હવેથી તેને માત્ર ગવર્નર કહીને જ સંબોધવામાં આવશે.

લોકોના હાથમાં કેદ પકડાયો હતો, ગુલામી કોઠે પડતા પહેલાં તેને કેવી કેવી રિબામણીમાંથી પસાર થવું પડ્યું હતું, પોતાના માલિકોની ભાષા સમજે તે પહેલાં તેને કોરડાના મારની જ ભાષા કેવી રીતે શીખવી પડી હતી, એ બધું તેને તાદૃશ દેખાવા લાગ્યું. પછી હાથ ઉપરની બેડીઓ, પગ ઉપરનું સાંકળોનું વજન, ગળામાં ભિડાવેલું કડું, અને તે બધાનાં ચામડી છોલાતાં પડેલાં તીખાં ચાઠાં, — એ બધું પણ નજરે ચડ્યું. છેવટે પોતે પોતાના જેવા બીજા ત્રણ સાથીઓ સાથે ભાગી છૂટયો તે તોફાની અંધારી રાત, ગમે તેમ બાંધીને તૈયાર કરેલો તરાપો, પોતાનાં કપડાંનો બનાવેલો સઢ, અને ઠંડીમાંથી બચવા ચારે જણા એકબીજાને વળગીને ઠૂંઠવાતા કેવા બેઠા હતા તે દેખાવ — એ બધું પણ.

એ બધા કારમા અનુભવોના સ્વપ્નની વેદનામાંથી જરા ઝબકીને તે જાગ્યો, અને એ બધું પૂર્વે વીતી ગયેલું સ્વપ્ન જ હતું એમ જાણી તેને જરા 'હાશ' થઈ. તે ઘડીએ જ બારી ઉપર ટકોરા પડ્યા. તે તરફ નજર કરતાં તેણે એક માણસનો દુ:ખ અને ત્રાસથી વીંખાઈ ગયેલો ચહેરો જોયો.

તેણે તરત જ ઊભા થઈ બારણું ઉઘાડ્યું.

"અંદર આવ." આદમે કહ્યું.

પેલો અંદર આવ્યો; પણ એક ડગલું ઘરમાં આવી તરત જ થોભી ગયો. થોડી વાર વિચાર કરી તેણે ગુપચુપ પોતાના હાથની બાંય ઊંચી ચડાવીને પોતાનું કાંડું આદમ સામે નમ્રતાથી ધર્યું. તે કાંડાની આસપાસ લોખંડની સાંકળનું કડું છોલાઈ, ચામડી ઊતરી જતાં માંસ ખુલ્લું થઈ, જે લાલ-સફેદ પટ્ટો પડેલો, તે સ્પષ્ટ તગતગતો હતો.

તે નાસી છૂટેલો કોઈ કેદી છે, એ સમજી જઈ, આદમે તેને બેસવા નિશાની કરી.

પેલો આભારસૂચક કશું ગણગણ્યો. આદમ સમજી ગયો કે તે પરદેશી હતો. પણ તેનો ધંધો શો હતો? પરભાષાની મુશ્કેલી દૂર કરવા આદમે ખૂણા ઉપરના કબાટમાં સઢ ચઢાવેલા જહાજનું નાનું પ્રતીક હતું તેની તરફ આંગળી કરી, એટલે પેલાએ તરત ડોકું હલાવી હા કહી.

— તે ખલાસી હતો. કયા દેશનો?

"શેટ-લૅન્ડ્ઝનો?" ગવર્નરે પૂછ્યું.

પેલાએ ડોકું ધુણાવી ના પાડી.

"સ્વીડનનો? નૉર્વેનો?" —

"આઈસલૅન્ડ" પેલાએ કહ્યું.

— તે આઈસલૅન્ડનો હતો.

ભીંત ઉપર બે છબીઓ હતી, એકમાં આદમના પ્રથમ પુત્રનું ચિત્ર હતું, બીજીમાં આદમની યુવાન પત્નીનું ચિત્ર હતું. ગવર્નરે[૧] છોકરાની છબી તરફ પ્રથમ આંગળી કરીને પૂછ્યું; પેલાએ ડોકું ધુણાવ્યું.

— તેને કુટુંબ ન હતું.

ગવર્નરે હવે પોતાની પત્નીની છબી તરફ આંગળી કરી. પેલો જાણે દ્વિધામાં પડી ગયો — પહેલાં હા પાડવા ગયો, પછી જાણે એ અણગમતો વિચાર પ્રયત્નપૂર્વક હાંકી કાઢતો હોય તેમ તેણે ડોકું ધુણાવી ના પાડી દીધી.

— તેને પત્ની ન હતી. તેનું નામ શું હતું? એ પ્રશ્નનો જવાબ મેળવવા ગવર્નરે બાઈબલને પાને પોતાનું લખેલું નામ બતાવી, પોતાની જાત પ્રત્યે આંગળી કરી, આગંતુક પ્રત્યે નિશાની કરીને પૂછ્યું. તરત જ એ આગંતુકના મોં ઉપર એકદમ જુદો જ ભાવ છવાઈ ગયો. તેને જાણે એ પ્રશ્ન ન ગમ્યો હોય તેમ તે ચૂપ થઈ ગયો.

આદમે હવે એક ખુરશીને ટેબલ પાસે ખેંચી અને આગંતુકને તેના ઉપર બેસી ટેબલ ઉપર પડેલા ખાદ્ય પદાર્થો ખાવા માટે નિશાની

કરી. પેલો એટલી ઝડપથી અને મોટે કોળિયે ખાવા લાગી ગયો કે જાણે ઘણા દિવસનો ભૂખ્યો હોય. ખાવાનું પરવારી, તે ત્યાં ને ત્યાં બેઠો બેઠો ઝોકાંએ ચડયો. ગવર્નર તેને ઉઠાડીને તબેલાના માળિયા ઉપર સૂવા માટે લઈ ગયો.

પેલો તરત જ ઘાસ ઉપર લાંબો થઈ સૂઈ ગયો અને થોડી વારમાં ઘસઘસાટ ઊંઘવા લાગ્યો.

૩

ગવર્નર તબેલામાંથી પોતાના કમરામાં માંડ પાછો ફર્યો હશે તેવામાં તેના પુત્રો, નોકરો અને નોકરડીઓ વગેરે સૌ રૅમ્સેથી પાછાં આવી ગયાં. તેઓ બધાં ઉત્સવ-સમારંભની વાતો જ મોટેથી કર્યા કરતાં હતાં; આદમ તેઓની વાતોમાં ભંગ પડાવવાને બદલે, એકલો ચૂપ બેસી રહ્યો; અને જે રાતે તેને પોતાના બંદી-જીવનની વાતો યાદ આવી હતી, તે રાતે જ એક અજાણ્યો કેદી બંદીવાસમાંથી ભાગી છૂટીને પોતાને ત્યાં જ આશરો લેવા આવી ચડયો, એ જાતના સંજોગના મેળની વિચિત્રતા વાગોળવા લાગ્યો.

અચાનક પેલાંઓ એક ભાગી છૂટેલા ખલાસીની અને તેની પાછળ પડેલા નૌકાસૈન્યના ચાર માણસોની વાત કરવા લાગ્યાં. આદમે તરત પોતાના કાન સરવા કરી દીધા.

એ નાસી છૂટેલા માણસે ચોરી કરી હશે? ના, તે ખૂન કરીને નાસી છૂટયો હોવો જોઈએ. તેને પકડવા માટે વૉરંટ જ કાઢવામાં આવ્યું છે; એટલે એ ભાગી છૂટીને કયાં જવાનો છે? થોડી જ વારમાં પકડાઈ ગયો જાણો ને!– એવી એવી વાતો ચાલવા લાગી.

ગવર્નરે હવે તે લોકોની ચર્ચામાં ભાગ લઈને પૂછયું, 'એ નાસી છૂટેલા માણસનો દેખાવ કેવો હતો?'

છોકરાઓએ જવાબ આપ્યો, "કોઈ પરદેશી જેવો જ હતો; પણ એ માણસ ખાસો ઊંચો હતો."

તે જ ઘડીએ નૌકાસૈન્યના પેલા ચાર માણસો એ તરફ ઉતાવળે આવતા હતા તેમનાં પગલાં સંભળાયાં. અંદર આવી તેમણે જણાવ્યું કે અમે જે ભાગેડુને શોધીએ છીએ, તે બૅલ્યૂર તરફ આવ્યો હતો અને લૅગ્યૂ-મથક તરફ વળ્યો હતો, એટલા સગડ અમને મળ્યા છે. તે અહીં આવ્યો હતો કે કેમ, એમ તેઓએ પૂછયું.

છોકરાઓએ ઝટપટ પેલાઓએ પૂછેલો સવાલ પોતાના બાપને પૂછયો. કારણકે, ઘરમાં તે એકલો જ હાજર હતો; પોતે બધા તો હમણાં જ રૅમ્સેથી પાછા આવ્યા હતા. આદમે બગાસાં ખાતાં ખાતાં જાણે પોતાને કશી નિસબત ન હોય તેમ પૂછયું, "એણે શું કર્યું હતું?"

"નામદાર, તે જહાજ છોડીને ભાગ્યો છે." નૌકાસૈન્યના માણસોએ જવાબ આપ્યો.

"બીજું કાંઈ, — કંઈ ગુનો-બુનો તો તેણે નથી કર્યો?"

"બીજું કાંઈ કર્યું નથી, નામદાર. પણ તે આ તરફ આવ્યો હતો? તમારી નજરે પડયો હતો?"

"ના." ગવર્નરે જવાબ આપ્યો અને તરત પાછા ઊંઘમાં પડી ગયા હોય તેમ તેમણે આંખો મીંચી દીધી.

પેલા ખલાસીઓ, રાતે તબેલામાં સૂઈ રહી, બીજે દિવસે સવારે આસપાસ તપાસ ચાલુ રાખવાનું વિચારવા લાગ્યા; કારણકે, એ માણસ આ તરફ આવ્યો હોઈ, જરૂર આસપાસ કયાંક છુપાયો હોવો જોઈએ. એ વાત સાંભળી તરત ગવર્નર ઊંઘમાંથી જાગી ઊઠયા અને બોલ્યા, 'તબેલામાં સૂવા માટે બીજી કશી સગવડ કરી શકાય તેમ નથી; તેના કરતાં તમે રસોડામાં પાટલીઓ ઉપર જ સૂઈ જાઓ.'

પેલાઓ ગવર્નરનો આભાર માની પાટલીઓ ઉપર આડા પડી સૂઈ ગયા.

થોડી વારમાં આખું ઘર ઘસઘસાટ ઊંઘમાં પડી ગયું. ત્યાર પછી આદમ ધીમે રહીને ઊઠયો અને બંધ ફાનસ[1] હાથમાં લઈ, તબેલા તરફ ગયો. ત્યાંથી પેલા આઈસલૅન્ડવાળા માણસને ઉઠાડી, પોતાની પાછળ આવવાની નિશાની કરીને તે તેને આંગણામાં બારી પાસે લઈ આવ્યો. તેણે કરેલી નિશાની મુજબ પેલાએ અંદર નજર કરી, તો પેલા ચાર માણસો પાટલીઓ ઉપર ઘસઘસાટ ઊંઘતા હતા. પેલા સહેજ ઘૂરકી, પોતાની કમરે બાંધેલી છરી હાથમાં લઈ એક ડગલું આગળ વધ્યો, પણ આદમે મક્કમતાથી તેનો હાથ પકડી સ્થિર નજરે તેની સામું જોયું, એટલે પેલો તરત પાછો ફરી, બહાર અંધારામાં અલોપ થઈ ગયો.

બીજે દિવસે સવારે તો પેલા ચાર જણા ખાલી હાથે રૅમ્સે પાછા ફર્યા, અને સૂર્યોદય થતાં એમનું અંગ્રેજ જહાજ સઢ ચડાવી ત્યાંથી વિદાય થઈ ગયું.

રૅમ્સેની દક્ષિણ તરફ બે સુંદર અખાતો આવેલા છે: એક લૉગ્યૂ કહેવાય છે, અને બીજો પૉર્ટી-વૂર્લી. પૉર્ટી-વૂર્લીના કિનારા ઉપર કાચા કોલસાનાં[2] ગચિયાંની બનાવેલી એક ઝૂંપડી આવેલી છે. તેમાં રહેતી સ્ત્રી સવારમાં ઊઠીને કિનારે ગઈ, ત્યારે ત્યાં ભાગીને પડી રહેલી હોડીના માળખામાં એક માણસને સૂતેલો તેણે જોયો. પેલી બાઈએ તેને ઉઠાડયો અને પોતાની ઝૂંપડીમાં પાછળ પાછળ આવવા નિશાની કરી.

ગઈ રાતે તે માણસને સારામાં સારા મકાનમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો; આજે સવારે ખરાબમાં ખરાબ — અંધારિયા અને ભેજ-વાળા — ઘોલકામાં તેને નિમંત્રવામાં આવ્યો હતો.

---

૧. જરૂર મુજબ ઓછું-વત્તું અજવાળું પાડી શકાય તેવા ખસતા ઢાંકણ-વાળું અને બીજી બાજુઓએથી બંધ એવું ફાનસ. – સંપા૦

૨. 'પીટ.' ભેજવાળા ભાગમાં વનસ્પતિ દટાઈ – સડીને જે રૂપાંતર થાય છે, તે ખોદીને સૂકવીને બાળવાના કામમાં લેવાય છે. – સંપા૦

નિમંત્રનાર સ્ત્રી લિઝા કિલી હતી — આખા ટાપુની ફૂવડ અને બદચલન તરીકે પંકાયેલી બાઈ.

અને પેલો માણસ હતો, સ્ટિફન ઓરી.

૫

સન-લૉફ્સ

૧

આઇસલૅન્ડથી ભાગી છૂટયે સ્ટિફન ઓરીને એક મહિનો થયો હશે. તે દરમ્યાનનો તેનો ઈતિહાસ ટૂંકમાં જ કહી દેવાય તેમ છે. પોતાની પત્નીને જે જંગલી ફેંટ તેણે મારી હતી, તેની શરમ તેમજ પત્નીએ પૅટ્રિકસનનો ખૂની કોણ હતો તે જાહેર કરી દેવાની આપેલી ધમકીનો ડર, — એ બંનેનો માર્યો તે, બંદરમાં પડેલા એક અંગ્રેજ જહાજના ભંડકિયામાં ઘૂસીને છુપાઈ ગયો. એ જહાજ તે જ રાતે આઇસલૅન્ડથી ઊપડયું. બે દિવસ ભૂખમરો વેઠયા પછી તે પોતાની છુપાવાની જગામાંથી બહાર આવ્યો, ત્યારે તેને કૂવાથંભનું કામ કરવાની ફરજ પાડવામાં આવી. દશ દિવસ બાદ જે પહેલું અંગ્રેજ બંદર આવ્યું, ત્યાં તેણે એ જહાજના ખલાસી તરીકે કરારનામું લખી આપ્યું. પણ પછી આળસ કરવા માટે સજાઓ, અણ-આવડત માટે સજાઓ, દરિયાઈ અફસરની ભાષા ન જાણવા બદલ સજાઓ, અને છેવટે ધમકીઓ તથા મારામારી આવ્યાં. કપ્તાને સ્ટિફન ઓરીના માથામાં લોખંડનો સળિયો ઠોકી દીધો, તો સ્ટિફને તેને જહાજ ઉપરથી દરિયામાં જ ફગાવી દીધો. પરિણામે અઠ્ઠાવીસ દિવસ બેડીમાં જકડી રાખવાની સજા થઈ; — બે દિવસે ખાવા માટે એક વખત પાણી અને રોટી મળે, એટલું જ. છેવટે એક સાથી ખલાસીએ દયા લાવી તેને ભાગી છૂટવાની તક મેળવી આપી, અને જહાજ જ્યારે રૅમ્સેના

અખાતમાં લાંગર્યું હતું, ત્યારે સ્ટિફન તરતો તરતો કિનારે પહોંચ્યો. પછી જે રીતે શહેરની ધમાલ ઓળંગી, તે લૉગ્યૂ મથકે છુપાયો અને ત્યાંથી પૉર્ટી-વૂલીં સુધી આવ્યો, તે બધું આપણે હમણાં જ જાણી આવ્યા.

પેલી લિઝા કિલીના ઘોલકામાં આવ્યા પછી શું થયું, તે તો સાચેસાચું કોઈ કહી શકે તેમ નથી; — માત્ર કલ્પનાઓ કરી શકાય. પણ તે એની સાથે રહેવા લાગ્યો, એ નક્કી. લિઝા એક દેવાળિયા અંગ્રેજની પડોશમાં રહેતા પાદરીની દીકરીથી થયેલી પુત્રી હતી. તેના બાપે તેને સ્વીકારી ન હતી, અને માએ તેને છૂપી રીતે કોઈને ઉછેરવા સોંપી દીધી હતી. તેનો ઉછેર આમ અજ્ઞાન અને અપવિત્રતામાં જ થયો હતો.

લિઝાએ સ્ટિફનને કઈ કળાથી, કઈ ચાલાકીથી, કયા આકર્ષણથી પોતાની પાસે રાખી લીધો હશે, એની કલ્પના કરવી પણ અઘરી નથી. તે કેદમાંથી ભાગી છૂટેલો માણસ હોઈ, તેને બીજું કોઈ પોતાના ઘરમાં આશરો આપવાનું વિચારે તેમ નહોતું. વળી, તે પરદેશી હોઈ, જાતે વાત કરી શકે તેમ નહોતું; કે બીજું કોઈ લિઝા વિષે કંઈ કહે તો સાંભળી-સમજી શકે તેમ નહોતું. અને સ્ટિફન કદાવર અને સુઘડ બાંધાનો જુવાન તો હતો જ. છેવટે કેટલાય કાવાદાવા અને ગોઠવણોને અંતે એક દિવસ દેવળમાં જઈ, લિઝા કિલી અને સ્ટિફન લગ્ન માટેનો પ્રસ્તાવ નોંધાવી આવ્યાં અને ત્રણ અઠવાડિયાં બાદ લગ્ન પણ થયું.

લિઝાનાં પડોશીઓએ લિઝાને લગ્નની ઊજવણીમાં બનતી મદદ કરી. ખાન-પાનના સમારંભ માટેની બધી ગોઠવણ લિઝાના જૂના યારોએ જ કરી હતી. એક જણ એટલે કે, વીશીવાળો નૉરી ક્રો દારૂ ઊંચકી લાવ્યો; બીજો અર્ધું ઘેટું લઈ આવ્યો; અને ત્રીજો છીંકણીની દાબડી ઠસોઠસ ભરી લાવ્યો.

આ બદચલન સ્ત્રી-પુરુષોની હાજરીમાં ગંદી મશ્કરીઓ, દારૂ ઢીંચીને કરેલાં તોફાનો — ગાળાગાળી — અને મારામારીથી લગ્ન તો જે રીતે ઊજવાય તે રીતે ઊજવાઈ ગયું. અલબત્ત સ્ટિફન તે દરમ્યાન પોતે ક્યાંથી ક્યાં આવીને ફસાયો એનો વિચાર કરતો બહાર જ ઘૂમતો રહ્યો હતો. અને તે કોઈની ભાષા સમજતો ન હોવાથી તેની એ ગેરહાજરી કોઈએ મન ઉપરેય ન લીધી. મોડી રાતે ઘોલકામાં પાછા આવી, તેણે ટૅ થઈને પડેલાઓને ઊંચકી ઊંચકીને તેમને ઘેર પહોંચાડી દીધા.

આ લગ્નની લિઝા ઉપર એવી જ અસર થઈ કે, જેવી બદચલન સ્ત્રીઓ ઉપર થાય — તે હવે વધુ આળસુ, વધુ બેપરવા અને વધુ ધૃષ્ટ બનતી ગઈ. પોતાનો પુરુષ પાસે હોવાથી હવે તેને કલંકનો ડર રહ્યો નહિ. તેણે પોતાનું નાગાપણું લગ્નના આંચળા હેઠળ ઢાંકી દીધું; એટલે તેની રહી સહી સ્ત્રી-સહજ શરમ પણ દૂર થઈ ગઈ.

સ્ટિફન ઓરી ઉપર પણ આ લગ્નની સારી અસર ન થઈ. તે વધુ આળસુ, વધુ ગમગીન અને વધુ અસહાય બની ગયો. જીવનમાં તેનો કશો હેતુ કે કશું પ્રયોજન બાકી ન રહેતાં તેનું જીવન જાણે સ્થગિત થઈ ગયું. શરૂઆતમાં તો માછલાં પકડવા બીજાઓની સાથે તે જતો પણ ખરો; પણ ધીમે ધીમે તે કામ પ્રત્યેય એ બેદરકાર બનતો ગયો, અને કલાકોના કલાકો કશો વિચાર કર્યા વિના કે કશું કામ કર્યા વિના જડની પેઠે પડી રહેવા લાગ્યો. આમ પતિ-પત્ની બંને પોતે ઊભા કરેલા કાદવના સડામાં વધુ ને વધુ ગરકાવ થતાં ચાલ્યાં. બંનેને એકબીજા પ્રત્યે કશો આદર કે કશો ભાવ તો ન જ ઊભો થયો, ઊલટું નર્યો તિરસ્કાર અને નર્યા અનાદરનો જ સંબંધ બંને વચ્ચે જામતો ગયો.

પણ કુદરતનો ક્રમ તો બધે ચાલુ જ રહે છે; એટલે વખત જતાં તેમને ત્યાં પણ પુત્રનો જન્મ થયો. છોકરો એવો ધિંગો અને રૂપાળો

હતો કે, જોઈ રહેવાનું જ મન થાય. પણ લિઝાને એ બાળક પોતાના સ્વાતંત્ર્ય ઉપર અને શક્તિ ઉપર તરાપ મારનારો જ લાગ્યો; એટલે તેણે તેના પ્રત્યે કેવળ દુર્લક્ષ્ય જ દાખવ્યું. સ્ટિફનને પણ એ છોકરાને જોઈ જોઈ યાદ આવતું કે, પોતે નાસી આવ્યો તે વખતે રાશેલને પણ બાળક જન્મવાની તૈયારી જ હતી – પોતાની રાશેલને – જેને તેણે દૂભવ્યા જ કરી હતી અને દુઃખ જ દીધું હતું. એટલે તેણેય લિઝાના બાળક પ્રત્યેથી મોં ફેરવી લીધું.

૨

આમ ત્રણ વરસ વીતી ગયાં, અને સ્ટિફન ઓરીમાંથી માણસાઈનો રહ્યોસહ્યો અંશ પણ લુપ્ત થઈ ગયો. પહેલાંય તે પ્રમાદી અને સુસ્ત તો હતો જ, – પણ કદી હલકટતા નહોતો દાખવતો. તે સ્વભાવે સાચાબોલો હતો; પરંતુ અધમ પ્રકૃતિની લિઝા તેને જૂઠો જ માન્યા કરતી, એટલે છેવટે તે ખરેખર જૂઠો જ બની રહ્યો. તેને આ તરફની ભાષા આવડતી ન હોવાથી તે લિઝા સિવાય બીજા કોઈની સાથે વાતચીત કરીને પણ મન હલકું કરી શકતો ન હતો. રોજના ખાવા-પીવાની પ્રવૃત્તિ સિવાય તેનામાં બીજું કશું જીવન બાકી રહ્યું ન હતું. બદચલન લિઝાનું રાતના વખતનું ગુપ્ત ભટકેલપણું વિફળ બનાવ્યા કરવામાં તે અલબત્ત પૂરી સાવચેતી દાખવતો.

એક વખત આખો દિવસ માછલાં પકડવાનું કામ કર્યા બાદ રાત પડયે ભૂખ્યો થઈને તે ઘેર આવ્યો, ત્યારે તેણે જોયું કે, લિઝા પથારીમાં દારૂ પીને ટેં થઈને ચત્તાપાટ પડી હતી – ઘરમાં ચૂલો જ સળગેલો નહિ. બાળક બિચારું રડતું રડતું તેના માથાની પાસે અટવાયા કરતું હતું.

પહેલાં તો સ્ટિફને પોતાના કમરપટ્ટાની છરી ઉપર હાથ નાખ્યો; પણ એટલામાં પેલા બાળકના કરુણ ચહેરા ઉપર નજર પડતાં સ્ટિફને તેને જ પ્રથમ ઉપાડી લીધું. તેણે ઝટપટ ચૂલો સળગાવ્યો અને રાંધીને તેણે બાળકને ખવરાવ્યું અને પોતે પણ ખાધું.

બાળક હવે રડતું બંધ થઈ ગયું અને વહાલની હૂંફ જાણે પહેલી વાર મળવાથી બાપના મોં સામું જોતું જોતું હસવા લાગ્યું. સ્ટિફને પોતાનું વસ્ત્ર ઉતારી તેના ઉપર વીંટયું અને ચૂલાની હૂંફ વધુમાં વધુ પહોંચે તેવી જગાએ તેને ગોઠવી દીધું. પેલું બાપની એ બધી મમતા સમજતું હોય તેમ રાજી થતું થતું તેના સામું જ તાકી રહ્યું અને પછી ઊંઘી ગયું. સ્ટિફન સમજી ગયો કે, આ બાળકને જીવતું રાખવું હશે, તો પોતે જ તેના બાપનું અને માનું એમ બંને કામ સંભાળવાં પડશે.

તે વખતે એ બાળકના નિર્દોષ ઊંઘતા મોં સામું જોઈ રહેતાં તેને પોતે કરેલા ભયંકર ગુનાનો પહેલી વાર વિચાર આવ્યો – ભલી રાશેલને, પવિત્ર રાશેલને, પોતાને ચાહતી રાશેલને જરા પણ ભાવ બતાવ્યા વિના – મા થવાની તૈયારીમાં હતી ત્યારે જ – જંગલીપણે ફેંટ મારીને પાછળ પડતી મૂકીને પોતે ચાલ્યો આવ્યો હતો. ના, ના, અહીં આવીને પાછો. પોતાની પત્ની રાશેલ જીવતી હોવા છતાં લિઝાને પરણ્યો હતો, એ કેવો મોટો ગુનો કહેવાય?

સ્ટિફનને બધું યાદ આવતાં એ પણ ડંખી આવ્યું કે ભલી રાશેલને તેણે કદી વહાલનો એક શબ્દ પણ સંભળાવ્યો ન હતો, છતાં તે છેવટ સુધી તેને ચાહતી જ રહી હતી. તેવીને તજીને, તેની અને પોતાની વચ્ચે આઠસો માઈલનો દરિયો નાખીને તે અહીં આવ્યો હતો; અને વધારામાં બીજું લગ્ન કરી, તેણે રાશેલ પાસે ફરી કદીય પાછા જવાનો માર્ગ સદંતર બંધ કરી દીધો હતો. લિઝાનાં નસકોરાં તે વખતે કંઈક જોરથી બોલવા લાગ્યાં. સ્ટિફનના કાનમાં એ છરીની પેઠે ભોંકાયાં. તેણે ઝટપટ પોતાના કાન ઉપર બંને પંજા દાબી દીધા, અને 'રાશેલ', 'રાશેલ' 'રાશેલ' એવા શબ્દો તેના મોંમાંથી નીકળી પડ્યા.

પણ નવાઈની વાત એ બની કે, લિઝા તે જ વખતે જાગી ઊઠી, અને સ્ટિફનને મોંએ રાશેલનું નામ સાંભળી, નવાઈ પામી,

તરત ઊઠીને તેની પાસે આવી. પછી તેનો ખભો પકડી, તેને ઢંઢોળતી કર્કશ સ્વરે તે પૂછવા લાગી, "કહું છું, એ રાશેલ રાંડ કોણ છે?"

સ્ટિફન ચોંકી ઊઠયો, પણ કશો જવાબ આપ્યા વિના ચૂપ રહ્યો. તેમ પેલી વધુ ને વધુ આકળી થઈ પૂછવા લાગી, "કહું છું, એ ડાકણ રાશેલ કોણ મૂઈ છે?"

સ્ટિફન આખે શરીરે કંપી ઊઠયો. તેણે તરત ઊભા થઈ જઈ, લિઝાને જોરથી એક હડસેલો મારીને કહ્યું, "રાશેલ મારી પત્ની છે, કાયદેસરની પત્ની, સમજી?"

લિઝા ડરની મારી સ્ટિફનના મોં સામું જોતી ચૂપ ઊભી રહી.

પણ બીજે દિવસે તેણે પાદરી પાસે જઈને આ વાત કહી દીધી. તેના મનમાં એમ હતું કે, એક પત્ની હોવા છતાં લિઝા સાથે લગ્ન કરવા બદલ સ્ટિફનને ભારે સજા થશે. પણ પાદરીને પોતાને જ બે પત્નીઓ હતી. અલબત્ત, પહેલી તેને છોડીને ચાલી ગઈ હતી, અને છ વર્ષ સુધી તેના કંઈ સમાચાર ન મળતાં તેણે ફરી લગ્ન કર્યું હતું. તેણે લિઝાને કહ્યું, "સ્ટિફને ભલે કાયદાનો ભંગ કર્યો હોય, પણ તારી પાસે તેનો શો પુરાવો છે, વારુ?"

પાદરીના આવા ઢીલા શબ્દો સાંભળી, લિઝા રૅમ્સેના ન્યાયાધીશ પાસે પહોંચી. તે હતો કુંવારો; પણ છૂપી રીતે કેટલીય ઈશ્કબાજી ચલાવતો. તેણે જવાબ આપ્યો, "ભલી બાઈ, લોકોનાં ઘરોમાં આવું બધું તો ઘણુંય ચાલતું હોય છે. તું ધારતી ન હોય તેવા ભલભલા આવું કરતા હોય છે. અને તેમાં ખોટુંય શું છે? હાં, જો તેણે તારા ઉપર હાથ ઉપાડયો હોત, કે તને મારી હોત, તો જુદી વાત હતી."

લિઝાએ મન સાથે નક્કી કરી દીધું કે, ગમે તેમ પજવીને આ માણસ પોતાની ઉપર હાથ ઉપાડે તેમ કરવું, અને એ રીતે તેની ઉપર વેર તો લેવું જ.

લિઝાએ હવે પોતાનાં ઓળખીતાંઓમાં ફરવા માંડીને સ્ટિફન પોતાના દેશમાં જીવતી બૈરી મૂકીને અહીં આવ્યો છે અને મારી સાથે

ગેરકાયદે ફરી પરણ્યો છે, એમ કહેવા માંડયું. લોકોમાં સ્ટિફન પ્રત્યે ભારે નફરત ઊભી થવા લાગી.

સ્ટિફન ઓરીને માછલાં પકડવાને કામે રોજી આપનાર કેન વેડે તરત જ બીજે દિવસે સ્ટિફનને પોતાની નોકરીમાંથી છૂટો કરી દીધો – એમ કહીને કે હમણાં ધંધામાં ભારે મંદી ચાલે છે એટલે ખર્ચમાં કરકસર કરવી પડે તેમ છે.

લિઝા સ્ટિફનને પડેલે મોંએ પાછો આવતો જોઈ રાજીરાજીના રેડ થઈ ગઈ.

બીજે દિવસે સ્ટિફન જાળ બનાવનારાને ત્યાં કામ શોધવા ગયો. તેણે એવો જવાબ આપ્યો કે, આ ટાપુના કામદારો પરદેશીઓ સાથે કામ કરવાની ના પાડે છે.

ત્રીજે દિવસે તે વીશીવાળા નૉરી ક્રો પાસે ગયો. તેણે સંભળાવ્યું, "મને તો ખાસ વાંધો નથી; પણ મારા ઘરાકો ભારે સુગાળવા છે – તમારો હાથ લાગેલા પ્યાલાને પણ તેઓ નહિ અડકે," ઇ૦, ઇ૦.

છેવટે સ્ટિફન એક જમીનવાળા પાસે સાંથે ખેડવા પાંચ એકર જમીન માગવા ગયો; ત્યારે પેલાએ સાંથની ભારે રકમ માગી – અને તેય અગાઉથી. સ્ટિફન પાસે એટલી રોકડ હતી નહિ, એટલે એ પડેલે મોંએ પાછો આવ્યો. આજે પણ લિઝા તેને પડેલે મોંએ પાછો આવતો જોઈ મનમાં ખૂબ મકલાવા લાગી.

લિઝાને હવે ખાતરી થતી ગઈ કે, થોડા જ દિવસમાં ભાઈ-સાહેબ હાથ ઉપાડવાના જ – અને પછી જોઈ લો મજા!

પણ સ્ટિફન લિઝાના મનની મુરાદ પામી ગયો હતો; એટલે તે એને બર આવવા દેતો જ ન હતો. લિઝા ભલે મને, પોતાને કે છોકરાને ભૂખે મારે; પણ એનું ધાર્યું તો ન જ થવા દેવું!

પરંતુ લિઝા સાથે રહેવું, અને તેનાં બધાં અપકૃત્યો અને અપશબ્દો સાંખતા રહેવું, એ હંમેશ પોતાનાથી બની શકે એવો તેને

ભરોંસો પડતો ન હતો. એટલે તેણે ત્યાંથી ભાગી જવાનો. વિચાર કર્યો. પણ મૅન જેવા નાનકડા ટાપુમાં એ જયાં ભાગે, ત્યાં પેલી એનો પીછો કર્યા વિના ન રહે.

એવામાં એક ખેડૂતે પોતાની કળણ જમીનમાંનું પાણી ઉલેચી કાઢવાનું કામ તેને ધર્યું. એ એવી કાળી મજૂરીનું કામ હતું કે કોઈ ખ્રિસ્તી મરદ એ કામ કરવા કબૂલ ન થાય. પણ સ્ટિફન ઓરીએ એક મહિના સુધી કમરબૂડ પાણીમાં રહીને તથા રોટી અને ભૌડકું ખાઈને એ કામ કર્યા કર્યું. એ કામ પૂરું થતા સુધીમાં તેણે છત્રીસ શિલિંગ બચાવ્યા. એ પૈસા હાથમાં આવ્યા એટલે તરત તે પોતાના છોકરાને તેડી લઈ, રૅમ્સે બંદરમાંથી ઊપડવા તૈયાર થયેલા એક આઈરિશ મુસાફર-જહાજના માલિક પાસે જઈ પહોંચ્યો.

પેલો તેને આયર્લૅન્ડ લઈ જવા તૈયાર હતો, પણ પહેલાં બેલિફ પાસેથી તેણે લાયસન્સ લઈ આવવું જોઈએ!

બેલિફે તેને લાયસન્સ આપવાની હા પાડી. પણ તે પોતાની સાથે પોતાની બૈરીને લઈ જતો હોય તો જ. "તું એકલો ચાલ્યો જાય તો પછી પાછળ તારી બૈરીનું ભરણપોષણ કોણ કરે, વારુ?"

નિરાશ થઈને સ્ટિફન ઘેર પાછો ફર્યો. તેની બધી કાળી મહેનત નકામી ગઈ હતી. ઘેર જઈ તેણે પૈસા છાપરાના છાજ નીચે છુપાવી દીધા — એ પૈસા દેખીને તેને પોતે સેવેલી બધી આશાઓ યાદ આવ્યા કરતી.

૩

પણ હવે ધીમે ધીમે તેને એવો વિચાર આવવા માંડયો કે, આ લિઝાડી તરફથી તેને જે દુ:ખ-અપમાન વેઠવાં પડે છે, તે તો પોતે ભલી રાશેલને આપેલા દુ:ખનો અને તેના કરેલા અપમાનનો ભગવાને આપેલો બદલો જ છે. અને રાશેલ તો અસહાય અબળા હતી, ત્યારે પોતે તો મરદ માણસ છે, એટલે પ્રમાણમાં તેને બહુ

હળવી સજા થઈ કહેવાય! આ વિચાર આવતાં જ તેનું મન શાંત થઈ ગયું, અને તે લિઝાનાં અપમાન મૂંગે મોંએ સહન કરવા લાગ્યો. પછી તો એક રાતે એકાદ હોડી કિનારે તણાઈ આવેલી મળી આવતાં, એ હોડીમાં દિવસનો મોટો ભાગ તે માછલાં પકડવામાં ગુજારવા લાગ્યો.

જોકે, આ બધી દીનતા અને હીનતા, તેના બાળક-પુત્રનું નિર્દોષ મોં તેને જોવા ન મળતું હોત, તો તે લાંબો વખત સહન કરી શક્યો હોત એમ ન કહી શકાય. દરરોજ પોતાના વહાલા બાળક-પુત્રનો કઠણ રોટલો પોતાના ભૈડકામાં પલાળીને પોચો કરી આપવો, અને તેને ખવરાવવો, પોતાના ભૈડકામાંથી દાણા વીણીને તેના મોંમાં મૂકવા, ઉનાળામાં તેને નવરાવવો, શિયાળામાં તેને પોતાના જભ્ભામાં ઢબૂરવો — એ બધું કામ તેના જીવનનો મુખ્ય હેતુ અને આનંદ બની રહ્યું હતું.

છોકરો ધીમે ધીમે ચાર વર્ષનો થયો. સ્ટિફન જ્યાં જાય ત્યાં તે સાથે જ જતો — કાંતો તેની પીઠે વળગીને કે તેના વિશાળ ખભા ઉપર સવાર થઈને. સ્ટિફને તેનું નામ માઈકેલ પાડયું હતું, પણ તેના માથા ઉપરના સોનેરી વાળના ગુચ્છા જેમ જેમ જામતા ગયા, તેમ તેમ સ્ટિફન તેને સન-લૉક્સ (સૂર્ય-કેશી) કહેવા લાગ્યો. અને ખરેખર પૉર્ટી-વૂલીંના એ ઘોલકામાં માઈકેલ સૂર્યની જ ગરજ સારતો — તે જાગે ત્યારે ઘરમાં સૂર્યોદય થતો, અને તે ઊંઘે ત્યારે રાતનું અંધારું.

સન-લૉક્સને સ્ટિફને પોતાની આઈસલૅન્ડની ભાષા જ બોલતાં શીખવી. અલબત્ત, પોતાને અંગ્રેજી બરાબર આવડતી નહોતી, એટલે તેણે તેમ કર્યું હતું; પણ લિઝાએ એમ જ માની લીધું કે તેની અને છોકરાની વચ્ચે ભાષાની આડ ઊભી કરવા જ સ્ટિફને તેમ કર્યું છે! અલબત્ત, ભવિષ્યમાં એ ભાષા સન-લૉક્સને કેવી કામ લાગવાની હતી, એ વાત તો કદાચ નસીબ-દેવતા જ જાણતો હશે.

નાનો સન-લૉક્સ સ્ટિફનને માટે આંખો અને કાનરૂપ, તેના ભાગી ગયેલા અંતરને માટે આશાની દિવ્ય અમૃત-વર્ષારૂપ, અને તેના જડ બની ગયેલા અંતઃકરણની અનેકમુખી કેળવણીરૂપ જ બનતો ગયો.

છોકરાની આંખ સ્ટિફનની આંખ સાથે મળે કે તરત તેની આંખોમાંની શૂન્યતા ઓસરી જતી. એ છોકરા સાથે રમતી વખતે સ્ટિફનના જંગી પગ છેક ઢીલા અને ધીમા બની જતા; અને એ છોકરો પ્રશ્નો પૂછે, જવાબો આપે, કે ડહાપણભરી કંઈ વાત કહે, ત્યારે સ્ટિફનની જડસુ બુદ્ધિ અચાનક ચમકી ઊઠતી.

પણ ધીમે ધીમે સ્ટિફનને વિચાર આવવા લાગ્યો કે, આવો અદ્ભુત છોકરો પણ વધુ વખત લિઝા સાથે રહેશે અને તેનો બધી બાબતનો દુર્વ્યવહાર જોશે, તો કેવો ખિન્ન, ગમગીન, કે લુચ્ચો તથા કિન્નાખોર બની જશે? કંઈ નહિ તો છેવટે એ બદમાશ બાઈને વેઠી લેવા જેટલા જડ કે અંધ તો તેને બનવું જ પડશે. પોતાનો ભલો, ભોળો, નિર્દોષ સન-લૉક્સ એવી અધોગતિ પામશે, એ કલ્પના આવતાં જ સ્ટિફન આખે શરીરે ધ્રૂજી ઊઠતો.

તો ભગવાન સન-લૉક્સને હમણાં જ પાછો લઈ લે તો કેવું સારું? – હેં? પણ સન-લૉકસ વગર પોતે શી રીતે પછી જીવી શકે? ના, ના, ના, સન-લૉક્સ ભલે જીવે. પણ તે મોટો થઈ બદમાશ થાય એમાં પણ એનું શું હિત સધાયું? તેના કરતાં તે મરી જાય તે શું ખોટું? ખરી વાત, ખરી વાત! નાનકડો સન-લૉક્સ મરવો જ જોઈએ!

અને ભગવાન તેને પાછો લઈ લેતા નથી, તો પોતે જ તેને પાછો મોકલી દેવો ન જોઈએ? અને એ ઇરાદાથી તેણે હવે સન-લૉક્સને ખભે લઈ, ઘણાં બધાં ઠેકાણે ફરી ફરીને કહેવા માંડયું કે, નાનકો સન-લૉક્સ પોતાને ઘણો ઘણો વહાલો છે, પણ દક્ષિણ તરફનું કોઈ નિઃસંતાન માણસ તેને દત્તક લેવા માગે છે, એટલે પોતે સન-લૉક્સનું હિત વિચારી ત્યાં મૂકી આવવાનો છે, ઇ૦.

તેણે મન સાથે સન-લૉક્સને એક દિવસ દરિયામાં દૂર લઈ જઈ ડુબાડી દેવાની યોજના વિચારી કાઢી; પણ એને અમલમાં મૂકવાની થતી, ત્યારે તેના પગ પાછા પડી જતા. પણ એક દિવસ તે બજારમાં માછલાં વેચવા ગયો હતો, ત્યારે તેણે લિઝાને પીઠામાં બેસી દારૂ પીતી જોઈ. તેને એકદમ તો નવાઈ લાગી કે, રાંડ પાસે પૈસા કયાંથી આવ્યા? – કારણકે, સ્ટિફનથી ડરીને તેના આશકોએ તેને હવે તજી દીધી હતી; અને પોતે તો તેને કદી રોકડ પૈસો આપતો નહીં. અચાનક તેને વિચાર આવ્યો કે, પોતે છાપરાના છાજ તળે છુપાવેલા પૈસા તો તેના હાથમાં નથી ગયા?

– એ વિચાર આવતાં જ તરત તે ઘર તરફ દોડયો, અને છાપરા નીચે જ્યાં પોતે પૈસા મૂકયા હતા ત્યાં જોયું તો પૈસા ન મળે! હવે તેને એ નિશ્ચય ઉપર આવવું જ પડયું કે, સન-લૉક્સને દરિયામાં નાખી આવવાની યોજના ઝટપટ અમલમાં મૂકી દેવી જ જોઈએ. કારણકે, હવે લિઝા હાથથી જવાની અને ફાવે તેવો ઝઘડો માંડવાની.

સ્ટિફને તરત જ સન-લૉક્સનું મોં બરાબર ધોયું; તેને છેલ્લી વારનાં સારાં કપડાં પહેરાવ્યાં, તેના વાળ સરસ રીતે ઓળ્યા, તેના માથા ઉપર સુંદર ટોપી પહેરાવી, અને એમ છેવટના તેની મન ભરીને ઘણી ઘણી ઠાઠો કરી લીધી, જેથી તેની યાદ પોતાના અંતરમાં બરાબર જળવાઈ રહે! નાનકો સન-લૉક્સ પિતાએ કરેલી માવજત આનંદથી કલબલાટ કરતો અને હસતો હસતો માણી રહ્યો.

પછી તેને ખભે પ્રેમથી બેસાડી, ભારે પગલે સ્ટિફન જ્યારે દરિયા તરફ લઈ ચાલ્યો, ત્યારે સન-લૉક્સ પૂછવા લાગ્યો, "ભા, આપણે કયાં જઈએ છીએ?"

"હા, હા, જઈએ જ છીએ, બેટા સન-લૉક્સ, જઈએ જ છીએ."

"દેવળમાં જઈએ છીએ, ભા? આજે કયો દિવસ થયો?"

"છેલ્લો દિવસ, સન-લૉક્સ, છેલ્લો દિવસ થયો."

"હાં, છેલ્લો દિવસ એટલે રવિવાર, ખરું?"

કિનારે સ્ટિફનની હોડી તૈયાર હતી. નાનકડા સન-લૉક્સને તેમાં બેસાડી, સ્ટિફને હોડી હંકારી મૂકી.

સન-લૉક્સને સ્ટિફન બધે સાથે જ લઈ જતો, પણ દરિયાના પાણીમાં કદી નહોતો લઈ ગયો. એટલે આજે ભા સાથે દરિયાનાં મોજાં ઉપર હિલોળે ચડવાની નાનકડા સન-લૉક્સને બહુ મજા આવી.

"ભા, તમે મને કદીક પાણી ઉપર લઈ જવાનું કહેતા હતા, ખરું ને?"

"હા, નાનકા સન-લૉક્સ."

સાંજ પડવા આવતાં સૂર્ય જમીન પાછળ ડૂબતો જતો હતો.

"ભા, આ સૂરજ રોજ આમ નીચે પડી જાય છે?"

"તે આથમે છે, બેટા, આથમે છે એમ કહેવાય."

"ક્યાં આથમે છે, ભા?"

"મરી જ જાય છે, બેટા."

"ઓહ!"

દરિયાનાં પાણી પણ આથમતા સૂર્યના મંદ પ્રકાશ હેઠળ જાણે ઊંઘવા લાગ્યાં હતાં; અને દરિયાઈ પંખીઓ કેં-કેં-કેં કરતાં ઊડતાં હતાં.

"ભા, આ પંખીડાં ચીસો કેમ પાડે છે?"

"બેટા, તેઓ તેમનાં નાનકાં છોકરાંને બોલાવતાં હશે, ઘેર પાછાં જતી વખતે સ્તો."

જમીન તરફ ઘેટાં બેં-બેં-બેં કરતાં સંભળાતાં હતાં.

"ભા, પેલું નાનકું બચ્ચું ખડક ઉપર એકલું ઊભું ઊભું રડે છે, ખરું ને?"

"કદાચ બાપથી વિખૂટું પડી ગયું હશે, બેટા."

"તો કોઈ જઈને એના બાપને ખબર કેમ કહી આવતું નથી કે એ ભૂલું પડીને ખડક ઉપર ઊભું છે, ને રડે છે!"

ધીમે ધીમે સાંજ પડી અને પાણી કાળું થવા લાગ્યું.

"ભા, આપણે ઊંઘી જઈએ છીએ ત્યારે રાત કયાં જતી હશે?"

"બીજી દુનિયામાં, સન-લૉક્સ, બેટા."

"હા, હા, સ્વર્ગમાં જાય છે, ખરું ને, ભા?"

ધીમે ધીમે ચંદ્ર ઊગવા લાગ્યો, અને દૂરના ખડક ઉપરનાં કેટલાંય ઝૂંપડાંમાં દીવા દેખાવા લાગ્યા. કેટલાંય છોકરાં મા-બાપ ભેગાં થઈ અત્યારે કલ્લોલ કરતાં હશે. સ્ટિફનનું હૈયું મૂંઝાવા લાગ્યું. આસપાસ કોઈ હોડી કે મછવો દેખાતાં ન હતાં. હવે કોઈ ન જુએ તેમ સન-લૉક્સને દરિયામાં ફગાવવાની સરસ તક હતી. સ્ટિફને હલેસાં મારવાનું છોડી દીધું, અને હોડીને જેમ ફાવે તેમ ઘસડાવા દીધી.

પણ નાનકડો સન-લૉક્સ જાગતો હોય ત્યાં સુધી તેના મોં સામું જોતાં જોતાં તેનાથી એ કામ થઈ શકે તેમ નહોતું. એટલે તેણે સન-લૉક્સને કપડાંમાં વીંટાળીને ઢબૂરવા માંડયો.

"નાનકા સનલૉક્સ, ઊંઘી જા, બેટા."

"પણ હજુ મને ઊંઘ નથી આવતી, ભા!"

છતાં સન-લૉક્સની આંખો થોડી વારમાં મીંચાવા લાગી. અચાનક સન-લૉક્સ જાગી ઊઠયો અને બોલી ઊઠયો, "ભા, સૂતા પહેલાં પ્રાર્થના કરવાનું ભૂલી ગયો!"

"તો સન-લૉક્સ, હવે કરી લે."

સન-લૉક્સ બાપે શીખવાડેલી આઈસલૅન્ડમાં પ્રચલિત પ્રાર્થનાના શબ્દો ધીમેથી રટવા લાગ્યો —

'ઊંઘતાં ને જાગતાં, બાપુ ભગવાન,
અમારી સંભાળ લો છો;
તમારું નામ સૂતા પહેલાં
તેથી યાદ કરીએ જો.'

"બેટા, બીજી પ્રાર્થના પણ બોલી લે —"

સન-લૉક્સ બીજી કડીઓ બોલવા લાગ્યો —

"બાપુ ભગવાન, અમે તમારાં છોકરાં,
નાનકડાં, નબળાં ને લાડકાં;
તમારાં દેવદૂત અમે ઊંઘીએ ત્યારે,
તમ ચરણે અમને લાવતાં."

"બેટા, સન-લૉક્સ, તને સ્વર્ગમાં ભગવાન બાપુ પાસે જવું ગમે, ખરું?"

"ના, ના."

"કેમ નહિ, બેટા?"

"મને તો મારા ભા સાથે બહુ ગમે —" આટલું બોલતાંમાં તો સન-લૉક્સ પાછો ઊંઘી જ ગયો.

અચાનક સ્ટિફનના અંતરમાં કોઈ જાણે પોકારી ઊઠયું, "નાનકા સન-લૉક્સનું ભવિષ્યમાં શું થશે એ નક્કી કરનાર તું કોણ? જે જિંદગી તેં એને બક્ષી નથી તે જિંદગી લઈ લેવાનો તને શો હક?"

— ના, ના, નાનકા સન-લૉક્સને મારી ન જ નંખાય. તે ભલે જીવતો રહે. ભગવાન બાપુ તેનું રક્ષણ કરશે – તેને સુખી કરશે.

જ્યારે મોડી રાતે પૉર્ટ લૉગ્યૂ બંદરે સન-લૉક્સને તેડીને સ્ટિફન હોડીમાંથી ઊતર્યો, ત્યારે કેટલાક લોકો ત્યાં ટોળે વળીને ઊભા હતા. તેઓ તેને ઓળખીને તરત જ તેને ઘેરી વળ્યા. તેઓએ તેને કહ્યું કે, અખાતમાં લાંગરેલા જહાજમાંથી ઊતરીને કોઈ પરદેશી તને શોધતો આવ્યો છે, અમે તેને તારે ઘેર પૉર્ટી-વૂલી મોકલ્યો છે.

સ્ટિફન મનમાં કંઈક ડર સાથે પૉર્ટી-વૂર્લી તરફ ઉતાવળે પગલે ચાલ્યો. પાંચ મિનિટમાં તો તે ઘેર પહોંચ્યો — પણ અંદર પેસતાં જ જાણે ઠરી ગયો. ઘર ખુલ્લું પડયું હતું, અને તેની પત્ની જમીન ઉપર ચત્તાપાટ મરેલી પડી હતી. તેના માથા આગળની ભીંત ઉપર માટી વડે આઇસલૅન્ડની ભાષામાં લખ્યું હતું — "મારા ભાઈ પૅટ્રિકસનના ખૂનનો બદલો લીધો છે. — સહી, એસ. પૅટ્રિકસન."

બદલો! કોના ઉપર? માણસ પોતાના અંધાપામાં શું શું કરી બેસે છે, અને શું શું માની બેસે છે!

૬

છોકરા-છોકરીની નાનકડી દુનિયા

૧

લિઝાની હત્યા બાદ ચોથે દિવસે સ્ટિફન ઓરીએ સવારના પહોરમાં ઉતાવળે ખાવાનું તૈયાર કરી, સન-લૉક્સને જગાડયો. તેનું મોં વગેરે ધોઈ, તેને કપડાં પહેરાવી, બંને જણે ખાવાપીવાનું પરવારી લીધું. પછી ઘોલકાના બારણાને બહારથી ખીલો મારી બંધ કરી દઈ, સન-લૉક્સને ખભે બેસાડી, સ્ટિફને દક્ષિણ તરફ ચાલતી પકડી.

રસ્તામાં બપોર થયે એક ગામમાંથી પેનીની કિંમતની જવની રોટી ખરીદીને તેણે એક ટુકડો સન-લૉક્સને ખાવા આપ્યો અને બાકીનો ટુકડો ખિસ્સામાં મૂકી રાખ્યો. દરમ્યાન મોટી ફલંગે તેણે મુસાફરી ચાલુ જ રાખી. સાંજ પડવા આવી ત્યારે તે કૅસલ-ટાઉન પહોંચ્યો અને ગવર્નરનું મકાન ક્યાં આવ્યું તે પૂછવા લાગ્યો.

બતાવેલે ઠેકાણે જઈ, સ્ટિફને દરવાજો ઠોકયો. તેણે સન-લૉક્સને ખભે ઊંચકી એકે શ્વાસે પૂરા છવ્વીસ માઈલ કાપ્યા હતા. તે થાકી ચૂકયો હતો, ભૂખ્યો થયો હતો, અને ધૂળથી છવાઈ ગયો હતો.

દરવાને બારણું ઉઘાડતાં સ્ટિફનને જોઈ તેને પૂછ્યું, "કોનું કામ છે?"

સ્ટિફને જવાબ આપ્યો, 'ગવર્નરને મળવું છે.'

દરવાન તેના દીદાર જોઈ નવાઈ પામ્યો, અને તેનું નામઠામ પૂછવા લાગ્યો. સ્ટિફને નામ-ઠામ તો કહ્યું, પણ 'શું કામ છે' એ સવાલના જવાબમાં કંઈ કહ્યું નહિ. દરવાને, 'ગવર્નર સાહેબ જમવા બેઠા છે', એમ કહી બારણું બંધ કરી દીધું.

સ્ટિફન પાસેની પાટલી ઉપર બેસી પડયો. સન-લૉક્સને તેણે ખભેથી ઉતારી પોતાના ઢીંચણ ઉપર બેસાડયો અને તેને ખિસ્સામાં રાખી મૂકેલો રોટીનો ટુકડો કાઢીને ખાવા આપ્યો.

નાનકો સન-લૉક્સ આ આખી લાંબી મુસાફરી દરમ્યાન રડયો ન હતો; તડકો થયો, પવનથી ઊડેલી ધૂળથી આંખો ભરાઈ ગઈ કે તરસ લાગી તોપણ. આંખોમાંથી આંસુ નીકળી પડતાં હોય તોપણ પોતાના 'ભા'ને રડીને કે કંકાસ કરીને ત્રાસ આપવાનું તે જાણતો જ નહિ.

સન-લૉક્સ તેના 'ભા'એ આપેલી રોટીનો ટુકડો ચગળવા લાગ્યો; એટલામાં ઘરની અંદરથી કોઈ બાળકીના ખડખડાટ હસવાનો અવાજ આવ્યો. તે સાંભળી નાનકા સન-લૉક્સના હાથમાંથી રોટીનો ટુકડો પડી ગયો અને તે લક્ષ દઈને સાંભળવા લાગ્યો. ફરીથી હસવાનો અવાજ આવ્યો અને સન-લૉક્સનું મોં પણ હાસ્યથી ખીલી ઊઠયું.

સ્ટિફન ઓરીનું મોં એ જોઈ વધુ ગમગીન બન્યું. તેણે પૂછયું, "નાનકા, તને આવા ઘરમાં રહેવાનું ગમે?"

"હા — મારા ભા સાથે હોય તો!"

તે જ ઘડીએ બારણું ફરીથી ઊઘડયું, અને દરવાન હાથમાં મીણબત્તી લઈ બહારનો દીવો સળગાવવા આવ્યો.

"શું? હજુ તું અહીં બેઠો છે?" તેણે નવાઈ પામી પૂછયું.

"ગવર્નર સાહેબ જમી લે તેની રાહ જોઉં છું." સ્ટિફને જવાબ આપ્યો.

દરવાન અંદર ગયો અને ગવર્નરને કહી આવ્યો કે, એક જંગી માણસ, નાનકડા છોકરાને સાથે લઈને આવ્યો છે અને પરદેશી ભાષા બોલે છે, તથા નામદારને મળ્યા વિના ચાલ્યો જવાની ના પાડે છે.

"તો તેને અંદર લઈ આવ." ગવર્નરે કહ્યું.

આદમ ફેરબ્રધર ભોજન પતી ગયું હોવા છતાં હજુ જમવાના ટેબલ આગળ જ બેસીને તમાકુ ફૂંકતો હતો. તેની પત્ની રૂથ ગૂંથણ-કામ કરવા ખુરશી જરા બાજુએ ખેંચીને બેઠી હતી.

સ્ટિફન નાનકા સન-લૉક્સને હાથ વડે દોરતો ધીમે ધીમે અંદર દાખલ થયો.

સ્ટિફન ભાગીતૂટી અંગ્રેજીમાં બોલ્યો, "હું તમને કશુંક આપવા આવ્યો છું."

આદમની પત્નીએ આંખો ઊંચી કરી તેની સામું જોયું. આદમે સ્વાભાવિક રીતે નાનકડા સન-લૉક્સને પાસે બોલાવવા હાથ લાંબો કર્યો. પણ સ્ટિફને સનલૉક્સને પકડી રાખ્યો.

"મારી પાસે એટલું જ આપવાનું છે." સ્ટિફને કહ્યું.

"શું આપવાનું છે, ભાઈ?" આદમે પૂછ્યું.

"આ બાળક જ આપવાનું છે," એમ કહી સ્ટિફને આદમના લાંબા કરેલા હાથમાં સન-લૉક્સને પકડાવી દીધો.

આદમની પત્નીના હાથમાંથી ગૂંથણકામ ખોળામાં પડી ગયું. પણ તેના મોં ઉપર છવાઈ રહેલા આશ્ચર્યનો ભાવ જોયા વિના સ્ટિફને પોતાને આવડતી ભાંગીતૂટી અંગ્રેજી ભાષામાં પોતાની કહાણી કહી સંભળાવી — પોતાની પત્નીનું દુરાચારી જીવન, તેનું મૃત્યુ, પોતે બાળકને દરિયામાં ફેંકી આવવા કેવી રીતે ગયો હતો અને અંતરમાં ભગવાનનો

અવાજ સાંભળાતાં કેવી રીતે પાછો આવ્યો હતો, એ બધું. પછી નાનકા સન-લૉક્સ તરફ ભીની આંખે જોઈ, તે ન સમજે એવા અંગ્રેજી શબ્દોમાં તેણે કહ્યું, "હવે હું પૉર્ટી-વૂલી પાછો જવા માગતો નથી — કદાચ દરિયો ખેડવા જઈશ અથવા ખાણમાં કામ કરવા જઈશ. પણ આ નાનકડા બાળકને મારી સાથે એમ રખડાવવા લઈ જવો ઠીક નહિ — બાળક બિચારું સોબત વિના સોરી મરે — એટલે હું મારા વિશ્વાસના કોઈ જણનાં હાથમાં તેને સોંપી ચાલ્યો જવા માગું છું. તમે મારા ઉપર એક વખત ઉપકાર કર્યો હતો; એટલે તમારી ભલમનસાઈ યાદ લાવીને મને એમ થયું કે નાનકા સન-લૉક્સને તમારા હાથમાં સોંપવો એ જ તેના હિતની વાત છે. એટલે હું આ છોકરો તમને સોંપું છું."

આદમની પત્ની આ બધું સાંભળી આભા જેવી જ બની ગઈ હતી. તે બોલી ઊઠી, "વાહ, આવી વાત કોઈએ કદી સાંભળી હશે ખરી?"

સ્ટિફનને એના પ્રશ્નનો અર્થ ન સમજાતાં, તે તેની સામે ફીકી આંખે જોઈ રહ્યો.

"જાણે છોકરાં ઓછાં હોય ને!" એમ કહી રૂથે માથું તુચ્છ-કારમાં આડું ફેરવ્યું.

છતાં સ્ટિફનની જડસુ બુદ્ધિમાં કશું ઊતર્યું નહિ, એટલે તેણે એટલો જ જવાબ આપ્યો, "મૅડમ, મારે તો એ એકનો એક જ છે."

"પણ ભલાદમી, એ કિંમતે તો આખા ગામનાં બધાં જ છોકરાં અમને મળે!"

સ્ટિફનના હોઠ ધ્રૂજી ઊઠયા. તે બાઘાની પેઠે બોલી ઊઠયો, "પણ મૅડમ, હું એને દુનિયામાં સૌથી વધારે ચાહું છું."

"તો પછી ભલાદમી, તારી પાસે જ એને રાખ ને, અમને શા માટે વળગાડે છે?" રૂથે ગરમ થઈ જઈને કહ્યું.

સ્ટિફન બાઘો બની ગયો. અત્યાર સુધીની ગણતરીમાં એણે એટલું જ વિચાર્યું હતું કે, પોતે જેને આટલો બધો ચાહે છે, પોતે જેની સારસંભાળમાં આખો દિવસ વ્યસ્ત રહે છે, એવા નાનકા સન-લૉક્સને પોતે આપી દેવા તૈયાર થાય, તો પછી એ જે કંઈ થોડું-ઘણું ખાયપીએ, તથા તેની જે કંઈ થોડી સાર-સંભાળ લેવી પડે, એટલાની ગણતરીએ કોઈ તેને રાખવાની ના ન જ પાડે!

સ્ટિફનના ગળામાં ડચૂરો બાઝી ગયો; તે કશું બોલી શકયો નહિ. તેણે ભીની આંખે નાનકડા સન-લૉક્સને ઊંચકવા પોતાનો હાથ લંબાવ્યો.

આ બધો વખત આદમ પોતાની ભરાઈ આવેલી આંખો છુપાવવા જ ચૂપ રહ્યો હતો. તેણે હવે દદડતી આંખોએ નાનકા સન-લૉક્સને પોતાના ઘૂંટણ વચ્ચે ખેંચી લીધો અને શાંતિથી કહ્યું, "રૂથ, આ નાનકાને આપણે રાખી લઈશું. એક કરતાં બે લાકડાં ભેગાં સારાં બળે; — આપણી નાનકડી ગ્રીવાને સારી સોબત થશે."

"આદમ, તમારે તમારાં પોતાનાં છોકરાં ઓછાં છે, જેથી બીજાંની લપ પાછી હૈયે વળગાડવી છે?" રૂથ તડૂકી ઊઠી.

"રૂથ, મારે છ છોકરા છે; અને બાર હોત તો હું વળી વધુ ખુશી થાત. ઉપરાંતમાં મારે એક દીકરી છે; પણ જો બે હોત તો વળી વધુ સારું થાત."

પણ સ્ટિફન ઓરીએ પહેલાં એક લગ્ન કરેલું છે, એ વાત લિઝાએ ફેલાતી કરી હતી; તે લૉગ્યૂ થઈને ગવર્નમેન્ટ-હાઉસ[૧]માં પણ આવી પહોંચી હતી. સ્ટિફન બોલતો હતો ત્યારે આદમને એ વાત યાદ આવી હતી; પરિણામે તે નાનકા સન-લૉક્સના માથા ઉપર વધુ વહાલથી હાથ પસવારવા લાગ્યો. પણ આદમની પત્નીને એ વાત યાદ આવતાં તે બોલી ઊઠી, "તો શું આપણી એકની એક દીકરી ગમે તેની રખાતના છોકરા સાથે ઊછરશે, એમ?"

---

૧. રાજભવન; રાજાના પ્રતિનિધિને રહેવાનું મકાન. — સં૰પા૰

આદમ હવે મક્કમતાથી બોલી ઊઠયો, "રૂથ, આપણે આ છોકરાને રાખી લેવાનાં છીએ; એથી વધુ કંઈ બોલવાની જરૂર નથી."

રૂથ તરત ગુસ્સે થઈ ઊભી થઈ ગઈ અને કમરાની બહાર ચાલી ગઈ.

૨

સ્ટિફન બિચારો મૂંઝાઈ, દ્વિધામાં પડી, ગવર્નરના ઘરમાં નાહકનો કંકાસ ઊભો કરવો એ ઠીક કહેવાય કે નહિ, એ વિચારમાં, બારણા તરફ અને ગવર્નરના મોં તરફ વારાફરતી નજર કરતો ઊભો રહ્યો. પણ ગવર્નરે તો નાનકા સન-લૉક્સને હવે ખોળામાં ઊંચકી લઈ, વહાલથી પૂછયું, "તારું નામ શું, લાડકા?"

"સન-લૉક્સ."

સ્ટિફન ઓરીએ ઉમેર્યું, "એનું નામ તો માઈકેલ છે, પણ હું તેને સન-લૉક્સ કહું છું."

"માઈકેલ સન-લૉક્સ એ તો સારું નામ છે; અને એની ઉંમર કેટલી છે?"

"ચાર વરસ."

"બસ, મારી લાડકીની ઉંમર જેટલી જ." એમ કહી, ગવર્નરે સન-લૉક્સને નીચે ઉતારી ઘંટ વગાડયો અને નોકરને કહ્યું, "ગ્રીબાને અહીં લાવો."

થોડી વારમાં બદામી રંગના વાળ અને ગુલાબી રંગના ગાલવાળી એક નાનકડી છોકરી કમરામાં દોડતી ઠેકતી આવી. તેના એક હાથમાં ઢીંગલી હતી, અને તેના પગ તદ્દન ખુલ્લા હતા.

"અહીં આવ લાડકી," એમ કહી ગવર્નરે બંને છોકરાંને એક-બીજાની સંમુખ ઊભાં રાખ્યાં.

પણ બાળકોના કાયદા અજબ હોય છે — બંને છોકરાંને એકબીજા સામું જોવું હતું છતાં તેઓ ક્ષણભર તદ્દન લાપરવાઈ દાખવતાં હોય

એમ આડું જોઈ ઊભાં રહ્યાં; અલબત્ત, ત્રાંસી નજરે અવારનવાર એકબીજા તરફ જોયા જ કરતાં હતાં. એ પ્રાથમિક પ્રક્રિયા પૂરી થઈ એટલે સન-લૉક્સની નજર ગ્રીબાના ખુલ્લા પગ ઉપર પડી. અને ખુલ્લા પગવાળાં બાળકને તો બીજું કોઈ તેડી જ લેતું હોય છે, એમ માની, તેણે તરત ગ્રીબાને તેડી લેવા પ્રયત્ન કર્યો. પણ તે કાંઈ ગ્રીબા કરતાં બહુ મોટો ન હતો, એટલે બંને જણ જમીન ઉપર ગબડી પડયાં. નાનકડી ગ્રીબા ચિડાઈ ગઈ, અને સન-લૉક્સ છોભીલો પડી ગયો.

પણ ગ્રીબાના મોં ઉપરથી ચીડનું આંસુ સુકાય, અને સન-લૉક્સના મોં ઉપરથી છોભીલાપણાનો ભાવ દૂર થાય, તે પહેલાં ગ્રીબાએ આડું જોઈ તેની સામે પોતાની ઢીંગલી ધરી — 'એ અજાણ્યા — નવાઈના છોકરાને જોવી હોય તો ભલે જુએ, અમે કંઈ તેને જોવાનું કહેતાં નથી!'

સન-લૉક્સ એ ઢીંગલી સામે નવાઈ પામી, પ્રશંસાની નજરે જોઈ રહ્યો.

પછી તો એ બંને વચ્ચે કશી ન સમજાય તેવી ચીંચીં ચાલવા લાગી; અને તરત જ એ ઢીંગલી ઉદારભાવે અને ક્ષમાભાવે સન-લૉક્સના હાથમાં મૂકવામાં આવી. સન-લૉક્સે કદી એવી ચીજ જોયેલી – પકડેલી નહિ, એટલે તે તો ખુશ ખુશ થઈ ગયો. પણ એને હવે આભારના ભાર નીચે દબાવી જ દેવો હોય, એમ થોડી વારમાં તો ગ્રીબાએ ક્યાંકથી સ્લેટ-પેન, ચિત્રોની ચોપડી, રિબનના ટુકડા, અને નાના રકાબી-પ્યાલા કાઢી આણ્યા અને તેની સામે મૂક્યા. થોડી વારમાં તો બંને જણ રમતમાં ક્યારે મશગૂલ થઈ ગયાં તે કોઈએ જાણ્યું પણ નહિ.

સ્ટિફન ઓરી આનંદ અને સંતોષ સાથે સન-લૉક્સને ગ્રીબા સાથે ખેલતો જોઈ રહ્યો હતો; તેણે હવે ગવર્નર તરફ જોઈને કહ્યું, "હવે મારે ગુપચુપ ચાલ્યા જવું જોઈએ."

ગવર્નર તથા સ્ટિફન ઘરની બહાર ચાલ્યા આવ્યા.

બે કલાક બાદ નાનકો સન-લૉક્સ પોતાના એકમાત્ર મિત્ર અને સાથી એવા પોતાના 'ભા'ને ન જોઈ થોડું રડયો; પણ પાછો નવા સાથીદાર ગ્રીબા આગળ ઠાવકો દેખાવા માટે થોડું હસ્યો; અને પછી વખત થતાં સૂઈ ગયો. ગ્રીબા પણ સાથે જ હતી.

સ્ટિફન ઓરી અત્યાર સુધી ઘરની આસપાસ ઘૂમ્યા કરતો હતો, તે મોડી રાતે બધું ઘર જંપી ગયેલું જોઈ ચાલતો થયો.

તે પછી વર્ષો વીતી ગયાં. સ્ટિફન તે દરમ્યાન ફરીથી કદી કૅસલ-ટાઉનમાં દેખાયો નહીં.

૩

પણ નાનકા સન-લૉક્સનો ગવર્નરના કુટુંબમાં સમાવેશ કરવામાં આવ્યો તેની ઘણી ઘણી અસરો નીપજી. પ્રથમ તો આદમ અને તેની પત્ની રૂથ વચ્ચે ગંભીર અણબનાવ થઈ ગયો. સ્વભાવના જરા પણ મેળ વિનાનાં એ બંને બહારથી સુલેહ-સંપનો દેખાવ જાળવી રાખીને અત્યાર સુધી ભેગાં રહેતાં આવ્યાં હતાં. રૂથ મૂળે મૉન્ક્સ-સ્ત્રી ન હતી; મૉન ટાપુની ઉત્તરે આવીને વસેલા એક ફ્રેંચ નિર્વાસિતની એ પુત્રી હતી. આદમ ફેરબ્રધર આલ્જીરિયાથી પાછો આવ્યો, તે વખતે તેનાં પરાક્રમોની વાતોથી આખો ટાપુ ગાજી ઊઠયો હતો ત્યારે રૂથ આદમને પરણી હતી. પરંતુ ત્યાર બાદ તો આદમ ઘરવાસ કરીને જ સ્થિર થઈ ગયો, એટલે રૂથ બહુ નિરાશ થઈ ગઈ. પણ પછી ડયૂક જ્યારે આદમને ડેપ્યુટી-ગવર્નર જનરલ બનવાનું સમજાવવા આવ્યો, ત્યાર રૂથે તે પદ સ્વીકારવા તેની ઉપર કંકાસિયણ સ્ત્રી લાવી શકે તેવું અને તેટલું દબાણ આણ્યું, અને છેવટે આદમને તે પદ સ્વીકારવું પડયું.

શરૂઆતનાં લગ્ન-જીવનનાં દશ વર્ષ દરમ્યાન રૂથે આદમને છ પુત્રોથી નવાજ્યો હતો, પણ ત્યાર પછી બીજાં દશ વર્ષ વીતી ગયે તેણે છેવટના એક જ પુત્રી ગ્રીબાને જન્મ આપ્યો. આમ કુલ ચોવીસ

વર્ષ સુધી ભલો આદમ આ ચંચળ પ્રકૃતિની અને સ્વાર્થીલી બાઈ સાથે શાંતિથી જીવન નિભાવતો આવ્યો હતો. અત્યાર સુધી તે ડહાપણ દાખવી, નજીવી બાબતો માટે રૂથ સાથે તકરાર માંડતો નહિ; અને ઠંડો મિજાજ રાખી બધું હસી કાઢતો. પણ આ પહેલી વાર તે મક્કમ રહ્યો, અને પરિણામે નાનકો સન-લૉક્સ ગવર્નમેન્ટ-હાઉસમાં સ્થિર થઈને રહેવા લાગ્યો.

એક વર્ષ પસાર થઈ ગયું; દરમ્યાન સન-લૉક્સ એટલો બધો બદલાઈ ગયો કે, પહેલાંનું પરિચિત એવું કોઈ હવે ઝટ તો તેને ઓળખી શકે જ નહિ. બાળક પણ ફૂલની પેઠે પોતાના વાતાવરણનો રંગ ઝટ પકડી લે છે. હવે તે ગુલાબની પેઠે ખીલી ઊઠયો હતો. તેના ગાલ ગુલાબી હતા અને તેની આંખો ચમકદાર તીણી. તેનો બાંધો તો તેના બાપ જેવો મજબૂત અને કદાવર હતો; અને તેના ગુચ્છાદાર વાળ હવે વધુ સોનેરી બની રહ્યા હતા. આખો દિવસ તે પંખીની પેઠે કિલબિલાટ કરી મૂકતો અને હસતો ગાતો ઠેકડા ભર્યા કરતો. રૂથને પણ હવે તેના પ્રત્યે પહેલાં જેવો અણગમો રહ્યો ન હતો.

બીજું વર્ષ પસાર થયું; અને સન-લૉક્સ ઝટપટ અંગ્રેજી ભાષાના શબ્દો પકડવા લાગ્યો.

વળી વધુ એક વર્ષ પસાર થયું; અને ગ્રીબા તથા સન-લૉક્સ બંનેની ભાવી પ્રકૃતિ આકાર લેવા લાગી : ગ્રીબા ઉતાવળી, જુસ્સાદાર, લાગણીપ્રધાન અને તુમાખીભરી બનતી ચાલી; ત્યારે સનલૉક્સ શાંત, નિઃસ્વાર્થ, ધીરજવાળો, પણ અવારનવાર મિજાજથી તપી ઊઠે એવો બનવા લાગ્યો.

ચોથું વર્ષ વીત્યું તેવામાં બંને જણને છૂટાં પડવાનું થયું. ડયૂકની પત્ની — ડચેસ લંડનથી હવાફેર માટે આવી. એક દિવસ ગવર્નમેન્ટ-હાઉસ આવતાં તેણે ગ્રીબાને જોઈ. તરત તેને થઈ આવ્યું

કે, પોતાની આઠ વર્ષની ફૂટડી દીકરી ફીકી પડતી જાય છે, તેને ગ્રીબાની સોબત મળે, તો તેના મોં ઉપર લોહી ચડે ખરું.

આદમે તો ગ્રીબાને લંડન મોકલવા વિનયપૂર્વક ના પાડી દીધી — તેણે કહ્યું, 'ગ્રીબા આખા કુટુંબમાં એટલી નાની અને લાડકી છે કે, જાણે તે એકનું એક સંતાન હોય તેમ આખા ઘરનો ટેકો બની ગઈ છે; એટલે તેનાથી છૂટા પડવાનું અમારે માટે શકય નથી.'

પણ રૂથે તરત જ સંભળાવી દીધું — આપણાં માલિકણ કહેવાય એવાં બાનુની મરજી પાછી ન ઠેલી શકાય. ઉપરાંત ડચેસ ખુશ થઈને ભવિષ્યમાં ગ્રીબા માટે કોઈ ને કોઈ આવકનું સાધન ઊભું કરી આપશે. બીજું કોઈ હોય ને આવી તક મળે તો એને ખોળો પાથરીને વધાવી લે — લંડનમાં ડયૂક ઑફ ઍથોસના મહેલમાં છોકરીને ઊછરવાનું મળે, એ જેવી તેવી વાત નથી, ઈ૦, ઈ૦.

અંતે આદમને રૂથની મરજી આગળ ઝૂકવું પડયું. જોકે, 'પોતાને ગ્રીબાની ખોટ ઘણી સાલશે; ઉપરાંત, ગ્રીબાને આમ શહેરમાં જવા દેવાથી કદીક પોતાને પસ્તાવાવારો પણ આવશે,' એમ તેને ખાતરીબંધ લાગતું હતું.

પણ નાનકડી ગ્રીબા તો શહેરમાં જવાની વાતથી ઉમંગમાં આવી ગઈ: "ત્યાં મોટી મોટી ઘોડાગાડીઓ હશે, બાનુઓ ઘોડેસવારી કરતી હશે, દુકાનો હશે, અને મખમલથી મઢેલી ઢીંગલીઓ હશે — વાહ, વાહ!"

"પણ ગ્રીબા ત્યાં માઈકેલ સન-લૉક્સ નહીં હોય, મા નહિ હોય કે બાપુ પણ!" આદમ બોલ્યો.

પણ નાનકાં છોકરાંને જે નવું મળવાનું હોય તેનો જ આનંદ હોય છે; જે મળેલું છે તે તો કયાં નાસી જવાનું છે, એમ જ તેમને લાગતું હોય છે.

એટલે ગ્રીબા તો પોતાના આ ખુશીસમાચાર બીજાને સંભળાવવા ઉતાવળી થઈ ગઈ. બીજું એટલે કોણ? — સન-લૉક્સ સ્તો! સન-લૉક્સ તે વખતે ચેલ્સ એ-ડીલી નામના એક ભારવૈયા*ની પોઠના ગધેડા ઉપર સવારી કરવાનો આનંદ માણી રહ્યો હતો. તે અત્યારે વહેળાના પાણીમાંથી પસાર થઈ, ગધેડાને સામે પાર બીડ તરફ લઈ જતો હતો. ગ્રીબાએ દોડતાં દોડતાં પુલ ઉપર આવીને પોતાના ખુશી-સમાચાર શ્વાસભેર સન-લૉક્સને સંભળાવી દીધા — "અમે લંડન જવાનાં — ત્યાં બગ્ગીઓ, બાનુઓને બેસવાના ઘોડા, વહાણો, મીણ-પૂતળીના ખેલ, જંગલી જાનવરો એવું એવું જોવા મળશે, અને બીજું પણ ઘણું ઘણું!"

સન-લૉક્સ ગ્રીબાને ડચેસે આપેલી નવી હૅટનાં ફૂમતાં તરફ મીટ માંડીને જોઈ રહ્યો.

"અને અમે મખમલનાં ફરાક પહેરીશું, અને નવી નવી હૅટો! ખાવાની પણ ઘણી ઘણી ચીજો અમને મળવાની!"

"અરે પાગલ, શું બકયા કરે છે?" સન-લૉક્સ છેવટે તડૂકયો.

"અમે પાગલ નથી કંઈ! અમે સાચ્ચે જ જવાનાં છીએ — તમે અહીં જ રહેવાના. મારે હવે છોકરીઓ સાથે રમવાનું — છોકરાઓ સાથે નહીં, સમજ્યા?"

પણ માઈકેલની સ્થિતિ તો કરુણાજનક થતી ચાલી હતી. તેણે હવે જુસ્સામાં આવી જઈ ગધેડાને જોરથી દંડો ફટકારી દીધો અને ગ્રીબાને કહ્યું, "તો જજે ને, જ્યાં જવું હોય ત્યાં! અમારે શું? અમને અહીં શા માટે કહેવા આવી છે?"

પણ ગધેડાને જે ડફણું પડયું, તે તેને જરાય ઉચિત લાગ્યું ન હતું. એટલે તેણે પાછલા બે પગ ઊંચા કરી એકદમ ઊછળવા માંડયું.

---

* ભાડે વજન વહી જનાર. —સંપા૦

છેવટે માઈકેલભાઈ પાણીમાં ગબડી પડયા. પણ તેણે કપડાં પલળ્યાની પરવા કર્યા વિના ગધેડાને ડફણાટીને સામે પાર લેવા માંડયું.

સામે પાર જઈ, ગધેડા ઉપર ફલંગ મારીને બેસી જઈ, માઈકેલે બૂમ પાડીને પુલ ઉપર થઈ પાછળ આવેલી ગ્રીબાને કહ્યું, "તો જવાની છે તો જા ને; અહીં અમારી પાછળ પાછળ કેમ આવે છે?"

ગ્રીબાનું હૈયું ભરાઈ આવ્યું. તે નાક ફુલાવીને બોલી, "અમે જવાનાં તેથી તમે રાજી થાઓ છો, તે આમ કહી બતાવવાની જરૂર નથી, કંઈ!"

"અમે કયાં કહ્યું કે અમે રાજી થઈએ છીએ? પણ અમે રાજી નથી થતા એમ પણ કહેતા નથી."

"પણ તમે જો જવાના હોત તો અમે રડી પડયાં હોત, વળી!" અને ખરે જ તેને રડવું આવી જ ગયું. પણ એ છુપાવવા તે મૂઠીઓ વાળીને પાછી ભાગી ગઈ.

માઈકેલે હવે બૂમો પાડવા માંડી, "ગ્રીબા! ગ્રીબા!" પણ કાંઈ જવાબ ન મળ્યો. પેલી ઘેર પાછી ચાલી ગઈ હતી.

અર્ધા કલાક બાદ ડચેસની ઘોડાગાડી ગ્રીબાને લઈને ગવર્નમેન્ટ-હાઉસમાંથી નીકળી.

૪

ગવર્નર આદમની પત્નીએ ગ્રીબાને ડચેસને ત્યાં મોકલી મિલકત મેળવવાનો હેતુ મનમાં રાખ્યો હતો; તે તો, ભવિષ્યની વાત અત્યારથી કહી દઈએ તો — ન જ સધ્યો; પણ તેનું નહિ ધારેલું એવું બીજું ઊલટું પરિણામ અવશ્ય આવ્યું — ગ્રીબા ચાલી જતાં આદમ માઈકેલ સનલૉક્સ તરફ વધુ ને વધુ ઢળવા લાગ્યો. ગ્રીબાને બીજાની છોકરીની સોબતણ તરીકે મોકલી આપી, એટલે નાનકા સન-લૉક્સને પોતે જ સોબત આપવી જોઈએ, એમ તેને લાગ્યું.

પણ આદમના મનમાં માઇકેલ સન-લૉક્સ પ્રત્યે કોઈના દુ:ખી નિરાધાર છોકરા માટેનો દયાભાવ જ લાંબો વખત ન રહ્યો એ; ઊંચા, કદાવર, ચપળ, સમજદાર કિશોર પ્રત્યે હવે તેનું અંતર પુત્ર માટેના વાત્સલ્યથી જ ઊભરાવા લાગ્યું.

વર્ષ ઉપર વર્ષ વીતતાં ચાલ્યાં. શાળાનું ભણતર પણ શરૂ થયું અને પૂરું થયું. હવે તો સન-લૉક્સ ગવર્નરનો જમણો હાથ જ બની રહ્યો. માત્ર જમણો હાથ જ નહિ, તેની કલમ, તેની યાદદાસ્ત, તેની સૂઝ-સમજ, બધું જ. દરેક બાબતમાં જ્યાં ને ત્યાં 'માઇકેલ સન-લૉક્સ કહેશે', 'માઇકેલ સન-લૉક્સ કરશે' એમ જ હવે સાંભળવા મળતું.

માઇકેલ સન-લૉક્સ પણ ગવર્નર ફેરબ્રધરને જ પોતાનો બાપ ગણતો, અને પુત્રા તરીકે તેની સેવામાં અને પડખે જ ઊભો રહેતો.

પણ મિસિસ ફેરબ્રધર અને તેના છયે છોકરા એ બે વચ્ચેની આ સ્નેહગાંઠ જોઈ અકળાવા લાગ્યાં. રૂથ પતિને ભાંડવા લાગી અને છોકરાઓ સન-લૉક્સને તિરસ્કારવા લાગ્યા.

આદમ ફેરબ્રધરના છયે છોકરા ધિંગા, ભૂખ્યા-ડાંસ, અને વિચિત્ર સ્વભાવના હતા. સૌથી મોટો ઍશર તેત્રીસ વરસનો હતો: ભલો, પણ પાણી જેવી અસ્થિર પ્રકૃતિનો. તે કહ્યા કરતો, "અલ્યો, છોને બુઢ્ઢો એ છોકરા જોડે રમ્યા કરે, એમાં આપણું શું જાય છે?" પણ બીજો રૉસ, અને ત્રીજો સ્ટીન એ બંને ઘાતકી સ્વભાવના ઝનૂની જુવાનિયા હતા; તેઓને ડર હતો કે આદમ કદાચ પોતાની બધી મિલકત સન-લૉક્સને જ લખી આપશે. ચોથો થર્સ્ટન હંમેશ પીધેલો અને લાલ આંખોવાળો જ રહેતો; તે મક્કમ સ્વભાવનો હોઈ, બધા ભાઈઓને એકસરખા હાંકતો હતો. પાંચમો જૅકબ શિયાળ જેવો લુચ્ચો અને સાવધાન હતો; તથા છઠ્ઠો જૉન 'જેન્ટલમૅન' તરીકે ઓળખાતો

ટાપટીપ-પસંદ જુવાનિયો હતો. તે બધા ભેગા મળી સન-લૉક્સને દૂર કરવાના અનેક પેંતરા રચવા લાગ્યા.

પહેલાં તો આદમ તેને કાઢી મૂકે તે માટે સન-લૉક્સના બાપ વિષે તેઓએ ફાવે તેવી વાતો કરવા માંડી: ઉત્તરથી દક્ષિણ સુધી બધા સારા માણસોને તે ત્રાસરૂપ બની ગયો છે, છૂપા દાણચોરીના અને વધુ તો ચાંચિયાગીરીના ધંધા કર્યા કરે છે, કાફની જોખમભરેલી ખાડીમાં કેટલાંય જહાજોને જાણી જોઈને અવળે માર્ગે દોરી ખડકો ઉપર અથડાવે છે અને પછી તેમનો માલ ઉપાડી લે છે, — ખૂની પણ હશે જ, ઈ૦, ઈ૦.

આ બધી ખોટી બદગોઈની બુઢ્ઢા આદમ ઉપર કશી અસર ન થઈ, પણ માઈકેલ સન-લૉક્સના હૃદયમાં તે બધું સાંભળી પોતાના બાપ માટે અને તેના નામ માટે પણ ઊંડો તિરસ્કાર ઊભો થતો ચાલ્યો. અને જેમ પોતાના સગા બાપ સામે તિરસ્કાર ઊભો થતો ગયો, તેમ પોતાના પાલક પિતા પ્રત્યે તેના મનમાં વધુ ને વધુ ગાઢ પ્રેમ-મમતા ઊભરાતાં ગયાં.

એક દિવસ, એટલે કે, માઈકેલ સન-લૉક્સ જ્યારે અઢાર વર્ષની ઉંમરનો થયો હતો ત્યારે, કર્ક મૉઘોલ્ડથી વીશીવાળો નૉરી ક્રો આવ્યો અને માઈકેલને બાજુએ લઈ જઈ, ભારે ગુપ્ત વાત કહેતો હોય તેમ કહેવા લાગ્યો કે, સ્ટિફન ઓરી દાણચોરીના મામલામાં સપડાયો હોવાથી, હંમેશ માટે ટાપુ છોડી ભાગી જવા માગે છે; પણ તે પહેલાં તે તને મળવા માગે છે. જો તું તેને મળવા નહીં જાય, તો તને મળવા અહીં જોખમમાં દોડી આવશે. તેના કરતાં તું ત્યાં જાય તે જ સારું કહેવાય. કાફની ખાડીમાં એક જહાજ તૈયાર ઊભું છે, તેમાં તારો બાપ તારી રાહ જોશે. તારે મધરાત પહેલાં તે જહાજ ઉપર જઈ પહોંચવું.

અલબત્ત, આ આખું આદમ ફેરબ્રધરના બીજા અને ત્રીજા છોકરા રૉસ અને સ્ટીનનું રચેલું કાવતરું જ હતું. કારણકે, જે જહાજ

ઉપર માઈકેલ સન-લૉક્સ બાપને મળવા જાય એમ ગોઠવ્યું હતું, તે ખરી રીતે દાણચોરોનું જહાજ હતું — સ્ટિફન ઓરીનું નહિ. અને તે જહાજને પકડવા આસપાસ સરકારી જકાતી જહાજો તૈયાર ઊભાં હતાં.

ભલો માઈકેલ. સ્ટિફન ઓરી પોતાને મળવા બંદરે ઊતરી આવે અને પકડાઈ જાય એવું બનવા ન પામે તે માટે હોડીમાં બેસી મધરાતે એ જહાજ તરફ જવા નીકળ્યો. તરત સરકારી અફસરોએ તેને ઘેરીને પકડી લીધો. માઈકેલે ગવર્નર સમક્ષ બધી વાત કબૂલ કરી દીધી, એટલે તરત નૉરી ક્રોને પકડવામાં આવ્યો. તેણે પોતાના જાન બચાવવા આદમ ફેરબ્રધર આગળ રૉસ અને સ્ટીનનાં નામ કબૂલી દીધાં. તેમને પૂછપરછ કરવામાં આવતાં તેમણે પોતાને ચડવનાર તરીકે (પાંચમા અને છઠ્ઠા છોકરા) જેકબ અને 'જેન્ટલમૅન' જૉનનાં નામ દીધાં.

આદમ જોઈ ગયો કે, આ કાવતરામાં તો લગભગ તેનું આખું કુટુંબ જ સપડાયેલું છે, એટલે તેના ગુસ્સાએ માઝા મૂકી. પણ તે વખતે તેની પત્ની રૂથ છોકરાઓના પક્ષમાં દોડી આવી અને પોતાના સગા છોકરાઓ કરતાં બહારના અનાથ છોકરાને વધુ વહાલો ગણનાર પતિ સાથે પોતે રહેવા નથી માગતી, એમ જાહેર કરી દીધું.

આદમે તેને સમજાવી પણ પેલી ન માની. છેવટે આદમે તેને કહ્યું, "તું આમ તારા છોકરાઓનો ખોટો પક્ષ લેશે તેથી કરીને હું માઈકેલને કાઢી પણ નહિ મૂકું કે આપણા કુટુંબની શાંતિ જળવાઈ રહે એ માટે તે પોતે ચાલ્યો જવાનું કહે છે તેમ પણ તેને નહિ કરવા દઉં. મને સરકારી નોકરી બદલ થોડા ઘણા પાઉંડ મળે છે; પણ મારી પોતાની કહેવાય તેવી ખરી મિલકત તો લૉગ્યૂની છે. હું તને તારા જીવનકાળ દરમ્યાન તારા ભોગવટા માટે એ જમીન આપી દઉં છું; તારી પછી એ જમીન છ છોકરાઓની અને તેમની બહેનની ગણાશે. તું એ મિલકત લઈને મારાથી જુદી રહી શકે છે."

આ શરતે રૂથ પોતાના છ છોકરાઓને લઈને લૉગ્યૂ ચાલી ગઈ. માઈકેલ સન-લૉક્સ એકલો રાજભવનમાં આદમ સાથે રહેવા લાગ્યો.

પણ આદમને હવે ઘણું એકલવાયાપણું લાગવા માંડ્યું, અને તેને પોતાની લાડકી ગ્રીબા વધુ ને વધુ યાદ આવવા લાગી. છેવટે તેણે લંડન ડ્યેસને લખી જણાવ્યું કે, હું ગ્રીબાને લેવા આવું છું, માટે તેને તૈયાર રાખજો.

૫

આદમને લંડન ગયે એક અઠવાડિયું થયું હશે તેવામાં તેનું કામકાજ સંભાળતા માઈકેલ સન-લૉક્સને ફરિયાદ મળી કે, ઉત્તર તરફ 'પૉઈન્ટ ઑફ આયર' ઉપર દીવાદાંડી ન હોવાથી, અને ખડકની કાંગરી ઉપર તાપણા જેવું સળગાવવાની જ વ્યવસ્થા હોવાથી જહાજોને બહુ જોખમ રહે છે. એટલે સન-લૉક્સને ત્યાં શું કરવું જોઈએ તેનું જાત-નિરીક્ષણ કરવા અચાનક જવું પડ્યું.

તેને ગયે બે દિવસ થયા હતા. પાછો ફરતાં તે ડગલાસ મુકામે રાતે સૂઈ ગયો; અને બીજી સવારે કૅસલ-ટાઉન તરફની પોતાની બાકીની મજલે ઊપડ્યો. પણ તેના પગ પાછા પડતા હતા — આદમ ફૅરબ્રધરને પોતાને કારણે કુટુંબથી છૂટા પડવાનું થયું એ ઠીક નથી થયું એમ તેને લાગતું હતું. છેવટે તેણે નક્કી કર્યું કે, આદમ ઇચ્છે કે ન ઇચ્છે, પણ પોતે વચ્ચેથી ખસી જ જવું જોઈએ.

રાજભવન પહોંચી, તે ઘોડાને તબેલા તરફ લઈ જતો હતો, તેવામાં રસ્તામાં ઘેટાંના વાડા આગળ થઈને પસાર થતાં તેને બે જણ વચ્ચે ચાલતી વાતચીતનો અવાજ સંભળાયો. તે તરત ખચકાયો અને ઊભો રહ્યો. કારણકે, બેમાંનો એક અવાજ તેને ઘણો મીઠો લાગ્યો તથા તેના આખા શરીરે રૂવાંટાં ખડાં થઈ ગયાં.

તેણે પેંગડા ઉપર ઊભા થઈને જોયું તો વાડ પાછળ એ બેમાંનું એક જણ તેને દેખાયું; — એ તેનો જૂનો મિત્ર ભારવૈયો હતો. તે કહેતો હતો, "હવે તો એ મોટો છોકરો થઈ ગયો છે, પણ જરાય મિજાજ ન મળે; અને હોશિયાર તો એવો કે ન પૂછો વાત. હું અને

એ તો જાણે સગા ભાઈઓ જેવા જ છીએ — અને મારા ગધેડા ઉપર સવારી કરવાનું હજુ તેને પહેલાં જેટલું જ ગમે છે."

તરત સામો પ્રશ્ન આવ્યો, પણ એવા મીઠા મધુર અવાજે કે, માઈકેલ ફરી પુલકિત થઈ ઊઠયો. જવાબમાં ભારવૈયો બોલ્યો, "તે કોના જેવો છે, એમ? અરે સીધો સોટા જેવો ટટ્ટાર! અને મોઢાની વાત કરો તો એની સામે દીવો ધરીને ઊભો રહેવાને લાયક માણસ આ આખા ટાપુમાં કોઈ ન મળે."

પણ એટલામાં માઈકેલનો ઘોડો અકળાઈને પગ પછાડવા લાગ્યો; પણ માઈકેલ એ અંગે કશું કરે, એવામાં તો બાજુએથી નાજુક પગલાં આવતાં સંભળાયાં અને થોડીક હાલચાલ થયા બાદ સામે જ ગ્રીબા આવીને ઊભી રહી.

કલ્પના બહારની તેની સુંદર આકૃતિ જોઈને માઈકેલ સન-લૉક્સ એકદમ તો આભો જ બની ગયો; અને 'ગ્રીબા' એટલું બોલી ઘોડા ઉપરથી કૂદી પડયો. ગ્રીબાના મોં સામું ફરી ઊંચું જોવાની હિંમત કર્યા વિના તેણે પોતાનો હાથ વિનય ખાતર સામો ધર્યો.

ગ્રીબાએ પણ શરમાઈ જઈ પોતાનો હાથ તેના હાથમાં મૂકી દીધો. બંને જણ રાજી થયાં એમ કહેવાને બદલે ગભરાઈ ગયાં, એમ જ કહેવું જોઈએ.

પેલો ભારવૈયો આગળ ચાલ્યો ગયો; એટલે ગ્રીબાએ જ જરા હિંમત ધરીને પૂછયું, "હું ચાલી ગઈ હતી તેથી તમે રાજી થયા હતા; તો હવે હું પાછી આવી તેથી પૂરા નાખુશ થશો, ખરું ને?"

પણ માઈકેલનો તો શ્વાસ જ ઊડી ગયો હતો; એટલે તે બોલી જ શકયો નહિ. તેણે માત્ર હસીને લગામ ઘોડાના માથા ઉપર થઈને ડોક ઉપર નાખી ઘોડાને તબેલા તરફ લીધો. ગ્રીબાનાં અને માઈકેલનાં પગલાં જોડાજોડ તબેલાની ફરસ ઉપર પડતાં હતાં. તે સાંભળીને બંને જણનાં અંતર તેથી પણ વધુ અવાજ કરતાં ધબકવા લાગ્યાં.

એ બંને પાછાં આવતાં હતાં ત્યારે આદમ ફેરબ્રધર બારીમાંથી તેમની તરફ જોઈ રહ્યો હતો. તેના અંતરમાંથી તરત પ્રાર્થના સ્ફુરી આવી, "ભગવાન હવે આ બેને અને મને કદી છૂટાં ન પાડે!"

આ બધું ગૂડ-ફ્રાઈડેના આગલે દિવસે બન્યું. ત્રણ દિવસ બાદ જ આદમે માઈકેલ સન-લૉક્સને પોતાના કમરામાં બોલાવ્યો.

સન-લૉક્સ ત્યાં ગયો ત્યારે ત્યાં આદમ સાથે એક વિચિત્ર દેખાવનો માણસ બેઠેલો હતો. તેનો પોશાક જાડધરો હતો, તેને દાઢી ઊગેલી હતી, તેના વાળ શણ જેવા લાંબા હતા, અને તેનો બાંધો કદાવર હતો.

માઈકેલ સન-લૉક્સની નજર તેના ઉપર ગઈ કે તેનું મોં પડી ગયું; પણ પેલા અજાણ્યાના મોં ઉપર ઉજાસ છવાઈ ગયો.

આદમે માઈકેલને બતાવીને પેલા અજાણ્યાને સંબોધીને કહ્યું, "આ તમારો દીકરો, સ્ટિફન ઓરી." પણ એટલું બોલતાંમાં તેનો અવાજ ભારે થઈ ગયો. પછી તેણે માઈકેલ તરફ જોઈને ઉમેર્યું, "અને માઈકેલ સન-લૉક્સ, આ તારા બાપુ."

સ્ટિફન ઓરી તરત જ આનંદના આવેશમાં આવી જઈ, માઈ-કેલને પોતાની છાતીએ દબાવી દેવા હાથ લાંબા કરીને આગળ વધ્યો; પણ જાતે જ શરમાઈ જઈ, પાછો ફરી ગયો. તે જ ઘડીએ માઈકેલ સન-લૉક્સનો ચહેરો ફીકો પડી ગયો. તે એકદમ બે ડગલાં પાછો ખસી ગયો. આદમે હવે બંનેની વચ્ચે આવીને મહા મુશ્કેલીએ કહ્યું, "માઈકેલ, એ તને પોતાને વતન લઈ જવા આવ્યા છે."

એ ઈસ્ટરનો દિવસ હતો: સ્ટિફન ઓરીને આઈસલૅન્ડમાંથી નાઠાને આજે બરાબર ૧૯ વર્ષ થયાં હતાં.

૭

પિતાનું ઋણ

૧

સ્ટિફન ઓરીએ પોતે કહેવાની વાત ટૂંકમાં કહી દીધી હતી : તેનો દીકરો હવે રેક્જાવિકની લૅટિન સ્કૂલમાં જોડાય અને બુઢ્ઢા બિશપ જૉન પાસે ભણે, એવી તેની ઇચ્છા હતી. બિશપ જૉન પ્રત્યે નાનપણથી તેના પોતાના મનમાં આદરભાવ હતો; એટલું જ નહિ, આખા આઇસલૅન્ડના લોકો જ તેમના પ્રત્યે પૂજ્યભાવ દાખવતા હતા. પોતાના દીકરાને એટલું ભણાવવા જોગ પૈસા પણ તેની પાસે ભેગા થયા હતા. રેક્જાવિક જવા નીકળેલું, બેલફાસ્ટનું એક આઇરિશ જહાજ રૅમ્સે બંદરે પછીને શનિવારે લાંગરવાનું હતું. એમાં તેનો દીકરો આઇસલૅન્ડ જવા ઊપડી જાય એમ તે ઇચ્છતો હતો. ઊપડતા પહેલાં તે એક વાર પૉર્ટી-વૂર્લીમાં આવેલા પોતાના નાનકડા ઘરમાં એકાદ વખત આવી જાય તો સારું; જેથી તે એને કંઈક અગત્યની વાત કરવી છે તે કરી લઈ શકે, એવી તેની આજીજી હતી.

આટલું આદમને કહી દઈ, તે પોતાનો ટોપો હાથમાં લઈ, બહાર ક્યારે નીકળી ગયો, તેની કોઈને ખબર પણ ન પડી.

માઈકેલ સન-લૉક્સે તરત જ આદમ સમક્ષ મોટેથી જણાવી દીધું કે, 'ગમે તે થાય, હું ત્યાં જવાનો નથી! એ અત્યારે મારો બાપ થતો આવે છે, તે અત્યાર સુધી ક્યાં હતો? અત્યાર સુધી તેણે કેમ મારી કશી કાળજી રાખી નહિ, અને બીજાને ઘેર ઊછરવા મૂકી

દીધો? ઉપરાંત, તેનાં કરતૂકો પણ કેવાં કેવાં સંભળાય છે! એવા બાપ પ્રત્યે મારે કશી ફરજ હોઈ શકે નહિ.'

આદમ પણ માઈકેલથી છૂટું પડવાનું આવ્યું હોવાથી આંખો ભરાઈ આવતાં આડું જોઈ રહ્યો હતો, તે હવે માઈકેલે જવાની નામરજી દેખાડચાથી રાજી થયો; પણ તેને સમજાવતો હોય તેમ બોલ્યો, "બેટા, એ તારો બાપ છે; તારો સગો બાપ!"

આદમને મોંએ એ વાકચ ઘણી વાર સાંભળીને માઈકેલને મનમાં થઈ આવ્યું કે, કદાચ આદમ પણ ઘર-કંકાસથી થાકી, પોતે ત્યાંથી ચાલ્યો જાય એમ જ ઇચ્છતા હશે. એ વિચાર આવતાં તેનું મોં પડી ગયું; અને તે આદમને પગે પડીને કરગરવા જતો હતો કે, પોતાને તે ક્યાંય મોકલી ન દે. પણ એટલામાં તેને વિચાર આવ્યો કે, 'આજે સવારે જ મેં અહીંથી ચાલ્યા જવાનું નક્કી કર્યું હતું, તો પછી કોઈને કશી ગેરસમજ ન થાય એવી આ તક સામી આવી છે તે શી ખોટી છે? માત્ર ગ્રીબા આવી એટલે જ હવે હું અહીં રહેવા ઇચ્છું છું, એ કેવું?'

અને સાથે સાથે તેને બીજો કડવો વિચાર એ પણ આવ્યો કે, 'હવે ગ્રીબા આવી એટલે ગવર્નરને મારી સોબતની જરૂર પણ નહિ રહી હોય; એટલે જ તે હવે હું જાઉં એમ ઇચ્છે છે.'

આ વિચાર આવતાં જ તેને એક પ્રકારનું ખોટું લાગ્યા જેવું થઈ આવ્યું, અને અંતરમાંથી ગુસ્સાની આગ ભભૂકી ઊઠતાં તરત જ તે લાલ લાલ થઈ જઈને બોલ્યો, "ઠીક, ઠીક, તમે ઇચ્છો છો એટલે હું ચાલ્યો જઈશ, બસ!"

આદમ માઈકેલના મનમાં ચાલતો આ બધો વિચાર-સંઘર્ષ સમજી ગયો. તેના પોતાના મનમાં પણ ઓછો સંઘર્ષ ચાલતો ન હતો — એક બાજુ માઈકેલને ન મોકલવાનો વિચાર; અને બીજી બાજુ તેના બાપની

મમતાનો વિચાર. તેણે હવે માઈકેલના બાપ પ્રત્યેની પોતાની ફરજનો વિચાર કરીને, માઈકેલને સંબોધીને તેના બાપે નાનપણમાં તેને માટે શું શું કર્યું હતું તેની વાત કહી સંભળાવી: સ્ટિફન જાતે કર્કશ સ્વભાવનો જડસુ માણસ હોવા છતાં, પોતાના પુત્રને દુરાચારી માતાની બેકાળજીમાંથી બચાવી લેવા કેવી રીતે તેણે જાતે એને ઉછેર્યો હતો; માની પેઠે એની માવજત કરી હતી; છેવટે પેલીની ભૂંડી અસરમાંથી એને બચાવી લેવા એને લઈ પરદેશ ચાલ્યા જવાનો તેણે કેવો પ્રયત્ન કર્યો હતો, પણ પરવાનો ન મળતાં તેને એ ઈચ્છા તજી દેવી પડી હતી; છેવટે, બીજો કશો ચારો ન રહેતાં, છોકરો બગડી જાય તે પહેલાં એને ડુબાડી દેવાનો વિચાર કરી, તે એને હોડીમાં બેસાડી સમુદ્રમાં દૂર કેવી રીતે લઈ ગયો હતો; પણ છેવટની ઘડીએ અંતરાત્માના અવાજથી ડરીને અને છોકરાની કાલી બોલીથી એના ઉપર દયા લાવીને, એને કેવી રીતે પાછો લઈ આવ્યો હતો; અને અંતે પોતાની સાથે રાખી રખડાવ્યા કરતાં, એના હિતનો વિચાર કરી, હૈયું કબૂલ કરતું ન હોવા છતાં અહીં (આદમને) સોંપી ગયો હતો; — એ બધું જ.

અલબત્ત, સ્ટિફન ઓરી પ્રત્યે માઈકેલનું મન આકર્ષાય એ માટે આ બધું કહેતી વેળા ભલા આદમનું પોતાનું અંતર એનાથી છૂટા પડવાના વિચારમાત્રાથી ચિરાઈ જતું હતું; છતાં તેણે એક સજ્જન તરીકે પોતાનું કર્તવ્ય બજાવવાની ભાવનાથી બધી વાત ખુલ્લંખુલ્લા માઈકેલને કહી સંભળાવી. જોકે, તેના મનમાં ઊંડી ઊંડી આશા હતી કે, માઈકેલ તેમ છતાં જવાની ના જ પાડશે; પરંતુ માઈકેલ તો આ બધી વાત સાંભળતાં સાંભળતાં પોતાના બાપુની પોતા પ્રત્યેની મમતાની વાત જાણી રડવા જ લાગ્યો હતો; અને આદમે વાત પૂરી કરતાં તરત જ બોલી ઊઠયો, 'હું જરૂર જઈશ; એવા બાપ માટે તો આખી દુનિયા વીંધીને જવું પડે તોય જવું જોઈએ!'

૨

માઈકેલ વિચારમાં ને વિચારમાં મકાનની બહાર નીકળ્યો અને પશ્ચિમ તરફના રેતી-છાંટ્યા માર્ગ ઉપર આમથી તેમ આંટા મારવા લાગ્યો. એટલામાં મકાનની બારીમાંથી ગ્રીબાનો અવાજ આવ્યો —

"એટલે ખરેખર તમે જવાના જ એમ? વાહ, પાદરી થવાનું ભણશો એટલે કાળો જભ્ભો ઓઢી, બુઢ્ઢા ખચ્ચરની જેમ ચાલવા માંડશો, રે!"

માઈકેલે તરત જ ગ્રીબાની મજાકમાં સૂર પુરાવીને જવાબ આપ્યો, "હાસ્તો, પાદરીનું ભણી, પછી અહીં આ પરગણામાં જ આચાર્ય થઈને આવીશ, ત્યારે અહીંની મહિલાઓ ઉપર છાપ પાડવા ખૂંધા જ ચાલવું પડે ને!"

"પણ ત્યાંની કોઈ ડોરકાસ છોકરી જોડે પરણી લેશો એટલે ત્યાં જ વસવું પડશે, જો!"

"તો તો કદાચ ત્યાં રહેવું પડે ખરું!"

"કોઈ ચશમાં પહેરેલી કુંવારી ડોસી તમને કેવી શોભશે, — મારું તો અત્યારથી હસી હસીને પેટ ફાટી જાય છે, તો!"

"એ વાતેય નાખી દેવા જેવી નથી."

"તમો પાદરી લોકો આગળ નાનાં-મોટાં, સ્ત્રી-પુરુષ સૌએ કબૂલાત* કરવી પડે, ખરું?"

"કરવી જ પડે તો; પાપમાંથી મુક્તિ જોઈતી હોય ને!"

"તો તો પછી ભાઈસાહેબ, ત્યાં જ રહેજો; અને અહીં આવો તો પણ આ પરગણામાં ન આવતા."

---

* ખ્રિસ્તીઓમાં પોતે કરેલાં પાપોની કબૂલાત ધર્મગુરુ આગળ કરી લઈ, પ્રભુની માફી મેળવવાનો શિરસ્તો છે. મરણકાળે તો આ વિધિ ખાસ કરવામાં આવે છે. —સંપા૦

"કેમ, મારી આગળ કબૂલાત કરવા કરતાં કોઈ અજાણ્યા આગળ કબૂલાત કરવી તને વધુ પસંદ આવે, એમ?"

"તમારી આગળ કબૂલાત કરું? હાય, તમે તો નાના છોકરડા છો!"

"પણ ગ્રીબા, મારે જો તારી આગળ કબૂલાત કરવાની હોય, તો મને જરાય વાંધો ન નડે."

"પણ મહેરબાન, તમારે શી શી કબૂલાતો કરવાની છે, વળી?"

"તું નીચે આવે તો કહું, ખરે."

"ના, તમારે જે કહેવાનું હોય તે અહીં હું જયાં છું ત્યાં જ મને સંભળાવી દો."

"તો ગ્રીબા – ગ્રીબા –"

"ચાલો, શરૂ કરી દો."

"ગ્રીબા, તું મને —"

"અરે થોભો, થોભો, જુઓ પાછળ કોઈ સાંભળે છે."

માઈકેલ પાછળ જોવા વળ્યો તેટલામાં તો ગ્રીબાએ અંદર પેસી જઈ બારી બંધ કરી દીધી. માઈકેલે જોયું તો એક વાછરડું જ પાછળ ઊભું હતું.

બીજે દિવસે સોમવાર હતો, અને ઘણે વરસે ઇંગ્લૅન્ડથી પાછી આવેલી ગ્રીબાને પોતાની મા અને ભાઈઓને મળવા લૅગ્યૂ જવાનું હતું. ત્યાં તે બીજા સોમવાર સુધી રહે એમ નક્કી થયું; જેથી પછીને દિવસે માઈકેલ સન-લૉક્સ આઈસલૅન્ડ જવા ઊપડી જાય ત્યારે તે તેને વિદાય આપવા હાજર રહી શકે.

સન-લૉક્સ ત્રણ દિવસ વધુ ગવર્નમેન્ટ-હાઉસમાં રહ્યો. પછી પોતાના મિત્ર ભારવૈયાને પોતાની ટ્રંક લઈ જવાનું અગાઉથી સોંપીને — અને તે મિત્ર બીજા કોઈને એ કામ કરવા દે પણ નહિ — પોતે તૈયાર થઈ શુક્રવારે સવારે પૉર્ટી-વૂર્લી જવા નીકળ્યો. ગવર્નર થોડી જ વારમાં તેની સાથે થોડે સુધી જવા જોડાયો.

તેણે આલતુફાલતુ વાતો કરીને પોતાના દુઃખી હૃદયને શાંત રાખવા પ્રયત્ન કર્યો; તથા પોતે પણ આઈસલૅન્ડ તરફ કદીક આવી ચડશે એમ કહી માઈકેલ સન-લૉક્સને ધારણ આપી. અને પછી પાછા ફરવાનો વખત થયો, ત્યારે તેણે પોતાના અંતરની વાત માઈકેલને કહી દીધી —

"જો બેટા, તું ઊપડતા પહેલાં તારા બાપુને મળવાનો છે જ; તે કદાચ તને અહીંથી લઈ જવા માટેનું જે ખાસ કારણ હશે તે કહેશે. મને તો તેણે બિશપ જૉન પાસે તને લૅટિન ભણવા મૂકવાનું જ કહ્યું છે; પણ તે જ ખરું કારણ હોય, તો યાદ રાખજે કે, વિદ્યા એ તવંગર માટે સુંદર પોશાકરૂપ છે, અને ગરીબ માટે તો ધનદોલત રૂપ જ છે. અને ધનદોલતની વાત ઉપરથી મને યાદ આવ્યું —" એમ કહી તેણે ખીસામાં ઊંડો હાથ ઘાલીને કહ્યું, "બે જાતના પગાર ખરાબ કહેવાય – એક પહેલેથી ચૂકવાય તે, અને બીજો કદી ન ચૂકવાય તે. તું તો એ બંને ખોટા પગારોને લાયક નથી; માટે આ કાગળિયું જરા તારા ખીસામાં મૂકી દે, અને ભગવાન તને આશીર્વાદ બક્ષે." એમ કહી તેણે માઈકેલના હાથમાં પચાસ મૅન્ક્સ પાઉંડની નોટો મૂકી દીધી. પછી તે પાછો ફરવા જતો હતો તેવામાં માઈકેલે તેની બાંય પકડી લીધી અને કહ્યું, "મને તમે આશીર્વાદ આપો."

હવે આદમે અત્યાર સુધી ગમે તેવી વાતોને બહાને બાંધી રાખેલા આંસુના બંધ છૂટી ગયા અને તે ચોધાર આંસુએ રડી પડયો. તેણે પૅગડામાં ઊભા થઈ, માઈકેલના નીચા નમાવેલા માથા ઉપર હાથ મૂકી, મૂંગો મૂંગો આશીર્વાદ આપ્યો.

૩

બીજે દિવસે સવારે માઈકેલ સન-લૉક્સ પૉર્ટી-વૂલી જઈ પહોંચ્યો.

સ્ટિફન ઓરી ત્રણ દિવસથી ત્યાં આવી ગયો હતો; અને માઈકેલના આવવાની રાહ જોતો, પોતાના ઘોલકાને ઘસી-માંજી, વાળી-

ઝૂંડી બનાવાય તેટલું ચોખ્ખું કરવા, તથા આગ સળગાવી તેની અંદરનો ભેજ ઉરાડવા પ્રયત્ન કરતો હતો. જોકે, તેનો સુપુત્ર એ ઘોલકામાં કદાચ અર્ધોએક કલાક માંડ રોકાવાનો હતો! સ્ટિફન લિઝાની હત્યા પછી, બારણાને ખીલા મારીને, બાળક સનલૉક્સને ખભે બેસાડીને નીકળ્યો હતો, ત્યાર પછી કદી ત્યાં આવ્યો ન હતો. બીજાઓ પણ એ જગાને ગોઝારી ગણી ત્યાં કદી જતા નહિ.

માઈકેલ આવ્યો એટલે સ્ટિફન તેને નમન કરીને 'સરકાર' સંબોધન કરીને બોલ્યો, "મારે તમને અહીં બોલાવવા જોઈતા નહોતા, સરકાર."

"મને માઈકેલ કહો," છોકરાએ જવાબ આપ્યો અને બંને જણ ઘોલકામાં પેઠા.

"મારે તમને કંઈક કહેવાનું છે; પણ મને સારું અંગ્રેજી બોલતાં નથી આવડતું; આટલાં બધાં વર્ષ થયાં છતાં." સ્ટિફને ઉમેર્યું; અને પછી કંઈક વિચાર આવતાં તે છ શબ્દો આઈસલૅન્ડની પોતાની ભાષામાં બોલ્યો, અને માઈકેલ સન-લૉક્સના મોં સામું જોવા લાગ્યો.

માઈકેલ એ શબ્દો સમજ્યો છે, એ જોતાં જ એ ખરબચડો જંગી માણસ બાળકની પેઠે રડી પડ્યો. અને માઈકેલને પણ એ શબ્દો સાંભળી, કશું આવરણ અંતર ઉપરથી હટી ગયા જેવું લાગ્યું, અને તે બોલી ઊઠ્યો, "બાપુ, મને માઈકેલ કહીને જ મારી સાથે વાત કરજો; હું તમારો દીકરો છું ને?"

તરત જ સ્ટિફન ઓરી આઈસલૅન્ડની ભાષામાં બોલવા માંડ્યો અને માઈકેલ સનલૉક્સ અંગ્રેજીમાં. બંને અન્યોન્યની ભાષા સમજતા હતા, પણ બોલી શકતા હતા પોતાને આવડતી ભાષામાં.

"માઈકેલ, મેં તમારા પ્રત્યે એક સારા બાપ જેવું વર્તન ન દાખવ્યું કહેવાય, — કારણકે, આટલાં બધાં વર્ષ સુધી હું તમને મળવા જ ન આવ્યો. પણ તમે તમારા બાપ કરતાં સારા માણસ થાઓ

એવું હું ઈચ્છતો હતો. માણસ ગમે તેવો ખરાબ હોય, પણ પોતાનો દીકરો પોતાને જોઈને શરમાય એવું તેને ન જ ગમે. અને માઈકેલ, હું તમારી પાસે આવું, અને તમે મારાથી શરમાઓ, એ જોઈને મને બહુ દુઃખ થાય એટલે જ હું તમને મળવા આવ્યો ન હતો. ઘણીય વાર હું જાણે તમને મળવા ભૂખ્યો થઈ જતો, તથા તમારો અવાજ સાંભળવા પણ — પરંતુ તમને શરમિંદા બનાવવા તમારી પાસે આવવાની મારી હિંમત નહોતી ચાલતી."

"બાપુ, એ વાત બંધ કરો; અને મને તુંકારીને જ વાત કરવા માંડો, એટલે તમને સ્વાભાવિક બોલતાં ફાવશે."

"બેટા, ખરી વાત છે; હું તો તને તું જ્યારે મારે ખભે બેસતો હતો અને સવાલો પૂછ્યા કરતો હતો, એટલો નાનો જ માનું છું. પણ તું હવે કેવો મોટો બની ગયો છે એ જોઈને જ મારાથી 'તું'કારીને બોલાતું નથી. પણ હવે વખત થોડો છે, એટલે એ બધું ભૂલી, પહેલાં તું મારો નાનકો સન-લૉક્સ હતો એમ જ માનીને બોલવા લાગીશ. તો બેટા, તું તારા બાપના વતનમાં જવાનો છે. મને એ વતન છોડયે ઓગણીસ વર્ષ થયાં. ત્યાં હું સારા માણસની રીતે જીવ્યો નહોતો. તારા બાપુને ઓળખતા ઘણા તને મળશે, જેમને તારા બાપુએ કંઈ ને કંઈ અવગુણ કર્યો હશે. હવે એ બધું મારાથી ધોઈ કાઢી શકાય તેમ નથી. પણ એક કામ મેં એવું કર્યું છે, જે મને રાતદિવસ કોરી ખાય છે. અને મારા વતી તું જઈને એને કંઈક ધોઈ આવે એ જ આશા આટલાં વરસ સુધી મેં મારા મનમાં રાખ્યા કરી છે. કેટલાંક માણસો, બેટા આ દુનિયામાં બીજાને દોષે દુઃખી થવા જ આવતાં હોય છે, — ખાસ કરીને સ્ત્રીઓ. હું જેની વાત કહેવા માગું છું, તે પણ એક સ્ત્રી હતી. તે અત્યારે ભાગ્યે જીવતી હોય — બિચારી મારાં અને તેનાં પાપો લઈને ક્યારનીય સ્વર્ગે પહોંચી ગઈ હશે — જોકે, તેનું કોઈ પાપ હું ગણાવી શકું તેમ નથી જ. ભગવાન તેને તેનાં દુઃખોનો બદલો જરૂર આપશે; પણ જો તે જીવતી હોય તો

અહીં પણ તેને થોડો બદલો જરૂર મળવો જોઈએ. પણ જે કંઈ બની ગયું છે તે પછી મારાથી ત્યાં જાતે જઈ શકાય તેમ નથી, તેથી હું તને ત્યાં મોકલવા માગું છું."

"મને બધી વાત ખુલાસાવાર કહો, બાપુ." માઈકેલે કહ્યું.

પછી સ્ટિફન ઓરીએ ભાગેલે અવાજે, અને ઓગણીસ ઓગણીસ વર્ષ સુધી અંતરમાં કંડારી રાખેલી આગને મોંએથી બહાર નીકળવા દેતો હોય તેમ, પોતાના જીવનની કહાણી પુત્રને કહી સંભળાવી — રાશેલ, તેનો બાપ, તેના બાપે આપેલો શાપ, એ બધું છોડીને રાશેલ પોતાની પાસે આવી ત્યારે પોતે તેના તરફ કેવું દુર્લક્ષ દાખવ્યું, અને છેવટે પોતે તેને કેવી ફેંટ મારી — તે વાત તેણે દુ:ખભર્યા નિસાસા સાથે કહી સંભળાવી. પછી રાશેલે છેવટે આપેલી ધમકી, અને તે ડરનો માર્યો પોતે કેવો તે ટાપુ છોડીને ભાગ્યો તે વાત; અહીં લિઝાને કેવી રીતે ભેગો થયો તે વાત; તેની સાથે પોતે કરેલું લગ્ન, તેની સાથે ગુજારેલા હીણપતભર્યા દિવસો, પુત્રનો જન્મ, અને પુત્રને એ દુષ્ટાની અસરમાંથી બચાવવા પોતે દરિયામાં નાખી દેવાનો કેવો નિશ્ચય કર્યો — એ બધું જ તેને કહી સંભળાવ્યું. એ બધું કહેતી વખતે બીજાના દોષ ઉપર ભાર મૂકવાને બદલે પોતાનો જ દોષ તેણે મોટો કરીને બતાવ્યા કર્યો.

માઈકેલ આભો બની બધું સાંભળી રહ્યો. કેટલીક વાર તે ગુસ્સે થઈ જતો, તો કેટલીક વાર ડરી જતો. પણ છેવટે કેવળ કરુણાથી ગદ્‌ગદ્‌ થઈ જઈ તેણે પોતાના બાપુના જંગી પંજા પોતાના ધ્રૂજતા પંજામાં પકડી લીધા.

"તો બેટા, હવે તેં બધું જાણ્યું. મારાથી ત્યાં શાથી પાછા જવાય તેમ નથી, તે પણ તેં સાંભળ્યું. કારણકે, મારી અને રાશેલની વચ્ચે હવે બીજી સ્ત્રી આવી ગઈ છે — જોકે તે ગુજરી ગઈ છે, છતાં તે મારી અને એની વચ્ચે હંમેશ મોજૂદ રહેવાની જ. પણ પેલી જે

મારા વતનમાં છે, તે જો જીવતી હોય, તો તે કાયદેસરની મારી પત્ની છે. તેને હું એવી કંગાળ હાલતમાં છોડીને આવ્યો છું, કે તેને મદદ કરનાર કે તેની સંભાળ રાખનાર કોઈ જ નથી. તેના બાપને કારણે તેના તરફ તિરસ્કાર દાખવવામાં આવતો હશે અને મારે કારણે ધિક્કાર. માઈકેલ, તું તેની પાસે જઈશ, બેટા?"

માઈકેલને આ પ્રશ્ન પૂછતી વખતે સ્ટિફન ભૂલી ગયો કે, જેને તે રાશેલની અને પોતાની વચ્ચે આવેલી માને છે, તે લિઝાનો જ માઈકેલ પુત્ર હતો. તે તો એમ જ માનતો હતો કે, માઈકેલ પોતાનો પુત્ર છે, એટલે પોતાની પેઠે લિઝાને તે પણ શાપરૂપ જ માનશે!

માઈકેલે તેને કશો જવાબ ન આપ્યો. સ્ટિફને જ આગળ બોલવા માંડયું, "હું તો ખરાબમાંથી બદતર જ બનતો ચાલ્યો છું, માઈકેલ; પણ આ બધા દિવસોમાં હું તને મારે વતન મોકલવાના ઈરાદાથી જ પૈસા ભેગા કરતો આવ્યો છું; જેથી તું ત્યાં જાય, રાશેલને શોધી કાઢે, અને તે જીવતી હોય તો તેનો ટેકો બની રહે. અને જો તે મરી ગઈ હોય – તો ભલે બિચારી દુ:ખમાંથી છૂટી – પણ હું તેની પાસેથી નાસી છૂટયો ત્યારે તે બે-જીવ સોતી હતી, એટલે એના બાળકને પણ અવશ્ય શોધી કાઢજે. તે તો તેની મા કરતાં પણ વધુ નિરાધાર સ્થિતિમાં – ઘોર કંગાલિયતમાં જ સબડતું હશે. તેને પણ તેની માને ખાતર અને મારે ખાતર તારે બચાવી લેવાનું રહેશે. માઈકેલ, બેટા, તું એમ કરીશ?"

છતાં માઈકેલે કશો જવાબ ન આપ્યો.

"બેટા, આજથી બરાબર ચૌદ વર્ષ પહેલાં ભગવાને મારો હાથ પકડી રાખી, તને ડુબાડી દેતો બચાવી લીધો. બરાબર આજે રાતે જ એ વાતને ચૌદ વર્ષ થશે. જ્યારે હું તને તેડીને પાછો કિનારે આવ્યો, ત્યારે તારી મા લિઝા મરેલી હાલતમાં આ ઘરમાં પડેલી હતી. એ જ મારા માર્ગમાં અંતરાયરૂપ હતી. તેને મરેલી જોઈ મેં વચન લીધું હતું

કે, હું જાતે તો પાછો રાશેલ પાસે નહીં જઈ શકું, પણ તને તો જરૂર મોકલીશ જ. બેટા, હું મારું એ વચન પાળવા માગું છું. તું જઈશ ?"

"હા, હા, બાપુ," માઈકેલ ઓચિંતો ઊભો થતો બોલી ઊઠયો; "બાપુ મને એ કયાં મળશે ?"

"હું તો તેને રેક્જાવિકમાં છોડીને ચાલી નીકળ્યો હતો; અત્યારે તે કયાં હશે તે તો શી ખબર ?"

"કંઈ વાંધો નહિ; હું આખી દુનિયા ખૂંદી વળીશ. જયારે તે મને મળશે, ત્યારે હું તેમનો દીકરો થઈને રહીશ; અને તે મારાં મા થશે."

"બેટા, બેટા, જીવતો રહે!" સ્ટિફન પોકારી ઊઠયો.

"જો તે મરી ગયાં હશે, અને મને ભેગાં નહિ થાય, તો હું તેમના સંતાનને શોધવા દુનિયા ખૂંદી વળીશ. અને જયારે તે મને જડશે, ત્યારે તે મારું સગું ભાંડુ બની રહેશે."

"બેટા, બેટા!" સ્ટિફન ઓરી આગળ બોલવા ગયો, પણ તેના મોંમાંથી શબ્દો જ ન નીકળી શકયા. માત્ર તેની આંખો ભીની થઈ ગઈ. તેના અંતર ઉપરથી વીસ વીસ વર્ષનો ભાર જાણે અચાનક ઓછો થઈ ગયો હતો.

૮

ઘોર અંધકાર : મનનો અને રાત્રીનો

બપોર થઈ ગયા હતા. બંદરમાં આઈરિશ જહાજ ઉપર કાપડ, બટાટા, ઢોર, અને ઘેટાં ચડાવાતાં હતાં. ઓટ શરૂ થાય એટલે તે અખાતમાંથી બહાર જઈ લાંગરવાનું હતું અને પછી નવ વાગ્યે ઊપડવાનું હતું. દરમ્યાન માઈકેલે પરવાનાની ગોઠવણ કરી લેવાની હતી અને સાડા આઠ વાગ્યે ધક્કા ઉપર પિતાને ભેગા થવાનું હતું.

એ દરમ્યાન એણે ગ્રીબાને પણ મળવાનું હતું; પરંતુ એ વસ્તુ સહેલી ન હતી. લૉગ્યૂ-મથકે ખબર પહોંચી ગયા હતા કે માઈકેલ ચાલ્યો જતો હતો, અને સૌ અંદરખાને એ જાણી ખુશ થયાં હતાં. ગ્રીબા તેને વિદાય આપવા થોડી વાર બંદરે જાય એમ નક્કી થયું છે એમ તેના ફેરબ્રધર-ભાઈઓએ જાણ્યું કે તરત તેઓએ તેને એમ કરવાની મના ફરમાવી દીધી.

ગ્રીબાને હવે ખુલ્લંખુલ્લા મળવાનું તો શક્ય ન રહ્યું, એટલે માઈકેલે કોઈ ને કોઈ છૂપી વેતરણ કરવાની થઈ. પણ ગ્રીબાને એમ ગુપ્તપણે મળવું શી રીતે? પરંતુ પુરુષને જે યુક્તિ ન જડી, તે સ્રીને તરત જડી. ગ્રીબાએ માઈકેલને કોઈની મારફત ખબર પહોંચાડી દીધી કે, બૅલ્યૂર ઉપર ચરવા ગયેલાં વાછરડાંને સાંજે હાંકી લાવવા ગ્રીબા પોતે આજે જવાની છે : અર્થાત્ નદીના પુલ આગળ પાછા ફરતી વખતે તેનો ભેટો થઈ શકે.

તે પ્રમાણે બંને અજાણતાં જ ભેગાં થયાં હોય એમ મળ્યાં. પછી ગ્રીબાએ સહેજ પૂછતી હોય એમ પૂછ્યું, “તમે જવાના કેમ? તમે ખરેખર જશો જ એમ હું માનતી ન હતી.”

"કેમ વળી?"

"એ તો શી ખબર! હાં ભલા, સાંભળ્યું છે કે, આઈસલૅન્ડમાં છોકરીઓ તો ઢગલાબંધ છે; – ભલે તેઓમાં કઈ માલ ન હોય!"

"વાહ, મેં તો સાંભળ્યું છે કે, ત્યાં બહુ સારી છોકરીઓ હોય છે!" માઈકેલે પણ મજાક જ આગળ ચલાવી.

ગ્રીબાએ તુચ્છકારમાં માથું ઉછાળીને કહ્યું, "બહુ સારી છોકરીઓ ન જોઈ હોય તો! વાત તો સાંભળો – છોકરી જો કંઈકે પાણીદાર હોય, તો તેને સારી સોબત, સારા લોકો, સારા મોજશોખની અપેક્ષા રહે જ."

"તો તું પણ પાણીદાર હોઈ છેવટે લંડન તરફ જ પાછી ચાલી જવાની, ખરું ને?"

"લંડન જવાનું કોણે કહ્યું? લૅગ્યૂમાં મારા છ-છ ભાઈઓ છે; મારે શી મણા છે?"

"મને તો લાગે છે કે, હું પાછો આવીશ તે પહેલાં તેઓ તને ઠેકાણે પાડી દેશે, અથવા તો બીજો કોઈ આવીને તને ભરમાવી જશે."

"અમારી વાત અમારી પાસે રહી; પણ પોતે તો ત્યાંની કોઈ ને કોઈ રૂપવંતીને પરણી બેસવાના, એ નક્કી જ છે."

"કદાચ!" એમ બોલી માઈકેલે આડું જોયું.

બંને હવે ચૂપ ઊભાં રહ્યાં. માઈકેલ આડું જ જોઈ રહ્યો હતો. ગ્રીબાએ હાથમાંની ડાળખી એક-બે વખત તોડી એનો અવાજ આવ્યો. પણ બંનેમાંથી કોઈ હવે કશું બોલી શકે તેમ રહ્યું ન હતું.

થોડી વારે ગ્રીબા જ બોલી, "હું જાઉં ત્યારે; મારા ભાઈઓ નહીં તો મને શોધવા નીકળી પડશે."

"હું તારી સાથે લૅગ્યૂ સુધી તને મૂકવા આવું છું – અંધારું થઈ ગયું છે."

"ના, ના; તમારે આવવાની જરૂર નથી."

માઈકેલે તેનો હાથ પકડીને પૂછ્યું, "કેમ પણ?"

"મારા ભાઈઓને તમે ઓળખતા નથી; તમને મારી સાથે જુએ તો તમારી એવી ગત બનાવે કે—"

"એ છયે જણા ભલે પુત્રને સામે છેડે તૈયાર થઈને ઊભા હોય, અને મારે તેમની વચ્ચે થઈને નીકળવાનું હોય તોપણ તને આ અંધારામાં એકલી તો નહીં જ જવા દઉં."

બંને જણ હવે ઘર તરફ સાથે સાથે ચાલવા લાગ્યાં.

થોડી વારે ગ્રીબાએ તીખે અવાજે પૂછ્યું, "જો એ દેશ તમને એટલો બધો સારો લાગે છે તો તમે ત્યાં નિરાંતે ઠરીને રહેશો પણ ખરા, ખરું ને?"

"ના; મારે ત્યાં રહેવું પડે તેથી વધુ એક ક્ષણેય નહિ રહું."

"કેમ?"

"શી ખબર?"

"પણ કેમ?"

માઈકેલે કશો જવાબ ન આપ્યો; એટલે ગ્રીબા ખડખડાટ હસી પડી.

"વાહ, તને હસવું શેનું આવે છે? કદાચ હું જાઉં છું તે તને એટલી આનંદની વાત લાગતી હશે—" માઈકેલ જરા દુભાઈને બોલ્યો.

"તમને જ જવાનું બહુ ગમે છે વળી; અમારે માથે દોષ શાના દો છો?"

પણ હવે તેઓ લંગ્યૂ નજીક આવી ગયાં હતાં. વાછરડાં તો વાડા સુધી પહોંચી પણ ગયાં હતાં.

"તમે હવે પાછા વળી જાઓ." ગ્રીબાએ નિસાસો નાખીને કહ્યું.

"ગ્રીબા," માઈકેલ દુ:ખી અવાજે બોલ્યો.

"શું કહેવું છે? પણ મહેરબાની કરીને ધીમે અવાજે બોલજો," એમ કહી ગ્રીબા માઈકેલની સટોસટ આવીને ઊભી રહી.

"ગ્રીબા, ધાર કે મારે લાંબો વખત ત્યાં રહેવું પડે — કદાચ ઘણાં વરસો સુધી; તોપણ આપણે બંને એકબીજાને ભૂલી જઈશું ખરાં?"

"ના, ના; ભૂલી તો નહિ જ જઈએ." ગ્રીબા હવે ભાગી પડવા લાગી હતી.

"પણ ત્યારે એકબીજાને સંભારીશું પણ ખરાં?"

"કેવા ભોળા છો તમે? ભૂલીએ નહિ એટલે યાદ જ કર્યા કરીશું, એવો જ અર્થ થાય ને?"

"જો ગ્રીબા હવે તો હસવાનું છોડ; મારે જવાનો વખત થયો છે — તો મને એક વચન આપ, તો હું નિરાંતે જઈ શકું." એમ કહી માઈકેલે ગ્રીબાને કાનમાં બહુ ધીમેથી કશુંક કહ્યું.

તરત ગ્રીબા હસતી હસતી છલંગ મારીને વેગળી નાઠી; પણ માઈકેલે બે ઠેકડામાં તેને પકડી પાડી. તેણે હાંફતાં હાંફતાં ગ્રીબાને કહ્યું, "છોકરવિદ્યા છોડ; મને વચન આપ કે, તું મારી રાહ જોશે."

ગ્રીબાએ હસતાં હસતાં જ જવાબ આપ્યો, "જાઓ હું વચન આપું છું કે, તમે દૂર ગયા હશો તે દરમ્યાન મને કોઈ ભરમાવી નહિ જાય, બસ! હવે જાઓ!"

"મને કંઈક તારું સંભારણું આપ."

ગ્રીબા હવે ગાભરી થઈ ગઈ. તેણે તરત રસ્તાની કિનારી ઉપર ખીલેલાં બે જંગલી ફૂલ તોડયાં, અને તેમને ચુંબન કરી, એક માઈકેલને આપ્યું અને બીજું પોતાની છાતી આગળના પડમાં દબાવી દીધું.

ત્યાર પછી તેણે રડતે અવાજે કહ્યું, "આવજો!"

"આવજે!" માઈકેલે પણ જવાબમાં કહ્યું.

ગ્રીબા થોડાં ડગલાં દોડી ગઈ; પણ માઈકેલે તેને ફરી પકડી પાડી. આ વખતે તો તેણે એક હાથે તેને કમરેથી પકડીને અને બીજો હાથ તેના ગળાની આસપાસ વીંટીને, તેનું મોં ઊંચું કરી, તેના હોઠ ઉપર ચુંબન જ કરી લીધું. ગ્રીબાના ગળામાંથી હસવાનો ઘરઘરાટ નીકળી પડયો.

માઈકેલે તેના પોતા તરફ ઊંચા થયેલા મોં ઉપર ઝૂકીને કહ્યું, "યાદ રાખજે!"

અને બીજી ક્ષણે તે અંધારામાં પાછો ફરી ગયો.

ઘેર ગ્રીબાના ભાઈઓ બૂમો પાડતા હતા, "વાછરડીઓ તો ક્યારની આવી ગઈ, પણ પેલી નાનકી કોણ જાણે ક્યાં ગઈ?"

ગ્રીબાએ મોટાભાઈ ઍશરની પાસે જઈ પહોંચીને કહ્યું, "ભાઈ, આ દરવાજાનો નચૂકો કોણ જેવો કેવો કટાઈ ગયો છે – કેમે કર્યો ભિડાતો જ નથી."

૨

માઈકેલ સન-લૉક્સ નક્કી કરેલે સમયે બંદરે પહોંચી ગયો.

સ્ટિફન ઓરી હોડી તૈયાર કરીને રાહ જોતો ઊભો હતો. માઈકેલ બેસી ગયો એટલે તેણે તરત હોડી હંકારી મૂકી. તેઓ બંદર બહાર નીકળ્યા ત્યારે દૂર આઈરિશ જહાજના દીવા દેખાતા હતા. જોકે શહેર ધુમ્મસ હેઠળ ઢંકાઈ ગયું હતું.

થોડો પવન શરૂ થતાં સ્ટિફન બોલ્યો, "ધુમ્મસ ઊંચું ચડવા લાગ્યું છે, એટલે થોડી વારમાં પવન ફૂંકાવા લાગશે." તેને કંઈક બોલવું હતું પણ ક્યાંથી શરૂ કરવું એ તેને સમજાતું ન હતું. એટલામાં પૉઈન્ટ ઑફ આયર તરફ તેની નજર પડતાં તે બોલી ઊઠયો, "ત્યાં દીવાદાંડી ક્યારે બંધાશે? બહુ જોખમકારક જગા છે."

"વસંતની ભરતી પછી."

તેઓ હવે આઈરિશ જહાજ અને બંદરની અધવચ આવ્યા હતા. સ્ટિફને હલેસું પોતાની બગલમાં દબાવી, ખિસ્સામાંથી પૈસાની થેલી ખેંચી કાઢી.

"આ લઈ લે." તેણે થેલી માઈકેલ તરફ ધરતાં કહ્યું.

"ના, ના." માઈકેલે પોતાનો હાથ પાછો ખેંચી લેતાં કહ્યું; અને થોડી વાર બાદ ઉમેર્યું, "બાપુ, મિ૦ ફેરબ્રધરે મને પચાસ પાઉંડ આપ્યા છે. હવે મારે વધારે શું કરવા છે?"

સ્ટિફન ઓરી થોડી વાર ચૂપ રહ્યો, અને બોલ્યો, "મને લાગે છે કે, મારા જેવાના પૈસાને તું અડે જ નહિ."

માઈકેલને એ શબ્દો ચાબખાની પેઠે ચોટી ગયા.

"બાપુ, કેટલા પૈસા છે?"

"બસોએક પાઉંડ હશે."

"તમને એ ભેગા કરતાં કેટલો સમય ગયો?"

"ચૌદ વર્ષ."

"અને એ ચૌદે વર્ષ દરમ્યાન તમે એ પૈસા મને આપવા જ ભેગા કર્યા હતા, ખરું ને?"

"હા, બેટા."

"મને આઈસલૅન્ડ પાછો મોકલી શકાય તે માટે, ખરું?"

"હા."

"હવે તમારી પાસે શું બાકી રહ્યું?"

"બહુ ખાસ નહિ."

"છતાં કેટલુંક?"

"મને ખબર નથી — ભાગ્યે બાકી રહ્યું હશે."

"તમારી પાસે હવે કશું જ રહ્યું નથી ને?"

સ્ટિફને કશો જવાબ ન આપ્યો.

"તમારી પાસે હવે કશું રહ્યું છે, બાપુ?" માઈકેલે જક કરીને પૂછ્યું.

"ના."

"બાપુ, આપણે હવે જુદા પડવાના છીએ; કદાચ જલદી પાછા ભેગા નહિ થઈ શકીએ. મેં તમને એક વચન આપ્યું છે; તો તમે મને એક વચન આપશો?"

"શું વચન?"

"કે તમે હવે એ રસ્તે ફરી પૈસા ભેગા કરવા પ્રયત્ન નહિ કરો."

"પણ હવે એમ કરવાની જરૂર જ નહિ રહે ને?"

"પણ તમે મને વચન આપો છો?"

"હા."

"તો હવે તમે મને એ પૈસા આપો."

સ્ટિફને થેલી માઈકેલના હાથમાં મૂકી દીધી.

"તમારી ચૌદ વર્ષની જિંદગીની આ કમાણી છે, ખરું ને?"

"હા, એમ કહી શકાય."

"હવે એ પૈસા મારા છે, એટલે હું એનું જે ઇચ્છું તે કરી શકું, ખરું ને?"

"હા, બેટા, તારે એ પૈસાનો જે ઉપયોગ કરવો ઠીક લાગે તે કરજે."

"તો મને એ પૈસા તમને પાછા આપી દેવા ઠીક લાગે છે. તમે એ લઈ લો. પણ થોભો! તમારું વચન યાદ રાખજો, બાપુ; કારણ, તમારી બાકી રહેલી જિંદગી એ પૈસા આપીને એક રીતે હું ખરીદી જ લઉં છું."

૩

માઈકેલ જહાજ ઉપર પહોંચી ગયો ત્યાર પછી પણ બંદર તરફ પાછા ફરવાને બદલે સ્ટિફને હોડી દરિયા તરફ આગળ જ લીધી.

પછી જ્યારે જહાજે લંગર ઉપાડયું અને પૉઈન્ટ ઑફ આયર તરફ તેણે આગળ વધવા માંડયું, ત્યારે સ્ટિફન હોડીને થંભાવી, અંધારામાં પોતાની પાસે થઈને પસાર થતા એ જહાજને જોઈ રહ્યો. પોતાના વિદાય થતા દીકરાની નજીક રહેવાય ત્યાં સુધી રહેવા માટે જ તે એ તરફ આવ્યો હતો.

સ્ટિફનને અચાનક થઈ આવ્યું કે પોતે પોતાના લાડકા પુત્રને આ છેલ્લી વાર જ મળે છે – હવે આ દુનિયામાં ફરી તેઓ ભેગા થઈ શકવાના નથી. તરત જ તેનું કર્કશ હૃદય પણ ઢીલું થઈ ગયું અને તે ડૂસકે ડૂસકે રડી પડયો.

એમ તે દરિયા ઉપર ક્યાં સુધી સ્થિર બેસી રહ્યો તેનું તેને ભાન ન રહ્યું. તેના અંતરમાં આઈસલૅન્ડના પોતાના બેજવાબદાર જીવનનાં ભૂંડાં સંભારણાં ઊભરાઈ આવ્યાં; અને પછી મૅન-ટાપુ ઉપર આવીને પોતે જે કંઈ કર્યું હતું તે બધાનાં પણ. એ બેમાંથી કયું જીવન ભૂંડું હતું તે એ નક્કી ન કરી શકયો. આઈસલૅન્ડમાં તેણે તેને ચાહતી પત્ની તજી દીધી હતી, અને અહીં મૅન-ટાપુમાં પોતે જેને ચાહતો હતો તે પુત્રને અબઘડી તજ્યો હતો. હવે તેની પાસે શું બાકી રહેતું હતું? કશું જ નહિ. તે પોતે બધાથી તિરસ્કૃત, બધાથી અછૂત મનાતો એવો એકલો બાકી રહેતો હતો! જો સંજોગો જરા જુદા હોત, તો પોતે શું થઈ શક્યો હોત તેનો વિચાર તેને આવ્યો. અને તરત જ તેના વિચારો બદલાવા લાગ્યા. પોતે વચગાળામાં સારા થવા જે કંઈ પ્રયત્નો કર્યા તેનાથી શું સારું પરિણામ આવ્યું, વારુ? તેનો સન-લૉક્સ હવે નાનકો સન-લૉક્સ નહોતો રહ્યો. તેની આગળ તેને શરમાવા જેવું – દબાવા જેવું થયું હતું. શા માટે? એ પોતે બીજા કોઈનો વિચાર કરવાને બદલે પોતાને માટે જ જીવ્યા કર્યો હોત, તો તેને કોની આગળ શા માટે શરમાવું પડત, ભલા?

સેતાન સ્ટિફનના મનમાં આ બધો ઉત્પાત મચાવી રહ્યો હતો,

ત્યારે ઈશ્વર પણ કશું કર્યા વિના રહ્યા ન હતા. અલબત્ત, તેમની કામગીરીની કળા અકળ હોય છે, એ ખરું.

અચાનક દરિયામાં ભરતી આવવાનો અને પાણી કિનારા ઉપર અફળાતું હોવાનો અવાજ સંભળાયો. તે જ ઘડીએ પૉઇન્ટ ઑફ આયર તરફથી આવતો દીવાનો પ્રકાશ તેની નજરે પડયો. તેણે જોરથી હલેસું મારીને હોડી દરિયા તરફ લીધી. એ બધું થતાં ત્રણ જ મિનિટની વાર લાગી હતી; પણ તેના ખ્યાલમાં એટલી વાત એ દરમ્યાન આવી ગઈ કે, રેતાળ પથ્થરના પુસ્તા ઉપર દીવો મૂકવાની પેટી તાજેતરના તોફાનમાં તૂટી-ફૂટીને દરિયામાં ઘસડાઈ ગઈ હતી; અને તેથી એક થાંભલો વીખરાઈ પડેલા પથ્થરોમાં આડો ખોસી તેને છેડે દોરડું બાંધી એક દીવો પાણી ઉપર અધ્ધર લટકાવવામાં આવ્યો હતો.

આ બધું તે બીજા વિચારોમાં મગ્ન હતો તે દરમ્યાન જ તેના મગજમાં નોંધાઈ ગયું.

ધુમ્મસ ઊડવા લાગ્યું હતું, છતાં રાત હજુ કાળી-અંધાર જ હતી. એક પણ તારો ચમકતો ન હતો કે ચંદ્રે પણ દેખા દીધી ન હતી. છતાં સ્ટિફનની ખલાસીની આંખ ઉત્તર તરફ કશુંક કાળું કાળું જોઈ શકી. પેલું આઇરિશ જહાજ તો કયારનું દેખાતું બંધ થયું હતું; તો પછી આ શું હોઈ શકે? હા – હા, એ કાળું વાદળ હશે, – એટલે કે તોફાનની આગાહી! ના, ના, એ તો વધતું જાય છે — મોટું ને મોટું થતું જાય છે — પાસે ને પાસે આવતું જાય છે; — અરે એ તો જહાજનો સઢ છે! ધીમે ધીમે સ્ટિફન જોઈ શકયો કે, બે કૂવાથંભવાળું એ તો ડબ્લિનનું જહાજ હતું — આઇસલૅન્ડથી આયરૂલૅન્ડ તરફ જવા નીકળ્યું હશે; – વ્હાઇટ હેવને જઈ આવીને હવે તે રૅમ્સે બંદરે જઈને લાંગરશે.

— સ્ટિફનના મનમાંથી નવા ઊભા થયેલા બધા વિચારો ઘસડાઈ ગયા, અને અત્યાર સુધીની ટેવ મુજબના વિચારો તેમની જગાએ ધસી આવ્યા. આ જહાજ આઈસલૅન્ડથી પુષ્કળ માલ ભરીને આવતું

હોવું જોઈએ — તે જો આ તરફના છીછરા ખડકાળ કિનારાવાળા દરિયા તરફ આવીને તૂટી જાય, તો તેનો માલસામાન ઉપાડી લઈ, ચિકન રૉક્સ આગળ પડ્યા-પાથર્યા રહેતા એક ફ્રેન્ચ દાણચોરને વેચી નાખી, સારા પૈસા ઊભા કરી શકાય! આ પૉઈન્ટ ઑફ આયર આગળ થાંભલે લટકાવેલો આ એક જ દીવો છે, જે જોઈને ટાપુની ઉત્તરે આવેલા આ છીછરા અને ખડકાળ કિનારાવાળા ભાગની જાણ જહાજવાળાઓને થઈ શકે. આસપાસ માઈલોના માઈલો સુધી બીજે ક્યાંય ઝૂંપડું સરખું નથી કે જ્યાં કોઈ જાતનો દીવો કે પ્રકાશ હોય. આ દીવો કોઈ ઓલવી નાખે, તો જહાજ પવનના અને વહેણના જોરે આ તરફ જ ધસ્યું આવે, અને થોડી જ વારમાં તેના ભૂકા બોલી જાય. દીવાદાંડી ન હોવાથી માત્ર આ દીવાને આધારે જ જહાજવાળાઓ આ તરફના ખડકોથી દૂર દરિયા તરફ રહે છે.

સ્ટિફન ક્ષિતિજ-રેખા ઉપર મોટા ને મોટા થતા જતા એ ડાઘા તરફ જોઈ જ રહ્યો. તેના મનમાં અવળા વિચારો ઊભરાતા ચાલ્યા. હું જ આ દીવો તોડી નાખું, તો એ જહાજ જરૂર આ તરફના ખડકો ઉપર અફળાઈને નાશ પામે! સ્ટિફને પોતાની હોડીને તરત પૉઈન્ટ ઑફ આયર તરફ લીધી, અને બે મિનિટમાં તો તેણે થાંભલા ઉપર લટકતા પેલા ફાનસને તોડી જ પાડ્યું. ફાનસ તૂટીને પાણીમાં પડ્યું અને બધે અંધારું-અંધારું થઈ ગયું.

એ જહાજમાં સ્ટિફનને શોધીને મારી નાખવાની પ્રતિજ્ઞા લઈને નીકળેલો તેનો રાશેલથી થયેલો પુત્ર જૅસન પણ હતો. સ્ટિફને તો એ જહાજ તૂટી જાય પછી તેમાંનો હાથ લાગે તેટલો માલસામાન લૂંટી લેવા જ ફાનસ તોડી પાડ્યું હતું.

સ્ટિફન હવે હોડીને કિનારાથી દૂર હંકારી ગયો. પણ દરમ્યાન પવન વધવા લાગ્યો હતો, એટલે સઢ છોડવા તે ઊભો થયો. તે જ વખતે તેના ખોળામાંથી કશુંક નીચે પડ્યું. તેનો અવાજ સાંભળી

સ્ટિફને નીચે નમી તેને હાથમાં લઈને જોયું, તો માઈકેલ સન-લૉક્સે તેને પાછી આપેલી પૈસાની થેલી હતી.

તરત જ કોઈએ તેના માથામાં ફટકો માર્યો હોય તેમ તે ધબ લઈને પાછો નીચે બેસી પડયો. તે જ વખતે મોજાં ઉપર ચડીને દૂરથી આવતો માઇકેલ સન-લૉક્સનો અવાજ તેને સંભળાયો : 'તમે હવે **એ** રસ્તે ફરી પૈસા ભેગા કરવા પ્રયત્ન નહિ કરો. તમારું વચન યાદ રાખજો બાપુ, તમારી બાકી રહેલી જિંદગી હું ખરીદી લઉં છું.'

સ્ટિફનનું હૃદય ધબકતું બંધ પડી જવા લાગ્યું. તેણે પેલા પુસ્તા તરફ નજર કરી, તો ત્યાં હવે દીવો ન હતો. તેણે પેલા જહાજ તરફ નજર કરી, તો તે હવે આ તરફ જ આવતું હતું. એક-બે-ત્રણ મિનિટો એમ જ પસાર થઈ ગઈ; દરમ્યાન એ જહાજ નજીક જ આવતું જતું હતું. એ જહાજ ઉપર જીવતા માણસો હશે, અને તેઓ તેમના મોત તરફ જ અજાણમાં ધસી રહ્યા છે; તેમને પત્નીઓ હશે જેઓ તેમને ચાહતી હશે; અને છોકરાં હશે, જે તેમને ઢીંચણે ચડીને રમવા આતુર હશે. પણ પોતે ફાનસ તોડી પાડયું, તે પહેલાં તેઓએ એને જોઈ લીધું હોય તો કેવું સારું! પણ અરેરે! જહાજ તો આ તરફ જ સીધું આવતું જાય છે; જરાય દૂર ફંટાતું નથી. તેમણે એ ફાનસ નહીં જ જોયું હોય; કાળઅંધાર ખડકોને કાળઅંધાર દરિયો માનીને તેઓ સીધા આ તરફ આવ્યે જાય છે!

સ્ટિફન અકળાઈ ઊઠયો — ગભરાઈ ઊઠયો. તેણે સીધા એ જહાજ સામે ધસી જઈ, એ લોકોને ચેતવવા જવાનો વિચાર કર્યો. તેણે હોડી જલદી જલદી એ જહાજ તરફ લીધી. પણ આ શું? તે જહાજથી થોડે દૂર રહ્યો એટલામાં તે ઉત્તર તરફના પ્રવાહમાં ઘસડાવા લાગ્યો. તેણે ખૂબ પ્રયત્ન કર્યો પણ તે જહાજ પાસે જઈ ન શકયો. પછી તેણે બૂમો પાડવા માંડી, પણ પવન તેના અવાજને જુદી દિશા તરફ જ ઘસડી જવા લાગ્યો.

હવે જાણે તેને ભૂત વળગ્યું હોય તેમ તે ગાંડો બની ગયો. તેણે વારંવાર એ જહાજ તરફ પહોંચવા પ્રયત્ન કરી કરીને બૂમો પાડવા માંડી. પણ જહાજ ઉપરનું કોઈ તેના અવાજને સાંભળી શક્યું નહિ કે તેની નાની હોડીને અંધારામાં જોઈ શક્યું નહિ.

૯

જૅસનનું આગમન

તે જહાજ 'પૉલૅરિલ' જ હતું અને રેક્જાવિકથી ચરબી, પીંછાં, કૉડ- અને શાર્ક- ઑઈલ વગેરે ભરીને ડબ્લિન પાછું ફરતું હતું. ઈસ્ટરના દિવસે રેક્જાવિકથી તે નીકળ્યું હતું અને શુક્રવારે વ્હાઈટ-હૅવને લાંગરી, પછીને દિવસે તે મૅન-ટાપુ પહોંચવા આઈરિશ સમુદ્રમાં દાખલ થયું હતું. રૅમ્સે બંદરથી દૂર દાણચોરીનો રમ-દારૂ લેવા તે થોભવાનું હતું. તેનો કપ્તાન અને મદદનીશ બંને અંગ્રેજો હતા, પણ ખલાસીઓ બે સિવાયના બધા આઈરિશ હતા. આઈરિશ સિવાયના બેમાં એક મૅન-ટાપુનો રહેવાસી મૅન્ક્સ હતો અને બીજો આઈસ-લૅન્ડનો જ વતની હતો.

જે મૅન્ક્સ હતો તે તો રીઢો ખલાસી હતો; તેણે વીસ વર્ષ માછીમારીનો ધંધો કર્યો હતો, અને બીજાં ઘણાં વર્ષો દાણચોરીનો. ત્યાર પછી તે જહાજ ઉપરનો કાયદેસર ખલાસી બન્યો હતો. તેનું નામ ડૅવી હતું, અને સરકારી ચોકિયાત જહાજોની ઝપટમાં આવી જઈ, ઘરડી ઉંમર જેલખાનામાં વિતાવવી ન પડે માટે ડાહ્યો બન્યો હતો.

બીજો જે આઈસલૅન્ડવાળો હતો તે વીસ વર્ષનો કદાવર બાંધાનો પહેલવાન જુવાનિયો હતો. જહાજનો એક આઈરિશ ખલાસી દરિયા વચ્ચે અધવચ મરી ગયો, તેની જગાએ તે રેક્જાવિકથી નોકરીએ ચડ્યો

હતો. તે મૂઢ જેવો અને ગમગીન પ્રકૃતિનો હોઈ, તેના સાથીદારો તેના ઉપર ખુશ ન હતા; અને તેને વારંવાર ચીડવ્યા કરતા. તે પોતાની સાથે કૅનરી પંખીનું એક પાંજરું લઈને જ આવ્યો હતો — બીજો કશો સામાન તેની પાસે ન હતો. એ કૅનરી પંખી સાથે તેને બહુ મમતા હતી; અને તેની તે બરાબર સંભાળ રાખતો. કોઈ કોઈ વખત બુઠ્ઠા ડૅવી સાથે તે કંઈ વાત કરતો — બાકીનાઓ સાથે તો કદી નહિ.

એ જૅસન હતો — રાશેલ અને સ્ટિફન ઓરીનો પુત્ર.

બ્રિટિશ ટાપુઓની આસપાસ પૉઈન્ટ ઑફ આયર આગળ આવેલી ખાડી જેવી ધોખાબાજ ખાડી બીજી કોઈ નથી. કારણકે ત્યાં ચાર-ચાર જોરદાર પ્રવાહો ભેગા થાય છે અને આઈરિશ સમુદ્રની એ નેળમાં ધમસાણ મચાવે છે. 'પૉવૅરિલ' જહાજ વ્હાઈટ-હૅવનથી ઊપડ્યા બાદ, ઉત્તર તરફના પ્રવાહમાં થઈ હવે મૅન-ટાપુ તરફ વળ્યું હતું. અંધારું થવા આવતાં પૉઈન્ટ ઑફ આયર ઉપરનો ઝાંખા જેવો દીવો કપ્તાનની નજરે પડયો. હંમેશ હોતો તે કરતાં આજે તેને એ દીવો કંઈક ઝાંખો લાગ્યો.

તેણે ડૅવીને બોલાવીને પૂછ્યું, "પેલો પૉઈન્ટ ઑફ આયરવાળો જ દીવો છે ને?"

"હા, હા, ચોખ્ખો દેખાય છે, વળી." તેણે જવાબ આપ્યો. એટલી ખાતરી કરી લઈને પછી કપ્તાન નીચે ચાલ્યો ગયો.

ડૅવી હવે સુકાન સંભાળવા લાગ્યો. જૅસનને તો દરિયા ભણી નજર રાખવાનું કામ કરવાનું હતું, એટલે અવારનવાર તે એની સાથે આવીને વાતો કરવા લાગ્યો. તે બધી તૂટક વાતોનો ભેગો સાર આ પ્રમાણે છે —

"આ પેલી તરફ જ તમારો મૅન-ટાપુ આવ્યો ને?" જૅસને પૂછ્યું.

"હા, દીકરા."

"ત્યાં તમે બહુ વખત રહ્યા છો?"

"તું જન્મ્યો હોઈશ તે પહેલાં ત્રીસ વર્ષ સુધી, કદાચ."

"તે વખતે મારા દેશનો કોઈ વતની તમારા ટાપુ ઉપર હતો ખરો?"

"એક જ હતો, દીકરા, એક જ."

"કેવોક હતો?"

"ભારે જંગી માણસ, પૂરો સાડા છ ફૂટ ઊંચો, અને ખાસ્સો જોરાળો. બહુ ખાટ્ટો માણસ, પણ આમ બહુ શાંત; ખૂબ જ શાંત, દીકરા.

"તેનું નામ શું હતું?"

"પૉલ?–ના! પિટર?–ના! હું છેક જ ભૂલી ગયો. પણ 'જૂના કરાર'માં એનું નામ આવે છે ખરું."

"સ્ટિફન?"

"બસ! એ જ. પણ એનું પાછળનું નામ મને યાદ નથી આવતું."

"ઓરી?"

"બરાબર, સ્ટિફન ઓરી! તો તું દીકરા એને ઓળખે છે કે શું?"

"ના રે ના."

"તેનો કંઈ સગો બગોય નથી થતો?"

"ના, ના. પણ તે હજુ જીવે છે?"

"હા, હા; તે મરી ગયો છે એવી મને ખબર હજુ મળી નથી, દીકરા."

"તે ક્યાં રહે છે?"

"પૉર્ટ ઑરિન તરફ, સામુદ્રધુની નજીક."

"ડેવી, આપણે રૅમ્સે બંદરે લાંગરવાના, ખરું ને?"

"જરૂર; કારણકે અંધારામાં દારૂ ખૂબ આવશે — ગૅલનના અઢાર પેન્સ; અને આપણાથી પિવાય એટલો તો મફત!"

"આપણે બંદરથી કેટલાક દૂર લાંગરવાના?"

"એક બે બિસ્કૂટ નાખીએ એટલા દૂર તો ખરા જ; એથી વધુ નજીક કદી નથી જતા."

"એટલું તો કંઈ ન કહેવાય, ડેવી." જેસન વિચારમાં પડી જઈ, બોલી ઊઠયો. ડેવી તેના મોં તરફ જોઈ રહ્યો.

ધૂમસનો જે ગોટો જહાજની આસપાસ દૂર સુધી વીંટાયો હતો, તે હવે ઊંચો થવા લાગ્યો અને પવન ફૂંકાવો શરૂ થયો. પાણી ઊછળીને તેની ઝાપટો જહાજ ઉપર વાગવા લાગી. એટલે તૂતક ઉપર કામગીરી બજાવનારા ખલાસીઓ બધા જ પલળી ગયા. તેઓ હવે નીચે ભંડકમાં ગયા ત્યારે ટાઢે ધ્રૂજતા હતા અને તમાકુ ચાવતા હતા. દીવો હજુ સળગ્યો ન હોવાથી, ટિચાતા-અફળાતા અને એકબીજા ઉપર પોતાનાં જાકિટોને છંટકારતા તેઓ એકબીજા સાથે બોલાબોલી કરતા હતા. એટલામાં અંધારામાં જ અચાનક કોઈ પંખીનો મીઠો અવાજ સંભળાયો. જેસન નીચે આવી ભીને કપડે જ પોતાના પથારીના ખાનામાં આડો પડયો હતો; તેની પાસે લટકાવેલા પાંજરામાંના તેના કૅનરી પંખીનો એ અવાજ હતો.

કૅનરીના અવાજથી ચોંકી કોઈએ ચકમક વડે દીવો સળગાવ્યો; પછી બધા હૂંફ માટે ટોળે વળી, ચુંગીઓ સળગાવી ફૂંકતા ફૂંકતા બેઠા. પેલું કૅનરી હજુ ગાયા કરતું હતું.

એક જણ બોલી ઊઠયો, "જરૂર તોફાન આવવાનું થયું છે, અને તોફાનનો ભૂત જ રાજી થતો આ પંખીને મોંએ ગાય છે."

"તો તો હું આ પંખીની ડોક મરડી નાખું, એટલે એ ભૂત પણ મરડાઈ જાય," એમ બોલતો એક ખલાસી ઊભો થયો.

ડેવી તરત જ બોલી ઊઠયો, "અલ્યા એય, એ પંખી તો પેલા છોકરડાનું પંખી છે."

"છોકરડો જહન્નમમાં જાય," એમ બોલતાં બોલતાં પેલાએ ઠેકડો મારી પાંજરાનું બારણું ઉઘાડી કેનરીની ડોકી દબાવી દીધી.

જેસને તેને મોંએથી બૂમ પાડી ચેતવવા પ્રયત્ન કર્યો હતો, પણ તે એ બાજુ પીઠ કરીને સૂતેલો હોઈ, તેને વખતસર રોકી ન શકયો.

તરત જેસન ઠેકડો મારતોકને પથારીના ખાનામાંથી કૂદી પડયો. પેલાની ગરદન ઉપર એક જ ફેંટ લગાવી તેને સીધો પાટડા તરફ ધકેલી દીધો. પછી પોતાનું માથું તેના મોં ઉપર અફાળી તે ત્રાડી ઊઠ્યો, "તારું હવે આવી બન્યું."

"બચાવો, બચાવો!" પેલો કરુણ અવાજે ચીસ પાડી ઊઠયો; જેસને તેના ગળા ઉપર મુક્કીની ભીંસ દીધી હતી.

બીજાઓ ખાસ ઉતાવળ કર્યા વિના ત્યાં આવ્યા અને તેમણે બંનેને છૂટા પાડયા. પેલો બફડતો અને ધમકી આપતો દૂર ચાલ્યો ગયો; પણ એક છોકરડાને હાથે તેની થયેલી વલે જોઈ સૌ પોતાનું હસવું રોકી શકયા નહિ.

ડેવી જેસન પાસે જઈને કહેવા લાગ્યો, "ઠીક કર્યું, ભાઈ; હું બધ્ધાઓને કહે કહે કરતો હતો કે, એ છોકરો શાંત છે અને ગુપચુપ બેસી રહે છે, તો પછી એને છેડયા ન કરશો; એક વખત એ ચિડાશે તો પછી તમારી કોઈની ખેર નથી. વાહ બેટા, તું જ્યારે પેલાને ઠોકતો હતો ત્યારે મને સ્ટિફન ઓરીની યાદ આવ્યા વિના ન રહી — એ બંદો બરાબર તારા જેવો જ હતો."

પણ તે જ વખતે ઉપરથી એકદમ અવાજ આવ્યો, "બધ્ધા દોડી આવો — જહાજ ખડક તરફ ધસી રહ્યું છે!"

વાત એમ બની હતી કે, જહાજ ઉપર બધા ખલાસીઓ બદલાયા, તે જ વખતે સ્ટિફન ઓરીએ ફાનસ તોડી પાડયું હતું. એટલે ડેવીએ જ્યારે સુકાનનો કબજો છોડયો અને બીજા આઈરિશ સુકાનીએ તેનો કબજો સંભાળ્યો, ત્યારે બંનેમાંથી કોઈની નજર દીવા તરફ ન હતી. અને પછી સ્ટિફન ઓરી જ્યારે બૂમો પાડી પાડીને જહાજવાળાઓને ચેતાવવા દોડી આવ્યો, ત્યારે નીચે કૅનરી પંખીવાળી ધમાલ ચાલતી હતી; એટલે તેનો અવાજ કોઈએ સાંભળ્યો નહિ. ધુમ્મસ અલબત્ત થોડું ઊંચું ઊઠયું હતું, છતાં ચંદ્ર કે તારાઓનું અજવાળું જરાય ન હોવાથી આકાશ એટલું બધું અંધારઘેરું હતું કે, પાસે જ ખડકાળ છીછરો દરિયો અને જમીન છે, એનું કશું એંધાણ દરિયા ભણી નજર રાખનારને મળ્યું નહિ.

પરિણામે જહાજ મોજાં અને પવનના જોરે સીધું કિનારા તરફ ઘસડાવા લાગ્યું. થોડા સમય પછી સુકાનીએ એક નાનોશો દીવો દૂર જોયો. તેણે માની લીધું કે એ પૉઈન્ટ ઑફ આયરનો દીવો છે. ખરી રીતે તે રૅમ્સે બંદરના ધક્કા ઉપરનો દીવો હતો.

મધરાત થવા આવી હતી. સુકાનીને અચાનક બે વધુ પ્રકાશિત દીવા દેખાયા. તેણે માન્યું કે રૅમ્સે બંદર આવ્યું; એટલે તેણે સુકાન તે તરફ વાળ્યું. પણ દરિયા તરફ નજર રાખનારો માણસ અચાનક બોલી ઊઠયો, "બધ્ધા ઉપર દોડી આવો – જહાજ ખડક તરફ ધસી રહ્યું છે."

એ અવાજ નીચે ભંડકમાં પહોંચતાં બધા ઉપર દોડી આવ્યા. બધાએ જોયું કે, કાળા અંધારામાં જોરદાર ભરતી ખડકાળ કિનારા તરફ જહાજને ધકેલી રહી હતી; અને ખડકો સાથે પછડાઈને છિન્નભિન્ન થતાં મોજાં પાસે જ દેખાતાં હતાં.

કપ્તાને તરત લંગર નાખવાનો હુકમ આપ્યો. પરંતુ ઘણું મોડું થઈ ગયું હતું. લંગર હજુ તો જમીનને અડકે તે પહેલાં જહાજ રૅમ્સેના અખાતના છીછરા પાણી તળેની ખડકાળ કાંગરીમાં ફસાયું,

અને દરેક મોજું તેને હથોડાની પેઠે ખડકના ધારદાર દાંતાઓમાં ઠોકી ઠોકીને ઘુસાડવા લાગ્યું.

સુકાનીએ બે દીવા જોયા હતા તેમાંનો એક તો પૉર્ટી-વૂલીમાં આવેલા સ્ટિફન ઓરીના ઘોલકાનો હતો. માઈકેલ સન-લૉક્સને વળાવવા ગયો ત્યારે સ્ટિફન એ દીવો સળગતો મૂકીને જ ગયો હતો —રાતે પાછા ફરતાં નિશાન રહે તે માટે. અને બીજો દીવો ત્રણ વણકરોના ઝૂંપડાનો હતો. તેઓ ત્યાં ચાલીસ ચાલીસ વર્ષથી રહેતા હતા — સ્ત્રી, છોકરાં કે બાળક વગર. તેમાંના બે ભાઈઓ હતા, જેઓ સિત્તેર વર્ષથી વધુ ઉંમરના હતા; અને તેમનું ઘરકામ કરનારો સાથી જુઆન નેવું વર્ષનો હતો. તે પેલા બે ભાઈઓના બાપનો સાથી હતો. ડૅમી અને જૅમી બંને ભાઈઓ જેમ જેમ ઘરડા થતા ચાલ્યા, તેમ તેમ તેમને સાળ ઉપર કામ કરવા માટે છેલ્લાં પાંચ વર્ષથી દરેક વર્ષે એક એક મીણબત્તી વધારવી પડતી હતી. એટલે છાપરા ઉપરથી લટકાવેલી દીપદાનીઓમાં અત્યારે આઠ મીણબત્તીઓ સળગતી હતી.

જુઆન કંઈ કામ માટે ઝૂંપડી બહાર જઈને પાછો આવ્યો ત્યારે બોલ્યો, "પૉઈન્ટ ઑફ આયર ઉપરનો દીવો આજે પણ ઓલવાઈ ગયો છે. એક મહિનામાં આ ત્રીજી વાર બન્યું છે. હું હોડ બકવા તૈયાર છું કે આજ રાતે જરૂર કોઈ ને કોઈ જહાજ ડૂબવાનું."

થોડી વાર પછી તે ફરીથી બહાર ગયો, ત્યારે કિનારા તરફથી આવતી બૂમ જેવું સંભળાતાં તે અંદર આવીને કહેવા લાગ્યો, "આ બધા ચોકિયાતો ને અમલદારો ફોગટનો પગાર ખાય છે. હું હોડ બકીને કહું છું કે, અત્યારે કિનારા ઉપર દાણચોરી ચાલી રહી છે."

પેલા બે ભાઈઓ જુઆનનો બડબડિયો સ્વભાવ જાણતા હતા એટલે તેઓ કશું બોલ્યા નહિ.

પણ ત્રીજી વાર જુઆન બહાર ગયો ત્યારે તેને ચોખ્ખું સંભળાયું કે, ઘણા લોકો આફતમાં સપડાયા હોય અને મદદ માટે બૂમો પાડતા હોય એવો અવાજ કિનારા તરફથી આવતો હતો.

તે બારણું ઉઘાડી પાછો આવ્યો ત્યારે ડૅમી અને જૅમીએ પણ સાળ ઉપર બેઠાં બેઠાં મદદ માટે પાડવામાં આવતી બૂમોનો અવાજ સાંભળ્યો. તેઓ તરત ઊઠીને બહાર આવ્યા, અને પછી એ વાતની ખાતરી થતાં, ત્રણે બુઢ્ઢાઓ તરત લૉગ્યૂ-મથકે ફૅરબ્રધર્સ ભાઈઓને મદદ મોકલવાનું કહેવા અંધારામાં અથડાતા કુટાતા દોડયા.

લૉગ્યૂ-મથકે પણ બધાં ઊંઘતાં હતાં. છતાં થોડીક ઠોકાઠોક પછી બધાં જાગી ઊઠયાં; પછી તરત આસપાસના પડોશીઓને પણ સમાચાર પહોંચાડવા ઘંટ જોરથી વગાડવામાં આવ્યો.

ઑશર, રૉસ અને સ્ટીન એ ત્રણ ફૅરબ્રધર-ભાઈઓ કિનારે પહેલા પહોંચી ગયા. તે દરમ્યાન 'પૉવૅરિલ'ના બધા ખલાસીઓ સહીસલામત વહાણમાંથી ઊતરી પડી, પાણીમાં થઈ, થથરતા થથરતા કિનારે આવી પહોંચ્યા હતા. વહાણને એટલું બધું નુકસાન થયું હતું કે, તેની ઉપર વધુ રોકાવું તદ્દન જોખમભર્યું બની ગયું હતું. થોડી વારમાં કિનારા ઉપર સંખ્યાબંધ લોકો મદદે આવી પહોંચ્યા.

ફૅરબ્રધર-ભાઈઓને ઘેરથી ગ્રીબા, તથા ઘરનાં બધાં નોકર-ચાકર, કેન વેડ, નૉરી ક્રો, ચેલ્સ એ-કીલી* વગેરે બધા જ.

ઑશર ફૅરબ્રધરે ભીના થયેલા અને ટાઢે ધ્રૂજતા સૌ ખલાસીઓને પોતાને ઘેર લૉગ્યૂ-મથકે આવવા નિમંત્રણ આપ્યું. સૌ રાજી થતા તેની પાછળ જવા લાગ્યા. પણ એટલામાં દરિયા ભણીથી કોઈની મદદ માટેની બૂમ આવતી સંભળાઈ. ગ્રીબાએ જ પહેલ વારકી એ બૂમ સાંભળી હતી.

"કોઈ હજુ જહાજ ઉપર બાકી રહી ગયું લાગે છે," ગ્રીબા બોલી ઊઠી.

"ના, અમે સૌ તો અહીં છીએ." કપ્તાને કહ્યું.

---

* માઇકેલ સન-લૉક્સનો મિત્ર ભારવૈયો, જે એ રાતે કેન વેડને ત્યાં સૂઈ રહ્યો હતો.

છતાં ફરીથી પેલી દર્દભરી બૂમ સંભળાઈ; અને આ વખતે તો ઘણાઓએ એ સાંભળી.

"એ બૂમ તો પૉર્ટી-વૂર્લી તરફથી આવતી હોય એમ લાગે છે," ઑશર ફેરબ્રધર બોલી ઊઠયો; અને તેઓ સૌ કિનારે કિનારે પૉર્ટી-વૂર્લી તરફ દોડયા.

ત્યાં ગયા બાદ તેમની નજરે પડયું કે, માછલાં પકડવાની એક હોડીનો આગલો ભાગ બે ખડકોના જડબામાં ફસાઈ ગયો હતો અને પાછલો ભાગ તોફાને ચડેલા દરિયાનાં પાણીથી ઊંચો થઈ વણ-પલોટેલા ઘોડાની જેમ ઠેકડા ભરતો હતો. તે હોડી નાના અખાતમાં પેસવા ગઈ હશે, પણ તોફાન શરૂ થવાથી ખડકોના જડબામાં ઘસડાઈ ગઈ હતી. એક માણસ એ હોડીમાં લથડિયાં ખાતો દૂરથી દેખાતો હતો. તે કૂવાથંભ તોડી પાડવા કોશિશ કરતો હતો, જેથી હોડી ખડકનાં જડબાંમાંથી નીકળી જાય. પણ દરેક મોજું હોડીને ખડકની ફાટમાં વધુ ને વધુ ધુસાડતું જતું હતું; અને દરેક નિષ્ફળ પ્રયત્ને પેલો માણસ ફફડતો ફફડતો મદદ માટે બૂમો મારતો હતો.

એક હોડી કિનારા ઉપર ઊંચી કોરી જગામાં બાંધેલી હતી. સ્ટીન અને થર્સ્ટન એ બે ફેરબ્રધર-ભાઈઓ તરત તેને પાણીમાં ધકેલી ગયા. પણ મોજાં એટલાં જોરથી કિનારા તરફ ધસતાં હતાં કે એ હોડી જરાય આગળ વધવાને બદલે કિનારા ઉપર જ પાછી અફળાવા લાગી.

બધાએ બૂમ પાડીને કહ્યું, "કંઈ નહિ વળે, ભાઈ; હોડી અત્યારે દરિયામાં ન નાખશો."

પણ ગ્રીબા હવે કંઈક વિચિત્ર જુસ્સામાં આવી જઈને, "મદદ કરો! મદદ કરો!" એવી બૂમો પાડવા લાગી. ઊંડે ઊંડે તેને એવો ડર પેસી ગયો હતો કે, એ માણસ કદાચ તોફાનમાં જહાજ તૂટી જતાં હોડીને આશરે કિનારે તણાઈ આવેલો માઈકેલ સન-લૉક્સ જ હશે.

એટલે તે તો હવે કિનારા ઉપર ઊભેલા માણસો તરફ દોડતી ફરતી કહેવા લાગી, "એ માણસ થોડી જ વારમાં મરી જશે — કોઈ એને બચાવવા નહિ જાઓ?"

પણ ટોળાંમાંની સ્ત્રીઓએ પોતપોતાના પુરુષોને પકડી રાખ્યા; અને પુરુષો ડોકું ધુણાવતા ગણગણવા માંડયા, "એને બચાવી શકાય તેમ જ નથી." "અમારે પણ બૈરી-છોકરાં છે." "નકામી જિંદગી જોખમમાં નાખવાની શી જરૂર?"

છતાં ગ્રીબા બૂમો પાડતી જ રહી, "મદદે દોડો! કોઈ તો દોડો! હજુ તેને બચાવી શકાય તેમ છે."

અને તરત ખલાસીઓમાંનો જ એક જુવાનિયો આગળ આવ્યો અને બોલ્યો, "આટલે નજીક ઊભા હોઈએ, અને એને મરવા દેવાય?"

"ભગવાન તમારું ભલું કરે, હંમેશ ભલું કરે!" ગ્રીબા બોલી ઊઠી; અને ભાન-ભૂલી થઈ જઈને તરત તેને ભેટી પડી. પછી તો તેણે તેના ગાલ ઉપર ચુંબન જ કરી લીધું.

એ જુવાનિયો જેસન હતો. તેણે એક દોરડું શોધી કાઢી, તેનો એક છેડો પોતાની કમરે બાંધી લીધો અને બીજો છેડો 'પકડી રાખજો' એમ કહી થર્સ્ટન ફેરબ્રધર તરફ ફેંક્યો. બીજી જ ક્ષણે તેણે તોફાની દરિયામાં ઝંપલાવ્યું.

પેલો હોડી ઉપરનો માણસ તેને આવતો જોઈ ગયો તેથી, કે બીજા કોઈ કારણે, બૂમો પાડતો ચૂપ થઈ ગયો.

"શાબાશ! શાબાશ!" ગ્રીબા જુવાનને પોરસ ચડાવતી બોલવા લાગી.

"આમાં શાબાશી આપવા જેવું શું છે? આ તો નર્યું ગાંડપણ છે." ડેવી બોલી ઊઠયો.

"એ જુવાનડો કોણ છે?" કૅમાને પૂછયું.

"પેલો આઈસ-લૅન્ડનો જુવાનિયો," ડેવીએ જવાબ આપ્યો.

"પેલો છોકરડો જેસન કે?"

"હા, હા; એ જ; પણ દિલદાર જુવાનિયો છે, કહેવું પડે." ડેવી ગણગણ્યો.

લોકોનો શ્વાસ થંભી ગયો. ગ્રીબાએ તો ડરી જઈને આંખો ઉપર પંજા જ ઢાંકી દીધા. જેસન મજબૂત બાથો ભરતો અને પાણી કાપતો હોડી સુધી પહોંચી ગયો. થોડી જ મિનિટ બાદ તે પેલા માણસને ઘસડતો કિનારે લઈ આવ્યો.

એ માણસ જેસનના હાથમાં છેક જ બેહોશ સ્થિતિમાં પડયો હતો. તેના માથામાં ઊંડો ઘા પડયો હતો, અને તેમાંથી પુષ્કળ લોહી નીકળતું હતું. ગ્રીબાએ આગળ આવી તેના મોં તરફ નજર કરી લીધી અને પછી નિરાંતનો શ્વાસ મૂકયો — તે માઈકેલ સન-લૉક્સ ન હતો!

જેસન પેલાને જમીન ઉપર મૂકીને બોલ્યો, "બિચારો ખતમ થઈ ગયો લાગે છે."

"એ કોણ છે, કોણ છે?" કેટલાય અવાજો આવ્યા.

"ફાનસ લાવો તો ખબર પડે." જેસન બોલ્યો.

"જુઓ બુઢ્ઢા ઓરીના ઘોલકામાં દીવો સળગતો દેખાય છે. આપણે આને ત્યાં જ લઈ ચાલો. એ નજીકમાં નજીકની જગા છે."

તેઓ તરત જ ખભા ઉપર પેલા બેહોશ માણસને ઊંચકી સ્ટિફન ઓરીના ઘોલકા તરફ લઈ ચાલ્યા.

"કેટલો બધો વજનદાર છે?" ધર્મવીર* કેન વેડ બોલી ઊઠયો; "કોઈ આગળ જઈને બારણું ઉઘાડાવો."

ભારવૈયો ચેલ્સ એ-કીલી આગળ દોડયો.

---

* મૂળ 'મેથોડિસ્ટ.' જૉન વેસ્લીએ (૧૭૦૩-૯૧) સ્થાપેલો સંપ્રદાય. એ લોકો ધર્માચારની બાબતમાં બહુ ચુસ્ત હોય છે. — સંપા૦

બીજો એક જણ ગણગણ્યો, "સ્ટિફન આજ રાતે ક્યાં ગયો છે? નહિ તો તે મદદે દોડી આવ્યા વિના ન રહે."

"આખું અઠવાડિયું તે અહીં જ હતો," નૉરી ક્રો બોલી ઊઠ્યો.

ચેલ્સ એ-કીલી હવે સ્ટિફનને ઘોલકે જઈ બારણું ઠપઠપાવવા લાગ્યો હતો તથા તેનું નામ દઈ તેને બૂમો પાડતો હતો.

"સ્ટિફન! સ્ટિફન! સ્ટિફન ઓરી!"

અંદરથી કશો જવાબ ન મળ્યો. પેલાએ વધુ મોટેથી બૂમ પાડી.

"સ્ટિફન, બારણું ઉઘાડ! એક માણસ મરવા પડ્યો છે."

પણ અંદરથી કશી હિલચાલ ન સંભળાઈ. કોઈએ કહ્યું, "એ ઊંઘી ગયો હશે."

કેન વેડે કહ્યું, "એ કદાચ અંદર નહિ હોય; બારણું ધક્કો મારીને ઉઘાડી નાખો."

એક જ ધક્કો બસ થયો. બારણું માત્ર દોરીથી જ બાંધી રાખેલું હતું. લોકો પેલાને ઊંચકી અંદર પેઠા. બારીમાં સળગતા દીવાનું અજવાળું પેલા બેહોશ માણસના મોં ઉપર પડતાં જ તેઓ બોલી ઊઠ્યા,

"ભલા ભગવાન, આ તો સ્ટિફન ઓરી પોતે જ છે."

૧૦

સ્ટિફનનો અંત

૧

બધાના જાન બચી ગયા; માત્ર આઈરિશ જહાજ પૉવૉરિલ અને સ્ટિફનનું હોડકું – એ બે જ ખડકોમાં નાશ પામ્યાં.

ફેરબ્રધર-ભાઈઓના નિમંત્રણથી પૉવૉરિલના ખલાસીઓ લૉગ્યૂ-મથકે ભૂખ્યા, ભીના અને થથરતા જઈ પહોંચ્યા. તેમને માટે તરત તો ગરમાગરમ પીણાની વ્યવસ્થા કરવામાં આવી; પછી ઘરમાંથી મળ્યાં તેટલાં પુરુષોનાં કપડાં ખલાસીઓને બદલવા આપવામાં આવ્યાં, અને ખૂટયાં તેટલાં નોકરડીઓએ પોતાનાં કપડાં પોતાની ટ્રંકોમાંથી કાઢી આપ્યાં.

ત્યાર પછી તરત બને તેટલું વાળુનું તૈયાર થતાં સૌને ભોજન કરવા બેસાડવામાં આવ્યા. ડેવીને ભાગ સ્ત્રીનો જભ્ભો અને કબજો આવ્યાં હતાં, એટલે તેનો દેખાવ થોડી વાર તો ઠઠ્ઠા-મજાકનો વિષય બની રહ્યો. ખલાસીઓ દરિયા ઉપર ગમે તેવી મુશ્કેલીઓ વેઠતા હોય, પણ જમીન ઉપર આવે ત્યારે કદી ગમગીન રહેતા નથી.

આ બધા વખત દરમ્યાન મિસિસ ફેરબ્રધર પોતાના કમરામાં સૂઈ જ રહી હતી.

દરમ્યાન ગ્રીબા જેસનને ખભે ટકોરો મારી તેને અંદરના કમરામાં બોલાવી ગઈ, અને તેને માટે જુદું સારું સારું ખાવાનું લઈ આવી. તે બધું ઘરમાં મોજૂદ હોવા છતાં બધાને પૂરું પડી શકે તેમ ન હોવાથી, બહાર લઈ જવામાં આવ્યું ન હતું. પણ જેસને એકલા

એકલા કશું વિશેષ ખાવાની ના પાડી; પણ ગ્રીબાને રાજી કરવા માટે તે એક ઈંડું કોટલા સાથે આખું ને આખું ચાવી ગયો. ગ્રીબાએ તે જોઈ જરા કમકમાં આવ્યાનો દેખાવ કર્યો, પણ પછી રણકતું હાસ્ય હસીને તે બોલી ઊઠી, "તમને દરિયા-કિનારે પહેલવહેલા જોયા ત્યારથી જ હું સમજી ગઈ હતી કે તમે ખરેખર જંગલી માણસ છો; અને હવે તો મને તમારી બીક લાગવા માંડી છે!"

બંને જણ હવે સાથે હસી પડયાં; ગ્રીબા મર્માળી રીતે, અને જૅસન જરા શરમિંદો બનીને. ગ્રીબાએ હવે ચમકતી આંખો સાથે તેને કહ્યું, "તમે હું ઓળખું છું એવા એક જણ જેવા જ બરાબર છો."

જૅસને પૂછયું, "એ કોણ છે?"

ગ્રીબાએ જરા સાવચેતીપૂર્વક તથા લજ્જાપૂર્વક મંદ હસીને જવાબ આપ્યો, "આજે રાતે જ એ આ ટાપુ છોડીને ચાલ્યા ગયા છે."

બંને જણ હવે રસોડામાં બધા જમવા બેઠા હતા ત્યાં પહોંચી ગયાં.

એ બેને સાથે દાખલ થતાં જોઈ, ખલાસીઓ એમની મજાક કરવા તરફ વળ્યા. બુઢ્ઢો ડેવી બોલી ઊઠયો, "દીકરા, આજે તને કિનારા ઉપર જે ચુંબન વણ-માગ્યું મળ્યું છે, એવું ભાગ્યે કોઈ ખારા-ખસૂટ ખલાસીડાને મળ્યું હશે."

ગ્રીબા તરત શરમાઈ જઈને પોતાની શરમ છુપાવવા જલદી કમરામાંથી બહાનું કાઢીને બહાર ચાલી ગઈ. જૅસન મોં નીચું કરી પોતાની બેઠકે બેસી રહ્યો. કેટલાંય વર્ષો પૂર્વે ચાર નૌકાસૈન્યનાં માણસોએ પીછો કર્યો હતો ત્યારે ભાગી આવેલો સ્ટિફન તે જ જગાએ બેઠો હતો.

ડેવીએ હવે પોતાની મશ્કરી વધારે પડતી ચોટી ગઈ એમ માની વારણું વાળતાં કહ્યું, "બેટા જૅસન, મૅન-ટાપુ ઉપર પગ મૂકતાં

જૈત તેં આ ટાપુના એક વતનીની જિંદગી બચાવી છે, એટલે આ ટાપુ-વાસીઓ તરફથી તારો જેટલો હાર્દિક સત્કાર થાય એટલો ઓછો."

ઑશર ફેરબ્રધરે તરત જેસનના માનમાં એક પ્યાલો પીવાનો સૌને આગ્રહ કર્યો.

ગ્રીબા હવે પોતાની શરમ બરાબર દબાવી, સ્વસ્થ થઈને રસોડામાં ફરી પાછી આવી તે વખતે આ બધાના હસવા-બોલવાના અવાજોથી જાગી ઊઠેલી મિસિસ ફેરબ્રધર પણ આ બધા શોરબકોરનું કારણ જાણવા ત્યાં આવી પહોંચી.

પણ તે જ વખતે બુઢ્ઢો ચેલ્સ એ-કીલી બહારથી ફીકે મોંએ ઉંમરા આગળ દોડતો આવીને બોલ્યો, "પેલો માણસ મરવાની તૈયારીમાં છે. તે પહેલાં તે પોતાને બચાવી લાવનાર જુવાનને મળવા માગે છે. તે જુવાન મારી સાથે ચાલ્યો આવે."

જેસન તરત ખડો થઈ ગયો.

ગ્રીબા પણ સાથે જ જવા શાલ વીંટીને નીકળી.

૨

ચેલ્સ તો ઉતાવળો આગળ જતો હતો. જેસને ગ્રીબાને પૂછયું, "મરણ-પથારીએ પડેલા એ માણસને તમે ઓળખો છો? તે કોણ છે?"

"ના," ગ્રીબાએ કહ્યું; પણ ચેલ્સની પાસે દોડી જઈ તેણે કંઈ પૂછપરછ કરી લીધી અને પછી જેસન પાસે આવીને કહ્યું, "એ બિચારાને અહીં કોઈ કશી ગણતરીમાં લેવા જેવો ગણતું નથી."

"પણ એ છે કોણ?" જેસને પૂછયું.

"દાણચોર છે, અને તેથીય વધુ ખરાબ કદાચ હશે. તેની પત્ની ઘણાં વરસોથી મરી ગઈ છે, અને ત્યારથી તે સૌથી તજાયેલો એકલો રહે છે. બીજા તો ઠીક, તેના પુત્રે પણ તેને તજી દીધેલો છે. આજે રાતે જ તેનો પુત્ર આઈસલૅન્ડ જવા ઊપડી ગયો છે."

"આઈસલૅન્ડ જવા?"

"હા; તમારું જ વતન છે ને? બચપણથી જ એ છોકરો એના બાપ સાથે રહેતો ન હતો; મારા બાપુને ત્યાં જ ઊછર્યો હતો. તમારા જેવા એક જણને હું ઓળખું છું એમ મેં કહ્યું હતું તે એને માટે જ કહ્યું હતું."

"એનું નામ શું છે?" જેસને અચાનક અંધારામાં થોભીને કહ્યું.

"છોકરાનું નામ? માઈકેલ."

"માઈકેલ કેવો?"

"માઈકેલ સન-લૉક્સ."

એ જવાબ મળતાં જેસને નિરાંતનો શ્વાસ મૂક્યો — તેના નામનો પાછલો ભાગ પોતાના બાપ સ્ટિફન ઉપરથી સ્ટિફન્સન કે એવો કાંઈક ન હતો.[1]

થોડી જ વારમાં તેઓ પૉર્ટી-વૂર્લીના ઘોલકામાં આવી પહોંચ્યાં.

ત્યાં એ અગાઉ ધર્મવીર કેન વેડ અને તેની મંડળી મરણ-પથારીએ પડેલા સ્ટિફન માટે છેવટની પ્રાર્થના કરવા આવી પહોંચ્યાં હતાં. કેન વેડ સ્ટિફનને સેતાનના હાથમાંથી છોડાવી પોતાના હાથમાં લેવા પ્રભુને પ્રાર્થના કરતો હતો.

જેસન એ પ્રાર્થના-મંડળીની પાછળ ઊભો રહી પથારીમાં આડા પડેલા સ્ટિફનના પડછંદ શરીર તરફ જોઈ રહ્યો. ગ્રીબાએ વધુ પાસે જઈ, સ્ટિફનના માથા નીચે પોતાના કોમળ હાથને ઓશિકા તરીકે મૂકી, બીજા હાથનો પંજો તેની ભમરો ઉપર ફેરવવા માંડ્યો, તથા અવારનવાર નૉરી ક્રોના પ્યાલામાંની બ્રાન્ડી વડે તેના હોઠ પલાળવા માંડ્યા.

---

૧. દીકરાના નામ ઉપરથી બાપનું નામ ખબર પડે અને બાપના નામ ઉપરથી દીકરાનું — એવી રીતે નામ પાડવાનો કેટલેક ઠેકાણે રિવાજ છે.

સ્ટિફનને અત્યારે સનેપાત થઈ આવ્યો હોઈ, તે લવરીએ ચડ્યો હતો અને પછાડો ખાતો હતો. ગ્રીબાની સારવારથી તે જરા શાંત પડ્યો અને થોડા વખત બાદ તેણે ધીમેથી આંખો ઉઘાડી તથા હોઠ ફફડાવ્યા. તે કંઈ બોલવા માગતો હતો, પણ તે કંઈ બોલે તે પહેલાં કેન વેડે તેને પ્રભુની પ્રાર્થના મોંએથી બોલાવવા કોશિશ કરવા માંડી. સ્ટિફન ભાનમાં આવ્યો, તેમાં કેન વેડને સેતાનનો પરાજય થયો લાગ્યો, અને હવે જલદી તે પ્રભુનું શરણું લઈને પોતાના આત્માનો ઉદ્ધાર સાધે, એ તેને જરૂરી લાગતું હતું.

કેન વેડની મંડળીની જોરશોરથી ચાલેલી બુમરાણ જરા શાંત થઈ એટલે સ્ટિફને ધીમેથી પૂછ્યું, "પેલો આવ્યો?"

ગ્રીબાએ ધીમેથી તેના કાનમાં કહ્યું, "એ આ રહ્યા," અને જેસનને પાસે આવવા નિશાની કરી.

જેસન જોર કરી સ્ટિફનની પથારી પાસે પહોંચ્યો.

સ્ટિફન ઓરી ગણગણ્યો, "અમને બેને એકલા વાત કરવા દો."

ગ્રીબા એ સાંભળી ત્યાંથી ઊઠવા ગઈ, ત્યારે સ્ટિફને તેને ધીમા અવાજે કહ્યું, "તમારે જવાની જરૂર નથી."

પણ કેન વેડ અને તેની મંડળી તો, સ્ટિફન આ દુનિયાના બીજા વિચારોમાં મન પરોવે તેને બદલે પરમાત્માનું આખરી શરણું લઈ લે, એવો જ આગ્રહ કરવા માંડ્યાં.

સ્ટિફન બિચારો ગણગણ્યો, "મને પ્રાર્થના કરતાં નથી આવડતું," ત્યારે કેન વેડ બોલી ઊઠ્યો, "તારે બદલે અમે પ્રાર્થના કર્યા કરીશું; પણ તારે તારું ધ્યાન બીજી લૌકિક બાબતમાં હવે ન જવા દેવું."

સ્ટિફને કહ્યું, "હવે બહુ મોડું થઈ ગયું છે; આખી જિંદગી નકરાં પાપકર્મ કર્યા બાદ —"

"ના, ના, છેવટની ઘડીએ આપણે ભગવાનનું શરણું લઈએ, તો તે જરૂર આપણો ઉદ્ધાર કરે. માટે આ આખરી ઘડી એ જ

ભગવાનને યાદ કરવાની ખરી ઘડી છે," કેન વેડ જુસ્સાપૂર્વક બોલી ઊઠયો.

સ્ટિફન જરા અકળાઈને બોલ્યો, "પણ મારે મારાં પાપ માફ નથી કરાવવાં; મને તે બદલ જે સજા થશે તે વેઠવા હું તૈયાર છું. તમે બધા દયા કરી મને ક્ષણ વાર આ ભાઈ સાથે એકલો મૂકો."

"ના, ના; આખી જિંદગી પાપને માર્ગે ચાલનારા તને અમે આ આખરી ઘડીએ જરાય વીલો મૂકવાના નથી." કેન વેડ ધર્મ-ઝનૂનથી બોલી ઊઠયો.

"અરેરે, તમો લોકોમાં દયા જેવુંય કંઈ હોય છે કે નહિ?" સ્ટિફન કરગરી ઊઠયો.

તરત જ ગ્રીબા મક્કમ પગલે ઊઠી, અને બધાને તેણે એક પછી એક ઝૂંપડી બહાર કાઢયા.

પેલા બધા બૂમો પાડતા અને વિરોધ કરતા ત્યાંથી મહાપરાણે વિદાય થયા.

સ્ટિફને હવે પથારીમાં જરા ઊંચા થઈ પોતાનો કોટ મંગાવડાવ્યો.

ચૂલા આગળ સૂકવવા તેને પહોળો કર્યો હતો, ત્યાંથી જેસન તે કોટ ઉપાડી લાવ્યો.

સ્ટિફને તે કોટના છાતી આગળના અંદરના ખિસ્સામાં હાથ નાખી, તેમાંથી કશું કાઢવા તેને સૂચવ્યું.

જેસને તેમાંથી પૈસાની ભરેલી એક થેલી ખેંચી કાઢી.

"એ તારી છે," સ્ટિફન ઓરી બોલ્યો.

"મારી?" જેસન બોલી ઊઠયો.

"મારા દીકરા માટે મેં એ પૈસા સંઘર્યા હતા; હવે તે તારી છે, બેટા. એટલા પૈસા ભેગા કરતાં મને ચૌદ વર્ષ વીત્યાં હતાં. કોઈ અજાણ્યા માટે એ બધું ભેગું કરું છું, એમ હું જાણતો ન હતો; પણ

એ થેલી હવે તારી જ છે — કારણકે મારો જાન બચાવીને તું એ કમાયો છે." સ્ટિફન ભાગીતૂટી અંગ્રેજીમાં બોલ્યો.

"ના, ના, હું કશું કમાયો નથી. મેં જે કંઈ કર્યું તે પૈસા માટે કર્યું ન હતું." જેસન મક્કમતાથી બોલ્યો.

"પણ બેટા, એમાં બસો પાઉંડ છે."

"ભલે રહ્યા."

"તો તારી પાસે એ કરતાં ઘણા પૈસા છે?" સ્ટિફને પૂછયું.

"મારી પાસે તો કશું જ નથી."

"બધું જહાજ સાથે ડૂબી ગયું?"

"હા — ના — એટલે કે, મારી પાસે કશું હતું જ નહિ."

"તો તો ભગવાનને ખાતર આ પૈસા લઈ લે; અને તારી મરજીમાં આવે તેમ એ પૈસા વાપરજે. જો તું નહિ લે, તો મારું મરણ બગડશે — મારી અકળામણનો પાર નહિ રહે."

"હું એ પૈસા અત્યારે રાખી લઈશ; પણ તમારો દીકરો મને મળશે ત્યારે તેને આપી દઈશ. તમારા દીકરાનું નામ માઈકેલ સનલૉક્સ છે અને તે આઈસલૅન્ડ જવા ઊપડયો છે, ખરું ને? હું આઈસ-લૅન્ડનો જ વતની છું; અને કોઈક દિવસ હું જરૂર ત્યાં તેને ભેગો થઈશ."

સ્ટિફન હવે ગળગળો થઈને બોલી ઊઠયો, "બેટા, તારા જેવો દીકરો પામીને તારા બાપ કેવું અભિમાન ધરાવતા હશે! તારા બાપનું નામ શું છે?"

"મારે બાપ નથી; મેં કદી એમને જોયા નથી."

"એટલે કે, તું નાનો હતો ત્યારે તે મરી ગયા હતા?"

"ના."

"તો તું જન્મ્યો તે પહેલાં મરી ગયા હતા?"

"ના."

"તો શું તે જીવતા છે?"

"મને ખબર છે તે પ્રમાણે જીવતા છે."

સ્ટિફન તરત કોણીને ટેકે ફરી ઊંચો થઈ બોલી ઊઠ્યો, "તારા બાપે તારી માને તજી દીધી છે?"

"એમ જ કહેવું જોઈએ."

"એ કેવોક હલકટ બદમાશ માણસ હશે? પણ હું કયે મોંએ એને દોષ દઈ શકું? પણ બેટા, તારી મા જીવે છે?"

"ના."

"તો તારા બાપુ ક્યાં છે?"

"એમનું નામ ન દેશો."

"તો તારું નામ શું છે, બેટા?"

"જેસન."

એ નામ સાંભળી સ્ટિફનને કંઈક નિરાંત થઈ. પછી તે ગણગણ્યો, "તારા જેવા પરાક્રમી ભલા પુત્રને પામીને પણ અપનાવી ન શક્યો એ બાપને કેવો અભાગિયો ગણવો જોઈએ?"

પણ હવે સ્ટિફનની આખરી ઘડી આવી પહોંચી હતી. તેનો શ્વાસ ટૂંકાતો જતો હતો. છતાં તેણે મહાપરાણે કહ્યું,

"બેટા?"

"કહો, શું છે?" જેસને પૂછ્યું.

"મેં તારો ભારે મોટો અપરાધ કર્યો છે."

"તમે વળી મારો શો અપરાધ ક્યારે કર્યો હોય? આપણે દરિયા-કિનારે થોડી વાર પહેલાં તો ભેગા થયા." જેસને નવાઈ પામી પૂછ્યું.

"બેટા, આજે રાતે જ મેં તારો અપરાધ કર્યો છે."

"કેવી રીતે?"

"એ વાત જવા દે; હવે એનું કશું થઈ શકે તેમ નથી. પણ મને હવે તારો બાપ બનવા દે. મારી આખરી ઘડી છે; તું મારો દીકરો બન્યો હોઈશ તો મારી થોડીઘણી આ જે બચત છે, તેનો તું વારસદાર થઈ શકીશ."

"પણ એ મિલકત તમારા ખરા પુત્રની ગણાય."

"એ એને કદી હાથ નહિ લગાડે."

"શાથી?"

"મને એ સવાલ ન પૂછીશ. મને મરતો બચાવ્યા પછી છેવટની ઘડીએ તું મને આમ રિબાવ્યા જ કરશે?"

"ના, ના, મારો ઈરાદો તમને દૂભવવાનો ન હતો. ભલે હું એ પૈસા રાખીશ, બસ?"

"ભગવાનની દયા."

થોડી ક્ષણ સ્ટિફન ચૂપ રહ્યો. ગ્રીબા અવારનવાર પાસે આવ્યા કરીને સ્ટિફનનું દુઃખ હળવું થાય એવા ઉપાયો કર્યા કરતી હતી.

અચાનક સ્ટિફન બોલી ઊઠ્યો, "બેટા, તું એમ માને છે કે, કદીક તું મારા પુત્રને ભેગો થઈશ?"

"ભેગો થઈશ જ વળી; હું જે કામ કરવા અહીં આવ્યો છું, તે પૂરું થતાં હું મારે વતન પાછો જવાનો છું. અમારો દેશ મોટો છે, પણ ત્યાં વસ્તી બહુ થોડી છે; એટલે ત્યાં કોઈ માણસ શોધવાથી ન મળે એવું ન બને. ત્યાં તે કઈ તરફ ગયો છે?"

"એ તો મને ખબર નથી; તે પણ કોઈને શોધવા ગયો છે. પણ તે બહુ ભલો અને સારો છોકરો છે, હું એટલું તને ખાતરીપૂર્વક કહી શકું છું. અને કોઈ બાપની આખર ઘડી આવી હોય ત્યારે પોતાના પુત્રની બાબતમાં તેને એટલી ખાતરી હોવી, એ કેટલી બધી નિરાંતની વસ્તુ છે, બેટા! તે પણ તેના બાપને બહુ ચાહે છે — એટલે કે તે બહુ

નાનો હતો ત્યારે મને ખૂબ ચાહતો હતો. તેને મા ન હતી, એટલે મેં જ તેને બચપણમાં ઉછેર્યો હતો. અને બચપણમાં તે મને જરૂર ચાહતો હતો; જોકે, અત્યારે તે મારું નામ ધારણ કરતો નથી — કદાચ તેમ કરવા ઇચ્છતો નથી."

જૅસને એ વાકયનો અર્થ સમજવા સ્ટિફન ઓરી સામું જોયું અને પછી ગ્રીબા સામું જોયું. સ્ટિફનની નજરે એ ન પડયું. તેની આંખે ઝાંખપ આવી ગઈ હતી, અને તેનો અવાજ પણ ઘૂંટાતો હતો. તેણે આગળ ચલાવ્યું, "હું તેને સન-લૉક્સ કહેતો, કારણ તેના વાળ ખરેખર એવા જ હતા. તે મારે ખભે જ બેઠેલો રહેતો. અમે બે જ તે વખતે ભેગા રમ્યા કરતા; કારણ કે, અમો બંનેને બીજું કોઈ સોબતી ન હતું. મારી આખી દુનિયા એનામાં જ સમાઈ રહી હતી. પણ એ તો ઘણા દિવસ પહેલાંની વાત છે. બેટા સન-લૉક્સ, મારા નાનકા સન-લૉક્સ —"

સ્ટિફન થોડું હસ્યો; પણ થોડી વારમાં તે પાછો લવરીએ ચડી ગયો. તેની આંખો ઉઘાડી હતી પણ તે કશું જોતો ન હતો. પણ અચાનક તેના ચહેરા ઉપર આનંદની આભા છવાઈ રહી. જાણે તે તેના નાનકા છોકરા સાથે રમતો હતો, અને તે જે કંઈ કાલું કાલું બોલતો હતો, તે હસતાં હસતાં સાંભળતો હતો. વચ્ચે વચ્ચે તે જાણે તેને કશું ગાઈને તેને છાનો રાખતો હોય કે સુવાડતો હોય એમ તેના હાથની અને ચહેરાની ચેષ્ટા થઈ જતી. અચાનક તેણે પોતાના બંને હાથ છાતીએ દબાવ્યા, જાણે પોતાના નાનકા લાડકાને છેવટનો છાતીએ દબાવ્યો!

ગ્રીબા તો આડો હાથ રાખી રડયા જ કરતી હતી. જૅસન ખુલ્લંખુલ્લા તો રડી ન પડયો, પણ તે ગળગળો થઈ જઈ એટલું તો બોલ્યો જ, "જે પોતાના દીકરાને આટલો બધો ચાહે છે એને છેક જ ખરાબ માણસ ન કહી શકાય."

હવે સ્ટિફનનો સંનેપાત વધતો ચાલ્યો. થોડી વાર બાદ તેની

નજર સમક્ષનું ચિત્ર જાણે બદલાઈ ગયું અને તેના ચહેરા ઉપર ભય અને આજીજીનો ભાવ છવાઈ ગયો.

જૅસને દરમ્યાન ગ્રીબાને પૂછ્યું, "પૉર્ટ ઑરિન કેટલુંક દૂર છે?"

"ત્રીસેક માઈલ," ગ્રીબા તેના અણધાર્યા સવાલથી ચોંકીને બોલી; "આ માણસ પહેલાં ત્યાં જ રહેતો હતો."

"આ માણસ પૉર્ટ ઑરિન રહેતો હતો?"

"હા; તેની પત્ની મરી ગઈ ત્યારથી. ત્યાર પહેલાં તે, તેની પત્ની, અને માઈકેલ સન-લૉક્સ અહીં રહેતાં હતાં. તેની પત્નીનું બહુ કરુણ મૃત્યું થયું હતું."

"કેવી રીતે?"

"તેના પતિના કોઈ દુશ્મને તેની હત્યા કરી હતી. તે માણસ તો નાસી ગયો, પણ પોતાનું નામ પાછળ ભીંત ઉપર લખતો ગયો હતો — પૅટ્રિકસન."

"પૅટ્રિકસન?"

"હા; એ વાતને ચૌદ વર્ષ વીતી ગયાં; ત્યારથી માંડીને આ માણસ પૉર્ટ ઑરિન મુકામે જ રહેતો હતો. તમારે ત્યાં જવું છે?"

"હા; મારો ઈરાદો તો છે જ."

"ત્યાં શું કામ છે?" ગ્રીબાએ જરા ચોંકીને પૂછ્યું.

"કોઈને શોધવાનો છે."

"એ 'કોઈ' કોણ છે?"

"મારા બાપ."

"પણ તમારાં માને જો તેમણે દુઃખ દીધું હોય, તો પછી તેમને શોધવા જવાની શી જરૂર?"

"મારી માનું વેર લેવા."

"તમે એટલા માટે અહીં આવ્યા છો, શું?"

"હા; આજે જો અમારું જહાજ કિનારે અફળાઈને તૂટી ન ગયું હોત, તો હું દરિયામાં ભૂસકો મારી, તરતો તરતો આ કિનારે આવવાનો હતો."

"નવાઈની વાત છે; આ માણસ પણ જ્યારે આ ટાપુમાં ઓગણીસ વર્ષ પહેલાં આવ્યો હતો, ત્યારે એ રીતે વહાણમાંથી કૂદી પડીને જ આવ્યો હતો."

"હા, બરાબર ઓગણીસ વર્ષ અગાઉ!" જૅસન જાણે ઊંઘમાં બોલતો હોય તેમ ગણગણ્યો. ગ્રીબા તેના તરફ જોઈ ભયથી ધ્રૂજવા લાગી.

— થોડી જ ક્ષણમાં જૅસનનો ચહેરો જંગલી જાનવરનો હોય તેવો ઝનૂની બની ગયો હતો.

સ્ટિફનનો સંનેપાત પણ વધતો ચાલ્યો. હવે તેના મોંએથી ભાગી-તૂટી અંગ્રેજીના શબ્દો નીકળવાને બદલે અચાનક બીજી જ ભાષાના શબ્દો નીકળ્યા. ગ્રીબા એ ભાષા ન સમજી શકી, પણ જૅસન સમજી ગયો, અને બોલી ઊઠ્યો, "ઈ-ઈ-સ્સ, આ માણસ આઈસલૅન્ડનો છે!"

"તો તમે એ વાત અત્યાર સુધી જાણતા ન હતા?" ગ્રીબાએ તરત પૂછ્યું.

"એનું નામ શું છે?" જૅસને જવાબ આપવાને બદલે સામું પૂછ્યું.

"તમે અત્યાર સુધી એનું નામ સાંભળ્યું નથી?" ગ્રીબાએ વધુ કંપી ઊઠીને જવાબ ન આપ્યો, અને સામો પ્રશ્ન કર્યો.

"એનું નામ શું છે?" જૅસને પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો.

ગ્રીબા તરત જ બૂમ પાડી ઊઠી, "ઓ ભગવાન!" અને તરત લથડિયું ખાઈને એક-બે ડગલાં પાછી હટી ગઈ.

પણ એટલામાં સ્ટીન અને થર્સ્ટન એ બે ફેરબ્રધર ભાઈઓ તથા ડેવી એ ત્રણ જણ ત્યાં આવી પહોંચ્યા. તેઓ ગ્રીબાને લેવા આવ્યા હતા.

"ચાલ, ગ્રીબા," થર્સ્ટન બોલ્યો.

"ના, ના; હું અહીં જ રહીશ." ગ્રીબાએ કહ્યું.

"પણ મા અકળાયાં છે અને ગુસ્સે થયાં છે; તારા જેવી નાનકીએ મરણપથારીવાળી જગાએ રહેવું ન જોઈએ, એમ તે કહે છે."

"પણ આ મરણપથારીએ પડેલા માણસ પાસે હું છું જ; પછી તમારે રોકાવાની શી જરૂર છે?" જૅસને પણ ગ્રીબાને જવાનો આગ્રહ કર્યો.

ગ્રીબા તેના મોં સામું જોઈ, તેના મનનો વિચાર પામી ગઈ હોય તેમ બોલી, "ના, ના; મારે બદલે કોઈ અહીં રહે, તો જ હું અહીંથી ખસીશ."

ડેવી તરત જ બોલી ઊઠ્યો, "જૅસન ખરું કહે છે; તેણે જ એ માણસને મરતો બચાવ્યો છે, અને તે એકલો જ ભલે તેની સારવારમાં રહે."

"ના, ના," ગ્રીબા વિચિત્ર જક કરતી બોલી ઊઠી.

"પણ જુઓને, હવે આ માણસ એકાદ ઘડીનો જ મહેમાન છે; ઘણા જણ અહીં રહીએ તોપણ તેને કશી મદદ થઈ શકે તેમ નથી." ડેવીએ ભારપૂર્વક જણાવ્યું; અને પછી સહાનુભૂતિપૂર્વક પેલાની સામું જોઈને બોલ્યો, "બાપડો ઓરી! બિચારો સ્ટિફન! છેવટે તે ચાલ્યો!"

જૅસન એ નામ સાંભળી સાબદો થઈ ગયો – તેને ખાતરી થઈ ગઈ કે, પોતે જેને શોધવા આવ્યો છે તે જ આ માણસ છે!

પેલાઓ ગ્રીબાને બળપૂર્વક જ ખેંચી ગયા. જૅસન એકલો જ હવે સ્ટિફન ઓરીની સમક્ષ ઊભો રહ્યો. જેને શોધવા માટે પોતે દરિયો ખેડીને આવ્યો હતો, તે આ રીતે તેના પગ આગળ જ તેના

એકલાના હાથમાં આવી પડયો હતો. જૅસનને ખાતરી થઈ ગઈ કે, ભગવાને જ તેને હાથે સજા પામવા આને તેના હાથમાં આમ સોંપી દીધો છે! આ દુષ્ટ મરતી વખતેય બીજીથી થયેલા પુત્રને યાદ કર્યા કરે છે. એ પુત્રે તેનું પોતાનું (જૅસનનું) સ્થાન પડાવી લીધું હતું; અને એ પુત્રની માએ તેની પોતાની મા (રાશેલ)નું.

સ્ટિફન હવે ભારે લવરી કરવા લાગી ગયો હતો. તેને કશું જ ભાન રહ્યું ન હતું. જૅસને નક્કી કર્યું કે, એ માણસ જ્યારે જરા ભાનમાં આવે ત્યારે પોતાની મા રાશેલનું નામ તેને સંભળાવીને તેનું વેર લેવું. અત્યારે બેહોશ અવસ્થામાં તેને મારી નાખવાથી માનું કશું વેર નહીં લઈ શકાય.

પણ આ સંનેપાત શાંત પડશે ખરો? કદાચ એમાં ને એમાં જ તે ખતમ થઈ ગયો તો? એના કરતાં એ જીવતો છે તે જ વખતે તેને મારી નાખીએ તો સારું નહિ?

જૅસને તરત બંને હાથે ઓશિકું પકડીને ઉપાડયું. પણ પાછો તેને વિચાર આવ્યો – ભગવાને જો આ માણસને સજા કરવા માટે પોતાની પાસે લાવીને મૂકયો છે, તો ભગવાન છેવટે તેને જરૂર ભાનમાં લાવશે. તે વખતે પોતે માના નામથી અને પોતાનું સાચું ઓળખાણ આપીને તેને મારી નાખશે! એ બદમાશ માણસને તે વખતે જે ત્રાસ થાય, તે જ પોતાની માને એ માણસે જીવનભર આપેલા ત્રાસના યત્કિંચિત્ બદલારૂપ થશે.

જૅસન આવા વિચારમાં અટવાતો ઊભો હતો તેવામાં અચાનક સ્ટિફન લવરી કરતો બૂમ પાડી ઊઠયો, "રાશેલ! રાશેલ! રાશેલ!" તેના બોલ જાણે તે કરગરતો હોય તેવા ભાવમાં નીકળ્યા હતા, અને ત્યાર બાદ જે થોડાઘણા તૂટક શબ્દો આઈસલૅન્ડની ભાષામાં જૅસનને સમજાયા, તે કરુણાજનક વિનંતિના તથા ક્ષમાયાચનાના હતા:

"રાશેલ! રાશેલ! ... દયા ... ક્ષમા ... મને પાપીને ... રાશેલ! રાશેલ! ... દેવી!"

જૅસનનો ગુસ્સો અને કડવાશ તરત પવનના ઝપાટાની પેઠે ઊડી ગયાં. 'આ માણસ પસ્તાવો કરે છે, પોતે કરેલા પાપની ક્ષમા માગે છે. તો હું અત્યાર સુધી જે માનતો હતો કે, મારી મા પ્રત્યે આ માણસે આચરેલા મહા-અપરાધનો બદલો લેવા ભગવાને તેને મારા હાથમાં સોંપ્યો છે, તે શું ખોટું હતું? મારા પોતાના અંતરની દ્વેષ અને વેરની ભાવનાથી પ્રેરાઈને જ હું આ કામ કરવા દોડી આવ્યો છું?'

સ્ટિફનનો અંત નજીક આવી રહ્યો હતો. તેનો સંનેપાત હવે ધીમે ધીમે દૂર થઈ ગયો. તે હવે એક બાળક જેવો શાંત બની ગયો, અને તેણે ધીમેથી આંખ ઉઘાડી. પોતે લવરીએ ચડી ગયો હતો તેનું ભાન તેને આવ્યું હોય તેમ જૅસન સામું જોઈ તેણે કંઈક છોભીલા બનીને કહ્યું, "મેં જાણે તેને જોઈ – મારી ભલી જુવાન પત્નીને સ્તો. કેટલાંય વર્ષોથી મેં તેને ગુમાવી હતી, તથા તેનો ભારે અપરાધ કર્યો હતો."

જૅસનનું ગળું ભરાઈ આવ્યું. તે થોથવાતે અવાજે બોલ્યો, "શાંત સૂઈ રહો અને આરામ કરો."

પણ સ્ટિફન ઓરી જાણે સ્વાભાવિક રીતે બોલતો હોય તેમ બોલ્યો, "હું કેવો મૂરખ છું? તું એ કશું ક્યાં જાણે છે? – મારી જુવાન પત્ની, મેં તેને કેવી રિબાવી હતી, એ બધું તને કહેવાનો શો અર્થ?"

જૅસને ફરીથી કહ્યું, "શાંત સૂઈ રહો; જરા આરામ કરો."

"પણ તેની સાથે બીજું કોઈક પણ હતું – તેનો દીકરો જ વળી! પણ તેનો કેમ? મારો પણ! મેં તેને તજી દીધી ત્યારે તેને બાળક જન્મવાનું હતું. પણ તેની સાથે જે છોકરો હતો તેનું મોં તારા જેવું જ દેખાતું હતું. મેં ફરી બારીકાઈથી નજર કરીને જોયું તોપણ મને દરિયામાંથી બચાવી લાવનાર જુવાનડાનું મોં જ મને દેખાયું. મને બરાબર યાદ છે કે, રાશેલ સાથે તું જ ઊભો હતો – તે ઘડીએ મેં એમ જ માન્યું હતું કે તું જ મારો દીકરો છે."

જૅસનથી હવે વધુ થોભી ન શકાયું. તે તરત જ સ્ટિફનની પથારી નજીક ઘૂંટણિયે પડયો અને તેની છાતી ઉપર પોતાનું માથું નાખી દઈને બોલ્યો, "બાપુ! હું તમારો છોકરો જ છું."

પણ જવાબમાં સ્ટિફન ઓરી માત્ર થોડું હસ્યો અને શાંતિથી બોલ્યો, "હા, હા, મને યાદ આવે છે; આપણે છેવટનો એ જ કરાર કર્યો છે. ભલે, તું મારો પુત્ર બનજે અને મારી મિલકતનો વારસદાર બનજે. ઈશ્વર તારું ભલું કરે."

એટલું બોલી સ્ટિફન ઓરીએ પ્રાણ ત્યાગી દીધા.

જૅસન ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડયો — મરતા પહેલાં તે પોતાના પિતાને ખાતરી કરાવી ન શકયો કે, રાશેલના જે પુત્રને તે ઝંખતા હતા, તે ખરેખર પોતે જ હતો.

પર્વ બીજું

માઇકેલ સન-લોફ્સ

૧

ઉદય અને અસ્ત

૧

હવે આપણા ઈતિહાસનાં ચાર વર્ષ આપણે વટાવી જઈએ છીએ. આ ચાર વર્ષો દરમ્યાન ગ્રીબા અને જૅસનના જીવનમાં મોટી કટોકટી આવીને ઊભી રહી હતી.

તે રાતે ગ્રીબાના ભાઈઓ સ્ટિફન ઓરીને તેની મરણ-પથારીએ એકલા જૅસન સાથે છોડીને ગ્રીબાને પોતાને ઘેર ખેંચી તો ગયા. પણ ગ્રીબા સમજી ગઈ હતી કે જૅસન જરૂર સ્ટિફનની હત્યા કરી નાખશે. એટલે ઘેર આવ્યા પછી, કોઈને ખબરેય ન પડે તેમ, તે પાછી પૉર્ટો-વૂર્લીના ઘોલકામાં જઈ પહોંચી.

તે શ્વાસભેર દોડતી ગાભરી ગાભરી આવી હતી, અને ઘોલકાનું બારણું ઉઘાડતાં જ તેને મરતા માણસની ઠંડે પેટે કરેલી કતલ જ જોવા મળશે એવી તેને ભારોભાર ખાતરી હતી. પણ તેને બદલે તેણે તો જૅસનને સ્ટિફન ઓરીની પથારી સમક્ષ ઘૂંટણિયે પડી હૃદયાફાટ ડૂસકાં ભરતાં જોયો. સ્ટિફન ઓરી આંખોમાં પ્રેમભાવની ઝમક અને હોઠ ઉપર આશીર્વાદના બોલ સાથે તરતમાં જ મૃત્યુ પામ્યો હતો.

જૅસન ગ્રીબાને જોતાં વેંત તરત જ તેનો હાથ પકડી તેને પોતાના પિતાની મરણશય્યા પાસે લઈ ગયો. ત્યાં તેની પાસે તેણે સોગન લેવરાવ્યા કે, તેણે અહીં જે કંઈ જોયું-જાણ્યું હોય તે વિષે કશું કોઈને કદી કહેવું નહિ. ત્યાર બાદ તેણે ખરી હકીકત ગ્રીબાને સમજાવતાં કહ્યું કે, " સ્ટિફન ઓરી મારો બાપ જ હતો; તેણે જ

મારી માને હીન અવગણના અને ઘાતકી વર્તાવથી મારી નાખી હતી; એટલે મારી માનું વેર લેવા અને આની કતલ કરવા પ્રતિજ્ઞા લઈને જ હું અહીં આવ્યો હતો; પણ મારો બાપ સંનેપાતની લવરીમાં મને આશીર્વાદ આપતો અને મારી માની ક્ષમા માગતો મૃત્યુ પામ્યો છે."

ગ્રીબા સમજી ગઈ કે, તેણે આ બાબતમાં ચૂપ રહેવું જ આવશ્યક છે; કારણકે, જેસને સ્ટિફનને તેની મરણ-પથારીએ ભલે ક્ષમા આપી; પણ પોતાની માની શોકયના પુત્ર તરીકે માઈકેલ સન-લૉક્સને તે કદી જતો નહિ કરે.

દરમ્યાન, આદમ ફેરબ્રધરે માઈકેલ સન-લૉક્સને એક પત્ર લખી નાખ્યો કે, તારા પિતાનું મૃત્યુ થયું છે; એ તને વળાવીને બંદરે પાછા આવતા હશે તેવામાં દરિયાઈ તોફાનમાં સપડાઈને ખડકે ટિચાઈને ઘાયલ થઈ મૃત્યુ પામ્યા છે. આ કાગળ તેણે રેક્જાવિકની લૅટિન શાળાવાળા લૉર્ડ બિશપ જૉન પિટર્સનને સરનામે મોકલી આપ્યો; કારણકે, માઈકેલ સન-લૉક્સનું એટલું જ સરનામું તે જાણતો હતો.

પરંતુ થોડા જ વખત બાદ એ કાગળ બિશપની એવી નોંધ સાથે પાછો આવ્યો કે, એ નામનો કોઈ વિદ્યાર્થી તેમની શાળામાં નથી.

આદમ ફેરબ્રધરને હવે ચિંતા થઈ કે, જે રાતે સ્ટિફનની હોડી તથા આઈરિશ જહાજને કારમી હોનારત નડી, તે રાતે જ માઈકેલ સન-લૉક્સ આઈસલૅન્ડ જવા ઊપડયો હોઈ, તે પણ એ જ તોફાનનો ભોગ બન્યો છે કે શું? એટલે તેણે આઈસલૅન્ડના ગવર્નર-જનરલ, કે જે પોસ્ટમાસ્તરનું કામ પણ સંભાળતા, તેમને સરનામે એ કાગળ માઈકેલ સન-લૉક્સને ફરીથી મોકલ્યો અને તેમાં થોડો ઉમેરો એ કર્યો કે, તેના પિતાનું મૃત્યુ થયું હોઈ, તે હવે આઈસલૅન્ડમાં રહેવાની તેની જવાબદારીમાંથી મુક્ત થયો કહેવાય; એટલે તે હવે ત્યાંથી પાછો ફરશે કે કેમ એ જલદી જણાવે. કાંઈ નહિ તો તે આઈસલૅન્ડ સુખરૂપ

પહોંચ્યો છે, એટલી ખબર તો અહીં તરત લખી મોકલે; કારણકે, અહીં એ બાબતની સૌને ભારે ચિંતા રહે છે.

ઘણા વખત બાદ માઈકેલ સન-લૉક્સનો જવાબ આવ્યો. તે સુખરૂપ આઈસલૅન્ડ પહોંચી ગયો હતો; પરંતુ ત્યાંથી નિયમિત ટપાલ ઊપડતી ન હોવાથી, અને અંગ્રેજ જહાજો જ જ્યારે આવે ત્યારે ટપાલ લઈ જતાં હોવાથી, તથા પહેલા જહાજમાં ગફલતથી તે ટપાલ મોકલવાનું ચૂકી ગયો હોવાથી, બીજું જહાજ ઊપડે ત્યાં સુધી તે ટપાલ લખી શક્યો ન હતો. ત્યાં પહોંચ્યા બાદ ઘણી ઘણી વિચિત્ર ઘટનાઓ બની હતી; – તે અત્યારે ગવર્નર-જનરલને ઘેર જ રહે છે, પોતાના પિતાના મૃત્યુના સમાચારથી પોતાને ઘણો આઘાત લાગ્યો છે, પરંતુ તે ઘટનાથી તે હવે પાછો આવવા છૂટો બનતો હોવાને બદલે તેના પિતાએ સોંપેલું કામ કાળજીથી પાર પાડવા વધુ બાધ્ય બન્યો છે એમ તેને લાગે છે. તે કામ શું છે તે એનાથી કાગળમાં લખી શકાય તેમ નથી; તે જ્યારે પાછો આવશે ત્યારે મોઢામોઢ તે બધું કહેશે ઈ૦, ઈ૦.

કાગળમાં તે ઉપરાંત, પિતા જેવું વાત્સલ્ય પોતા તરફ દાખવવા બદલ તેણે આદમ ફૅરબ્રધરનો ઊંડી લાગણીથી આભાર માન્યો હતો અને ગ્રીબાને પણ બીજા કોઈ ઝટ ન સમજે તેવી ભાષામાં હાર્દિક રીતે યાદ કરી હતી.

આ ચાર વર્ષમાં માઈકેલ સન-લૉક્સનો એ એક જ કાગળ આવ્યો હતો. ત્યાર પછી તેના કશા જ વાવડ મળ્યા ન હતા.

૨

અને આ ચાર વર્ષ દરમ્યાન જૅસન લૉગ્યૂ-મથકે છ ફૅરબ્રધર ભાઈઓ, અને તેમની મા સાથે જ કુટુંબનો માણસ બનીને રહેવા લાગ્યો હતો. તેની સાથેના બીજા બધા ખલાસીઓ તો ડબ્લિનવાળા જહાજના માલિકો પાસેથી ચડેલો પગાર વગેરે મળી જતાં, પોતપોતાને મથકે વિદાય થઈ ગયા હતા.

જૅસનનો સ્ટિફન ઓરી સાથેનો સંબંધ ગ્રીબા સિવાય બીજું કોઈ જાણતું ન હતું; પણ સ્ટિફનના પૈસા તેની પાસે આવ્યા છે એ વાત તો સૌને જાણીતી થઈ ચૂકી હતી.

જૅસન ખાસ કાંઈ કામકાજ કરતો નહિ. તે સ્વભાવે તેના બાપ જેવો સુસ્ત હતો. તેને સ્વતંત્રપણે મોકળાશથી રહેવા-ફરવાનું ગમતું. ઉનાળામાં તે દરિયામાં માછલાં પકડવા જતો, અને શિયાળામાં નિશાન તાકી શિકાર કરવા ફર્યા કરતો. એ બધુંય તે કામકાજ કરવા ખાતર નહિ પણ રમૂજ ખાતર જ કરતો. તેને ખાસ શોખ હોય તો તે પંખીઓ પકડવાનો. ટાપુ ઉપરનાં અને દરિયા ઉપરનાં બધાં પંખીઓનો તેની પાસે નમૂનો મળે. પંખીઓને ચીરી-ફાડીને તે કંઈક કુશળતાથી મસાલો ભરી આબેહૂબ જીવતાં હોય એમ પૉર્ટી-વૂલીંવાળા નાના મકાનમાં ગોઠવી રાખતો.

એ ચાર વર્ષમાં તેનું શરીર સારી પેઠે ખીલ્યું-ફાલ્યું હતું. સ્ટિફન ઓરી કરતાંય તેણે કદાવર બાંધો જમાવ્યો હતો. કમરેથી તથા ડોક આગળથી તે ટટાર રહેતો; તેના વાળ લાંબા જુલફેદાર હતા; તેના મજબૂત દાંત સફેદ ચમકતા હતા; તેનો ચહેરો વિચારવંતનો હતો અને અવાજ પહાડો ગજવે એવો ઘેરો.

તે અવારનવાર ગવર્નમેન્ટ-હાઉસ તરફ પણ જતો. ગ્રીબા પોતાના પિતા આદમ ફૅરબ્રધર સાથે ત્યાં જ રહેતી. જૅસન અને ગ્રીબા મળતાં ત્યારે અરસપરસ સામાન્ય આવકારની જ લેવડ-દેવડ થતી. પરંતુ ગવર્નર તો પોતાનું કામ પૂરું થયું હોય ત્યારે જૅસન સાથે તેના દેશ અંગે, ભાષા અંગે, લોકો અંગે વિવિધ માહિતી પૂછતો અને રસપૂર્વક સાંભળતો. કાંઈ નહિ તો તેનો વહાલો છોકરો માઈકેલ સન-લૉક્સ કેવા મુલકમાં ગયો છે તે જાણવા ખાતર પણ!

આદમ ફૅરબ્રધર જૅસન વિષેનો પોતાનો અભિપ્રાય ગ્રીબાને પણ કહી સંભળાવતો: બહાદુર, હિંમતવાન જુવાન છે; મોતની તો

કશી પરવા જ જાણે તેને નથી; જૂઠું બોલવાનું કે દગો દેવાનું તો તેને આવડતું જ નથી; અને ન્યાય બાબતની તેની ભાવના બહુ ઊંચી છે. મારો સન-લૉક્સ તો બળવાન હોવા છતાં નમ્ર અને નાજુક હતો; ત્યારે આ તો ગંભીર અને ઉદાત્ત પ્રકૃતિનો છે; તથા ગરમાગરમ પણ એવો છે કે, તેનું નામ કોઈથી ઝટ ન લઈ શકાય.

ગ્રીબાને તેના ભાઈઓ જેસનથી ચેતતા રહેવાનું જણાવતા. પરંતુ આ દિવસોમાં ગ્રીબાનું અંતર છીછરું હતું, તેમજ તેનું વર્તન પણ. જોકે, જેસન બાબત કશો વિચાર કરતી વખતે તે એટલું જ યાદ રાખતી કે, તે પોતે ગવર્નરની પુત્રી છે, ત્યારે જેસન તો પોતાના દેશના કિનારે જહાજ તૂટી જવાથી આવી ચડેલો નિરાશ્રિત ખલાસી છે.

જોકે, મિસિસ ફેરબ્રધર જેસન ઉપર ખુશ હતી. જેસન કશું કામકાજ નહોતો કરતો; તોપણ સ્ટિફન ઓરી તેને વારસામાં જે ૨૦૦ પાઉંડ આપી ગયો હતો, તે રકમ તે બાઈની કલ્પનામાં વધીને બે હજાર પાઉંડ બની ગઈ હતી. સ્ત્રીની સહજબુદ્ધિથી તે એટલું જોઈ ગઈ હતી કે, જેસન ગ્રીબા પ્રત્યે કંઈક ખેંચાયો છે. જોકે, જેસનને પોતાને તે વખતે કોઈએ એમ કહ્યું હોત તો તેણે તે વાત હસી કાઢી જ હોત. આ બાબતનો ઈશારો ગવર્નમેન્ટ-હાઉસમાં પણ પહોંચ્યો હતો. પણ બુઢ્ઢા આદમે તે સાંભળીને માત્ર ડોકું જ ધુણાવ્યું હતું. અલબત્ત, જેસનની વિરુદ્ધમાં કહેવા જેવું તેની પાસે કંઈ ન હતું, સિવાય કે તેને કામકાજ કરવું ગમતું નહોતું. છતાં જેસન તવંગર હતો કે ગરીબ હતો એ વાતનું તેને મન કશું મહત્ત્વ ન હતું. તે તો માઇકેલ સન-લૉક્સને માટે જ ગ્રીબાને નિરધારી બેઠો હતો.

૩

પરંતુ સંજોગો એવા આવતા ગયા કે, ગ્રીબાને જેસન તરફ વધુ ને વધુ ઢળવું પડયું. આપણે એ વાત ઉપર જ આવી જઈએ.

આદમે પોતાની પત્નીને લૉગ્યૂ-મથકની મિલકત લખી આપી

હતી — જીવે ત્યાં સુધી પત્નીનો ભોગવટો; અને તેના મૃત્યુ પછી તેનાં પુત્ર-પુત્રીનો.

આદમના છયે છોકરાઓને આ વાત વસમી થઈ પડી; કારણકે, તેઓને ખાવા-પીવા-પહેરવાની જોગવાઈ સિવાય હાથખરચનું કશું તેમની મા પાસેથી મળે તેમ ન હતું: તે બાઈ ભારે કંજૂસ હતી. ખાવા-પીવા-રહેવાનું પણ તેમને જે મળતું તે બદલ તેમને જમીન ઉપર સવારથી સાંજ સુધી કામ કરવું પડતું. તેઓ હવે મોટી ઉંમરના થયા હતા, અને મોટો દીકરો ઓશર તો પરણવા લાયક થઈ ગયો ગણાય; પરંતુ જ્યાં સુધી તેના હાથમાં પોતાનો કહેવાય તેવો વાપરવાનો પૈસો પણ ન હોય, ત્યાં સુધી તે પરણે કેમ કરીને?

એટલે એ છયે છોકરા આ બાબતની પોતપોતાની ફરિયાદ લઈને બાપ પાસે આવવા લાગ્યા. આદમ તેમને શું કહે કે શો ઠપકો આપે? તેની પાસે તો એક જ માર્ગ બાકી રહ્યો હતો અને તે એ કે છોકરાઓને હાથ-ખરચી માટે માગે તેટલા પોતાના પૈસા આપવાનો.

અને આમ જલદી જલદી માગ્યે પૈસા મળતા થયા, એટલે તે છોકરાઓ વારંવાર આવવા લાગ્યા. જ્યારે તેઓ પૈસા લઈ સંતુષ્ટ થઈ પાછા જતા, ત્યારે આદમ તેમની નાલાયકી બદલ ડોકું ધુણાવતો. ગ્રીબા પણ ડોકું ધુણાવતી; કારણકે, તે જોતી હતી કે, આમ તો થોડા જ વખતમાં તે હરામી છોકરાઓ તેમના બાપને ફોલી ખાશે. તે કોઈ કોઈ વખત પોતાના બાપને એમ કહેતી પણ ખરી; પણ આદમ જવાબ આપતો કે, ખરાબમાં ખરાબ થઈનેય બીજું શું થવાનું છે — તેની પાસે તેનો પોતાનો વાર્ષિક પગાર તો છે ને! પૈસાનો ઉપયોગ ન થાય, તો તે શા કામના? તેમજ દાન-દયા પણ ઘર આગળથી જ શરૂ કરવાં જોઈએ ને?

પણ આ અનિષ્ટની માઠી અસર લૅગ્યૂ સુધી પણ પહોંચી — છોકરાઓને પૈસા આદમ પાસેથી મળવા માંડ્યા એટલે તેઓ જમીન

ઉપરના કામકાજની બાબતમાં આળસુ બનતા ગયા અને દારૂ પીને પીઠાંમાં પડી રહેવા લાગ્યા. રૉસ અને સ્ટીને મરઘડાંની સાઠમારી અને તેનો જુગાર શરૂ કર્યો; લુચ્ચો જૅકબ બીજા ભાઈઓ જેટલા પૈસા માગી લાવતો પણ તે બચાવીને તેનું વ્યાજ ખાવા લાગ્યો; ત્યારે જેન્ટલમૅન જૉન નવાં કપડાં પહેરી પ્રેમ-શિકાર ખેલવા માંડયો.

મિસિસ ફૅરબ્રધર આ અનિષ્ટનું મૂળ કયાં છે તે તરત સમજી ગઈ, અને પોતાના પતિ ઉપર ચિડાવા લાગી. એ બાપ કેવો ગણાય કે જે છોકરાઓને હાથે કરીને બગાડીને નકામા બનાવે? તેને મનમાં એમ પણ વસી ગયું કે, જમીનની તેની આવકમાં આ રીતે તોટો લાવી, તેને બરબાદ કરવાનો જ એના પતિનો દુષ્ટ ઈરાદો છે.

સ્ટિફન ઓરીના મૃત્યુ પછી ચાર વર્ષ બાદ પરિસ્થિતિ આ હદે આવી પહોંચી હતી.

પણ ત્યાર બાદ ઝપાટાબંધ એવા પ્રતિકૂળ સંજોગો આવતા ગયા કે, આ ઈતિહાસ સાથે જોડાયેલાં બધાં પાત્રોના જીવનમાં અનિષ્ટ પરિણામોની પરાકાષ્ઠા આવી ગઈ.

એક પછી એક એમ બે ખરાબ મોસમો આવી — માછલાંની બાબતમાં તેમજ બટાકાની ખેતીની બાબતમાં. માછીમારો તેમજ ગણોતિયાઓની ભારે કફોડી સ્થિતિ થઈ ગઈ. માછીમારો તો ભિક્ષાની ઝોળી લઈ ઘેર ઘેર ખાવાનો કોળિયો જ માગવા લાગ્યા; અને ગણોતિયાઓ પોતાનાં ઢોર, જમીન કે બીજો સરસામાન પોતાના જમીનદારો પાસે ગીરો મૂકીને દેવું કરવા લાગ્યા.

જ્યાં તવંગર લોકો ગણતરીના જ હોય અને ગરીબો જ વધારે હોય, ત્યાં ભીખ માગતા માછીમારો કે ગીરો મૂકી દેવાં કરતા ગણોતિયા-ઓને પૈસા માગવા જવાની જગાઓ પણ ગણતરીની જ હોય ને! એટલે તંગીમાં આવી પડેલાઓ માટે મુખ્યત્વે બે મથકો જ પૈસા

માગવા માટે ખુલ્લાં હતાં — લૅગ્યૂવાળું અને ગવર્નમેન્ટ-હાઉસવાળું. મિસિસ ફેરબ્રધર તો જમીનો, હોડીઓ, વગેરે ગીરો લખાવી લઈ, ભારે વ્યાજે પૈસા ધીરતી; અને મુદત પૂરી થયે પેલાઓ રકમ પાછી ન વાળી શકે તો તરત બધી વસ્તુઓ જપત કરી લેતી. એમ અર્ધાએક વર્ષમાં તો કેટલીય હોડીઓ, વાડીઓ, જમીનો વગેરે ઘણું તેના કબજામાં આવી ગયું. તે ખાસી માલદાર બની ગઈ; અને જેમ જેમ તે માલદાર બનતી ગઈ, તેમ તેમ તેનો લોભ પણ વધતો ગયો. ઉત્તર તરફના એ ભાગમાં તે વખતે બૅંકો જેવું કાંઈ ન હતું.

દક્ષિણ તરફ આવેલા ગવર્નમેન્ટ-હાઉસમાં પણ ભીખ માગનારાઓનો દરોડો વધતો ચાલ્યો. ગવર્નર પાસે આપવા જેટલું જે બધું હતું તે અપાઈ ગયું, અને તેની પાસેના રોકડ પૈસા પણ ખૂટી ગયા, ત્યારે તે ઘંટીવાળાઓ ઉપર આટા માટે અને વણકરો ઉપર કાપડ માટે ચિઠ્ઠીઓ લખી આપવા લાગ્યો. થોડી વારમાં ચોગરદમ જાહેર થઈ ગયું કે, ગવર્નમેન્ટ-હાઉસનાં બારણાં સૌ કોઈ માગણ માટે ખુલ્લાં છે, એટલે તંગીમાં આવી પડેલાં દુખિયારાં ઉપરાંત આળસુ અને બદમાશો પણ ત્યાં આવવા લાગ્યા. આદમ ખરા દુ:ખી કોણ છે અને ખોટા ઢોંગી કોણ છે એ સમજી જતો, અને સૌને બૂમો પાડીને ભાંડતો; પણ છેવટે બધાને માગેલી મદદ આપતો જ રહેતો. બધા સમજી ગયા હતા કે, તે જેમ ખૂબ ભાંડશે, તેમ છેવટે પાછો ઢીલો પડી જઈને માગેલું બધું જ આપશે.

ધીમે ધીમે આદમ ખાલી જ થતો ગયો; અને ગ્રીબા બધો હિસાબ લઈ તેની પાસે આવતી ત્યારે તે ખૂબ મૂંઝાતો પણ ખરો. પણ તે એમ ધીરજ રાખતો કે, તેના વર્ષે આવતા પાંચસો પાઉંડ તો ખોટા થવાના નથી જ; એટલે દીન-દુ:ખીને મદદ કરી પરલોકનું ભાથું બાંધી લેવામાં આળસ શા માટે કરવી?

પણ ધીમે ધીમે તેના નોકર-ચાકર તેને ઘેરથી વિદાય થઈ ગયા. અને હવે ઘણુંખરું કામ હાથે કરવાનું થયું. આદમના છોકરાઓ

ખૂબ ગુસ્સે થઈ ગયા; કારણકે, તેમને મળવા જોઈતા પૈસા તેણે સામાન્ય ગરીબ-ગુરબાંમાં 'વેડફી' માર્યા હતા; એટલે તેમને મળતા પૈસા છેક જ ઓછા થઈ ગયા અથવા લગભગ બંધ જ થઈ ગયા.

જૅસન લૅગ્યૂ-મથકે ચાલ્યા કરતી આ બધી વાતો સાંભળતો — 'ઉઘાડી આંખે આદમ બરબાદ થવા બેઠો છે; અને આદમને પોતાને જ ભીખ માગવાવારો આવશે, ત્યારે તેને કોણ એક પેની પણ આપવાનું છે?' થર્સ્ટન પોતાના પિતાની એવી આકરી ટીકાઓ કરતો; અને જૅસનના હાથ તો ઘણી વાર બાપ ઉપર તૂટી પડવા સળવળી ઊઠતા.

નાતાલનો તહેવાર આવ્યો. ગ્રીબાએ ભોજન માટે બેએક ખાસ વાનાં તૈયાર રાખ્યાં હતાં. પણ તે બીજી તૈયારીઓ માટે બહાર ગઈ તે દરમ્યાન ત્રણ જણ માગવા આવ્યા અને આદમે તેમને બધું આપી દીધું. ગ્રીબા પાછી આવી અને 'ચોરી થઈ' 'ચોરી થઈ' એમ તેને કહેવા આવી, ત્યારે આદમે જવાબ આપ્યો, "ફલાણા પાસે નાતાલના ભોજન માટે બટકુંય ન હતું ...... ફલાણા પાસે માત્ર સૂકો રોટલો જ હતો ... અને ફલાણાને આપવા માટે રસોડામાં કશું ન હતું એટલે મેં મારા ખિસ્સામાં જે કંઈ હતું તે આપી દીધું છે."

બસ, આમ હિસાબ પૂરો થયો!

જેમ જેમ ગવર્નર આદમ વેગથી ખાલી થતો જતો હતો, તેમ તેમ પરિણામે ગ્રીબાને વધુ ને વધુ જૅસનના હાથમાં જઈ પડવાનું થતું જતું હતું. જોકે એ વસ્તુ હજુ તે બંનેમાંથી કોઈનાય લક્ષમાં આવી ન હતી. જ્યારે છેવટની કટોકટી આવી, ત્યારે જ ત્રણેયને એ વાતની ખબર પડી અને તેઓ દિંગ થઈ ગયાં.

આ ટાપુમાં એક માણસ એવો હતો જેણે અત્યાર સુધી ગરીબ-કંગાળ-દીન-દુ:ખીનાં દુ:ખો પ્રત્યે સદંતર લાપરવાઈ દાખવ્યા કરી હતી. તે હતો આ ટાપુનો તથા સોડરનો બિશપ. તે માણસ મૅન-ટાપુનો

વતની ન હતો; ટાપુના માલિક ઉમરાવ ઍથોલનો તે નજીકનો સગો થતો હતો. તે બહુ શોખી માણસ હતો અને ભપકાબંધ રીતે રહેવા ટેવાયો હતો. તેને આ ટાપુમાંથી સાંથ-લાગા વગેરેની ભારે આવક થતી હતી. લોકોનાં સુખ-દુ:ખ સાથે બીજો કશો સંબંધ તેને ન હતો. ખરાબ વર્ષોમાં તેની આવક ઘટે ત્યારે તેને ખબર પડે કે લોકો કંઈક તકલીફમાં છે. પણ આ વખતે તેને થોડો પણ લાગો ઉઘરાવવો અશક્ય બની ગયો ત્યારે તેણે પોતાના લાગાની રકમ ઉઘરાવી આપવા તૈયાર થનારને ઈજારો આપવા માટે ઇંગ્લૅન્ડમાં હરાજી બોલાવી, અને પોતાને સૌથી વધુ રકમ આપવા કબૂલ થનારા એક સ્કૉટિશ માણસને એ ઈજારો આપી દીધો.

ગરીબ લોકોને હવે બે જણનાં ખીસાં ભરવાનાં થયાં — બિશપનું તેમજ ઈજારદારનું! ઉપરાંત, બિશપથી તો વધુ જોરજુલમ થાય નહીં, ત્યારે આ ઈજારદાર તો બિશપના દરબારની અને બિશપની અદાલતની બધી સત્તા અને મદદ વાપરીને લાગાની રકમ ગમે તેમ કરીને વસૂલ કરી શકે.

જ્યારે આ ઈજારો અપાયાના સમાચાર મૅન-ટાપુ પહોંચ્યા, ત્યારે સૌ આભા બની ગયા. અને આભા બનવા જેવું જ હતું — કારણકે, ઉઘરાણીની અને પાછળ પાછળ જ જપતીની નોટિસો વિધિસર ગરીબ લોકો ઉપર તરત પહોંચવા માંડી.

ગરીબોનો પોકાર કૅસલ-ટાઉનમાં ગવર્નરને કાને પણ પહોંચ્યો. બિશપની ઉઘરાણી પેટે જે જપતી થાય, તે ગવર્નરથી રોકી તો શકાય નહિ; પણ તેણે બિશપને વિનંતી કરી કે, એ જપતીઓ કરવાનું કામ મોકૂફ રાખવામાં આવે; કારણકે, ટાપુ અત્યારે અસાધારણ કપરા સંજોગોમાંથી પસાર થઈ રહ્યો છે.

બિશપે તોછડાઈથી જવાબ વાળ્યો કે, હવે એ વાત તેમના હાથમાં નથી — તેમણે તો ઈજારો આપી દીધો છે.

ગવર્નરે એમ ઉઘરાણીનો ઇજારો કાયદેસર આપી શકાય કે નહિ એની તપાસ કરી, અને એ બાબત પોતાની શંકાઓ બિશપને લખી જણાવી. ત્યારે બિશપે તેને રોકડું પરખાવી દીધું કે, તમારે બીજાના કામમાં માથું મારવાની જરૂર નથી.

ગવર્નરે જવાબ વાળ્યો, "ટાપુના લોકોનું હિત સંભાળવું એ જ મારું કામ છે; અને તમે બિશપ હો કે લૉર્ડ હો, કે બંને હો, પણ ખાતરી રાખજો કે, હું અહીં છું ત્યાં સુધી લોકોનું હિત વણસતું હું જોઈ રહીશ નહિ."

બિશપે જવાબમાં એટલું જ કહ્યું કે, "કોઈ કંગાળ ભિખારીને રાજગાદી આપે તેનું આ જ પરિણામ આવે."

દરમ્યાન પેલા સ્કૉટિશ ઇજારદારે નોટિસો આપવાનું કામ પૂર-જોશમાં આરંભી દીધું; અને અમુક નિયત મુદત સુધીમાં નાણાં ન ભરનારાઓની ઢોર કે પાક વગેરે માલમિલકત જપ્ત કરવામાં આવશે, એમ જાહેર કરી દીધું.

એ મુજબ પહેલી જપ્તીનો પ્રસંગ આવ્યો, ત્યારે ગવર્નરે પોતે એ વખતે હાજર રહેવાનો ઇરાદો ગ્રીબા આગળ જાહેર કર્યો. ગ્રીબાને તોફાન થવાનો ડર લાગ્યો એટલે તેણે પિતાને ત્યાં ન જવા સમજાવ્યો; પણ માત્ર જોખમના ડરને કારણે કર્તવ્ય-પાલનમાંથી ચૂકે, તો એ આદમ ફેરબ્રધર નહિ.

ગ્રીબાએ ચેલ્સ એ-કીલી ભારવૈયા મારફતે લૉગ્યૂ-મથકે પોતાના ભાઈઓને ખબર કહેવરાવી અને તોફાનને સ્થળે પોતાના પિતાને પડખે ઊભા રહેવા તેઓને વિનંતી કરી. પણ તેઓએ જવાબમાં કહેવરાવ્યું કે, જો બાપુને બિશપના કામમાં ડખલ કરવાની કાયદેસર સત્તા હોય, તો તેમનાં પોતાનાં સરકારી માણસો જ ઘણાં છે; અને જો તેમને સરકારી માણસોની મદદ લેવાનો અધિકાર ન હોય, તો પછી તેમણે ડહાપણ વાપરી જપ્તી અટકાવવા દોડી જવું ન જોઈએ.

બુઢ્ઢો ચેલ્સ આ જવાબ લાવ્યો ત્યારે નસીબજોગે જૅસન કૅસલ-ટાઉન આવેલો હતો. ગવર્નરના ઘર ઉપર તંગીનું વાતાવરણ ઘેરાઈ વળ્યું હતું ત્યારથી તે અવારનવાર પહાડો ઉપરથી ત્યાં ઊતરી આવતો, અને કરી લાવેલો શિકાર રસોડામાં ગુપચુપ નાખી, કોઈની સાથે બોલ્યા વિના ચાલ્યો જતો. આ વખતે તે એમ ગુપચુપ શિકાર નાખવા આવ્યો ત્યારે ગ્રીબા તેની તપાસમાં જ ત્યાં ઊભી હતી. એટલે ગ્રીબાએ તેને પકડી પાડીને ઊભો રાખ્યો તથા પોતાના બાપુ કેવું જોખમ ખેડી જપતીઓ અટકાવવા જવા તૈયાર થયા છે એ વાત તેને કહી સંભળાવી. તે સાંભળતાં વેંત જૅસન તરત ગવર્નર જાણે નહિ તેમ ગવર્નર સાથે જવા તૈયાર થઈ ગયો.

ગ્રીબા તરત જ ગળગળી થઈ જઈને બોલી ઊઠી, "તમારો આભાર માનું છું." અને પછી તેણે જૅસન તરફ મંદ હસીને એવી ભાવભરી નજરે જોયું કે, જૅસનનું હૃદય આરપાર વીંધાઈ ગયું. ના, એ નજર આખી દુનિયાને આરપાર વીંધતી ચાલી ગઈ. કારણકે, આખી દુનિયા જૅસન માટે તે ક્ષણથી કોઈ નવા આનંદભર્યા પ્રકાશથી છલોછલ ઊભરાઈ રહી હતી.

જે દિવસે પહેલવહેલી જપતી થવાની હતી, તે દિવસે આદમ તે ગામે જઈ પહોંચ્યો. ત્યાં મોટું ટોળું ભેગું થયું હતું અને આદમને આવેલો જોઈ, સૌ લોકો આનંદનો પોકાર કરી ઊઠયા. પેલો સ્કૉટિશ ઈજારદાર પણ બિશપનાં માણસો લઈને આવી પહોંચ્યો. તેણે કોઢનાં બારણાં ખોલી નાખી, અંદરથી ઢોરને બહાર લાવી, હાજર રાખેલા હરાજીવાળા મારફતે તેમને તરત હરાજ કરી દેવાનો હુકમ કર્યો.

પણ કોઢ અંદરથી બંધ હતી, એટલે સ્કૉટિશ ઈજારદારે છાપરા ઉપર ચડી, અંદર ઊતરીને આગળો ખોલી નાખવાનો પોતાના માણસને હુકમ કર્યો.

ગવર્નર તરત જ બોલી ઊઠયો, "થોભો, એમ કરશો તોપણ

એ ઢોર હરાજીમાં ખરીદી ગરીબ માણસના મોંમાંથી રોટલો કાઢી લેવા અહીં કોઈ નહિ ઇચ્છે."

તરત જ બિશપનો વકીલ આગળ આવ્યો અને આદમને ધમકી આપવા લાગ્યો કે, "તમે જો લોકોને ઉશ્કેરી આ કાયદેસર કામમાં ડખલ કરવાનો પ્રયત્ન કરશો, તો તમને દેવળનો તિરસ્કાર કરવા બદલ દેવળની અદાલત સમક્ષ હાજર થવા અહીં ને અહીં નોટિસ બજાવવામાં આવશે."

આદમનું એ અપમાન લોકોનું ટોળું સહન કરી શક્યું નહિ. તેઓ તરત આગળ ધસવા લાગ્યા અને બૂમો પાડવા લાગ્યા. ઈજારદારનાં માણસો સામાં થયાં તે દરમ્યાન ગવર્નર એ ધક્કામુક્કીમાં જમીન ઉપર ગબડી પડયો. સ્કૉટિશ ઈજારદારે લોકો સામે પોતાની પિસ્તોલ ધરી અને તેના માણસો વાંકડી તરવારો વીંઝવા લાગ્યા.

આ દરમ્યાન જૅસન, જાણે ઓચિંતો જ ત્યાં આવી ચડયો હોય તેમ ટોળાની બહાર ઊભો હતો ત્યાંથી એકદમ અંદર ધસી આવ્યો. તેણે ગવર્નરને પકડીને જમીન ઉપરથી ઊભા કર્યા, સ્કૉટિશ ઈજારદારને જમીન ઉપર ગબડાવી પાડયો અને તેનો પિસ્તોલવાળો હાથ પોતાની એડી નીચે દબાવી દીધો. જૅસનના મોંની આસપાસ તરત તરવારો વીંઝાવા લાગી, પણ જૅસને પોતાના લાંબા હાથના સપાટાઓ લગાવી એવો તરખાટ મચાવી મૂક્યો કે બે મિનિટમાં તો સૌ દૂર હઠી ગયા. અને પછીની બે મિનિટમાં તો ઈજારદાર, તેની મંડળી સાથે, 'વહેલો તે પહેલો' એ ઝડપે ત્યાંથી ભાગી ગયો.

લોકો તેમનો હુરિયો બોલાવતા તેમની પાછળ પડયા.

બધામાં જૅસન જ કારમી રીતે ઘવાયો હતો. તેની જમણી ભમ્મર ઉપર જ તરવારનો ઊંડો ઘા થયો હતો, અને તેમાંથી પુષ્કળ લોહી વહેતું હતું. પણ તેને એની કશી પરવા ન હતી.

૪

બધા કૅસલ-ટાઉન પાછા આવ્યા. ગ્રીબા ઉત્સુક નજરે તેમના પાછા ફરવાની રાહ જોઈ રહી હતી. જૅસનના કપાળ ઉપરનો મોટો પાટો જોઈ તે લગભગ બેહોશ થઈ ગઈ. જૅસને તેને ઘણું ઘણું આશ્વાસન આપ્યું કે, ગભરાવા જેવું ખાસ કંઈ નથી; પણ ગ્રીબા આખો પાટો છોડી નાખી, પછી પોતાને હાથે બધું સંભાળપૂર્વક અને મમતાપૂર્વક સાફ કરી, ફરીથી પાટો બાંધીને જ જંપી. ઘા એટલો ઊંડો હતો અને આંખની એટલી નજીક આવી ગયો હતો કે, ગ્રીબા આખો વખત ભયથી જ કંપ્યા કરતી હતી. પણ જૅસને હસતાં હસતાં કહ્યું, 'આવી મમતાભરી સારવાર મળવાની હોય તો બીજે દિવસે બીજી આંખ ઉપર એવો ઘા લઈને ન આવું તો મારું નામ જૅસન નહીં!'

ગ્રીબાની છાતી ઊછળવા લાગી. તે તરત જ બોલી ઊઠી, "પેલા તોફાનમાં ઝંપલાવવા બદલ તમારી જાત માટે તમને અભિમાન લેવા જેવું નથી લાગતું?"

"અભિમાન લેવા જેવું શા માટે?" જૅસને બાઘાની પેઠે પૂછયું.

"તમે મેં કહ્યા પ્રમાણે આમ બીજી વાર સાહસ ખેડયું, અને તે બદલ તમને સારી પેઠે સહન કરવું પડયું. તે માટે, વળી!" ગ્રીબા લાલ લાલ થઈ જતી બોલી.

"પણ અભિમાન લેવા જેવું એમાં શું આવ્યું?" જૅસન બબૂચકની જેમ બોલી ઊઠયો.

"તો શું તમને અભિમાન લેવા જેવું નથી લાગતું? મને તો તમારે માટે કેટલું બધું અભિમાન લેવા જેવું લાગે છે!"

બંને એકલાં જ હતાં. ગ્રીબાની છાતી ઊંચી ઊંચી ઊછળતી હતી અને તેની આંખોમાં વિચિત્ર પ્રકારની ચમક દેખાતી હતી. બીજી જ ક્ષણે બંનેના હાથ ભેગા થયા, અને જૅસનનું લોહી ઊકળવા લાગ્યું. તે પોતે શું કરે છે તેનું તેને ભાન થાય તે પહેલાં તેણે સુંદર

ગ્રીબાને પોતાના હાથમાં વીંટી લીધી અને તેના ગાલ ઉપર તથા પછી હોઠ ઉપર ચુંબન કર્યું.

ગ્રીબા શરમથી લાલ લાલ થઈ જઈને એકદમ છટકીને દૂર નાઠી. જેસન બિચારો એમ ગભરાઈ ઊઠ્યો કે પોતે જંગલીપણું દાખવી ભારે અજુગતી વાત કરી છે, અને ગ્રીબા જરૂર ગુસ્સે થઈ જશે.

પણ ગ્રીબા તો નીચું જોતી જોતી, મંદ મંદ હસતી હસતી પગને ટેરવે ચાલતી હોય તેમ ધીમેથી કમરા બહાર નાસી ગઈ. તે ઘડીથી જેસનને ખાતરી થઈ ગઈ કે, તે પોતે ગ્રીબાના પ્રેમને પાત્ર થઈ શકે છે.

આદમની ધારણા ખરી હતી. જપતી કરી, હરાજીમાં માલ વેચી પૈસા વસૂલ કરવાનું શક્ય ન હતું. એટલે ઇજારદાર થોડા વખત બાદ ઇંગ્લૅન્ડ પાછો ચાલ્યો ગયો; અને પછી જપતીને માટે કાઢેલી નોટિસો અંગે કશી કારવાઈ આગળ ન ચાલી.

પણ ટાપુના ડાહ્યા લોકો ડોકું ધુણાવતા કહેવા લાગ્યા કે, આદમ ફેરબ્રધર ઉપર કશી તવાઈ આવ્યા વિના રહેવાની નથી — તેણે કાયદેસર કામમાં આમ આડા પડવા જેવું કશું કરવું જોઈતું ન હતું.

પણ ધાર્યા કરતાં બીજી બાજુએથી જ તોફાન ફાટી નીકળ્યું.

ડ્યૂક ઑફ ઍથોલના બાપે પોતાના નાણાંકીય હકો અંગ્રેજ સરકારને વેચી દીધા હોવાથી ડ્યૂક પાસે તો હવે આ ટાપુમાં તેનો ઇલકાબ, બિશપની આવક ઉપરનો જાગીર-હક, અને તેનું ગવર્નર-જનરલપણું — એટલાં વાનાં જ બાકી રહ્યાં હતાં. તેના ઇલકાબની તો અંગ્રેજ રાજદરબારમાં કશી માન્યતા ન હોવાથી, તેનું કશું ખાસ મહત્ત્વ ન ગણાય; અને ગવર્નર-જનરલપણાનો પગાર પણ તે પોતે આ ટાપુમાં રહેતો ન હોઈ, પોતે નીમેલા સ્થાનિક ગવર્નરને આપી દેતો હોવાથી તેથીય ઓછા મહત્ત્વનો ગણાય. તેની પાસે બિશપની આવક ઉપરનો જાગીર-હક એકલો જ હવે કંઈક મળતરવાળો રહ્યો ગણાય. પણ એ

આવક પણ જોખમમાં આવી પડી, ત્યારે તેને પોતાના આ બધા નામના મોભાને વેચી નાખી તેની કિંમત ઉપજાવી લેવાનું સલાહભર્યું લાગ્યું. એટલે તેણે અંગ્રેજ સરકારને તે બધું વેચી નાખ્યું; અને પોતાના બાપે ઉપજાવી હતી તેના કરતાં છ ગણી કિંમત ઉપજાવી. આમ પોતાનો તમામ હક ટાપુ ઉપર સમાપ્ત થતાં, તેણે આદમ ફ્રેર-બ્રધરને તાકીદની નોટિસ અને અર્ધા વર્ષનો નોટિસનો પગાર અગાઉથી મોકલાવી આપી, એકદમ છૂટો કર્યો.

ગ્રીબા અને આદમ ઉપર આ ફટકો એવો અચાનક આવી પડયો કે, તેમને એ વિષે ખેદ કરવા બેસવાનું પણ રહ્યું નહિ. ગવર્નમેન્ટ-હાઉસ અને એનો સરસામાન તો સરકારી હતાં, એટલે નવો ગવર્નર કોઈ પણ ક્ષણે તેમનો કબજો લેવા આવી પડે તેમ હતું. જોકે, થોડોઘણો સ્ટૉક આદમનો હતો; પણ તેવું થોડુંઘણું દેવુંય હતું, એટલે તેણે એ સ્ટૉક વેચી નાખી દેવું ચૂકતે કરવા વિચાર કર્યો.

આખા ટાપુના ડાહ્યા લોકો આદમની થયેલી આ માઠી વલે જોવા અને પેટ ભરીને ટીકા કરવા સ્ટૉકની હરાજી વખતે ભેગા થયા. આદમ સાંભળે તેમ મોટેથી ટીકાઓ ચાલવા લાગી — "કુપાત્રને ગમે તેવી સારી જગાએ બેસાડો, તેથી તેને તે જગા જાળવી રાખતાં કે સાચવતાં કદી આવડે?" "પાંચસો પાઉંડનો વાર્ષિક પગાર હોવા છતાં, ભાઈસાહેબ છેક જ ખાલી છે!" "કેટલાક લોકોના હાથમાં પૈસા આવે એટલે જાણે ચાળણીમાં પાણી ભર્યું!"

આદમના છયે દીકરા ત્યાં હાજર હતા. તેઓ બોલવા લાગ્યા, "આ બધા ગોટાળા માટે હવે અમારો દોષ કોઈ ન કાઢશો."

જેસન પણ ત્યાં ઊભો હતો. તેનું મોં તોફાન સાથે ચઢી આવેલા વાદળ જેવું કાળું બુશાક બની ગયું હતું; અને ગમે તે ક્ષણે ગમે તેની ઉપર તૂટી પડવા ઝળૂંબી રહ્યો હોય એવો તેનો દેખાવ થઈ ગયો હતો.

આદમે તો મોં જ બહાર બતાવ્યું ન હતું. તેનો માલસામાન ખરીદનારા ટીખળ કરતા તથા હસતા હસતા વેરાઈ ગયા, ત્યાર પછી ગ્રીબા બધો હિસાબ લઈને તેની પાસે આવી. છ મહિનાનો અગાઉથી મળેલો પગાર પણ અંદર નાખતાં પાછળનાં દેવાં ચૂકવાયા પછી આદમ પાસે પંદરેક પાઉંડ માંડ બચતા હતા.

૫

બીજે દિવસે સવારે આદમ અને ગ્રીબા આ મકાન છોડી, લૅગ્યૂ-મથકે પોતાના જૂના ઘર તરફ જવા ઊપડી ગયાં.

સાથે માત્ર બુઢ્ઢો ચેલ્સ એ-કીલી ભારવૈયો જ તેમનો સ્હ્યોસહ્યો સામાન ગાડીમાં ભરીને આવતો હતો.

ઉનાળાની શરૂઆત થઈ ગઈ હોવાથી ગરમી હતી; અને ત્રણ ત્રણ અઠવાડિયાંથી સુકવણું ચાલતું હોવાથી રસ્તાઓ ધૂળવાળા થઈ ગયા હતા.

ચેલ્સ એ-કીલી રસ્તો ખૂટે તે માટે વાતો કરવા લાગ્યો. આ પૉની લાવ્યો તે પહેલાં તેનું જે ગધેડું હતું એની વાત તેણે ઉપાડી. એ ગધેડાની વાત નીકળી એટલે નાનપણમાં તેના ઉપર સવારી કરવાના રસિયા માઈકેલ સન-લૉક્સની વાત આવી. પછી તો ચેલ્સ પોતે માંદો પડતાં તેણે એક પૈસો પણ લીધા વિના એ ગધેડું પાલવવા એક પડોશીને આપી દીધું તેની વાત કાઢી. પછી પોતે સાજો થતાં એ ગધેડું કંઈક કામ માટે ઊછીનું માગવા ગયો ત્યારે પેલા પડોશીએ પૈસા લીધા વિના આપવાની સીધી ના પાડી દીધી, એ વાત કહી. અને છેવટે તેણે ઉમેર્યું, "દુનિયાની રીત જ એવી છે; તમે કોઈને તમારું પહેરણ આપો, તો તે તમારી ચામડી ઊતરડી લેવા ન આવે તો તમારી જાતને ભાગ્યશાળી ગણજો!"

આદમની વિદાય

૧

બપોર થઈ ગયા હતા અને પુરુષવર્ગ ખેતરોમાં ચાલ્યો ગયો હતો; પણ મિસિસ ફેરબ્રધર ઘેર જ હતી. તેણે આ ત્રણેને દરવાજો ઉઘાડી મકાનમાં પેસતાં જોયાં.

તે તરત જ મનમાં ગણગણી ઊઠી, "હું ધારતી જ હતી. તેઓ શા કામે આવ્યાં છે તે હું અબઘડી કહી આપું!"

આદમે ઘરમાં પેસી બહારથી સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરી, પોતાની પત્નીને અભિવાદન કર્યું. પણ મિસિસ ફેરબ્રધરે કશો જવાબ ન વાળ્યો. તેણે ગ્રીબા ઉપર અને છેવટે ચેલ્સ ઉપર નજર કરી લઈ, ટાઢાશથી એટલું જ કહ્યું, "અને અહીં આ ધાડ લઈને શા માટે આવ્યા છો, વારુ?"

"રૂથ! તેં અમારા ઉપર કમનસીબે પાડેલી પસ્તાળની વાત સાંભળી જ હશે; કારણકે આખો ટાપુ એ વાત જાણે છે. હું એ બાબતની કશી ફરિયાદ કરતો નથી — કારણકે, બધું ઈશ્વરના જ હાથમાં છે, અને શું સાચું છે તે એ જાણે છે. હું હવે ઘરડો થઈ ગયો છું, રૂથ; જાતની જ સંભાળ રાખી શકું તેવો રહ્યો નથી, તો પછી બીજાની તો શી રીતે રાખી શકું. અને —"

પણ આદમ આગળ બોલે તે પહેલાં મિસિસ ફેરબ્રધર અકળામણથી જમીન ઉપર પગ ઘસતી બોલી ઊઠી, "ટૂંકું કરો ને સાહેબ; તમારો ઈરાદો શો છે?"

આદમે આભા બની જઈ, જરા સ્વસ્થતાથી જવાબ આપ્યો, "મારો ઈરાદો મારે ઘેર પાછા આવવાનો છે, રૂથ."

"ઘેર? અને કયે ઘેર, એ જરા મહેરબાની કરીને ક્હેશો?" મિસિસ ફ્રેરબ્રધરે કર્કશપણે પૂછયું.

આદમ એક ક્ષણ જરા ચૂપ રહ્યો, અને પછી બોલ્યો, "કયે ઘેર? આ ઘેર જ વળી, રૂથ!"

"આ ઘેર? પણ આ ઘર તમારું નથી."

"મારું નથી? આ ઘર મારું નથી?" આદમ શૂન્ય બની ગયો હોય તેમ મનોમન ગણગણ્યો. પણ પછી એકદમ ટટાર થઈને બોલ્યો, "કેમ રે? આ ઘર મારું કેમ નથી? હું અહીં જન્મ્યો હતો, મારી પહેલાં મારા બાપુ પણ અહીં જ જન્મ્યા હતા. મારી પાંચ પાંચ પેઢીઓ અહીં જ જન્મી છે અને અહીં જ મરી છે. આ ઘરના છાપરાની એકંએક વળી અમને ઓળખે છે."

"રાખો, રાખો, હવે! તમે જો આ ઘરમાં વધુ રહ્યા હોત, તો છાપરાની એક વળીય બાકી રહી ન હોત. નહીં, સાહેબ; મેં આ ઘરનું છાપરું સાચવી રાખ્યું છે, એટલે આ ઘર મારું છે."

"હા, હા, એ તારું છે; કારણકે, મેં તને એ આપ્યું છે."

"તમે મને આપ્યું છે? અરે જાઓ, જાઓ; તમારા હાથમાં થઈને તો તમારી બધી મિલકત સરી જતી હતી તે વખતે મારા હકનું ગણીને મેં તેને સાચવી લીધું છે. તમારા હાથમાં વળી તમારું કહેવાય એવું કશું જ શું બાકી રહ્યું છે? બધું ચાળણીમાંથી પાણી નીકળી જાય એમ નીકળી ગયું છે!"

"મારા હાથમાંથી તો ચાળણીની પેઠે એક જ વસ્તુ ચાલી ગઈ છે, અને તે મારી પત્નીની વફાદારી, જેણે ચાલીસેક વર્ષ પહેલાં ઈશ્વર સમક્ષ મને ચાહવાના અને મારો આદર કરવાના સોગન લીધા હતા."

"પથરા ને પાણકા! હું મારી આ ઉંમરે મહેનત કરીને ને બચાવીને આ ઘર જાળવી રાખું; અને તમે તમારી બેવકૂફીથી બધું ગુમાવીને અહીં આવો ત્યારે તમને બધું ફનાફાતિયા કરવા પાછું આપી દઉં — એને તમે વફાદારી અને આદર કહો છો, એમ? જેનામાં બૈરીને માથે છાપરુંય સાબૂત રાખવાની શક્તિ કે આવડત નથી, તે પાછો ધણીવેડા કરતો આવીને મને મારી ફરજ સમજાવવા બેઠો છે, વાહ! મેં મારાં છોકરાંને તમારી બેવકૂફીથી રઝળતાં નથી થવા દીધાં, એ મારી વફાદારી નથી તો બીજું શું છે?"

"તો શું તું મને આ ઘરમાં પેસવા નહીં દે, એમ?"

"આ ઘર મારું છે — કાયદેસર અને કરારનામાંથી."

"પણ તું મને ઘરમાં આવવા દેશે કે નહિ?" ઊભા થઈ જઈને આદમે ફરીથી પૂછ્યું.

"તમે તમારું બધું ઉડાવી દઈને હવે મારે ગળે પડવા અને આ બધું પણ ઉડાવી દેવા આવવા માગો છો, એમ?"

"રૂથ, તું મને એટલું જ કહી દે કે, તું મને અહીં રહેવા દેવાની ના પાડે છે કે કેમ."

"હા, હા, હું 'ના' પાડું છું. તમે તમારી જાતને ભિખારી બનાવીને હવે મને ભિખારી બનાવવા આવ્યા છો, તે હું નહિ સાંખી લઉં."

"ગભરાતી નહિ, રૂથ; હું બટકું રોટલો અને સૂવાની પથારી માટે તારી આગળ ભીખ માગતો અને તને પગે પડતો નહિ જ આવું. પણ જે દિવસે મેં તને પત્ની તરીકે સ્વીકારી, તે શાપિત દિવસ બદલ ભગવાન મને માફ કરે!"

ગ્રીબા હવે આગળ આવી અને બોલી, "મા, શાંતિ રાખો; બાપુ ઉપર ગુસ્સો ન કરશો. તે જે કંઈ કડવું બોલ્યા છે, તે બદલ જરૂર પસ્તાવો કરશે. પણ હવે એ ઘરડા થયા છે — કંઈ કામકાજ કરી શકે

તેવા નથી, એ વાતનો વિચાર કરો. જો આ ઘર તેમનું ન હોય, તો પછી તે ઘરબાર વગરના જ થઈ ગયા ગણાય."

આદમ તરત જ બોલી ઊઠ્યો, "બેટા, મેં જે કંઈ કહ્યું છે, તે બદલ હું જરાય પસ્તાતો નથી, અને પસ્તાવાનો નથી. આ સ્ત્રી પહેલેથી ક્રૂર હૃદયની કર્કશા છે. હું કંઈ અહીં મારે પોતાને જ માટે આવ્યો ન હતો. પણ હજુ મારા પુત્રોએ મને ક્યાં ના પાડી છે? તેઓ જ મારું લોહી કહેવાય; આ બાઈ તો પરાઈ હતી અને પરાઈ જ રહી છે. મારા દીકરાઓ મને ઘરને બારણેથી બહાર નહિ જ કાઢી મૂકે."

તે જ વખતે છ માંથી ત્રણ જણ — ઑશર, રૉસ અને થર્સ્ટન ઢોર માટે 'ફર્ઝ'* કાપવા ગયેલા તે આવી પહોંચ્યા. આદમે પોતાની લાગણીના જુસ્સામાં આવી જઈ, કશો ખુલાસો કર્યા વિના સીધું ઑશરને પૂછ્યું, "ઑશર, તું તો એમ નહિ જ કરે ને?"

ઑશરે પિતાને કશું અભિવંદન — અભિવાદન કર્યા વિના કહી દીધું, "તમે શું કહો છો તે હું સમજ્યો નથી, મહેરબાન."

"તારી માને તેમણે શાપ દીધા છે; અને જે દિવસે તેમની સાથે લગ્ન કર્યું તે દિવસને પણ." મિસિસ ફેરબ્રધર વચ્ચે જ બોલી ઊઠી.

"પણ તારી માએ તો મને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો છે," આદમે કહ્યું; "આ ઘરમાંથી કે જે મારા બાપનું અરે, બાપ-દાદાનું ઘર છે!"

"તમે એમની માફી માગો, એટલે એ તમને પાછા આવવા દેશે." ઑશર બોલ્યો.

"એની માફી માગું? ભલા ભગવાન!" આદમ ત્રાડી ઊઠ્યો.

"તમે હવે ઘરડાખાંખ થઈ ગયા છો, સાહેબ." થર્સ્ટને કહ્યું,

* કાંટાળું ઝાડવું – પીળાં ફૂલ બેસે છે. – સંપા૦

"હા, હું ઘરડો થયો છું, પણ તે વાતનું શું છે?"

"એટલે તમારે બહુ અકડાઈ ન રાખવી જોઈએ."

"શું, તું પણ એના પક્ષનો થઈ ગયો? ઑશર, થર્સ્ટન, રૉસ, તમે મારા દીકરાઓ છો; તમે મને આ ઘરમાંથી બહાર કાઢી મુકાતો જોઈ રહેશો?"

ત્રણે જણ માથું નીચું નમાવી ચૂપ ઊભા રહ્યા. છેવટે ઑશર બણગણ્યો, "મા કહે એ અમારે કબૂલ તો રાખવું જોઈએ ને?"

"પણ મારી પાસેનું બધું મેં તમને આપી દીધું છે. હવે હું ઘરડો થયો છું; અને હું અત્યારે ગરીબ-કંગાળ બની ગયો હોઉં, તો મને તેવો કોણે બનાવ્યો, તે તમે તો બરાબર જાણો છો."

"અમે પણ કંગાળ જ છીએ, મહેરબાન; અમારી પાસે કશું જ નથી; અને એને માટે કોણ જવાબદાર છે, તે અમે પણ ભૂલી ગયા નથી." થર્સ્ટન ઘૂરક્યો.

"તમે અમારું બધું બીજાઓને આપી દીધું; અને હવે તમને એ સોદાનો પસ્તાવો કરવાવારો આવ્યો છે, એટલે અમે તમને ટેકવીએ એવી અમારી પાસે અપેક્ષા રાખો છો!" રૉસે ઉમેર્યું.

દરમ્યાન, સ્ટીન, જૅકબ અને જૉન પણ આવી પહોંચ્યા હતા. જૅકબે લુચ્ચાઈપૂર્વક ટાપસી પૂરી, "અને પોતાનાં છોકરાંને બદલે, એક અજાણ્યાનો પક્ષ કોણે લીધો હતો, વારુ? તમારા રૂડા રૂપાળા માઈકેલ સન-લૉક્સનું શું થયું? તે તમારી કંઈ ભાળસંભાળ રાખે છે કે પછી અહીંથી ચાર વર્ષ પહેલાં ગયા બાદ તમને યાદ પણ નથી કરતો, હેં?"

ગ્રીબા ગુસ્સાથી સળગી ગઈ હોય તેમ લાલ લાલ થઈને બોલી ઊઠી, "ધત્, નાલાયકો, બુઢ્ઢા બાપને આ રીતે ટાણાં મારીને સંતાપો છો?"

મિસિસ ફેરબ્રધર બોલી ઊઠી, "જા, જા, પતાકડી, તું શા વતીના આવા મોટા બોલ બોલે છે, વળી? લંડનમાં રહીને આવડી લડધા જેવી થઈ, તોય તને કશુંય કામ કરતાં કયાં આવડે છે, તે?"

આદમે હવે કહ્યું, "તમે બધાં એમ માનતાં લાગો છો કે, હું મારે પોતાને માટે આશરો માગું છું. ના, ના, હું તો આ છોકરી માટે આશરો માગવા આવ્યો છું. મારો તમારી પાસે કશું માગવાનો હક ભલે નહિ હોય, પણ ગ્રીબાનો તો છે. કારણકે, તે તમારામાંની જ એક છે, અને પોતાના ભાગની હકદાર છે. તે હવે પોતાના બાપની પાસે રહી શકે તેમ નથી; કારણકે, તેના બાપને પોતાને હવે ઘર નથી. પણ તેને તો આ ઘરમાં હક છે જ, અને હું તેને અહીં મૂકીને જ જવાનો છું."

"એટલા બધા ફાસ્ટ ન જતા, મહેરબાન," જૉન બોલી ઊઠયો; "અમે બધા જયારે અમારો વારસાહક પામીએ, ત્યારે તે પણ પામશે; અત્યારે તો તે પણ તેના ભાઈઓની પેઠે કામ કરે અને રોટલો ખાય, એ સિવાય બીજા કશા ઉપર તેનો હક નથી."

"કામ કરે, હરામખોર?" આદમ ત્રાડી ઊઠયો; "તે તો બહેન છે – દીકરી છે —"

"સ્ત્રી કે પુરુષ, તેથી શો ફેર પડે છે, વારુ?" જૉને જવાબ આપ્યો, અને પોતાની આંગળીઓના ટચાકા ફોડયા.

"શો ફેર પડે છે? ફેર બાપ પ્રત્યેની મમતા અને ફરજની બાબતમાં પડે છે, તે જોતો નથી?"

"તમે એટલા બધા બુઢ્ઢા છો કે તમારી સાથે મારે તકરાર કરવી નથી; હું તમને જતા કરું છું." જેન્ટલમૅન જૉન બોલ્યો.

"તું મને જતો કરે છે, એમ? પણ મારે ધીરજ રાખવી જોઈએ. જે દિવસે મેં મારી પત્નીને પહેલવારકી જોઈ, તે દિવસને તો મેં

શાપ આપ્યો છે; હવે જે સમયે તેણે મારાં સંતાનોને પહેલવારકો જન્મ આપ્યો, તે ઘડીને મારે શાપવી નથી. ઍશર, તું મારો મોટો દીકરો છે; તું આમ ચૂપ ઊભો રહી આ બધું જોઈ-સાંભળી નહિ જ રહે, એમ હું માનું છું. ગ્રીબા તારી બહેન થાય; એ વાતનો વિચાર કર."

ઍશરે મોં મરડીને જવાબ આપ્યો, "એ છોકરી મારી કંઈ થતી નથી. અમારા કોઈની તે કશું થતી નથી. તે આખો વખત તમારી સાથે રહી છે, અને બાકીનો વખત અજાણ્યાઓ સાથે પરદેશમાં. તે અમારી બહેન છે જ નહીં."

આદમે રૉસ તરફ જોઈને પૂછ્યું, "તું પણ એમ જ કહે છે?"

"એ અહીં રહીને શું કરશે? કશું જ નહિ. આ કંઈ ફૅશનેબલ બાનુઓ માટેની જગા નથી. અહીં તો અમારે ખેતરમાં અને કોઢમાં સવારથી સાંજ સુધી કામ કરવું પડે છે. તેને લંડનમાં તેનાં હિતેચ્છુઓ પાસે જ પાછી મોકલી દો."

"અથવા તો તેને તરત જ પરણાવી દો – એ ટૂંકામાં ટૂંકો અને સીધામાં સીધો રસ્તો છે. મને કોઈ પંખી આવીને કાનમાં કહી પણ ગયું છે કે તેને પરણવા એક જણ તૈયાર છે! મિસ, બહુ નવાઈ પામ્યાનો ઢોંગ ન કરશો; એ વ્યક્તિ અત્યારે દૂર પર્વતોમાં શિકાર ખેલવા ગઈ છે, પણ થોડા વખતમાં જ તે અહીં તમારી પાસે આવી પહોંચશે." જેકબ મરડાટમાં બોલ્યો.

ગ્રીબાની આંખોમાં વીજળીઓ ચમકી ઊઠી. તે મહાપરાણે પોતાના બાપની ખુરશીની પીઠને સખત રીતે પકડીને સ્થિર ઊભી રહી.

આદમ આખે શરીરે ફફડી ઊઠયો. તે ધીમેથી બોલ્યો, "જો તે તમારા કોઈની બહેન નથી, તો તમારી માની દીકરી તો છે જ. તમારી માને તો એ હકીકતનો શો અર્થ થાય તે ખબર હશે જ." પછી તેણે મિસિસ ફૅરબ્રધર તરફ ફરીને કહ્યું, "રૂથ, આ તારી છોકરી છે;

અને તું જે કરારનામાની વાત હમણાં કરતી હતી તેની રૂએ પણ આ મિલકતની ભાગીદાર છે."

"હા; પણ એ તો હું જ્યારે મરી જાઉં ત્યારે! અત્યારે એ વાત વચ્ચે લાવવાની જરૂર જ ક્યાં છે?"

"એ વાત ખરી; પણ તે પહેલાં તું એને ભૂખે મરતી જોશે? અથવા ફાવે તેવા લગ્નની ધૂંસરીમાં જોડી દેશે?"

"હું તેને એક જ શરતે રાખવા તૈયાર છું."

"કઈ શરત, રૂથ?"

"એ કે, પછી તમારો તેના ઉપર કશો હકદાવો નહીં રહે."

"એટલે?"

"એટલે એમ કે, પછી તમારે એની સાથે કશો સંબંધ નહીં રાખવાનો — એને તમારે મળવાનું નહિ, એની સાથે વાત કરવાની નહિ કે પત્રવ્યવહાર પણ કરવાનો નહીં."

"પણ એમ શા માટે?"

"કારણકે, મેં તેના ભવિષ્ય માટે કંઈ વિચારી રાખ્યું હોય, તેમાં તમે આડે આવો જ, એની મને ખાતરી છે."

"તારી વિચારેલી યોજનાને માઈકેલ સન-લૉક્સ સાથે સંબંધ છે, શું?"

"ના રે ના, હરગિજ નહિ." મિસિસ ફેરબ્રધરે તુચ્છકારથી માથું ઉછાળીને કહ્યું.

"તો પછી આઈસલૅન્ડના વતની જુવાન જેસન સાથે સંબંધ છે?"

"હોય કે ના હોય, તે મારી બાબત છે; તમારે તે વાત સાથે કશી લેવાદેવા નથી."

"એ તારી આખરી શરત છે?"

"હા."

"એટલે કે, મારે એનાથી હંમેશ માટે છૂટા પડવાનું - મારે એને તદ્દન ભૂલી જવાની, અને તેના હિત-અહિત વિષે કશી લેવાદેવા નહિ રાખવાની, એમ? પણ તું જાણે છે કે, એ મને કેટલી વહાલી છે; એ મારી આંખોનું નૂર છે. ભગવાન તને ઊલટું વિચારવા બદલ આકરી સજા કરશે, કર્કશા!"

"જુઓ, તમારે ફાવેતેમ બોલવું નહિ; નહીં તો હું તેને એ શરતે પણ અહીં નહીં રાખું."

"સાચી વાત છે; એ બિચારીના મોંનો રોટલો છીનવી લેવાનો મને કશો હક નથી. ગ્રીબાને જેમ કરવું હોય તેમ કરે." એમ વિચારી આદમે ગ્રીબાને કહ્યું, "બેટા, તું જ વિચારી લે: હું ઘરડો અને ગરીબ છું; તેમજ મારી મૂર્ખાઈઓને કારણે ઘરબાર વગરનો થઈ ગયો છું. મારી ચિંતા ન કરીશ, કારણ કે હું મારું તો ગમે તેમ કરીને ફોડી લઈશ; આમેય મારે ઘણા દહાડા તો કાઢવાના છે નહિ, અને એટલા દિવસ તો ગમે તેમ કરીને નીકળી જશે. પણ તારે મારી મૂર્ખાઈઓને કારણે કે કમનસીબીઓને કારણે કશું સહન કરવાની જરૂર નથી. મારી સાથે તું રહીશ તો કંગાલિયત અને ભૂખમરો જ તારે વેઠવાનાં છે; અને તારી મા સાથે રહીશ તો તને મબલક ખાન-પાન તો મળશે. માટે બેટા, તું તારી મેળે ક્યાં રહેવું છે તે પસંદ કરી લે — ઉતાવળ કર; કારણકે, અહીં મારું હૃદય ફાટી પડવાનું થયું છે."

ગ્રીબાએ તરત જ માથું ઊંચું કરીને, સળગતી આંખો સાથે જવાબ આપ્યો, "મારે પસંદ કરવાનું છે, બાપુ? તો તો બીજી કશી પસંદગીનો સવાલ જ નથી. હું તમારી સાથે ધરતીના છેડા સુધી આવવા તૈયાર છું — ભલે આપણે માથે ખુલ્લા આકાશનું જ છાપરું રહેવાનું હોય."

આદમ તરત ખુરશી ઉપરથી ઊછળીને ઊભો થઈ ગયો. તેના આંસુભીના ચહેરા ઉપર ભારે આનંદની આભા છવાઈ ગઈ. તે બોલી

ઊઠયો, "જુઓ હરામખોરો, દુનિયામાં હજુ માયા-મમતા-ભાવપ્રેમ જેવું કંઈક બાકી રહ્યું છે. હજુ મારે મારાં સંતાનો પેદા થયાં એ દિવસ કે ઘડીને શાપ આપવાપણું નથી. ચાલ બેટા, આપણે ભગવાનને આશરે આ નાલાયકોનું ઘર છોડીને ચાલતાં થઈએ." પછી તેણે બાજુએ ઊભેલા છોકરાઓ તરફ વળીને કહ્યું, "નાલાયક દુત્તાઓ, હવે હું તમને સૌને મારા મનમાંથી પણ ઝાપટી-ખંખેરી નાખું છું. હું તો મારા એ દીકરા પાસે જાઉં છું, જે મારું પોતાનું લોહી નથી, છતાં તેથી પણ વધુ છે." અને પછી પોતાની પત્ની તરફ વળીને તેણે કહ્યું, "અને તું પણ સાંભળી લે — એક દિવસ આવશે, જ્યારે તું પેટ ભરીને પસ્તાઈશ, અને મારા આ શબ્દો યાદ કરીશ."

ત્યાર બાદ ગ્રીબાને દોરતો દોરતો તે બારણા બહાર નીકળ્યો, અને આકાશ સામું જોઈને બોલ્યો, "બેટા સન-લૉક્સ, દીકરા, હું તારી પાસે આવું છું – તારી પાસે."

ચેલ્સ એ-કીલી એકલો ગણગણતો અને બડબડતો તેમની પાછળ ગાડું હાંકતો ચાલ્યો.

૨

બારણા આગળ જ જેસન તેમને સામો મળ્યો. તે પંખીઓને ફાંદીને, કમરપટ્ટે લટકાવીને ચાલ્યો આવતો હતો.

પેલાંઓ કશું કહે તે પહેલાં તે બધું સમજી ગયો — આ લોકો ઘરબાર વગરનાં થઈ પોતાને જૂને ઘેર આશરો શોધતાં આવ્યાં હશે, અને તેમને અહીંનાંઓએ પાછાં હાંકી કાઢયાં હશે.

કશું બોલ્યા વિના જેસન આદમને પડખે જઈ પહોંચ્યો અને તેને ટેકો આપી સાથે સાથે ચાલવા લાગ્યો.

તેઓએ રૅમ્સે ગામનો રસ્તો પકડયો. ત્યાં આવી, એક વીશીમાં ઉતારો કર્યો. પછી આદમે જેસનનો પોતાને રસ્તામાં ટેકો આપવા બદલ આભાર માન્યો અને કહ્યું, "ભાઈ, જો તારી મરજી થાય તો

આજે રાતે દશ વાગ્યે અહીં પાછો આવજે અને મારી એક છેલ્લી સેવા બજાવી જજે; જોકે, એ સેવા બજાવવા બદલ તને કશું વળતર આપવાનું મારી પાસે સાધન નથી."

"હું રાતે દશ વાગ્યે જરૂર આવીશ," એટલું કહી જૅસન તાત્પૂરતો ચાલતો થયો.

તે ચાલ્યો ગયો એટલે આદમે ગ્રીબા સાથે પોતાની કોટડીમાં જઈને કહ્યું, "બહુ ભલો – નિર્દોષ છોકરો છે; એને જે છેતરશે તે પુરુષ કે સ્ત્રી કદી સુખી નહિ થાય. તું તો બેટા, એને કદી નહિ છેતરે ને?"

"બાપુ, તમે શી વાત કરો છો? હું અને તમે બંને સાથે જ આ દેશ છોડી જવાનાં છીએ ને?"

"હા, બેટા, ખરી વાત છે." એટલું કહી આદમ ચૂપ થઈ ગયો.

અને આદમ સકારણ જ ચૂપ થયો હતો. કારણ કે, લૉગ્યૂ-મથકેથી રૅમ્સે સુધી પગપાળા ચાલતાં ચાલતાં આવતી વખતે તેણે મનમાં એક યોજના વિચારી રાખી હતી – ગ્રીબાને તેની મા અને ભાઈઓથી છૂટી પાડીને પોતાની અસ્થિર જિંદગીમાં સાથે લેવી એ જરાય સલાહ-ભરેલું ન હતું. પોતાને પછીના દિવસોમાં શું શું વેઠવું પડવાનું છે તેની તેને કશી ખાતરી ન હતી. તેવી જિંદગીમાં આવી નાજુક, અસહાય છોકરીને સાથે લેવી એ અપરાધ જ કહેવાય. ગ્રીબા તેની મા અને ભાઈઓ સાથે સ્થિર થઈને રહે, એમાં જ એનું ભલું હતું.

એક વાર તેને માઇકેલ સન-લૉક્સનો વિચાર આવ્યો – તે જરૂર ગ્રીબાને ખુલ્લે હાથે આવકારે એવી તેને ખાતરી હતી. પણ માઇકેલ સન-લૉક્સનું શું થયું છે, કે અત્યારે તેની શી મતિ થઈ છે, તે કોણ કહી શકે? ઉપરાંત, પોતે જો ગ્રીબાને પાછળ તેની મા સાથે જ મૂકતો જાય, તો જૅસન અને ગ્રીબાને વધુ ભેગાં થવાની તક

મળે. અલબત્ત, એથી આગળની વાત તે કોશિશ કર્યા છતાં કલ્પનામાં લાવી શક્યો નહિ; પણ તેણે એટલું તો નક્કી કરી લીધું કે, ગ્રીબાને પોતાની સાથે તો ન જ લઈ જવી.

ખાધાપીધા બાદ, આદમ એકલો શહેરમાં ફરવા નીકળ્યો. ધક્કા ઉપર જઈને પૂછપરછ કરતાં તેને ભાળ મળી કે, આયર્લૅન્ડથી આઈસલૅન્ડ જવા ઊપડેલું એક જહાજ અત્યારે બંદરમાં લાંગરેલું છે; અને બીજે દિવસે ભરતી આવતાં જ ઊપડવાનું છે.

તેણે તરત જ તે જહાજમાં પોતાની જગા મેળવી લીધી. છ પાઉંડ ટિકિટના થયા અને રોજના ચાર શિલિંગ ભોજન-ખર્ચના. મુસાફરીમાં પવન અનુકૂળ રહે તો એક મહિનો વીતે તેમ હતું. આદમે હિસાબ ગણી જોયો, તો રેક્જાવિકમાં તે પગ મૂકે, ત્યારે તેની પાસે છ કે સાત પાઉંડ બાકી રહે. એ પરિસ્થિતિથી સંતોષ માની તે તરત વડા બેલિફ પાસે ટાપુ છોડીને જવા માટેનું લાઈસંસ લેવા ઊપડયો.

૩

રાતે દશ વાગ્યે જૅસન આવીને હાજર થયો. તેને આદમે બધી વાત ખાનગીમાં કહી સંભળાવી : "હું આ દેશ છોડી, તારા દેશમાં ચાલ્યો જાઉં છું. મારી દીકરી, ગ્રીબા, અત્યારે ઊંઘે છે. તેને આ વાતની કશી ખબર નથી. તું મારી એક સેવા બજાવીશ?"

"મને અજમાવી જુઓ!" જૅસને કહ્યું.

"તો તું આજની રાત રૅમ્સેમાં જ રહેજે. સવારમાં ગ્રીબા ઊઠે ત્યારે તું એને ખબર કહેજે કે, હું પરદેશ ચાલ્યો જાઉં છું અને ગ્રીબાએ તેની માને ત્યાં લૉગ્યૂ પાછા ફરવાનું છે. હું સાથે નહિ હોઉં એટલે તેની મા અને તેના ભાઈઓ તેને કાઢી નહિ મૂકે."

જૅસન દરમ્યાન લૉગ્યૂ જઈ આવ્યો હતો અને બધું જાણી આવ્યો હતો. તેણે ધીમેથી પૂછ્યું, "એ સિવાય બીજો કોઈ રસ્તો નીકળી શકે તેમ નથી? તેમને લૉગ્યૂ જ પાછાં મોકલવાનું યોગ્ય માનો છો?"

"બીજો કોઈ જ રસ્તો નથી, ભાઈ! કારણ કે, ગ્રીબા કોડી વગરની છે; અને કંગાળોને કશી પસંદગી કરવાની હોય નહિ."

"પણ એક જણ છે, જેને મન તે પૂરેપૂરાં તવંગર છે. તે પોતે ભલે કંગાળ છે; પણ તે પોતાના લોહીનું આખરી ટીપું પણ તેમને માટે આપવા તૈયાર છે. તે અત્યાર સુધી ચૂપ રહ્યો હતો, પણ હવે તેણે પોતાના મનની વાત એક વખત મોંએ લાવી દેવી જ જોઈએ. હું અત્યાર સુધી રખડેલ ભામટાની જિંદગી જીવતો આવ્યો છું—કારણકે, મારે બીજા કોઈની સંભાળ લેવાની ન હતી કે બીજા કોઈને પોષવાનું ન હતું. પણ મને એક વખત ગ્રીબાને પડખે ઊભવાનો અધિકાર આપો, પછી હું શું શું કરી શકું છું તે નજરે જોજો! પછી તેમના કોઈ ભાઈની દેન નથી કે તેમની સામે તુચ્છકારની નજરે જોઈ શકે. તેમને પણ એમને ત્યાં જવાની જરૂર જ નહીં રહે."

"બેટા, હું તને ઓળખું છું; મને તારા ઉપર પૂરો ભરોંસો છે. જોકે, મેં બીજા કોઈને ગ્રીબા માટે નિરધારી રાખ્યો હતો, છતાં, મારું ચાલે તો હું ગ્રીબાને તારા પ્રેમ અને રક્ષણ હેઠળ મૂકીને નિરાંતે વિદાય થઈ શકું. પણ બેટા, મને હવે ગ્રીબા માટે પસંદગી કરવાનો કશો હક રહ્યો ન કહેવાય; તેમજ તે પોતે પણ હવે પસંદગી કરવા સ્વતંત્ર નથી."

જેસન આદમના મનની વાત સમજી ગયો. તેણે આદમે કહ્યા મુજબ જ કરવાનું વચન આપ્યું.

આદમ પણ છેવટના ઊંઘતી ગ્રીબાના મોં ઉપર નજર નાખી લઈ વિદાય થયો.

૩

અવળચંડી ભવિતવ્યતા

૧

વાત એમ બની હતી કે, જૅસને લૉગ્યૂ જઈને જૅકબને મોંએ આદમ અને ગ્રીબાને શો જવાબ વાળવામાં આવ્યો હતો એ બધી વાત સાંભળી હતી; અને તેણે ત્યાં ને ત્યાં એ છયે ભાઈઓના શરીરમાંનાં બધાં હાડકાં ભાગી નાખવાના અને પછી ફરી કદી લૉગ્યૂ-મથકે ન આવવાના સોગંદ ખાધા હતા.

પણ આદમને આપેલું વચન પાળવું હોય તો લૉગ્યૂ-મથકે કદી ન જવાની પ્રતિજ્ઞા તેણે જતી જ કરવી પડે. એટલે તેણે પોતાની પહેલી પ્રતિજ્ઞા થોડા વખત માટે મુલતવી રાખી; પણ લૉગ્યૂ-મથકે વસવાટ કરવાનું તો તેણે તે દિવસથી છોડયું જ.

તેણે ડૅવી ડોસાની ઝૂંપડીમાં પોતાનો ડેરો લગાવ્યો.

ડૅવી ડોસો હવે દરિયો ખેડવા માટે વધુ બુઢ્ઢો થઈ ગયો હતો, અને દાણચોરી કરવા માટે વધુ પુણ્યશાળી બની ગયો હતો. એટલે દેવળના દરવાજા પાસે હવે તે એક નાની ઝૂંપડીમાં રહેતો હતો. પણ એ ભાગના લોકો બહુ નીરોગી હતા કે કોણ જાણે, પણ તેને મડદાંનું કામ ઓછું મળતું. એટલે જૅસન તેની સાથે રહેવા આવ્યો એ વસ્તુ તેને મોટી રાહતરૂપ થઈ પડી. તેણે એક બુઢ્ઢી ડોસીને બંને માટે રાંધવા વગેરેનું ઘરકામ કરવા રોકી લીધી.

અત્યાર સુધીમાં જૅસને બાપ પાસેથી મળેલા પૈસામાંથી અર્ધા-એક ખરચી કાઢયા હતા. કારણકે તે કશું કમાતો જ નહિ. પણ હવે

તેણે પોતાની બધી આળસુ ટેવો છોડી દીધી: તેણે માછલાં પકડવા જવાનું કે પંખીઓ ફાંદવા રખડવાનું છોડી દીધું. પીઠામાં જઈને કે તમાકુ ફૂંકતા કલાકોના કલાકો પડયા રહેવાનું પણ બંધ કરી દીધું.

અલબત્ત, તે ડેવીને ત્યાં રહેવા આવ્યો ત્યાર બાદ બે દિવસ અને બે રાત ગુપચુપ પડી જ રહ્યો; અને તેથી બિચારા ડેવી ડોસાને ફિકર થવા માંડી કે, છોકરો બીમાર પડી ગયો છે કે શું. પણ જેસન તો ભવિષ્ય માટેની પોતાની યોજના જ વિચારતો હતો. અને એક યોજના તેના મગજમાં બરાબર ગોઠવાતાં તે ઠેકડો ભરીને પથારીની બહાર નીકળી આવ્યો અને ઠંડા પાણીની ડોલમાં માથું ઝબકોળી, માથું લૂછતો અને ખાવાના મોટા બૂકડા ભરતો ડેવીને પૂછવા લાગ્યો, "ડેવી, ટાપુની આ બાજુએ આટો દળવાની ઘણી પન-ચક્કીઓ[1] છે શું?"

"ના રે ના, દીકરા; ઘણી તો શું, એક્કેય નથી!"

"એટલે કે, સલ્બી અને લૉકસીની પન-ચક્કીઓથી નજીકમાં કોઈ જ ચક્કી નથી ને?"

"એથી પાસે એકકેય નથી, દીકરા."

"તો આટલામાં કોઈ પન-ચક્કી શરૂ કરે તો?"

"વાહ, તો તો આ તરફના ખેડૂતો તેના માથા ઉપર એટલા આશીર્વાદ વરસાવે કે, ન પૂછો વાત!"

"તો અત્યાર સુધી કેમ કોઈએ આ તરફ ચક્કી નાખી નથી?"

"બેટા, કોઈ મૅન્ક્સ[2] બચ્ચો એવી તરખટમાં ન પડે. તે દશ ગાઉ ચાલીને દળાવવા જાય, પણ..."

વાત એમ હતી કે, બૉલ્યૂરની ઊંચાઈએથી એક પાણીદાર વહેળો ધસમસતો ઊતરી આવી, પૉર્ટી-વૂર્લી આગળ થઈ દરિયાને જઈ મળતો

---

૧. વહેતા કે નીચે પડતા પાણીના જોરથી ચાલતી ઘંટી. –સંપા૰
૨. મૅન ટાપુના વતનીને કે તેની ભાષાને 'મૅન્ક્સ' કહે છે. –સંપા૰

હતો. જૅસન જયારે જયારે સ્ટિફન ઓરીની ઝૂંપડીમાં રાખેલાં મસાલો ભરેલાં પંખીઓના પોતાના સંગ્રહસ્થાને આવતો જતો ત્યારે એ વહેળો જોઈને તેને અચૂક વિચાર આવતો કે, આના પાણીથી પન-ચક્કી સરસ ચાલે!

તરત જ તે રસ્તાની અને દરિયા-કિનારાની વચ્ચે આવેલી જમીન ખરીદવા મિસિસ ફૅરબ્રધર પાસે દોડયો અને પાણી વાપરવાના હક માટે બેલિફ પાસે. પછી એક ગાડું ભાડે કરી લાવ્યો અને ટેકરી ઉપરથી પથ્થરો ભરી લાવવા માંડયો. ટૂંકમાં, થોડા જ વખતમાં તે પોતાની યોજનાના કામે લાગી ગયો.

તેણે સુતાર, લુહાર, અને સલાટને કામે લગાડી દીધા. પણ ભીંતો ઊભી કરવાના કામમાં અને છાપરું છાજવાના કામમાં તો તે જાતે જ લાગ્યો. અવારનવાર તેને ડૅવીની મદદ લેવી પડતી. તેને બાંધકામનો કશો અનુભવ ન હતો, પણ કોઈ મુશ્કેલી આવે ત્યારે આખો દિવસ તે પથારીમાં ગુપચુપ પડયો રહે અને વિચાર કર્યા કરે. પછી મુશ્કેલીનો ઉકેલ જડી આવે એટલે તે ઠેકડો મારીને પથારીમાંથી બહાર કૂદી પડે અને કામે લાગી જાય.

સવારથી સાંજ સુધી તે ઝોડની પેઠે કામે વળગેલો રહે.

બે મહિનામાં તો ભીંતો ઉપરનો પહેલો આડો પાટડો નંખાઈ ગયો અને આખી પન-ચક્કી ચાલુ થવાને થોડી જ વાર એટલે કે થોડી જ મહેનત બાકી રહી.

ડૅવી જઈ જઈને મિસિસ ફૅરબ્રધરને કહેતો, "આ જુવાનડો ખરો કામનો માણસ છે. તે કેટલું બધું કામ કરે છે, અને તેને કેટલું બધું આવડે છે? થોડા જ વખતમાં આ પન-ચક્કી શરૂ થઈ જ જાણો ..."

"અને પછી પૈસાની ટંકશાળ પણ શરૂ થઈ જશે, ખરું ને?" મિસિસ ફૅરબ્રધરે પૂછયું.

"હા, હાસ્તો, વળી."

"પછી તો તે પરણીને ઘરબારી થવાનો પણ વિચાર કરશે, ખરું ને?"

"એ વાતનું તો કહેવાય નહિ, મૅડમ; કારણ કે, છોકરો હજુ નાના બાળક જેવો અણજાણ છે; તેને સ્ત્રીનો ડંખ હજુ લાગ્યો નથી."

પણ મિસિસ ફેરબ્રધર એ બાબતમાં જુદા જ અભિપ્રાયનાં હતાં. જૅસન હવે ભાગ્યે લૉગ્યૂ આવતો; છતાં તેના મનમાં ગ્રીબા પ્રત્યે જે ભાવ હતો તે એ બરાબર પામી ગયાં હતાં.

ગ્રીબા માને ત્યાં રહેવા આવ્યા બાદનાં શરૂઆતનાં અઠવાડિયાંમાં એક વખત ફરીથી જૅસનને ભેગી થઈ હતી ત્યારે તે પણ જૅસનના મનની વાત બરાબર પામી ગઈ હતી. એટલે તેણે તરત જ માઈકેલ સન-લૉક્સને એક કાગળ લખી દીધો. પોતાનો બાપ ત્યાં – આઈસલૅન્ડ – આવવા નીકળ્યો છે; એ ત્યાં સુખરૂપ આવી પહોંચ્યો છે કે નહિ, એ ખબર પૂછવાનું તેણે બહાનું કાઢયું હતું – પણ માઈકેલ પોતે ત્યાં કેવી સ્થિતિમાં છે, અહીં મૅન-ટાપુમાં પાછો આવવા માગે છે કે, પછી આઈસલૅન્ડમાં જ ઘર કરીને રહેવા માગે છે, વગેરે ખબરો જ તેને જાણવી હતી. પોતાની અહીંની સ્થિતિ વિષે, અલબત્ત, તેણે કરાય તેટલા છૂપા અણસારા એ પત્રમાં કર્યા હતા; પણ જૅસન વિષે એક અક્ષરેય તેણે લખ્યો ન હતો. કારણ કે, એ બાબતમાં તેને હવે બેવડો ભય લાગતો હતો – જૅસન તેના – ગ્રીબાના – પ્રેમમાં પડયો હતો એ નિર્વિવાદ હતું; પોતાની મા પણ એ લગ્ન થાય એ માટે ઉત્સુક હતી. પણ ગ્રીબા એ પણ જાણતી હતી કે, જૅસન પોતાની ઓરમાન મા અને તેના સંતાન ઉપર પોતાની માનું વેર લેવાના ઈરાદાથી જ તેમને શોધવા અહીં આવ્યો હતો – અલબત્ત, ઓરમાન મા મરી ગઈ હતી અને માઈકેલ સન-લૉક્સને તે ઓળખતો ન હતો, એ જુદી વાત.

માઈકેલનો જવાબ આવે નહિ ત્યાં સુધી તેણે જેસનને ભેગા થવાનું બિલકુલ ટાળી દીધું. તે જો રસ્તા ઉપર તેને સામો આવતો જોતી, તો તરત ખેતરોમાં ફંટાઈ જતી. તે જો ઘરમાં આવતો, તો તે કોઈક ને કોઈક બહાને રસોડાની બહાર નીકળી જતી.

જેસન પોતાને ટાળવાનો ગ્રીબાનો ઈરાદો સમજી જતો, અને તેની શાંત આંખો તરત ખિન્ન બની જતી તથા તેનો સુદૃઢ ચહેરો ખેંચાવા લાગતો. તે ત્યાંથી તરત પોતાને કામે ચાલ્યો જતો; પણ તે કામ કરવાનો તેના હૃદયનો ઉત્સાહ ઓસરી જતો.

ગ્રીબાની મા જેસન પ્રત્યેનો ગ્રીબાનો એવો વ્યવહાર જોઈ ગુસ્સે થઈ જતી અને પૂછતી, "એણે તારું શું બગાડયું છે, રી?"

"કશું જ નહિ." ગ્રીબા જવાબ આપતી.

"તો પછી તેને ઘરમાંથી આમ કેમ તગેડી મૂકે છે, વારુ?"

ગ્રીબા એ સવાલનો કશો જવાબ ન આપતી.

"જો, તારી રીતભાત તારે સુધારવી પડશે; તારે હવે પરણી કરીને અહીંથી ચાલ્યા જવાનો વખત થઈ ગયો છે."

"પણ મારે અહીંથી ચાલ્યા જવું ન હોય તો?"

"જા, જા, હવે. પણ સાંભળી લે; હું તને એક અઠવાડિયાનો સમય આપું છું — છોકરો સારો છે, કામગરો છે, અને થોડા વખતમાં માલદાર થઈ જવાનો છે. એક અઠવાડિયા બાદ તારે તેને સીધો જવાબ આપવો પડશે. આવતા... પર્વને દિવસે તું તેવીસ વર્ષની થઈશ; એ ઉંમરે તારી માએ તો તારા બે ભાઈઓને જણ્યા હતા."

"પણ મારા કેટલાક ભાઈઓ તો મારા કરતાં બમણી ઉંમરના છે, છતાં તમે એમને પરણાવવાનું તો નામેય દેતાં નથી." ગ્રીબાએ કહ્યું.

"છોકરાઓની વાત જુદી છે." મિસિસ ફેરબ્રધરે જવાબ આપ્યો.

પણ દીકરીને આપેલો અઠવાડિયાનો સમય મિસિસ ફેરબ્રધરને માટે વધારે પડતો લાંબો નીવડયો — થોડા જ વખતમાં તે મરણ-પથારીએ પડયાં. અને આદમ તેને શાપ આપી ઘર બહાર નીકળ્યો હતો તેને એક મહિનો પણ વીત્યો નહીં હોય અને આદમે ભાખ્યું હતું તેમ તે પસ્તાતી અને દુ:ખી થતી આ દુનિયામાંથી સિધાવી ગઈ.

અલબત્ત, તેણે આદમનો શાપ વિફળ કરવા, જેમના જેમના પૈસા હક કરતાં વધારે પડાવ્યા હતા, તેમને બધાંને — એટલે કે તેમની બાદ જીવતી રહેલી તેમની વિધવાઓને કે અનાથ બનેલાં છોકરાંને — બોલાવી બોલાવી એ રકમો પાછી અપાવી. પણ તે વખતે તેને ખબર પડી કે, એ વધારાના પૈસા પડાવતાં અને આકરી રીતે વસૂલ કરતાં કેટલાંય જીવનો હંમેશ માટે બરબાદ થઈ ગયાં હતાં.

૨

મરતા પહેલાં મિસિસ ફેરબ્રધરે છયે છોકરાઓને બોલાવી, ખેતર ઉપરના કામકાજની ઝીણવટભરી સૂચનાઓ આપી દીધી અને જણાવ્યું કે, કદી જમીનના ભાગલા ન પાડતા. ભેગા જ રહેશો તો સુખી થશો. અને ભેગા રહેવું હોય તો આ ઘરમાં બૈયરો ન લાવતા — નહીં તો તમે બધા એક દિવસેય ભેગા નહીં રહી શકો.

ભાઈઓએ એમ કરવાનું વચન આપ્યું. આદમને એક પૈસો પણ આ મિલકતમાંથી ન આપશો એમ જણાવીને મિસિસ ફેરબ્રધરે ગ્રીબાને તેનો ભાગ પૂરેપૂરો કાઢી આપવાની તથા તે પોતે જ્યાં પરણવાની ઈચ્છા રાખે ત્યાં તેને પરણવા દેવાની ભાઈઓને તાકીદ કરી.

ભાઈઓએ એ બાબતનું પણ તેને વચન આપ્યું.

પણ પુરુષોને અને ખાસ કરીને ભાઈઓને આપસમાં ઝઘડવું હોય તો વચ્ચે સ્ત્રી હોવી જ જોઈએ એવું જરૂરી નથી. એટલે માતાના મૃત્યુ પછી તરત જ છયે જણા ઝઘડવા મંડી ગયા. એશર

ગણગણ્યો કે, થર્સ્ટન પીધેલો છે; થર્સ્ટન સામું બબડયો કે, ઑશર પ્રમાદી છે. ઑશરે જવાબ વાળ્યો કે, પોતે પાટવી હોઈ, અધિકારની રૂએ જમીનનો તસુએ તસુ તેને જ મળવો જોઈએ; એટલે રૉસ અને સ્ટીન ગુસ્સે થઈને બોલી ઊઠયા કે, અમે શું ત્યારે આખી જિંદગી તારી જાગીર ઉપર વૈતરું કરવા જ પેદા થયા છીએ? ઈ૦ ઈ૦. આમ ને આમ તકરારો ચાલવા લાગી; છેવટે જેન્ટલમૅન જૅકબે તોડ કાઢયો કે, ભાઈઓ વચ્ચે આપસમાં શાંતિ જાળવી રાખવી હોય તો એક જ રસ્તો છે – આપણે સૌએ મિલકત વહેંચી લેવી; એટલે પછી ઑશર આળસુ થઈને પડી રહે કે થર્સ્ટન દારૂ પીને પડી રહે, તોપણ એ બધું એમને હિસાબે ને જોખમે!

સદ્ભાગ્યે લૅંગ્યૂની જાગીરમાં છ જુદાં જુદાં મકાનવાળાં છ ખેતરોનો સમાવેશ થતો હતો. જૅકબે કહ્યું, "ભગવાને જ આપણે માટે એ વ્યવસ્થા કરી રાખી છે; કારણકે, આપણે પણ છ જ ભાઈઓ છીએ."

પણ એ ખેતરોની જમીનની ફળદ્રુપતા ઓછીવત્તી હોઈ, આમદની પણ ઓછીવત્તી થાય; એટલે છયે ભાઈઓમાં કોણ કયું ખેતર લે એ બાબત તકરાર ચાલી.

છેવટે તેઓએ ચિઠ્ઠીઓ નાખી; અને બધું તકરાર વિના વહેંચાઈ ગયું, ત્યારે ઑશર બોલી ઊઠયો, "પણ પેલી છોકરીનું શું?"

છયે જણા એકબીજા સામે મોં વકાસીને જોઈ રહ્યા. પણ જૅકબે જ પાછો તોડ કાઢયો કે, "ઑશર તેને લૅંગ્યૂ-મથકે જ પોતાની સાથે રાખે; અને પાક તૈયાર થાય ત્યારે બાકીના પાંચ ભાઈ ગ્રીબા માટે તેમાંથી દર વખતે કંઈક હિસ્સો કાઢી આપે.

છતાં ભાઈઓ વચ્ચેનો ઝઘડો મટયો નહિ જ – થર્સ્ટનને ભાગે ઊંચાણની ખડકાળ જમીન આવી હતી. અને બધી ચિઠ્ઠીઓ જૅકબે લખેલી હોઈ, તેને વહેમ ગયો કે કંઈક ચાલાકી કરવામાં આવી છે.

એટલે તે પીઠામાંથી દારૂ પી, તૈયાર થઈ, એ બાબતની સફાઈ કરવા જેકબને ત્યાં પહોંચ્યો. ત્યાં જઈ, જેકબને મારી-ઠોકી તેણે ઘરમાંથી અને જમીન ઉપરથી હાંકી કાઢયો.

તરત જ કોરટબાજી શરૂ થઈ. બાકીના ચાર ભાઈઓએ પોતાને મનફાવતો પક્ષ લીધો. રૅમ્સેની અદાલતમાં પ્રથમ અનધિકાર-પ્રવેશનો મુકદ્દમો ચાલ્યો. થર્સ્ટનને જેકબનું ઘર અને ખેતર ખાલી કરવાં પડયાં. પણ હજુ મારામારીની ફરિયાદ બાકી હતી. જેકબે અને થર્સ્ટને જૂરીના માણસોને દારૂ પાઈને લાંચ આપી ફોડવા પ્રયત્ન કર્યો. પરિણામે જૂરરો કશા નિર્ણય ઉપર આવી શકયા નહિ, એટલે ન્યાયાધીશે તેમને ધમકાવીને કાઢી મૂકયા.

આ આખા અદાલતી ફારસનું એક સારું પરિણામ આવ્યું કહેવાય તો એ કે, અદાલતના એક વકીલે, બીજો કંઈ કામધંધો ન હોવાથી, ગ્રીબા તરફથી તેના ભાઈઓ સામે ફરિયાદ દાખલ કરી; અને તેના પક્ષે એવી સારી રજૂઆત કરી કે, ન્યાયાધીશે છયે ભાઈ-ઓને દરેકને ગ્રીબાનો ભાગ દબાવવાના સબબસર દર વર્ષે આઠ પાઉંડ આપવાનો હુકમ કર્યો.

જેસન અદાલતમાં હાજર રહ્યો હતો. તેના હાથ છયે ફેરબ્રધર-ભાઈઓનાં હાડકાં-પાંસળાં ભાગવા માટે સળવળી રહ્યા હતા. તે ગ્રીબાના આંસુભર્યા મોં સામે જોતો બાજુએ ઊભો રહ્યો હતો. છેવટે તે મહાપરાણે પોતાના જુસ્સાને રોકી, પૉર્ટી-વૂલીં તરફ ચાલતો થયો. પણ કશા કામમાં મન ન લાગવાથી પાછો લૅગ્યૂ તરફ જવા નીકળ્યો.

ગ્રીબા રૅમ્સેથી એકલી જ ભારે હૈયે પાછી ફરી હતી. તેના ભાઈઓએ તેને કેવી રીતે લૂંટવા પ્રયત્ન કર્યો હતો તે એની જાણમાં આવી ગયું હતું; અને છતાં અદાલત તેને કેવો ઓછો ન્યાય આપવા તત્પર થઈ તે પણ તેણે જોયું. ઉપરાંત, એવો આછોપાતળો હુકમ પણ તેના ભાઈઓ માનશે કે કેમ એ તો નક્કી જ ન હતું. તે હવે

પોતાની જાતને આખી દુનિયામાં એટલી તથા નિરાધાર અનુભવવા લાગી. તે વખતે જૅસને બારણું ઉઘાડી, અંદર દાખલ થઈને પૂછ્યું, "ગ્રીબા, હું અંદર આવું?"

"હા", દુઃખી ગ્રીબાએ ટૂંકો જવાબ આપ્યો.

જૅસન અંદર દાખલ થયો.

ગ્રીબાએ આંખો ઊંચી કરી નહિ; અને જૅસને પણ પોતાનો હાથ આગળ ધર્યો નહિ. પણ તે એની સામે સ્વસ્થતાથી તથા મમતાભર્યા ભાવથી ઊભરાતો ઊભો રહ્યો. એટલા માત્રથી ગ્રીબાના હૃદય ઉપરનો બોજો જાણે ઓછો થવા માંડ્યો.

"ગ્રીબા, જો સાંભળ; હું તારી મુશ્કેલીઓ સમજું છું; અને મને એથી ઘણું દુઃખ થાય છે. ના, ના, મારે એક વાત કહેવી નથી, પણ મને બીજા શબ્દો જડતા નથી, ગ્રીબા!"

"શી વાત?"

"નસીબે આપણ બેને ભેગાં કરવા ધાર્યું હોય એમ તનેય લાગતું નથી? અત્યાર સુધી દુનિયાએ તારી તરફ તથા મારી તરફ ગેરવર્તન જ દાખવ્યું છે. પણ તું સ્રી છે, અને હું પુરુષ છું; માત્ર મને તારે માટે લડવાનો અધિકાર આપ — "

ગ્રીબાની આંખોમાંથી આંસુના રેલા ચાલ્યા. એટલામાં જૅસનના હાથમાં ગ્રીબાનો હાથ આવી ગયો. તેણે મમતાથી તેને દબાવીને કહ્યું, "ગ્રીબા!"

ગ્રીબા થોડી સ્વસ્થ થઈ જઈને તરત બોલી ઊઠી, "આજે ચાલ્યા જાઓ; આજે મને કશું ન કહેશો; જૅસન, મહેરબાની કરીને ચાલ્યા જાઓ!"

જૅસન એક શબ્દ બોલ્યા વિના તરત જ ચાલતો થયો. ગ્રીબાએ પોતાના બંને પંજા પોતાના મોં ઉપર દાબી દીધા.

ગ્રીબાને અચાનક માઈકેલ સન-લૉક્સની યાદ આવી ગઈ હતી. તેણે એને માટે રાહ જોવાનું વચન આપ્યું હતું; અને માઈકેલનો જવાબ ગમે ત્યારે આવી પહોંચે એવી શકયતા હતી.

બીજે જ દિવસે તે રૅમ્સેની ટપાલ-ઑફિસમાં ખબર કાઢવા ગઈ. પણ તેનો કોઈ કાગળ ન હતો. પણ શેટલૅન્ડ્ઝ તરફથી આવતી એક બોટ આઈસલૅન્ડની ટપાલ લઈને ત્રણેક દિવસ બાદ આવવાની વકી હતી.

ત્રણ દિવસ બાદ તે તરત રૅમ્સે જઈ પહોંચી. એ બોટમાં ટપાલ આવી હોવા છતાં, ગ્રીબાનો કોઈ કાગળ ન હતો. પણ ડબ્લિન અને રેક્જાવિક વચ્ચે સફર કરતું આઈરિશ જહાજ, સ્વદેશ પાછું ફરતી વેળા આઠ-નવ દિવસમાં અહીં આવી પહોંચવાનું હતું, એવી ભાળ તેને મળી.

વખત થયે પેલું જહાજ આવ્યું; પણ ગ્રીબા માટે કોઈ કાગળ ન હતો. હવે ગ્રીબાના મનની બધી આશાઓ પડી ભાગી — સન-લૉક્સ તેને ભૂલી જ ગયો હતો; કદાચ હવે તેના મનમાં ગ્રીબા માટે કશી જ લાગણી રહી નહિ હોય; કદાચ તે ત્યાં બીજી કોઈને પ્રેમ કરવા લાગી ગયો હશે.

અને તેની સાથોસાથ ગ્રીબાનું સ્વાભિમાન જાગી ઊઠયું : તે મને ભૂલી ગયા હોય તો તેમાં મારે શું? અલબત્ત, હું અહીં બહુ એકલી-અટૂલી પડી ગઈ છું તથા જીવનમાં મને કશો આનંદ નથી રહ્યો, એ ખરી વાત. પણ તેથી બીજાની ખોટી આશા રાખ્યા કરવામાં પણ શો ફાયદો?

ગ્રીબા હજુ તેના મોટા ભાઈ સાથે લૅગ્યૂ-મથકે જ રહેતી હતી. પણ ભાઈનો વર્તાવ તેના પ્રત્યે બહુ ઠંડો હતો. ગ્રીબાએ પોતાના ભાગ માટે અદાલતમાં પોતાની સામે દાવો માંડયો હતો, એ વાત તેને બહુ ચટી ગઈ હતી.

ગ્રીબા ભાઈના વર્તાવથી દુ:ખી દુ:ખી થઈ ગઈ; અને તેને એના ઘરનો રોટલો ખાવો પણ કડવો થઈ પડયો. ધીમે ધીમે તેણે ભોજન-સમયે હાજર રહેવાનું જ છોડી દીધું.

અદાલતના ચુકાદા પછી પંદર દિવસે જેસન ફરી પાછો આવ્યો. આ વખતે પણ ગ્રીબા એકલી જ બેઠી હતી.

જેસને આવીને છોભીલાની પેઠે કહ્યું, "મારાથી વધુ ન થોભાયું; મેં પ્રયત્ન કર્યો, પણ અશકય બની ગયું – હું બહુ વહેલો પાછો ચાલ્યો આવ્યો તે બદલ મારા ઉપર ગુસ્સે ન થતી, ગ્રીબા."

ગ્રીબાએ જવાબ ન વાળ્યો. પણ તેના મનમાં તે બોલી ઊઠી, "હજુ એક દિવસ મોડું તમે કર્યું હોત, તો તે વધારે પડતું મોડું જ થઈ ગયું હોત – ગ્રીબા તમને જીવતી જોવા ન મળી હોત."

"ગ્રીબા!" જેસન ત્રાડી ઊઠયો; "શું થયું છે, મને કહી દે!"

પણ ગ્રીબા જરા ફીકું હસી અને તેની તરફ માયાળુ નજરે જોઈ રહી.

જેસનની ધીરજ ન રહી; તે લગભગ કરગરી ઊઠયો, "ગ્રીબા, ભગવાનને ખાતર કહે કે શું થયું છે?"

"બીજું કંઈ જ થયું નથી; માત્ર મને ખાવાનું મળ્યું નથી."

જેસન એક ક્ષણમાં બધું સમજી ગયો. તેણે ઘર સામે મુક્કો ઉગામીને કહ્યું, "એમ વાત છે?"

ગ્રીબાએ પરંતુ તરત ઉમેર્યું કે, "મને વીસરી જનારાઓ આગળ મોં બતાવતા ફરવાનું મને જ ગમતું નથી; એ લોકોનો કશો વાંક નથી."

જેસન તરત જ બોલી ઊઠયો, "ગ્રીબા, એક જણ હજુ છે, જે તને કદી વીસરતો નથી. સવાર-સાંજ તું એની સાથે જ એના અંતરમાં જ હોય છે. દુનિયા સરજાઈ ત્યારથી માંડીને કોઈ પુરુષે

કોઈ સ્ત્રીને એટલા પ્રેમથી ચાહી નહિ હોય — કારણ કે, તેને આ અફાટ દુનિયામાં ચાહવા માટે બીજું કોઈ છે જ નહિ."

ગ્રીબાએ જૅસનની આંખોમાં નજર પરોવીને જોયું અને તેનાં વાક્યોની સચ્ચાઈ તેની આંખોમાંથી ભારોભાર પ્રગટ થતી તેને દેખાઈ. સાથે જ, પોતાને ચાહનાર કોઈ જણ પોતાને પડખે છે એમ જાણી, તેના હૃદયમાં અનેરા આનંદનો અને અનેરા ગર્વનો અનુભવ થયો. તેનું હૃદય ભરાઈ આવ્યું અને તેની આંખો નીતરવા લાગી.

જૅસન વગર કહ્યે સમજી ગયો કે, ગ્રીબાએ સ્વાર્પણ કરી દીધું છે, અને હવે તે પોતાની છે. તેણે તરત આનંદની એક કિકિયારી પાડીને ગ્રીબાને પોતાની છાતી ઉપર સમેટી લીધી.

તેના કાનમાં તે બોલતો જ રહ્યો, "મારી ગ્રીબા! મારું જીવન! મારા પ્રાણ!"

એક કલાક સુધી એ બે પ્રેમીઓ વચ્ચે માત્ર આનંદ અને મમતા વ્યક્ત કરવા ખાતર જ ચાલેલી વાતચીતની રમઝટ જામી રહી.

ત્યાર પછી આનંદને હિલોળે ચડેલા હૈયે જૅસન એક લોકગીત ગાતો ગાતો ત્યાંથી વિદાય થયો.

પણ થોડી જ વારમાં તે પાછો આવ્યો અને વિચારમાં પડી જઈ ત્યાં જ બેસી રહેલી ગ્રીબાને કહેવા લાગ્યો, "હું કેવો બબૂચક છું તે? આજે સવારે હું રૅમ્સે ગયો હતો ત્યારે ત્યાંના પોસ્ટ-માસ્ટરે આ કાગળ તને આપવા મને આપ્યો હતો. એ આઈસલૅન્ડનો છે; એટલે તારા બાપુના જ ખુશખબર તેમાં હશે. ભગવાન તેમનું ભલું કરે!"

એમ કહી, એ કાગળ ગ્રીબાના હાથમાં મૂકી દઈ, જૅસન પાછો પેલું જ આનંદ-ગીત ગાતો ગાતો ત્યાંથી ચાલ્યો ગયો.

પણ, એ કાગળ માઈકેલ સન-લૉક્સનો હતો.

૪

માઇકેલ સન-લૉક્સનો ઉદય

પત્રમાં માઇકેલ સન-લૉક્સે જણાવ્યું હતું, — "આટલો લાંબો વખત મેં ચુપકીદી જાળવી, તે બદલ મને ખરેખર શરમ આવે છે. તારા બાપુજી પ્રત્યે એ કૃતઘ્નતા દાખવી કહેવાય, તથા તારા પોતાના પ્રત્યે અવજ્ઞા. એ હરિયાળો ટાપુ છોડયે ચાર ચાર વર્ષ થઈ ગયાં પણ અહીંના કામકાજની અને ચિંતાઓની ધમાલમાં સમય કેમ પસાર થઈ ગયો તે મને ખ્યાલમાં રહ્યું જ નહિ.

"જોકે, આ બધું કહીને હું મારી બેદરકારીને છાવરવા માગતો નથી; ઉપરાંત અહીંની નવી ધમાલોમાં પણ મેં હરહંમેશ ત્યાં પાછળ મૂકેલાંની સ્મૃતિ હૃદયમાં ધારણ કર્યા કરી છે, એમ કહેવું એ પણ સત્યથી વેગળું કહેવાય. માત્ર હું એટલું જ કહેવા માગું છું કે, આ ચારે વર્ષ દરમ્યાન જો કોઈ સ્મૃતિઓ મને સતત વિશેષ મધુર લાગી હોય, તો મારા એ જૂના ઘરની; તથા મારા અંતરની પ્રિયમાં પ્રિય કોઈ આશા હોય તો તે કદીક ને કદીક ત્યાં પાછા ફરવાની.

"એ દિવસ અલબત્ત હજુ આવ્યો નથી, પણ તે પાસે આવતો જાય છે, એમ હું સ્પષ્ટ જોઈ શકું છું. એટલે, વહાલી ગ્રીબા, તું તારાથી મને ક્ષમા કરી શકાય તેમ હોય તો જરૂર કરજે અને કંઈ નહિ તો મારા પ્રત્યે કશો ગુસ્સાનો ભાવ તો ન જ ધારણ કરતી. અને તે અર્થે જ હું આપણે છૂટાં પડયાં ત્યાર પછીની હકીકતો તારી સમક્ષ રજૂ કરવા આ પત્રથી પ્રયત્ન કરું છું —

"હું જ્યારે આઈસલૅન્ડ આવ્યો ત્યારે બિશપ જૉનની લૅટિન સ્કૂલમા જોડાવા નહોતો આવ્યો – પરંતુ એક સંપેતરું લઈને જ આવ્યો હતો : પ્રથમ તો મારે એક ભલી સ્ત્રી અને સાચી પત્ની, જેને બીજાને વાંકે ઘણું સહન કરવું પડયું હતું, તેને શોધી કાઢવાની હતી; અને શોધ્યા પછી તેને બનતી મદદ પહોંચાડવાની હતી. તે બાઈ પોતે મૂળે ગવર્નર-જનરલની પુત્રી હોવા છતાં, તથા આઈસલૅન્ડની કુલ વસ્તી બધી મળીને બે હજાર જેટલી જ હોવા છતાં, એ કમનસીબ બાઈની કશી માહિતી રેક્જાવિકમાં એક અઠવાડિયા ઉપર વખત થઈ જવા છતાં મને મળી શકી નહિ. એ ઉપરથી એ બિચારીની કમનસીબીની પરાકાષ્ઠાની કલ્પના તને આવી શકશે. છેવટે જ્યારે મને તેની ભાળ મળી, ત્યારે તે કબરમાં જ પોઢી ગઈ હતી, — હું આ કિનારે ઊતર્યો તે પહેલાં બે મહિના આગાઉ! કબ્રસ્તાનના એક પડતર ભાગમાં આવેલી તેની કબર ઉપર માત્ર લાકડાનો એક ખીલો જ ખોસેલો હતો.

"મારી શોધનું પ્રથમ પ્રકરણ આમ પૂરું થયું. એ બાઈના મૃત્યુની કરુણતાથી ઘવાઈ, હું મારા સંપેતરાના બાકી રહેતા બીજા ભાગ તરફ વધુ જુસ્સાથી વળ્યો. તે બાઈએ પાછળ કોઈ સંતાન મૂકયું હોય, તો એને મારે શોધી કાઢવાનું હતું, અને તેને પણ બને તેટલી મદદ પહોંચાડવાની હતી. પરંતુ એ સંતાન વિષે મને વિશેષ કંઈ ભાળ મળી નહિ; માત્ર એટલી અછડતી માહિતી મળી કે, એ છોકરો તેની માનો એકમાત્ર આધાર અને સોબતી હતો; બંને જણ પડોશી-ઓથી અલગ – દૂર જ રહેતાં હતાં. તેની માતાના મૃત્યુ વખતે તથા તેને કબરમાં પોઢાડી તે વખતે એ છોકરો હાજર હતો; પણ પછી તેનું શું થયું કે તે કયાં ગયો, તે કોઈ જાણતું ન હતું.

"હું એ છોકરાની શોધમાં જ હતો, તેવામાં પાસેના નાનકડા ટાપુ ઑન્ગીને કિનારે કોઈ જુવાનનું મડદું તણાઈ આવ્યું. એ એવું સડી ગયેલું તથા ફૂલી ગયેલું હતું કે, તેના ચહેરા-મહોરા ઉપરથી એ કોનું મડદું છે તેની કશી ઓળખ થઈ શકે તેમ નહોતી. પરંતુ શહેરના

માછીમારોમાંના ઘણાએ એ શબનું કદ અને કપડાં જોઈને કહ્યું કે, હું જેને શોધતો હતો તે છોકરાનું જ એ શબ હતું. અને આમ મારી શોધખોળનું બીજું પ્રકરણ પણ કબર આગળ જ પૂરું થયું.

"જોકે, મને મનમાં અંદેશો તો રહી જ ગયો કે, એ મડદું ખરેખર હું જેને શોધતો હતો તેનું ન પણ હોય : કારણકે, મને જે વર્ણન સાંભળવા મળ્યું હતું તે ઉપરથી પેલો જુવાન આત્મહત્યા કરે એવી પ્રકૃતિનો હરગિજ લાગતો ન હતો. અને જે લ્યૂથરન પાદરી તે છોકરાની માની મરણપથારીએ હાજર હતો, તેણે પણ એમ જ કહ્યું. પરંતુ મારો ઉત્સાહ હવે ઓસરવા લાગ્યો હતો અને તેથી મેં સામાન્ય લોક-અભિપ્રાયને સ્વીકારી લીધો અને પેલા જુવાનની વધુ શોધ કરવાનું માંડી વાળ્યું.

"વહાલી ગ્રીબા, હું કોઈક દિવસ તને કહીશ કે, એ બે જણની શોધ કરવા મને કોણે મોકલ્યો હતો; કદાચ તેં કંઈક કંઈક તો કલ્પી પણ લીધું હશે. પરંતુ ત્યાર પછી એક એવો બનાવ બન્યો, જેને કારણે આ ટાપુમાં મારા નિવાસનો હેતુ છેક જ પલટાઈ ગયો.

"મેં ઉપર જણાવ્યું જ છે કે, જે ભલી બાઈને હું શોધવા આવ્યો હતો, તે ભલી બાઈ આ ટાપુના ગવર્નર-જનરલની પુત્રી હતી. તે ગવર્નર-જનરલનું નામ જૉર્ગેન જૉર્ગન્સન હતું. તેણે એકની એક પુત્રીનો ત્યાગ એટલા માટે કર્યો હતો કે તે પુત્રીએ બાપની મરજી વિરુદ્ધ લગ્ન કરવાની હિંમત બતાવી હતી. લગ્ન પછીનાં બધાં વર્ષો દરમ્યાન કાં તો બાપે તેની ગરીબાઈની પરવા કરી ન હતી, અથવા તો પુત્રીના સ્વાભિમાને તેની કંગાલિયતની વાત બાપ સુધી પહોંચવા દીધી ન હતી. પણ પછી જ્યારે બાપને પુત્રીના મૃત્યુની ખબર પડી, ત્યારે દરમ્યાનમાં બાપનું ઘમંડ પોતાના એકમાત્ર સંતાનના વિજોગમાં ઓસરવા લાગ્યું હતું; અને તેને પોતાની પાછલી ઉંમરમાં પોતાની એકલતા સાલવા લાગી હતી. એટલે તેણે હવે પોતાની પુત્રીના સંતાનની

શોધ ચલાવવા માંડી, જેથી પોતાની પાછલી જિંદગી કંઈક હળવી થાય. તે શોધ દરમ્યાન જ અચાનક અમે બંને ભેગા થઈ ગયા. પણ તે જ વખતે પેલા જુવાનનું મડદું તણાઈ આવવાની વાત મળતાં, ગવર્નર-જનરલે પોતે જ પહેલપ્રથમ એ પોતાની પુત્રીના સંતાનનું જ મડદું છે એમ સ્વીકારી લીધું. પણ દરમ્યાન ગવર્નર-જનરલને મારામાં કોઈ વિચિત્ર રસ ઊભો થવા લાગ્યો હતો. તેણે મને પૂછ્યું કે હું કોણ છું? એટલે મેં સાચી હકીકત તેને કહી દીધી. જ્યારે તેણે જાણ્યું કે હું સ્ટિફન ઓરીનો જ પુત્ર છું, ત્યારે સ્ટિફન ઓરીએ તેના પોતાના જીવનમાં તથા તેની પુત્રીના જીવનમાં મચાવેલા ઉત્પાતની વાત ભૂલી, તે મને તેની પુત્રીના પુત્રને સ્થાને સ્વીકારવા તૈયાર થઈ ગયો.

"મને એ માણસની નિયત ઉપર ભરોંસો પડતો ન હતો, છતાં પરદેશમાં અજાણ્યા સ્થળે કાંઈ કામકાજ બાકી ન રહ્યું હતું તે વખતે તેના આ આમંત્રણનો હું અસ્વીકાર કરી ન શક્યો. જૉર્ગન જૉર્ગન્સન, અલબત્ત, બહુ વિચિત્ર પ્રકૃતિનો માણસ હતો — કદીક રાજી રાજીનો રેડ થઈ જાય, તો કદીક છેક જ ખફા! છતાં હું તો તેના એક વફાદાર સેવક તરીકે તેની નોકરી બજાવતો તેને ઘેર રહેવા લાગ્યો.

"તે નર્યો સ્વાર્થી માણસ હતો, પણ તેના સ્વાર્થનાં કેટલાંક પાસાં મારો વિકાસ સધાય એ માર્ગે જ ઢળતાં હતાં; — તેણે મને તેની પાછળ ગવર્નર-જનરલ બનાવવા ધાર્યું હતું, અથવા કંઈ નહિ તો હું સ્પીકર — અધ્યક્ષ બનું એવી તેની ઈચ્છા હતી જ. એટલે તેણે આ ટાપુની આલ્થિંગ — અર્થાત્ ધારાસભામાં મને ચૂંટાવરાવ્યો. મારી ઉંમર, મારી રાષ્ટ્રીયતા, તેમજ આઈસલૅન્ડમાં મારા વસવાટનો સમય — એ બધું ધારાસભાના સભ્ય તરીકેની મારી ચૂંટણીની વિરુદ્ધ હતું; છતાં તેણે ખટપટ કરીને મને ચૂંટાવરાવ્યો તો ખરો જ.

"પણ એ ચૂંટણીને કારણે અમારા સંબંધોમાં નહિ ધારેલો તફાવત પડી ગયો: અત્યાર સુધી હું તેના ઘરમાં નોકર હતો, એટલે

મારું મન અને મારી ઇચ્છા તેની મરજીને અનુસરતાં હતાં; પણ હવે હું ચૂંટાયેલો સભ્ય બન્યો, એટલે હું જે લોકોનો પ્રતિનિધિ બન્યો, તેમનાં હિતને અનુસરવા લાગ્યો.

"પછીનાં ત્રણ વર્ષ દરમ્યાન કેવા કેવા બનાવો બન્યા – ગવર્નર-જનરલે લોકોના હિતની વિરુદ્ધનાં કેવાં કેવાં કાવતરાં મારી આંખો સામે રચ્યાં, અને હું તેના ઘરમાં રહેતો હોઈ, જરાય વિરોધ કરી શકતો ન હતો – વગેરેની લાંબી દાસ્તાન કહેવા હું આ પત્રમાં પ્રયત્ન નહીં કરું. ટૂંકમાં કહી દઉં તો મારે તેનું ઘર છોડી તેનાથી છૂટા થવું પડ્યું. પછી તો છંછેડાઈ જઈ તે માણસે મારા ઉપર કારમું વેર લેવા સઘળા પ્રયત્ન કર્યા; પણ મારી આસપાસ પણ ટેકેદારોની સારી સંખ્યા ઊભી થઈ હોઈ, તે મને કંઈ ઈજા ન પહોંચાડી શક્યો. છેવટે તેણે ડેન્માર્કની સરકારને કહીને આલ્થિંગની સત્તાઓમાં કાપ મુકાવવા પ્રયત્ન કર્યો. તે વખતે મેં એનો વિરોધ કરવાની આગેવાની લીધી, અને આખા ટાપુમાં ક્રાંતિનું પ્રચંડ મોજું ફરી વળ્યું. આખું આઇસલૅન્ડ પરદેશી ડેનિશ સરકારની સામે થઈ ગયું, અને છેવટે જૉર્ગન જૉર્ગન્સનને આઇસલૅન્ડ છોડી ભાગવું પડ્યું. એમ ડેનિશ સત્તાનો આઇસલૅન્ડમાં અંત આવ્યો.

"ક્રાંતિ પછી, જૉર્ગન જૉર્ગન્સન પરદેશી સરકારની મદદથી ફરી ચડાઈ ન કરે તે માટે ટાપુના સંરક્ષણની જોગવાઈ કરવાને કામે હું તાબડતોબ લાગી ગયો. ડેનિશ લોકોનું એક નાનુંશું સંસ્થાન આ ટાપુમાં હતું. તે લોકોએ ક્રાંતિ વખતે ડેન્માર્કની સરકારનો પક્ષ લીધો હતો, તેથી તેને નાબૂદ કરવું પડ્યું. એ બધા કેદીઓને રાજધાની રેક્જાવિકમાં રાખવા એ બિન-સહીસલામતીભર્યું ગણી, મેં તે લોકોને ક્રિશુવિકની ગંધકની ખાણોમાં કામ કરવા મોકલી દીધા. આ રીતે રાજ્યને આર્થિક આવક ઊભી કરે એવો એક ઉદ્યોગ પણ શરૂ થયો. આમ થોડા વખતમાં જ આવાં બધાં ચિંતાભર્યાં અને તાકીદનાં કામોથી

મારા હાથ એવા રોકાઈ ગયા કે, હું યાદ કરી તને પત્ર લખી તારી ખબર પુછાવી શકું કે મારી ખબર તને મોકલી શકું, તેમજ ન રહ્યું.

"પણ ખરી રીતે તું કદી મારા મનમાંથી દૂર થઈ નથી. તો હવે આટલે લાંબે ગાળે પણ કંઈક ચિંતા સાથે તને પૂછું છું કે, લૉગ્યૂને દરવાજે તે રાતે વિદાય થતી વખતે મેં જે કહેલું તે તને યાદ છે? તે તને હજુ મંજૂર છે? તારા બાપુના શા સમાચાર છે? તે ભલા માણસ ક્ષેમકુશળ જ હશે. તેમને કંઈ સંકટ આવે જ નહિ; અને આવે તો પછી પરમાત્માના ન્યાયીપણા ઉપર જ વિશ્વાસ મૂકવા જેવું શું રહે?

"તું તો હવે ખાસી મોટી થઈ ગઈ હોઈશ; તારી અત્યારની છબી હું ગોઠવીને મનની પીંછીથી ચીતરવા જાઉં છું, તો તે માન્યામાં ન આવે એટલી સુંદર બની રહે છે. તારે કોઈ નવા મિત્રો થયા છે? મને તો ઘણા નવા મિત્રો થયા છે; છતાં મારા અંતરમાં નિકટમાં નિકટ તો મારો એક જૂનો — બાળપણનો મિત્ર જ વસેલો છે."

— આ જગાએ પત્ર લખવો બંધ કર્યો હોય એમ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. પણ પછી કંઈક મોટા, છૂટા છૂટા અને ઉતાવળે લખેલા અક્ષરમાં આ પ્રમાણે લખાણ આગળ ચાલતું હતું —

"તારો કાગળ મને હમણાં જ મળ્યો. સમાચાર જાણી હું આભો બની ગયો છું. તારા બાપુ હજુ અહીં આવ્યા નથી. તેમનું વહાણ રેક્‌જાવિક જ આવવા નીકળ્યું હતું? કે તે હાફ્નેફૉર્ડ જવાનું હતું? વચ્ચે ગમે ત્યાં તે લાંગર્યું હોય, પણ તું લખે છે તેમ તે જો પખવાડિયા પહેલાં ઊપડયું હોય, તો તે અહીં કયારનું આવી પહોંચ્યું હોવું જોઈએ. એટલે કાગળ લખવો વચ્ચે બંધ કરીને હું તેમની તપાસ માટે એક હોડી મોકલવાની વ્યવસ્થા કરવા દોડી ગયો હતો. તે હોડી ઊપડી ગઈ છે. તે હવે 'સ્મોકી પૉઇંટ' પહોંચવા આવી હશે. તેની સાથે જો તારા બાપુ આવી પહોંચશે, તો તો તેમનું હજાર હજાર પ્રકારે

સ્વાગત થશે. કેવા ભલા માણસ! અને તેમની ઉદારતાને કારણે જ તે છેક ખાલી થઈ ગયા! ભગવાને તો એમના જેવા માણસને અખૂટ ભંડાર ભરી આપવા જોઈએ! ગમે તેમ, ભગવાન હું તેમની ભેગો થાઉં ત્યાં સુધી તેમને સહીસલામત રાખે એટલે બસ.

"મને હવે તારી ચિંતા પણ ઓછી નથી થતી ગ્રીબા. તારી માના ઘરમાં તારી હવે શી સ્થિતિ હશે, એ હું કલ્પી શકું છું. હું આ કાગળ સાથે પચાસ પાઉંડ મોકલું છું. તે સ્વીકારતાં સંકોચ ન કરતી. હું મૅન-ટાપુ છોડીને અહીં આવ્યો તે દિવસે તારા બાપુએ મને એટલા પાઉંડ ઊછીના આપ્યા હતા. તે પાઉંડ હું તેમની પુત્રીને પાછા વાળું છું, એટલું જ. એ કંઈ બક્ષિસ નથી, અને બક્ષિસ માને તોપણ જેઓ અરસપરસ ચાહે છે, તેમનામાં એવી લેવડ-દેવડ કશો આભારનો ભાર ચડાવતી નથી.

"અહીંના કામકાજનો હવે મને પહેલી વાર કંટાળો આવવા લાગ્યો છે. મને અત્યારે તારે પડખે દોડી આવવાનું જ મન થયા કરે છે. પણ એ તો તારી પરવાનગી વિના ન બની શકે. તું કબૂલ થાય તો હું તાબડતોબ એક વિશ્વાસુ માણસને તારી પાસે મોકલું, જે તને તારા બાપુ પાસે અને મારી પાસે લઈ આવે. પણ એમ તારા અહીં આવવાનો શો અર્થ થાય, તે તું સમજી શકે છે; એટલે જ તારી લેખિત પરવાનગી આવ્યા પછી જ હું તેમ કરી શકું. માટે વહાલી, જલદી લખી જણાવ — જલદી — જલદી — "

અહીંયાં પાછો કાગળ લખાતો બંધ થયો હોય તેમ લાગતું હતું. પછી નીચે આ પ્રમાણે તા.ક. હતા —

"આ ઉત્તરના પ્રદેશમાં રહેવાની એક કુદરતી સજા છે કે, વર્ષમાં લગભગ અર્ધો વખત અમારે બાકીની દુનિયાથી અલગ થઈ જવું પડે છે. અને બાકીના અર્ધા ભાગમાં પણ પવન અને દરિયો જ્યારે મરજીમાં આવે ત્યારે અમને અલગ પાડી દઈ શકે છે. એટલે

મારો પત્ર લખાઈ ગયા પછી પણ દરિયાઈ તોફાનને લીધે સાત દિવસ સુધી વહાણ ઊપડી ન શકવાને કારણે અહીં જ રોકાઈ રહ્યો. એ દરમ્યાન મેં મોકલેલી હોડી પાછી આવી ગઈ છે — તેને તારા બાપુની કશી ભાળ ન મળી. વહેલના શિકારે ગયેલા એક આઈરિશ જહાજ મારફતે માત્ર એટલા સમાચાર મળ્યા કે એક જગાએ ખડકાળ કિનારા આગળ એક જહાજ અથડાઈને ભૂકા થઈ ગયું છે — પણ તેના બધા ખલાસીઓ અને મુસાફરો સહીસલામત જમીન ઉપર ઊતર્યા છે, અને જમીનમાર્ગે રાજધાની તરફ આવવા નીકળ્યા છે. કદાચ તારા બાપુ એ લોકોની મંડળીમાં જ હોય! પણ રસ્તાના અજાણ્યા એ લોકો આ ખડકાળ વિષમ ભૂમિ ઉપર પગપાળા સહી-સલામત આવી શકે એવો સંભવ ઓછો હોવાથી, હું તેમને અહીં લઈ આવવા એક ટુકડી સામે મોકલવાની ઉતાવળે જોગવાઈ કરું છું. પણ હવે તો તારે અહીં તારા બાપુની શોધમાં મદદ કરવા આવી પૂગવું જોઈએ. પણ તને અહીં બોલાવું છું તેની પાછળનો મારા અંતરનો ગૂઢ આશય તને સ્પષ્ટ કહી બતાવું — તને હું મારી પત્ની બનવા અહીં બોલાવું છું. જો તું આવીશ તે દરમ્યાન તારા બાપુ સુખરૂપ આવી ગયા હશે, તો તેમને તું મળવા પામીશ; અને નહીં મળ્યા હોય, તો તેમની લાંબી શોધમાં મારી ભાગીદાર બનીશ. — તો વહાલી ગ્રીબા, આવી પહોંચ – આવી પહોંચ – આવી પહોંચ – જલદી આવી પહોંચ."

૫

'પ્રીત ન કરિયો કોય'

૧

માઇકેલ સન-લૉક્સના પત્રે ગ્રીબાના અંતરમાં વિરોધી લાગણીઓનું જે રમખાણ જગવ્યું, તેવું કોઈ જુવાનના કોઈ યુવતી ઉપરના પત્રે નહિ જગવ્યું હોય. તે પત્રે તેને પ્રેમાવેશથી કંપાવી મૂકી, પણ સાથોસાથ ભયથી ગાભરીય કરી મૂકી. તે પત્રે તેને આનંદમાં ગરકાવ કરી દીધી, પણ સાથોસાથ હતાશાથી ઠંડીગાર પણ! તે પત્ર વાંચી તે હસવા લાગી, પણ સાથોસાથ રડવાય લાગી. તે પત્રને તેણે ધ્રૂજતા હોઠોથી ચુંબ્યો ખરો, પણ તરત જ તેની કંપતી આંગળીઓમાંથી તે નીચે સરીય પડ્યો.

પણ છેવટે તે પત્રની સરવાળે અસર એટલી થઈ કે, તે ઝટપટ પોતાના પિતા અને સન-લૉક્સ પાસે જઈ પહોંચવા આતુર થઈ ગઈ — સામો પત્ર લખવાથી માઇકેલ સન-લૉક્સનો કોઈ વિશ્વાસુ માણસ તેને તેડવા આવે તેની રાહ જોયા વિના જ.

પણ થોડી વાર બાદ તેનો જુસ્સો કંઈક શાંત પડતાં તેને જેસનની યાદ આવી. તેણે એને વચન આપી દીધું હતું — અને હવે જો તે એ વચન ફોક કરે, તો જેસનનું હૃદય સદંતર ભાગી પડે, એની તેને ખાતરી હતી. પણ તો પછી સન-લૉક્સનું શું? જેસનને તો જેસનના પોતાની ઉપરના ઉત્કટ પ્રેમને કારણે તે ચાહવા લાગી હતી; પણ સન-લૉક્સને તો ગ્રીબા પોતાના જ અંતરમાં ઊભા થયેલા પ્રેમથી પૂજતી હતી.

હવે શું કરવું? સન લૉક્સ પાસે દોડી જઈને જૅસનને આપેલું વચન તથા તેનું હૃદય તોડવું, કે પછી જૅસન પાસે રહીને પોતાનું હૃદય ભાગી નાખવું અને સન-લૉક્સની આશાઓને પણ? તેને વિચાર આવવા લાગ્યો કે, ભવિતવ્યતા કેવી અવળચંડી છે? – આ કાગળ એક કલાક પહેલાં જ તેને મળ્યો હોત તો? જૅસને પણ ભુલકણા થઈને એ કાગળ તેને થોડો મોડો કેમ આપ્યો? પણ ખરો તો સન-લૉક્સનો જ વાંક કહેવાય કે તેણે આટલો એક કાગળ લખવામાં આટલું મોડું કર્યા કર્યું. ગ્રીબા ઊંડો નિસાસો નાખીને પોકારી ઊઠી, "હાય, કોઈ છોકરી પોતે જેને ચાહતી હોય તેના માથા ઉપર આટલી આફતો લાવવા સરજાઈ હશે ખરી?"

આમ ને આમ વિચારોમાં અટવાઈ તેણે પથારીમાં ધમપછાડા માર્યા કર્યા; પછી મોડી રાતે તેને ઊંઘ ઘેરી વળી.

૨

સવાર થવા આવી હતી, અને દૂરથી ગાતા ગાતા આવતા જૅસનનો અવાજ, જાગી ઊઠેલી ગ્રીબાને પ્રાત:કાળની શાંતિમાં સંભળાવા લાગ્યો. થોડી વારમાં તો જૅસને ગ્રીબાની બારી નીચે આવી 'શી-ઈ-ઈ-ત' એવો અવાજ કર્યો.

બે વાર, ત્રણ વાર એવો અવાજ આવ્યો એટલે ગ્રીબાને ઊઠીને બારીએ આવ્યા વિના ચાલ્યું નહિ.

જૅસન ગ્રીબા માટે થોડાં પંખીનો શિકાર કરી લાવ્યો હતો અને ગ્રીબા બારીએ આવતાં તે રાજી રાજીના રેડ થઈ જઈ ઊભરાતે હૃદયે એટલું જ બોલી શકયો, "સુપ્રભાત, ગ્રીબા! કેવું રળિયામણું પ્રભાત છે? ના, ના, રાત પણ બહુ રળિયામણી હતી. રસ્તામાં આવેલી પેલી નદી પણ! હેં, ગ્રીબા! મને બધી જ વસ્તુઓ હવે આમ રળિયામણી કેમ લાગે છે! મને તું મૂરખ ન માને, તો તને કહું કે, મને આખો વખત આનંદથી નાચ્યા કરવાનું જ મન થાય છે!"

ગ્રીબા બિચારી શો જવાબ આપે? પોતાના પ્રેમમાં મસ્ત બનેલા આ ભલા જુવાનિયાનું અંતર કેમ ચીરી શકાય?

ગ્રીબાને ચૂપ રહેલી અને તેના મનમાં રહેલી દ્વિધાની મૂંઝવણથી જ અકલ્પનીય સુંદર બની ગયેલી જોઈ, જૅસન જ શરમિંદો થઈ બોલી ઊઠયો, "ગ્રીબા, માફ કરજે; હું બધું ગાંડું ગાંડું શું બોલ્યા કરું છું? પણ અત્યારે હું જાઉં; મારી પનચક્કી ઉપર એક જ આડો પાટડો હવે નાખવાનો બાકી છે — પછી આખું મકાન પૂરું થઈ જશે, ત્યારે આનંદથી વાતો કર્યા કરવાની ઘણીય ફુરસદ મને મળશે."

એટલું બોલી, હસતો હસતો, હાથ હલાવીને ગ્રીબાને અભિવાદન કરતો કરતો તે ચાલતો થયો.

ગ્રીબાને વિચાર આવ્યો કે, જૅસન આગળ બધી વાત કરવાથી તેના હૃદયને ભારે આઘાત લાગ્યા વિના રહેવાનો નથી; — પણ એમ કરવા જતાં પોતાનું હૃદય પણ ભાગી પડયા વિના રહેશે ખરું? એટલે તેણે પત્ર લખીને જ એને બધી પરિસ્થિતિ સમજાવી દેવાનો વિચાર કર્યો.

તેણે ચાર લાંબાં પાન આજીજી – વિનંતી – મનામણાનાં લખી પણ નાખ્યાં. પરંતુ પછી તેને વિચાર આવ્યો કે, આ કાગળ તેને માટે પાછળ મૂકી ગુપચુપ ચાલ્યા જવું એ કેવળ સ્વાર્થીપણું કહેવાય; તેના કરતાં પોતે મોઢામોઢ જ બને તેટલી હળવાશથી વાત કરીને જવું વધુ સારું નહિ?

૩

સૂર્ય નીચો ઢળ્યો એટલે જૅસન ગ્રીબા પાસે પાછો આવ્યો. તેણે પનચક્કીનું મકાન પૂરું કર્યું હતું અને તે ગ્રીબાને કંઈક નિર્દોષ આનંદથી તે બાબતની ઉજવણી કરવા નિમંત્રણ આપવા આવ્યો હતો. પણ ગ્રીબાએ પહેલાં નક્કી કર્યા પ્રમાણે જમીન તરફ નજર રાખી જૅસનને કહેવા ધારેલી વાત બાધિભારે ઉપાડી. જૅસને જડસડ થઈને

તે વાત સાંભળી : તેના મોં ઉપરનો આનંદોલ્લાસ એક ક્ષણવારમાં અલોપ થઈ ગયો.

ગ્રીબા પણ હવે જેસનના હાથનો પ્રહાર કયારે પડે છે તેની રાહ જોતી નીચું જોઈ રહી — સ્ટિફન ઓરીના મૃત્યુની રાતે તેણે જેસનનું કાળમુખ જોયું હતું.

ગ્રીબાએ થોડી વારે ઊંચું જોયું તો જેસનનો લોહી ઊડી ગયેલો ચહેરો જોઈ તે ગભરાઈ ઊઠી. તે તરત તેની આગળ ઘૂંટણિયે પડી અને કાલાવાલા કરતી તેની ક્ષમા માગવા લાગી. પણ જેસને તેને ધીમેથી ઊભી કરી અને કહ્યું, "ગ્રીબાબાનુ, કદાચ મેં તમને પૂરેપૂરાં ચાહ્યાં નહિ હોય — મારો પ્રેમ તમને અધૂરો લાગ્યો હશે."

"ના, ના, એમ નથી!" ગ્રીબા બોલી ઊઠી.

"હું અજ્ઞાન, ભખ્ખાબોલો માણસ છું; પૂરેપૂરો જંગલી જ કહો ને. મારે કોઈ બાનુ-યુવતીના હાથને સ્પર્શ કરવાની હિંમત કરવી ન જોઈએ; અને કોઈ બાનુ-યુવતી કદી મારા ઉપર ભાવ દર્શાવવા જેટલાં ઝૂકે પણ નહીં."

"ના, ના; આખી દુનિયામાં કોઈ પણ લેડી-બાનુ તમને પરણે તો તમારી આગળ ભાવપૂર્ણ હૃદયે ઝૂકયા વિના ન રહે."

"તો પછી કદાચ તમારી આફતને સમયે મેં તેનો ગેરલાભ લઈ તમારી સતામણી કર્યા કરી છે, એમ તમને લાગતું હશે."

"ના, ના, તમે તો ઊલટા મારી આફતને સમયે એક વીરને છાજે તેવી બહાદુરી દાખવી છે."

"તો પછી ગ્રીબા, મને કહી દો કે, ગઈકાલથી માંડીને અત્યાર સુધીમાં એવું તે શું બન્યું છે જેથી મારા પ્રત્યેના તમારા ભાવમાં આવો ધરમૂળથી પલટો આવી ગયો, વારુ?"

"કશું જ બન્યું નથી; અથવા તો બધું જ બન્યું છે. જેસન, મેં તમને અન્યાય કર્યો છે. તમારો કશો જ વાંક નથી. પણ હવે મને ખબર પડી કે, હું તમને ચાહતી નથી."

"પણ મારા દિલનો પ્રેમ કેટલી ઝડપે વધતો વધતો વધુ ઊંડો અને સાચો બની રહેશે, એ તમે જાણતાં નથી. મને થોડો સમય આપો."

"એથી કંઈ નહિ વળે." ગ્રીબાએ નન્નો જ રટવા માંડયો.

"થોભો, તમે બીજા કોઈને ચાહો છો?" પણ ગ્રીબા એ પ્રશ્નનો જવાબ આપે તે પહેલાં તેણે ઉતાવળે ઉમેર્યું, "નહિ, નહિ, તમને એ પ્રશ્ન પૂછવાનો મને કંઈ અધિકાર નથી; એટલે તમે જવાબ આપશો તોય હું તે સાંભળીશ નહિ."

"જેસન તમારું દિલ બહુ મોટું છે; મેં તો મને મારા વચનમાંથી મુક્ત કરવા તમને વિનંતી કરી હતી; પણ તમે તો તમારા દિલના મોટાપણાથી મને ઊલટી શરમિંદી કરી મૂકી છે. એટલે હવે તમે જ મારે માટે નિર્ણય આપો — મેં તમને પરણવાનું વચન આપ્યું છે; જો તમે હજુ ઇચ્છતા હશો તો હું મારું વચન પાળીશ."

જેસન બિચારો દુ:ખી હૃદયે ગણગણ્યો, "ના, ગ્રીબા, ના; તમને તમારા વચનને કારણે બાંધી રાખવાં, એ તો તમારા ઉપર જુલમ ગુજાર્યો કહેવાય."

"પણ તમારી પોતાની શી સ્થિતિ થશે, તેનો તો વિચાર કરો."

"એમ કરવાની કશી જરૂર નથી. આમ કે તેમ જે કરીશ તેથી મારું હૃદય તો તૂટેલું જ રહેશે; પણ સાથે સાથે તમારું હૃદય શા માટે તૂટવું જોઈએ, તથા જે માણસ મને તમારાથી વિખૂટો પાડે છે, તેનું પણ?"

આટલું કહી, તે ભાગેલે અવાજે, "ભગવાન તમારું બંનેનું ભલું કરો," એમ કહી ચાલતો થયો.

ગ્રીબાએ હાથ આમળતાં આમળતાં 'જેસન, જેસન' કહીને બૂમ પાડી; અને તરત પાછળ જઈ તેના હાથ પકડયા અને કહ્યું,

"હું તમને પ્રેમ નથી કરી શકતી, એટલી વાત સાચી છે; પરંતુ પ્રેમ સિવાય એ વસ્તુનું બીજું કાંઈ નામ હશે જ – તો તે હું કરું છું..." એમ બોલતાં બોલતાં તે બહાદુર છોકરીએ તેને હૃદય સાથે ભીડી પોતાના હોઠ તેના હોઠ સાથે ચાંપી દીધા.

"ના, ના, ના!" એમ ઘોઘરે અવાજે બોલતો જેસન ગ્રીબાની પકડમાંથી છૂટો થઈ ગયો.

૬

ગ્રીબા ગઈ!

ભાગી પડેલા હૃદયવાળો જેસન, સૌ માણસોને મળવાનું ટાળી, નિર્જન દરિયા-કિનારે નાઠો.

તે દિવસે મંગળવાર હતો; પણ પછી શનિવાર સુધી રોજ તેણે નિર્જન ખડકોમાં જ રખડયા કર્યું. તે દરમ્યાન વિફળ બનેલા – સામા પાત્રે જવાબ ન વાળેલા પ્રેમનું દારુણ ચિત્ર તેના માથામાં ઘૂમતું રહ્યું.

અને એ બધું કેટલું કઠોર – કેટલું કારમું હતું? તેને જાણે મોતની સજાનો હુકમ મળ્યો હોય, તેમ તેનું જીવન શૂન્ય – અર્થહીન થયેલું લાગતું હતું. જે ઉજ્જ્વળ ભાવી તેણે પોતાને માટે કલ્પનામાં ખડું કર્યું હતું, તે ભૂકા થઈને તેના પગ આગળ વેરવિખેર પડયું હતું.

વચ્ચે વચ્ચે વધુ હિંસ્ર લાગણીઓ તેના અંતરમાં ઊછળી આવતી. એ પોતે જ એ ખ્યાલોથી ચોંકી ઊઠતો. દરિયા-કિનારે ધારદાર ખડકોના જંગલમાં ઊભો ઊભો તે કોઈ કોઈ વાર મોટેથી ખડખડાટ હસી પડતો; અથવા પોતાને થયેલી સજાના વિરોધમાં મોટેથી પોકાર કરી ઊઠતો.

જીવન અને પ્રેમ – એ બે વસ્તુઓ જ તેને અર્થપૂર્ણ લાગતી હતી; પણ સૌ મનુષ્યોમાં તે એકલો જ જાણે એ બંને વસ્તુઓથી વંચિત થયો હતો. અવારનવાર રાત્રીની નીરવતામાં તે લૅંગ્યૂ-મથકની પાસે જઈ પહોંચતો; અને જે બારી પાસે ગ્રીબા રોજ સૂતી તેના તરફ એકીટસે જોઈ રહેતો. પછી અચાનક સ્ત્રીની પેઠે 'ગ્રીબા', 'ગ્રીબા' એવો મોટેથી વિલાપ કરતો તે ત્યાંથી ભાગી જતો.

પણ દિવસ ઊગતો તેમ તેમ તેનામાં હિંમતનો – પ્રાણનો ફરીથી સંચાર થતો. દૂર દરિયામાં તે મોટાં મોટાં તોતિંગ જહાજોને આવ-જા કરતાં જોતો અને તેમની ઉપર ખલાસીઓને નિશ્ચિતપણે ગીત ગાતા સાંભળતો. ત્યારથી તેના મનમાં એક વિચાર આકાર પકડતો ચાલ્યો કે, આ ટાપુમાં તેના વસવાટના દિવસો હવે પૂરા થયા છે, અને જ્યાં ગ્રીબા રહેતી હોય ત્યાં તેનાથી હવે રહી શકાય નહિ.

પછી તો રવિવારે ચર્ચમાં એક વખત દૂરથી ગ્રીબાને નિહાળી લઈ, તેણે આ ટાપુ છોડી ચાલ્યા જવાનો નિરધાર કર્યો. તે મનોમન ગણગણ્યા કરતો, "ગ્રીબા, તું ભલે જીવજે અને સુખી થજે; મને તારા ઉપર જરાય ખોટું નથી લાગ્યું. એ બધાની યાદ મારા મનના પટ ઉપરથી ભલે ભૂંસાઈ જાય."

૨

પણ મંગળવારે સુતારે છેલ્લો પાટડો જૅસનની પન-ચક્કીના છાપરા ઉપર ચડાવ્યો, ત્યાર પછી જૅસનને ઘરમાંથી લાપતા થઈ ગયેલો જાણી તેના સાથી ડૅવીને બહુ નવાઈ લાગી. કારણકે, અત્યાર સુધી જૅસને એ પનચક્કી ઉપર ઝોડની પેઠે કામ કર્યું હતું; પણ હવે તે એના તરફ નજર નાખવા પણ આવ્યો ન હતો! જ્યારે નર્યું સોનું વરસવાનું થયું ત્યારે જ! ડૅવીએ બિચારે જૅસનને કોઈ ભૂતનો વળગાડ થયો હોવાનું જ માની લીધું.

તરત જ તેણે એક બુઢ્ઢી ડોસીનો સંપર્ક સાધ્યો અને તેણે જૅસન સૂતેલો હોય ત્યારે તેના ગળામાં બાંધવા માટે એક તાવીજ

મંતરી આપ્યું. પણ જૅસન રાતે સ્થિર થઈને ઊંઘતો હોય તો ને? છતાં છેવટે તે એ તાવીજ તેના ગળામાં બાંધવામાં સફળ થયો.

જૅસન તેને હવે શાંત પડી ગયેલો લાગ્યો. પણ તે તો જાણે એક ધમાલિયું ભૂત જૅસનમાંથી નીકળી જઈને બીજું મૂંજી ભૂત તેને વળગ્યું હોય તેવું થઈને રહ્યું — જૅસન મૂંજી જેવો જ આખો દિવસ પડી રહેવા લાગ્યો.

રવિવારે જૅસન ગ્રીબાનાં છેલ્લાં દર્શન કરી લેવા ચર્ચમાં જઈ પહોંચ્યો. ચાર વર્ષ થયાં તે આઈસલૅન્ડમાં આવ્યો હતો; પણ ચર્ચમાં તે બહુ થોડી જ વાર ગયો હશે. લોકો વચ્ચે જગા કરતો ચર્ચના એક અંધારા ખૂણા તરફ તે ચાલ્યો ગયો. ત્યાં જઈને તે બેઠો ખરો; પણ ગ્રીબા ચર્ચમાં આવી ન હતી. પછી તો ચર્ચનું બારણું બંધ થઈ જતાં, તેને સેવા-ભક્તિ પતે ત્યાં સુધી અંદર જ બેસી રહેવું પડયું.

બાઇબલમાંની જૅકબની અને ઈસોની વાતનો પાઠ ચાલવા લાગ્યો. તેમના બાપુ આઈઝેકે પોતાનું મૃત્યુ નજીક આવતું જાણી, ઈસોને હરણનું માંસ લઈ આવવા મોકલ્યો; જેથી તે ખાઈને, બદલામાં, મરતા પહેલાં તે ઈસોને વરદાન આપી શકે. પણ ઈસો હરણનો શિકાર કરવા ગયો તે દરમ્યાન જૅકબે હરણનું માંસ લાવી, ઈસોને નામે બાપ સામે હાજર થઈ, તેમની પાસેથી તેમના બધા વારસાનું વરદાન મેળવી લીધું.

પછી ઈસો આવ્યો ત્યારે તેને અને આઈઝેકને જૅકબના કાવતરાની ખબર પડી. ઈસો પોકાર કરી ઊઠયો અને બાપ પાસે પોતાને પણ વરદાન આપવા વિનંતી કરવા લાગ્યો.

બાપે કહ્યું, "તારું રહેઠાણ સ્વર્ગમાંથી નીતરતા ઝાકળ હેઠળની ધીંગી જમીન હશે. તારે તારી તરવારથી જીવવું પડશે અને તારા ભાઈની નોકરી કરવી પડશે. જ્યારે તું તારું રાજ્ય મેળવીશ, ત્યારે તું તારા ભાઈની ઝૂંસરીમાંથી મુક્ત થઈશ."

ઈસો હવે જેકબને ધિક્કારવા લાગ્યો; અને પિતાના મૃત્યુના શોકના દિવસ પૂરા થાય એટલે જેકબનું ખૂન કરવાનો તેણે નિરધાર કર્યો.

તરત જ જેસનને પણ પોતાની મા, તેનું કપરું જીવન, તેનું મૃત્યુ, અને પોતે લીધેલી પ્રતિજ્ઞા યાદ આવ્યાં. તેને થયું કે, હું સ્ત્રી-પ્રેમનાં સ્વપ્નમાં પડી જઈ, મારી માનું વેર લેવાની પ્રતિજ્ઞા ભૂલી ગયો. તેને ખાતરી થઈ ગઈ કે, પોતે જો માતા સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા પૂરી નહિ કરે, તો તેનો શાપ કબરમાંથી પણ તેને જંપવા નહિ દે.

દેવળની પ્રાર્થના પૂરી થઈ, એટલે જેસન ત્યાંથી કોઈની નજરે ન પડાય તેમ ભાગ્યો. પણ જૉન ફેરબ્રધરે તેની પાછળ દોડી જઈ તેને પકડી પાડયો, અને તેના મોં સામું જોઈને પૂછ્યું, "તે ક્યાં ગઈ છે તે તમે તો જાણતા જ હશો!"

"કોણ ક્યાં ગઈ છે?" જેસને નવાઈ પામી પૂછ્યું.

"ત્યારે, સાચે જ તમે કશું નથી જાણતા?"

"કોણ, ગ્રીબા ચાલી ગઈ છે?"

"હા, હા; તેની જ વાત છે તો. પણ તમે તો બધું જાણતા જ હશો."

પણ જેસન તેની સાથે વધુ વાતચીત કરવા થોભવાને બદલે તેને હડસેલો મારી લૉગ્યૂ તરફ દોડયો.

જૉન નવાઈ પામીને તેની પાછળ જોઈ રહ્યો અને ગણગણ્યો, "મા'ળું લાગે છે તો એવું કે, એ જાણે કશું ન જ જાણતો હોય!"

જેસન લૉગ્યૂ પહોંચ્યો, ત્યારે બીજા ફેરબ્રધર ભાઈઓ ત્યાં ભેગા થયા હતા. ઑશરને ગઈ રાતથી જ ગ્રીબાનો પત્તો ન લાગતાં રવિવારે સવારે મોડો મોડો ઊઠયા બાદ પણ તે બીજા ભાઈઓને ત્યાં ખબર કાઢવા પહોંચી ગયો હતો. પરિણામે જૉન સિવાયના બાકીના બધા જ

ભાઈઓ લૉગ્યૂ-મથકે ભેગા મળી શું બન્યું હશે તેની વિવિધ કલ્પનાઓ દોડાવતા હતા.

પ્રથમ તેઓએ ગ્રીબાની ઓરડી ફંફોસી જોઈ. તેમાંના એક પટારામાંથી તેમને બે કાગળો મળ્યા. ગ્રીબા જતી વખતે એ કાગળો કાઢી લેવાનું ભૂલી ગઈ હતી. — જો તે એ કાગળો યાદ રાખીને સાથે લેતી ગઈ હોત, તો તેના પોતાના જીવનમાં અને બીજા બેનાં જીવનમાં જે કારમી કરુણતા હવે સરજાવાની હતી, તે કદાચ ન સરજાત!

એ બે કાગળોમાંનો એક તો માઈકેલ સન-લૉક્સનો ગ્રીબા ઉપર આવેલો કાગળ હતો; અને બીજો ગ્રીબાએ જૅસનને આપવા લખેલો કાગળ હતો, જે તેણે પછી જૅસનને આપ્યો ન હતો.

ભાઈઓએ બંને કાગળો નવાઈ પામતાં પામતાં વાંચ્યા. પછી જૅકબે સન-લૉક્સવાળો કાગળ પોતાના ખીસામાં સરકાવી દીધો. બધા ભાઈઓ હવે સન-લૉક્સના એ કાગળની મતલબ વિચારતા હતા, તેવામાં જૅસન ફીકે પડી ગયેલે મોંએ ત્યાં આવ્યો.

તેણે તરત જ પૂછ્યું, "ગ્રીબા ક્યાં છે? શું થયું છે?"

"કોણ જાણે, ક્યાં ગઈ છે તે! પણ આ કાગળ તેના ઉપર કોણે લખ્યો છે તે વાંચો —" એમ કહી જૅકબે ખીસામાંથી કાગળ કાઢી તેની નીચે સન-લૉક્સે કરેલી સહીના અક્ષરો આંગળી કરીને બતાવ્યા — 'માઈકેલ સન-લૉક્સ.' અને પછી કહ્યું, "હવે તો તમને સમજાઈ ગયું હશે કે તે ક્યાં ગઈ છે!"

જૅસન હિંસ્ર પ્રાણીની જેમ ધમધમી ઊઠયો. તે ક્રૂર હાસ્ય હસીને બોલ્યો, "હું નર્યો બેવકૂફ જ છું — મને અત્યાર સુધી કેમ ન સમજાયું? એ બદમાશનું સત્તાનાશ જાય!" એટલું કહીને તે જૅકબે આગળ ધરેલો કાગળ પાછો હડસેલી, ઘર બહાર નીકળી ગયો.

ત્યાંથી સીધો તે પૉર્ટી-વૂલી તરફ દોડયો. ત્યાં જઈ તેણે પોતે ઊભું કરેલું પનચક્કીનું મકાન આખું તોડી પાડયું — એકેએક પાટડો

અને એકેએક પથ્થર! પછી પોતાની ઝૂંપડીમાં જઈ તે ત્યાંનું બધું સંગ્રહસ્થાન કાઢી લાવ્યો અને તેને દરિયામાં પધરાવી દીધું.

દરમ્યાન ફેરબ્રધર ભાઈઓ ભેગા મળી સંતલસ ચલાવવા લાગ્યા.

"મા'ળો સન-લૉક્સ આઇસલૅન્ડનો પ્રેસિડન્ટ થયો છે, એ તો ગવર્નર-જનરલ જ ગણાય." થર્સ્ટન બોલ્યો.

"મારો બેટો!" જૉન બોલ્યો.

"ગ્રીબાડી તો ખાસી તવંગર બની જશે; હું હંમેશ કહેતો હતો કે, તે મોટી લેડી થવાને લાયક છે." રૉસ બોલ્યો.

"હંઅં! પણ આપણે લોકો જરા બાઘા તો ખરા!!' સ્ટીન બોલ્યો.

"તમે લોકોએ માન્યું જ નહિ; હું તો તમને પહેલેથી કહેતો હતો કે આપણે એ છોકરી સાથે સારો વર્તાવ રાખવો જોઈએ." ઑશરે ઉમેર્યું.

"થોભો, થોભો, હજુ કંઈ બગડી ગયું નથી." જેકબ બોલી ઊઠ્યો.

"કેમ? હવે શું થઈ શકે, વારુ?" બીજાઓ સામટા પૂછી બેઠા.

"આપણે તેની પાછળ જઈ પહોંચવું જોઈએ, વળી!" જેકબે કહ્યું.

"હેં?"

"સાંભળો! આપણે આપણા એક ભાગનું ખેતર વેચી દઈ, તેના પૈસા લઈ તેની પાસે જઈએ અને તેને કહીએ કે, આપણે તેના સાતમા ભાગના ખેતરની કિંમત પહોંચાડવા આવ્યા છીએ."

"વિચાર સારો છે." જૉન બોલ્યો."

"ગવર્નર-જનરલને તો બહારનુંય ઘણું ઘણું મળતર હોય," જૅકબે કહ્યું.

"પણ ગ્રીબાને એ બધું આપવા-લેવા આઈસલૅન્ડ કોણ જશે?" ઑશરે પૂછયું.

"લો, જવું પડે તો જવામાં મને વાંધો નથી." જૅકબે જવાબ આપ્યો.

"મને પણ તમારી સાથે આવવાનું મન ન થાય એમ નહિ," જૉને ઉમેર્યું.

અને બાકીના ચારેએ મનોમન નક્કી કરી લીધું કે, એમને પણ ગવર્નર-જનરલના મળતરમાં ભાગ પડાવવા આઈસલૅન્ડ જવામાં કશો જ વાંધો ન હતો!

૭

વેરની આગ!

૧

જેસને મૅન-ટાપુમાં પોતાનું જે કંઈ દેવું હતું તે ચૂકતે કરી દીધું; અને પછી તે આઈસલૅન્ડ જવા ઊપડયો. આદમ ફેરબ્રધર જેટલા પૈસા સાથે આઈસલૅન્ડ જવા નીકળ્યો હતો, તેના કરતાંય તેના ખીસામાં તે વખતે ઓછી રકમ હતી.

માઈકેલ સન-લૉક્સ રેક્જાવિકમાં છે, એ સિવાય બીજી કંઈ વિશેષ માહિતી તેને ન હતી. છતાં તેને શોધવા અને તેના ઉપર માએ ફરમાવેલું વેર લેવા તે નીકળ્યો હતો. જે વહાણમાં તે ઊપડયો, તે વહાણ તો ડેન્માર્કની રાજધાની કૉપનહેગન જતું હતું. ત્યાં પહોંચી ત્યાંથી તેણે રેક્જાવિક જતા એક જહાજમાં જગા મેળવી લીધી.

જહાજના કપ્તાને જ્યારે જાણ્યું કે જેસન આઈસલૅન્ડનો વતની છે અને ચાર વર્ષ અગાઉ ત્યાંથી નીકળી ગયેલો છે, ત્યારે તેણે તેને જણાવ્યું કે, "તને ભાઈ, આ દરમ્યાન આઈસલૅન્ડમાં ઘણું બધું બદલાઈ ગયેલું જોવા મળશે."

વેસ્ટમૅન-ટાપુઓ હમણાં જ નજરે પડયા હતા, તેવામાં 'હોમ'-ટાપુમાંથી એક ખુલ્લી હોડી જહાજ પાસે ટપાલ લેવા માટે ઊછળતાં મોજાં વચ્ચે આવી પહોંચી. પોસ્ટમૅનને જહાજના કપ્તાને પૂછ્યું, "કેમ, પૅટ્રિકસન, તમારા પુરાણા દેશના શા સમાચાર છે?" દરમ્યાન કપ્તાને બે છાપાં તેને આપ્યાં અને તેની પાસેથી ટપાલનો એક કાગળ લઈ લીધો.

"કેમ. તમે સાંભળ્યું નથી?" ટપાલી પૅટ્રિકસને પૂછ્યું.

"શું ભાઈ?"

"પેલા જુવાન મૅન્ક્સને[1] તેઓએ ગાદીએ બેસાડયો છે! જેના બાપને હું બરાબર ઓળખતો[2] હતો!"

પૅટ્રિકસન-ટપાલી છાપાં લઈ, અને કાગળ આપી પાછો ફરી ગયો. કપ્તાન સાથે તેને થયેલી વાતચીત જૅસને બરાબર સાંભળી હતી. તે હવે કપ્તાનને વિશેષ પૂછપરછ કરવા જતો હતો, તેવામાં તેને વિચાર આવ્યો, "ના, ના; આ તો હાથે કરીને પુરાવા[3] ઊભા કરતા જવા જેવું થાય —" એટલે તે ચૂપ રહ્યો.

દિવસ ઢળતો થયો ત્યારે આઈસલૅન્ડનો દક્ષિણ-પૂર્વ કિનારો તેમની નજરે પડયો. બધું ખડકાળ, જવાળામુખી પર્વતોએ ઓકેલા

---

૧. મૅન-ટાપુનો વતની. અહીં માઇકેલ સન-લૉક્સ અભિપ્રેત છે, એ ઉઘાડું છે. – **સંપા૦**

૨. સ્ટિફને મારી નાખેલા પોતાના ભાઈનું વેર લેવા તેણે સ્ટિફન ઓરીને બદલે તેની બીજી પત્ની લિઝા કિલી (માઇકેલ સન-લૉક્સની મા)ને મારી નાખી હતી. – **સંપા૦**

૩. માઈકેલ સન-લૉક્સને મારી નાખે તેના.

લાવા-રસનાં ગચિયાંથી ભરેલું હતું, છતાં પોતાનું જન્મસ્થાન જોઈ, જેસનનું હૃદય એક વાર તો ભરાઈ આવ્યું. પણ પછી તરત તે પાછો ઉશ્કેરાટની સ્થિતિમાં આવી ગયો. પોતાની માનો ભૂખમરો અને મૃત્યુ, તથા માઈકેલ સન-લૉક્સની અત્યારે અહીં હાજરી — એ બે વાનાં તેનાથી ભૂલ્યાં ભુલાય તેમ નહોતાં.

બીજે દિવસે તેઓ સ્મોકી-પૉઇંટ વટાવીને રેક્જાવિકના અખાત તરફ વળ્યા. હજુ છ વાગ્યા ન હતા, પણ શિયાળો નજીક આવ્યો હોવાથી અંધારું થઈ ગયું હતું.

બે છોકરાઓ હોડી લઈ કિનારાના ખડકોમાં ઈંડાં વગેરે શોધવા નીકળેલા, તે જહાજમાંથી કોઈ ઉતારુ મળે તો તેને લઈ આવવા જહાજ પાસે આવી પહોંચ્યા. જૅસન પોતાના થોડાઘણા સરસામાન સાથે તેમની હોડીમાં ઊતરી પડયો. તે છોકરાઓ સાથેની વાતચીત ઉપરથી જણાયું કે, જૅસન જ્યાં જન્મ્યો હતો તે ઘોલકામાં જ તેઓ રહેતા હતા. જૅસન સમજી ગયો કે, તેના બાપની મા ગુજરી ગઈ છે — છેવટના તે જ ત્યાં રહેતી હતી.

રાજધાની નજીક આવતી ગઈ, તેમ તેમ સળગતી મશાલો અને તાપણાં સાથે કંઈ ધમાલ કિનારે ચાલતી જોઈ, જૅસને છોકરાઓને પૂછ્યું, "આ શાની ધમાલ છે, વારુ ?"

"નવા ગવર્નર કિલ્લો બંધાવે છે ને, તેની !"

કિનારે ઊતરીને, જૅસન, પોતાની સામું જોઈ નવાઈ પામી પોતાને વિશેષ પૂછપરછ કરવા માગતા લોકો તરફથી મોં ફેરવી લઈ આગળ ચાલ્યો. દેવળની બાજુની ઝૂંપડીમાં, દેવળનું કામકાજ સંભાળનાર એક વૃદ્ધ તથા તેની વૃદ્ધ પત્ની રહેતાં હતાં. તેઓએ જૅસનની માના છેવટના દિવસોમાં તેની સારી સંભાળ રાખી હતી. જૅસન તેમની પાસે જ પહોંચી ગયો.

તેઓએ ભાવપૂર્વક — જોકે ઘણી જ નવાઈ પામીને — તેને આવકાર્યો, અને ઘરમાંનું સીધુંસાદું ખાવાનું તેની સામે પીરસી દઈ, તેને પ્રશ્નો પૂછવા માંડયા —

"તું અત્યાર સુધી ક્યાં હતો, દીકરા?"

"ઇંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ, ડેન્માર્ક — એમ ઘણે ઠેકાણે." જૅસને જવાબ આપ્યો.

"વાહ, તને તો અહીંના લોકોએ ચાર વર્ષ થયાં કબરમાં વિધિસર દફનાવી જ દીધો છે!" બુઠ્ઠાએ જરા હસીને કહ્યું.

"અરે તારી કબર ઉપર ક્રૂસ ખોડયો છે, અને ક્રૂસ ઉપર તારું નામ પણ કોતર્યું છે!" બુઠ્ઠીએ ઉમેર્યું.

"કોણે વળી મારી એટલી બધી કાળજી લીધી?" જૅસને પૂછ્યું.

"જૉર્ગન જૉર્ગન્સને વળી. તારી માની કબર પાસે જ તને દટાવી તેની ઉપર એ ક્રૂસ તેણે ઊભો કરાવ્યો છે. તારી મા મરી ગયા પછી જૉર્ગનને સાચે જ બહુ ભારે પસ્તાવો થયો હતો." બુઠ્ઠીએ જવાબ વાળ્યો.

"પણ પોતે કરેલા અપકૃત્યથી બધું બરબાદ થઈ જાય, ત્યાર પછી પસ્તાવો શા કામનો?" બુઠ્ઠાએ કહ્યું.

"ભગવાન એને પસ્તાવો ગણે જ નહિ ને! અને જુઓને તેની શી વલે થઈ તે!" બુઠ્ઠીએ જવાબ આપ્યો.

"હેં? તેને વળી શું થયું?" જૅસને પૂછ્યું.

"તેને આઈસલૅન્ડ છોડવું જ પડયું, વળી; તને ખબર નથી, બેટા?" બુઠ્ઠીએ કહ્યું.

"કેમ? તે મરી ગયો?"

"ના, ના, એનાથીય બદતર — તેને અપમાનિત થઈ આઈસ-લૅન્ડ છોડવું પડયું."

"પણ મારા બાપનાં મા ગુજરી ગયાં, ખરું?" જેસને પૂછ્યું.

"ના રે ના! રોજ સવારે દેવળમાં પ્રાર્થના કરવા આવે છે, ને!" બુઢ્ઢો ગણગણ્યો; એવાં પુરાણાં પાપિયાંને ઝટ મોત આવતું હશે?"

"પણ તેમના ઘોલકામાં તો બીજું કોઈક રહેતું હોય એમ લાગે છે?" જેસને પૂછ્યું.

"હા, એ તો ખરી વાત છે; કારણકે એ બુઢ્ઢીથી હવે કશું કામકાજ થઈ શકે તેમ નથી; એટલે નવા ગવર્નર જ તેને પોષે છે. પણ તારા બાપુની કશી ભાળ તને મળી ખરી?" બુઢ્ઢાએ ખભો ઉલાળીને એ પ્રશ્નનો જવાબ પોતે જ આપી દીધો – નહીં જ મળી હોય!

૨

ખાઈને, જરા સાંસતો થઈ, જેસન તરત બહાર ફરવા નીકળ્યો. રાત પડી ગઈ હતી, છતાં શહેરમાં હજુ કામકાજની – ધંધારોજગારની ધમાલ જેવું લાગતું હતું. ખરેખર, પહેલાંનાં આળસ અને પ્રમાદ ક્યાંય દેખાતાં ન હતાં. જાણે આખું શહેર દીર્ઘ નિદ્રામાંથી હમણાં જ જાગ્યું હોય!

લોકોની નજર ટાળી, તે પુલ તરફ વળ્યો. બિશપનું શાંત મકાન તે તરફ આવ્યું હતું. ત્યાંથી આગળ તે લૅટિન સ્કૂલ અને જેલ તરફ વળ્યો. સ્કૂલમાં છોકરાઓને ડ્રીલ શીખવતા હતા. તેણે આસપાસ ઊભેલી જુવાન છોકરીઓને પૂછ્યું, "આ શું ચાલે છે?"

"નવા ગવર્નરે પલટણ ઊભી કરી છે." એક છોકરીએ જવાબ આપ્યો.

નવો ગવર્નર! બધે જ નવા ગવર્નરનું નામ હતું – 'તેણે આ કરવા માંડ્યું છે' અને 'તે કરાવવા માંડ્યું છે!' લોકોના આખા જીવનમાં જાણે તે વ્યાપી રહ્યો હતો અને તેમને પ્રવૃત્તિ કરવા – પરિશ્રમ કરવા જાણે ગોદાવી રહ્યો હતો.

જેલમાંથી સુતારોના હથોડાઓનો ધડાધડ અવાજ આવતો હતો.

"તેઓ જેલમાં શાની ધડાધડ કરે છે?" તેણે ત્યાં થઈને પસાર થતા દરજીને પૂછ્યું.

"જેલમાં ફેરફાર કરી, નવા ગવર્નર માટે રહેવાનું મકાન બનાવે છે," દરજીએ જવાબ આપ્યો.

"નવો ગવર્નર બહુ કામગરો માણસ લાગે છે!" જૅસન બોલી ઊઠયો.

"હા, ખરી વાત છે; જોકે, તે ઘણા જુવાન છે — તમારા જેટલા જ હશે, પચીસેક વર્ષના. પણ તેમણે પેલા હરામખોર ડેન – ડાકુઓને દેશમાંથી હાંકી કાઢયા. ત્યાર પહેલાં આ દેશમાં આપણી મહેનત-મજૂરી પણ આપણી ન હતી – બધું તે પરદેશીઓ પડાવી જતા. અને આ ગવર્નર ન્યાયી પણ કેવા છે! — પણ હવે તે પરણવાના છે — કોઈ પરદેશી બાનુ સાથે સ્તો — અત્યારે તે બાનુ બિશપ જૉનને ત્યાં રહે છે."

એટલી વાત કરી દરજી તેને રસ્તે ચાલતો થયો.

અચાનક એક જુવાન ઘોડેસવાર આ તરફ ઘોડાને પૂરપાટ દોડાવતો આવ્યો. જૅસને પાછા વળીને તેની પાછળ જોયું તો તે બિશપના મકાનને દરવાજે થોભ્યો. તેનો જે આદરસત્કાર ત્યાં તેણે થતો જોયો, તે ઉપરથી તેને લાગ્યું કે, એ 'નવો ગવર્નર' જ હશે, જે પોતાની ભાવી પત્નીને મળવા કે તેની ખબર કાઢવા બિશપને ત્યાં આવ્યો હશે.

જૅસનને એ ભાગ્યશાળી માણસની અદેખાઈ તો ન આવી, પણ પોતાની સ્થિતિ ઉપર તેણે નિસાસો જરૂર નાખ્યો.

૩

જૅસન હવે શહેર તરફ પાછો ફર્યો. એક પીઠા આગળ તેને ઓળખતા તેના જૂના સાથીઓ તરત તેને ઘેરી વળ્યા, અને આનંદના

પોકારો કરવા લાગ્યા. તે જીવતો પાછો આવ્યાની વાત તેઓએ હમણાં જ સાંભળી હતી.

"ત્યારે તું પરદેશ ચાલ્યો ગયો હતો કેમ?" "તને તો અહીં બધાએ દાટી દીધો છે!" "પરદેશમાં પરણ્યો-બરણ્યો છે કે નહિ?" "નથી પરણ્યો? – તો તો આઈસલૅન્ડની છોકરીઓ જ વધુ સારી છે, ખરું?" "પણ ભાઈ, તું એવે ખોટે વખતે બહાર ચાલ્યો ગયો – તું ન મળ્યો એટલે તારા દાદા જૉર્ગન જૉર્ગન્સને તારે બદલે માઈકેલ સન-લૉક્સને જ દીકરા તરીકે સ્વીકારી લીધો!"

"માઈકેલ સન-લૉક્સ?" જેસન જાણે બીજી દુનિયામાંથી બોલતો હોય એવા ઘેરા અવાજે બોલી ઊઠયો.

"હા, હા; એ પાછો મોટો નવો ગવર્નર બની ગયો છે, એટલે બધાંનું દારૂ પીવાનું બંધ કરવા માગે છે! જો તો ખરો; તું જ જૉર્ગન જૉર્ગન્સનને વેળાસર ભેગો થયો હોત, તો ટાપુના સૌ ભલા માણસોને માથે આ આફત ન આવી હોત!"

"નવો ગવર્નર?" જેસને જાણે બેભાનમાં બોલતો હોય તેમ ફરી પૂછયું.

"હા; હા; તું તો એને ઓળખતો જ હશે; – બુઢ્ઢા જૉર્ગનને તેની સાથે તકરાર થઈ, અને તેને ટાપુ છોડી ચાલ્યા જવું પડયું. બધા જ કહે છે કે, એ તો તારો ઓરમાન ભાઈ થાય છે."

માઈકેલ સન-લૉક્સ નવો ગવર્નર થયો! – માઈકેલ સન-લૉક્સ ગ્રીબા સાથે પરણવાનો છે! – ત્રણ ત્રણ વખત એ માણસ મારા માર્ગમાં આડો આવ્યો: એક વખત મારા બાપની બાબતમાં; બીજી વખત ગ્રીબાની બાબતમાં; અને ત્રીજી વખત મારા દાદા જૉર્ગન જૉર્ગન્સનની બાબતમાં.

તે માણસે પોતાને કરેલા નુકસાનનો બધો હિસાબ જેસને માંડી જોવા પ્રયત્ન કર્યો; પણ આ બધા સમાચાર ઉપરાછાપરી તેને એટલા

બધા અણધાર્યા મળ્યા હતા કે, તે એના અંતરના વિક્ષોભને દબાવીને કશો વિચાર કરી શક્યો નહિ.

થોડી જ વારમાં તે કશું મન સાથે નક્કી કર્યા વિના, બિશપના મકાન તરફ ચાલ્યો, – જાણે કોઈ તેને હાથ પકડીને ખેંચી જતું હોય.

બિશપના ઘર સામું જોઈને તે ગણગણ્યો – "એ માઈકેલ સન-લૉક્સ મારા માર્ગમાં પહેલેથી માંડીને અત્યાર સુધી આડે જ આવ્યા કર્યો છે : તેણે મારા જીવનની બધી સારી વસ્તુઓ પચાવી પાડી છે. તે અત્યારે યશ, ધનસંપત્તિ અને સુખશાંતિની ટોચે ઊભો છે; ત્યારે હું રાતના અંધારામાં ઘરબાર વિનાનો રવડતો ફરું છું. બસ, હું અત્યારે જ એનું કાટલું કાઢી નાખું – અબઘડી – અત્યારે!"

પણ તરત જ તેને યાદ આવ્યું કે, તેણે માઈકેલ સન-લૉક્સને કદી પોતાની નજરે જોયો નથી; એટલે બધાં માણસોમાંથી તેને કેમ કરીને ઓળખી કાઢી શકશે? તેણે જરા ધીમેથી – સાવચેતીથી – આગળ વધવું જોઈએ – પહેલાં તેને બરાબર ઓળખી લેવો જોઈએ.

જેસન હવે પોતાને ઉતારે પાછો ફરવા તૈયાર થયો. એટલામાં અચાનક બિશપના મકાનમાંથી, વાજિંત્ર સાથે કોઈ મધુર અવાજે ગાતું હોય એવો અવાજ તેને સંભળાયો. તે ગ્રીબાનો જ અવાજ હતો, – ગ્રીબા પ્રેમ-ગીત ગાતી હતી; અને એટલા બધા ભાવથી ગાતી હતી કે, પેલો[1] તેની પાસે જ ઊભો હોવો જોઈએ, એમ જેસનને લાગ્યા વિના ન રહ્યું.

"એને[1] માટે જ ગ્રીબા મને છોડીને અહીં દોડી આવી છે – એનાં માન-મરતબાથી લોભાઈને – એનાં સુખ-આરામમાં ભાગીદાર બનવા!"

તરત જ તેને વિચાર આવ્યો કે, એ સ્ત્રી માટેના તેના પ્રેમે તેને પાંચ પાંચ વર્ષ સુધી કેવી ધોખાબાજીમાં રાખ્યો હતો! એ સ્ત્રીને કારણે

---

૧. ગ્રીબાનો વરાયેલો પતિ – માઇકેલ સન-લૉક્સ.

તે પોતાની માતાને આપેલું વચન ભૂલી ગયો હતો! એ સ્ત્રી પોતે મુશ્કેલીઓમાં સપડાઈ હતી ત્યારે તેને ચાહવાનો ઢોંગ કરતી હતી; પણ બીજાએ તેને બોલાવી કે તરત તેને પોતાને પડતો મૂકી અહીં દોડી આવી છે.

જૅસનનું હૃદય અમળાઈ જવા લાગ્યું; તે દાંત કચકચાવીને બોલી ઊઠયો, "ભગવાન કરે ને એ માણસ જલદી મારા હાથમાં આવે!"

૮

ધરપકડ

૧

જૅસન દેવળ પાસેના પોતાના ઉતારાએ પાછો ફર્યો. બુઢ્ઢો દેવળ-કામદાર તેની રાહ જોઈને બેસી રહ્યો હતો. જૅસને મોડા આવવા બદલ કંઈક બહાનું બતાવીને તેની માફી માગી.

રાતે સૂતા પછી તેણે બારના ટકોરા પછીના બધા જ ટકોરા ગણવા માંડયા — ૧, ૨, ૩, ૪. તેને ઊંઘ આવતી ન હતી અને તેને આખે શરીરે વેદના ઊપડી હતી. છેવટે તેને વિચાર આવ્યો કે, આમ તો માંદા પડી જવાશે અને પછી વેર લેવાનું કયાંય રહી જશે. તોય એકદમ તો તેને ઊંઘ ન જ આવી. પણ ધીમે ધીમે તે ગાઢ નિદ્રામાં પડી ગયો.

જ્યારે તે જાગ્યો ત્યારે દેવળના ઘડિયાળમાં બીજા દિવસના બારના ટકોરા પડતા હતા! તેને વિચાર આવ્યો કે, આટલું આટલું કામ પતવવાનું બાકી છે, અને આમ ઊંઘમાં ઘોરતા પડી રહેવાય ખરું?

બુઢ્ઢી દેવળ-કામદારણ બિચારી જૅસનને માંદો પડી ગયેલો માની બહુ ચિંતા કરવા લાગી. પછી જ્યારે તે નાસ્તો કરવા બેઠો, ત્યારે હવે તેનો શું કરવાનો વિચાર છે એમ તેણે પૂછયું. જૅસને બાધે ભારે જણાવ્યું કે, હજુ કશું નક્કી નથી; પરંતુ દરમ્યાન મારા ખાધા-ખર્ચ જોગું રોકડ મારી પાસે છે.

પણ પછી જૅસને ડોસીને જ નવા ગવર્નર કે પ્રેસિડન્ટ વિષે સવાલો પૂછવા માંડયા : તે કોના જેવો દેખાવમાં છે; તે સામાન્ય રીતે ક્યાં અવરજવર કરે છે; શહેરમાં અવારનવાર ફરવા નીકળે છે કે કેમ ઇ૦. બિચારી ડોસી બહેરી હતી અને દેવળની સાફસૂફીને દિવસે ત્યાં સુધી માંડ જઈ શકતી; એટલે તે એને વધુ માહિતી આપી શકી નહિ; પણ તેનો બુઢ્ઢો પતિ બહાર શેરીમાં ગયેલો, તે એ જ ઘડીએ ઘરમાં પાછો આવ્યો, તેણે જૅસનના છેલ્લા પ્રશ્નનો જવાબ આપ્યો કે, 'આલ્થિગ' — પાર્લમેન્ટની બેઠક હમણાં ચાલુ છે, એટલે નવા જાહેર કરાયેલા લોકતંત્ર ('રિપબ્લિક')ના પ્રેસિડન્ટ તરીકે માઈકેલ સન-લૉક્સ રોજ બપોરે બેઠકના પ્રમુખસ્થાને બિરાજે છે.

જૅસન તરત જ નાસ્તાનું જેમ તેમ પતાવી, કંઈક બહાનું કાઢી, પાર્લમેન્ટની બેઠક જ્યાં મળતી હતી તે મકાન તરફ દોડયો. એ મકાન પાકું બાંધેલું ન હતું; તેને લાકડાનું બનાવેલું મોટું ડહેલું જ કહી શકાય.

પણ તે પહોંચ્યો ત્યારે બેઠક પૂરી થયેલી એટલે સભ્યો વીખરાઈ ગયા હતા. બીજે દિવસે જૅસન બેઠક શરૂ થાય તે પહેલાં જ ત્યાં હાજર થઈ ગયો, જેથી બધા સભ્યો અંદર દાખલ થાય તે પહેલાં તેની નજર તેમના ઉપર પડી શકે. પણ કોઈ સભ્ય તેને માઈકેલ સન-લૉક્સના વર્ણવવામાં આવેલા જુવાન દેખાવનો જોવા ન મળ્યો. તે વખતે કોઈનું ધ્યાન પોતા પ્રત્યે ન ખેંચાય તે માટે તેણે કશી પૂછપરછ પણ ન કરી.

પછીને દિવસે પણ એમ જ બન્યું. છેવટે થાકીને જેસને દરવાનને પૂછયું કે, માઇકેલ સન-લૉક્સ બેઠકમાં હાજર રહેતા નથી? ત્યારે તેણે જવાબ આપ્યો કે, નવા જાહેર થયેલા બંધારણ મુજબ તેઓશ્રી માત્ર ઉપલી કાઉંસિલની બેઠકમાં જ હાજર રહે છે; અત્યારે તો નીચલી સેનેટ ચાલતી હોવાથી તેઓશ્રી આવતા નથી.

તે દિવસે ગુરુવાર હતો. જેસનને વિચાર આવ્યો કે, ચાર ચાર દિવસ વીતી ગયા પણ પોતે કશું કરી શકયો નથી. એટલે તેણે હવે હિંમત લાવીને માઇકેલ સન-લૉક્સની હિલચાલ વિષે સીધી પૂછપરછ કરવા માંડી. તેને જાણવા મળ્યું કે, ગવર્નર સાહેબ નવો કિલ્લો બંધાય છે ત્યાં બાર વાગ્યે રોજ જાય છે.

જેસન તરત જ ત્યાં દોડી ગયો, તો તેને ખબર મળી કે, ગવર્નર કયારના આવીને પાછા ચાલ્યા ગયા હતા.

પછીને દિવસે શુક્રવારે તે એથીય વહેલો ત્યાં હાજર થઈ ગયો. પણ ગવર્નર હજુ આવ્યા ન હતા. પણ જેસનની વારંવાર પૂછપરછ ઉપરથી આસપાસના લોકો શંકામાં પડી જઈ, ટોળે વળી ગુસપુસ કરવા લાગ્યા. જેસનને તરત વિચાર આવ્યો કે, હમણાં જ રાજક્રાંતિ થઈ હોવાથી, લોકો કદાચ તેને ડેન્માર્કનો જાસૂસ માની લેશે અને તેને પકડીને જેલમાં ખોસી ઘાલશે. એટલે વિચાર કરી, તે ત્યાંથી ખસી ગયો.

પાસેની શેરીમાંના પીઠામાં તેને એક સુકલકડી જુવાનિયો મળ્યો તે પહેલાં વિદ્યાર્થી હતો પણ તેની દારૂ પીવાની લતને કારણે તેને કૉલેજમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. તેણે જેસનને ખબર કહી કે, રોજ સાંજે ગવર્નર લૅટિન સ્કૂલમાં નવી ભરતી કરાયેલી પલટનની કવાયત જોવા જાય છે.

જેસન સાંજને વખતે ત્યાં ગયો, તો બધું ચુપાચુપ હતું. અંદરથી નીકળતા એક છોકરાને તેણે પૂછયું, તો માલૂમ પડયું કે ડ્રીલ-સારજંટ માંદો પડી ગયો હોવાથી આજે ડ્રીલ થવાની ન હતી.

ધક્કા ઉપરનો એક ખલાસી બુઢ્ઢો જૉન ઑલાફસન, જેણે જેસન કિનારે ઊતર્યો ત્યારે પહેલવહેલો ઓળખી કાઢયો હતો, તેણે જેસનને ખબર કહ્યા કે, પોતે માછલાં આપવા રોજ બિશપ જૉનના મકાને જાય છે, ત્યારે નવા ગવર્નર એ મકાનમાં હંમેશાં તેને ભેગા થાય છે.

જેસને અત્યાર સુધી બિશપના ઘર પાસે જવાનું ટાળ્યું હતું; કારણકે, ગ્રીબા જો તેને જોઈ જાય, તો તે તરત સમજી જાય કે, જેસન શા કામે ત્યાં આવ્યો છે. છતાં આજે અંધારાનો લાભ લઈ, તે બિશપના મકાન પાસે જઈ પહોંચ્યો; પણ લાંબો વખત આસપાસ થોભવા છતાં માઈકેલ સન-લાંક્સને મળતી આવતી આકૃતિનું કોઈ માણસ જતું-આવતું તેની નજરે પડયું નહિ.

પણ આટલા વખત દરમ્યાન તેને લાગવા માંડયું હતું કે, તેનો પોતાનો જ કોઈ પીછો કરી રહ્યું છે. આજે જ્યારે થિંગ્વેલિર-રસ્તા ઉપર રાજભવન પાસે થઈને તે જતો હતો તેવામાં ત્રણ જણા પાછળથી આવી તેની સાથે સાથે ચાલવા લાગ્યા. તેઓ ભાગીતૂટી ભાષામાં અને નિશાનીઓથી વાતો કરતા હતા. જેસન સમજી ગયો કે તે લોકો (ડેન્માર્કના) ડેન છે.

તે ત્રણમાંનો એક જણ બોલ્યો, "તમારા ડેન્માર્કમાં શું ચાલે છે? કંઈ કરવાના છો કે નહિ? તમે લોકો કયારે ચડાઈ લાવો છો?"

તે ત્રણમાંના જ બીજાએ તેને જવાબ આપ્યો, "તું ગભરાતો નહિ ભાઈ; અમે જાણીએ છીએ કે તું એની તપાસમાં છે," એમ બોલતાં તેણે રાજભવન તરફ ઈશારો કર્યો; અને પછી ઉમેર્યું, "પણ અમારા દીકરાઓને અને ભાઈઓને એ માણસ ગંધકની ખાણોમાં કાળી મજૂરી કરવા મોકલે છે, તે હવે થોડા વખતમાં જ બંધ થવાનું છે. એના દિવસો ભરાઈ ચૂકયા છે."

પહેલો બોલનારો એ સાંભળી કટાક્ષમાં હસી પડયો અને બોલ્યો, "લોકો કહે છે કે, તે પરણવાનો છે. તો ભલે એ થોડો વખત મજા કરી લે. પછી તો એ રાંડનાને હું જ ખતમ કરી નાખીશ."

જૅસને હવે તેમના તરફ નજર કરીને જોયું અને કહ્યું, "સાહેબો, તમે ભૂલતા લાગો છો; હું જાસૂસ નથી, તથા ખૂની-હત્યારો પણ નથી — મને સંભળાવવા આવી વાતો કરવાની જરૂર નથી."

એટલું કહી જૅસન તેમની પાસેથી ખસીને આગળ ચાલતો થયો. પણ એ મુલાકાતથી તેને ત્રણ વાતની ખબર પડી ગઈ: એક તો પોતે એમ માન્યા કરે કે, ઈશ્વરે પાપિયાને સજા કરવા તેને હાથો બનાવીને મોકલ્યો છે; પરંતુ પોતે જ્યારે માઈકેલ સન-લૉક્સની હત્યા કરશે, ત્યારે લોકો તો તેને ખૂની-હત્યારા સિવાય બીજું કંઈ જ વધારે નહીં માને. બીજું, પોતે જો સન-લૉક્સને ખતમ કરવામાં ઉતાવળ નહીં કરે, તો બીજા હલકાં પ્રયોજનોસર તેની હત્યા કરવાની પેરવી બીજાઓ કરી રહ્યા છે; અને ત્રીજું, જો ડેન જેવા પરદેશીઓ પણ મારી હિલચાલને પામી ગયા, તો માઈકેલ સન-લૉક્સના અનુયાયીઓ તો જલદી પામી જશે જ.

એટલે, અત્યાર સુધી પોતાના જુસ્સામાં ને જુસ્સામાં તે ફાવે તેમ જ્યાં ત્યાં સન-લૉક્સ બાબત પૂછપરછ કર્યા કરતો, તથા તેની તપાસ રાખી રહ્યો હોય તેમ ટાંપીને ઊભો રહેતો; પરંતુ ડેન લોકો સાથેની આ મુલાકાત પછી તે સાબદો થઈ ગયો. તેણે વિચાર્યું, "મારું કામ પતી જાય પછી ભલે તેઓ મારું જે કરવું હોય તે કરે; પણ તે પહેલાં આમ ગફલતમાં રહેવું એ મૂર્ખામી જ છે!"

૨

બીજે દિવસે શનિવારે આખા શહેરમાં રસ્તાઓ ઉપર કોઈ ઉત્સવ-સમારંભની તૈયારીઓ થતી હોય તેવું જૅસનને લાગ્યું. ઘેર પાછો આવ્યો ત્યારે દેવળના દરવાજા આગળ પણ એવી જ તૈયારીઓ થતી તેને દેખાઈ. તે સમજી ગયો કે, ગવર્નરના લગ્નની તૈયારીઓ ચાલે છે. છતાં તેણે ડોસીને પૂછ્યું, "આ બધી શાની તૈયારીઓ છે?"

"વાહ, કાલે ગવર્નરનું લગ્ન છે, તે નથી જાણતો, બેટા? અહીં દેવળમાં જ લગ્ન થવાનું છે; જોવાની બહુ મજા આવશે. તારે અંદર

જોવા આવવું હશે તો હું તને અંદર બેસવાની ગોઠવણ કરી આપીશ – પણ એ બધું મારા ઉપર છોડી દે.”

એ સાંભળી જેસનના પગ જાણે ભાગી પડ્યા. તે ખાધાપીધા વિના જ ઘરમાંથી નીકળી ગયો અને કશા પ્રયોજન વિના ફાવે ત્યાં ભટકવા લાગ્યો.

આખરે તેણે નિશ્ચય કરી લીધો કે, બીજે દિવસે ડોસી દેવળમાં બેસવાની સગવડ કરી આપે, તો વેદી પાસે જ આગળ એક ખૂણામાં બેસવું અને પછી લગ્ન ટાણે જ બેધડક પાસે જઈ માઇકેલ સન-લૉકસને કતલ કરી નાખવો; ગ્રીબા તરત ગાભરી થઈ મારી તરફ જોશે અને મને ઓળખી કાઢશે, પછી તેઓ બેભાન થઈ મારા પગ આગળ ઢળી પડશે; તે વખતે હું આસપાસ ઊભેલાઓને શાંતિથી કહીશ, 'આ ખૂન મેં કર્યું છે; મને પકડી લો.' પછી જ્યારે ભગવાનના દરબારમાં મારે જવાબ આપવાનો થશે, ત્યારે હું બેધડક કહીશ કે, 'ભગવાન પાપિયાંને સજા કરતો નથી, એવું પૃથ્વી ઉપરના લોકોને ન લાગે, તે માટે જ મેં આ કૃત્ય કર્યું હતું. ધર્મશાસ્ત્રમાં કહ્યું જ છે કે – પાપીને તેના પાપનો અચૂક બદલો મળશે; અરે તેની ત્રીજી અને ચોથી પેઢી સુધી.'

બીજે દિવસે ડોસી તેને દેવળમાં લઈ ગઈ, ત્યારે તે પોતે મન સાથે નક્કી કરેલે સ્થાને જઈને બેઠો. બિશપ જે દ્વારે થઈને દાખલ થવાના હતા તે દ્વાર સામે જ હતું; તથા જે રસ્તા ઉપર થઈને વર-વધૂ વેદી પાસે જવાનાં હતાં તે રસ્તો ફૂલ પાથરી અલગ રાખવામાં આવ્યો હતો. વેદીના કઠેરામાંથી દશ આદેશો*ની તખ્તી દેખાતી હતી.

---

* સિનાઈ પર્વત ઉપર પેગંબર મોઝિઝને ભગવાને આપેલા ઈશ્વરી નિયમો : એક જ પરમાત્માની પૂજા કરવી – બીજી મૂર્તિઓની નહિ; માતાપિતાને માન આપવું; હત્યા ન કરવી; ચોરી ન કરવી; ખોટી સાક્ષી ન પૂરવી; પડોશીની પત્નીની કામના ન કરવી; પડોશીના ધનનો લોભ ન કરવો ઇ૦. – સં૦પા૦

તેમાંથી અચાનક 'હત્યા ન કરવી' એ આદેશના અક્ષરો હવામાં થઈ તેના પ્રત્યે ધસી આવ્યા. તરત જ જેસન ઊભો થઈ ગયો અને ભીડ વીંધતો દેવળની બહાર નીકળી ગયો.

બહારની ખુલ્લી હવામાં આવતાં તે પાછો સાબદો થયો. તેને તરત જ વિચાર આવ્યો – 'હું હત્યા ક્યાં કરું છું? હું તો ઈશ્વરે પાપિયાંને પાપ બદલ જે સજા કરવા ધારી છે, તેનું નિમિત્ત – તેનો હાથો માત્ર બનું છું.' એટલે તે ફરીથી દેવળમાં દાખલ થવા ગયો; પણ ભીડ વીંધીને આગળ જઈ શક્યો નહિ. તેવામાં વર-વધૂની મંડળી આવી પહોંચી, એથી ત્યાં લોકોની ધમાલ મચી રહી.

થોડી જ વારમાં દેવળમાંથી ઑર્ગન-વાજાના સૂર સંભળાવા લાગ્યા – લગ્નવિધિ શરૂ થયો હતો.

જેસન હવે બહાર જ નીકળી ગયો. દેવળના કંપાઉંડને દરવાજે ઉત્સવ-કમાન તાણેલી હતી, અને છ માણસો ત્યાં રણશીંગાં અને બંદૂકો લઈ, લગ્ન બાદ વધૂ દેખા દે કે તરત સલામી આપવા તૈયાર ઊભા હતા. બહાર શેરીમાં એક સ્ટૉલ ખાન-પાનની સામગ્રીથી તૈયાર રાખેલો હતો – જેઓ બહારગામથી તે દિવસે ત્યાં આવે તેમને માટે.

જેસન ટોળાંની ભીડમાં જ દેવળનો છાંયો પડતો હતો ત્યાં ઊભો રહ્યો. બે બુઢ્ઢીઓ વાતો કરતી હતી–

"અલી, એ તો અંગ્રેજ છે; ના, ના, આઈરિશ છે; ના, ના, મૉન્ક્સ છે – અરે જે હોય તે. પણ તે પરદેશી તો છે જ અને કોઈ સમજે એવો એક અક્ષરેય બોલી જાણતી નથી. રાજભવનની સફાઈ કરનારાં હેલ્ડા-મા એમ કહેતાં હતાં – અને એમને તો ખબર હોય જ ને?"

"પણ લોકો કહે છે કે, એ છે તો ખૂબ રૂપાળી અને મીઠડી." બીજી ડોસી બોલી.

તરત એક જુવાનિયો એ બે વચ્ચે પોતાનું મોં ખોસીને બોલ્યો, "શું હેલ્ડા-મા રૂપાળાં ને મીઠડાં છે?"

"હેલ્ડા-માની કોણ વાત કરે છે તે? હું તો આપણા પ્રેસિડન્ટ જેની સાથે અત્યારે લગ્ન કરે છે તે બાનુની વાત કરું છું. અને સાંભળ્યું છે કે, બાનુના બાપુ એમના લગ્નમાં હાજર રહેવા આવતા હતા તેવામાં કિનારા પાસે જ તેમનું જહાજ તૂટી ગયું. એટલે ગવર્નરે મારા દીકરા ઓસ્કરને બીજા વીસેક જણ સાથે સ્ટૅપ્પન તરફ તેમની તપાસ કરવા મોકલ્યો છે. પંદર દિવસ થઈ ગયા, હવે ઓસ્કર પાછો આવી પહોંચવો જોઈએ."

"આ લોકોએ એની રાહ જોવી જોઈતી હતી; એમણે પરણવાની ઉતાવળ કેમ કરી, વારુ?"

પેલો જુવાનિયો હસતો હસતો વચ્ચે બોલ્યો, "ઓસ્કર આવી પહોંચે એની રાહ આ લોકોએ જોવી જોઈતી હતી, ખરું ને?"

"ના, ના, બાનુના બાપની, બાઘા! એ બિચારીને બાપ વિના કેવું અટૂલું લાગતું હશે? પણ બિશપ જૉન બહુ સારા માણસ છે; તે એની બરાબર સંભાળ રાખે છે."

"એમને એવી સારી પત્ની જ મળવી જોઈએ."

"બુઢ્ઢા બિશપ જૉનને?" પેલો જુવાનિયો બોલ્યો.

"હું આપણા જુવાન ગવર્નરની વાત કરું છું, ત્યારે તું શાનો વચ્ચે ગતકડાં મૂકે છે, મૂઆ? આપણા ગવર્નર કેવા સારા માણસ છે? જૂના ગવર્નર તો કોઈ સાથે બોલેય નહિ; પણ આ તો કાલે રસ્તામાં મને મળ્યા કે તરત કહેવા લાગ્યા, 'ગૂડ-મૉર્નિંગ, તમારો દીકરો હવે પાછો આવવામાં જ હશે; હવે વધુ મોડું નહિ થાય.'"

"ભગવાન ગવર્નરનું ભલું કરે; પેલી પરણનારીનું પણ, ભલે પરદેશી હોય કે નહિ — બંને જણ લાંબું જીવે."

"અને ખાસાં ડઝનેક છોકરાં તેમને થાય —" પેલા જુવાનિયે ઉમેર્યું.

એ સાંભળી, ત્રણે જણ ભેગાં જ હસવા લાગ્યાં.

આ દરમ્યાન થોડો વખત થયાં વાગતું બંધ પડેલું દેવળનું ઑર્ગન-વાજું ફરી વાગવા માંડ્યું. તેના મીઠા સરોદોની શામક અસર જેસન ઉપર થવા લાગી; પણ તેને વિચાર આવ્યો, "મારે તો ઈશ્વરના હાથા બની સન-લૉક્સને મારી નાખવાનો છે – મારે ઢીલા પડી ગયે ન ચાલે."

ઑર્ગનના મીઠા મધુર સૂરો હવે ચોતરફ વાતાવરણમાં રેલાઈ રહ્યા હતા. એના ભાવમાં તરબોળ બની જેસન લગભગ રડવા જ લાગ્યો. તે મહાપરાણે આંસુ રોકીને બોલ્યો, "ભલાદમી, તું સાચી વાત કર – તું જ એનું ખૂન કરવા માગે છે. ઈશ્વરે કરેલી સજાનો તું હાથો છે, એ વાત ખોટી છે. તું તો પ્રેમની અદેખાઈ તથા પ્રેમમાં મળેલી નિષ્ફળતાને કારણે તેને મારી નાખવા માગે છે."

જેસનનું માથું ભમવા લાગ્યું. તે કશા ખ્યાલ વગર આગળ ધપવા લાગ્યો. છેવટે એક કબર ઉપર ખોડેલો લોખંડનો નાનો ક્રૂસ વચ્ચે આવ્યો ત્યારે જ તે થોભ્યો. તરત તે એ કબર ઓળખી ગયો – "મારી માની જ કબર છે." પણ પછી તે થોડો વિચાર કરીને બોલ્યો, "ના, ના, મારી માની કબર તો આની પાસે છે –"

અચાનક લોકોમાં ધમાલ મચી રહી; તેઓ બોલવા લાગ્યા – "તેઓ બહાર આવે છે, બહાર આવે છે!"

"ભગવાન તેમના ઉપર આશીર્વાદ વરસાવે," એક જણ બોલ્યો.

"ભગવાન તેમને સહીસલામત રાખે." બીજું કોઈ બોલ્યું.

જેસનના કાન ઉપર એ એકેએક આશીર્વાદ શાપની પેઠે વાગવા લાગ્યો. તેણે નક્કી કર્યું, "ભલે ખૂન કર્યું કહેવાય – હત્યા કરી કહેવાય – પણ હું એને ખતમ કરીશ જ."

પણ એટલામાં ત્યાં થઈને પસાર થતી ગ્રીબા ઉપર તેની નજર પડી – સુખનાં આંસુથી નમ્ર બનેલી – મધુર – મીઠી ગ્રીબા!

ગ્રીબાને જોતાં જ જેસનના પગ ભાગી પડવા લાગ્યા. તેને તમ્મર ચડી આવી. તેણે આંખ ઉપર સીધું પડતું અજવાળું ટાળવા

નીચે નજર કરી, તો લોખંડનો એક ક્રૂસ તેની નજરે પડયો. તેના ઉપરનું નામ તેણે વાંચ્યું, તો તેનું પોતાનું નામ વંચાયું!

અચાનક તેને બધી વસ્તુઓ ચોતરફ ઘૂમતી દેખાવા લાગી. પછીનું કશું તેને યાદ ન રહ્યું – માત્ર પોતાને કોઈ ઊંચકીને ઉપાડી જાય છે એવું તેને લાગ્યું ખરું; પણ પછી બધું જ ધબ્બ.

૩

જ્યારે તે ભાનમાં આવ્યો, ત્યારે તેના કાનમાં ડોસીના શબ્દો પડયા, "સૂઈ રહે બેટા; હજુ સૂઈ રહે."

જેસને આંખો ઉઘાડી એટલે ડોસીએ નીચા નમી, તેના કપાળ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, "કેટલે દિવસે બિચારો ભાનમાં આવતો જાય છે!"

"હું બેભાન થઈ ગયો હતો એ મને યાદ આવે છે; પરંતુ કેટલો વખત હું બેભાન રહ્યો?"

"વખત? દીકરા, કેટલા દિવસો બેભાન રહ્યો એ પૂછ! રવિવારે તું બેભાન બની ગયો હતો, આજે મંગળવાર થયો."

"હું કયાં પડયો હતો?"

"કયાં? અરે દેવળના કંપાઉંડ આગળ વળી; પેલાં નવાં પરણેલાં દરવાજામાંથી બહાર નીકળતાં હતાં અને તું બેભાન બની ગયો હતો."

તરત જ જેસનના મોં ઉપર થઈને ઉજ્જવળ હાસ્ય પસાર થઈ ગયું. તે બોલી ઊઠયો, "ભગવાનનો આભાર – ભગવાનની દયા."

પણ પોતાને હાથે એક કરપીણ કૃત્ય થતું અટકી ગયું તેની હાશ તે માણી રહે, તે પહેલાં તો તેના મનમાં બીજો ખ્યાલ છવાઈ રહ્યો કે, હવે તેને આખું જીવન એકલા-અટૂલા નિષ્ફળતાની નિરાશામાં જ ગાળવાનું છે. તરત તે સાવધાન બની ગયો. તેણે પૂછ્યું, "ડોસીમા, હું બેભાનમાં કંઈ લવરી કરતો હતો?"

"લવરી? ના બેટા, કોઈ કોઈ વખત તું ઊંચો થઈ થઈને કોઈને ગાળો ભાંડતો હતો; અને હું એકલી જ અહીં તારી પથારી

પાસે બેસી રહેતી એટલે કોઈ કોઈ વખત તને શાંત પાડી સુવાડી દેતાં મને ભારે તકલીફ પડતી હતી."

જેસનને નિરાંત થઈ — ડોસી બહેરી જ હતી; અને જો તે એકલીએ જ અહીં તેની સાર-સંભાળ રાખી હોય, તો પોતે બેભાનમાં કશું અજુગતું બોલી ગયો હશે તોપણ તેણે સાંભળ્યું નહિ જ હોય.

તેણે હવે કહ્યું, "ડોસીમા, આટલા દિવસ ભૂખ્યો રહ્યો તેનો બદલો હવે વાળવાનો છું — મને ખૂબ ખાવાનું આપો."

"હા, બેટા, હા; તને ભૂખ લાગી એ તો સારી નિશાની કહેવાય." એમ બોલતી ડોસી કંઈ ખાવાનું રસોડામાંથી લઈ આવવા દોડી.

ખરી રીતે તો જેસને ખાવાની વાતનું તો બહાનું જ કાઢ્યું હતું. ડોસી ત્યાં ઊભી હોય, ત્યાં સુધી તેને ઊઠીને ઊભો થવા ન જ દે. એટલે ડોસી જેવી દૂર ખસી કે તરત તે છલાંગ મારી પથારીમાંથી બેઠો થયો અને લથડિયાં ખાતો ખાતો શેરી તરફ બહાર ચાલ્યો ગયો.

રાત પડી હતી અને વાદળ પણ નીચાં ઝઝૂમી રહ્યાં હતાં. બરફ વરસવાની તૈયારી હતી. પણ શહેરમાં રોશની થઈ હોવાથી અને ગોબારા ફોડાતા હોવાથી અજવાળા જેવું હતું. ક્યાં જવું છે તેના ખ્યાલ વિના તે આગળ ને આગળ ચાલ્યો તથા પુલ આગળ થિંગ્વેલિર-રોડ ઉપર પહોંચ્યો. ત્યાંના ગાઢ અંધકારમાં પેલા ત્રણ ડૅનિશ લોકો તેને મળ્યા — જેમની સાથે એક વખત તેને વાતચીત થઈ હતી.

"એટલે કે, છેલ્લી ઘડીએ તમારી હિંમત ઓસરી ગઈ ખરું ને? — હું પાસે જ ઊભો હતો અને તમારી હિલચાલ બરાબર નિહાળી રહ્યો હતો. અરે, પણ બીશો નહિ; — અમે તમારા મિત્રો જ છીએ, અને તમે અમારામાંના જ એક છો. આપણે હવે અંદર અંદર સંતાકૂકડી રમવાની જરૂર નથી." એક જણે કહ્યું.

"લોકો કહે છે કે, એ પોતાની પત્નીના બાપની શોધમાં ખાડી તરફ જવા ઊપડવાનો છે. આ વખતે કાળજી રાખજો કે તે હાથમાંથી છટકી

ન જાય. બુઢ્ઢો જૉર્ગન ગવર્નર-જનરલ બનીને હવે અહીં પાછો આવે છે. ગૂડ-નાઈટ." બીજો જણ ધીમેથી બોલ્યો.

આટલું કહી, તેઓ જાણે જૅસનને મળ્યા જ ન હોય તેમ મોં ફેરવી બેદરકારીભરી રીતે આગળ ચાલતા થયા.

જૅસને રાજભવન તરફ નજર કરી તો આખું મકાન રોશનીથી જળાંહળાં થઈ રહ્યું હતું, અને અંદરથી સંગીત-વાજિત્રના અવાજ આવતા હતા. આગળના આંગણામાં ઘાસ ઉપર સ્ત્રી-પુરુષોનાં જોડાં સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈ, આમતેમ આંટા મારતાં હતાં.

પુલ ઉપરથી તે રાજભવન તરફ વળ્યો એટલામાં એક ઘોડેસવાર દરિયા તરફ પુરપાટ જતો તેની નજરે પડયો. પહેલાં પણ તેણે આ જ ઠેકાણે આવે જ સમયે અંધારામાં માઈકેલ સાન-ચોક્સને પોતાની પાસેથી પસાર થતો જોયો હતો.

ત્યાર પછી શું થયું તેની તેને બહુ ઝાંખી જ યાદ રહી. તે આંગણામાંનાં માણસો ભેગો જઈને ઊભો રહ્યો. બહાર બરફ વરસવો શરૂ થયો, પણ અંદર મકાનમાં કાચની બારીઓમાં થઈ, નાચ-ગાનનો કાર્યક્રમ ચાલતો દેખાતો – સંભળાતો હતો. જૅસનને આછો આછો ખ્યાલ આવ્યો કે, અંદર ગ્રીબા પોતાના લગ્નની ઊજવણી કરી રહી છે – જે ગ્રીબાને પોતે પોતાના પ્રાણ કરતાંય વધુ ચાહતો હતો. પોતાની આ સ્થિતિની શરમે તે લગભગ ગાંડો થઈ ગયો અને ભાન ભૂલી ગયો. જ્યારે તે કંઈક ભાનમાં આવ્યો, ત્યારે તેને માલૂમ પડયું કે, પોતે પોતાના દુશ્મનની શોધમાં મકાનની અંદર ઘૂસી આવ્યો છે, અને એક કમરામાં ખિન્ન મુખે ગ્રીબા તેની સામે જ ઊભી છે.

"જૅસન, તમે અહીં શા માટે આવ્યા છો?" ગ્રીબા પૂછતી હતી.

"તું શા માટે અહીં આવી છો?" જૅસને પૂછયું.

"તમે મારી પાછળ પાછળ કેમ આવ્યા છો?"

"તું તેની પાછળ પાછળ કેમ આવી છે?"

"તમે એ માટે[1] અહીં આવ્યા છો?" એટલું પૂછતાં પૂછતાંમાં તો ગ્રીબા કરગરી પડીને બોલવા લાગી, "જૅસન, મેં તમને અન્યાય કર્યો છે, એ વાત ખરી છે; પણ તમે મને માફી બક્ષી હતી. મારે શું કરવું તે પસંદ કરવાનું મેં તમારી ઉપર છોડયું હતું; તે વખતે તમે જો મને એમ કહ્યું હોત કે, મારે તમારી પાસે જ રહેવાનું છે, તો હું જરૂર ત્યાં જ રહેત. પણ તમે મને મુક્ત કરી – તમે મને તેને સોંપી દીધી, અને હવે તો તે મારો પતિ છે."

"પણ એ માણસ સ્ટિફન ઓરીનો પુત્ર છે." જૅસન ત્રાડી ઊઠયો.

"એટલે તમે એને માટે આવ્યા છો કેમ? હું પોર્ટી-વૂલીવાળી રાત ભૂલી નથી –" ગ્રીબા બોલી ઊઠી.

"તે એ વાત જાણે છે?"

"ના."

"હું અહીં આવ્યો છું તે એ જાણે છે?"

"ના."

"મારે એને મળવું છે."

"શા માટે?"

"મને એની ભેગો કર."

"પણ શા માટે? તમારે શાથી તેને મળવું છે? તમારો અપરાધ તો મેં કર્યો છે."

"તેથી જ મારે એને મળવું છે."

"પણ જૅસન, એ માણસે તમારો શો અપરાધ કર્યો છે? હું એકલી જ તમારી અપરાધી છું. તમારે વેર લેવું હોય તો મારી ઉપર જ લઈ શકો છો."

---

૧. એટલે કે માઇકેલ સન-લૉક્સનું ખૂન કરવા માટે.

"તે ક્યાં છે?" જૅસન ધ્રૂસકી ઊઠયો.

"તે મારા બાપુને શોધવા હમણાં જ ચાલ્યા ગયા. મારા બાપુ અહીં આવતાં જહાજ તૂટી જવાથી ક્યાંક કિનારે અટવાઈ પડયા છે. મારા પતિએ તેમની શોધમાં માણસો મોકલ્યાં હતાં, પણ તે બધાં ખાલી હાથે પાછાં આવ્યાં; એટલે અર્ધા કલાક અગાઉ તે પોતે જ અહીંથી ગયા."

"તે ઘોડેસવાર થઈને ગયો, ખરું ને?" જૅસન જવાબની રાહ જોયા વિના જ બારણા તરફ દોડયો.

"થોભો, થોભો, તમે ક્યાં જાઓ છો?" એટલું બોલતીકને ગ્રીબા ઠેકડો મારીને બારણા વચ્ચે આવીને ઊભી રહી; "જૅસન, વિચાર કરો, તે મારા પતિ છે."

"મને જવા દે."

"તમે તેમની પાછળ જઈ તેમને મારી નાખવા માગો છો, ખરું ને? તમારે જવું હોય તો પહેલાં મને ખતમ કરો."

"ના, તારા ઉપર તો હું પ્રાણાંતે પણ હાથ નહિ ઉપાડું."

"તો પછી તમારો કિન્નો ભૂલી જાઓ."

"ના, જ્યારે તે ખતમ થશે, ત્યારે હું મારો કિન્નો ભૂલીશ; તે પહેલાં નહિ જ."

"તો તમે મારા પ્રત્યે દયાભાવ ન દાખવવાના હો, તો મારે પણ દાખવવાનો રહેતો નથી." એમ કહી ગ્રીબાએ મોટેથી બૂમ પાડી. તરત જ સંગીત બંધ થયું અને સંખ્યાબંધ માણસો ત્યાં દોડી આવ્યાં.

જૅસને તરત જ પોતાના બંને હાથની અદબ મોં ઉપર વાળી, બારીના કાચને તોડી બહાર ભૂસકો માર્યો.

એક મિનિટ બાદ તો આખો કમરો ગાભરાં સ્રીપુરુષોથી ભરાઈ ગયો. જૅસનને લોકો લોહી-નીંગળતો અને બરફ-ભર્યો પકડી લાવ્યા હતા.

વીસ-વીસ હાથો મજબૂત રીતે જૅસનને પકડી રહ્યા હતા; પણ તેમ કરવાની કશી જ જરૂર ન હતી. જૅસન ઘેટાની પેઠે શાંત-ચૂપ ઊભો હતો.

જ્યારે લોકો તેને જેલખાના તરફ લઈ ચાલ્યા, ત્યારે તેણે ઊંઘ-માંથી ઝબકીને જાગ્યો હોય તેમ ગ્રીબા ઉપર વેદનાભરી અને પડકારના અભિમાનભરી નજર નાખી.

૯

સજા

૧

જૅસન ઉપર નજીકમાં નજીકની અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું. બિશપ જૉન એ અદાલતના પ્રમુખ હતા; અને તેમની સાથે પડોશીઓમાંના નવ જણ બેઠા હતા.

આઈસલૅન્ડમાં ગુનેગારને સજા ન ફરમાવાય ત્યાં સુધી કેદ પુરાય તેમ ન હોવાથી, અદાલત એ રાતે જ સેનેટના ડહેલામાં બેઠી.

બહાર બરફની ઝડી વરસતી હતી છતાં અદાલતમાં આટલી મોડી રાતેય પ્રેક્ષકોની ખાસી ભીડ થઈ ગઈ.

કેદીને સ્ટિફન ઓરીના પુત્ર જૅસન તરીકે સંબોધવામાં આવ્યો. તેના ઉપર દેશના બીજા રિપબ્લિકના પ્રમુખ માઈકેલ સન-લૉક્સનો જાન લેવાનો પ્રયત્ન કરવાનો આરોપ મુકાયો. તેણે કશો જ બચાવ કર્યો નહિ.

અદાલને પહેલો સાક્ષી તપાસ્યો, તે ગ્રીબા પોતે હતી. તેણે પોતાની જુબાની અંગ્રેજી ભાષામાં આપી, જેનો દુભાષિયાએ અદાલતને અનુવાદ સંભળાવવા માંડયો. ગ્રીબા થર થર ધ્રૂજતી હતી. તેની આંખો

નીચી નમેલી હતી અને તેનું મોં તેના હૂડ નીચે અર્ધું ઢંકાઈ ગયેલું હતું. તેને ખાસ વિશેષ કહેવાનું ન હતું. કેદી રાજભવનમાં જોર કરીને ઘૂસી આવ્યો હતો અને તેના મોઢામોઢ તેણે તેના પતિનો જાન લેવાની ધમકી આપી હતી. તેના પતિને બહાર ગયેલો જાણી, તે એની પાછળ દોડી જવા માગતો હતો.

બિશપ જોને તરત જ પૂછ્યું, "તમારા પતિ ત્યાં હાજર ન હતા, ખરું?"

"હાજર નહોતા જ; થોડા વખત પહેલાં તે ઘોડેસવાર થઈ બહાર ચાલ્યા ગયા હતા."

"એટલે કે તેમના ઉપર સીધો હુમલો કરવામાં નથી આવ્યો?"

"ના."

"તો તો, કેદીએ તેમનું ખૂન કરવાની માત્ર ધમકી ઉચ્ચારી હતી, એટલો જ તેનો ગુનો હતો?"

"હા."

"તો તો પછી આ દેશના કે કોઈ ખ્રિસ્તી દેશના કાયદા પ્રમાણે, કેવળ જાન લેવાની ધમકી મોંએ ઉચ્ચારવી, એ ગુનો થતો નથી."

તરત જ અદાલતનો વકીલ બોલી ઊઠયો, "નામદાર, ખૂન કરવું એનો અર્થ માત્ર જાન લેવો એટલો જ થતો નથી. કારણ, ઘણી વાર કશા ઈરાદા વિના અકસ્માતથી પણ જાન લેવાઈ જાય; તેમજ બીજી બાજુ આઈસલૅન્ડના પુરાણા કાયદા પ્રમાણે પહેલાં લોહી રેડવામાં આવ્યું હોય તેના બદલા તરીકે લોહી રેડવામાં આવે, તો તે ગુનો ન પણ ગણાય. ખૂન તો એ ગણાય કે, લાંબા વખતથી વેરભાવ ધારણ કરી, લાગ જોઈ હુમલો કરવામાં આવે અને મારી નાખવામાં આવે. અને હું નામદાર અદાલતને દર્શાવી આપીશ કે, આ કેદી રિપબ્લિકના પ્રેસિડન્ટનું ખૂન કરવાનો લાંબા વખતથી લાગ શોધતો હતો."

ત્યાર પછી, આઈસલૅન્ડને કિનારે ઊતર્યા બાદ, જેસને આ આઠ

દિવસ દરમ્યાન જેને જેને પ્રેસિડન્ટની અવરજવર વિષે પૂછપરછ કરી હતી, તે બધાએ આવીને જુબાની આપી.

પણ છતાં બુઢ્ઢા બિશપ પોતાની વાતને વળગી રહ્યા કે, “એ બધું ખરું; પરંતુ એ માણસે ખરેખર ગુનાહિત કૃત્ય કયાં કર્યું છે?”

“ભલા ભગવાન, તો શું નામદાર, આપણે તેની છરી ખરેખર લોહીથી ખરડાય ત્યાં સુધી રાહ જોવી?”

“ભગવાન ખમા કરે.” બિશપ જૉન બોલી ઊઠયા.

પછી બે સાક્ષીઓ જૅસનનો હેતુ સાબિત કરવા આવ્યા. પહેલો જૅસનનો જૂના વખતનો પીઠાનો સોબતી હતો. તેણે કહ્યું કે, જૅસન નવા ગવર્નર ઉપર ખારે બળતો હતો. એ બે જણા અમુક સંબંધે ભાઈ થતા હતા – એમ લોકો પણ કહે છે અને જૅસને પણ કહ્યું હતું. તેમનો બાપ એક હતો પણ મા જુદી જુદી હતી. જૅસનની મા જૂના ગવર્નર જૉર્ગનની દીકરી થતી હતી. તેણે બાપની મરજી વિરુદ્ધ લગ્ન કર્યું હોવાથી બાપે તેને તજી દીધી હતી. પણ તે મરણ પામી ત્યારે બાપે ઢીલા પડી, જૅસનને શોધવા પ્રયત્ન કર્યો હતો. પણ તે ન જડયો એટલે માઈકેલ સન-લૉક્સને અપનાવ્યો. નવા પ્રેસિડન્ટ (માઈકેલ સન-લૉક્સ)ની બઢતી તેથી જ – ત્યારથી જ થઈ. ગમે તેમ પણ જૅસનને લાગતું હતું કે, નવા પ્રેસિડન્ટે પોતાનું સ્થાન પડાવી લીધું છે, એટલે તે એમની ઉપર ખૂબ રોષે ભરાયો હતો અને તેણે પ્રતિજ્ઞા લીધી હતી કે, તે એનો બદલો જરૂર લેશે.

બીજા સાક્ષીએ જૅસનનો હેતુ જુદો જ બતાવ્યો. તે પેલા ત્રણ ડેન લોકોમાંનો જ એક જણ હતો, જેમણે જૅસન સાથે બે વખત વાત કરી હતી. તેણે એમ જણાવ્યું કે, પોતે આઇસલૅન્ડના રિપબ્લિકને વફાદાર હોવા છતાં તેને આ રાજ્યના દુશ્મનો સાથે ઘણું ભળવાનું થયું છે. જૅસન આ રાજ્યના દુશ્મનોમાંનો એક છે. તે કૉપનહેગનથી જાસૂસ તરીકે સીધો આવેલો છે. તેના બીજા બે મળતિયા અહીં છે,

તેમની સાથે પ્રેસિડન્ટના ખૂનનું કાવતરું યોજતો તેણે પોતાના સગા કાને સાંભળ્યો હતો.

આ પુરાવો પડતાં જ લોકોમાં ઊંડો ગણગણાટ વ્યાપી રહ્યો. ગ્રીબા તે જ વખતે એ બધી ખોટી વાતો છે એમ બોલવા એકદમ ઊભી થઈ ગઈ; પણ કંઈ બોલી શકી નહિ. જેસને પોતાની લાલચોળ ઠપકાભરી આંખો તેના તરફ ફેરવી, અને તેની સાથે જ તે બેભાન થઈને નીચે ગબડી પડી. અદાલત એમ સમજી કે, તેને પોતાના પતિના ખૂનના કાવતરાની વાત સાંભળી ખૂબ લાગી આવ્યું છે, અને તેને તરત અદાલતના ઓરડામાંથી ખસેડી લેવામાં આવી.

બિશપ જૉન બોલી ઊઠયા, "આ કિસ્સો ચેતવણી આપવા માટેનો છે – સજા કરવા માટેનો નથી. આપણી જૂની કાયદાપોથીમાં સ્પષ્ટ લખેલું છે કે, કોઈ માણસ બીજાને મારી નાખવાની ધમકી આપે, તો તેને તેણે કરવા ધારેલા ગુનાની ગંભીરતાની અને તે ગુના બદલ થનારી સજાની ચેતવણી આપવી."

અદાલતી વકીલ તરત જ બોલી ઊઠયો, "ભલા ભગવાન, આ કેદી એ બંને વાનાંથી અણજાણ છે એમ આપણે શા માટે માની લેવું? ઉપરાંત રાજ્યને અને મિત્રોને મન જેમનું જીવન કીમતી છે, એવા પ્રેસિડન્ટશ્રીના પ્રાણ લેવાનું સાક્ષીઓ સમક્ષ જેણે વચન લીધેલું છે, એવા માણસને આપણે માત્ર ચેતવણી આપીને છોડી મૂકીશું? તો પછી એ માણસ ફરીથી લાગ જોઈને પ્રેસિડન્ટશ્રીનું ખૂન કર્યા વિના રહેશે ખરો?"

"ભગવાન ખમા કરે," બિશપે જવાબ આપ્યો.

હવે કેદીને જ સીધું પૂછવાનું બાકી રહેતું હતું.

"તું પ્રેસિડન્ટના જાન લેવાનો લાગ શોધી રહ્યો હતો, એ વાત ખરી છે?"

જેમ્સને એ પ્રશ્નનો કશો જવાબ ન આપ્યો.

"તું અંગત વેરનો બદલો લેવા માટે એમના જાન લેવા માગે છે?" જવાબ નહીં.

"કે કોઈ રાજકીય હેતુ છે?" જવાબ નહીં.

"કે બંને હેતુઓ છે?" હજુ પણ જવાબ નહીં."

બિશપે હવે કંઈક વિગતે કાયદાની સ્થિતિ તેને સમજાવતાં કહ્યું, "કોઈની હત્યા થઈ હોય તેનો કોઈ સંબંધી તે હત્યા કરનારનાં નજીકનાં સગાંમાંના કોઈનું લોહી રેડે, તો તેને ખૂની તરીકે આઈસલૅન્ડના જૂના કાયદામાં સજા કરવામાં આવતી નથી. તારા આ કિસ્સામાં તો તેં કોઈનું ખૂન કર્યું નથી, માત્ર તારો ઇરાદો ખૂનનો હતો; એટલે મારી ફરજ તને પ્રથમ એ પૂછવાની છે કે, માઈકેલ સન-લૉક્સે તારાં નજીકનાં લોહીનાં સગાંમાંના કોઈનું લોહી રેડયું છે કે કેમ, અને તું માત્ર એ લોહીનો બદલો લેવા ખાતર જ તેમનું લોહી રેડવાનો ઇરાદો ધરાવતો હતો?"

જેમ્સને હવે કંટાળો દર્શાવતા મોંએ એટલો જવાબ આપ્યો કે, "મારે કંઈ કહેવાનું નથી."

હવે એક બુઢ્ઢો લ્યૂથરન પાદરી સાક્ષીના પાંજરામાં આવીને બોલ્યો, "પ્રેસિડન્ટ જો સ્ટિફન ઓરીના પુત્ર છે એ વાત ખરી હોય, તો આ કેદી પ્રેસિડન્ટને શા કારણે ધિક્કારે છે, એ વાત ઉપર હું પ્રકાશ નાખી શકું તેમ છું. હું આ કેદીને ઓળખું છું; કારણ કે એનો ખ્રિસ્તી દીક્ષાવિધિ અને નામકરણ મેં કરેલાં છે. હું આ કેદીની માને પણ ઓળખતો હતો; અને તેના મરણકાળે હાજર હતો. તેની મા માજી ગવર્નર-જનરલની પુત્રી થતી હતી એ વાત સાચી છે; અને તેના પિતાએ તેના પ્રત્યે દુર્વર્તન દાખવ્યું હતું તેનો હું સાક્ષી છું. પરંતુ તેના પતિએ તો તેના પિતા કરતાં પણ તેના પ્રત્યે ઘણો ગેરવર્તાવ દાખવ્યો હતો – તે જીવતી હતી અને તે બીજીને પરણ્યો હતો અને તે

બીજી પત્નીથી તેને બીજો પુત્ર થયો હતો. આની મા મરણપથારીએ પડી હતી ત્યારે આ કેદી કે જે તેનો સગો પુત્ર થતો હતો તથા ત્યાં હાજર હતો, તેને તેના બાપ ઉપર અને તેના બીજીથી થયેલા પુત્ર ઉપર વેર લેવાના ભયંકર શપથ તેની માએ લેવરાવ્યા હતા;—એ વાતનો હું સાક્ષી છું."

બિશપે હવે કાયદાપોથી મંગાવીને તેમાંથી એક કાયદો સૌને વાંચી સંભળાવતાં કહ્યું, "પરમાત્માએ આપણ સૌ માનવોને ભાઈની પેઠે સંપીને રહેવા ફરમાવ્યું છે; અને આપણા દેશના કાયદામાં એવી જોગવાઈ છે કે, જો બે માણસો વચ્ચે તકરાર પડી હોય અને વેર બંધાયું હોય, તો તેઓ બંને જણ પડોશીઓની હાજરીમાં, શાંતિ જાળવવાના અને ભવિષ્યમાં સંપીને રહેવાના સોગંદ લે, તો તેમને મિત્રા બની ગયેલા ગણવા." પછી તેમણે જેસન પ્રત્યે નજર કરીને પૂછ્યું, "તું એ રીતના સોગંદ લેવા તૈયાર છે? પ્રેસિડન્ટ જ્યારે પાછા આવશે ત્યારે તે તારી પ્રત્યે એ રીતના સોગંદ લેશે."

જેસને ઘૂરકતો હોય તેમ જવાબ આપ્યો, "ના."

સરકારી વકીલ તથા પ્રેક્ષકો બિશપની આ ઢીલી રીતથી આકળા થઈ ગયા અને ઊંચાનીચા થવા લાગ્યા. સરકારી વકીલ તો બોલી ઊઠયો, "આવી ચેતવણીઓ અને શાંતિ જાળવવાના સોગંદો એ તો પુરાણા યુગની વાતો છે. કેદીને પોતાના ગુનાની ગંભીરતાની અને તે માટે થનારી સજાની પૂરી માહિતી છે. અત્યારે બીજા દેશમાં તો જાન લેવાનો ઇરાદો કોઈએ આડકતરી રીતે પણ કબૂલ રાખ્યો હોય, તો તેને જેલમાં જ ખોસી દેવામાં આવે."

લોકો પણ 'ખરી વાત છે', 'ખરી વાત છે' એમ પોકારી ઊઠયા.

પણ બિશપ જૉને મક્કમતાથી જવાબ આપ્યો, "બીજા કોઈ દેશમાં તો કોઈ ગુનેગાર મોતની પરવા કે બીક ન બતાવે, તો તેને ગાંડો ગણી પાગલખાનામાં જ લઈ જવામાં આવે."

"પણ નામદાર, આપણા દેશમાં પાગલખાનું તો છે નહિ; માત્ર ગંધકની ખાણો છે. તો પછી કેદીને ત્યાં મોકલી આપવો જોઈએ."

"થોભો," બિશપ બોલ્યા, અને પાછા તેમણે કેદી તરફ ફરીને પૂછ્યું, "જો આ અદાલત તને જહાજ ઉપર ચડાવી આઇસલૅન્ડની બહાર મોકલી આપે, તો પછી તું અહીં કદી પાછો ન ફરવાની બાંહેધરી આપે છે?"

"ના". જેસને જવાબ આપી દીધો.

"આ તો હદ થાય છે." સરકારી વકીલ બોલી ઊઠ્યો; "તમે કોઈ હડકાયા કૂતરાને પકડો, તો તરત તેને ખતમ જ કરી દેવો જોઈએ."

"ખરી વાત છે", "ખરી વાત છે" — એમ કેટલાય લોકો પોકારી ઊઠ્યા; અને આખી અદાલતમાં ઉશ્કેરણી ફેલાઈ રહી.

બુઢ્ઢા બિશપે હવે નિરાંતનો શ્વાસ મૂક્યો. તે માઈકેલ સન-લૉક્સને બહુ ચાહતા હતા, અને તેની સહીસલામતી માટે બહુ આતુર હતા. ગ્રીબા ઉપર પણ તેમને દયા આવતી હતી અને તેને કારણે પણ તેના પતિને કશી આંચ ન આવે એમ તેઓ ઇચ્છતા હતા. પરંતુ જેસનને જયારથી તેમણે જોયો ત્યારથી તેમને જેસનનો પાછલો કડવો ઇતિહાસ યાદ આવ્યો હતો અને તેમણે કેવળ દયાની લાગણીથી તેને કપરી સજામાંથી બચાવી લેવા બનતી કોશિશ કરી હતી. પણ જેસન જ જક્કીપણે તેમની બધી કોશિશને વિફળ કરતો ગયો, એટલે તેમણે હવે કાયદાને તેનો માર્ગ લેવા દીધો.

જેસનને બાર મહિના સુધી ગંધકની ખાણોમાં મજૂરી કરવા મોકલી આપવાની અને ત્યાર બાદ પણ તે જ્યાં સુધી પ્રેસિડન્ટ પ્રત્યેનો વેરભાવ ભૂલી, તેમના પ્રત્યે મિત્રાભાવ દાખવવાની પ્રતિજ્ઞા ન લે, ત્યાં સુધી તેને ત્યાં જ રાખવાની સજા ફરમાવવામાં આવી.

૨

ગ્રીબા એકલી જ જૅસન વિષેની સાચી વાત જાણતી હતી. તે મૅન ટાપુમાંથી ગુપચુપ નાસી આવી હતી, ત્યારે તે એના તરફના કોઈ ડરથી નહિ પણ પોતાના ભાઈઓના ડરની મારી જ ભાગી આવી હતી. માઈકેલ સન-લૉક્સને મળ્યા બાદ, ભલા બિશપને ત્યાં તેનું રહેવું, પછી તેનું લગ્ન, અને તેની ઉજવણી — એ બધું એક સુખ-સ્વપ્નની જેમ પસાર થઈ ગયું હતું. પછી સન-લૉક્સ જ્યારે તેને એમ કહીને થોડા વખત માટે છૂટો પડયો કે, તેણે તેના પિતાની શોધમાં મોકલેલા લોકો ખોટી દિશામાં ફાંફાં મારીને પાછા આવ્યા છે, એટલે તે પોતે તેમની તપાસમાં જવા માગે છે, અને પખવાડિયામાં તો તે પાછો ફરશે, ત્યારે ગ્રીબાને રડવું આવી ગયું હતું, પણ તેના સુખનો પ્યાલો એટલો સભર ભરાયો હતો કે, તેને પ્રિય પતિનો એ કારણે થનારો ટૂંકો વિયોગ એટલો બધો દુ:સહ લાગ્યો ન હતો.

પણ એનું એ આખું સુખ-સ્વપ્ન જૅસનને ત્યાં આવેલો જોઈ સદંતર લુપ્ત થઈ ગયું હતું. પ્રથમ તો પોતાના પતિના જાનનો ખતરો જોઈ તે ગાભરી થઈ ગઈ હતી; અને તેથી પોતાના પતિનો જાન બચાવવા જૅસનને એક વખત આગ્રહભરી વિનંતી કરી જોયા બાદ, તે ન માન્યો એટલે વીફરીને તેણે તેને અદાલતના હાથમાં સોંપી દીધો હતો.

પણ પછી તરત જ તેને બીજો જ ભય સતાવવા લાગ્યો —

"મારા પતિ તો હવે સહીસલામત છે – જૅસન તેમને કશું નહિ કરી શકે; પણ જૅસન જો પોતાના પતિને મારે લગતી બધી વાત કહી દે તો?" અત્યાર સુધી તેણે, માઈકેલ સન-લૉક્સને, તેની લાંબી ચુપકીદી દરમ્યાન જૅસને કેવી રીતે આફતના વખતમાં મદદ કરીને તેનું અંતર જીતી લીધું હતું, પોતે તેની સાથે લગ્ન કરવાનું સ્વીકાર્યું પણ હતું, પણ પછી સન-લૉક્સનો કાગળ મળતાં જૅસને ગ્રીબાને લગ્નના વચનમાંથી મુક્ત કરી હતી, એ કશી વાત કરી ન હતી. "પણ

હવે મારા પતિ એ વાત પોતાને (ગ્રીબાને) મોંએ નહિ, પણ જૅસનને મોંએ સાભળે, તો મારું આવી બન્યું"—એવી ખાતરી ગ્રીબાને થઈ ગઈ.

પણ જૅસનને એક વાર અદાલતમાં મોકલી દીધા પછી તેનાથી પાછા ફરી શકાય તેમ રહ્યું ન હતું; એટલે તેને અદાલતમાં સાક્ષી પૂરવા જવાનું થયું ત્યારે તે ગઈ હતી. ત્યાં તેને કોઈએ એમ પૂછયું નહિ કે, જૅસનને આજ પહેલાં તે ઓળખતી હતી કે નહિ—કોઈને એવું પૂછવાનો વિચાર પણ ન આવે. અને તેણે પણ જૅસનની બાબતમાં કશું કહ્યું નહિ. તેથી જ જૅસને અદાલતમાં જયારે તેના ઉપર ખોટા આરોપો મૂકવામાં આવ્યા ત્યારે ગ્રીબા તરફ ઠપકાભરી આંખે નજર કરી હતી. જાણે તેને એમ પૂછતો ન હોય કે, "આ બધાં જૂઠાણાં સાંભળીને તું કેમ ચૂપ રહે છે? ખરી વાત મોંએ બોલી બતાવવાની હિમત કેમ નથી કરતી, વારુ?"

ગ્રીબાને ત્યારે પહેલી વાર વિચાર આવ્યો કે, આ માણસનો ગુનો હોય તો માત્ર એટલો છે કે તે એને (ગ્રીબાને) ચાહતો હતો; એટલે તે બધું કબૂલ કરી દેવા એકદમ ઊભી થવા ગઈ, પણ બેભાન થઈને ગબડી પડી.

જયારે તે ભાનમાં આવી, ત્યારે, તો તેને તેના ઘરમાં લઈ જવામાં આવી હતી. તેને હવે ડર લાગવા માંડયો કે, જૅસન બધું જ અદાલતમાં જાહેર કરી દેશે, અને પછી લોકોની નિંદાખોર જીભો એ વાતને એવું વિકૃત સ્વરૂપ આપી દેશે કે, મારા પતિને મારી સાથે લગ્ન કરવા બદલ શરમાવા જેવું થશે, અને હું પાયમાલ થઈ જઈશ. એટલે, અદાલતે શો ફેંસલો આપ્યો એ એને કહેવા બિશપ આવે તેની તે આતુરતાથી રાહ જોવા લાગી.

છેવટે બિશપ આવ્યા. તેમણે અદાલતનો ફેંસલો ગ્રીબાને કહી સંભળાવ્યો.

ગ્રીબાએ તરત પૂછ્યું. "તેણે પોતાના બચાવમાં શું કહ્યું?"

"એક નન્ના સિવાય કશું જ નહિ."

હવે ગ્રીબાએ નિરાંતનો શ્વાસ લીધો. પણ બીજી જ ક્ષણે તેનો અંતરાત્મા તેને ડંખવા લાગ્યો : પોતે કેટલા સાંકડા મનની હતી, અને જૅસન કેવો વિશાળ મનનો હતો! તે પોતાના એક શબ્દથી જ તેની જિંદગી બરબાદ કરી શકયો હોત; પણ તે ચૂપ જ રહ્યો. ગ્રીબાએ તેને જેલમાં નંખાવ્યો, ત્યારે સામો પ્રહાર કરવાને બદલે પોતાને કરવામાં આવેલો પ્રહાર ગુપચુપ તેણે સહન કરી લીધો. તેથી ગ્રીબા પોતાની જ નજરે બહુ હલકી પડી ગઈ.

મોડું થઈ જવા આવ્યું હોવાથી બિશપ જૉન ગ્રીબાને એટલું આશ્વાસન દેતા દેતા ચાલતા થયા, "એ બિચારો હવે તારા પતિને કશી ઈજા નહિ પહોંચાડી શકે. ખરેખર તો એ બિચારો જેલખાના કરતાં પાગલખાનાને જ વધુ લાયક ગણાય. ગૂડ-નાઈટ, બેટા, ગૂડ-નાઈટ."

૩

જૅસન બીજે જ દિવસે ગંધકની ખાણો તરફ જવા ઊપડી જાય એવું નક્કી કરવામાં આવ્યું હતું. એટલે તેને કાચી જેલ તરીકે નિયત કરવામાં આવેલા એક કમરામાં પૂરી રાખવામાં આવ્યો. પણ આખી રાત બરફ વરસ્યા કર્યો હોવાથી બીજે દિવસે રસ્તાઓ પુરાઈ ગયા હતા; એટલે એ લાંબી મુસાફરી બરફનું તોફાન શમી જાય ત્યાં સુધી મોકૂફ રાખવામાં આવી.

ઑક્ટોબર મહિનાના બીજા અઠવાડિયાનો બુધવાર હતો. લોકો આઈસલૅન્ડના શિયાળાનો બરફ વરસવાના આ દિવસો પસાર કરવાની તૈયારીઓમાં લાગી ગયા. વેપારીઓ તેમની દુકાનોમાં આખો દિવસ ઘરાકી વિના સૂઈ રહેતા. માલ વેચવા આવનારા ખેડૂતો પણ પીઠાંમાં પીને ઊંઘવા લાગ્યા. ચાર દિવસ સુધી બરફ વરસ્યા જ કર્યો અને ચોતરફ અંધારા જેવું જ છવાઈ રહ્યું.

ગ્રીબાએ આવો ભયંકર શિયાળો કદી જોયો ન હતો. અને આવા તોફાનમાં માઈકેલ સન-લૉક્સનું તથા પોતાના બાપુનું શું થયું હશે તેની સારી પેઠે ચિંતા તેમાં ઉમેરાઈ. પણ એ બધા કરતાંય જેલની કોટડીમાં પુરાયેલા જેસનની ચિંતા તેને વધારે કોતરી ખાતી હતી.

જ્યાં સુધી બરફનું તોફાન ચાલુ રહ્યું ત્યાં સુધી આખું રેક્જાવિક ઊંઘતું જ રહ્યું, અને ગ્રીબા કાંઈ જ કરી શકી નહિ. પણ બરફ વરસવો બંધ થયો અને દિવસ ઊઘડયો એટલે આખું શહેર જાણે જાગી ઊઠયું અને ચારે તરફ પ્રવૃત્તિના અવાજ આવવા લાગ્યા. ગ્રીબાને માટે સન-લૉક્સે એક અંગ્રેજ બાઈ નોકરડી કે હજૂરિયણ તરીકે શોધી કાઢી હતી. તેની મારફતે હવે ગ્રીબાને જેસનના સમાચાર મળ્યા : તેને મગજનો તાવ ચડયો છે, અને તેની ફસ ખોલી લોહી કઢાવવું પડયું છે.

ગ્રીબા તરત જ બિશપ પાસે દોડી ગઈ અને કહેવા લાગી કે, "કેદી બિચારાને મગજનો તાવ ચડયો છે; અને તેણે ધમકી આપી ત્યારે પણ તે એ બીમારીથી જ પીડાતો હોવો જોઈએ. એટલે એના ઉપર દયા લાવી તેને છૂટો કરો; તે હવે જરૂર પોતે આપેલી ધમકી બદલ પસ્તાવો જાહેર કરશે."

બિશપે ગ્રીબાને પોતાના દુશ્મન પ્રત્યે પણ આવો દયાભાવ દાખવવા બદલ શાબાશી આપી; પણ સાથેસાથે જણાવ્યું કે, હવે તેને છોડવો એ પ્રેસિડન્ટના હાથની વાત છે – બીજા કોઈથી હવે કશું ન થઈ શકે, અને પ્રેસિડન્ટ પણ પોતાનું ખૂન કરવાની રાહ જોઈ બેઠેલાને શાના છોડે?"

ગ્રીબાએ હવે બીજી યોજના વિચારી કાઢી : જેલમાં જઈ જેસનને મળવું, અને પોતાના પતિ પ્રત્યેના બધા ખોટા વિચારો પડતા મૂકી, તેમની સાથે મિત્રતા કરવા તેને સમજાવવો. એટલું થાય તો પછી

પોતાનો પતિ માઇકેલ સન-લૉક્સ પાછો ફરે ત્યારે તેને જૅસનને માફ કરવા સમજાવી લેવાનું મુશ્કેલ નહીં રહે.

દરમ્યાન તેણે જૅસનને જેલમાં ખાવા-પીવાની સારી સારી ચીજો મોકલવા માંડી. પોતાની અંગ્રેજ બાઈને તેણે એ કામમાં લીધી. તે બાઈ પોતાના પ્રેમી ઓસ્કરને (જેને ગ્રીબાના પિતાની શોધ માટે મોકલવામાં આવ્યો હતો અને જે ખાલી હાથે પાછો આવ્યો હતો) એ બધી ચીજો જેલમાં કેદીને પહોંચાડવા આપતી. ઓસ્કર બધે જ એ વાત જાહેર કરતો ફરતો કે, ગવર્નરની પોચા દિલની નવોઢા પત્ની પોતે જેને જેલમાં મોકલાવ્યો છે એવા કેદીની કોણ જાણે શાથી ઘણી બધી સંભાળ રાખે છે!

પછી એક દિવસ ગ્રીબાએ જ્યારે સાંભળ્યું કે જૅસનની તબિયત કંઈક સુધરી છે, પણ હજુ તે મુસાફરી કરી શકે તેવો થયો નથી, તથા બહારના રસ્તા પણ હજુ ખુલ્લા થયા નથી, ત્યારે ગ્રીબા લાગ જોઈ જેલમાં જઈ પહોંચી.

જૅસન ફીકો પડી ગયો હતો; તે ગ્રીબાને જોઈ જરાય હાલ્યો નહિ.

ગ્રીબા બોલી ઊઠી, "જૅસન મને માફ કરો; મેં જ તમારી આ વલે કરી છે; પણ મારા પતિની જિંદગી જોખમમાં હતી એટલે મારાથી બીજું શું થાય?"

જૅસને કશો જવાબ ન આપ્યો.

ગ્રીબા આગળ બોલી, "મેં તમને નુકસાન જ પહોંચાડયા કર્યું છે; પણ તમે તો એક શબ્દ બોલીને મને બરબાદ કરી શકતા હતા, છતાં ચૂપ રહ્યા છો. હું હજુ તમને બચાવી લઈ શકું તેમ છું; તમે માત્ર મને એવું વચન આપો કે, મારા પતિ પ્રત્યે તમે કશો વેરભાવ નહીં રાખો. એટલે મારા પતિ પાછા આવશે ત્યારે હું તમને માફી અપાવીશ – સાચું કહું છું, તે ખરેખર માફી આપશે —"

"એના ઉપર અને એની માફી ઉપર લ્યાનત હજો!" જૅસન એકદમ ઊભો થઈને ટેબલ ઉપર જોરથી મુક્કો મારતો બોલી ઊઠ્યો; "એ વળી મને માફી આપનાર કોણ? મને સેતાન બધું બોલી નાખવા કેટલોય પ્રેર્યા કરતો હતો, પણ હું ચૂપ રહ્યો, તે એને માટે નહિ. તેં મારા ઉપર ગમે તેટલાં દુ:ખ ઉતાર્યાં છે, પણ હું તેનો બમણો બદલો તેના ઉપર જ લઈશ. ભલે તે મને ગમે ત્યાં ગંધકની ખાણોમાં મોકલી દે – પણ હું જીવતો રહીશ અને તેને ગમે ત્યાંથી પાછો શોધી કાઢીશ. મારો અંતરાત્મા સાક્ષી પૂરે છે કે, હું એક વાર તે માણસને મોઢામોઢ મળ્યા વિના મરવાનો નથી."

ગ્રીબા હવે પોતાના પતિની સહીસલામતીની ચિંતા સાથે જ પાછી ફરી.

બીજે દિવસે કેદીઓની એક પલટણ ગંધકની ખાણો તરફ ક્રિશુવિક જવા ઊપડી. તેમાં પહેલો જૅસન હતો.

ગ્રીબા એ દેખાવ જોઈ શકી નહિ; તેણે આંખો બંધ કરી દીધી. પણ તેની અંગ્રેજ દાસીએ અંદર આવીને તેને ખબર આપી કે, કેટલાક અજાણ્યાઓ તેને મળવા માગે છે; તેઓ પોતાની જાતને તમારા ભાઈઓ તરીકે ઓળખાવે છે.

૧૦

ફેરબ્રધર-ભાઈઓ

૧

ફેરબ્રધર-ભાઈઓએ નક્કી કર્યું કે, તેઓ ગ્રીબાનો જમીનનો ભાગ વેચી નાખી, તેના પૈસા લઈને તેને આપવા આવ્યા છે, એમ કહી તેની પાસે પહોંચી જવું.

વહાણ ઉપર મુસાફરી કરતાં રેક્જાવિક નજીક આવ્યું ત્યારે જૅકબ તે સૌનો 'મુખિયો' – બધા વતી બોલનાર – બની ગયો હતો.

તેણે સૌ ભાઈઓને કહ્યું, "જુઓ, કહેવત છે કે, હાથમાંનું એક પંખી, ઝાડ ઉપરનાં બે કરતાં વધારે કીમતી ગણાય, ખરું ને? અને આપણી પાસે હાથમાં એક પંખી તો છે! તો પછી આપણે ગ્રીબાના ભાગની જમીનના એ છસો પાઉંડ ગ્રીબાને આપી દઈએ, તે પહેલાં આપણા હાથમાં બમણા પાછા આવે તેની ખાતરી કરી લેવી જોઈએ."

અને એ ઇરાદાથી રેક્જાવિક પહોંચ્યા પછી ગ્રીબાને તેના ભાગના પૈસા આપવા તરત તેની પાસે જવાને બદલે તેણે માઇકેલ સનલૉક્સનો હોદ્દો, તેનો પગાર, તેની લાગવગ વગેરે વિષે માહિતી એકઠી કરવા માંડી. ભાષાની મુશ્કેલી હતી, છતાં તેણે પોતાને સંતોષ થાય તેટલું સાંભળી લીધું અને જોઈ લીધું. જૂનું આઈસલૅન્ડ અત્યારે ત્રણ ખરાબ સૈકાંના દુ:સ્વપ્નમાંથી જાગીને જાણે જગતની એક સ્વતંત્ર સત્તા બનવા કોશિશ કરી રહ્યું હતું. જુવાન પ્રેસિડન્ટ માઇકેલ સનલૉક્સ જ એ દેશના સ્વાતંત્ર્યને પાછું મેળવનાર અને તેનો રક્ષણહાર

ગણાતો હતો. કીર્તિ અને આદર તેની સમક્ષ વણ-માગ્યાં ઢગલો થયા કરતાં હતાં; અને તેના હળને જે હાથ દેવા લાગે, તેને પણ એમાંથી કંઈક હાથ આવે જ એ ઉઘાડું દેખાતું હતું.

આટલું સમજી લીધા પછી જૅકબે બધા ભાઈઓને ગ્રીબાની મુલાકાતે લીધા.

૨

ગ્રીબા જે દિવસે જેલમાં જૅસનને મળવા ગઈ હતી, તે દિવસે જ પાછલે પહોરે ફેરબ્રધર-ભાઈઓ બંદરે ઊતર્યા હતા; અને તેના લગ્નની, તેની ઉજવણીની, અને પ્રેસિડન્ટના ખૂનના પ્રયાસની વાતો તેમણે સાંભળી હતી. તેઓ જાણતા હતા કે, જૅસન મૅન ટાપુમાંથી ક્યાંક બહાર ચાલ્યો ગયો છે; પણ તે અહીં જ હશે એવી કલ્પના તેમને આવી ન હતી. પણ જ્યારે ગંધકની ખાણ તરફ લઈ જવાતા કેદીઓની મંડળી તેમણે જોઈ, ત્યારે તેમણે જૅસનને તેમાં જોયો.

પછી તેઓ ગ્રીબાને ઘેર પહોંચ્યા. જૅકબે ભાઈઓને કહી રાખ્યું હતું કે, 'ગ્રીબા જોડે વાતચીત કરવાનું મને જ સોંપી રાખજો – તમે કોઈ વચ્ચે બોલતા નહિ.' પ્રેસિડન્ટના ઘરમાં આવી અંગ્રેજ દાસીને થોડી પડપૂછ કરતાં જ તે સમજી ગયો કે, પ્રેસિડન્ટનો ગ્રીબા ઉપર ખૂબ જ ભાવ છે, તથા ગ્રીબાનું પણ પ્રેસિડન્ટ ઉપર ખૂબ ચલણ છે – તે કહે તે કરવા તે દુનિયાને છેડે પણ જાય!

પેલી અંગ્રેજ દાસી અંદર ખબર આપવા ગઈ તે દરમ્યાન જૅકબે ભાઈઓને કહી દીધું કે, "ગ્રીબાના ભાગની જમીન વેચીને તેને આપવાના પૈસા ઊભા કરવા મારા ભાગની જમીન આપણે અંદરો-અંદર કડદો કરીને વેચી નાખી છે. એટલે તમે ભલે મૅન-ટાપુ પાછા ફરજો – હું તો અહીં જ રહીશ."

"ના, ના; હું તને મારી જમીન વેચી દઈશ; એટલે તું પાછો જજે અને હું અહીં રહીશ." થર્સ્ટને જવાબ આપ્યો.

એટલામાં અંગ્રેજ દાસી તેમને અંદર લઈ જવા પાછી આવી.

અંદર જઈ ગ્રીબાને જોતાં જ જેકબ બોલી ઊઠયો, "આહા, બાહેન, તમે કહ્યા વગર દોડી આવ્યાં તેથી અમને કેટલી બધી ચિંતામાં નાખ્યા હતા? તમારા પ્રત્યેનો અમારો પ્રેમ જોતાં તમે ન જડો ત્યાં સુધી અમને સૌને ......"

"થોભો, થોભો; તમો સૌનો મારા ઉપર કેવો ભાવ-પ્રેમ છે એ હું બરાબર જાણું છું. તમે અહીં શા માટે પધાર્યા છો, એ જ કહી દો, એટલે બસ."

"બહેન, એવું બોલવાની જરૂર નથી; અમે તો અમારા ભાવ-પ્રેમના નક્કર પુરાવારૂપે તમારા ભાગની જમીનના રોકડ પૈસા કરી, તે તમને આપવા અહીં કામધંધો છોડીને દોડી આવ્યા છીએ. તમારા ભાગના પૂરા છસો પાઉંડ, જુઓ, આ થેલીમાં ઠસોઠસ ભરેલા છે," એમ કહી જેકબે થેલી ખખડાવી; અને આગળ ચલાવ્યું; "અમે અત્યાર સુધી તમારો ભાગ તમને ન આપ્યો તે એટલા જ માટે કે, તમને ભોળાંને છેતરીને તમારી મિલકત પડાવી જવા ટાંપી રહેનારા ત્યાં ઘણા હતા."

"હા, હા, જેસન જેવા સ્તો." બીજા ભાઈઓએ સાથ પુરાવ્યો.

"પણ હવે એ હરામખોર ઠેકાણે પડયો એ સારું થયું; એ બદમાશ એ જ દાવનો હતો. તમારું પણ સારું ઠેકાણું પડી ગયું બહેન; તમે યોગ્ય માણસ સાથે જ લગ્ન કર્યું છે." જેકબે ગ્રીબાને ઊંચી ચડાવતાં કહ્યું.

પરંતુ ગ્રીબા તો આ બધું સાંભળવા છતાં સ્થિર જ ઊભી રહી. પછી તેણે કડક અવાજે એટલું જ પૂછયું, "હું અહીં છું એ તમે શી રીતે જાણ્યું?"

ઍશર બોલી ઊઠયો, "કાગળ, કાગળ, તારો કાગળ વાંચીને સ્તો. તું ગઈ ત્યારે અમે બધા તો એમ જ સમજ્યા કે અમારા ઉપર

ગેરસમજ લાવીને, ગુસ્સે થઈને જ તું ક્યાંક ચાલી ગઈ છે. પછી એક દિવસ તારી યાદ લાવવા માટે કંઈ સંભારણું મળે એ શોધતાં એક પેટીમાંથી તારા ઉપર એ ભલા માણસે લખેલો કાગળ જ અમને મળ્યો."

"હા, હા, માઈકેલ સન-લૉક્સે લખેલો સ્તો," સ્ટીને ઉમેરણી કરી.

"એટલે પછી મેં આ બધાઓને કહ્યું કે, 'ગ્રીબા ક્યાં છે એ આપણે હવે જાણ્યું; તો આપણે તેમના ભાગનું ખેતર વેચી તેના પૈસા લઈ તેમને પહોંચાડી આવવા જોઈએ. એટલે અમે થોડું નુકસાન વેઠીને પણ કુલ જમીનનો છઠ્ઠો ભાગ વેચી નાખ્યો. જોકે, તમને તો એથી કશું નુકસાન નહિ જાય; કારણકે, આખી જમીનના સાતમા ભાગ જેટલા પૈસા જ તમને તો મળવા જોઈતા હતા." જૅકબે આગળ ચલાવ્યું.

"લાવો, પૈસા ક્યાં છે?" ગ્રીબા બોલી.

જૅકબે ભારે ઠાઠથી થેલીમાંના પૈસા ગણી આપવા માંડ્યા; અને સાથે સાથે ઉમેર્યું, "અને એ પૈસા અહીં લાવવા જતાં અમને સારી પેઠે ખર્ચ થયું છે."

"કેટલું ખર્ચ થયું છે?" ગ્રીબાએ પૂછ્યું.

"પણ એનું શું છે!" ઉદારપણે હાથ ધુમાવી જૅકબ બોલ્યો.

"પણ તમને અહીં આવવામાં જે ખર્ચ થયું, તે તો મારે આપવું જ જોઈએ ને?" ગ્રીબાએ કહ્યું.

"અમારે એક પૈસો લેવાનો નથી; બહેનને તેમના ભાગના પૈસા આપવા આવવામાં તેમના ભાઈઓ જણ દીઠ ચાલીસ-પચાસ પાઉંડ ખર્ચી નાખે, તેની વળી ગણતરી શી?"

"તો તમે તો લો," એમ કહી ગ્રીબા ઑશરને આપવા ગઈ; અને તે હાથ લાંબો કરી એ પૈસા લેવા જતો જ હતો, એવામાં

જૅકબે આવી તેનો ડગલો ખેંચી નિશાની કરી, એટલે તે હાથ પાછો ખેંચી લઈ બોલ્યો, "ના, દીકરી, ના."

પછી ગ્રીબાએ થર્સ્ટનને પૈસા ધરવા માંડયા. તે તો એ પૈસા સામે નરી ભૂખાળવાની નજરે તાકી રહ્યો; પણ જૅકબે એવો દુ:ખ-ભર્યો ખોંખારો ખાધો કે, થર્સ્ટનને પણ બોલવું પડયું, "ના, ગ્રીબા, ના; તું શું એમ માને છે કે, ગરીબ માણસને પણ લાગણી ન હોય? તું આગ્રહ ન કરીશ, મને ખોટું લાગશે."

આ બધાની ના છતાં ગ્રીબાએ તો બધા ભાઈઓને વારાફરતી પૈસા ધરી જોયા; પણ દરેક જણ પાસેથી એક જ જવાબ મળતાં, તેણે એ પૈસા કબાટમાં મૂકી દીધા, અને પછી ભાઈઓ તરફ ફરીને કડક અવાજે કહ્યું, "હવે તમે જઈ શકો છો."

"તમારા પતિ પાછા આવે તે પહેલાં જ? વાહ, ગ્રીબા, અમે તેમને મળીને જ જઈશું." જૅકબે કહ્યું.

"ના, ના, તમારે એમની રાહ જોવાની જરૂર નથી; નહીં તો જે બધી વસ્તુઓ તમે ભૂલી ગયા છો, તે બધી, તમને જોઈને કદાચ તેમને યાદ આવશે."

"વાહ, તમારો પતિ શું અમારા બાપને ઘેર જ ઊછરેલો, એક રીતે અમારો ભાઈ જ નથી, શું?" જૅકબે દલીલ કરવા માંડી.

"પણ તમે આપણા બિચારા બાપુને શું કર્યું હતું તે એ જાણે છે. તમે લોકોએ છેક જ લાગણીહીનતા ન બતાવી હોત, તો અત્યારે આપણા બાપુ દરિયામાં હોનારત થતાં અજાણ્યા કિનારાઓ ઉપર રખડતા થઈ ગયા ન હોત."

"ગ્રીબા, ગ્રીબા, તમારે એમ માનવાની જરૂર નથી કે, તમારો પતિ પોતાની પત્નીના સગા ભાઈઓ પ્રત્યે કશો ગેરવર્તાવ દાખવશે." જૅકબે આગળ ચલાવ્યું.

"પણ તેમની પત્ની પ્રત્યે પણ તમે શું શું આચર્યું હતું, તે એમને બરાબર યાદ છે." ગ્રીબાએ જવાબ આપ્યો.

"વાહ, ગ્રીબા, અમે તમારે માટે જે લઈને આવ્યા છીએ તેના નક્કર પુરાવા પછીય, તમે અમારી પ્રત્યે આવી કૃતઘ્નતા દાખવશો?" જેકબે પૂછયું.

"અત્યાર સુધી મને બધાથી વંચિત રાખ્યા બાદ, હવે આ જે થોડુંઘણું લાવ્યા છો, તે કંઈ તમે મોટી ઉદારતા દાખવી છે, એમ હું નથી માનતી."

"પેલા હરામખોરના હાથમાં તમને અને તમારી મિલકતને પડવા ન દીધી, એને તમે 'તમને વંચિત રાખ્યાં' એમ કહો છો?" જેકબે પૂછયું,

"તમે લોકોએ મારા ન્યાયી હક-અધિકારથી મને વંચિત રાખી હતી, એટલું હું તો જાણું. — પણ હવે તમે મહેરબાની કરીને અહીંથી જાઓ, એટલે બસ."

"તો શું ગ્રીબા, તમે અમને તમારા ઘરમાંથી હાંકી કાઢવા માગો છો?" જેકબે પૂછયું.

"અને હું તેમ કરું તોય, તમે લોકોએ આપણા વૃદ્ધ બાપુને જે કર્યું હતું તેથી વધુ ખરાબ કંઈ કરતી નથી. પેલું ઘર તેમનું હતું, અને આ ઘર મારું છે — તમને લોકોને આ ઘરમાં આવી મોં બતાવતાં શરમ આવવી જોઈએ."

"આ તે નાને મોંએ કેવી વાત છે?" ઍશર ઘૂરકયો.

"જુઓ તો ખરા, જે આપવા માટે કશી માગણી પણ નહોતી કરવામાં આવી, તે આપમેળે આપવા, સમુદ્ર પાર આપણે દોડી આવ્યા, તેનો આ બદલો!" સ્ટીન બોલ્યો.

"ભલે, બધું જહન્નમમાં જાય; મને તો અહીં આવવાનું જે ખર્ચ થયું છે, તે આપી દે, એટલે હું ચાલતો થાઉં." રૉસ બોલ્યો.

"ના, ના, મેં એક વખત તમને એ પૈસા ધર્યા અને તમે ના પાડી; હવે હું તમને કશું જ આપવાની નથી."

"કેવી ચાલાક બિલાડી છે! પહેલા પૈસા લઈ લીધા પછી હવે નહોર બતાવે છે." રૉસ ઘૂરકયો.

"ચૂપ, ચૂપ, ભાઈઓ, તમે મને જ બોલવા દો," જૅકબે સૌને વારતાં કહ્યું; "હં, પણ ગ્રીબા, તમે અજાણ્યાઓ પ્રત્યે પણ જેવો ભાવ-પ્રેમ દાખવો છો, તેવો પણ તમારા સગા ભાઈઓ પ્રત્યે નહીં દાખવો, એ મારા તો માન્યામાં જ આવતું નથી."

"જવા દો એ બધી વાત; હું તમારું મન બરાબર પામી ગઈ છું. હું ગરીબ – અસહાય હતી ત્યાં સુધી તમે મારું બધું પડાવી લીધા કર્યું; હવે હું કંઈક તવંગર થઈ છું એમ તમે જાણ્યું, એટલે તમે મારી પાસેથી કંઈક લાભ છડી લેવા માટે જ મને ઘૂંટણિયે પડતા આવ્યા છો. પણ હું તમને ધિક્કારું છું; તમે સ્વાર્થી પામર માણસો છો. મારા બાપુને પણ તમે ચૂસી ચૂસીને ખાલી કર્યા પછી તેમની તરફ પીઠ ફેરવી લીધી; મારા પતિ સામે પણ તમે કેટલાંય કાવતરાં રચ્યાં, અને હવે પાછા તેમના પગ નીચેની ધૂળ ચાટવા આવ્યા છો. ચાલ્યા જાઓ મારા ઘરની બહાર! અને અહીં ફરી કદી પાછા ન આવતા; નહીં તો હું તમને અજાણ્યા ઘૂસણખોર જાહેર કરી હાંકી કઢાવીશ."

આ શબ્દો સાંભળતાં જ બધા ઘેટાંની પેઠે એકબીજા સાથે દબાતા-ચંપાતા બારણામાંથી બહાર નીકળી ગયા.

૩

બહાર નીકળ્યા બાદ થર્સ્ટન બોલ્યો, "હું જ મા'ળો બેવકૂફ, તે આ જૅકબડાની બેવકૂફીભરી યોજનામાં જોડાઈને પાયમાલ થયો."

"હું તો પહેલેથી જ કહેતો હતો કે, આમાંથી કશું નીપજવાનું નથી," ઑશર બોલ્યો; "આપણે દરેક જણે પાંત્રીસ પાઉંડ ગુમાવ્યા અને ઉપરથી ચૌદ ટકા વ્યાજ ભરીશું તે જુદું."

જેકબ હવે દાંત કચકચાવીને બોલ્યો, "બેવકૂફો, તમે પાયમાલ થયા છો કે ધનના ઢગલાના ખોળામાં જ આવી પડયા છો? આવું સારું નસીબ તો તમારા બાપ-જનમારામાંય કદી તમે નહિ પામ્યા હો!"

"હેં? એ વળી શી રીતે?" પાંચે જણ સામટા બોલી ઊઠયા.

"શી રીતે, તે એ રીતે કે, જૅસનની ધરપકડ શાથી થઈ, એ સમજ્યા? માઈકેલ સન-લૉક્સના જાન લેવાની ધમકી આપવા બદલ તેની ધરપકડ થઈ છે, એમ માનવાની બેવકૂફી તો તમે નથી કરતા ને?"

"તો પછી?" જૉને પૂછ્યું.

"અરે ગ્રીબાને ધમકી આપવા બદલ તેની ધરપકડ થઈ છે, સમજ્યા?"

"ભલે માઈકેલ સન-લૉક્સને નહીં ને ગ્રીબાને ધમકી આપી હશે; પણ એમાં આપણો શો દહાડો વળ્યો?" ઑશરે પૂછ્યું.

"આપણો દહાડો એમ વળ્યો કે, માઈકેલ સન-લૉક્સને આપણે જે બધું જાણીએ છીએ તે કશાની ખબર નથી. અને આપણે તેને અમુક માહિતી એવી આપી શકીએ કે, જેથી આપણો દહાડો જરૂર વળે." જૅકબે જવાબ આપ્યો.

"એ વળી કઈ માહિતી?" જૉને પૂછ્યું.

"તે માહિતી એ કે, ગ્રીબા જૅસનને જ ચાહતી હતી, અને તેને જ પરણવાની હતી; પણ તેની જોડે પ્રેમ-લીલા લાંબો વખત માણ્યા પછી, તેને ગરીબ જાણી, તેને પડતો મૂકયો અને માઈકેલ સન-લૉક્સને તવંગર જાણી, તેની સાથે પરણવા તે આઈસલૅન્ડ દોડી આવી છે."

"જા, જા, માઈકેલ સન-લૉક્સ તારી એ વાત માની લે ખરો ને! તું મૂરખ જ રહ્યો." થર્સ્ટન બોલ્યો.

"જુઓ, મારી પાસે ગ્રીબાએ જ જૅસનને લખેલો કાગળ છે;

એ જોયા પછી તો તે માનશે ને?" જૅકબે ખીસામાંથી ગ્રીબાએ જેસનને આપવા લખેલો અને પછી રાખી મૂકેલો કાગળ કાઢતાં કહ્યું.

બધા ભાઈઓ જૅકબની હોશિયારી ઉપર ખુશ થઈ ગયા.

તેઓ બે દિવસ વધુ રેક્જાવિકમાં રોકાયા. બીજા દિવસે પાછલે પહોરે જહાજમાં માઈકેલ સન-લૉક્સ આવી પહોંચ્યો, અને રાજભવન તરફ ઘોડેસવાર થઈને દોડયો.

ફેરબ્રધર-ભાઈઓ સંતુષ્ટ ચિત્તે તેને ત્યાં જતો જોઈ રહ્યા.

૧૧
માફી

૧

જ્યારે માઈકેલ સન-લૉક્સે આદમ ફેરબ્રધર અને તેના જહાજી હોનારતના ભોગ બનેલા સાથીઓની તપાસ માટે મોકલેલા માણસો ખાલી હાથે પાછા આવ્યા, ત્યારે તેમને પૂછપરછ કરીને તેણે જાણી લીધું કે, તેઓ ભૂલથી અવળી બાજુએ જ ગયા હતા. એટલે તેણે જે દિવસો બગડયા તેની ગણતરી કરી લઈ, પેલા હોનારતી લોકો પગપાળા કિનારે ચાલવા લાગ્યા હોય તો કયાં સુધી આવ્યા હોય એ વિચારી લઈ, વેસ્ટમૅાન-ટાપુઓ તરફ પોતાનું જહાજ લેવરાવ્યું. પરંતુ વચ્ચે તોફાન નડતાં તેનાથી ધાર્યા પ્રમાણે ત્યાં પહોંચી ન શકાયું; પણ તેને એટલા ખુશખબર તો ત્યાંથી મળ્યા જ કે, હોનારતનો ભોગ બનેલા એ લોકો ત્રણ દિવસ પહેલાં ત્યાં પગપાળા આવ્યા હતા; અને હવે ત્યાંથી આગળ ચાલી નીકળ્યા છે.

દરિયા-કિનારો આ ભાગમાં એટલો બધો ખરાબ હતો કે જહાજ વડે ત્યાં પહોંચાય તેમ નહોતું, એટલે તેણે જલદી જહાજને પાછું

રેક્જાવિક લેવરાવ્યું. તેનો વિચાર થિંગ્વેલિરને રસ્તે જમીન-માર્ગે જ એક રાહત-ટુકડી લઈને સામા જવાનો હતો.

સ્મોકી-પૉઇંટ આગળ તેઓ ટપાલ લેવા થોડે દૂર થોભ્યા, તે દરમ્યાન તેમને એટલા સમાચાર મળ્યા કે રાજધાનીમાં પ્રેસિડન્ટનો[1] જાન લેવાનો પ્રયત્ન કરવા બદલ જૅસન ઉપર કામ ચલાવવામાં આવ્યું છે અને તેને સજા ફરમાવવામાં આવી છે. માઈકેલ સન-લૉક્સને આ સમાચારથી બહુ નવાઈ લાગી અને દુઃખ પણ થયું; એટલે તેણે જહાજને બને તેટલી ઉતાવળે રાજધાની તરફ લેવરાવ્યું. હવે તો વહાલી ગ્રીબાને મળવાની ઉતાવળ ઉપરાંત જૅસનને માફી બક્ષી તેને જેલમાંથી છોડાવવાની ઇંતેજારી પણ તેમાં ઉમેરાઈ હતી.

રાજધાનીએ જઈ તે પોતાની નવોઢા પત્ની ગ્રીબાને ઝટપટ મળ્યો. તેને તેના પિતા સહીસલામત છે એવા સમાચાર આપ્યા, તથા હવે જમીનમાર્ગે જે ટુકડી બીજે દિવસે પોતે સામે લઈને જવા માગે છે, તેમાં સાથે તેણે પણ આવવાનું છે એમ જણાવ્યું. એ સાંભળી ગ્રીબા હરખથી ઘેલી ઘેલી થઈ ગઈ.

માઈકેલને તે પહેલાં ઘણાં ઘણાં રાજકાજ પતવવાનાં હોઈ, તે ઉતાવળે બહાર જતો હતો, તેવામાં ગ્રીબાએ તેને રોકીને કહ્યું, "માઈકેલ, તમે દૂર ગયા હતા તે દરમ્યાન અમારા ઉપર અહીં શું શું વીત્યું, તેની તમને કલ્પના પણ નહીં આવે."

"મને બધી ખબર પડી છે, વહાલી; તારે કહી બતાવવાની જરૂર નથી. પણ તું હવે ઝટપટ તારા કમરામાં ચાલી જા." એમ કહી માઈકેલ સન-લૉક્સે ટેબલ આગળ લટકાવેલો ઘંટ વગાડ્યો.

તરત તેનો નોકર ઓસ્કર ત્યાં આવી પહોંચ્યો. સન-લૉક્સે તેને કહ્યું, "ઉતાવળે જેલખાનામાં જા અને જેલરને કહે કે પેલા સજા કરાયેલા કેદીને મારા હુકમ વગર ગંધકની ખાણો તરફ મોકલી દે નહીં."

---

૧. માઇકેલ સન-લૉક્સનો પોતાનો. કારણકે, તે જ પ્રેસિડન્ટ હતો.

"ક્યા કેદીની વાત કરો છો, નામદાર?" ઓસ્કરે પૂછ્યું.

"જૅસન નામના કેદીની."

"તેને તો ગંધકની ખાણો તરફ ક્યારનો રવાના કરી દીધો."

"ક્યારે રવાના કરી દીધો?"

"ગઈ કાલે વહેલી સવારે."

"માઇકેલ સન-લૉક્સે તરત એક ચિઠ્ઠી ઉપર ઉતાવળે કંઈ લખી નાખ્યું અને ઓસ્કરને એ ચિઠ્ઠી આપતાં કહ્યું, "આ ચિઠ્ઠી લઈને તું દોડતો સ્પીકર-ન્યાયાધીશ પાસે જા અને તેમને કહે કે, તે અહીં આવશે ત્યાં સુધી હું અહીં જ તેમની રાહ જોઈશ."

આ બધું ચાલતું હતું તે દરમ્યાન ગ્રીબા મોં ઉપર મૂંઝવણના ભાવ સાથે બારણા આગળ જ ઊભી રહી હતી. ઓસ્કર ચિઠ્ઠી લઈને ચાલ્યો ગયો એટલે તેણે હવે પોતાના પતિની પાસે આવીને ગંભીરતાથી કહ્યું, "માઇકેલ, તમે એ માણસનું શું કરવા માગો છો?"

પણ માઇકેલ સન-લૉક્સે તે પ્રશ્નનો જવાબ આપવાને બદલે એટલું જ કહ્યું, "જો, વહાલી, તારે આ બધાની ચિંતા કરવાની ન હોય. એ મારે લગતી બાબત છે અને હું એ વાત મને ઠીક લાગશે તેમ પતવવાનો છું."

"પણ તેણે આપણી જિંદગી લેવાની ધમકી આપી છે, એ કંઈ તમારા એકલાને લગતી બાબત નથી!"

"જો, જો, વહાલી, મેં શું કહ્યું? અત્યાર સુધી તું નાહક એ ચિંતામાં હેરાન થઈ છે; હવે તું તારા કમરામાં ચાલી જા, એટલે બસ."

ગ્રીબા તેની આજ્ઞાનું પાલન કરવા બહાર જવા લાગી.

તરત જ માઇકેલ સન-લૉક્સ બોલી ઊઠયો, "પણ તારા કમરામાં જઈને ચૂપ બેસી ન રહેતી. તું કંઈક ગાયા કરજે, એટલે હું આ કમરામાં મારું સરકારી કામ પતવતો હોઈશ તોપણ મને તારી સોબત

મળ્યા જેવું લાગશે! લગ્ન કરતાં વેંત જ આપણે છૂટા પડવાનું થયું છે, તે મારાથી ભૂલાતું નથી."

ગ્રીબાએ તરત પાસે આવી કશો જવાબ આપ્યા વિના પોતાના પતિને કપાળ ઉપર પ્રેમ-ચુંબન કર્યું. તે વખતે તેના ગાલ ઉપર થઈને પ્રેમનાં અશ્રુ વહેવા લાગ્યાં હતાં. પછી તે ત્યાંથી કમરાની બહાર ચાલી ગઈ.

માઈકેલ સન-લૉક્સે પછી કાગળિયાં ફીંદવા માંડયાં. ડેન્માર્કની સરકાર તરફથી કંઈ કાગળિયું આવ્યું છે કે નહિ તેની ખાતરી વારંવાર કરી લીધા પછી તે મનમાં પચાસમી વાર ગણગણ્યો કે, ડેન્માર્કવાળા આઈસલૅન્ડવાળાઓને તેમનો ભાર જાતે જ ઉપાડવા દેવા માટે છૂટા મૂકવા માગે છે કે શું?

ત્યાર પછી તેણે ટાપુમાંથી આવેલી અરજીઓ, ફરિયાદો, વિનંતીઓ, માગણીઓ અને ધમકીઓના કાગળો એક પછી એક વાંચવા માંડયા; અને મનમાં યોગ્ય નોંધ લેવા માંડી. એટલામાં ગ્રીબાએ માઈકેલનું પોતાનું પ્રિય ગીત ગાવા માંડયું તેના મીઠા ભાવભર્યા સૂર તે કમરામાં ગુંજવા લાગ્યા —

"મને તારી આંખોના પ્યાલા વડે જ શાશ્વત-પ્રેમના
કસમ આપજે;
હું પણ મારી આંખોથી જ તેમ કરીશ.
એ પ્યાલામાં માત્ર તારું ચુંબન પૂરજે —
એટલે હું એમાં મદ્યની અપેક્ષા નહિ રાખું.
આત્મામાંથી ઊઠતી તરસ —
એ દિવ્ય પીણા સિવાય બીજા કશાથી નહીં
છીપે!"

માઈકેલ સન-લૉક્સ ગણગણી ઊઠયો, "ગ્રીબાના આવા ઊભરાતા પ્રેમને પાત્ર હું છું ખરો?" પણ તે જ ઘડીએ કંઈક અનિષ્ટની

ઘેરી છાયા તેના તન-મનને અચાનક ઘેરી વળી. તે તેને દૂર કરવા ખૂબ મથ્યો, પણ તે વળી વળીને તેના ચિત્તને ચૂંટી ખાવા લાગી.

તે જ ઘડીએ સ્પીકર-ન્યાયાધીશ કમરામાં દાખલ થયો.

માઈકેલ સન-લૉક્સે તેમને જોતાં જ કહ્યું, "સ્પીકર, મેં તમને મારે લગતી કંઈક અગત્યની બાબત માટે જ તસ્દી આપી છે."

"કહી દો." ન્યાયાધીશે કહ્યું.

"મારી ગેરહાજરીમાં બિશપની અદાલતે એક માણસ ઉપર મારા જાન લેવાની ધમકી આપવા અને કોશિશ કરવા બદલ કામ ચલાવીને તેને સજા કરી છે."

"હા, સ્ટિફન ઓરી અને માજી ગવર્નર-જનરલ જૉર્ગન્સનની પુત્રી રાશેલનો પુત્ર જેસન."

"ખરી વાત; એને વિષે જ હું કહેવા માગું છું."

"ઘણી ખુશીથી કહી દો."

"તેને ગંધકની ખાણોમાં મોકલી દેવામાં આવ્યો છે."

"બાર મહિના તો ખરો જ."

"આપણે તેને પાછો બોલાવીને હાઈકોર્ટ મારફત તેના કેસ ફરી ચલાવરાવી શકીએ?"

"હવે ઘણું મોડું થઈ ગયું કહેવાય. હાઈકોર્ટે તો તેને સજા જ કરી હોત કે કેમ, એ જ શંકા પડતું છે; પણ સજા કરી જ હોત તો તેને વધુ લાંબી સજા જ કરી હોત. બિશપની કોર્ટે તેને બાર મહિનાની સજા કરી હોવા છતાં એવી શરત ઉમેરી છે કે, એ બાર મહિના બાદ પણ તે જો તમારી સાથે સુલેહ-શાંતિથી વર્તવાના સોગંદ લે, તો જ તેને છૂટો કરવામાં આવે. એટલે તમારે તેના તરફનો કશો ડર રાખવાનું કારણ નથી."

"પણ મને તેના તરફનો કશી જાતનો ડર છે જ નહીં; હું હવે તમને જે પૂછવા માગું છું, તે ઉપરથી જ તમે એ જોઈ શકશો."

"શું પૂછવા માગો છો?" જજે કહ્યું.

"હું તેને માફી આપી શકું ખરો?"

એક ક્ષણ તો સ્પીકર જરા ડઘાઈ ગયો; પણ પછી સ્વસ્થ થઈને બોલ્યો, "હા; પ્રેસિડન્ટને માફી બક્ષવાની કુલ સત્તા છે."

"તો સ્પીકર, તમે મારી સહી માટે જોઈતા કાગળો તૈયાર કરાવી આપશો?"

"જરૂર; પણ પહેલાં તમને કંઈક કહેવા બદલ મને ક્ષમા આપશો?"

"તમારે જે કહેવું હોય તે બેધડક કહો."

"કદાચ તમે એ કેસ ચાલતી વખતે જે જુબાનીઓ પડી છે તે કેવી જાતની હતી, તે નહિ જાણતા હો."

"મને લાગે છે કે, હું જાણું છું."

"એ માણસ તમારો ઓરમાન-ભાઈ હોવાનો દાવો કરે છે."

"એ મારો ભાઈ છે જ."

"તમે એનું સ્થાન પચાવી પાડયું છે, એવું તે માને છે."

"ખરી વાત છે; તેના દાદા જૉર્ગન જૉર્ગન્સન તેને જ શોધતા હતા; પણ પછી તેને મરી ગયેલો જાણી, મને તેમણે અપનાવ્યો હતો."

"તેને તમારી ઉપર વેર લેવું છે; અને તે અર્થે તમારું ખૂન કરવાની તેણે પ્રતિજ્ઞા લીધી છે."

"તેનો મારા પ્રત્યેનો વેરભાવ કુદરતી છે; અને તેની પ્રતિજ્ઞાથી હું ડરતો નથી."

સ્પીકર થોડી વાર થોભ્યો અને પછી પોતાની આંખો રૂમાલ વડે લૂછીને બોલ્યો, "તમારું દિલ ખરેખર મહાન છે — ઉદાર છે – હું તરત જ જઈને માફી બક્ષવા માટેના કાગળો તૈયાર કરાવું છું."

૨

સ્પીકર કમરામાંથી બહાર નીકળ્યો પણ નહીં હોય, અને ગ્રીબા તેમાં દાખલ થઈ. તેણે પોતાના અંતરનો ક્ષોભ દબાવી રાખવા ખૂબ કોશિશ કરી હતી, પણ તેમાં નિષ્ફળ નીવડતાં તે ફાટેલી આંખે અને ગાભરી અવસ્થામાં જ કમરામાં દોડી આવી.

"માઈકેલ, સ્પીકર શું લેવા માટે ગયા, વારુ?"

"માફી બક્ષવાનો મુસદ્દો લઈ આવવા."

"પેલા માણસને માફી બક્ષવાનો મુસદ્દો?"

"હા; હું તેના ઉપર તરત જ સહી કરવા માગું છું."

"વહાલા માઈકેલ, એમ કદી ન કરતા; હું તમને આજીજી કરું છું, એ માણસને ગંધકની ખાણોમાંથી પાછો હરગિજ ન બોલાવતા." ગ્રીબા મનામણાના અવાજે બોલી ઊઠી.

"વાહ ગ્રીબા, આ શું? તું શા માટે આમ ગાભરી બની જાય છે?"

"વહાલા માઈકેલ, તમારા જાનને ખાતર, મારે ખાતર, એ માફી-પત્ર ઉપર સહી કરતા પહેલાં ફેર-વિચાર કરજો."

"તું આ કિસ્સાથી આટલી બધી ડરી શા માટે ગઈ છે? સ્મોકી-પૉઇંટ આગળથી જ મને જાણવા મળ્યું હતું કે, તેં જ મારા જાન ઉપરની આફતના ડરથી એ માણસને અદાલતના હાથમાં સોંપ્યો હતો. તને તારા વહાલા પતિના જાનની એવી ફિકર હોય એ સ્વાભાવિક છે. હું જાણું છું કે તને મારા ઉપર કેટલો બધો અઢળક પ્રેમ છે. પણ મારે માટે એટલો બધો ડર રાખવાની જરૂર નથી; તું પાછી તારા કમરામાં ચાલી જા, અને મને મારી મરજી મુજબ આ બાબત પતવી લેવા દે."

"માઈકેલ, વહાલા, મારે આ બાબતમાં કંઈક કહેવાનું છે; તમે સાંભળશો પણ નહિ?"

"ના, ના, ના; આ બાબત અંગે કશું પણ નહિ."

"મારે એક વાત કહી દેવી છે; તમે એક મિનિટ મને આપો."

"એક સેકંડનો અર્ધો ભાગેય નહિ! આ સિવાય બીજી કંઈ જે વાત કહેવી હોય તો બમણી મિનિટો તને એ માટે આપું છું, અને એવી ખાતરી પણ કે તારા માગતા પહેલાં તે તને મળી ગઈ, એમ જાણી રાખજે."

"પણ મને આ કિસ્સાની બાબતમાં કેમ કશું જ બોલવા દેતા નથી?"

"કારણકે, મેં એ બિચારાને નજરે પણ જોયો નથી; છતાં તું કદી પણ તેને અંગે કશું જાણી શકે, તે કરતાં હું ઘણું વધારે જાણું છું. અને તારું પ્રેમળ હૃદય ભલે પોતાપૂરતું સિંહ જેવું બહાદુર હશે, પણ મારા ઉપરના જોખમની વાત વિચારતી વેળા તે હરણથી પણ વધુ ડરપોક બની જાય, એ સ્વાભાવિક છે. તને મારા ઉપરનું જોખમ હોય તે કરતાં ઘણું વધારે મોટું જ લાગે. માટે તું અહીંથી ચાલી જ જા — એમ હવે તો હું હુકમ કરીને કહું છું!"

ગ્રીબા હજુ વધુ આનાકાની કરત, પણ હજૂરિયણે આવીને ખબર આપી કે, ભોજન તૈયાર થયું છે, માટે જમવા પધારો.

૩

ભોજન પૂરું થયા બાદ માઈકેલ સન-લૉક્સે ગ્રીબાને કંઈક ગાઈ સંભળાવવા ખૂબ આગ્રહ કર્યો. તે મુજબ ગ્રીબા ગાતી હતી, તેવામાં હજૂરિયણે આવીને પાછી ખબર આપી કે, સ્પીકર આવ્યા છે.

સ્પીકરે અંદર આવીને કાગળ આગળ ધરતાં કહ્યું કે, "સારી વસ્તુ ભલે સમયસર ન થાય, તો પણ જ્યારે કરીએ ત્યારે સારી જ કહેવાય. આ માફીપત્ર છે, તેના ઉપર સહી કરી દો."

ગ્રીબા તરત જ બોલી ઊઠી, "માઈકેલ, હું આજીજી કરીને કહું છું કે, એ કાગળ ઉપર સહી ન કરશો. મેં કદી પહેલાં તમારી પાસે

કાંઈ માગ્યું નથી; અને હું ફરી કદી કશું માગીશ પણ નહીં. હું આગ્રહ-પૂર્વક કહું છું, માઈકેલ વહાલા, તમે તમારે કારણે નમતું મૂકવા તૈયાર ન હો, તો મારે કારણે પણ આટલું નમતું મૂકો."

"આ બધું શું છે? આ બાબતમાં આટલું ગંભીર બની જવા જેવું શું છે?" માઈકેલ સન-લૉક્સ હાથમાં કલમ પકડતાં બોલી ઊઠયો.

"હું જાણું છું કે, મને આ બાબતમાં માથું મારવાનો કશોય અધિકાર નથી; છતાં હું કહું છું, વહાલા માઈકેલ, કે એ માફીપત્ર ઉપર સહી ન કરશો – એ માણસને અહીં પાછો ન લાવતા – હું આજીજી કરું છું."

"આ તો બહુ વિચિત્ર કહેવાય." માઈકેલ સન-લૉક્સ ગણગણ્યો.

"અને એટલું જ સીધુંસાદું પણ છે," જજ આંખે રૂમાલ લગાવતો બોલી ઊઠયો.

"ગ્રીબા, તું આ માણસને – જૅસનને ઓળખે છે?" માઈકેલ સન-લૉક્સે પૂછયું.

"ગ્રીબા ક્ષણભર ખચકાઈ; તેણે સ્પીકર સામે નજર કરી.

"તું એ માણસને ઓળખે છે?" માઈકેલ સન-લૉક્સે ફરીથી પૂછયું.

ગ્રીબા અંતરાત્મામાં ભારે મથામણ અનુભવવા લાગી : તેને જૂઠું બોલવાનું પ્રલોભન થઈ આવ્યું, અને તે તેમાં સપડાઈ પણ ખરી. "મારા પતિને ખાતર આટલું જૂઠું બોલવામાં શું વાંધો છે? ભગવાન મારું એટલું પાપ જરૂર ક્ષમા કરશે." એવો વિચાર કરતાંકને તે બોલી પડી, "ના રે ના; હું તેને શી રીતે ઓળખું વળી? હું તેને હરગિજ નથી ઓળખતી."

માઈકેલ સન-લૉક્સને હવે સંતોષ થયો. તેણે કલમ ખડિયામાં બોળવા હાથ લંબાવ્યો.

તરંત જ ગ્રીબા બોલી ઊઠી, "હું ફરીથી તમને વિનંતી કરું છું કે, એ માણસને અહીં પાછો ન લાવશો."

ફરી પાછી ચુપકીદી છવાઈ ગઈ. સ્પીકરે એ દૂર કરવાના ઇરાદાથી ગ્રીબાને સંબોધીને કહ્યું, "તમારા પતિ બહુ બહાદુર માણસ છે; એ ભયનું નામ પણ જાણતા નથી."

માઈકેલ સન-લૉક્સ હવે માફીપત્ર જજ પાસે રહેવા દઈ, તેમની ક્ષમા માગી, ગ્રીબાને જુદા કમરામાં બોલાવી ગયો.

"ગ્રીબા, વહાલી, તું મારી આટલી ફિકર કરે છે, એ જાણી મને આનંદ જ થાય છે; પણ એક વાત તું નથી જાણતી, તે હવે મારે તને કહેવી જોઈએ. કદાચ મેં તારી ઉપરના પત્રામાં તેનો ઉલ્લેખ કર્યો હતો; પણ પૂરતો ખુલાસો કરવાની હજુ એક પણ તક મને મળી નથી. તેં સાંભળ્યું છે ખરું કે આ જેસન મારો ભાઈ થાય છે?"

"હા."

"અને તું એ પણ જાણે છે કે, હું અહીં આઈસલૅન્ડમાં પહેલવહેલો આવ્યો, તે લૅટિન સ્કૂલમાં જોડાવા નહીં, પણ મને એક સંપેતરું સોંપવામાં આવ્યું હતું તે માટે આવ્યો હતો: મારે પહેલપ્રથમ જૅસનની માને શોધી કાઢવાની હતી, અને પછી જૅસનને પોતાને."

"જૅસનને?"

"હા, મારા બાપુએ જ મને મોકલ્યો હતો; મારા બાપુને છેવટના પસ્તાવો થયો હતો કે, તેમના વાંકે એ બે જણને ઘણું ઘણું સહન કરવું પડ્યું છે. મારે તેમને મદદ પહોંચાડવાની હતી અને દુ:ખમુક્ત કરવાનાં હતાં. પણ પછી શું થયું તે તો તું જાણે છે. મા તો હું આવ્યો ત્યારે કબરમાં પોઢી ગઈ હતી. એનો છોકરો મને જડ્યો નહિ; અને તે પણ મરી ગયો છે એવી અફવાને મેં સાચી માની લીધી. પછી તો મેં એની તપાસ પડતી મૂકી, અને મારા બાપુને આપેલા વચનને ભૂલી, હું મારા પોતાના કામકાજમાં જ પડી ગયો. જોકે, મારા અંતરમાં હું માનતો જ હતો કે, જેસન મરી ગયો નથી, અને કોઈક ને કોઈક દિવસ હું તેને ભેગો થવાનો જ છું. મારા બાપુ

ભલે ખરાબ માણસ હતા, છતાં મને તો મનમાં તેમને આપેલું વચન અવારનવાર ડંખ્યા જ કરતું હતું. એટલે હવે, વહાલી ગ્રીબા, તું સમજી શકશે કે, હું શાથી એ માફીપત્ર ઉપર સહી કરવા તૈયાર થયો છું. મારો ભાઈ ગંધકની ખાણોમાં જાનવરની પેઠે ગુલામી કરતો રહે, અને હું અહીં તારી સાથે એક ક્ષણ પણ સુખે શી રીતે રહી શકું? તેને મારા ઉપર વેરભાવ ઊપજ્યો હોય, તો તે સ્વાભાવિક છે; અને તેથી મને મારી નાખવાનો ગાંડો વિચાર તેને આવ્યો પણ હોય. પરંતુ તેમાં તે સાચો હોય કે ખોટો, પણ મારે કારણે તેને હું સજા નહિ થવા દઉં. મને તેનો જરા પણ ડર નથી, અને તારે પણ જરાય ડર રાખવાનો નથી."

ગ્રીબા હવે રડી પડી. તે બોલી, "તમારા જેવા માણસની પત્ની થવાને હું લાયક નથી. હું બહુ નાના મનની છું. હું અહીં આવી જ શા માટે? સન-લૉક્સ હું જૂઠું બોલી છું."

"જૂઠું બોલી છે?"

"હા; જ્યારે મેં કહ્યું કે, હું જૅસનને ઓળખતી નથી, ત્યારે હું સાચું બોલી નહોતી."

"તો તું એને ઓળખે છે?"

"હા; મૉન-ટાપુમાં તે હતો ત્યારથી."

"મૉન-ટાપુમાં?"

"તે ત્યાં પાંચ વર્ષથી આવ્યો હતો. તમે જે રાતે અહીં આવવા હંકારી ગયા, તે જ રાતે તે મૉન-ટાપુમાં આવ્યો હતો."

"તે મૉન-ટાપુમાં શા માટે આવ્યો હતો? પણ તને શી ખબર હોય? મારો એ સવાલ નકામો છે."

"તે શા માટે આવ્યો હતો તે હું જાણું છું — તેણે પ્રતિજ્ઞા લીધી હતી — તમારા બાપુને અને તમને મારી નાખવાની. અને એ પ્રતિજ્ઞાનું પાલન કરવા તે મૉન-ટાપુમાં આવ્યો હતો."

"ભલા ભગવાન! મારા બાપુ તે રાતે દરિયાઈ હોનારતમાં ગુજરી ગયા એ સારું જ થયું; નહિ તો પોતાના પુત્રને હાથે તેમના જાન જાત!"

"પણ એણે જ તમારા બાપુને એ હોનારતમાંથી હેમખેમ બચાવી આણ્યા હતા!"

"થોભ, થોભ એ વાત પછી કરજે;" માઈકેલ સન-લૉક્સ બોલી ઊઠ્યો. "તેં અદાલતમાં તેની ઉપર મારા જાન લેવાની કોશિશ કરવાનો આરોપ મૂક્યો, ત્યારે તું એની એ પ્રતિજ્ઞાની વાત જાણતી હતી?"

"હા." ગ્રીબાએ નાછૂટકે જવાબ આપ્યો.

"એણે જ એ પ્રતિજ્ઞાની વાત તને કરી હતી?"

"હા; અને તેણે પોતાની એ પ્રતિજ્ઞાની વાત કોઈને ન કરવાનું વચન મારી પાસે લેવરાવ્યું હતું; પણ મારા પોતાના પતિથી હું એ વાત ગુપ્ત રાખી ન શકું."

"પણ આખી દુનિયામાં તને જ તેણે પોતાની પ્રતિજ્ઞાની એ ગુપ્ત વાત કહી દીધી, એ બહુ વિચિત્ર કહેવાય."

"પણ બદલામાં તેણે મને પોતાનો પાપી ઈરાદો સદંતર ત્યાગવાનું વચન પણ આપ્યું હતું." ગ્રીબા પોતાના શબ્દો કઈ તરફ વાતને લઈ જાય છે, એ વિચાર્યા વિના બોલી ઊઠી.

"એ વસ્તુ વળી વધુ વિચિત્ર છે," માઈકેલ સન-લૉક્સે કહ્યું. "પણ ગ્રીબા, તું જેસનને ઓળખતી નથી, એવું તેં હમણાં જ પેલા કમરામાં મને શા માટે કહ્યું?"

"ત્યાં સ્પીકર હાજર હતા એટલે."

"પરંતુ સ્પીકર હતા માટે પણ એમ બોલવાની શી જરૂર?"

"કદાચ મારા વિષે ખોટી અફવાઓ ફેલાય અને તેથી મારા પતિના નામને બટ્ટો લાગે. પ્રેસિડન્ટની પત્ની વિષે ગમે તેવી વાતો ચાલે, એ તો સારું ન જ કહેવાય!"

"પણ મારી પત્ની એ બિચારા જુવાનિયાને ઓળખે છે, એ હકીકતથી મારા નામને શી રીતે બટ્ટો લાગે, વળી?"

"પણ માઈકેલ, તમે આવા સવાલો મને શા માટે પૂછો છો?" ગ્રીબા હવે ગભરાઈને પૂછી બેઠી.

માઈકેલ સન-લૉક્સે એ પ્રશ્નનો જવાબ આપવાને બદલે ગ્રીબાના મોં તરફ તીણી નજર ફેંકીને કહ્યું, "તારે ને જેસનને કશો જ સંબંધ ન હતો?"

ફરી ગ્રીબા જવાબ આપતાં ખચકાઈ. તેણે માત્ર એટલું જ કહ્યું, "વાહ, એને ને મારે વળી શો સંબંધ હોય?"

પણ માઈકેલ સન-લૉક્સે જરા પણ ધીમા પડયા વિના પૂછ્યું, "તો મારે એમ માની લેવું કે તારે ને તેને કશી જ લેવાદેવા ન હતી?"

ગ્રીબા હવે માઈકેલ સન-લૉક્સને લાડથી વહાલ કરતી કરતી એટલું જ બોલી, "મારા પતિ સિવાય બીજા કોઈ પુરુષ સાથે મારી કશી જ લેવાદેવા ન હોય!"

"તારે ને તેને કશો જ સંબંધ ન હતો, ખરું?"

"ના." ગ્રીબાએ મક્કમતાથી માથું ઉછાળીને જવાબ વાળ્યો.

પણ તે જ ઘડીએ પેલી અંગ્રેજ હજૂરિયણ ખબર લાવી કે, "છ મોટા જંગી અંગ્રેજો અહીં પહેલાં આવ્યા હતા, તેઓ પાછા ફરી આવ્યા છે. તેઓને હવે મારા માલિકને મળવું છે — માલિકણને નહીં, એમ તેઓ જણાવે છે."

તરત જ ગ્રીબાની મક્કમતા હવામાં ઊડી ગઈ; અને તે પાછી ઢીલી પડીને કરગરી ઊઠી, "એ લોકો પાસે ન જતા — તેમની કશી વાત ન સાંભળતા."

"તેઓ કોણ છે?"

"મારા ભાઈઓ છે. તેઓ મારે વિષે કંઈ જૂઠી વાતો કહી,

મારા ઉપર બદલો લેવા માગે છે. હું તમને બધી વાત કરીશ, એટલે તમે ખૂબ હસશો; પણ તેમને તમે સીધા મળવા ન જતા."

"પણ મને જ તેઓ મળવા માગતા હોય તો તેમને મળવામાં શો વાંધો છે?" એમ કહેતાકને માઈકેલ ગ્રીબાની પકડમાંથી છૂટો થઈ બહાર ગયો.

૪

તે બહાર ગયો ત્યારે કોઈ અગમ્ય ડરથી કંપતો – ભૂંડા ઓથારમાં પડયો હોય તેમ ગયો હતો; પણ તે પાછો આવ્યો ત્યારે પોતાના બધા ભય સાચા પડયા હોય તેવો બનીને આવ્યો. એક કલાકમાં તો તેનો ચહેરો ખાસો ઘરડો બની ગયો હતો. તે ખભા આગળથી નીચો લચી પડયો હતો. ગ્રીબા તેને જોતાં જ કરુણ ચીસ પાડી ઊઠી. તે તરત જ તેની સામે દોડી અને બોલી, "માઈકેલ, મારા પતિ, તેઓએ તમને એવું તે શું કહ્યું, જેથી તમે છેક આમ ભાગી પડયા જેવા થઈ ગયા છો?"

માઈકેલ સન-લૉક્સે પ્રથમ તો શૂન્ય નજરે ગ્રીબા સામે જોયું; પછી તેણે પોતાના હાથમાંનો કાગળ પોતાની પીઠ પાછળ છુપાવી દેવાનો પ્રયત્ન કર્યો.

"એ શું છે? મને બતાવો." ગ્રીબાએ આગ્રહપૂર્વક વિનંતી કરી.

"કશું જ નથી, કશું જ નથી."

"પણ તેઓએ શું કહ્યું, તે મને કહો તો ખરા!"

"તેઓ કહે છે કે, તું જેસનને ચાહતી હતી – પ્રેમ કરતી હતી – તેને પરણવાની જ હતી."

ગ્રીબાએ હવે પોતાના પતિ ખાતર – પોતાનો પતિ કશી વજૂદ વિના પોતાના હાથમાંથી ચાલ્યો ન જાય તે માટે – ગમે તેવું જૂઠું બોલવાનો નિશ્ચય કરી લીધો. તેણે તરત જ જવાબ આપ્યો કે, "એ હડહડતી જૂઠી વાત છે."

માઈકેલે 'હે ભગવાન!' એટલો નિસાસો નાખી, ગ્રીબા તરફ પૂંઠ ફેરવી.

એ કમરામાં એક સગડી ધખધખ સળગતી હતી. માઈકેલે તેની પાસે જઈ, પોતાના હાથમાંનો કાગળ તેમાં નાખી દીધો.

"એ તમે શું બાળી નાખો છો?" એમ કહેતી ગ્રીબા તરત કૂદી; અને સગડીમાં હાથ નાખી તેણે બળવા લાગેલો એ કાગળ ઉપાડી લીધો. તેની આંગળીઓ દાઝી ગઈ; પણ તે જોઈ ગઈ કે, એ તો તેણે જેસન માટે લખેલો અને પછી પાછળ પડતો મૂકેલો કાગળ હતો. ગ્રીબાને માઈકેલ સન-લૉક્સની બધી હતાશા એક ક્ષણમાં સમજાઈ ગઈ.

હતાશ થઈને એક ખુરશી ઉપર બેસી પડેલા પતિની આગળ ઘૂંટણિયે પડીને ગ્રીબા બોલી, "માઈકેલ, હું બધું સાચેસાચું કહી દઉં છું—સાંભળો. હું જેસનને પરણવાની હતી એ વાત સાચી છે; પણ હું એને ચાહતી હતી, એ વાત હરગિજ સાચી નથી. મારો તેના પ્રત્યે આદરભાવ હતો. તે બહુ બહાદુર અને ઉદાર દિલનો જુવાન હતો. મારી માતાના મૃત્યુ પછી, મારા પિતા ચાલ્યા ગયા પછી, અને તમારા તરફથી વર્ષો વીત્યા છતાં કશા સમાચાર આવતા ન હતા તે વેળા, મારા ભાઈઓ જ્યારે મારા પ્રત્યે નાલાયકી અને અમાનુષી વર્તાવ દાખવી રહ્યા હતા તે આફતને સમયે તેણે જ મને ઓથ આપી હતી. એની ભલમનસાઈ અને સહાનુભૂતિનો બદલો આપવાનું બીજું કંઈ સાધન મારી પાસે ન હોવાથી, કૃતજ્ઞતાના ભાવથી પ્રેરાઈને જ મેં તેની પ્રેમની માગણી સ્વીકારી, અને તેને પરણવાનું મેં કબૂલ રાખ્યું. પણ એ જ ઘડીએ મારી પાસેથી વિદાય થતી વેળા તેણે ટપાલમાં આવેલો તમારો પત્ર મને આપ્યો. તે વાંચ્યા બાદ બીજે દિવસે મેં તેને મને તેના બંધનમાંથી મુક્ત કરવા વિનંતી કરી. તેણે મને મારા કોલમાંથી મુક્ત

કરી, એટલે જ હું અહીં તમારી પાસે આવી, તે પહેલાં નહીં. આ જ સાચી વાત છે — એમાં અસત્યનો લવલેશ પણ નથી."

"તો પછી તેં આ વાત મને પહેલેથી કેમ ન કરી? અને અત્યારે જ્યારે પરાણે તારી પાસેથી કઢાવી ત્યારે જ કેમ કહેવા તૈયાર થઈ?"

"પણ તેથી મેં તમને અત્યારે જે કહ્યું તે ખોટું છે, એમ તમે કહેવા માગો છો?"

"ભગવાન જાણે, મારે શું સાચું માનવું અને શું નહિ!"

"પણ તમે મારા ભાઈઓએ કહેલી વાત જ સાચી માનશો? એ લોકો તો તમને છેતરવા જ અહીં આવ્યા છે."

"પણ હું જે પત્નીને આટલી ચાહતો હતો, તેણે પણ મને છેતર્યા જ કર્યો છે ને!"

ગ્રીબા હવે સ્વાભિમાનથી એકદમ ટટાર થઈ ગઈ અને મક્કમ અવાજે બોલી, "ભલે, પણ તેઓએ તમને શી વાત કહી છે, તે તો મને કહો."

"એ જ કે, તું જૅસનને ચાહતી હતી અને પરણવાની હતી; મારો કાગળ તને ન મળ્યો હોત તો તું જૅસનની જ પત્ની બની હોત. તેં એને કેદમાં પુરાવ્યો તેનું કારણ હવે મને બરાબર સ્પષ્ટ સમજાઈ જાય છે. તેણે મારી ઉપર વેર લેવાની કરેલી વાત તું જાણતી હતી. એના કરતાં વધુ તવંગર અને પ્રતિષ્ઠિત એવા મને પરણવા માટે તેને છાંડીને તું અહીં ચાલી આવી, ત્યારે તે તારી પાછળ પાછળ તારી ઉપર વેર લેવા માટે આવ્યો. પણ તું એની મને જાનથી મારી નાખવાની પ્રતિજ્ઞા જાણતી હતી, તે તેં તારી પોતાની જાતને તેના વેરમાંથી બચાવી લેવા માટે એની સામે વાપરી. તે એ વાતની ના પાડી શકે તેમ ન હતો, એટલે એ બહાદુર જુવાનિયે એ બાબતમાં પોતાનો કશો બચાવ કર્યો નહિ. જોકે, તેણે ધાર્યું હોત તો, તું એને પરણવા તૈયાર થઈ હતી અને તેને છોડીને નાસી આવી છે એનું વેર લેવા જ તે અહીં આવ્યો છે,

એ વાત કહીને તે તારી બદનામી ભર અદાલતમાં કરી શકત. પણ એ બહાદુર જુવાને તેમ પણ કર્યું નહિ. પણ જ્યારે હું એ જુવાનને માફી બક્ષવાના હુકમ ઉપર સહી કરવા જતો હતો, ત્યારે તું જ મારો હાથ શા માટે રોકી રહી હતી?—મારો જાન ખતરામાં હતો તે માટે? —ના; તે અહીં આવે અને તારું પોગળ ઉઘાડું પડી ન જાય તે માટે!"

ગ્રીબા તરત જ ગુસ્સાથી ચમકતી આંખોએ તેની સામે જોતી બોલી ઊઠી, "બધું જૂઠ્ઠું છે! એ જુવાનને અહીં બોલાવશો, તો એ પોતે જ એ વાતની ના પાડશે. મને ખાતરી છે, એ બહાદુર માણસ છે. હવે તો હું જ તમને કહું છું, તમે તેને અહીં જ બોલાવી મંગાવો—તે જ આપણા સાચા-જૂઠાનો ન્યાય તોળશે."

"ના; હું તેને અહીં નહીં જ બોલાવું; તે મારા પ્રેમનો હરીફ છે."

પણ એટલામાં બારણે ટકોરો પડ્યો અને સ્પીકરે અંદર દાખલ થઈને પૂછ્યું, "માફ કરજો; પણ આ માફીપત્ર ઉપર તમે અત્યારે સહી કરવા માગો છો કે હવે આવતી કાલ ઉપર એ વાત મુલતવી રાખીશું?"

"હું એ માફીપત્ર ઉપર સહી કરવાનો જ નથી," માઈકેલ સન-લૉક્સ બોલી ઊઠ્યો; પણ બીજી ક્ષણે જ તે બોલ્યો, "થોભો, થોભો! એ બિચારાનો શો વાંક છે? તે શા વાંકે દુઃખ ભોગવે?"

તરત જ તેણે કલમ ઉઠાવી, માફીપત્ર સ્પીકરના હાથમાંથી લઈ, તેના ઉપર ઉતાવળે સહી કરી દીધી; અને કહ્યું: "એ માણસ તરત જ મુક્ત થાય, એ જોજો."

સ્પીકર એક શબ્દ પણ બોલ્યા વિના એ કમરામાંથી ચાલતો થયો.

૧૨
શંકા
૧

જ્યારે ફેરબ્રધર-ભાઈઓ રાજભવનમાંથી પોતાની બહેનનો સર્વનાશ કરીને બહાર નીકળ્યા, ત્યારે જૅકબને તો પોતાની કામગીરીથી સંપૂર્ણ સંતોષ થયો, પણ તેના ભાઈઓ જુદો જ રાગ આલાપવા લાગ્યા.

"માઈકેલે આપણી વાત પૂરેપૂરી માની લીધી હોય એમ લાગ્યું નહિ." થર્સ્ટન ગણગણ્યો.

"અરે, મેં એને પેલો કાગળ આપ્યો, ત્યારે એનું મોં કેવું થયું હતું તે નહોતું જોયું?" જૅકબે સામો વાંધો ઉઠાવ્યો.

"પણ પેલી એને સમજાવી દેશે કે, એક કાગળ તેણે લખ્યો જ નથી, એટલે પછી બધું પતી જશે!" થર્સ્ટને દલીલ કરી.

"પણ હવે તો એ કાગળ પણ આપણી પાસે નથી રહ્યો; અને આપણા હાથમાં અત્યાર સુધીમાં શું આવ્યું?" સ્ટીને બળાપો કર્યો.

"અરે એ કાગળ આપવા બદલ આપણો સામાન્ય આભારેય પેલાએ ક્યાં માન્યો? — મોટો દલ્લો આપવાની વાત તો પછી!" રૉસ ધૂરકયો.

"હું તો હંમેશ એમ જ કહેતો આવ્યો છું. આપણા પાંત્રીસ પાંત્રીસ પાઉંડ તો દરિયામાં જ ગયા એમ જાણી રાખો." ઍશરે સમારોપ કર્યો.

જૅકબ તુચ્છકારભર્યું હસીને બોલ્યો, "જુઓ, તમને એમ લાગતું હોય કે મારી યોજનામાંથી કશું નીપજ્યું નહિ કે નીપજવાનું નથી,

તો ડબ્લિન તરફ ભરતી વખતે ઊપડવા જહાજ બંદરમાં તૈયાર ઊભું છે. તમારામાંનો જે ઘેર પાછો ફરવા માગતો હોય, તે દરેકને તેણે ખરચેલા પાંત્રીસ પાઉંડ હું ગણી આપવા તૈયાર છું; પછી તે ને હું આ ધંધામાંથી છૂટા !"

બધા ભાઈઓ જવાબમાં 'હં' ને 'હેં' કરવા માંડી ગયા. છેવટે ઑથરે જવાબ આપ્યો, "તો શું અમે અહીં આવવામાં જે વખત બગાડયો તે ફોગટનો ગણવો એમ? જમીનો બધી મહિનાઓથી પડતર રહી, માણસોના પગાર ચાલુ રહ્યા, એ બધા પેટે પાંચ-પચીસ કાંકરા ગણી લઈને અમે સંતોષ માનીએ?"

"તો તમારે નથી જોઈતા એમ માની લઉં ને?" જૅકબે પૂછયું.

"નથી જોઈતા, વળી."

"તો ખાલી ગણગણાટ અને કચવાટ કરવાનું રહેવા દો," જૅકબે ગર્જના કરી.

સ્ટીન બધા ભાઈઓને સંબોધીને હવે બોલ્યો, "અલ્યા ચૂપ મરો, એના ભેજામાં હજુ કોઈ તરકીબ રમે છે ખરી!"

૨

બીજી સવારે માઈકેલ સન-લૉક્સ લગભગ શૂનમૂન થઈ પોતાની ઑફિસમાં બેઠો હતો. ઓસ્કરને તે વારંવાર સંદેશા લઈને બહાર મોકલતો, પણ પાછું યાદ ન રહેવાથી તેને બૂમ પાડયા કરતો. જે કંઈ લખાણ તે કરતો, તે બે બે ત્રણ ત્રણ વાર ફરી ફરીને લખવા છતાં પૂરું થતું જ નહિ. વારંવાર તેના હાથની કલમ થોભી જતી અને તે શૂન્યપણે બારી બહાર કશું જોતો હોય કે કશો અવાજ સાંભળતો હોય તેમ તાકી રહેતો.

બપોર થવા આવ્યા, ત્યારે ફેરબ્રધર-ભાઈઓ તેને મળવા આવ્યા. માઈકેલ સન-લૉક્સે કશું બોલ્યા વિના માથું નમાવીને જ તેમને આવકાર આપ્યો.

"અમે લોકોએ આપને તરત જ ફરી મળવા આવવાની ધૃષ્ટતા કરી છે; કારણકે અમે લોકો જમીન-જાગીરવાળા છીએ અને તેનું કામકાજ ભૂલવું હોય તોપણ ભૂલી શકાય નહીં. એટલે અમારે બધાએ — મારે એકલાને જમીન નથી એ જુદી વાત છે, અને તેનું કારણ પણ જુદું છે — પણ હવે અમારે બધાએ અમારી જમીનો સંભાળવા તરત પાછા પહોંચવું જોઈએ. અહીં આમ આવવામાં અમારી એક ફસલ તો બગડી જ છે; પણ આપણને જે કાંઈ કામ કરવા જેવું લાગે તે આપણે કરીએ એમાં કોઈ ઉપર આપણે ઉપકાર નથી કરતા. પછી ભલે આપણને નુકસાન જાય અને બદલામાં કશુંય ન મળે." જૅકબે શરૂ કર્યું.

માઈકેલે ડોકું હલાવીને જ જવાબ વાળ્યો.

"અમારી બહેન પહેલેથી જ એવી નગુણી છે; – જે તેનું કંઈ હિત વિચારે કે ભલું કરવા જાય, તેને જ તે સંતાપે. પણ અમારી જેમ તમારે પણ એના નગુણાપણાથી દુ:ખી થવાનું આવ્યું, એ જાણી અમે ખરેખર દિલગીર છીએ" જૅકબે ઉમેર્યું.

"એ બાબત એક શબ્દ પણ બોલવાની જરૂર નથી; તમારે શું કામ છે — તમારે શું જોઈએ છે, એ જ બોલી નાખો."

"જોઈએ છે? આ તે કંઈ પૂછવાની રીત છે, ભલા?" જૅકબ ઉપરથી દુ:ખ બતાવતો હોય એમ બોલ્યો. જોકે, વાતને પોતે ધારેલા મુદ્દા ઉપર જ જલદી આવતી જોઈ, તેને આનંદ જ થયો હતો.

"માણસ ભલે ગરીબ હોય; પણ ગરીબ માણસનેય લાગણીઓ હોય." ઑશરે ભાઈને ટેકો આપ્યો.

"તમે ગરીબ હો કે તવંગર, મારે એ સાથે કશી નિસબત નથી; તમારે શું જોઈએ છે તે બોલી નાખો." માઈકેલ સન-લૉક્સ ત્રાડી ઊઠયો.

"અમે તો એટલું જ કહેવા આવ્યા છીએ કે, અમે આ બધું ગુપ્ત જ રાખીશું." જૅકબે એ શબ્દ ઉપર ભાર મૂકીને કહ્યું.

"હા, ગુપ્ત જ રાખીશું વળી," બીજાઓ પણ બોલ્યા.

"એ તો તમારે વિચારવાની વાત છે." માઈકેલ સન-લૉક્સે ટૂંકો ને ટચ જવાબ આપી દીધો.

"અને અમારી પાસે એ વાત પૂરી સહીસલામત પણ રહેશે. કારણકે અમે અમારી બહેનની જ બદનામી બહાર શા માટે કહેતા ફરીએ? એ તો બિન-કુદરતી જ ગણાય; અને પાછી તે પ્રેસિડન્ટ-સાહેબ જેવાની પત્ની છે."

"ના રે ના; આપણી બહેનનું તો ઠીક, પણ પ્રેસિડન્ટ-સાહેબની બદનામી તો ન જ થવી જોઈએ." બીજા ભાઈઓએ સમર્થન કર્યું.

"છોકરી હોય તે પરણતા પહેલાં કોઈકની સાથે કંઈ લબદામણમાં આવી પણ ગઈ હોય, પરંતુ તેથી એ બાપડીની એ બધી વાત આખી દુનિયામાં ફેલાવવાની શી જરૂર? અને લોકો કહે છે કે, એક ભૂલ તો ભગવાનેય માફ કરે." જેકબ બોલ્યો.

"ચૂપ રહો; તમે જો આ વાત જ કરવા આવ્યા હો, તો આ મુલાકાત લંબાવવાનું કાંઈ કારણ નથી." માઈકેલ સન-લૉક્સ તડૂકયો.

"પણ આઈસલૅન્ડના પ્રેસિડન્ટ એક ભ્રષ્ટ સ્ત્રીને પરણ્યા છે, એવું જાહેર થાય એ તો ઠીક ન જ ગણાય ને?" જેકબ પોતાનો અવાજ બદલીને બોલ્યો; "માટે, ગઈ કાલે મેં તમને આપેલો પેલો કાગળ મને પાછો આપી દો."

"તમારે એ કાગળની ચિંતા કરવાની જરૂર નથી; એ કાગળથી હવે કોઈની કશી બદનામી નહિ થાય — મેં મારે હાથે તેને બાળી નાખ્યો છે."

"બાળી નાખ્યો? વાહ, એ કાગળ તો બહુ કીમતી હતો — હું તો પાંચસો પાઉંડ લઈનેય કોઈને તે કાગળ ન આપું." જેકબ મોટેથી બોલી ઊઠયો.

માઈકેલ સન-લૉક્સ હવે વધુ સહન કરી શકયો નહિ. તેણે જોરથી ટેબલ ઉપર મુક્કી મારીને કહ્યું, "આ બધું નાટક બંધ કરો; — તમારે પાંચસો પાઉંડ જોઈએ છે ને ?"

"કાગળ એટલી કિંમતનો હતો જ — એમાં શી શંકા છે ?" જેકબે આડકતરી રીતે હકારમાં જવાબ વાળ્યો.

"અને હું જો તમને એટલા પાઉંડ ન આપું, તો તમે બહાર એવો પ્રચાર કરશો કે, પ્રેસિડન્ટ કોઈ ભ્રષ્ટ સ્ત્રીને પરણ્યો છે, ખરું ને ?"

"વાહ, અમે એમ ક્યારે કહ્યું વળી ?" જેકબે જવાબ આપ્યો.

"ભલે કશું નથી બોલ્યા; પણ તમારે પાંચસો પાઉંડ જોઈએ છે, એ તો ખરી વાત ને ?"

"કાગળ એટલો કીમતી હતો જ."

"જવાબ આપો, તમારે પાંચસો પાઉંડ જોઈએ છે, ખરું ને ?"

"કાગળની કિંમત પૂછો તો એટલી કહેવાય જ; અને તે અમને મળવી જોઈએ."

"તો તો તમને છ-પેન્સ પણ નહિ મળે. તમે જે કામ કર્યું તે માટે હું તમને પૈસા આપીશ, એમ તમે માનો છો ? તો એટલું સાંભળી લો કે, તમે તમારી બહેન વિષે જે ખરાબ સમાચાર લાવ્યા, તે ન લાવ્યા હોત, તો મારી પાસે આખી દુનિયાની મિલકત હોત તોપણ તમને મારી પ્રિય પત્નીના ભાઈઓ તરીકે આપી દેતાં હું પાછી પાની ન કરત."

"આ બધું બોલવાનો કંઈ અર્થ નથી, મહેરબાન. હવે કાગળ બાળી નાખ્યો છે અને કશું જોખમ તમારે માથે નથી રહ્યું, એટલે એવું બોલી શકો છો. પણ તમેય સાંભળી લો કે, મને પાંચસો પાઉંડ નહીં મળે, ત્યાં સુધી હું આઈસલૅન્ડ છોડવાનો નથી, અને આખું આઈસલૅન્ડ એ વાત જાણતું થઈ જશે."

"તમારે જે કહેવું હોય તે કહેતા ફરજો; અને કરવું હોય તે કરી લેજો; પણ ફરી તમે જો આ ઘરમાં પગ મૂક્યો, તો બદનક્ષી કરી પૈસા કઢાવવા તાકવા બદલ તમને સૌને હું જેલભેગા જ કરી દઈશ." માઈકેલ સન-લૉક્સે છેવટની વાત સુણાવી દીધી.

૩

ફેરબ્રધર-ભાઈઓ રાજભવનની બહાર નીકળ્યા, ત્યારે જેકબનું મોં તો કાળું ઠણક જ થઈ ગયું હતું; અને થર્સ્ટનની કાંઈક રાજીપાના ભારેલા અગ્નિ જેવી લાલચોળ આંખો બરફને વીંધે તેમ તેને વીંધવા લાગી હતી. તેણે જેકબને "પાજી", "બેવકૂફ", "ધાંધો", "ગમાર" વગેરે જેટલાં વિશેષણો તેને આવડતાં હતાં તે બધાંથી નવાજવા માંડયો.

બીજા ભાઈઓ જેકબને સીધો ઉલ્લેખવાનું છોડી, આખા પ્રસંગ વિષે પોતપોતાના અભિપ્રાય વ્યક્ત કરવા લાગ્યા.

જૉન બોલ્યો, "નવાઈની વાત તો એ છે કે, પેલાને મા'ળાને પોતાની પત્નીની બદનામીની જરાય પડી હોય એમ જ લાગતું નહોતું."

"અરે એના જેવા જાનવરને બદનામી શું કે આબરૂ શું? તેની મા કોણ હતી તે તો જાણો છો ને? મા તેવો દીકરો!" રૉસે જવાબ વાળ્યો.

"એના કરતાં તો ગ્રીબાડી જેસનને પરણી હોત તો સારું થાત; હું હંમેશ એમ જ કહેતો આવ્યો હતો." ઑશરે ઉમેર્યું.

"આ પ્રેસિડન્ટ જેવા નાલાયકોને જાત સિવાય બીજા કશાની પડી હોતી નથી. જાત – પોતાની જ જાત, એટલે જાણે બધું તેમાં આવી ગયું – બીજા સગાવહાલા કંઈ નહિ!" સ્ટીને ઉમેર્યું.

"એવા સ્વાર્થીઓ ઉપર લ્યાનત હજો."

"નર્યો લાગણીહીન રાક્ષસ!" રૉસે ઉમેરો કર્યો.

આમ માઈકેલ સન-લૉક્સના નામ ઉપર લ્યાનત વરસાવીને આ ભલા માણસોએ પોતાનો પુણ્યપ્રકોપ ખાલી કર્યો.

"દીકરાઓ," હવે ખંધા થર્સ્ટને મર્મવાણી ઉચ્ચારી, "ભલે એને પેલી છોકરીની આબરૂ-બેઆબરૂ વિષે પરવા નહીં હોય; પણ એને પોતાની ખુરસીની તો પરવા હશે ને! ત્યાં સુધી શો વાંધો છે?"

"એટલે શું? એટલે શું?" ચારે ભાઈઓ એની પાસે કાંઈક યોજના છે, એમ કલ્પી ઉત્સુકતાથી પૂછવા લાગ્યા.

"એ બધું મારી ઉપર છોડી દો. આપણે કિનારે ઊતર્યા ત્યારથી મારે કાને કેટલીક વાતો આવી છે."

૪

ગ્રીબા આખો વખત પોતાના કમરામાં જ લોચો થઈને પડી રહેતી. તેની અંગ્રેજ હજૂરિયણ જ હવે માઈકેલ સન-લૉક્સના કમરામાં શું ચાલે છે તેની ખબરો લઈને અવારનવાર દોડી આવતી. જેમકે, "તેઓ-સાહેબ બહુ વહેલા જાગી ગયા છે; અને ત્યારથી જ કંઈક લખલખ કરે છે… ઓસ્કરને પહેલાં સેનેટ તરફ મોકલ્યો હતો, પછી સ્પીકર પાસે અને છેલ્લે બિશપ પાસે. જેલના દરવાનને પણ બોલાવ્યો હતો તે કહી ગયો છે કે, 'કેદીને માલિકણ (ગ્રીબા – પ્રેસિડન્ટની પત્ની) મુરબ્બા, સેરવા વગેરે ખૂબ સારું સારું ખાવાનું મોકલતાં; અને એક વાર જાતે આવીને મળી પણ ગયાં હતાં…' કોણ જાણે લોકોને મૂઆ-ઓને હવામાંથી બધી ખબર પહોંચી જાય છે કે શું?"

અને માલિક-માલિકણ વચ્ચે કંઈક ઝઘડા જેવું ચાલતું હોય ત્યારે તેમનાં હજૂરિયાં દાસ-દાસીને ભારે અગત્ય મળી જાય છે. એટલે જેટલા પ્રમાણમાં માઈકેલ સન-લૉક્સ ગમગીન બનતો ચાલ્યો, તેટલા પ્રમાણમાં ઓસ્કર ઉલ્લાસમાં આવતો ગયો; અને જેટલા પ્રમાણમાં ગ્રીબા રોતલ બનતી ગઈ, તેટલા પ્રમાણમાં તેની અંગ્રેજ હજૂરિયણ સ્ફૂર્તિમાં આવતી ગઈ.

બપોર વેળાએ અંગ્રેજ હજૂરિયણ શ્વાસભરી દોડતી કમરામાં આવી, અને ગ્રીબાને ગુસપુસ કરતી કહેવા લાગી, "સ્પીકર આવી પહોંચ્યા છે; હવે કંઈક અવનવું બનવાનું છે એની મને ખાતરી છે. ઓસ્કર પણ એમ જ માને છે. કોણ જાણે શું થશે? હેં?"

હજૂરિયણ પાસે રહેતી ત્યાં સુધી તો ગ્રીબા હિંમત દાખવવાનો પ્રયત્ન કરતી; પણ તે કમરામાંથી બહાર ચાલી જાય, એટલે તે તરત ડૂસકે ચડતી.

૫

સ્પીકરને કમરામાં પેસતા જોતાં જ સન-લૉક્સ બોલી ઊઠયો, "સ્પીકર, તમે કાલે રાતે બંને ચેમ્બરોની તાકીદની બેઠક સેનેટ-હાઉસમાં બોલાવો."

"પણ આલ્થિગની કમિટી કામ પરવારી ગઈ છે અને હવે બધા સભ્યો ઘેર જવાની તૈયારીમાં છે."

"તેથી તો હું તે સૌને જલદી ભેગા કરવાની ઇચ્છા રાખું છું."

"ખાસ એવું અગત્યનું કામ છે?"

"હા; અને જરા પણ મોડું કર્યે ચાલે તેમ તેમ નથી,"

"એ બેઠકો બોલાવવાનું પ્રયોજન મારે તેઓને શું જણાવવું?"

"એટલું જ કહેજો કે, પ્રેસિડન્ટ આલ્થિગને કશો સંદેશ સંભળાવવા માગે છે."

સ્પીકર કશું ન સમજાયાથી, ડોકું ધુણાવતો ત્યાંથી ચાલતો થયો. તે મનમાં ગણગણ્યા વિના ન રહ્યો કે, "આટલી ઉતાવળ શી છે? અને શો સંદેશો સંભળાવી દેવાનો છે, વળી?"

૬

માઈકેલ સન-લૉક્સ સગડી પાસેથી પાછો વળતો હતો, તેટલામાં ગ્રીબા કમરામાં દાખલ થઈ.

"માઇકેલ, તમે શું કરવા માગો છો? મને કહી દો! મારાથી આ બધું સહન નથી થતું."

માઈકેલ સન-લૉક્સે કશો જવાબ ન આપ્યો.

એટલે ગ્રીબા અધીરી થઈને પગ પછાડતી બોલી, "તમારે મને કહેવું જ પડશે – હું હવે વધુ સહન કરી શકું તેમ નથી, તથા સહન કરવાની પણ નથી."

છતાં માઈકેલ ચૂપચાપ ટેબલ આગળ બેસી કશુંક લખતો જ રહ્યો.

ગ્રીબા હવે ગુસ્સો કે ડર છોડી, સ્વસ્થતાથી સમજાવવા ઉપર ચડી. "મેં જો તમને છેતર્યા હોય કે થોડુંઘણું તમારાથી છુપાવી રાખ્યું હોય, તોય તે તમારાં સુખ-શાંતિને આંચ ન આવે તે માટે જ. અને જો હું ખરેખર પેલાને ચાહતી હોઉં, તો પછી તમને પરણું શા માટે?"

પહેલી વાર હવે માઈકેલે માથું ઊંચું કરીને જવાબ આપ્યો, "તારા ઘમંડને પોષવા માટે, વળી; – તારું એ કારમું અભિમાન તું નાની હતી ત્યારથી તને વળગેલું છે. તું લંડન ગઈ હતી, ત્યારે એ કેટલું વધી ગયું હતું? મને લાગતું હતું કે વખત વીતવા સાથે અને માથે ટપલા પડવા સાથે એ બધું ઓસરી જશે. પરંતુ તારું એ જૂનું ઘમંડ હજુ કાયમ જ છે, અને ફરી ફરીને મને નડયા જ કરે છે. મારે જ સમજી જવું જોઈતું હતું કે તારું એ છીછરાપણું તને કોઈ ખોટી દિશામાં જ દોરી જશે; – હું એ ન સમજ્યો, એ મારો જ વાંક કહેવાય."

હવે જો માઈકેલ સન-લૉક્સ આ જ શબ્દો ગુસ્સામાં આવી જઈને કે આંસુના ઊભરા સાથે બોલ્યો હોત, તો તો ગ્રીબાએ સ્ત્રી તરીકેની પોતાની આંતરિક સૂઝ-સમજ પ્રમાણે માની લીધું હોત કે, હજુ પોતાના પતિનો પોતાની ઉપર પ્રેમભાવ કાયમ તો છે જ. પરંતુ એને બદલે એ તો આ શબ્દો એટલી ટાઢાશ અને સ્વસ્થતાથી – એક

નિસાસો સરખો નાખ્યા વિના — બોલ્યો હતો કે, ગ્રીબાને સમજાઈ જતાં વાર ન લાગી કે, તેના પ્રત્યેનો એનો હાર્દિક સ્નેહ છેક જ ઓસરી ગયો છે.

ગ્રીબા તરત જ છંછેડાયેલી વાઘણની જેમ ઘૂરકી ઊઠી, "તો શું તમે એમ માનો છો કે, જેસન ગરીબ હતો તે માટે મેં તેને તજી દીધો? અને અહીં તમારી પાસે હું દોડી આવી તે તમે તવંગર અને પ્રતિષ્ઠિત હતા તેથી, એમ? એ વાત સદંતર ખોટી છે — જુઠ્ઠી છે. તમે પણ અંદરખાનેથી જાણો છો કે એ વાત જુઠ્ઠી છે."

"ગ્રીબા, હું તવંગર હરગિજ નથી; તારા છીછરાપણાને લીધે તેં એમ માની લીધું હશે કે હું તવંગર છું. પણ જેને તું છોડી આવી તે તો બિચારો મિત્ર-સગા વિનાનો એક ખલાસી છોકરો જ હતો; એટલે તેની સરખામણીમાં હું તને તવંગર લાગ્યો હોઈશ."

"હું કહું છું કે, એ વસ્તુ સદંતર ખોટી છે. મારા પતિના માથા ઉપર છાપરું પણ ન હોત, તોય હું તેમને પૂરા દિલથી ચાહત જ. અને તમે જ મને આવા બોલ શાના સંભળાવો છો? તમે તો મને વધુ સારી રીતે — આંતરિક સંબંધથી ઓળખતા હોવા જોઈએ! એવા તમે મને આવું કહેવાની હિંમત શી રીતે કરો છો?" એમ કહીને દુ:ખની — રોષની — પ્રેમની મારી તેણે પોતાનો હાથ ઊંચો કરી, માઈકેલની છાતી ઉપર ઠોકી દીધો.

એ પ્રહારે આંસુભરી કાકલૂદી જે કામ ન કરી શકત તે કામ કર્યું — માઈકેલના અંતરમાં અવિશ્વાસનો જે બરફ જામતો જતો હતો તે ઓગળવા લાગ્યો. પણ તે કંઈ જવાબ આપે તે પહેલાં ગ્રીબા એકદમ તેની આગળ ઘૂંટણિયે પડી ગઈ અને કહેવા લાગી, "મને માફ કરો; મને માફ કરો; હું શું કરું છું તે જ હું જાણતી નથી, માઈકેલ. તમે જે કહ્યું તે તો ખોટું જ છે — ઘણું ક્રૂર છે. હું ભલે અભિમાની હોઈશ, ઘણી અભિમાની પણ હોઈશ; પરંતુ મને સૌથી

વધુ અભિમાન મારા પતિનું છે – તેમની સુજનતાનું – તેમની ભલમન-સાઈનું. અને માઈકેલ, જેને હું પ્રાણપણે ચાહું છું, તેને માટે મને અભિમાન હોય જ. બાકી, મારા પતિ ગરીબ-કંગાળ-દરિદ્ર હોત, તો-પણ હું જરા પણ ખચકાયા વિના – એટલા જ પ્રેમથી એમને પડખે ઊભી હોત."

"ગ્રીબા, તને એ બાબતની ખાતરી છે?"

"એ સાબિત કરવાની મને તક આપો."

"તને એ તક આવતી કાલે મળી જશે; કારણ કે, આવતી કાલે આપણે આ રાજભવન છોડી દઈએ છીએ."

"એટલે?"

"એટલે એ જ કે, આવતી કાલે આપણી સ્થિતિ બદલાઈ જશે; માટે એ માટે તું તૈયાર થઈ રહેજે."

"પણ તમે શું કહેવા માગો છો?" ગ્રીબા ત્રાસથી ફડકી ઊઠીને બોલી ઊઠી.

"એ જ કે, તું પ્રેસિડન્ટને પરણી હતી; પણ હવે તારે માત્ર માણસ સાથે જ રહેવાનું છે."

"એટલે શું તમે ગાદી-ત્યાગ કરવાના છો?"

"હા."

"મને સજા કરવા માટે? મારી કસોટી કરવા માટે જ?"

"તું જો એમાંથી હેમખેમ પાર ઊતરીશ, તો મને સંતોષ થશે, અને હું ખરેખર સુખી થઈશ."

"એટલે કે, હું તમારા જીવનમાં તમારી બરબાદી કરવા માટે જ આવી, એમ? હું એમ નહીં થવા દઉં; હું અહીંથી ગુપચુપ ચાલી જઈશ — આઈસલૅન્ડના પ્રેસિડન્ટને મારે કારણે કશી નામોશી કે બદગોઈ વહોરવી નહિ પડે."

"એમ તું નહિ કરી શકે; આપણે પતિ-પત્ની છીએ, અને હવે પતિ-પત્ની તરીકે આપણે સાથે જ રહેવાનું છે."

"પણ હું અહીં રહેવાની નથી, એ મેં તમને કહી દીધું."

"અને હું તને કહું છું કે, તું મારી પત્ની છે, અને તારે મારી આજ્ઞાનું પાલન કરવાનું છે."

"માઈકેલ, માઈકેલ, તમે કેમ સમજતા નથી? હું તમારા હિતમાં જ તમને તજીને ચાલી જવા માગું છું – જેથી તમારી જિંદગી નાહક બરબાદ ન થાય. તમે અત્યારે સફળતાની ટોચે પહોંચવા આવ્યા છો, હું તમારી તે નિસરણી તોડી પાડવા માગતી નથી."

"હવે ઘણું મોડું થઈ ગયું છે, ગ્રીબા; હવે તો એક કંગાળ – ગરીબ માણસ અને કંગાળ – ગરીબ સ્રી તરીકે આપણે આપણું જીવન સાથે જ ગુજારવાનું છે."

"પણ આ બધું મારા ભાઈઓએ જે કંઈ કહ્યું – કર્યું — તેને કારણે જ તમે કરવા તૈયાર થયા છો ને? એ ખોટું છે. એ ભૂલ છે."

"ના ગ્રીબા; તેં મને છેતર્યો છે — તું જૂઠું બોલી છે, એ વાત ભૂલ નથી જ."

એ શબ્દો સાંભળતાં જ ગ્રીબાનાં આંસુ ક્યાંય અલોપ થઈ ગયાં. તે ગુસ્સાથી સળગતી આંખો સાથે માઈકેલ સન-લૉક્સ સામે જોઈ રહી અને પછી બોલી, "તમે એમ કહો છો — કહેવાની હિંમત કરી શકો છો, એમ? તો તો સાંભળો — કદાચ તમે કલ્પો છો તે કરતાં બીજી જ ભૂલ ખરેખર મેં કરી છે — તમારે માટે એને મેં છોડી દીધો એ! તે ખરેખર ખાનદાન માણસ છે, અને સાચા દિલનો છે. તે બહાદુર માણસ તમારા જેવો શંકાશીલ નથી. ભગવાન તેના ઉપર દયા લાવે અને તેને તજવાનો મારો અપરાધ ક્ષમા કરે!"

માઈકેલ સન-લૉક્સ હવે પહેલી વાર આકળો થઈ, ગુસ્સાથી ધમધમી જઈને ત્રાડી ઊઠયો, "એ હરામખોર કદી મારી આંખે ન ચડે, તો સારું; નહીં તો એની ખેર નથી."

૧૩

માઇકેલ સન-લૉક્સનું પતન

૧

ફેરબ્રધર-ભાઈઓએ આઈસલૅન્ડમાં આવ્યા બાદ શરૂઆતમાં જયારે માઈકેલ સન-લૉક્સના વૈભવ અને પ્રભાવ બાબત તપાસ આરંભી હતી, ત્યારે તેઓ ચીપસ્ટેડમાં આવેલ એક પીઠામાં વારંવાર જતા. ત્યાં જુદા જુદા દેશના ખલાસીઓ પીવા માટે ખાસ આવતા. તે વખતે માઈકેલ સન-લૉક્સનાં વખાણ સાંભળી તેમની છાતી ગજ ગજ ફૂલી જતી; અને તેઓ મોટેથી જાહેર કરતા કે, માઈકેલ સન-લૉક્સ એક રીતે એમનો માઈ જ છે, — એમને ત્યાં જ નાનપણથી ઊછર્યો છે.

એક વખત જૅકબ સાથે કંઈક બોલાચાલી થયા પછી થર્સ્ટન એ જ પીઠામાં એકલો જઈ પહોંચ્યો હતો અને ખૂબ પીને ટં થયો હતો, ત્યારે જુદી જ ભાષા બોલનારા એક જણે તેની સાથે વાતચીત આરંભી હતી. એ મુલાકાતને અંતે થર્સ્ટનના મનમાં એટલો ખ્યાલ જરૂર ઊભો થયો કે, માઈકેલ સન-લૉક્સને ઉથલાવી નાખવા જહેમત કર્યા કરનાર પક્ષ પણ આઈસલૅન્ડમાં છે; અને માઈકેલ સન-લૉક્સ જો પોતાને (થર્સ્ટનને) પૈસા વગેરેથી ઉચિત સંતોષ ન આપે, તો એ પક્ષનો ઉપયોગ કરી, તેના ઉપર વેર તો લઈ શકાશે જ.

અને પોતાને તથા પોતાના બધા ભાઈઓને માઈકેલ સન-લૉક્સને ત્યાંથી જયારે ખાલી હાથે લગભગ હાંકી કાઢવામાં આવ્યા, ત્યારે

થર્સ્ટને 'એ બધું મારી ઉપર છોડી દો' એમ કહીને જે હુંકાર કર્યો હતો, તે આ કારણે જ.

એટલે ઉતારે પહોંચી પોતાના ભાઈઓને હતાશા અને ઉત્સુકતામાં ગોથાં ખાવા પડતા મૂકી, થર્સ્ટન એકલો ચીપસ્ટેડને પીઠે ચાલ્યો ગયો.

ત્યાં તેને પેલા પરદેશીની ફરી મુલાકાત થઈ.

પીઠામાંથી સાંજના જ્યારે તે ઉતારે પાછો આવ્યો, ત્યારે પોતાના ભાઈઓને તે રાજી થતો કહેવા લાગ્યો — "બધું મારી ઉપર છોડી દો, એમ મેં તમને કહ્યું હતું ને?"

"હા; પણ હવે શું કરવાનું છે કે શું થવાનું છે, એ તો કહે." ચાર ભાઈઓના અવાજો એકીસાથે આવ્યા.

"એ હરામજાદાને એની ખુરસીએથી ગબડાવી પાડવાનો છે — એ કરવાનું છે કે થવાનું છે!" થર્સ્ટને હુંકાર કરીને જવાબ આપ્યો.

ત્યાર પછી પાંચ જોડી કાનોમાં ધીમા અવાજે એટલી માહિતી પીરસી દેવામાં આવી કે, "બંદરમાં એક ડેનિશ જહાજ આવીને લાંગર્યું છે. તેમાં મોટાં પીપ લાદેલાં છે. એ પીપોમાં વિચિત્ર 'માલ' છુપાવેલો છે. બહારથી તો કહેવાનું કે તેમાં ચરબી ભરેલી છે, અને એ અહીં ખાલી કરી, એ પીપોમાં શાર્ક માછલીનું તેલ ભરી જવાનું છે. પીપ ખાલી કરવા અને ભરવા કિનારે તો ઉતારવાં જ પડે. પરંતુ ધક્કાનાં બધાં ગોદામોમાં માલ ઠસોકસ ભરેલો હોવાથી, આ પીપ સેનેટ-હાઉસ નીચેના ભોંયરામાં, જ્યાં કાચી જેલ છે, તે કમરામાં ખસેડવાનાં છે. સદ્ભાગ્યે આલ્થિંગની તાકીદની બેઠક કાલે રાતે બોલાવી છે, તેમાં માઇકેલ સન-લૉક્સ હાજર રહેવાનો છે. એટલે બસ, હવે બધું સમજી જાઓ!"

અને બધા ભાઈઓ બધું 'સમજી' ગયા.

રાતે જ્યારે બધાં પીપ જહાજમાંથી સેનેટ-હાઉસ નીચેના ભોંયરામાં ખસેડાતાં હતાં, ત્યારે થર્સ્ટન ત્યાં હાજર હતો. જેલખાનાનો પહેરેગીર ક્યાંય દેખાતો ન હતો, અને ગામલોક પણ રાતે જંપી ગયું હતું.

મોડી રાતે ઉતારે પાછા જઈને થર્સ્ટને ભાઈઓને જણાવ્યું કે, "મેં તો બીજું કશું ન મળે, તો એ હરામજાદાને બરબાદ કરવાનો જ ખ્યાલ રાખ્યો હતો; પણ આમાં તો આપણને ખૂબ ઈનામ આપવાનું વચન પણ મળ્યું છે."

પછી છયે સજ્જનો નિરાંતે પોઢી ગયા.

૨

થર્સ્ટન બીજે દિવસે જાગ્યો ત્યાર પહેલાં તો રેક્જાવિક શહેરમાં હલચલ મચી રહી હતી : સૌને ખબર પડી ગઈ હતી કે, આલ્થિગની તાકીદની બેઠક એ રાતે બોલાવવામાં આવી હતી; પણ શા કામ અંગે, તે વિષે કશી નિશ્ચિત માહિતી કોઈને ન હતી. લોકો ટોળે વળી જ્યાંત્યાં જુદી જુદી કલ્પનાઓના ઘોડા દોડાવવા લાગ્યા હતા. એક બાબતમાં સૌ એકમત હતા – અને લગભગ સાચા હતા – કે, આ બેઠક બોલાવવા પાછળ પ્રેસિડન્ટનો પોતાનો જ હાથ છે, એટલે એના તરફથી જ કંઈ ધડાકો થાય તો થાય.

રાત પડવા લાગી તેમ તેમ આલ્થિગના મકાનની શેરીઓ લોકોનાં ટોળાંથી ઊભરાવા લાગી. મકાનનું બાજુનું બારણું પહેરેગીરે ઉઘાડતાં જ જાહેર જનતા માટેની જગા ઠસોઠસ ભરાઈ ગઈ. જરા પણ જગા ન રહી, એટલે પહેરેગીરે એ બારણું બંધ કરી તાળું મારી દીધું; અને એ ચાવી શહેરમાં થોડો વખત થયાં આવેલા પેલા છ અંગ્રેજ અજાણ્યાઓમાંના એકના હાથમાં સેરવી દીધી. એ કેટલાક બાજુએ ઊભેલાઓએ જોયું, પણ તે વખતે કોઈને કશો ખ્યાલ આવ્યો નહીં. બહુ પછીથી જ્યારે સૌ એ દિવસોમાં બનેલા બનાવોનો તાળો મેળવતા હતા, ત્યારે એ વાત તેઓને સમજાઈ હતી.

પેલો ચાવી લેનાર અંગ્રેજ બીજો કોઈ નહિ પણ થર્સ્ટન ફ્રેરબ્રધર હતો.

સેનેટના સભ્યો હવે બબ્બે-ત્રણત્રણના જૂથમાં આવવા લાગ્યાં, અને મકાનમાં દાખલ થઈ પોતપોતાની બેઠકે ગોઠવાઈ ગયા.

સેનેટમાં બે પક્ષ હતા — એક તો ચર્ચ-પાર્ટી, જે નવા બંધારણના પાયામાં ધર્મને સ્થાપવા માગતી હતી; અને બીજો 'સમાનતાવાદી' પક્ષ, જે પાદરી અને ગૃહસ્થી એવો ભેદ રાજકાજમાંથી ટાળવા માગતો હતો. ચર્ચ-પાર્ટીનો આગેવાન બિશપ જૉન હતો, જે ઉપલી સભા — 'કાઉંસિલ'નો સભ્ય હતો; ત્યારે સમાનતાવાદીઓનો નેતા જૅસનનો કેસ ચલાવનાર અદાલતી-વકીલ હતો.

થોડી વારમાં સ્પીકર અને પ્રેસિડન્ટ પણ આવી ગયા. લોકોએ જોયું કે, માઈકેલ સન-લૉક્સ એક દિવસમાં જાણે ઘરડા જેવો બની ગયો હતો.

સ્પીકરે બેઠક સંભાળી, એટલે માઈકેલ સન-લૉક્સે સૌની નીરવ ચુપકીદી વચ્ચે બોલવાનું શરૂ કર્યું —

"અધ્યક્ષ સાહેબ, અને સદ્‌ગૃહસ્થો,

"આજે તમને મેં એક અગત્યનો સંદેશ સંભળાવવા માટે તસ્દી આપીને ખાસ બોલાવ્યા છે. છ મહિના અગાઉ જ અત્યારની આલ્થિંગની કાઉંસિલે ઠરાવ્યું હતું કે, આઈસલૅન્ડમાં લોકશાહી ગણતંત્ર સ્થાપવામાં આવે, જેનો વહીવટ લોકોના પ્રતિનિધિઓ જ વડી સત્તા તરીકે ચલાવે. ત્યારે તમે સૌએ મને એ લોકતંત્રનો પ્રથમ પ્રમુખ ચૂંટીને મારું બહુમાન કર્યું હતું. હું બરાબર જાણતો-સમજતો હતો કે, તમો સૌમાં હું જુવાન હોઈ, ઓછામાં ઓછો અનુભવી તથા જન્મસંબંધે પરદેશી — અંગ્રેજ ગણાઉં; એટલે પ્રેસિડન્ટ તરીકે આ દેશના વહીવટનો ભાર સંભાળવા આગળ આવવું એ મારે માટે ધૃષ્ટતા જ ગણાય. છતાં જૂની રાજસત્તા તોડી પાડવામાં મેં આગળ પડતો ભાગ લીધો

હોઈ, મને લાગ્યું કે નવું રાજતંત્ર ખડું કરવામાં અને સ્થિર કરવામાં પણ મારે મારો ફાળો આપવો જોઈએ. મને એમ લાગતું હતું કે આંતરિક ખટપટો અને લડાઈ-ઝઘડાને કારણે દેશ અંધાધૂંધી અને અરાજકતા તરફ ઢળી ન જવો જોઈએ — જેથી કરીને પરદેશી દુશ્મનને દેશમાં પાછા આવવાનું ખુલ્લું બારણું મળી જાય.

"હું અલબત્ત એમ નથી કહેવા માગતો કે, કશી વૈયક્તિક એવી મહત્ત્વાકાંક્ષાઓ હું સેવતો ન હતો; કે મારે કંઈ અંગત પ્રયોજનો સાધવાનાં નહોતાં. પરંતુ તમે સૌ સાક્ષી છો કે, તમારા વિશ્વાસે જે માર્ગ મારે માટે ખુલ્લો કર્યો, અને જે જવાબદારી મને સોંપી, તે બજાવવા જતાં જુસ્સામાં આવી જઈને મારાથી ભૂલો થઈ બેઠી હશે, પણ મારી ફરજ હરહંમેશ એક પ્રમાણિક માણસ તરીકે જ બજાવવાનો મેં પ્રયત્ન કર્યો છે."

ચોતરફથી એના એ કથનનું સંમતિદર્શક ગણગણાટથી સમર્થન થયું. માઇકેલ સન-લૉક્સે થોડુંક થોભીને આગળ બોલવા માંડયું —

"પરંતુ, સદ્‌ગૃહસ્થો, મને હવે માલૂમ પડયું છે કે, આ રાજ-તંત્રનો બોજો ઉઠાવવાનું મારા જેવાને તમે સોંપો એ ઉચિત નથી. હું એ નિર્ણય ઉપર શાથી આવ્યો છું, તેનાં કારણો જેટલે અંશે બીજાઓને લાગેવળગે છે, તેટલે અંશે મારે જાહેર ન કરવાં જોઈએ. પણ મને પોતાને લાગેવળગે છે ત્યાં સુધી હું તમને કહું કે, મેં કેટલીક મોટી ભૂલો કરી છે, અને હું મારી જાત ઉપરનો વિશ્વાસ ગુમાવી બેઠો છું. આમ હું મારી પોતાની જ અંગત બાબતોને ગંભીર ભૂલો કર્યા વિના પાર પાડી શકતો ન હોઉં, તો મારે આખા રાષ્ટ્રના જાહેર વહીવટ જેવી મોટી જવાબદારી માથે રાખવી ન જોઈએ. મને ખાતરી થઈ ગઈ છે કે, હું આ મોટા હોદ્દા માટે નાલાયક છું; એટલે સુધી કે, હું હવે એમ માનતો થયો છું કે તમારામાંનો ગમે તે બીજો કોઈ એ હોદ્દા માટે વધુ લાયક હશે."

લોકોમાં એકદમ તો ગણગણાટ ફેલાઈ ગયો, અને પછી ગંભીર ચુપકીદી.

માઈકેલ સન-લૉક્સે હવે સમારોપ કરતાં કહ્યું, "સદ્ગૃહસ્થો, આ નિર્ણય કંઈ મેં હળવે હૈયે નથી લીધો. મારામાં મારી સૂઝબૂઝ વિષે પૂરું અભિમાન હતું, પણ હવે તે દૂર થઈ ગયું છે. અને હું માનું છું કે, ભગવાને મને ન્યાયી સજા જ કરી છે. હું અહીંથી છૂટો થઈશ એટલે તમે મને કદી ફરી જોશો નહિ. હું હવે શૂન્યવત્ થઈ જવાનો છું; કારણકે હું મારા જીવનનો ધ્રુવતારક જ ગુમાવી બેઠો છું. મને હવે જીવનમાં કશો રસ રહ્યો નથી."

માઈકેલ સન-લૉક્સ આટલું સંબોધન કરીને બેસી ગયો એટલે તરત 'સમાનતાવાદી' પક્ષનો આગેવાન ગ્રીમસન ઊભો થયો. પ્રેસિડન્ટ-પદ માટે માઈકેલ સન-લૉક્સનો તે જ કટ્ટર હરીફ હતો. તેણે કહ્યું કે, 'અત્યારે આપણને એકદમ ધડાકો કરીને આશ્ચર્યમાં નાખી દેવામાં આવ્યા છે. આ બધા નાટકીપણા પાછળ કશુંક ગંભીર રહેલું છે, એવી મને તો ભારોભાર શંકા છે. પ્રેસિડન્ટને આજે અત્યારે પોતાની નાલાયકી બાબત એકદમ કેવી રીતે દર્શન થઈ ગયું, તે જાણવાનું સૌને મન થાય જ. ઉપરાંત, પ્રેસિડન્ટે આપણને પ્રથમ એમ કહ્યું કે, તેમણે એ પદ કશું સારું પરિણામ લાવવા કરતાં તોફાન તથા અનિષ્ટ થતું રોકવા માટે જ સ્વીકાર્યું હતું; અને છતાં અત્યારે તે શું કરી રહ્યા છે? – આખા દેશને અરાજક અને અવ્યવસ્થાની ગર્તામાં જ ડુબાવી નથી રહ્યા?'

સમાનતાવાદી પક્ષનો નેતા આટલું બાધેભારે બોલીને બેસી ગયો; પરંતુ તે જ પક્ષનો તેનો અનુયાયી ત્યાર પછી બોલવા ઊભો થયો. તેણે તો વધુ સ્પષ્ટ શબ્દોમાં હુમલો કર્યો – 'પ્રેસિડન્ટ સાહેબ બીમાર કે ભેજાંગેપ તો નથી જ – ભગવાન તેમને સહીસલામત રાખે – પણ ત્યારે આ બધી ભાંજગડ તેમણે શાની માંડી છે? મને પ્રેસિડન્ટની

નજીકના માણસો પાસેથી સાંભળવા મળ્યું છે કે, તેમને આઈસલૅન્ડનું તંત્ર બદલી નાખીને — લોકતંત્રને બદલે પ્રોટેકટરેટ કે રાજાશાહી સ્થાપવી છે. તો પ્રેસિડન્ટ સાહેબ એ યોજના આગળ ધપાવવા માટે તો આવી કટોકટી દેશ ઉપર લાદવા માગતા નથી ને? લોકો પોતાની પાસેની નાની માછલીને મોટી માછલી પકડવા ગલ તરીકે વાપરે છે. તો પ્રેસિડન્ટ સાહેબ પણ પોતાનું એ પદ 'પ્રોટેકટર' બનવા કે તેથી પણ ઊંચા પદ માટે છોડી રહ્યા છે કે શું – તે બાબત આપણે સૌએ વિચાર કરતા થઈ જવું જોઈએ.'

પેલો બેસી ગયો એટલે એક બટકો તથા દાઢી વગરનો માણસ બોલવા ઊભો થયો. તેણે કહ્યું, "તમે સૌ પેલી વાત જાણો જ છો: એક ભલા માણસે મિજબાની ગોઠવી અને સૌ મિત્રોને તેમાં હાજર રહેવા નિમંત્રણ આપ્યું. પણ એક પછી એક મિત્રો ગમે તેવાં નકામાં બહાનાં કાઢીને મિજબાનીમાં હાજર રહેવાની પોતાની અશક્તિ જાહેર કરવા લાગ્યા. એક જણે તો એવું બહાનું કાઢયું કે, તે પરણ્યો છે એટલે નહીં આવી શકે. આપણા પ્રેસિડન્ટ સાહેબ પણ હવે પરણ્યા છે......"

માઈકેલ સન-લૉક્સ તરત છલંગ મારીને ઊભો થઈ ગયો. તે પેલાને આગળ બોલતો અટકાવીને બોલી ઊઠયો — "હું અહીં આવ્યો ત્યારે હું એટલું જાણતો હતો કે, હું આ મકાનમાંથી બહાર પાછો નીકળીશ ત્યારે આઇસલૅન્ડના લોકોની નિંદા અને ઠપકો મારા માથા ઉપર વરસાવવામાં આવ્યાં હશે. પણ મારી બેઈજ્જતી કરવામાં આવશે એવું મેં નહોતું માન્યું. મને એટલી પણ ખબર હતી કે, અત્યારના તંત્રથી અસંતુષ્ટ લોકો આ તક મળતાં પોતાનો અસંતોષ પણ પૂરેપૂરો જાહેર કરશે. પરંતુ હાલમાં જે હલકટ હેતુઓનું દોષારોપણ મારા ઉપર કરવામાં આવ્યું છે, તે સામે તો મારે કહેવું જોઈએ કે, એ બધું હડહડતું જુઠ્ઠાણું છે. મારી આ પદ સંભાળવાની અશક્તિ વિષે ભલે કોઈ શંકા લાવે; પણ મારી પ્રમાણિકતા અને ઈજ્જતને કોઈ બટ્ટો

લગાડે, તો મારે તેને પડકારવો જ રહ્યો. કારણકે, આ સ્થાન છોડીને હું જઈશ, ત્યારે પ્રમાણિક માણસ તરીકેનું એકમાત્ર અભિમાન સાથે લઈને જ જઈશ."

લોકોએ તરત સંમતિદર્શક મોટા પોકારો કરીને એને વધાવી લીધો.

હવે બુઢ્ઢા બિશપ જૉન બોલવા ઊભા થયા. તેમણે ધીમા પણ મક્કમ સ્વરે કહેવા માંડયું —

"અત્યારના યુગની બલિહારી છે કે દરેક જણ પોતાના બંધુને બને તેટલું કષ્ટ જ પહોંચાડવા ઇચ્છે છે. પણ પ્રેસિડન્ટના સંદેશને જેવો ને તેવો સ્વીકારી લેવામાં આપણને શો વાંધો છે? તેમને એ પદ છોડવાનાં અંગત શાં કારણો છે તેની ખણખોદમાં આપણે શા માટે ઊતરવું જોઈએ? અત્યાર સુધી કદી તેમણે આપણને વિશ્વાસઘાત કર્યો છે કે દગો દીધો છે? તે જ્યારથી આ દેશમાં આવ્યા છે ત્યારથી આપણે જોતા આવ્યા છીએ કે તેમનું જીવન પ્રમાણિક અને સાફ છે. એમને અભિમાન – ઘમંડનો ડંખ કયારેય લાગેલો કોઈએ જોયો છે? – ઊલટું, તેમની નમ્રતાનાં જ આપણે વખાણ કર્યા કર્યાં છે. આટલી મોટી સત્તા ધારણ કરતા હોવા છતાં, તે બીજા માણસોથી અંતર રાખીને જરાય અળગા પડયા નથી. અને સ્વાર્થ કે લોભને તે કયારેય વશ થયા છે? ઊલટા અત્યારે પોતાનું પદ છોડશે, ત્યારે તે નિષ્કિંચન જ બની રહેશે. જ્યારે આપણા દેશનું સુકાન તેમના હાથમાં સોંપવામાં આવ્યું, ત્યારે બીજાઓની પેઠે હું પણ તેમની બિન-અનુભવી જુવાન ઉંમર જોઈને કંપી ઊઠયો હતો. પણ હવે અનુભવે આપણે જાણીએ છીએ કે, એમની લાયકાત અને ગુણો ઉપર આપણે નિરાંતે ભરોંસો રાખી શકીએ છીએ. એમને મોંએ એમનાં વખાણ કરવાં મને ન છાજે; પણ આપણે પ્રમાણિક અને ઈજ્જતદાર હોઈએ તો આપણે કહેવું જોઈએ કે, એમના જેવો સાચો માણસ આજને દિવસે આઈસલૅન્ડમાં બીજો મળવો મુશ્કેલ છે.

"આપણા જુવાન પ્રેસિડન્ટ આજે પોતાને જ જ્ઞાત એવાં કારણોસર એમનું પદ છોડવા માગે છે. આપણે તે કારણોની ખણખોદમાં પડયા વિના એટલું જ કહીએ કે, પરમાત્મા પોતાની મીઠી નજર એમના ઉપર રાખે અને તેમની બધી મુશ્કેલીઓમાં તેમને આશ્વાસન આપે."

બિશપના બેસી ગયા પછી માઈકેલ સન-લૉક્સ ગળગળો થઈ, સૌનો આભાર માનવા ઊભો થયો, એટલામાં જ એક તરફથી આવતાં દડબડ દોડતાં આવતાં પગલાંનો અવાજ સંભળાતાં ચોતરફ ભાગદોડ મચી ગઈ. બીજી જ ક્ષણે સૈનિકોની એક ટુકડી નીચેના ભોંયરામાંથી ઉપર ધસી આવી અને ખુલ્લી તરવારે એક બાજુ ખડી થઈ ગઈ. બધા હજુ કંઈક સાંસતા થાય તે પહેલાં એક સોલ્જરે મોટેથી બૂમ પાડીને કહ્યું, "સદ્‍ગૃહસ્થો, બારણાંને તાળું મારેલું છે; — તમે સૌ આલ્થિગના સભ્યો તથા પ્રેક્ષકો ડેન્માર્કના રાજાના કેદી છો."

"દગો! દગો!" એમ ચોતરફથી બૂમ ઊઠી.

અને સમાનતાવાદીઓનો આગેવાન તો બોલી ઊઠયો — "એટલે કે આ પદત્યાગ અને સ્વાર્થત્યાગના નાટકનું રહસ્ય આ હતું ખરું? આપણ સૌને તાકીદે શા માટે આ ઓરડામાં 'આજ રાતે' એકઠા કરવામાં આવ્યા હતા તેનો ભેદ ખુલ્લો થયો! આપણ સૌને વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે, અને એ વિશ્વાસઘાત કરનાર દગાબાજ પેલો ઊભો!" એમ કહી તેણે માઈકેલ સન-લૉક્સ તરફ આંગળી ચીંધી.

માઈકેલ સન-લૉક્સ પોકારી ઊઠયો, "જૂઠી વાત! હું દગાબાજ નથી!"

પણ એટલામાં તો સૌ લોકોની ઘૂરકતી આંખો તેને ઘેરી વળી, અને તેને ચૂપ થઈ જવું પડયું.

* * *

એ જ રાતે જૉર્ગન જૉર્ગન્સન જહાજમાંથી રેક્જાવિક બંદરે ઊતર્યો અને તેણે આખા શહેરનો કબજો સંભાળી લીધો.

આઇસલૅન્ડના 'બીજા' લોકતંત્રનો અંત આવ્યો.

તે જ રાતે ફેરબ્રધર-ભાઈઓ થર્સ્ટનની આગેવાની હેઠળ પોતાનું ઇનામ લેવા જ્યારે રાજભવનને દરવાજે આવીને ઊભા રહ્યા, ત્યારે ત્યાં ઊભેલા પીધેલા ડેન લોકોની ટુકડીએ તેમને ધક્કા મારીને હાંકી કાઢયા.

આજુબાજુ ઊભેલા ધાંધળિયાઓમાંના એકે તરત તેમના તરફ આંગળી કરીને બૂમ પાડી, "અલ્યા, આ તો પેલાના[1] ભાઈઓ છે!"

તરત જ બીજા વીસેક જણ પોકારી ઊઠેયા, "ખરી વાત; એ લોકો પોતાને પેલાના ભાઈઓ તરીકે ઓળખાવતા હતા — મારો સાલાઓને!"

અને તરત જ લોકો એમના ઉપર તૂટી પડયા.

આમ ફેરબ્રધર-ભાઈઓ આઇસલૅન્ડમાં લાભ ખાટવા માટે આવી ચડયા હતા, તે સારી પેઠે ખોખરા થઈને, અને માંડ માંડ જાન બચાવીને ભાગી છૂટયા. લોકો તેમની પાછળ દોડાય ત્યાં સુધી તેમનો હુરિયો બોલાવતા દોડયા.

ફેરબ્રધર-ભાઈઓ પૂર્વ તરફની ખાડી તરફ જતા એક જહાજમાં ઉતાવળે ચડી ગયા. પણ એ જહાજ આગળ જતાં બરફમાં ફસાઈ ગયું અને ચાર મહિના સુધી તેની અંદરનાં માણસો રિબાઈ રિબાઈને માર્યાં ગયાં.

જેસનનો નતીજો જેટલો જલદી આવ્યો, તેના કરતાંય માઈકેલ સન-લૉક્સનો વધુ જલદી આવ્યો: 'આઇસલૅન્ડની ડેનિશ સરકારને ઉથલાવી નાખનાર એ બંડખોરને' જૉર્ગન જૉર્ગન્સનના હુકમથી, તેને તેણે જ શરૂ કરાવેલી ગંધકની ખાણોમાં કાળી મજૂરી સાથેની જન્મટીપ ભોગવવા મોકલી આપવામાં આવ્યો.

---

૧. માઇકેલ સન-લૉક્સના.

પર્વ ત્રીજું

જેસન

૧

બુઢ્ઢા આદમ ફેરબ્રધરની દાસ્તાં

૧

આદમ ફેરબ્રધરવાળું જહાજ આઇસલૅન્ડના પશ્ચિમ કિનારા તરફ પહોંચવા માટે ૬૪ અક્ષાંશમાં પહોંચ્યું હતું. પરંતુ ઉત્તર-પશ્ચિમનું ભારે તોફાન નડતાં તે દૂર ૬૬ અક્ષાંશ તરફ ધકેલાઈ ગયું. દરિયો તો સુકાન ઉપરના તૂતક સુધી ઊછળતો હતો; પણ હવે તેને બરફનાં અસાધારણ મોટાં ગચિયાંનો પણ સામનો કરવાનો થયો. પછી પાછો પવન અચાનક શાંત પડી ગયો અને ગાઢ ધુમ્મસ જહાજને ઘેરાઈ વળ્યું. ધુમ્મસ એટલું બધું ગાઢું હતું કે, છેક કૂવાથંભ ઉપરથી પણ એકાદ એકર જેટલો આગળપાછળનો દરિયો નજરે પડી શકે નહિ.

એવામાં ગ્રીનલૅન્ડના દૂરના કિનારાઓ ઉપરથી છૂટું પડેલું બરફનું ૨૦૦ માઈલ ઊંડું એક ગચિયું આઇસલૅન્ડના કિનારાઓ તરફ ધસતું ધસતું ઘોર અવાજ કરતું પાસે આવવા લાગ્યું. હવે આ લોકોનો કિનારાના ખડકો અને બરફના એ પહાડ વચ્ચે છૂંદાઈને ચપ્પટ થઈ ગયા સિવાય બીજો આરો જ ન રહ્યો. કારણકે, પવન પડી ગયેલો હોઈ, સઢ તો કામ જ કરતા ન હતા.

જહાજ ઉપરના સૌ, મિનિટે મિનિટે નજીક આવી રહેલા મોત માટે તૈયારી કરતા ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યા. એટલામાં વળી ઠારી નાખનારો સખત પવન શરૂ થયો. એને લીધે ભીંજાઈ ગયેલા સઢ પણ કરીને લાકડાના પાટિયા જેવા થઈ ગયા અને દોરડાં પણ લોઢા જેવાં કઠણ થઈ ગયાં. એ પવનના તોફાનમાં તેઓ કોઈ અજાણી

દિશામાં આગળ ધકેલાવા લાગ્યા અને પેલે બરફનો પર્વત તેમનો પીછો કરવા લાગ્યો.

ભગવાન કોઈને આવી આફતમાં ન નાખે! પણ જહાજનો કપ્તાન બહુ બહાદુર માણસ હતો. તેણે એક કાગડો* જહાજ ઉપરથી છોડયો. તેનો ઈરાદો એ હતો કે, જો પાસે જમીન હશે તો કાગડો પાછો નહીં આવે; પણ જો દૂર સુધી જમીન નહિ હોય તો કાગડો જહાજ ઉપર જ આશરો મેળવવા પાછો આવશે. કાગડો પાછો ન આવ્યો. પણ ધુમ્મસની ગાઢ અંધારી દીવાલમાંથી કઈ બાજુ કિનારો કે જમીન છે એ કેવી રીતે દેખી શકાય? અને આવા તોફાનમાં જમીનની તપાસ કરવા હલેસાં વડે હોડી હંકારનારા માણસો મોકલવાનો પણ શો અર્થ?

પણ એટલામાં દરિયા ઉપરથી ધુમ્મસની દીવાલ સહેજ ઊંચી થતાં જમીન તેમજ કિનારામાં આડો ફંટાતો એક ખાંચો તેમની નજરે પડયો. સૌ રાજી રાજીના રેડ થઈ ગયા અને પરમાત્માનો આભાર માનવા લાગ્યા.

તે રાતે જ તેઓએ એ સામુદ્રધુનીમાં લંગર નાખ્યું.

પરંતુ પવનનું જે તોફાન તેમને એ ખાડી તરફ ધકેલી લાવ્યું હતું, તે તોફાન જ પોતાની સાથે બરફના ઠારને પણ લેતું આવ્યું હતું. જહાજ ઉપરના સૌ તો ચાર-ચાર રાતોના સતત ઉજાગરા પછી પહેલી વાર ઘસઘસાટ ઊંઘવા લાગ્યા હતા. તે દરમ્યાન બરફ તેમના જહાજની ચોતરફ જામી ગયો. એને કારણે કિનારા તરફ જહાજને લાગેલા ધક્કાથી આદમ સૌથી પહેલો જાગી ઊઠયો. તેણે તરત જ સૌને ઉઠાડયા. કપ્તાને પરિસ્થિતિનો કયાસ કાઢી, વહાણના ખોખાની અને પાટિયાંની મજબૂતાઈ ઉપર ભરોસો રાખી, કિનારે કિનારે થઈને વહાણને દરિયા તરફ ધકેલી જવા ઘણી ઘણી કોશિશો કરી. પણ બેકાર! બિચારું

* મૂળ 'રેવન' – કાળા કાગડાની એક મોટી જાત. – સં૰ પા૰

જહાજ બરફમાં તદ્દન ચોટી ગયું હતું; અને હવે નો ક્યારે કઈ બાજુથી કયું પાટિયું બેસી જશે એની ચિંતામાં જ તેઓ રાતભર જાગતા બેસી રહ્યા.

સવાર થતાં કપ્તાને સૌને લેવાય તેટલી ખાવા-પીવાની વસ્તુઓ લઈ જહાજમાંથી કિનારે ઊતરી પડવાનો હુકમ કર્યો.

કિનારો તદ્દન વેરાન તથા ઉજ્જડ હતો. ક્યાંય કશા ઘર જેવું કે આશરો લેવાય તેવી બખોલ જેવું પણ દૂર સુધી નજરે પડતું ન હતું. તેઓ પવનના ઝપાટાઓથી બચવા માટે પથરા ગોઠવી, આડ જેવું કરી, જહાજની પાસે જ પડી રહ્યા – એવી આશાએ કે પેલો બરફ કદાચ ઓગળે તો વહાણ પાછું છૂટું થાય. આખું વહાણ જાણે બરફનો પર્વત હોય એવું જ હવે દેખાતું હતું.

પણ દરમ્યાન તે લોકોની માઠી વલે બેસી ગઈ. કેટલાક તો બરફીલા ઠંડા પવનથી બેભાન થઈ ગયા; કેટલાકના દાંત છૂટા પડી ગયા – તેમનાં અવાળાં ખરી પડયાં; અને કેટલાકના પગ ઉપર મોટાં મોટાં ચાંદાં ઊપસી આવ્યાં.

છેવટે એક દિવસે જહાજ કિનારાના ખડકો સાથે અફળાઈને છૂંદાઈ ગયું, ત્યારે જહાજનો ભલો કપ્તાન પણ હતાશ થઈ માંદો પડયો. તેને લાગ્યું કે હવે તેનો અંત નજીક આવ્યો છે; એટલે તેણે આદમને પોતાની પછી આખી મંડળીનો મુખિયો નીમ્યો. સૌએ દિલ દઈને છેવટ સુધી તેની બનતી સારવાર કરી, પણ ફરીથી તે ઊભો થઈ શકયો નહિ : થોડા દિવસ બાદ મરણ જ પામ્યો.

૨

આદમે હવે મંડળીના નિમાયેલા અને વરાયેલા આગેવાન તરીકે માણસો, કપડાં અને ખાનપાનનો કયાસ કાઢયો. કુલ અગિયાર માણસો હતા – પહેરેલે કપડે જ; અને ખાનપાન તો બહુ કરકસરથી વાપરે તોય માંડ ત્રણેક અઠવાડિયાં ચાલે. હવે દરિયા-માર્ગે તો જવાય એમ

હતું નહિ, એટલે તેણે જમીન-માર્ગે કયાં કેટલા વખતમાં પહોંચાય તેનો અંદાજ કાઢવા માંડયો. જહાજમાંથી કાઢી લીધેલા નકશાઓ, તથા પોતાનો લાડકો માઈકેલ સન-લૉક્સ જ્યારે આઈસલૅન્ડ જવા ઊપડયો ત્યારે આઈસલૅન્ડના કિનારાઓની મેળવેલી માહિતીની યાદ-દાસ્તને આધારે તેણે અંદાજ કાઢયો કે, કિનારાની પટ્ટીએ પટ્ટીએ જ જો ચાલ્યા કરે, અને સૌ એટલો વખત જીવતા રહે, તો તેઓ એટલી સામગ્રીથી રેક્જાવિક પહોંચી શકે ખરા. વચ્ચે કોઈ ગામ આવતું હશે કે કેમ એની તો ખાતરી નહિ, એટલે આદમે તૂટી ગયેલા જહાજનાં સઢ અને લાકડાંમાંથી તંબૂ જેવું કંઈક ઊભું કરી શકાય તેટલો સામાન બનતી કોશિશે કઢાવી લીધો.

આટલી તૈયારીઓ પછી તેઓએ પોતાની રેક્જાવિક તરફની મુસાફરી શરૂ કરી.

રાત પડતા પહેલાં તેઓ ઘાસ-છાયાં છાપરાંવાળાં ઘરોના એક ગામ પાસે આવી પહોંચ્યા. પણ એ તો અનુલ્લંઘનીય પહાડોને કારણે આઈસલૅન્ડના જ બીજા વતનીઓથી અલગ પડી ગયેલા લોકોનું ગામ હતું. તેમની પાસે જહાજ ન હોવાથી તથા દરિયાનો ભાગ એ તરફ છેક જ ખરાબ હોવાથી, દરિયામાર્ગે પણ કોઈ એ તરફ આવી-જઈ શકે તેમ નહોતું. સૂકવેલાં માછલાં ખાંડીને તેમના બનાવેલા રોટલા એ જ તેમનો આહાર હતો.

એ લોકોની ભાષાના કેટલાક શબ્દો આદમ સમજી શકયો. એટલે પેલા લોકો, આદમને, પોતાની વસાહતમાંથી બચપણમાં ચાલ્યો ગયેલો – ખોવાયેલો એક જુવાન જ વર્ષો બાદ પાછો આવ્યો છે એમ માની, તેને ખૂબ ભેટવા – ચુંબવા લાગ્યા. આદમ સમજી ગયો કે, ઘણા જૂના વખતમાં મૅન-ટાપુમાંથી જ જહાજમાં બેસી નીકળેલાં અને દરિયાઈ હોનારતથી આ બાજુ ઘસડાઈ આવેલાં કોઈ લોકોની એ વસાહત છે.

આ તરફ થતાં ટટવાં જેવાં બાર પ્રાણી તેઓએ આ લોકો પાસેથી ખરીદ્યાં, અને એક ભોમિયા જેવો માણસ ભાડે રાખી લીધો.

અગિયાર જણ અગિયાર ટટ્ટુ ઉપર બેસી ગયા, અને બારમા ટટ્ટુને તેમના ખાનપાનની સામગ્રીનું ગાડું ખેંચવાને કામે લીધું. ટટ્ટુના દરેકના ૪૦ ક્રાઉન એટલે બે-બે પાઉંડથી કંઈક વધુ આપવા પડયા, અને ભોમિયાને રોજના બે ક્રાઉન આપવાના હતા.

તેઓ થોડે દૂર ગયા હશે, એવામાં એમની પાછળ એક બાઈ પોતાના હાથમાં બાળક સાથે દોડતી આવી, અને પોતાને એમની સાથે લઈ જવા કરગરવા લાગી. તેની કાકલૂદી સાંભળી, તથા તેનો કરુણ ચહેરો જોઈ, આદમે તેને પેલા સામાન ભરેલા ગાડામાં બેસાડી લીધી.

પણ એકાદ કલાક માંડ વીત્યો હશે, તેવામાં એક પુરુષ ટટ્ટુ દોડાવતો તેમની પાછળ આવ્યો અને કહેવા લાગ્યો કે એ બાઈ તેના બાળકને ચોરી લાવી છે, તે પાછું અપાવો. ભોમિયા મારફતે પૂછપરછ કરતાં એ બાઈએ જણાવ્યું કે, એ માણસ ખરેખર આ બાળકનો બાપ છે; અને હું પોતે એ બાળકની મા છું. પરંતુ એ માણસ ખેડૂત હોઈ, તેણે વંશજ પુત્ર મેળવવા ખાતર જ મારી સાથે લગ્ન કર્યું હતું, અને પુત્ર જન્મતાં અને મોટો થતાં મને હાંકી કાઢી હતી. મારા પુત્ર પ્રત્યેની મમતાથી હું એક વખત લાગ જોઈ છાનીમાની ઘરમાં ઘૂસી તેને લઈને ભાગી આવી હતી.

આદમે એ માણસને કહ્યું કે, પત્નીને મારીને ગમે ત્યારે કાઢી મૂકી શકાય એવો આ દેશનો કાયદો હોય તોપણ, તે અમાનુષી કાયદો છે; એટલે હું આ બાઈને રક્ષણ આપીશ જ.

પેલો માણસ એ જવાબ મળતાં પાછો ફર્યો, અને આદમ અને તેની મંડળી આગળ ચાલ્યાં.

રસ્તે જતાં મંડળીના બે જણ બીમાર પડયા એટલે તેમને વચ્ચે આવેલા એક ફાર્મના લોકોને સોંપી દીધા; અને જણાવ્યું કે, અમે રાજધાની પહોંચ્યા બાદ એમને પાછા લેવા આવીશું. એ ફાર્મના લોકો

ભલા અને માયાળુ હતા, અને તેઓ પેલા બેને પોતાની પાસે રાખવા કબૂલ થયા.

પેલી બાઈના બાળકના કાલા કાલા શબ્દો અને ટહુકા સાંભળી આદમની મંડળીને ઘણો આનંદ થતો અને કપરી આબોહવા છતાં તેમનો ઉત્સાહ કાયમ રહેતો. પણ એ બાળકેય છેવટે માંદું પડયું અને પછી તો મરી જ ગયું. પેલી બાઈ એથી ગાંડા જેવી થઈ ગઈ અને આદમને જ એ બાળકને આવે વેરાન સ્થળે લાવીને મારી નાખવા બદલ જવાબદાર ગણવા લાગી. આદમ તેનું દુઃખ જોઈ, તેના કડવા શબ્દો સાંભળી રહ્યો. મંડળીએ છેવટે એક જગાએ એ બાળકને દાટી તેના ઉપર નિશાની તરીકે એક ડાળખી રોપી. થોડા વખતમાં એ બાઈ એમની મંડળીમાંથી અલોપ થઈ ગઈ અને પછી તેનું શું થયું તે કોઈ જાણી શકયું નહિ.

પણ બીજે દિવસે સવાર થતાં તેમની પાછળ પુરપાટ ટટ્ટુઓ દોડાવતા આવતા કેટલાક માણસો નજરે પડયા. તેઓમાંનો એક તો પેલી બાઈનો પતિ હતો અને બીજો એ તરફનો શેરીફ* હતો. તે બેએ આદમને પેલું બાળક સોંપી દેવા જણાવ્યું. આદમે બાળક મરણ પામ્યાની અને બાઈ અલોપ થઈ ગયાની વાત તેમને જણાવી. તે સાંભળી એ બાઈનો પતિ આદમ ઉપર પોતાની છરી વડે હુમલો કરવા જતો હતો, પણ પેલા શેરીફે તેને વાર્યો અને આદમને જેલમાં લઈ જવા હુકમ કર્યો.

એ સાંભળી આદમની મંડળીના નવ મજબૂત ખલાસીઓ તરત પેલા આઈસલૅન્ડના દશ સુકલકડી લોકોનો સામનો કરવા તૈયાર થઈ ગયા. પણ આદમે તેમને વાર્યા. શેરીફ પણ આદમને પોતાની સાથે પકડી જવા ઉત્સુક ન હતો. તેણે કાગળિયાં કરી આદમને જ આપ્યાં અને આગળના બીજા પરગણાના શેરીફ પાસે જઈ તેને એ કાગળો અને પોતાની જાત સોંપી દેવા ફરમાવ્યું. કારણકે, 'એ પરગણામાં જ

* પરગણાનો મુખ્ય ન્યાયાધીશ. —સં૰ પા૰

જેલ હતી; અહીંના પરગણામાં જેલ ન હતી.' આટલું કહી એ મંડળી પાછી ફરી.

આદમની મંડળીના ખલાસીઓ આ લોકોની ભલમનસાઈ કે બાઘાઈ ઉપર હસતા હસતા આગળ ચાલ્યા; કારણકે, જાતે થઈને કયો મૂરખ એ કાગળિયાં જેલ આગળ લઈ જઈ પોતાની ધરપકડ વહોરે! પણ આદમે વિચાર્યું કે, આ તરફના લોકો સીધાસાદા અને ભોળા છે – તેઓ જૂઠ કે કૂડકપટ જાણતા નથી. એટલે તેણે તો એ હુકમ માથે ચડાવવાનો જ નિર્ણય કર્યો; અને ભોમિયાને આડા ફંટાઈને પણ પેલા પરગણા તરફ જ પોતાને લઈ જવાનો હુકમ કર્યો.

રાત પડચે તેઓ જેલખાને પહોંચ્યા. ત્યાં આગળ આદમે પોતાની મંડળીની ભાવભીની વિદાય લેવા માંડી. તેણે તે સૌને જણાવ્યું કે તેઓએ એની રાહ જોયા વિના રેક્જાવિક પહોંચી જવું, અને ત્યાંથી જહાજ મળ્યે પોતાને વતન ઇંગ્લૅન્ડ ઊપડી જવું.

બધા ભલા ખલાસીઓ આદમથી છૂટા પડતાં રડવા લાગ્યા; તથા આદમની આમ હાથે કરીને કેદ પકડાવાની વાતને મૂર્ખાઈભરી ગણવા લાગ્યા. પણ તેમનામાંનો એક જૅક નામનો ખલાસી બીજું કશું બોલ્યા વિના માત્ર રાજી થતો ડચકારા વગાડવા લાગ્યો.

પછી આદમ જ્યારે શેરીફ પાસે પોતાની ધરપકડ કરાવવા રજૂ થયો, ત્યારે શેરીફે તેની પાસે પહેલા શેરીફે આપેલા હુકમના કાગળો માગ્યા. પણ કોણ જાણે એ બધા રસ્તામાં પડી ગયા કે શું થયું, એ કાગળો આદમના ખીસામાંથી નીકળ્યા જ નહિ. જરા દૂર સુધી રસ્તા ઉપર પણ તપાસ કરાવવામાં આવી; પણ એ કાગળો હાથ લાગ્યા નહિ. એટલે એ શેરીફે કાગળો વિના આદમની ધરપકડ કરવાની ઘસીને ના પાડી, અને એને છૂટો જવા દીધો.

બધા ખલાસીઓ આ લોકોની બાઘાઈ અને ભોળપણની મશ્કરીઓ કરતા ખૂબ હસવા લાગ્યા; માત્ર પેલો જૅક જ આદમ જ્યારે તેની તરફ જોતો ત્યારે તેની નજર ચુકાવવા લાગ્યો.

આમ આ પ્રસંગ સૌના હાસ્ય-વિનોદમાં પૂરો તો થયો, પણ એનાં બે માઠાં પરિણામ આવ્યાં જ : એક તો આ જેલખાના સુધી આવવા માટે તેમને રાજધાની તરફના રસ્તામાંથી ત્રણ ડેનિશ માઈલ જેટલા આડા ફંટાવાનું થતાં માઈકેલ સન-લૉક્સે તેમને તેડવા માટે સામા મોકલેલા ઓસ્કર વગેરેનો તેમને ભેટો ન થયો; અને બીજું, તેમનો ભોમિયો આદમને શેરીફ પાસે ધરપકડ માટે પહોંચાડીને તરત પલાયન થઈ ગયો. કારણકે તેને તેનો રોજનો પગાર રોજ આપવાની શરત હતી; પરંતુ મંડળીના આગેવાન આદમને જેલ જતો જોઈ, તેણે એમ માની લીધું કે મંડળીના પૈસા પણ તેની પાસે જ રહેવાના, એટલે બાકીના લોકો તેને રોજનો પગાર આપી શકશે નહિ.

પણ બીજે દિવસે ઈશ્વરકૃપાએ તેમને ભોમિયા તરીકે એ તરફનો એક પાદરી મળી ગયો. તે ભણેલોગણેલો પંડિત હતો પણ એ તરફના લોકો જેવો જ કંગાળ – ગરીબ હતો. તે લૅટિનમાં જ બોલતો અને આદમ પોતાની અધૂરી-પધૂરી લૅટિનમાં તેને જવાબ વાળતો.

એના માર્ગદર્શન નીચે તેઓએ બે દિવસ મુસાફરી કરી ત્યારે તેઓ એક એવા ગામ પાસે આવી પહોંચ્યા, જ્યાંથી તેઓએ કિનારો છોડી થિંગ્વેલિરને રસ્તે રેક્જાવિક સીધા પહોંચી જવાનું હતું. પણ અચાનક બરફનું તોફાન ચડી આવવાને કારણે તેઓને એક ફાર્મમાં રોકાઈ જવું પડયું; કારણકે, ત્યાંથી આગળ પૂર્વ તથા પશ્ચિમમાં પચાસ-પચાસ માઈલ સુધી બીજો કોઈ ફાર્મ ન હતો. એ જ બરફના તોફાનને કારણે જેસનને રેક્જાવિકની જેલમાંથી ગંધકની ખાણો તરફ લઈ જવાનું મુલતવી રાખવામાં આવ્યું હતું; અને તે દરમ્યાન જ માઈકેલ સન-લૉક્સ દરિયામાર્ગે તેમની તપાસમાં નીકળ્યો હતો.

પણ તેમનો પાદરી-ભોમિયો આ દરમ્યાન પોતાને મળેલા ક્રાઉનો ખરચી એટલો બધો દારૂ પીને ટેં થઈ ગયો હતો કે એક અઠવાડિયા સુધી તે પૂરો સ્વસ્થ થઈ શકે તેમ ન હતું. એટલે બરફનું તોફાન શાંત પડતાં આદમની મંડળીને એના વિના જ આગળ વધવું પડયું.

પણ તેઓને જમીનમાર્ગે રેક્જાવિક જવાની થિંગવેલિર તરફની ઘાટી હાથ ન લાગતાં, તેઓ દરિયા-કિનારાને રસ્તે જ વળ્યા અને સ્મોકી પૉઇંટ તરફ આગળ વધવા લાગ્યા.

આમ આગળ વધતાં વધતાં તેઓ ક્રિશુવિક નામના સ્થળે આવી પહોંચ્યા. આ બધો જ્વાળામુખીનો પ્રદેશ હોઈ, આસપાસના ઠંડા અને જડ પ્રદેશને હિસાબે અહીં ઊકળતા લાવારસના ધમાકા, તથા જોરથી ઊડતા ગરમ પાણીના ફુવારાઓની રમઝટ જામેલી હતી.

આખો દેખાવ સડવા લાગેલા, ખરી પડવા લાગેલા, લોહી-પરુ નીંગળતા માનવ શરીરનો હતો. — જાણે ધરતીના ચહેરા ઉપર રક્ત-પિત્તનું ધારું! આ જાણે ભગવાનની સરજેલી ધરતી જ ન હોય, પરંતુ સેતાને ઊભી કરેલી નરકની ઊકળતી ખાડ હોય!

આદમે આ કારમો પ્રદેશ જોતાં જ માની લીધું કે, તેમની પહેલાં કોઈ માનવનું પગલું અહીં પડયું નહીં હોય. પણ આગળ વધતાં થોડી વારમાં તેની નજરે એક જગાએ બરાકો જેવાં લાકડાનાં મોટાં બે મકાનો નજરે પડયાં. ત્યાં કેટલાક લોકો કામે લાગેલા હતા. ત્રીજું એવું જ મકાન હજુ નવું બંધાતું હતું. તેણે પાસે જઈ, થઈ શકે તેટલી પૂછપરછ કરીને જાણી લીધું કે, આ ઊકળતા ખાડા બીજું કાંઈ નહિ પણ ગંધકની ખાણો હતી; નવા ગવર્નર — આઈસલૅન્ડના પ્રેસિડન્ટે[1] સજા પામેલા લોકોને અહીં રાખવાનું ગોઠવીને રાજ્યને આવકનું સાધન ઊભું કર્યું હતું; પેલાં બે મકાનો કેદીઓ માટેની બરાકો હતી; અને ત્રીજું જે હજુ નવું બંધાતું હતું, તે હૉસ્પિટલનું મકાન હતું.

આવા દોજખમાં માણસોને રાખી તેમની પાસે કામ કેવી રીતે લેવાય છે, એ વસ્તુસ્થિતિ જોવા-સમજવા આદમ પોતાના ઘોડા ઉપર થોડું થોભ્યો. તેવામાં પાસે થઈને ચાર કેદીઓની ટુકડી ચાર ગાર્ડ-સંરક્ષકો સાથે જવા લાગી. પણ આ શું? પેલા ચાર કેદીઓમાં એક

---

૧. માઇકેલ સન-લૉક્સે.

તો જેસન હતો! તેના ગળામાં લોખંડનું કડું નાખેલું હતું અને તે કડામાંથી એક અર્ધવર્તુળાકાર લોખંડનું વાંકિયું માથા ઉપર થઈને કપાળ ઉપર આવતું હતું. તેને છેડે એક ઘંટડી લટકાવેલી હતી, જે તે ચાલતો ત્યારે રણકતી. જૅસનની બધી જુવાની અને મસ્તી ઊતરી ગઈ હતી અને તે ઘરડા જેવો સુસ્ત અને ઢીલો થઈ ગયો હતો.

તેનો દેખાવ ખૂબ બદલાઈ ગયો હોવા છતાં આદમે તેને ઓળખી કાઢ્યો અને તરત તેનું નામ દઈને તેણે બૂમ પાડી. પણ જૅસન અચાનક આંધળો અને બહેરો થઈ ગયો હોય તેમ તેણે કશું જોયું કે સાંભળ્યું નહિ. તે આગળ ચાલતો જ રહ્યો.

"જૅસન! જૅસન!" આદમે ફરી બૂમ પાડી અને તરત ટટ્ટુ ઉપરથી નીચે કૂદી પડી તે એની તરફ દોડ્યો. પણ ગાર્ડ-સંરક્ષકોએ તરત જ તેને વચ્ચે જ રોકી દીધો. જૅસન તો આંખ ઊંચી કર્યા વિના કે કશી નિશાની કર્યા વિના આગળ ચાલવા લાગ્યો.

૩

આદમ નવાઈ પામી, પોતાની ટુકડી સાથે આગળ વધવા જતો હતો, તેવામાં જ સામેથી પચાસેક ડૅનિશ ઘોડેસવારોની ટુકડી આવતી તેની નજરે પડી. એ લોકો ઘાટી પાર કરીને આ તરફ આવી રહે ત્યાં સુધી આગળ વધવું અશક્ય હોવાથી આદમ વગેરે ત્યાં જ થોભી ગયા.

ડૅનિશ સૈનિકોએ તરત જ બેમાંથી એક બરાક પાસે જઈ આઈસલૅન્ડના ઑફિસરોને નિશાનીઓ વગેરેથી સમજણ પાડી દીધી કે, તેઓ હવે આ સંસ્થાનનો કબજો લેવા આવ્યા છે.

આદમ આ બધાનો કશો અર્થ સમજી શકે તે પહેલાં તો પેલો જૅક ઉતાવળો તેની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, "ભલા ભગવાન! આ જુઓ તો ખરા, કોણ છે?"

આદમે તેણે બતાવેલી દિશામાં નજર કરી, તો બે ડેનિશ ગાર્ડ-સંરક્ષકોની વચ્ચે માઇકેલ સન-લૉક્સ હાથેપગે બાંધેલી સ્થિતિમાં કેદી તરીકે ચાલ્યો આવતો હતો.

આદમ જાણે અચાનક ઊંઘમાં પડી જાગી ઊઠતાં બધું બદલાઈ ગયેલું – અવનવું જોતો હોય તેમ બાઘો બની ગયો. તેણે થોડી વારે પૂરા ભાનમાં આવી બૂમ પાડી, "બેટા! મારા દીકરા!"

"બાપુ! બાપુ!" માઇકેલ સન-લૉક્સે પણ આદમને જોઈને અને ઓળખીને બૂમ પાડી.

તરત જ પેલા ગાર્ડ-સંરક્ષકો તેને ઘેરી વળ્યા અને તેને આગળ ધકેલી ચાલ્યા. તેમની બૂમાબૂમમાં કોઈ કોઈનો અવાજ સાંભળે તેમ ન રહ્યું.

આદમ થોડી વાર શૂનમૂન થઈને ઊભો રહ્યો, પણ પછી માઇકેલ સન-લૉક્સ દૂર ચાલ્યો જતાં, પોતાની મંડળીનાં માણસોને સંબોધીને બોલ્યો, "મિત્રો અને સાથીઓ, હવે હું તમારાથી છૂટો પડીશ. હું આ દેશમાં મારા પુત્રને મળવા અને શોધવા જ આવ્યો હતો. તે મારો સગો પુત્ર નથી, પણ એ મારી વૃદ્ધાવસ્થામાં મારો ટેકો બનશે, એવી મને આશા હતી. પણ અત્યારે જે જોયું તે ઉપરથી મને લાગે છે કે, તે કાંઈ આફતમાં આવી પડ્યો છે, અને હું તેને આમ છોડીને તમારી સાથે આવી શકીશ નહિ. ભગવાન તમને સૌને સહીસલામત તમારે ઘેર પહોંચાડે."

પણ એ બધા દિલેર દિલના ખલાસીઓ એને પાછળ એકલો છોડી આગળ જવા તૈયાર ન થયા, અને જેકે તો એક બાજુએ તંબૂ જ ઠોકવા માંડ્યો.

તે રાતે આદમ એ ખીણ તરફ આંટાફેરા મારીને આ બધું શું થયું છે તેની માહિતી મેળવવા પ્રયત્ન કરતો હતો, તેવામાં અણધારી રીતે જ તેને બધી માહિતી મળી ગઈ.

વાત એમ બની કે, એ રાતે આદમ શોકમગ્ન થઈ પોતાના સાથીઓ સાથે બેઠો હતો, તેવામાં એક જુવાન આઈસલૅન્ડર તંબુ પાસે આવ્યો અને ભાગીતૂટી અંગ્રેજીમાં કહેવા લાગ્યો કે, એક બાઈને આજની રાત પૂરતો અહીં આશરો આપશો? એ બાઈ એકલી જ છે, અને પોતે તેનો ભોમિયો હોઈ રેક્જાવિકથી તેને અહીં લઈ આવ્યો છે.

આદમ કોઈ દુઃખિયારાં અસહાયને મદદ કરવા હંમેશ તૈયાર હોય જ; અને તેમાંય સ્ત્રી-બાળકને તો ખાસ કરીને. એટલે તેણે તે બાઈને તંબુમાં લાવવા પેલાને જણાવ્યું. પણ એ બાઈ જ્યારે અંદર આવી, ત્યારે આદમ ફેરબ્રધર આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ ગયો : તે બાઈ બીજું કોઈ નહિ પણ ગ્રીબા હતી.

પહેલપ્રથમ તો બાપ-દીકરીને આમ અચાનક ભેગા થવાથી આનંદ જ થયો; પણ બંનેએ જેમ જેમ પોતાની કથની કહી સંભળાવવા માંડી, તેમ તેમ તે આનંદ ઊંડા દુઃખમાં પલટાઈ ગયો.

ગ્રીબાએ પ્રથમ તો પોતાની કહાણીમાંથી જૅસનની વાતને સદંતર બાકાત રાખી હતી; પણ આદમે જ્યારે જૅસનને અહીં ગંધકની ખાણોમાં જોયાની વાત કરી, ત્યારે ગ્રીબાએ એ વાત પણ કરી દીધી.

બીજે દિવસે સવારના આઈસલૅન્ડના જે અફસરોને છૂટા કરવામાં આવ્યા હતા, તથા જે ડૅનિશ કેદીઓને[1] છોડી મૂકવામાં આવ્યા હતા, તે સૌ રેક્જાવિક તરફ જવા ઊપડી ગયા. તે દરમ્યાન આદમે પોતાના મન સાથે જે યોજના વિચારી લીધી હતી તે તેણે ગ્રીબાને કહી સંભળાવી —

"ગ્રીબા, માઈકેલ સન-લૉક્સની આ ધરપકડ અન્યાયી છે. ન્યાયાધીશ કે જૂરી સમક્ષ કામ ચલાવ્યા વિના માત્ર ગવર્નર-જનરલના કહેવાથી તેને આવી સજા થઈ શકે નહિ. એટલે હું રેક્જાવિક જઈને પ્રથમ તો જૉર્ગન જૉર્ગન્સનને સમજાવી જોઈશ; અને તે નહિ માને

૧. રિપબ્લિક મટીને ડૅનિશ લોકોનું – ડૅન્માર્કના રાજાનું રાજ્ય હવે થવાથી.

તો પછી તેના માલિક ડેન્માર્કના રાજાને અપીલ કરીશ. ડેન્માર્ક જો નહિ માને તો હું ઇંગ્લૅન્ડની સરકારને અપીલ કરીશ; કારણકે, માઈકેલ સન-લૉક્સ બ્રિટિશ પ્રજાજન છે. અને જો ઇંગ્લૅન્ડ પણ મારી વાત નહિ સાંભળે, તો પછી હું પરમાત્માને પ્રાર્થના કરીશ. પરમાત્મા કદી અન્યાય કરનારાઓને કે અન્યાય પામેલાઓને ભૂલતો નથી. હું અલબત્ત ઘરડો થઈ ગયો છું અને માઈકેલ સન-લૉક્સને આશરે મારા બાકીના દિવસ શાંતિથી ગુજારવા જ અહીં આવ્યો હતો; પણ ભગવાનના રાહ ન્યારા છે — મને અહીં લાવવામાં તેમનો હેતુ જુદો જ હશે — અને હું એ પ્રમાણે માઈકેલ સન-લૉક્સના છુટકારા માટે પ્રયત્ન કરવા ઉતાવળો થઈ ગયો છું; તું પણ બેટા, મારી સાથે જ ચાલ."

પણ ગ્રીબાનો અહીં આવવામાં હેતુ જુદો જ હતો. તેણે જણાવ્યું, "ના, બાપુ, ના; તમે રેક્જાવિક જાઓ અને તમારાથી બનતી કોશિશ કરવા માંડો. મારું સ્થાન તો અહીં મારા પતિની પાસે જ છે. તેમને મારા પ્રેમ ઉપર શંકા આવી છે અને તે એમ માને છે કે હું તેમનાં પદ – પ્રતિષ્ઠા – અને – વૈભવને જ પરણી છું. પણ સ્ત્રી જેને પ્રેમ કરતી હોય છે તેને ખાતર શું શું સહન કરી શકે છે, તે મારે એમને બતાવી આપવું છે. આ જગાએ હું જુદી જ યોજના ઘડીને આવી છું, અને પરમાત્માની કૃપાથી હું તે પાર પાડી શકીશ. માટે મારી ચિંતા છોડી તમે એકલા જ જાઓ. ભગવાન તમને મદદ કરે!"

આદમે ગ્રીબાની વાત કબૂલ રાખી. તેણે પોતાનો તંબૂ તથા ખાવાપીવાની જે સામગ્રી બચી હતી. તે બધું ગ્રીબાને માટે ત્યાં જ રહેવા દીધું. કારણકે ક્રિશુવિકથી રેક્જાવિક પહોંચવા માટે એક દિવસની જ મુસાફરી કરવાની બાકી રહેતી હતી.

આદમ ગયો એટલે ખાણોના પ્રવેશદ્વાર આગળ જે તંબૂઓ હતા ત્યાં ગ્રીબા પહોંચી ગઈ. તેણે ત્યાંના કૅપ્ટનને મળવા માગણી કરી. તે નવો આવેલો ડૅનિશ હતો એટલે ગ્રીબાને ઓળખતો ન હતો. ગ્રીબાએ તેને કહ્યું કે, અહીં ઇસ્પિતાલ બંધાય છે એમ સાંભળી હું

રેક્જાવિકથી આવી છું. જો તમારે નર્સની જરૂર હોય, તો મને નોકરીએ રાખી લો."

કૅપ્ટને જવાબ આપ્યો, "હા, હા, અમારે ઇસ્પિતાલ માટે એવા માણસની જરૂર છે જ; જોકે, અમે કોઈ સ્ત્રી એ કામ માટે મળશે એવી કલ્પના નહોતી કરી; પણ તમે બરાબર વખતસર આવી પહોંચ્યાં છો."

આમ ગ્રીબા પોતાના પતિની નજીકમાં રહેવાની જોગવાઈ તો કરી શકી. પણ તેના મનમાં હવે વિરોધી લાગણીઓ ઉથલપાથલ મચાવવા લાગી : 'કોઈ વખત માઇકેલ સન-લૉક્સને ઇસ્પિતાલમાં આવવાનું થશે તો? ભગવાન એવું ન કરે! પરંતુ ભગવાન કરે ને તે મારી સારવાર હેઠળ આવે જ – તો મારા બાપુ મારા પતિના છુટકારા માટે કંઈક કરી શકે તે પહેલાં હું તેમને અહીંથી નાસી છૂટવામાં મદદ જરૂર કરી શકું.' વળી તેને બીજો વિચાર એ આવવા લાગ્યો કે, 'જેસન અહીં મને ભેગો થાય તો શું થાય? માઇકેલ સન-લૉક્સ પણ તેને ભેગો થઈ જાય તો? ભગવાન એવું ન કરે! જેસન તો એમની હત્યા જ કરી નાખશે! પણ કદાચ એમ નયે બને. આ પરિસ્થિતિમાં એકબીજાની નિકટ આવતાં તેઓ એકબીજાની ભલમનસાઈ પામી જાય, અને પોતપોતાનું વેર ભૂલી પણ જાય! ભગવાન એવું કરે તો કેવું સારું?'

૨

ગંધકની ખાણો

૧

આખરે જેસન અને માઈકેલ સન-લૉક્સ ભેગા થયા – પણ કેદીઓના સંસ્થાનના અંતરાયેલા વાડામાં! બંને જણ એકબીજાને શોધતા એક દેશમાંથી બીજા દેશમાં આવ્યા હતા – એક વેર-ભાવની પાપ-યાત્રાએ અને બીજો દયાભાવની પુણ્ય-યાત્રાએ. જોકે છેવટના તો તે બંને એકબીજાના ખૂનના પ્યાસા બની ગયા હતા.

પરંતુ, ક્રિશુવિકની ગંધકની ખાણોમાં તેઓ ભેગા થયા, ત્યારે એકબીજાને હરગિજ ઓળખતા ન હતા.

જૉર્ગન જૉર્ગન્સને ફરી વાર ગવર્નર-જનરલપદે ગાદીનશીન થયા પછી, માઈકેલ સન-લૉક્સે ઊભી કરેલી એક જ ગોઠવણ નાબૂદ કર્યા વિના જેમની તેમ ચાલુ રાખી હતી, – અર્થાત્ સજા પામેલા માણસોનો ગંધકની ખાણોમાં કરાતો ઉપયોગ! અલબત્ત એ ખાણોમાં આઈસલૅન્ડના સંરક્ષકોને બદલે ડૅનિશ સંરક્ષકો મૂકી દેવામાં આવ્યા હતા: પણ એટલો ફેરફાર આપણી વાર્તાના અંતને બદલવામાં કારણભૂત નીવડવાનો હતો. કારણકે, આઈસલૅન્ડવાળા જૂના સંરક્ષકો જેસનને ઓળખતા હતા. એટલે માઈકેલ સન-લૉક્સ તે વખતે ગંધકની ખાણોમાં આવ્યો હોત, તો એ સંરક્ષકો મારફત જેસન અને માઈકેલ સન-લૉક્સ એકબીજાને ઓળખ્યા વિના ન રહેત. પણ ડૅનિશ સંરક્ષકોને જેસન વિષે કશી જાણકારી નહોતી, અને માઈકેલ સન-લૉક્સને લઈને ત્યાં આવ્યા બાદ તેઓએ તરત જ આઈસલૅન્ડવાળા સંરક્ષકોને પાછા

રેક્જાવિક મોકલી દીધા હતા. એટલે જેસનને જોકે રેક્જાવિકમાં રાજ્ય-પલટો થયાના સમાચાર હવામાંથી ઊડતા અહીં મળ્યા હતા, છતાં, પોતે જેને શોધતો હતો એ માઈકેલ સન-લૉક્સ પોતાની પેઠે સજા પામી ગંધકની ખાણોમાં કામ કરવા આવ્યો હોય, એવી તો તેને કલ્પના જ આવી શકે તેમ નહોતું.

બીજી બાજુ માઈકેલ સન-લૉક્સ જોકે જાણતો હતો કે, જેસનને ગંધકની ખાણોમાં કામ કરવા મોકલી આપવામાં આવ્યો છે; પણ સાથે સાથે તે એ પણ જાણતો હતો કે, તેણે પોતાના પતન પહેલાં બે દિવસ અગાઉ જેસનને તાબડતોબ છૂટો કરવાનો હુકમ આપી દીધો હતો. ઉપરાંત જૉર્ગન જૉર્ગન્સને જૂના બધા કેદીઓને મુક્ત કરી દીધા હતા, એટલે જેસન તો અહીંથી છૂટો થઈને ક્યારનો પાછો પહોંચી ગયો હશે, એમ જ તે માનતો હતો.

પરંતુ બનવાકાળ તે જેસનને બક્ષેલી માફીનો હુકમ અહીં ગંધકની ખાણોમાં પહોંચતાં ઢીલ થઈ, અને દરમ્યાન નવા ડેનિશ કૅપ્ટને જૂના કેદીઓમાંથી માત્ર રાજદ્વારી કેદીઓને જ છૂટા કર્યા અને બદમાશ ડામિજ ગણાતા કેદીઓને તો અહીં જ રહેવા દીધા. એ પચાસેક કેદીઓ જૉર્ગન જૉર્ગન્સનના જૂના રાજ્યકાળ દરમ્યાન સજા પામી દૂર દૂરને સ્થળેથી આવેલા હતા, એટલે તેઓ જેસનને કે માઈકેલ સન-લૉક્સને જરાય ઓળખતા ન હતા.

કેદીઓ માટેની બંને બરાકો સામસામે ઉત્તર-દક્ષિણ છેડે આવેલી હતી. એકની આગળ ઘૂઘવતો અફાટ દરિયો હતો અને બીજાની પાછળ ઊંચાનીચા વિષમ કિનારાવાળું ઘેરું સરોવર હતું.

જેસનને દરિયા-કિનારાવાળું રહેઠાણ મળ્યું હતું, અને માઈકેલ સન-લૉક્સને સરોવર-કિનારાવાળું. આ બંને મકાનો લાકડાંનાં ચોખંડાં ડીમચાંનાં બનાવેલાં હતાં અને તેમની ફરસ માટીની હતી. પથારીઓ તરીકે કેદીઓને પાટિયાંની પાટલીઓ આપવામાં આવતી.

કેદીઓ સાંજે આઠ વાગ્યે બરાકોમાં દાખલ થતા અને સવારના પાંચ વાગ્યે તેમાંથી નીકળી જતા. દરેક બરાકમાં ૨૫ માણસો ગોંધવામાં આવતાં.

પહેલેથી એવો ધારો પડી ગયેલો હતો કે, જે નવો કેદી આવે, તે આ દરેક બરાકમાં ત્રણ મહિના ભંગીનું કામ કરે. તે દરમ્યાન તેને ગળામાં કડું પહેરાવવામાં આવતું, જેના ઉપરથી કપાળ ઉપર વળતા વાંકિયાને છેડે એક ઘંટડી લટકાવવામાં આવતી. આમ જૅસન દરિયા-કિનારાવાળી બરાકનો ભંગી બન્યો હતો; અને માઈકેલ સન-લૉક્સ સરોવર-કિનારાવાળી બરાકનો. જૅસન તો પોતાનું કામ જડની પેઠે કરી લેતો, પણ માઈકેલ સન-લૉક્સનાં આંતરડાં તો એ બધું સાફ કરતાં જાણે ઊછળીને મોઢામાં આવી જતાં.

૨

આમ બે મહિના વીતી ગયા.

ગરમ પાણીના ઝરાઓને કાંઠેથી ખોદેલો ગંધક, કોથળાઓમાં ભરી, ટટવાં ઉપર બે પડખે ગૂણો રહે તે રીતે લાદી, નજીકના બંદર હાફ્નેફોર્ડ પહોંચાડી, ત્યાંથી ડેન્માર્ક ચડાવી દેવામાં આવતો. સ્વાભાવિક રીતે જ કોથળાઓ મોટા હોતા, ટટવાં નાનાં હોતાં, અને ખીણનો રસ્તો નરમ માટી તથા મોટાં લાવાનાં ગચિયાંને કારણે દુર્ગમ જેવો જ હોતો.

એક દિવસ એ ટટવાંની લંગાર પર્વતના ઢાળ ઉપરથી નીચે ઊતરતી હતી. હાંકનારો દરેક પગલે તેમને નાહક લાંબા ચાબખાથી ફટકાર્યા કરતો હતો. એવામાં ગધેડા જેટલા કદનું એક નાનું ટટવું તેનો પગ એક ચીલા જેવા ખાડામાં પડતાં ગબડી પડ્યું. પેલો હાંકનારો એને ઊભું કરવા, ગાળો ભાંડતો એના ઉપર ચાબખા સાથે તૂટી પડયો.

"હરામજાદા, ઊભું થા, નહિ તો તારી ચામડી જીવતાં જ ઊતરડી લઈશ!"

દરેક ફટકે પેલું બિચારું ટટવું ઊભું થવા પ્રયત્ન કરતું, પણ ઊભું થઈ શકતું નહિ. તેની આંખો ફાટી ગઈ અને તેનાં નસકોરાંમાંથી ફીણના ગોટા નીકળવા લાગ્યા.

"હરામખોર, આળસુના બેટા, ઊભું થાય છે કે, હમણાં જ તારો ડૂચો કરી નાખું છું!" આમ તડૂકતા પેલા હાંકેડુએ એ ટટવાના પડખા ઉપર, પછી તેના ચત્તા પડેલા પેટ ઉપર, તેના માથા ઉપર, તેના મોં ઉપર અને છેવટે તેની આંખો ઉપર ચાબખા ઝૂડવા માંડ્યા.

પણ એ બિચારા ટટવા ઉપર લાદેલી ગૂણોનો ભાર તેને ઊભું થવા દે તેમ નહોતું, અને તે બિચારું ગમે તેટલું તરફડતું હતું પણ ઊભું થવા જમીન ઉપર પગ જ ટેકવી શકતું ન હતું.

જે કેદીઓએ આ ટટવાંને લાદીને વિદાય કર્યાં હતાં તેઓ આ મારફાડનો અવાજ સાંભળીને કામકાજ બંધ કરી તે તરફ જોવા લાગ્યા. તેમને પેલા ટટવા કરતાં, હાંકનારનો જે રકાસ થતો હતો તેનો જ આનંદ હતો. તેઓ મોટેથી હસતા હસતા બૂમો પાડવા લાગ્યા —

"જોનાસ, તારા હાથનો ટેકો તેને કર!"

"અબે બુઢ્ઢે, તેને બગલમાં ઊંચકી લે!"

આ ઠઠ્ઠામશ્કરીથી પેલા હાંકનારનો ગુસ્સો વળી વધુ તેજ થતો ગયો અને તેણે પોતાનું બધું જોર વાપરી પોતાનો ચાબખો એ બિચારા પ્રાણી ઉપર આડેધડ વાપરવા માંડ્યો. એ ફટકાના કારમા પડઘા આસપાસની ટેકરીઓમાં ચડવા લાગ્યા. બિચારું ટટવું જીવ ઉપર આવીને ઊભું થવા ગયું, એવામાં એક ગૂણ તેની પીઠ ઉપરથી ખસીને ફસકાઈ ગઈ. એમાંનો ગંધક ટટવાના પગ ઉપર પડતાં તે ફરી પાછું ગબડી પડ્યું, અને આ વખત તો એટલા ધક્કાથી પછડાઈને પડ્યું કે તેનું માથું પાસેના પથ્થર ઉપર જોરથી અફળાયું.

જોનારા કેદીઓ વધુ જોરથી હસી પડ્યા, અને પેલો હાંકેડુ હવે નીચે ઊતરી પેલા ટટવાને મોઢા ઉપર જ લાતો લગાવવા લાગ્યો.

આ બધું જેસન રહેતો હતો તે મકાનની બાજુ તરફ જ બન્યું હતું. જેસન અંદર સાફસૂફીનું કામ કરતો હતો, પણ કશા ધાંધળનો અવાજ અંદર સાંભળાતાં ને તેનું કારણ જાણવા બહાર આવ્યો. એક નજર નાખતાં જ બધું સમજી જઈ, તે પગની સાંકળોના અવરોધને અવગણતો, જેટલી ઝડપથી પહોંચાય તેટલો એ ટટવા પાસે પહોંચી ગયો. બીજી જ ક્ષણે તેણે પેલા હાંકેડુને ધક્કો મારી ચત્તાપાટ ગબડાવી પાડયો અને પછી પેલા ટટવા નીચે પોતાના હાથ ઘાલી તેને ઊભું કરવાનો પ્રયત્ન આદર્યો.

બધા કેદીઓ આભા બની જોઈ રહ્યા : એ માણસ ત્રણ ગૂણોના ભારથી દબાયેલા ટટવાને ઊંચકીને પગભર કરવા કોશિશ કરતો હતો!

જેસને પણ ગૂણો ઉતારવા થોભ્યા વિના, પહેલાં પોતાના હાથ ટટવાના ગળા નીચે નાખ્યા, અને તેને તેના આગલા પગ તરફ ઊંચું કર્યું; પછી તેનાં પહોળાં પડખાં પોતાના પગ ઉપર ટેકવી તેણે ધીમેથી પણ મક્કમપણે એવો આંચકો માર્યો કે ટટવું ચારે પગે ઊભું થઈ ગયું. તે બિચારાની આંખો ફાટી ગઈ હતી અને તેનાં નસકોરાં શ્વાસથી અને ફીણથી ભરાઈ ગયાં હતાં.

"બાપરે! આ માણસમાં તો સૅમ્સનનું* બળ લાગે છે!" બધા કેદીઓ આશ્ચર્યચકિત થઈને બોલી ઊઠયા.

તે જ વખતે એક ગાર્ડ દોડતો ત્યાં આવી પહોંચ્યો. પેલા હાંકેડુનું માથું પડતી વખતે પથ્થર સાથે અફળાયું હોવાથી તે બાજુએ તેને લોહી નીકળ્યું હતું. ગાર્ડે હાંકેડુને તરત પૂછયું, "આ શું?"

---

* ઇઝરાયેલી દંતકથાનો એક વીર. તે તેના અતુલ બળ માટે જાણીતો હતો. તેને વરદાન હતું કે તેના વાળ ન કપાય ત્યાં સુધી તે કોઈથી પરાભૂત ન થાય. ડેલિલાએ તેને મોહિત કરીને તેને ફિલિસ્ટાઈન દુશ્મનોને સોંપી દીધો. પણ તેણે આખું ફિલિસ્ટાઈન-દેવળ તોડી પાડીને વેર લીધું – બધા તેની નીચે છૂંદાઈ ગયા – તે પોતે પણ. – સંપા૦

હાંકેડુ તો જવાબ આપવાને બદલે વધુ જોરથી ઊંહકારા ભરવા લાગ્યો. પણ કેદીઓએ બધી વાત ગાર્ડને સાંભળાવી દીધી. તરત જ એ હાંકેડુને આપવામાં આવેલી છૂટછાટો પાછી ખેંચી લેવામાં આવી; કારણકે તેણે સરકારી મિલકતને નુકસાન પહોંચાડયું હતું. બીજી બાજુ જેસન જેવા તાકાતવાળા માણસને ઝાડુનું કામ સોંપવું એ અનુચિત લાગવાથી તેને ગરમ પાણીના ઝરાઓને કિનારે ગંધક ખોદવાનું કામ સોંપવામાં આવ્યું.

૩

આમ જેસનના કામકાજની બાબતમાં જે સારો ફેરફાર થયેલો ગણાય, તેને પરિણામે માઈકેલ સન-લૉક્સની સ્થિતિમાં તો ઊલટો જ ફેરફાર થયો – જેસનના ગળાનું કડું અને કપાળ ઉપરની ઘંટડી કાઢી નાખવામાં આવ્યાં, પણ માઈકેલ સન-લૉક્સને હવે અસંતોષી ગણ-ગણાટિયા તરીકે બંને મકાનોની સફાઈ કરવાનું કામ સોંપવામાં આવ્યું, અને પેલું કડું અને ઘંટડી તેને પહેરાવી દેવામાં આવ્યાં. પણ તેથી બીજી રીતે એક સારું પરિણામ એ આવ્યું કે, જેસન અને માઈકેલ સન-લૉક્સ બંને ભેગા થઈ શકયા.

વાત એમ બની કે, એક દિવસ માઈકેલ સન-લૉક્સને દક્ષિણ તરફની બરાકના રસ્તા ઉપર ઊંડો પથરાયેલો બરફ સાફ કરવા મોકલ-વામાં આવ્યો. હજુ જેસન વગેરે અંદરના કેદીઓ તે વખતે કામકાજે જવા બહાર નીકળ્યા ન હતા. માઈકેલ સન-લૉક્સની તબિયત ભાગી પડી હતી અને તેનાથી જલદી કામ થઈ શકતું ન હતું. એક ગાર્ડ બંદૂકને ટેકે ઊભો ઊભો તેને એ કઠણ કામ જલદી કરવા એથીય વધુ કઠણ શબ્દો બોલીને ગોદાવતો હતો. પાવડો ખૂંપાવવા માઈકેલ સન-લૉક્સ જ્યારે નીચે નમતો ત્યારે અને પાછો ઊભો ટટાર થતો ત્યારે તેના ગળાના કડાના વાંકિયા ઉપર બાંધેલી ઘંટડી રણકતી હતી.

જેસનની ગૅંગ મકાનની બહાર નીકળી, ત્યારે તેણે માઈકેલ સન-લૉક્સના કપાળ ઉપર રણકતી ઘંટડી સાંભળી. તેને તરત જ

પોતાને કપાળે થોડા વખત પહેલાં રણકતી દાંટડી યાદ આવી; અને હવે કયા હતભાગીને એ દાંટડીવાળું કડું પહેરવાનું થયું છે તે જોવા તેણે એના તરફ નજર કરી.

આપણા જીવનમાં કેટલીક ક્ષણો એવી આવે છે કે જ્યારે આપણું ભાવી એ ક્ષણમાં પોતાનો સમગ્ર પ્રભાવ ઠાલવી દેતું હોય છે. જૅસન માટે પણ એવી ક્ષણ આવી હતી. તેણે માઈકેલ સન-લૉક્સ ઉપર પહેલી જ વાર નજર નાખી. તે તેને જરાય ઓળખતો ન હતો; પણ એના ઉપર નજર પડતાંવેંત તેનું આખું અંતર ધબકી ઊઠ્યું; અને તે માણસ પ્રત્યે અગમ્ય સહાનુભૂતિ તેમાંથી છલકાઈ રહી. તેણે તરત પોતાના ગાર્ડને કહ્યું, "આ માણસ માંદો છે, તેનું કામ હું કરી દઉં છું – હું ઝટ એ કામ પતવી દઈશ; – એને હૉસ્પિટલમાં મોકલી દો."

પણ ગાર્ડોએ તો તેને એવું ખોટું ડહાપણ ડહોળવાની મનાઈ કરીને "આગેકૂચ"નો હુકમ આપ્યો અને જૅસનને પોતાની ગૅંગ સાથે આગળ ચાલ્યા જવું પડ્યું.

માઈકેલ સન-લૉક્સે તે ક્ષણે પોતાનું કામ સહાનુભૂતિપૂર્વક કરી આપવા તૈયાર થનાર પ્રત્યે આંખો ઊંચી કરીને જોવા પ્રયત્ન કર્યો, પણ તે જૅસનનું મોં જોઈ શકયો નહિ. તેને પણ તેના ગાર્ડે હુકમ કર્યો, "ચાલ, કામ ચાલુ કર, ડાફરિયાં ન માર!"

તે આખો દિવસ જૅસન માઈકેલ સન-લૉક્સનું મોં ભૂલી શકયો નહીં.

પોતાની પાસે કામ કરનાર કેદીને તેણે પૂછ્યું, "એ દાંટડી બાંધેલો કેદી કોણ હતો?"

"મને શી ખબર?" પેલાએ જવાબ આપ્યો.

કામ કરતાં કરતાં જેસન પોતાના પાવડાનો ટેકો લઈ જરા આરામ કરતો હતો ત્યારે તેણે ભમ્મર લૂછતાં લૂછતાં ગાર્ડને પૂછ્યું, "એ માણસનું નામ શું હતું?"

"એ-૨૫."

"એ તો એનો નંબર કહ્યો; નામ નહીં."

"તારે એના નામને વળી શું કરવું છે?" ગાર્ડ તડૂક્યો.

એક અઠવાડિયું પસાર થઈ ગયું છતાં જેસનથી સન-લૉક્સનું મોં ભૂલ્યું ભુલાયું નહિ. કોઈ કોઈ વાર તો એને એ મોં યાદ આવતાં રડવું આવી જતું. તે પોતાની જાતને એ બદલ ધુત્કાર્યા કરતો; પરંતુ તેથી એની યાદ ભૂંસી શકતો નહિ.

હવે કોણ જાણે શાથી, પણ તેણે પોતાની સુસ્તી અને લાપરવાઈ ખંખેરી નાખી હતી; તે ચોગરદમ નજર નાખ્યા કરતો. પણ એક અઠવાડિયું, બે અઠવાડિયાં, ત્રણ અઠવાડિયાં પસાર થઈ ગયાં, છતાં તે ફરીથી પેલાનું મોં જોઈ શક્યો નહિ. તેના સાથીઓ તેની મશ્કરી કરવા લાગ્યા: પેલો પુરુષના વેશમાં સ્ત્રી તો નથી? તું એના પ્રેમમાં પડ્યો છે કે શું? ઈ૦

એક મહિનો પસાર થઈ ગયો. જે સાંકળ આ બે પાત્રોને ભેગા ગાંઠતી જતી હતી, તે હવે અચાનક સક્કસ થવા લાગી. એક સવારે કૅપ્ટનની ઑફિસમાંથી હુકમ આવ્યો કે, કેદીઓની પરાળની પથારીઓ બહાર કાઢી સળગાવી મૂકવી. એ પથારીઓ બહુ જૂની ન હતી, પણ ભીની થઈ જઈને ઉબાટભરી થઈ ગઈ હતી. કેદીઓનું કહેવું એમ હતું કે, પથારીઓનો વાંક ન હતો, પણ એ જગાનો, એ બરાકોનાં છાપરાંનો અને લાકડાની ભીંતોનો વાંક હતો; તથા તેમને નવી પથારીઓ આપ્યા વિના જૂની પથારીઓ લઈ લેવી, એ તો તેમને ખેતરમાં જમીન ઉપર પડી રહેનારાં જાનવર જેવા જ બતાવી મૂકવા જેવું હતું ઈ૦.

પરંતુ કૅપ્ટને તો રોગચાળો ફાટી ન નીકળે તેવું બહાનું બનાવી એ પથારીઓ ખેંચી કાઢીને બાળી નાખવાનું કામ બી-૨૫ નંબરના કેદીને જ સોંપ્યું. હવે બી-૨૫ નંબરનો કેદી એટલે જેસન પોતે જ; અને તેને તેના કદાવર શરીરને કારણે જ એ કામ સોંપવામાં આવ્યું હતું, જેથી બીજા કેદીઓ તેનો સામનો કરવાની હિંમત ન કરે.

અને જેસનને પોતાને બંદૂકની અણીએ એ ન-ગમતું કામ કરવા માટે ધકેલવામાં આવ્યો. બધી પથારીઓ ખેંચતો ખેંચતો તે માઇકેલ સન-લૉક્સ સૂતો હતો તે સ્થાને આવ્યો. તે વખતે તેને તેની સ્મૃતિમાં સતત ઘૂમ્યા કરતો ચહેરો ફરી જોવા મળ્યો.

"આ પથારી તો સૂકી તથા સારી છે, માટે તેને બાળી નાખવા લઈ જવાની જરૂર નથી." માઇકેલ સન-લૉક્સે કહ્યું.

જેસન એ પથારી ઉપાડતાં આનાકાની કરવા લાગ્યો એટલે તરત તેના ગાર્ડે તેને ટપાર્યો, "ચાલ, ઉઠાવ જલદી, બબૂચકની જેમ ઊભો શું રહ્યો છે?"

"પણ આ પથારી સૂકી અને સારી છે; તે ભલે આની પાસે રહે." જેસને પણ સામી દલીલ કરી.

તરત જ ગાર્ડે બંદૂક ઉગામી અને તેને હુકમ કર્યો, "ઉઠાવે છે કે નહિ?"

"સુધરેલા માણસો તો પોતાના કૂતરાઓને પણ સૂવા માટે પરાળ આપે છે." માઇકેલ સન-લૉક્સે ગાર્ડને સંભળાવ્યું.

"હા, પણ એ તમારા જેવા કૂતરાઓને નહિ." ગાર્ડે તતડીને જવાબ આપ્યો; અને પછી જેસન સામે વળીને તેને ફરીથી એ પથારી ઉપાડી લેવા હુકમ કર્યો.

જેસનના હાથ તો એ ગાર્ડનું ગળું જ દબાવી દેવા સળવળતા હતા; પણ છેવટે વખત વિચારી તે એ પથારી સમેટીને બહાર નીકળી ગયો.

"ગુલામ! નાલાયક ગુલામ!" માઈકેલ સન-લૉક્સ તેની પાછળ તડૂકી ઊઠયો.

જૅસનને એ શબ્દો તીરની પેઠે વીંધી ગયા. પણ બીજા અર્ધા કલાકમાં તો બધી પથારીઓ સમેટી, તેમનો ઢગલો કરી, તેણે તેમાં આગ ચાંપી. પછી લાંબા વળાઓ વડે તે બધા ગઠ્ઠા ઝટ સળગે તે માટે તેમને વિખેરતો તે ઊંચા-નીચા કરવા લાગ્યો. એ મોટા તાપણાની જે ગરમી થઈ, તેનું બહાનું કાઢી, તેણે તેને બહાર ખુલ્લામાં કામ કરવા માટે મળતો મોટો ડગલો શરીર ઉપરથી ઉતારી નાખ્યો. તે વખતે ગાર્ડો પણ એ તાપણાની દઝાડતી ગરમીથી દૂર ખસી ગયા. તે તકનો લાભ લઈ, જૅસન ધુમાડાના ગોટાઓની ઓથમાં માઈકેલ સન-લૉક્સ-વાળી બરાકમાં ઘૂસી ગયો. બરાકમાં માઈકેલ સન-લૉક્સ ન હતો. પણ તેની સૂવાની પાટલી શોધી કાઢી, જૅસને તેના ઉપર પોતાનો ડગલો પાથરી દીધો. પછી જાણે કશો અપરાધ કરી નાસી જતો હોય તેમ તે ગુપચુપ બહાર ચાલ્યો આવ્યો.

પેલું તાપણું જ્યારે સળગી રહેવા આવ્યું, ત્યારે ગાર્ડે જૅસનને કહ્યું, "ચાલ જલદી તારો ડગલો પહેરી લે; અહીંથી હવે ખસીએ."

જૅસન આભો અને ગાભરો બની ગયો હોય તેમ ચારે તરફ પોતાના ડગલા માટે ખોળાફંફોળા કરવા લાગ્યો.

"અરે, એ ડગલો તો ક્યાંય નથી; ઢગલા ભેગો બળી ગયો કે શું?" તે વીલે મોંએ બોલી ઊઠયો.

"હેં? પથારીઓ ભેગો બાળી મૂક્યો? કેવો બબૂચક છે? હવે તને બીજો ડગલો નહીં મળે; ભલે ટાઢથી તું ઠરીને લાકડું થઈ જાય." ગાર્ડે તેને ધમકાવતાં જવાબ આપ્યો.

આ ખાણોની દેખરેખ માટે નિમાયેલો નવો કૅપ્ટન જાતે એવો નિર્દય માણસ ન હતો, પણ જૉર્ગન જૉર્ગન્સન જ રેક્જાવિકમાં બેઠો બેઠો અમાનુષી હુકમો કાઢી કાઢીને કેદીઓને રંજાડી રહ્યો હતો. તેને

દાઝ તો એકલા માઈકેલ સન-લૉક્સ ઉપર જ હતી; પણ તે માટે તેને બધા જ કેદીઓનાં સુખ-સગવડ ખૂંચવી લેવાં પડતાં હતાં. પરિણામે કૅપ્ટન જ્યારે જ્યારે બહાર નીકળતો, ત્યારે કેદીઓ કડવી ફરિયાદો કરતા તેને ઘેરી વળતા. સૌથી વધુ ફરિયાદો કરનાર માઈકેલ સન-લૉક્સ જ હતો. બીજી બાજુ સૌથી નમ્ર, સૌથી કહ્યાગરો અને સૌથી મૂંજી કહેવાય એવો કેદી જૅસન હતો. તેને જાણે કશી બાબતની પંચાત જ ન હતી. તેનું ચેતન જ જાણે લુપ્ત થઈ ગયું હતું. કશી બાબતની ફરિયાદ નહિ, કે કશી બાબતની તકરાર નહિ.

છતાં, ધીમે ધીમે કૅપ્ટને કેદીઓ પ્રત્યે થોડી માનવતા દેખાડવાનું શરૂ કર્યું. જે જે કેદીઓ નમ્ર અને કહ્યાગરા હોય, તેમને વાડાની બહાર પોતાની સ્વતંત્ર ઝૂંપડી બાંધીને રહેવાની છૂટ તેણે આપી : દશ કલાક તેઓ ખાણમાં આવીને કામ કરી જાય, અને બદલામાં પોતાનું રૅશન લઈ જાય. જૅસન બહુ નમ્ર અને કહ્યાગરો મનાતો હોવાથી તેને સ્વતંત્ર ઝૂંપડી બાંધીને રહેવાની પહેલી પરવાનગી મળી. જૅસને એ માટે માગણી કરી ન હતી; અને તેથી જ્યારે તેને તે પરવાનગી આપવામાં આવી, ત્યારે તેણે કહ્યું, "મારે બદલે બીજા કોઈને જવું હોય તો જવા દો." પણ હુકમ એટલે હુકમ; ગાર્ડોએ હસીને જૅસનને વાડાની બહાર ધકેલી કાઢ્યો.

૪

જૅસને હૉસ્પિટલની નજીક, લાવાનાં ગચિયાંની ઝૂંપડી બનાવવા માંડી. તેની નજીકમાં એક બુઢ્ઢા પાદરી-કેદીનું એવું જ ઘોલકું હતું. તે પાદરીને જૉર્ગન જૉર્ગન્સને કેટલાંય વર્ષ અગાઉ ખાલી દ્વેષભાવને કારણે કેદ કર્યો હતો.

જૅસન જ્યારે ઝૂંપડી બાંધવા લાગ્યો ત્યારે તેને મૅન-ટાપુમાં પૉર્ટી-વૂલી આગળ પોતે જે પન-ચક્કી બાંધતો હતો તે વાત યાદ આવી; અને ગ્રીબાએ દીધેલા દગા બાદ પોતે તે પન-ચક્કીને ગુસ્સામાં આવી જઈ કેવી તોડી પાડી હતી, તે પણ.

જૅસન પોતાની ઝૂંપડી આગળ ઊભો રહી, ખાણોમાં કામ કરતાં જખમાયેલા કોઈ કેદીને હૉસ્પિટલ તરફ લઈ જવાતો જોતો, ત્યારે તે અચૂક તેના તરફ જોઈ રહેતો. ઊના પાણીના ઝરા ઉપરની એ ખાણોમાં કામ કરવું કેટલું ખતરનાક હતું, એનો તેને તે વખતે વિચાર આવતો.

એવે વખતે હૉસ્પિટલમાંથી કોઈ બાઈને તે બહાર આવતી જોતો. તેણે એક વખત પેલા બુઢ્ઢા પાદરી-પડોશીને પૂછ્યું, "એ બાઈ વળી કોણ છે?"

"કોઈ પરદેશી નર્સ છે; પણ બહુ ભલી બાઈ છે. ઊના પાણીના ઝરાની છાંટથી હું મોં ઉપર સખત દાઝી ગયો, ત્યારે એણે જ મારી બહુ મમતાથી સારવાર કરી હતી."

જૅસનને તરત પોતાના જીવનમાં પણ એક સ્ત્રી પાસેથી મળેલા પ્રેમના વહાલસોયા પ્રસંગો યાદ આવ્યા. પણ, પણ, — એ બધું તો હંમેશ માટે પૂરું થયું હતું; અને અત્યારે અચાનક એના દિલનો એ ઊંડો કારમો જખમ તાજો થતાં તે આખા શરીરે ધ્રૂજી ઊઠયો.

પણ ત્યારથી માંડીને તે એ હૉસ્પિટલના મકાન તરફ અવારનવાર જોયા કરતો. પેલી પરદેશી નર્સ તેને માટે મમતાભર્યા પ્રેમની પ્રતીક બની ગઈ હતી.

પછી અચાનક એ નર્સ ઘણા વખત થયાં તેની નજરે પડી નહિ. તેણે પડોશી બુઢ્ઢા પાદરીને પૂછ્યું, "એ નર્સ હવે કેમ બહાર દેખાતી નથી? માંદીબાંદી પડી છે કે શું?"

"માંદી શાની? તેને તો હૉસ્પિટલમાંથી તગેડી કાઢી."

"તગેડી કાઢી? પણ તમે તો તે સારી બાઈ છે એમ કહેત હતા?"

"બેટા, તે સારી બાઈ જ હતી; પણ એક બદમાશ ગાર્ડ તેને ફસાવવા માગતો હતો; અને પેલીએ તેને ધુતકારી કાઢયો એટલે પેલાએ જાહેર કર્યું કે, એ ગર્ભવતી છે અને બદમાશ વ્યભિચારિણી છે."

"તદ્દન જૂઠું!" જૅસન પોકારી ઊઠયો. એ નર્સ પ્રત્યે દૂર રહ્યાં રહ્યાં તેને પ્રશંસાભાવ જ ઊભો થયો હતો.

"પણ એમાં કશા પુરાવાની જરૂર જ ન હતી — તે બાઈને પ્રસૂતિ થવાની તૈયારી જ હતી; અને તે એ બાબત કશો પ્રતીતિકર ખુલાસો આપી શકી નહિ, એટલે તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી."

"અત્યારે તે કયાં છે?"

"પેલા બરફને કિનારે આવેલા એક ફાર્મ-હાઉસ*માં તેણે એક બાળકને જન્મ આપ્યો છે. હું ગઈ રાતે તેને જોવા ગયો હતો. તે બિચારીએ મને તેની બધી વાત સાચેસાચ કહી દીધી: તેના પતિને રેક્જાવિકમાં ગાદીએ આવેલા નવા બદમાશે ખાણોમાં કામ કરવા ધકેલી આપ્યો છે; એટલે તે પોતાના પતિ પાસે રહેવા ખાતર જ નર્સ તરીકેની નોકરી લઈને આ તરફ આવી હતી. કદાચ તેનો વિચાર પતિને ભગાડવામાં મદદ કરવાનો પણ હશે. તે પોતે ખાનદાન બાનુ છે, છતાં તે અહીં દાસીનું કામ કરવા રહી હતી. ધન્ય છે એને!"

"તો એનો પતિ હજુ આ ખાણોમાં જ છે?"

"હા."

"તેને એની પત્નીની થયેલી બદનામીની જાણ છે?"

"ના."

"એનું નામ શું?"

"એ બિચારીએ એનું નામ તો કહ્યું નહીં; પણ તેના પતિનો કેદી તરીકેનો નંબર એ-૨૫ છે એટલું તેણે મને જણાવ્યું."

"હું એ કેદીને ઓળખું છું." જૅસન બોલ્યો.

બીજે દિવસે જૅસનની ઝૂંપડી તૈયાર થઈ ગઈ. તેનું છાપરું પણ બને તેટલું અને મળી શકે તે વસ્તુઓથી ઢાંકીને જૅસન કૅપ્ટનની

* ખેતરમાં જ રહેવા માટે તથા કોઠાર માટે બાંધેલું મકાન. —સં૰

કચેરીએ ઊપડયો. ત્યાં જઈને તેણે કહ્યું, "મારે વાડા બહાર મારી ઝૂંપડીમાં નથી રહેવું; તો એ ઝૂંપડી મારે બદલે બીજા કોઈને વાપરવાની પરવાનગી આપશો?"

"બીજા કોને વળી?"

"એ-૨૫ નંબરને."

"ના, એ નહિ બને." કૅપ્ટને સંભળાવી દીધું.

"પણ મારું એ ઝૂંપડું તૈયાર તો થઈ જ ગયું છે; તો જો એ-૨૫ નંબરને એ ન આપી શકાય તેમ હોય, તો હૉસ્પિટલવાળી પેલી બિચારી બાઈને તેમાં રહેવા દો."

"પણ તારે એ બધી શી પંચાત? ચાલ, તારે કામે ચાલ્યો જા." કૅપ્ટને ધમકાવીને તેને હાંકી કાઢયો.

જૅસન ચાલ્યો ગયો એટલે કૅપ્ટનને વિચાર આવ્યો કે, "જરૂર પેલા એ-૨૫ કેદીને ભગાડવાની જ કોઈ યોજના ચાલતી લાગે છે. પણ પેલી અંગ્રેજ બાઈની સાથે પણ આ કેદીને શું લાગેવળગે છે, જેથી એ તેને પોતાની બનાવેલી ઝૂંપડી આપી દેવા માગે છે?"

એટલે જૅસનની ભલમનસાઈ ભરેલી અપીલનાં બે જ ઊલટાં પરિણામો આવ્યાં: એક તો માઈકેલ સન-લૉક્સ ઉપર વધુ ચાંપતી તપાસ રાખવામાં આવી; તેને વધુ ભારે કામ આપવામાં આવ્યું; અને તેને મળતી સામાન્ય છૂટછાટો પણ ઓછી કરી નાખવામાં આવી. તથા બીજું, ફાર્મ-હાઉસમાં સૂતેલી ગ્રીબાને તાબડતોબ હુકમ પહોંચાડવામાં આવ્યો કે, "તેણે હરતાફરતા થવાય એટલે તેના નવા જન્મેલા બાળક સાથે તરત ક્રિશુવિકની આસપાસના પ્રદેશમાંથી દૂર ચાલ્યા જવું, તથા કદી આ તરફ દેખા ન દેવી; નહીંતર ......" ઈ૦, ઈ૦.

થોડા દિવસ બાદ જૅસન પાછો કૅપ્ટન પાસે ગયો અને કહેવા લાગ્યો: "અત્યાર સુધી બરફથી આ પ્રદેશ અલગ પડી ગયો હતો ત્યાં સુધી તો વાંધો નહીં; પણ હવે બધા રસ્તા ખુલ્લા થતાં મને

મારી ઝૂંપડીમાં સ્વતંત્ર રહેવા દેવો જોખમકારક છે; કારણકે, હું ગમે ત્યારે ત્યાંથી ભાગી જઈશ."

"ભલે; તારાથી નાસી જવાય તો નાસી જજે — પણ યાદ રાખજે કે, દૂર સુધી નર્યા નિર્જન — વેરાન એવા આ પ્રદેશમાંથી કોઈ કેદી હજુ સુધી જીવતો નાસી જઈ શકયો નથી. પ્રયત્ન તો ઘણાઓએ કર્યો છે, પણ તરત એમને પકડી પાડવામાં આવ્યા છે; અને ભૂખે તરસે અધમરેલી હાલતમાં તેમને અહીં પાછા પકડી લાવી, ચામડું ફાટી જાય ત્યાં સુધી ફટકારવામાં આવ્યા છે. તારે એ સ્વાદ ચાખવો હોય તો ચાખી જોજે!"

"પણ હું નાસી જઈશ, તો તમે કદી મને પાછો પકડી શકવાના નથી; અને પકડી લાવશો તો પણ મને સજા તો નહિ જ કરી શકો."

"શું તું મને ધમકી આપે છે?" કૅપ્ટન તડૂકયો. પણ જેસનના ઠંડા મોં ઉપર નજર નાખતાં તેમાં એને એવા પ્રકારની એક મક્કમતાનું દર્શન થયું કે તરત જેસનને પાછો વાડાના કેદી તરીકે બધાની ભેગો લાવી દેવામાં આવ્યો.

જેસનને એ જ જોઈતું હતું; તેનાથી માઈકેલ સન-લૉક્સનો વહાલસોયો ચહેરો ભૂલ્યો ભુલાતો ન હતો; અને તેને એવી આશા હતી કે, વાડામાં રહેવા જવાથી કદાચ તે એની ભેગો થઈ શકશે — તેની ભેગો રહી શકશે.

પણ કૅપ્ટનને એના ઈરાદા વિષે વહેમ તો ગયો જ હતો એટલે તેણે જેસનને માઈકેલ સન-લૉક્સથી જુદો જ — દરિયા-કિનારાવાળા બીજા મકાનમાં જ રાખ્યો.

૫

અઠવાડિયાં વીતવા લાગ્યાં. ઉનાળો આવ્યો અને મધરાતે પણ સૂર્ય ઝળહળતો પ્રકાશવા લાગ્યો.

જૅસન આ દરમ્યાન કદી માઇકેલ સનલૉક્સને નજરે જોવા પામ્યો ન હતો. જોકે, માઇકેલ ઉપર ગુજરતા જુલમની અને તેણે કરેલા સામનાની પુષ્કળ વાતો તેને સાંભળવા મળતી રહેતી હતી.

પણ એક દિવસ – એટલે કે, વાડામાં ફરીથી રહેવા આવ્યો ત્યાર બાદ એક મહિને – ગાર્ડોની વચ્ચે ચાલતો જૅસન ગંધકની જરા દૂર આવેલી ખાણ તરફ જતો હતો, તેવામાં એક ટેકરીની તળેટી આગળ તેણે એક દૃશ્ય જોયું – જે જોઈ તેના આખા શરીરનું લોહી જાણે થીજી ગયું.

એક માણસના જમણા હાથનો પંજો લાકડાના એક મોટા ડીમચા સાથે ખીલો મારી જડી લેવામાં આવ્યો હતો. ખાન-પાનની વસ્તુઓ તેનાથી થોડે દૂર મૂકી રાખવામાં આવી હતી – જેથી તેનો બીજો હાથ કોશિશ કરે તો તેની નજીક પહોંચવા છતાં તે વસ્તુઓ તેના હાથમાં આવે નહીં. બહુ ખેંચાખેંચ કરવા જાય તો તેનો ખીલે જડેલો હાથ દુ:ખ્યા કરે અને ચિરાયા કરે. પણ એનો ડાબો હાથ પહોંચે તેટલે દૂર એક છરી અવશ્ય મૂકવામાં આવી હતી. એ માણસ એ-૨૫ નંબરનો કેદી હતો.

જૅસન એક ક્ષણમાં જ બધું સમજી ગયો. માણસ કલ્પી શકે તેવી ક્રૂરમાં ક્રૂર સજા એ હતી. એક બાજુ ખીલે જડેલા હાથનું દુ:ખ અને વેદના; બીજી બાજુ લોહી વહી જવાથી તરસ લાગે તો પાણીનું વાસણ પાસે મૂકેલું પણ તેનો હાથ પહોંચે તેટલું નજીક નહિ. ભૂખ-તરસ-અને-વેદનાથી ત્રાસીને એ માણસ છેવટે આપઘાત કરવા ચાહે, તો એક છરી હાથ પહોંચે તેટલી પાસે મૂકી હતી ખરી!

તરત જૅસન એક ઠેકડો મારતોકને ગાર્ડો વચ્ચેથી નીકળીને પેલા કેદી પાસે પહોંચી ગયો. લાગમાં પકડીને ખીલો ઉખાડી નાખે તેમ તેણે પોતાની આંગળીઓ વડે પેલો ખીલો લાકડામાંથી અને પેલાના પંજામાંથી ખેંચી કાઢ્યો, અને એ કેદીને છૂટો કર્યો.

એટલું કર્યા પછી પાછો જેસન શાંત બની ગયો. ગાર્ડો તરત તેને અને લોહી દદડતા હાથવાળા માઈકેલ સન-લૉક્સને કૅપ્ટન પાસે લઈ ગયા.

જૉર્ગન જૉર્ગન્સન પણ ત્યાં જ હતો. તેણે જ માઈકેલ સન-લૉક્સને આ ક્રૂર સજા ફરમાવી હતી. ગાર્ડોએ આવીને જેસને કરેલા અપરાધની વાત કરી અને જૉર્ગન જૉર્ગન્સને ક્રૂરતાભર્યું હાસ્ય હસીને હુકમ આપ્યો, "તે બંનેના એક એક પગ સાથે એક એક પગ અને એક એક હાથ સાથે એક એક હાથ બાંધીને ભેગા જકડી દો."

એ પ્રમાણે કરવામાં આવ્યું એટલે પછી જૉર્ગન જૉર્ગન્સને કહ્યું, "તમને બેને એકબીજાની સોબત જોઈતી હતી ને? બસ હવે તમે બંને જણ દિવસો, અઠવાડિયાં અને મહિનાઓ સુધી ભેગા જકડાયેલા રહો; પછી જ્યારે એ સગવડથી એકબીજાને એટલા ધિક્કારતા થાઓ કે, પાસેના પથરાથી એક જણ બીજાનું માથું ફોડી નાખે, ત્યારે બાકી રહેલાનો છુટકારો આ હેડમાંથી થશે!"

૩
મોતના ઓછાયાવાળી કારમી ખાડ

૧

જૅસન અને માઈકેલ સન-લૉક્સને એક બીજા સાથે બાંધેલી હાલતમાં જ કામે હાંકી જવામાં આવ્યા. આજથી માંડીને જીવનની દરેક ક્ષણે તેમણે સાથેના એક માનવ મડદાનો ભાર પોતાની સાથે ખેંચતા જવાનો હતો. જૅસન તો શરમનો માર્યો જમીન તરફ જ આંખ નમાવી રહ્યો, તથા તેને આખા શરીરે થઈને એક પ્રકારનો કંપ પસાર થઈ ગયો. ત્યારે બીજી બાજુ માઈકેલ સન-લૉક્સ ગુસ્સાની આગથી સળગી ઊઠયો. તેનાથી આ હીણપતભરી સજા સહન જ થઈ શકે તેમ નહોતું. શરૂઆતમાં તો કેવળ ઘૃણાથી તેણે પોતાનું મોં બાજુએ ફેરવી લીધું: પોતાને આવી હીણપતમાં નાખનાર પોતાના સાથીનું મોં પણ તેને જોવું ન હતું.

જૅસનનું દિલ હવે એમ ડંખવા લાગ્યું કે, પોતાના અવિચારી કૃત્યથી આ સજા તેણે પોતાની અને પોતાના સાથી ઉપર નોતરી છે. પણ છેવટે એની એ શરમિંદગીને કારણે જ માઈકેલ સન-લૉક્સમાં તેના પ્રત્યે કંઈક સહાનુભૂતિની લાગણી ઊભી થઈ. જૅસન થોડી વારે જરા ગળગળો થઈને બોલ્યો, "મારો ઈરાદો તમારી ઉપર આવી આફત નોતરવાનો ન હતો."

સન-લૉક્સે ઘૃણાથી પોતાનું મોં અવળું ફેરવેલું રાખીને જવાબ આપ્યો, "તમે તો સારા માટે જ કર્યું હતું, એ હું સમજું છું,"

"પણ તમે એ કારણે મને ધિક્કારો છો, એવું મને લાગે છે."

સન-લૉક્સે પોતાના મનનો અણગમો દબાવી રાખીને જેમ તેમ જવાબ વાળ્યો, "મને એવી જંગલી સજામાંથી બચાવવાનો પ્રયત્ન કરવા બદલ હું તમને શા માટે ધિક્કારું?"

"તો તમે પસ્તાતા નથી ને?" જેસને પૂછયું.

"પસ્તાવાનું હોય તો તમારે છે; મારે શા બદલ પસ્તાવું પડે?"

"મારે પણ શા માટે પસ્તાવાનું હોય?" જેસને પૂછયું.

"મારી હરવાફરવાની છૂટ તો ક્યારની ઝૂંટવાઈ ગઈ હતી; ત્યારે તમે તો છૂટા હતા – અલબત્ત, આ પૃથ્વી ઉપરના નરકમાં માણસને છૂટો કહી શકાય તે અર્થમાં – પણ હવે તો તમે હેડમાં જકડાયા છો – અને તે પણ મને બચાવવા ગયા તે કારણે!"

હવે જેસનના મોં ઉપર આનંદની આભા ઝળકી ઊઠી; તે બોલ્યો, "મારે બંધાવું પડ્યું એની કશી પંચાત મને નથી."

"કશી જ પંચાત નથી?"

"જો તમે મને ધિક્કારતા ન હો, તો પછી મને મારા બંધનની કશી જ પંચાત નથી." જેસને મક્કમતાથી જવાબ આપ્યો.

"તો શું તમે મને મદદ કરવાનો પ્રયત્ન કરવા બદલ પસ્તાતા નથી?"

"ના રે ના; પણ તમે?" જેસને પાછું ફરી પૂછયું.

હવે સન-લૉક્સનું હૃદય ધિક્કારથી નહિ, પણ આ ભલા માણસ પ્રત્યેના ભાવથી ભરાઈ આવ્યું. તે બોલ્યો, "ના ભાઈ, ના."

૨

જૉર્ગન જૉર્ગન્સન, હવે આલ્થિગનો સમય નજીક આવ્યો હોવાથી, ૧૪ દિવસ થિંગ્વેલિર મુકામે ઊપડવાની તૈયારી કરવા ખાણોમાંથી પડાવ ઉપાડીને ચાલતો થયો.

તે ગયો એટલે ગાર્ડોના કૅપ્ટને આ લોકોની અમાનુષી સજામાં ઘટાડો કરી એવું ફરમાન કર્યું કે, રાતે સૂતી વખતે એ બેને જુદા

પાડવા – દિવસે કામ કરતી વખતે જ તેમને ભેગા બાંધવા. પણ જેસન માઈકેલ સન-લૉક્સનો મળતિયો છે, અને તેને ભગાડી મૂકવાની કોશિશમાં છે એવો ખ્યાલ તેને ઊભો થયો હોવાથી, એ બે જણ મુદ્દલ અરસપરસ વાતો ન કરે એવી તાકીદ ગાર્ડોને તેણે આપી રાખી. ઉપરાંત એ બે જણાને કામ કરતી વેળા પણ બીજા કેદીઓથી અલગ જ રાખવા તથા સૂતી વેળા પણ તેઓ બીજા કેદીઓ જોડે હળે-મળે નહિ એવું જોતા રહેવાનું તેણે સૂચવ્યું. અને એટલા માટે બે ગાર્ડો એ બે જણ ઉપર જ રાત-દિવસ ચોકી રાખવા અલગ ગોઠવ્યા.

છતાં આ બે જણ નજીક જ રહેવાના હોઈ, થોડાઘણા આશ્વાસનના શબ્દો એકબીજાને ન સંભળાવી શકે એમ તો બને જ નહિ. તેથી તેમના જીવનની સહ-બંધનની પહેલી જ રાતે તેઓ હળવે અવાજે વાતો કરવા લાગ્યા —

માઈકેલ સન-લૉક્સે પૂછ્યું, "મેં તમને પહેલાં ક્યાંક જોયા હોય એમ તમારા મોં ઉપરથી મને લાગ્યા કરે છે. આપણે પહેલાં ક્યાં મળ્યા હોઈશું વારુ?"

પણ પથારીઓ વાળતી વખતે માઈકેલ સન-લૉક્સે ઉચ્ચારેલા ઘૃણાભર્યા શબ્દો જેસનને યાદ હતા એટલે તેણે એ પ્રસંગની યાદ તેને ન આપી.

માઈકેલ સન-લૉક્સે આગળ પૂછ્યું, "તમારું નામ શું છે?!'

"મારું નામ ન પૂછશો."

"કેમ?"

"તમને એ નામ યાદ રહી જશે."

"તેથી શું?"

"મારા નામ સાથે મારી કરણી તમને યાદ રહી જાય ને?"

"તો શું તમે એવા કોઈ ગંભીર ગુના માટે સજા પામ્યા છો?"

"હા, બીજાઓને કદાચ એવું લાગે ખરું."

"તમને કયા રાજતંત્રે સજા કરી હતી?"

"આઈસલૅન્ડના રિપબ્લિક રાજતંત્રે!"

"તો તમારું નામ તમે મને નહીં કહો?"

"મારે કહેવા જેવું નામ જ નથી — કારણકે મને નામ આપનાર બાપ જ મારે નહોતો. હું આ જગતમાં એકલો-અટૂલો જ છું."

એ રાતે માઈકેલ સન-લૉક્સને ઊંઘ જ ન આવી — તેના પંજામાં મારેલા ખીલાનો ઘા ખૂબ તાડો કરતો હતો. બીજે દિવસે સવારે જૅસન તેના ઉપર પાટો બાંધતો હતો ત્યારે માઈકેલ સન-લૉક્સે તેને પૂછ્યું, "તમે આ જગતમાં એકલા જ છો? તમારું કોઈ જ નિકટનું સગું નથી?"

"ના, કોઈ નથી."

"બાપ ભલે ન હોય; પણ મા તો હશે ને?"

"તે બિચારી ક્યારની મરી ગઈ."

"તમારે બહેન નથી?"

"ના."

"ભાઈ પણ નથી?"

"ના — નથી, એમ જ કહેવું જોઈએ."

"તમારું પોતાનું પણ કોઈ નથી?"

"ના; મારું શું થયું છે તેની ચિંતા કરે એવું કોઈ જ નથી. હું અહીં છું કે સારી જગાએ, જીવતો છું કે મૂએલો, એ બધાની પંચાત કરે એવું પણ કોઈ નથી. પણ તમારું નામ શું છે?" જૅસને અચાનક પૂછ્યું.

"મને 'ભાઈ' કહેજો."

ગાર્ડોએ તરત જ એ લોકોને વધુ બોલતા ટોકચા અને ખાણ ઉપર કામ કરવા બહાર લીધા.

આ બે જણને ગંધકની ખાણોમાંથી ગંધક ખોદી ખોદીને ટટવાંની પીઠ ઉપર લાદવાનો હતો.

બપોરના જ્યારે ગાર્ડો ઝોકાંએ ચડયા, ત્યારે આ બે જણ ભમરો લૂછી, જરા આરામ કરવા લાગ્યા.

તે વખતે અચાનક જૅસનની નજર હૉસ્પિટલના મકાન તરફ ગઈ. તેને તરત ત્યાં નર્સ થઈને આવેલી ભલી બાઈની જે વલે થઈ હતી તે યાદ આવી. જૅસન એટલું જાણતો હતો કે તે નર્સ પોતાના આ સાથીની જ પત્ની હતી. જૅસન તેને એની પત્નીની જે બદનામી થઈ છે અને તે જે મુશ્કેલીમાં મુકાઈ છે, એની વાત કરવા જતો હતો એટલામાં માઇકેલ સન-લૉક્સે તેને પૂછયું, "ભાઈ, તમે આ જગતમાં એકલા જ છો, એ બહુ ખુશનસીબીની વાત છે. સ્નેહનાં બંધન હોવાં એ વધુ દુઃખી થવાનો જ રસ્તો છે!"

"સાચી વાત છે." જૅસને ટાપસી પૂરી.

"તમે કોઈના ઉપર પ્રેમ કરો કે તરત તમારું આખું હૃદય તેનાથી જ ભરાઈ જાય છે; પણ તમે તેને ગુમાવો, પછી તમારી શી વલે થાય?"

"પણ તમારી બાબતમાં એવું કયાં છે? તમારી પત્ની તો જીવે છે, ખરું ને?"

"હા; પણ તે મરી ગઈ હોય તેના કરતાંય તે જીવતી હોવાથી વધુ દુઃખ થાય, એવું ન બને!"

"એટલે કે, તમારા બેની વચ્ચે બીજો કોઈ માણસ આવ્યો અને તમારા પ્રેમપાત્રમાં ભાગ પડાવી ગયો, ખરું?"

"હા."

"તમે તેને મારી જ નાખ્યો હશે, અને તેથી તમને સજા થઈ ખરું?"

"ના, હજુ મારી નથી નાખ્યો; પણ ભગવાન એને મારી નજીક કદી ફરકવા ન દે!"

"અત્યારે તે કયાં છે?"

"ભગવાન જાણે. તે પહેલાં અહીં જ કેદમાં હતો. રિપબ્લિક ખતમ થયું ત્યારે મને કેદ કરી અહીં મોકલવામાં આવ્યો, પણ તે પહેલાં બે દિવસ અગાઉ તેને છોડી મૂકવામાં આવ્યો હતો."

એટલામાં ગાર્ડો જાગ્યા અને આ બે જણને વાતોએ વળગેલા જોઈ તડૂકયા, "ચૂપ રહો, કામ કરો."

જૅસનને ખાતરી થઈ ગઈ કે, પેલી નર્સ — આ સાથીની પત્ની — જરૂર બદચરિત્ર બાઈ હશે. પેલો બુઢ્ઢો પાદરી જરૂર એના ભરમાવામાં આવી ગયો હશે, અને એને સારી ભલી બાઈ માનતો હશે. પેલા ગાર્ડે કહેલી વાત જ સાચી હોવી જોઈએ!

૩

તે સાંજે જૅસન જ્યારે પોતાના જાકીટમાંથી ચીંદરડી ફાડીને માઈકેલ સન-લૉક્સના ઘા ઉપરબાંધતો હતો, ત્યારે નીચી આંખો કરીને બોલ્યો, "આપણ બેની વચ્ચે કશું જ સરખાપણું હોઈ શકે એમ હું માનતો જ ન હતો. તમે સારા ઘરના સંતાન છો અને કાળજીપૂર્વક તમારો ઉછેર થયો છે; ત્યારે હું તો મારી ગરીબ માના ઘરમાં રોડાની પેઠે રવડતો ઊછર્યો છું. પણ મારા જીવનની એક વસ્તુ તમારા જીવનની એક વાત સાથે મળતી આવે છે."

"શી?"

"મારું જીવન પણ બીજો માણસ મારા પ્રેમમાં આડો આવવાને કારણે બરબાદ થયું છે. મારા આખા જીવનમાં સૂર્યપ્રકાશનું એક જ કિરણ આવ્યું હતું: એક સ્ત્રી મારા જીવનમાં દાખલ થઈ, અને હું તેને મારું સર્વસ્વ માનવા લાગ્યો. પણ તે બહુ તુમાખીવાળી હતી અને હું બહુ ગરીબ હતો. પેલો વચ્ચે આવનાર માણસ બહુ તવંગર હતો; તેની પાસે બધું જ હતું — આખી દુનિયા જાણે તેનાં ચરણોમાં આળોટતી હતી. મારી પાસે એ સ્ત્રી ઉપરના પ્રેમ સિવાય બીજું કાંઈ ન હતું.

પેલાએ વચ્ચે આવીને એટલું પણ છીનવી લીધું;—અને મારાથી એ સહન ન થઈ શક્યું."

"થોભો, થોભો, તમે એ કારણે જ અહીં છો? તમે પેલાનું—હેં, ખરે જ—પેલાને—"

"ના; ના; તમે શું કહેવા માગો છો એ હું સમજી ગયો. પણ મેં એનું ખૂન કર્યું નથી. વસ્તુતાએ મેં તેને કદી જોયો જ નથી. મેં તેને ખોળી કાઢવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ છેવટ સુધી એ મારી ભેગો જ ન થયો."

"અત્યારે તે ક્યાં છે?"

"પેલીની સાથે જ! સુખ અને શાંતિમાં મજા કરે છે; ત્યારે હું અહીં બંધનમાં અને ગુલામીમાં સબડું છું. પણ જ્યારે ત્યારે અમો બે વચ્ચેનો હિસાબ ચૂકતે થશે જ—હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું. એક દિવસ હું ને તે સામે મોંએ આવી જઈશું જ."

માઈકેલ સન-લૉક્સે તરત જ જેસનના બંને હાથ પકડી લીધા અને કહ્યું, "ભાઈ—તું હવે મારો હંમેશનો—સાચો ભાઈ બન્યો છે. આપણે એકબીજાના દુઃખમાં અને શોકમાં ભાગીદાર છીએ, તેથી એકબીજાની તાકાતમાં પણ ભાગીદાર બની રહીશું."

"ચૂપ રહો!" ગાર્ડોએ બૂમ પાડી, અને બંને જણને રાત પૂરતા બંધનમાંથી છૂટા કર્યા.

૪

બીજે દિવસે માઈકેલ સન-લૉક્સની પંજાના ઘાની પીડા ખૂબ જ વધી ગઈ. ગાર્ડો જ્યારે બંનેને બાંધવા આવ્યા, ત્યારે જેસને તેમને કહ્યું કે, આજે આ માંદો છે અને બહાર જઈ શકે તેમ નથી—આજે મને એકલાને જ કામ કરવા દો—હું બંનેનું કામ કરી આપીશ."

પણ તે બંનેને સાથે બાંધવાના હતા તે બેવડું કામ થાય તે માટે નહિ, પણ સજા તરીકે. એટલે ગાર્ડોએ જેસનના કહ્યા ઉપર લક્ષ આપ્યા વિના બંનેને બાંધીને સાથે જ બહાર લીધા.

આ તેમના સહ-બંધનનો ત્રીજો દિવસ હતો. બંનેએ આખો દિવસ મહા મુશ્કેલીએ કામ કર્યું; કારણ કે, માઈકેલ સન-લૉક્સના હાથનો ઘા તેને એકલાને જ અગવડકર્તા ન હતો — જેસનને પણ તે કારણે કામ કરવામાં ડખલ થતી હતી. પણ જેસન કશુંય મન ઉપર લાવ્યા વિના આખો વખત પાવડો ચલાવતો રહ્યો; અને મોં ઉપર હાસ્ય સાથે આશ્વાસન અને ઉત્સાહ આપનારા શબ્દો પણ માઈકેલ સન-લૉક્સને સંભળાવતો રહ્યો.

બપોર બાદ ગરમી ખૂબ લાગવા માંડી અને સન-લૉક્સ થાકથી અને વેદનાથી છેક જ ભાગી પડે એમ થયું, ત્યારે જેસને તેને એમ સૂચવ્યું કે, પોતે નમે ત્યારે તેણેય માત્ર નમવાનો દેખાવ કરવો, પણ બંને પાવડા તો તે એકલો જ ચલાવશે. પણ એમની એ યુક્તિ તરત પકડાઈ ગઈ અને ગાર્ડોએ વધુ સાબદા બની બંનેની પાસેથી રોજના કરતાંય વધુ કામ લીધું.

સજાને ચોથે દિવસે સવારે તો માઈકેલ સન-લૉક્સ જાગ્યો ત્યારથી પગે ઊભો થઈ શકે તેવો જ રહ્યો ન હતો. તેણે ગાર્ડોને જણાવ્યું કે, હું હવે મડદું થવાની તૈયારીમાં જ છું; એટલે મારો ભાર પેલાની સાથે બાંધી, પેલાની પાસે બે જણનું કામ લેવું એ માણસાઈ નથી. પણ ગાર્ડોએ તો તેની વાત હસવામાં કાઢી નાખી; અને બંનેને સાથે બાંધીને જ બહાર કામ ઉપર લીધા.

સન-લૉક્સ જેસન સાથે જોતરાયા બાદ, શરૂઆતમાં તો પોતાની વેદના અને અશક્તિને અવગણી, જેસનનો ખ્યાલ રાખી, હિંમત દાખવવા પ્રયત્ન કરવા લાગ્યો. જેસન પણ માઈકેલ સન-લૉક્સ લથડિયું ખાય ત્યારે બનતું જોર દાખવી તેને સંભાળી લેવા લાગ્યો.

એ જોઈ ગાર્ડો માઇકેલ સન-લૉક્સની ઠેકડી ઉરાડવા લાગ્યા કે, 'ના કહેતો હતો પણ કામ કેવું થાય છે?'

પાંચમો દિવસ પણ ચોથાના જેવો જ ગયો. આજે ગાર્ડોએ વધુ ક્રૂરતા દાખવીને બંને પાસે આકરું કામ લીધું. ઉપરાંતમાં વધુ ઠેકડીઓ ઉડાવીને એ આકરા કામને તેમણે સારી પેઠે કડવું કરી મૂક્યું.

છઠ્ઠે દિવસે તો માઇકેલ સન-લૉક્સનો હાથ સૂજીને બેવડો થઈ ગયો, અને તેના શરીરમાં એટલી બધી નબળાઈ આવી ગઈ કે તે ઊભો થવા જતાં જ ગબડી પડ્યો. છતાં ગાર્ડો તેને પરાણે ઊભો રાખી જેસન સાથે બાંધવા લાગ્યા, ત્યારે તે એમના હાથમાં જ બેભાન થઈને ગબડી પડ્યો. તરત જ જેસને તેને ગાર્ડોના હાથમાંથી છીનવી લીધો અને બૂમ પાડી કે, જે કોઈ તેને હાથ લગાડવા આવશે, તેનો તે જાન લેશે.

તરત કૅપ્ટનને ખબર મોકલવામાં આવી કે આ બે કેદીઓ ફિતૂરે ચડ્યા છે. કૅપ્ટને બે વધુ ગાર્ડ તેમની મદદે મોકલ્યા અને હુકમ કર્યો કે એક જણ ફિતૂર કરતો હોય તો બંનેને સજા કરજો.

ગાર્ડો ભેગા મળી નક્કી કરવા લાગ્યા કે, આ લોકોને આકરી સજા કેવી રીતે કરવી? છેવટે તેમણે નક્કી કર્યું કે, ખાણમાં સૌથી વધુ જોખમભરેલું જે કામ છે, તે આજે આ લોકોને આપવું.

વાત એમ બની હતી કે, થોડા વખત થયાં ગંધકની ખાણોમાંથી નીકળતી વરાળ ધીમે ધીમે ટાઢી પડતી જતી હતી. કેટલીક જગાએ તો તે નીકળતી જ સદંતર બંધ થઈ ગઈ હતી. એ બહુ ગંભીર નિશાની ગણાય. કારણકે, ગંધકનું સત્ત્વ એ વરાળમાં જ રહેલું કહેવાય, અને ખાણોમાંથી એ વરાળ નીકળતી બંધ થાય એનો અર્થ એ કે ગંધક બનતો બંધ થઈ ગયો છે અને એ ખાણો વધુ વખત જીવતી નહીં રહે. એની સાથે ધરતીમાં અને ધરતી ઉપર બીજા ફેરફારો પણ થવા લાગ્યા હતા: ઉપરથી ફાટો અને ચિરાડો દેખાતી ન હતી એવી

જમીન નીચેથી પણ ઊંડા અવાજો સંભળાવા લાગ્યા, અને એ જગા ઉપર કોઈ ચાલે તોપણ નીચેથી પોલો રણકો નીકળતો.

આ બધી નિશાનીઓ ઉપરથી કૅપ્ટને નક્કી કર્યું કે, આ ખાણોનું ચેતન એટલે કે, જમીન નીચે સળગતો અગ્નિ જગા બદલતો જતો લાગે છે. આટલાં વર્ષો સુધી આ ખાણો નીચે રહ્યા બાદ, તે દૂર જ્યાં ભૂગર્ભમાંથી અવાજો નીકળતા સંભળાતા હતા ત્યાં સ્થળાંતર કરતો હશે. તેથી પોતાનાં માણસોની સલાહ લઈ, તેણે જે નવી જગાએ જમીન પોલી રણકતી લાગતી હતી, ત્યાં ગંધકની નવી ખાણો મળવાની આશાએ જમીન ખોદાવવાનો વિચાર કર્યો.

તે અનુસાર પેલા ગાર્ડોએ આ બંને કેદીઓને એવી એક જગાએ ખોદવાના કામે લીધા. ત્યાં બેએક વાર જેટલા વ્યાસના વર્તુળમાં જમીન સફેદ તથા પીળી પડી ગઈ હતી. માંસમાં સડો પડતાં તે જગા જેવી થઈ જાય છે તેવી. જમીનનો તેટલો ભાગ એટલો ગરમ હતો કે ઉપર હાથ મૂકી ન શકાય; તથા તે એવી પોલી હતી કે ઉપર પગ મૂકો તોપણ કૂદવા લાગે. અંદર કેટલીય અગાધ ઊંડાઈએથી ધુધવાટ જેવો અવાજ આવતો સંભળાતો હતો.

જૅસન અને સન-લૉક્સને તે કુંડાળા ઉપરનું પડ ખોદીને ખુલ્લું કરવાનો હુકમ થયો. બંને જણ સળગતી આગ ઉપરના એ પાતળા પડ ઉપર ખોદકામ કરવા લાગ્યા; પણ થોડી જ વારમાં વીસેક જેટલી ફાટો તેમના પગ નીચે ફૂટી નીકળી. તેમાંથી લપકતી જ્વાળાઓ પૃથ્વીના પેટાળમાંથી ફૂટી નીકળતી આગની સરવાણીઓની જેમ ઉપર આવવા લાગી.

જૅસન એકદમ કૂદકો મારીને, સન-લૉક્સને સાથે ખેંચતો એ કુંડાળા બહારની નક્કર કિનારી ઉપર આવી ગયો. ત્યાં આવીને તેણે ગાર્ડોને કહ્યું, "એ પોલાણ ઉપર ખોદકામ કરવું સહીસલામત નથી."

ચાર વાર દૂરની સલામત જગાએ ઊભેલા ગાર્ડો તડૂક્યા, "ચાલ, પાછો જા અને ખોદવા માંડ."

જૅસને જંગલી જાનવર જેવું ઘુરકિયું કર્યું અને પાછો સન-લૉક્સને સાથે ઘસડતો આગ ઉપરના પેલા પડ ઉપર જઈ પહોંચ્યો. પણ તે એ જગાએ પહોંચ્યો નહિ હોય એટલામાં ઉપરના પડનો એક થર અંદર તૂટી પડયો, અને પગ ટેકવવા માટે ત્રણેક હાથ જેટલી જ જગા બાકી રહી.

જૅસને ત્યાંથી જ બૂમ પાડીને કહ્યું, "અમને પાછા બહાર આવવા દો; આ બધું તો અંદર ધસી પડતું જાય છે."

પણ પેલા ગાર્ડો વધુ જોરથી તડૂકયા, "જલદી ખોદવા માંડ."

"પણ જો અમારે આ સળગતી આગ ઉપરનું પડ તોડવાનું જ હોય, તો પછી આ દોરડાં તો છોડી નાખો; જેથી જરૂર પડે તો જલદી બહાર નીકળી શકાય. બે જણને આમ સાથે બાંધી આની ઉપર ઊભા રાખવા, એ તો તેમને આગમાં ધકેલવા જેવું છે."

"લવારી બંધ કર, કામ કરવા માંડ."

"એટલે કે, અમને જીવતા સળગાવી મૂકવાનું જ તમે લોકોએ વિચાર્યું છે, એમ?" અને આટલું બોલતાંમાં તો જૅસનની આંખમાંથી જ આગના તણખા ઝરવા લાગ્યા.

પણ પેલાઓ ઉપર તો એની કશી જ અસર ન થઈ. એટલે જૅસને છેવટની ધમકી ઉચ્ચારી, "તો જુઓ, સાંભળી લો — હું તો શરીરે સશક્ત છું એટલે ગમે તેમ કરી જીવતો બચી નીકળીશ; પણ મારો આ નબળો સાથી આમેય માંડ ઊભો રહી શકે છે. તેને જો કંઈ થયું, અને એ જોવા હું જીવતો રહ્યો, તો જાણી રાખજો કે, તમારા તો ટુકડે ટુકડા કરી નાખ્યા વિના નહિ રહું."

આમ કહેતાંકને તેણે કોદાળો જોરથી એ પાતળા પડ ઉપર ઝીંકયો. તેની સાથે જ અંદરથી ભૂરા રંગની જવાળા અને ધુમાડાનો મોટો ગોટો નીકળ્યો. તરત જ એ વર્તુળમાંથી મરણ પામતા માણસની એક તીણી ચીસ સંભળાઈ, અને પછી ગંભીર ચુપકીદી છવાઈ રહી.

જ્યારે હવા સાફ થઈ, ત્યારે જૅસન તો સાજો સમો ઊભો હતો, પણ માઈકેલ સન-લૉક્સ તેને પડખે બંધાયેલો ઝૂકી પડ્યો હતો — પેલી જ્વાળાથી તેની આંખો આંધળી થઈ ગઈ હતી અને કાં તો તે બેભાન બની ગયો હતો કે છેક જ ખતમ થઈ ગયો હતો.

એ જોતાં અને સમજતાં વેંત જૅસનને શું થયું તે કોણ જાણે. તેનું પહેલાંનું રાક્ષસી બળ તેનામાં જાણે પાછું આવ્યું. તેણે લીલા વેલા જ બાંધ્યા હોય તેમ દોરડાંના બંધ તડાતડ તોડી નાખ્યા. પછી સન-લૉક્સને તેણે એક બાળકને ઊંચકતો હોય તેમ ખભે ઊંચકી લીધો, અને પેલા કારમા ખાડામાંથી તે હુંકાર કરતો બહાર ધસી આવ્યો. તેની આંખો સળગતી હતી અને તેનો અવાજ હિંસ્ર પશુના ઘુરકાટ જેવો બની ગયો હતો.

પેલા ગાર્ડો પોતાની બંદૂકો પડતી મૂકીને બીનેલાં ઘેટાંની જેમ ત્યાંથી ભાગી છૂટ્યા.

૪

"સૌ માટેની ઘાટી"

૧

હજુ વહેલી સવાર જ થઈ હતી; અને ચારે તરફ ભૂખરું ધુમ્મસ છવાઈ રહ્યું હતું. પણ વાદળો પાછળથી ઉત્તર-પૂર્વના પર્વતોની ટોચ ઉપર નીકળતો અને કદી ન આથમતો સૂર્ય ઝાંખો ઝાંખો દેખાતો હતો.

જૅસને તે તરફ જ વેગે ડગલાં ભરવા માંડ્યાં. તેની જમણી ઘૂંટી અને જમણા કાંડા ઉપરથી તૂટેલી સાંકળોની કડીઓ લટકતી હતી; અને તે પ્રમાણે સન-લૉક્સની ડાબી ઘૂંટી અને ડાબા કાંડા ઉપરથી દોરડાંના છેડા ઘસડાતા હતા.

ક્યાં જવું છે અને શું કરવું છે એના વિચાર વિના જ જૅસન સન-લૉક્સને જમણા પડખા તરફથી જમણે ખભે નાખી આગળ વધ્યે જતો હતો.

થોડી વારમાં સન-લૉક્સને અર્ધુંપર્ધું ભાન આવ્યું અને તેણે ધીમે અવાજે પાણી માગ્યું. જૅસને ચોતરફ નજર કરી જોઈ, પણ ક્યાંય પાણીનો જરાય અણસાર તેને મળ્યો નહિ; એટલે તેણે કશો જવાબ આપ્યા વિના ગુપચુપ આગળ વધવા માંડયું.

"પાણી, પાણી" સન-લૉક્સ ફરી ગણગણ્યો. તે વખતે દૂર પર્વતના ગળામાં વીંટળાતી મોતીની સેર જેવી નદીની એક રેખા જૅસનની નજરે પડી.

"પાણી, પાણી, પાણી" સન-લૉક્સ કરગરતો હોય તેમ માગણી કરવા લાગ્યો.

"હા, હા, એક મિનિટની જ વાર છે; પેલું પાણી દેખાય!" જૅસને આશ્વાસન આપ્યું; અને નદી તરફ તેણે વેગે ડગલાં ભરવા માંડયાં.

પણ જ્યારે તે એની નજીક પહોંચ્યો, ત્યારે હતાશાભરી એક ચીસ પાડીને ઊભો રહ્યો – એ નદીનું પાણી ઊકળતું હતું અને એમાંથી ધૂણી ભરેલી વરાળો નીકળતી હતી.

"ભલા ભગવાન, આ ધરતી કેવી શાપિત છે?" જૅસન બૂમ પાડી ઊઠયો.

તે જ વખતે સન-લૉક્સે એક ધીમી ચીસ પાડી. તેનું માથું અત્યાર સુધી અદ્ધર રહ્યું હતું તે હવે જૅસનના ખભા ઉપર ઝૂકી પડયું — તે ફરીથી બેભાન થઈ ગયો હતો.

જૅસન હવે કોઈ હિંસ્ર પશુ શિકારની શોધમાં પર્વતો ખૂંદતું હોય એમ આગળ ચાલવા લાગ્યો. થોડી વારમાં દૂર ભૂરા પાણીથી ભરેલું એક સરોવર તેની નજરે પડયું. ત્યાં ઠંડું બરફ જેવું પીવાનું

અને મોં વગેરે ધોવાનું પાણી મળશે, એમ માની, જૅસન ઝડપભેર તે તરફ ધસી ગયો.

એટલામાં જ બંદૂક ફૂટવાનો પડઘો ઊંચે ટેકરીઓમાં સામસામી અફળાવા લાગ્યો. જૅસન સમજી ગયો કે કેદીઓ ભાગ્યા છે એમ સૌને જણાવવા બંદૂક ફોડવામાં આવી છે. અને થોડી જ વારમાં તેણે પેલા સરોવરે પહોંચવા માટે જે મેદાન ઓળંગવું પડે તેમ હતું તેની કિનારીએ કેટલાય ગાર્ડોને ટટ્વાં ઉપર બેસીને તૈયાર થતા જોયા.

"પાણી, પાણી" ફરીથી સન-લોક્સનો ધીમો અવાજ આવ્યો. જૅસન બિચારો ડૂમો ભરાયેલા અવાજે તેને શાંત પાડવા લાગ્યો, "હમણાં જ પાણી પાઉં છું, શાંતિ રાખો."

૨

પછી બેભાન માણસનો ભાર ખભે ઊંચકીને, કેટલાય કલાકો સુધી તે ટેકરાઓ, મેદાનો અને નિર્જન વગડાઓમાં કેવી રીતે એકલો આથડયો, એની કથની કહી શકાય તેમ નથી. કારણકે, પરમાત્માની નજર સિવાય બીજા કોઈની આંખ તેને જોતી ન હતી. એક જગાએ તો ઉપર ઊડતા કાગડાઓ જેવી જ કાળી રાખથી છવાયેલું મેદાન તેને પસાર કરવું પડયું; તે મેદાનમાં પણ તોફાનોને કારણે ઠેરઠેર ઊભી થયેલી એવા જ રંગની ટેકરીઓ તેને ઓળંગવી પડી. એક જગાએ તો અંગારાથી છવાયેલી લોઢું ગાળવાની ભઠ્ઠી હોય તેવી એક ખાડને કિનારે તે આવીને ઊભો રહ્યો, અને તરત પાછો ફરી ગયો.

દરમ્યાન સન-લૉક્સની પાણી માટેની કાકલૂદીઓ ચાલુ જ હતી. એ કાકલૂદીઓ વધુ વખત સાંભળ્યા કરવી અશક્ય બની જતાં, જૅસન આસપાસ ઘૂમતા ગાર્ડોની બંદૂકનું નિશાન બનવાનું જોખમ ખેડીને પણ સન-લૉક્સનો બોજો ઉઠાવીને એક ઊંચી ટેકરી ઉપર ચડયો, જેથી આસપાસ ક્યાંય પાણી હોય તો દેખી શકાય અને તે બાજુ જઈ શકાય.

છેવટે એક બાજુ તેને હરિયાળી જેવું કંઈક દેખાતાં, ત્યાં અવશ્ય પાણી હશે એમ માની તે ઉતાવળે પગલે તે તરફ વળ્યો. પણ ત્યાં ગયા બાદ લીલથી છવાયેલાં લાવાનાં ગચિયાં સિવાય તેને બીજું કંઈ મળ્યું નહિ! સૂર્યનો તડકો તેને પણ હવે તાવી રહ્યો હતો. એટલે આ જગાએ આવી, નિરાશ થઈ, સન-લૉક્સને જમીન ઉપર સુવાડી, તે પોતે પણ થાકીને બેસી પડ્યો.

તે વખતે તેને વિચાર આવ્યો કે, આમ પાણી વિના તરસથી માર્યા જવું એના કરતાં બંને જણા ખાણોમાં જ રહ્યા હોત તો સારું નહિ? વળી જેને ઊંચકીને તે ફરતો હતો તે પણ જીવતો રહેશે એવો ભરોંસો હવે તેને રહ્યો જ નહોતો. તેનું દિલ એ વિચાર આવતાં જ બેસી પડવા લાગ્યું અને તેને ખાણો તરફ પાછા ફરવાનો જ વિચાર આવવા લાગ્યો.

૩

તે જ ઘડીએ આસપાસની ખડકાળ ભૂમિ ઉપરથી આવતો ઘોડાઓની ખરીઓનો અવાજ તેને સંભળાયો. એ બધા જરૂર તે બંનેની પાછળ પડેલા ગાર્ડો જ હશે એમ માનવા છતાં, તે ત્યાંથી જરાય હાલ્યો નહિ; તથા આગળ ભાગવા કે ક્યાંક આડની પાછળ છુપાઈ જવાનો પ્રયત્ન પણ તેણે કર્યો નહિ.

એ માણસો મોટેથી વાતો કરતા કરતા, પાસે થઈને પસાર થયા. પણ તેમણે આ લોકોની ખોળ પણ કરી નહિ કે તેઓ પાસે જ પડેલા હોવા છતાં તેમને જોયા પણ નહિ. તેઓ કંઈ બીજી જ ધૂનમાં વાતો કરતા કરતા આગળ કૂચ કરી ગયા.

પણ તેમની વાતોના પોતાને કાને પડેલા શબ્દો ઉપરથી જેસન સમજી ગયો કે, એ લોકો કેદીઓના સંસ્થાનના ગાર્ડો નથી; પણ થિંગવેલિર મુકામે મળનારી આલ્થિંગની બેઠકમાં જવા નીકળેલા સભ્યો છે. જેસનને તરત જ વિચાર આવ્યો કે, એ લોકોને શરણે જવું અને

જણાવવું કે પોતે જુલમથી ત્રાસીને એક બેભાન કેદીને લઈને નાસી છૂટેલો માણસ છે.

પણ તે બૂમ પાડીને એ લોકોનું ધ્યાન ખેંચવા જાય, એટલામાં તેને બીજો એક વિચાર સ્ફુરી આવ્યો અને તે ચૂપ થઈ ગયો.

'તેની પાસે થઈને ગયેલા લોકો, આઈસલૅન્ડની કાયદા ઘડનાર પરંપરાગત સંસ્થા આલ્થિગના સભ્યો હતા.' 'તેઓ આઈસલૅન્ડના જૂના ન્યાયાસન સમા કાનૂન-પર્વતે જતા હતા.' જેસનના મનમાં એક પછી એક શૃંખલાબદ્ધ વિચારો આવવા લાગ્યા —

'આ લોકો કાનૂન-પર્વતે શા માટે જતા હતા? – આલ્થિગની બેઠક ભરવા. આલ્થિગ એટલે આઈસલૅન્ડની સર્વોપરી કાનૂની સત્તા — ધારાઓ અને કાનૂનો ઘડનાર સુપ્રિમ કોર્ટ — સર્વોપરી અદાલત!'

તરત જ તેને આઈસલૅન્ડનો એક જૂનો કાયદો યાદ આવ્યો – 'કોઈ પણ સજા પામેલો માણસ આલ્થિગની સભાની વચ્ચે જઈ, પોતાને થયેલી સજાના અન્યાયીપણા વિષે ધા નાખી શકે. તે વખતે જો આલ્થિગના ન્યાયાધીશો તેને બહાર જવા રસ્તો કરી આપે, તો તે નિર્દોષ છૂટી ગયો મનાય.

તરત જ જેસન ખડો થઈ ગયો. થિંગવેલિર ત્યાંથી ૩૫ કપરા માઈલ દૂર હતું; પણ તેથી શું? નિર્દોષ ઠરી બચી જવાની આશા તેના થાકેલા શરીરમાં અને હતાશ થયેલા મનમાં પ્રગટી હતી. તેના પગમાં કોણ જાણે કેટલું બધું જોર આવી ગયું! તેણે તરત જ પોતાના સાથીને ઊંચકીને આલ્થિગની સભા વચ્ચે જઈ પહોંચવાનો અને બંને માટે રાવ ખાવાનો નિરધાર કર્યો. તેને ખાતરી હતી કે, આલ્થિગના ન્યાયાધીશો તેમને બંનેને નિર્દોષ ઠરાવી બહાર નીકળી જવા રસ્તો કરી આપશે અને તેઓ બંને મુક્ત માણસો બનશે.

અને બનવાકાળ તે જેસન સન-લૉક્સને ઉપાડી થોડો જ આગળ વધ્યો હશે ને તરત એક ઝરણાનો ખળખળ અવાજ તેને કાને પડયો.

જૅસન હવે બમણા જોરથી તે તરફ ધસી ગયો. ત્યાં જઈ તેણે ખોબે ખોબે પાણી ભરી લાવીને સન-લૉક્સના મોં ઉપર છાંટવા માંડ્યું, તથા તેના ભીડાઈ ગયેલા હોઠ પલાળવા માંડયા.

થોડી વારમાં સન-લૉક્સના હોઠ ફફડવા માંડ્યા અને તે ભાનમાં આવવા લાગ્યો. જૅસનના હરખનો પાર ન રહ્યો.

પણ તે જ વખતે પાછળ ઘોડાઓની ખરીઓનો જુદી જાતનો અવાજ તેને કાને પડયો. આ અવાજ તો ચોક્કસ તેમની પાછળ પડેલા ગાર્ડોના ઘોડાઓનો જ હતો. તેઓ બારેક ઘોડેસવારો હતા. તેમની આગળ એક કૂતરો જમીન સૂંઘતો દોડતો હતો અને પેલાઓ તે કૂતરાની પાછળ વેગથી ઘોડાઓ દોડાવતા આવતા હતા. બીજો એક કૂતરો ગાર્ડોની પાછળ પાછળ આવતો હતો.

ત્રણેક મિનિટમાં તો તેઓ જૅસન જ્યાં ઊંચાણમાં બેઠો હતો ત્યાં આવી જ પહોંચ્યા હોત. જૅસને આસપાસ નજર કરવા માંડી. તેની પાછળ તો આકાશને ચુંબતો સીધો ખડક જ હતો — જેમાં પગ ટેકવીને ઊંચે ચડી જવાય તેવો કોઈ ખાડો કે ખાંચો ન હતો; તથા જેની અંદર કે જેની પાછળ છુપાઈ શકાય એવી બખોલ કે ઘુંગુંય ન હતું. તેણે બીજી બાજુઓ તરફ નજર નાખી; તો આસપાસ નર્યા પથ્થરના કેટલાય ઢગલા હતા.

છતાં જૅસન, કોઈ માતા પોતાના બાળકને હિંસ્ર પશુના હુમલામાંથી બચાવવા છાતીએ દબાવીને નાસે તેમ, સન-લૉક્સને ઉપાડી લઈને એ તરફ નાઠો.

અને અચાનક જૅસનની નજરે પથ્થરનો એક એવો ઢગલો પડયો, જ્યાં ઊંચેથી શિલાઓ ગબડીને નીચે પડતાં વચ્ચે મોટી બખોલ જેવું થઈ ગયું હતું.

જૅસને પહેલાં બેભાન સન-લૉક્સના શરીરને એ બખોલમાં ધકેલી દીધું, અને પછી પોતે પેટે સરકતો પાછળ પાછળ દાખલ થઈ ગયો.

ત્યાં પડયો પડયો તે ગાર્ડોના વાતચીતના અવાજો સાંભળવા પ્રયત્ન કરવા લાગ્યો.

"ના, ના, આપણે ખોટે રસ્તે ચડી ગયા છીએ."

"પણ લીલ ઉપર એનાં પગલાં ચોખ્ખાં પડેલાં હતાં!"

"પણ પગલાં એક માણસનાં હતાં, અને આપણે તો બે કેદીઓની પાછળ પડયા છીએ ને?"

"પણ એક કેદી બીજાને ઊંચકીને નાઠો હતો, એ કેમ ભૂલી જાઓ છો?"

"પણ ગમે તેવો રાક્ષસ હોય તોય એક માણસ બીજાને ઊંચકીને આટલા બધા માઈલ સુધી આવા ખડકાળ રસ્તે આવે, એ ન માની શકાય એવી વાત છે."

જૅસન આ બધું સાંભળ્યા કરતો હતો. ગાર્ડો થોડી વારમાં ત્યાંથી દૂર ચાલ્યા ગયા. જૅસને હવે નિરાંતનો દમ ઘૂંટયો. પણ એટલામાં પાસે જ તેણે કશો અવાજ સાંભળ્યો, અને તે ચોંકી ઊઠયો. એક કૂતરો જમીન સૂંઘતો સૂંઘતો એ તરફ આવતો હતો અને થોડી વારમાં તો તેની બે ચળકતી આંખો જૅસન તરફ તાકીને જોઈ રહી.

બખોલના અંધકારમાં જૅસનને જોઈ કૂતરો ઘૂરકવા લાગ્યો. જૅસન તેને શાંત પાડવા પ્રયત્ન કરવા લાગ્યો; પણ કૂતરો ઊલટો મોટેથી ભસવા લાગ્યો. તરત જૅસને તેનું ગળચું પકડી લીધું અને ખૂબ જોરથી દબાવ્યું. કૂતરો સામું જોર કરી તરફડવા લાગ્યો, પણ જૅસનના હાથની ચૂડ તેના ગળાની આસપાસ એટલા જોરથી ભિડાઈ હતી કે કૂતરાનું કંઈ ચાલ્યું નહિ.

એટલામાં બહારથી સોટીનો અવાજ આવ્યો અને પછી કોઈ કૂતરાને નામ દઈને બોલાવવા લાગ્યું—'એરિક! એરિક!" પછી તો સિસોટી ઉપરાછાપરી વાગવા લાગી અને 'એરિક', 'એરિક' એવો અવાજ પણ આવવા લાગ્યો.

કૂતરો એ સાંભળી બમણું જોર કરવા લાગ્યો. પણ સામું જૅસનનું જોર પણ એટલું જ વધવા લાગ્યું; અને એક ક્ષણ બાદ કૂતરો હંમેશને માટે ચૂપ થઈ ગયો.

થોડી વારમાં દૂરથી બીજું કોઈ બોલાવતું હોય એવો અવાજ આવ્યો, "સિગર્ડ, સિગર્ડ, હજુ કેમ પાછળ રહ્યો છે?"

"મારો કૂતરો ખોવાયો છે; મેં આ તરફ એના ઘૂરકવાનો અવાજ થોડા વખત ઉપર સાંભળ્યો હતો."

એટલામાં સન-લૉક્સ કંઈક ભાનમાં આવી બબડવા લાગ્યો. જૅસને જલદી તેના હોઠ ઉપર હાથ દબાવી દીધો; પણ બહારથી એનો બબડાટ પેલા સિગર્ડને કાને પડયો હોવો જોઈએ; કારણ કે તેણે એને કૂતરાના ઘૂરકવાનો અવાજ માની ફરી બૂમ પાડી, 'એરિક!' 'એરિક!'

પણ આગળ ગયેલા ગાર્ડોએ ફરીથી બૂમ પાડી, 'સિગર્ડ! સિગર્ડ! ઉતાવળ કર; અજાણી જગાએ બહુ પાછળ રહી જઈશ તો રસ્તો નહિ જડે."

"આ આવ્યો" કહી તરત સિગર્ડ ત્યાંથી જલદી પાછો ફરી ગયો.

૩

માઈકેલ સન-લૉક્સ હવે પૂરો ભાનમાં આવી ગયો હતો. તેને અત્યાર સુધી શું થયું હતું તેની યાદદાસ્ત પણ આવી ગઈ. તે સમજી ગયો કે, નવી ખાણનું પડ તોડવા જતાં નીકળેલી આગની લપેટમાં તેની આંખોને કારમી ઈજા થઈ છે, અને તે આખી જિંદગી માટે કદાચ આંધળો અને અપંગ બની ગયો છે.

તરસની વેદના પણ ફરી ઊપડતાં તે કરુણ અવાજે પાણી માગવા લાગ્યો. જૅસને તેને સમજ પાડીને કહ્યું કે, આજે પહેલી વાર જે પાણી તેમને રસ્તામાં મળ્યું હતું, તે પાછળ મૂકીને તેમને આગળ ભાગવું પડયું છે, અને તેઓ હવે ત્યાં પાછા જઈ શકે તેમ નથી.

વેદનાનો માર્યો માઇકેલ સન-લૉક્સ ત્રાડી ઊઠયો, "તો પછી તમે મને આમ તરસે મારવા ઉપાડી લાવ્યા, તેના કરતાં ત્યાં જ મરી જવા કેમ ન દીધો?"

જૅસન આ ઠપકાનો શો જવાબ આપે? તે ચૂપ રહ્યો; અને તેના ગાલ ઉપર થઈને આંસુના રેલા રેલાવા લાગ્યા.

પણ વેદના અને ગુસ્સાનું એ વાદળ થોડા વખત બાદ હટી જતાં, સન-લૉક્સ પાછો પસ્તાવાના ભાવમાં ગરક થઈ ગયો. તેણે પૂછયું, "શો સમય થયો હશે?"

"સાંજ પડવા આવી છે."

"ક્રિશુવિકથી નીકળ્યે આપણને કેટલા કલાક થયા?"

"દશ."

"ત્યાંથી કેટલા માઈલ દૂર આપણે આવ્યા હોઈશું?"

"વીસ."

"એ આખો રસ્તો મને ખભા ઉપર નાખીને તમે કાપ્યો?"

"હા."

એ સાંભળી, માઈકેલ સન-લૉક્સનું હૃદય ભરાઈ આવતાં તે ડૂસકે ડૂસકે રડવા લાગ્યો. થોડી વાર તો તેનાથી એક શબ્દ પણ બોલાય તેમ ન રહ્યું. માત્ર તેણે જૅસનનો હાથ ભાવપૂર્વક પોતાના હાથમાં લીધો અને તેને પોતાના હોઠ આગળ લઈ જઈ ચુંબન કર્યું.

જૅસનથી પેલાના ઠપકાના બોલ સહન થઈ શકયા હતા, પણ તેનો આ ભાવપૂર્ણ વ્યવહાર સહન ન થઈ શકયો. તે પણ ગળગળો થઈ ગયો. તેનામાં હવે બમણી હિંમત આવી. તેણે થોડા શબ્દોમાં માઈકેલ સન-લૉક્સને સમજાવી દીધું કે, પોતે હવે શું કરવા માગે છે. અને કાનૂન-પર્વત આગળ ધાર્યા પ્રમાણે બધું જો સમુંસૂતરું પાર પડયું, તો આવતી કાલે તો આપણે બંને મુક્ત માણસો બન્યા હોઈશું.

માઈકેલ સન-લૉક્સ તે સાંભળી, ઉત્સાહમાં આવીને બોલી ઊઠયો, "ખરી વાત! ચાલો આપણે કાનૂન-પર્વત તરફ ઊપડીએ! હવે તો હું પોતે જ ચાલી શકીશ — તમે મને માત્ર તમારા હાથનો ટેકો જ આપજો."

"ચાલો ત્યારે," જૅસન પણ બોલી ઊઠયો; "ગાર્ડો તો રેક્જા-વિકને રસ્તે વળ્યા છે. થિંગ્વેલિર જવાનો રસ્તો આ તરફ છે. પેલી ટેકરીની પાર **'સૌ માટેની ઘાટી'**માં થઈને, આગળ જતાં એક સરોવર આવશે; ત્યાંથી થોડા આગળ ચાલીશું, એટલે તરત કાનૂન-પર્વત આવીને ઊભો રહેશે."

જૅસને પછી ધીમે રહીને સન-લૉક્સને પેલી બખોલમાંથી બહાર કાઢયો અને જાળવીને પગ ઉપર ઊભો કર્યો. ત્યાર પછી બંને જણા એકબીજાને આશ્વાસન આપતા, અને હિંમત દાખવવાનો પ્રયત્ન કરતા આગળ ચાલ્યા. સન-લૉક્સ કહેતો કે, તેને હવે જરાય તરસ રહી નથી; ત્યારે જૅસન કહેતો કે થોડી વારમાં મીઠા શીતળ પાણીનું ભરેલું મહાસાગર જેવું સરોવર જ આવવાનું છે.

પણ સન-લૉક્સનું શરીર કાંડા ઉપરના સડતા ઘાના ઝેરથી સારી પેઠે નિર્બળ થઈ ગયું હતું. એટલે થોડી વારમાં તે થાકી ગયો.

તેણે ધીમે રહીને જૅસનને પૂછયું, "હજુ સૂર્યનો પ્રકાશ દેખાય છે?"

"હા."

"હું ખરે જ આંધળો બની ગયો છું — મને તો કશું દેખાતું નથી."

"હવે થોડી જ વાર છે; સરોવરના પાણીથી મોં બરાબર ધોશો અને થોડોક થાક ખાશો એટલે બધું બરાબર દેખાશે." જૅસને આશ્વાસન આપ્યું.

"પણ ભાઈ, હું આંધળો થઈ ગયો છું એ વાત નક્કી છે; મારા જેવા માંદલા, હાથ ભાગેલા, હૃદય ભાગેલા અને સંકલ્પ ભાગેલા માણસને બચાવવા માટે તમે આટલી જહેમત શા માટે ઉઠાવો છો?"

"જરા મારા ખભાનો વધુ ટેકો લો." જેસને વાત જ બદલી નાખી.

સન-લૉક્સ મહાપરાણે થોડો વધુ આગળ ચાલ્યો; પણ પછી તેનાથી બિલકુલ આગળ વધાય તેવું ન રહ્યું ત્યારે તેણે કહ્યું, "મને એકલાને અહીં મૂકીને તમે આગળ ચાલતા થાઓ. હું થોડોક થાક ખાઈને પછી આવી પહોંચીશ."

"એટલે શું, તમને અહીં પાછળ મૂકીને હું આગળ ચાલ્યો જાઉં? એમ કદી બનવાનું નથી. તમે થોડા આડા પડીને આરામ કરી લો. અહીંથી થોડે જ દૂર એક ફાર્મ આવે છે; — મને ચોક્કસ ખબર છે. ત્યાં આપણને દૂધ અને રોટલા મળશે. ત્યાં છાપરા હેઠળ આપણે રાતભર સૂઈ જઈશું, એટલે સવારના પહોરમાં પાછા તાજામાજા થઈ ગયા હોઈશું."

પણ જેસનના શબ્દો માઈકેલ સન-લૉક્સને કાને જ પડ્યા નહીં — તે બેભાન થઈ ગયો હતો.

જેસને હવે તેને ફરીથી પોતાને ખભે ઉઠાવી લીધો.

૪

જેસન એને ઉઠાવીને રસ્તા વગરના એ વેરાનમાં ખાડાખૈયા, અને ટેકરા ઓળંગતો શી રીતે આગળ ચાલ્યો, એનું વર્ણન કરવું મુશ્કેલ છે.

છેવટે તે એક સરોવર આગળ આવી પહોંચ્યો પણ તેણે જોયું. કે, એનું પાણી ઝેરી હતું અને એમાંથી નીકળતી વરાળોથી ઉપર ઊડતાં પંખી વગેરે મરી મરીને અંદર પડતાં હતાં.

ત્યાંથી હતાશ થઈ તે પેલા ફાર્મ આગળ પહોંચ્યો. ત્યારે તેણે જોયું કે, મકાન ખંડેર થઈ ગયું હતું, અને ખેડૂત એને છોડીને ચાલ્યો ગયો હતો.

છતાં ઊંડાં કળણો, કે મોટાં મોટાં ગચિયાંના ટેકરાઓ – એ બધું ઓળંગતો અને વટાવતો જૅસન આગળ વધવા લાગ્યો.

પણ તે પોતે જ હવે ખૂબ થાકી ગયો હતો અને તેને ખૂબ તરસ લાગી હતી. ભૂખની તો વાત જ કરવાની ન હતી. જ્યારે તરસની કારમી પીડા તેને થઈ આવતી ત્યારે તેને યાદ આવતું કે, માણસ તેવે વખતે ગાંડો બની જાય છે અને આગળ વધવાને બદલે એ જ જગાની આસપાસ કૂંડાળામાં જ ફર્યા કરે છે. તે પોતે એમ તો કરતો નથી એ જોવા તે વારંવાર સાશંક બનીને થોભતો.

આ આખો સમય સન-લૉક્સ મડદાની પેઠે બેભાન થઈ તેના ખભા ઉપર પડ્યો હતો. વચ્ચે બે જ વખત તે કંઈક ભાનમાં આવ્યો હોય તેમ બોલ્યો હતો. પહેલી વાર તે એમ પૂછી બેઠો હતો કે, "મેં સ્વપ્નું જોયું હતું કે શું? – મેં જોયું કે, મને મારો ભાઈ જડ્યો!"

"તમારો ભાઈ?"

"હા, હા; મારો ભાઈ! કારણ કે, મારે એક ભાઈ છે જ – જોકે મેં તેને નજરે જોયો નથી, તથા અમે સાથે ઊછર્યા-ખેલ્યા પણ નથી. હું મોટો થયો ત્યાર પછી તેને શોધવા જ ચાલી નીકળ્યો છું."

"ભગવાન ખમ્મા કરે!" જૅસન ગણગણ્યો.

"સ્વપ્નામાં જ્યારે મેં તેના તરફ ધારી ધારીને નજર કરી, ત્યારે મને લાગ્યું કે તે તમે જ છો; કારણકે તેનું મોં પણ ખાણો ઉપરના મારા સાથી તમારા જેવું જ હતું. મને ઘડીભર તો એમ જ થઈ આવ્યું કે, તમે જ મારા એ ખોવાયેલા ભાઈ છો!"

"નહિ તોય હું તમારો ભાઈ જ છું ને! તમે જરા સાંસતા થાઓ, અને આરામ કરો."

બીજી વખતે સન-લૉક્સ એમ પૂછી બેઠો હતો, "તમને લાગે છે કે, આલ્થિગના ન્યાયાધીશો આપણી વાત સાંભળશે?"

"તેઓ સાંભળે જ — તેમણે સાંભળવી જ જોઈએ — આપણા દેશનો એ જૂનો કાયદો છે."

"પણ ગવર્નર-જનરલ એ વખતે હાજર હશે ને?" સન-લૉક્સે સાશંક થઈને આગળ પૂછ્યું.

"તેથી શું?"

"તે બહુ કઠોર માણસ છે; એ કોણ છે એ તમે જાણો છો?"

"ના," જૅસને કહ્યું; પણ પછી તરત ઉમેર્યું; "થોભો! મને યાદ આવ્યું એ કોણ છે તે. તે પણ આલ્થિગની બેઠક વખતે હાજર હશે ખરો?" જૅસનના મનમાં ગવર્નર-જનરલ સન-લૉક્સ હતો; માઈકેલ સન-લૉક્સના મનમાં હતો તે જૉર્ગન જૉર્ગન્સન નહિ.

"હા."

"તો તો ઘણું સારું!" જૅસન રાજી થતો બોલી ઊઠ્યો.

"કેમ?" સન-લૉક્સે પૂછ્યું.

"કારણ કે, હું તેને ધિક્કારું છું, મને તેના ઉપર ખૂબ નફરત છે."

"તો તમને પણ એણે કંઈ અન્યાય કર્યો છે?"

"હા, હા; અને હું પાંચ વર્ષથી એનો બદલો લેવા ટાંપી રહ્યો છું."

"તમે હજુ એને કદી ભેગા જ થયા નથી?"

"કદી નહિ! પણ હવે હું તેને જોવા પામીશ; અને જો તે હજુ પણ મારી સાથે ન્યાયથી વર્તવાની ના પાડશે, તો હું —

"તો શું?"

"કંઈ નહિ." કહીને જૅસને આગળ વાત બંધ કરી.

પણ સન-લૉક્સ સમજી ગયો કે તે શું કરવા ધારે છે. તેથી તરત બોલી ઊઠ્યો, "ભગવાન કરે ને એવું ન બને."

આ બધી વાતો, ખભા ઉપર સન-લૉક્સને ઉપાડીને જૅસન ચાલતો હતો તે દરમ્યાન જ થઈ હતી – વચ્ચે વચ્ચે સન-લૉક્સ ભાનમાં આવી જતો ત્યારે.

૫

અર્ધા કલાક બાદ જૅસન સન-લૉક્સને ખભે ઉપાડીને '**સૌ માટેની ઘાટી**' નામની પર્વતો વચ્ચેની એક મોટી ચિરાડમાં થઈને થિંગ્વેલિરની ખીણમાં દાખલ થયો. તે વખતે બીજા દિવસનો પ્રાતઃકાળ થયો હતો.

દૂરથી એક ઘેરો અવાજ સંભળાતો હતો. તે ઘણા માણસો ભેગા થયા હોય અને વાતો કરતા હોય એનો હતો.

જૅસનનું હૃદય આનંદથી ઊછળવા લાગ્યું.

૫

કાનૂન-પર્વત

૧

આગળ વધતા પહેલાં આપણે થોડું પાછળ ડોકિયું કરી લઈએ.

ગ્રીબાને વ્યભિચારિણી – કુલટા માનીને, તથા કોઈ કેદીને ભગાડવાના ઈરાદાથી કેદીઓના સંસ્થાનની હૉસ્પિટલમાં આવીને રહેલી ગણીને, હૉસ્પિટલમાંથી તેમજ ખાણ-વિસ્તારમાંથી હાંકી કાઢવામાં આવી હતી.

પણ સ્ત્રીનો સ્નેહ જ્યારે ક્રિયાશીલ બને છે, ત્યારે તેની બુદ્ધિ પુરુષની ચતુરાઈને પણ આંટી જાય છે. એટલે ગ્રીબા ગમે તેમ કરીને ક્રિશુવિકમાં જ રહી. તેના ભાઈઓ પોતાના જુદા જ હેતુઓસર જે પૈસા તેને આપી ગયા હતા, તે પૈસાને કારણે તેને પોતાની ભૌતિક જરૂરિયાતોની ટાંચ પડે તેમ રહ્યું ન હતું. અને તેને જન્મેલો પુત્ર –

જે તેના પ્રિય પતિના કાયમના સંભારણા જેવો હતો, તેને જોઈ જોઈ તે પોતાની ઘણી ઘણી માનસિક યાતનાઓ ભૂલી શકતી હતી.

અલબત્ત, તેનો તે પુત્ર આસપાસના લોકોમાં તેને માટે શરમરૂપ બની ગયો હતો; પણ ગ્રીબા પોતાના મનમાં જાણતી હતી કે લોકોની એ વાત સાચી નથી – તે પુત્ર વિધિસરના લગ્નથી તેને પ્રાપ્ત થયો હતો. ગ્રીબા એક વખત પોતાને મોઢેથી પુત્રાના પિતાનું નામ બોલે કે તરત તેની એ બદનામી દૂર થઈ જાય! પણ અત્યારે પોતાની યોજના પાર પાડવામાં એ નામ જાહેર કરી દેવું તેને સલાહભર્યું લાગતું ન હોવાથી તે ચૂપ જ રહી.

ગ્રીબા પેલા કેદી-પાદરીને તેના આગવા ઝૂંપડામાં અવારનવાર મળવા જતી, અને પોતાના પતિ 'એ-૨૫'ની ખબરો જાણી લાવતી. તે ભલો પાદરી પણ 'એ-૨૫' નંબરનો કેદી માઈકેલ સન-લૉક્સ છે એવું તો હરગિજ જાણતો ન હતો. પણ તે કેદી એ બાઈનો પતિ છે એટલું જરૂર જાણતો હતો. જોકે, ગ્રીબાના કહેવાથી તે પણ એ વસ્તુ ગુપ્ત રાખી રહ્યો હતો.

શિયાળો વીતી ગયો અને ઉનાળો આવ્યો. એક દિવસ પેલો કેદી-પાદરી જે ખેતર ઉપર ગ્રીબા રહેતી હતી ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો, "મને માફ કરજે – પણ મારે આજે તને ખરાબ સમાચાર કહેવાના છે: 'એ-૨૫' નંબરના કેદીને કારમો અકસ્માત ગંધકની ખાણમાં કામ કરતાં નડયો છે."

ગ્રીબા તરત જ પોતાના બાળકને કેડમાં લઈને ખાણ તરફ દોડી અને ભાનભૂલી થઈને પોતાની ગુપ્ત વાત પ્રગટ કરી દેતી પૂછવા લાગી – "એ-૨૫ નંબરનો કેદી કયાં છે? મને એને જોવા દો – એ મારો પતિ થાય છે."

"તારો પતિ થાય છે!" એમ બોલતા ગાર્ડો તરત જ એને કૅપ્ટન સમક્ષ ખેંચી ગયા.

ગાર્ડોએ કહેલી વાત સાંભળતાં જ કૅપ્ટન બોલી ઊઠયો, "મને વહેમ હતો જ કે આ બાઈને એ કેદી સાથે કશોક સંબંધ છે, અને તે એને ભગાડવા માટે જ આ તરફ આવી છે."

પછી તેણે ગ્રીબાને કઠોર અવાજે પૂછયું, "સાચું બોલી દે, તું આ સ્થળે શહેર છોડીને શા માટે આવી હતી?"

"મારા પતિની નજીક રહેવાનું મળે તે માટે." ગ્રીબાએ સાચો જવાબ જ આપી દીધો.

"બીજો કશો જ ગુપ્ત હેતુ ન હતો?"

"બીજો કશો જ નહિ."

"તો આ બીજો માણસ કોણ છે?" કૅપ્ટને પૂછયું.

"બીજો માણસ વળી કોણ?" ગ્રીબાએ નવાઈ પામીને પૂછયું.

ગાર્ડોએ તેને જણાવ્યું કે, તેનો પતિ અહીં નથી – તેની સાથેનો બીજો એક કેદી તેને લઈને ભાગી છૂટયો છે.

"હેં? ભાગી છૂટયો છે?" ગ્રીબા મૂંઝવણમાં પડી જઈને બોલી; "તો તેમને કશોક કારમો અકસ્માત નડયો છે એ વાત સાચી નથી? ભગવાનની કૃપા!" એમ બોલતી ગ્રીબા પોતાના બાળકને છાતી સાથે દબાવી ચુંબન કરવા લાગી.

"અમને જોકે અકસ્માતની કે છુટકારાની કશી પાકી ખબર નથી. પણ એ બીજો માણસ કોણ છે તે તું અમને કહી દે, તો અમને એ બધું નક્કી કરવામાં મદદ થશે. એ બીજો કેદી બી-૨૫ નંબરનો હતો અને તેનું નામ જૅસન હતું."

"જૅસન?" ગ્રીબા ફાટી ગયેલી આંખે ત્રાડી ઊઠી.

"હા; તે કોણ છે?" કૅપ્ટને પૂછયું.

ગ્રીબા થોડી વાર શૂનમૂન થઈ ગઈ હોય તેમ ચૂપ રહી, અને પછી બોલી, "તેમના પોતાના ભાઈ છે."

"એ બે જણનો વ્યવહાર જોઈને એટલું તો અમે કલ્પી જ શકયા હોત." કૅપ્ટન ગણગણ્યો.

તરત જ ગ્રીબાએ ઉમેર્યું, "ભાઈ ખરો; પણ એમની હત્યા કરવા જ એ આખી જિંદગી એમની પાછળ પડયો છે."

"અમે એવું માનતા નથી; તે તો આ ખાણોમાં તારા પતિનો સૌથી ઉત્તમ મિત્ર અને મદદગાર હતો."

"એ મારા પતિનો ખરાબમાં ખરાબ દુશ્મન છે." ગ્રીબાએ ભારપૂર્વક જણાવ્યું.

"પણ એ જ તારા પતિને ખભે ઊંચકીને ભાગ્યો છે." કૅપ્ટને સામી દલીલ કરી.

"તે જો એમને ઊંચકીને નાઠો હશે, તો તો જરૂર એમને મારી નાખવા જ લઈને ભાગ્યો હશે. ભલા ભગવાન, આ શું થયું? એ જેસનને મારા પતિનો જાન લેવાનો પ્રયત્ન કરવા બદલ જ આ ખાણોમાં કેદની સજા કરવામાં આવી હતી – તમે આવ્યા તે પહેલાં. એટલે મારા પતિને અકસ્માત નડયો છે, એ વાત જ સાચી નીવડી હોત તો કેવું સારું થાત? તો હું એમની સેવાચાકરી કરી એમને સાજા કરત; પણ આ તો તે એમના દિલી દુશ્મનના હાથમાં જ પડયા. કૅપ્ટન સાહેબ, ભગવાન તમારું ભલું કરશે; તમે જરૂર એમને પેલાના હાથમાંથી છોડાવો — પાછળ માણસો દોડાવો — ઉતાવળ કરો — મારા પતિનો જાન જોખમમાં છે — હાય, આ હું શું બોલું છું? મને માફ કરો કૅપ્ટન સાહેબ; પણ મારું હૃદય કારમી આશંકાથી ફાટી જાય છે."

"તારું કહેવું બધું વિચિત્ર લાગે છે — અમે તો જેસનને તારા પતિનો પાકો મદદનીશ અને સાગરીત જ માનતા હતા. પણ જે ખરું હોય તે — જેસનની પાછળ તો ગાર્ડો કયારના દોડી ગયા છે; અને એ અમારા હાથમાંથી કયાંય છટકી શકવાનો નથી. પણ તારી વાત તારે ગવર્નર-જનરલ સાહેબને કહી સંભળાવવી જોઈએ; માટે મારા બે ગાર્ડો સાથે તું અબઘડી થિંગ્વેલિર તરફ જવા તૈયાર થઈ જા. આલ્થિંગની બેઠક ભરાવાની હોવાને કારણે તેઓ સાહેબ ત્યાં જ જઈ પહોંચ્યા હશે."

૨

જૉર્ગન જૉર્ગન્સનના અંતરમાં માઈકેલ સન-લૉક્સ પ્રત્યે ઘણું વેર ભેગું થયું હતું. પ્રથમ તેણે પોતાનો સ્વાર્થ સાધવા માટે જ તેને આલ્થિગનો સભ્ય બનાવરાવ્યો હતો, પણ માઈકેલ સન-લૉક્સે પછીથી એના કહ્યા મુજબ વર્તવાની ના પાડી હતી. ઊલટું ક્રાંતિનો આગેવાન બની સન-લૉક્સે તેને ગાદીએથી જ ઉઠાડી મૂક્યો અને પોતે તેની ગાદીએ ચડી બેઠો હતો. એટલે જૉર્ગન જૉર્ગન્સન જ્યારે ફરીથી ગવર્નર-જનરલપદે આવ્યો, ત્યારે તેણે માઈકેલ સન-લૉક્સને ગંધકની ખાણોમાં રિબાવા જ મોકલી આપ્યો, અને ત્યાંથી જીવતો પાછો ન આવે એવી પેરવી કરી.

એટલામાં આદમ ફેરબ્રધરે રેક્જાવિક આવીને તેની આગળ ફરિયાદ કરી કે, માઈકેલ સન-લૉક્સ મૅન-ટાપુનો વતની હોઈ, અંગ્રેજ પ્રજાજન છે; માટે તેનો કેસ ન્યાયાધીશ અને જૂરી મારફત ચાલવો જોઈએ, અને પછી તેને સજા થવી જોઈએ.

"અમારે અહીં જૂરીનો રિવાજ નથી; અને તે અંગ્રેજ પ્રજાજન હોય કે નહિ, તેણે ડેન્માર્કના રાજા સામે ફિતૂર કર્યું હોઈ, તેને ડેન્માર્કના કાયદા જ લાગુ પડશે." જૉર્ગન જૉર્ગન્સને જવાબ આપી દીધો.

"તો ડેન્માર્કના કાયદાઓ અનુસાર તેને સજા થઈ શકે; કોઈ જાલીમ ગવર્નર-જનરલ મનસ્વીપણે તેને સજા ન કરી શકે." આદમ પણ તડૂક્યો.

"તમારી જીભ ઠેકાણે રાખો, મહેરબાન; નહીં તો ગવર્નર-જનરલનું મનસ્વીપણું કેટલી હદે જઈ શકે છે તેની ખબર પડી જશે." જૉર્ગન જૉર્ગન્સને તુમાખી દાખવી.

"હું તમારી ધમકીઓથી ડરી જવાનો નથી; હું તમારા માલિક — ડેન્માર્કના રાજા પાસે તમારી સામે ફરિયાદ લઈ જઈશ." આદમે મક્કમતાથી જવાબ વાળ્યો.

"તમારાથી થાય તે કરી લેજો; પણ દરમ્યાન તમારી જાતને જ સંભાળતા રહેજો." જૉર્ગન જૉર્ગન્સને સીધી ધમકી ઉચ્ચારી.

આદમે માઈકેલ સન-લૉક્સને ન્યાય અપાવવાની વાત તો ઉપાડી; પણ તેની પાસે તેને માટે આગળ પગલાં ભરવા પૈસોટકો કંઈ જ ન હતું. તેણે પોતાના જૂના માલિક ડ્યૂક ઑફ ઑથોલ પાસે પચાસ પાઉંડ ઊછીના માગ્યા. તેમણે ૪૦ જ મોકલ્યા અને પૈસાની બાબતમાં હાથ છૂટો રાખવા બદલ આદમને ઠપકો લખી જણાવ્યો, તથા ધંધા વગર પરદેશ રખડયા કરવાને બદલે પોતાને વતન પાછા ફરવા તાકીદ આપી.

માઈકેલ સન-લૉક્સ અને ગ્રીબા પ્રત્યે સહાનુભૂતિવાળા ભલા બિશપ જૉનને ત્યાં રહી, આદમ હવે કૉપનહેગનમાં પ્રધાનને, ડેનિશ રિશ્ટાગ (પાર્લમેન્ટ)ને, અને છેવટે ડેન્માર્કના રાજાને પોતાને અરજીઓ કરવા લાગ્યો. જોકે એનું કશું નાનું કે મોટું પરિણામ ન જ આવ્યું.

તોપણ આદમના આ પ્રયત્નોનું એક પરિણામ આવેલું જરૂર કહી શકાય : જૉર્ગન જૉર્ગન્સન વધુ કડક બનતો ગયો! શરૂઆતમાં તો આઈસલૅન્ડના લોકોએ એમ માની લીધું હતું કે, માઈકેલ સન-લૉક્સે જ ફૂટી જઈને ડેન્માર્કની રાજસત્તાને પાછી આઈસલૅન્ડમાં નોતરી છે. પણ પછી એને ગંધકની ખાણો તરફ જ કાયમનો મોકલી આપેલો જાણ્યા બાદ તેમને ખાતરી થતી ગઈ કે, માઈકેલ સન-લૉક્સ ડેન્માર્કનો ફૂટેલો મળતિયો ન હતો; તેને તો ઊલટો ડેન્માર્કનો શત્રુ ગણીને જ ગંધકની ખાણોમાં જીવતો દાટી દેવામાં આવ્યો છે! એટલે લોકોમાં ધીમે ધીમે માઈકેલ સન-લૉક્સ પ્રત્યે આઈસલૅન્ડના તારણહાર તરીકેનો ભાવ પાછો જામતો ગયો અને જૉર્ગન જૉર્ગન્સન તરફ ઘૃણા અને તિરસ્કાર. લોકો હવે તેનાથી ડરવાને બદલે ઉઘાડેછોક તેની ઠેકડીઓ જ ઉડાડવા લાગ્યા. જૉર્ગન જૉર્ગન્સન એ બધાનું વેર વાળવા માઈકેલ સન-લૉક્સ ગંધકની ખાણોમાંથી ફરી જીવતો પાછો ન આવે એવી જ પેરવી કરવા લાગ્યો.

જૉર્ગનને જૅસનના સમાચાર પણ મળ્યા : પોતે પહેલાં ધારતો હતો તેમ તે મરી ગયો ન હતો; પણ સન-લૉક્સને જાનથી મારવાની ધમકી આપવા બદલ તેને ખાણો તરફ મોકલી આપવામાં આવ્યો હતો. જૉર્ગને હવે જૅસનને ખાણોમાંથી પાછો બોલાવી, પોતાને પડખે લેવાનું નક્કી કર્યું — તે પોતાની દીકરીનો – રાશેલનો – પુત્ર હતો તે કારણે નહિ, પણ તે સન-લૉક્સને જાનથી ધિક્કારતો હતો તે કારણે!

એ વિચારથી તે ક્રિશુવિક ગયો; પણ ત્યાં તો તેને ઊલટું જ જોવા મળ્યું : જૅસન માઈકેલ સન-લૉક્સનો મદદગાર – મિત્ર બની રહ્યો હતો. એટલે તેણે સન-લૉક્સનો જમણો હાથ લાકડાના ડીમચે ખીલાથી જડી દેવાની અને ડાબો હાથ ન પહોંચે તેટલે દૂર ખાવા-પીવાનું મૂકવાની કારમી સજા ફરમાવી. પણ તેનો તે હાથ સહેલાઈથી પહોંચે તેટલે દૂર તેણે એક છૂરી મુકાવી હતી. જૉર્ગનની ધારણા હતી કે થોડા વખતમાં જ વેદના અને ભૂખતરસનો માર્યો સન-લૉક્સ એ છૂરી વડે આપઘાત જ કરશે.

પરંતુ તે વખતે પણ જૅસને સન-લૉક્સને બચાવી લીધો, એટલે જૉર્ગન જૉર્ગન્સને બંનેના એક એક હાથ અને એક એક પગ ભેગા બાંધવાની સજા કરી; – જેથી તે બંને એકબીજાથી ત્રાસી, એકબીજાને મારી નાખે. અને અલબત્ત, જૅસન જ બેમાં જબરો હોઈ તે જ માઈકેલ સન લૉક્સને મારી નાખશે, એવી તેની ધારણા હતી.

એટલી ગોઠવણ કરી લીધી એટલે થોડા જ વખતમાં સન-લૉક્સ ખતમ થઈ જશે એવું માની, જૉર્ગન જૉર્ગન્સન રેક્જાવિક મુકામે પાછો આવ્યો. અને થિંગ્વેલિર મુકામે તરતમાં જ આઈસલૅન્ડની પરંપરાગત આલ્થિંગની બેઠક ભરાવાની હતી ત્યાં જવાની તૈયારીમાં પડ્યો.

ક્રાંતિ પછી જૉર્ગન પોતાની પાસે પચીસ માણસોની અંગરક્ષક ટુકડી હંમેશ રાખતો હતો. તે ટુકડી ઉપરાંત પોતાનો બીજો રસાલો સાથે લઈ, તે થિંગ્વેલિર જવા ઊપડ્યો. એટલામાં એક ટેકરીના ઢોળાવ

આગળ તેણે દશેક ઘોડેસવાર ગાર્ડોને હાફ્નેફૉર્ડ તરફથી આ બાજુ પુરપાટ આવતા જોયા.

તે ગાર્ડો જેસન અને માઈકેલ સન-લૉકસની શોધમાં નીકળ્યા હતા. રસ્તામાં પેલી બખોલ આગળ સિગર્ડના કૂતરા એરિકનું શબ પાછળ મૂકીને તેઓ આવ્યા હતા, એ આપણે જાણીએ છીએ.

તેઓએ જૉર્ગન જૉર્ગન્સનને ખબર આપ્યા કે, માઈકેલ સન-લૉક્સ નાસી છૂટયો છે અને જેસન તેની સાથે છે. તેઓ હાફ્નેફૉર્ડ તેમની શોધ માટે ગયા હતા, પણ ત્યાં તેમનો પત્તો લાગ્યો નથી. ગઈકાલથી કોઈ જહાજ હાફ્નેફૉર્ડથી ઊપડયું નથી; — તેમના પગલાની કોઈ નિશાની પણ તે તરફ મળી નથી; — એટલે તેઓ હજુ વચ્ચેના પ્રદેશમાં જ કયાંક અટવાતા હોવા જોઈએ. ગાર્ડોએ જૉર્ગન જૉર્ગન્સનને વધુ દશેક માણસો આપવા વિનંતી કરી, જેથી તેઓ એ વચ્ચેના પ્રદેશમાં વધુ બારીકાઈથી તપાસ કરી શકે.

જોર્ગન જૉર્ગન્સનના તો મોતિયા જ મરી ગયા. લોકોને મળી માઈકેલ સન-લૉક્સ ફરીથી ક્રાંતિ જગવશે એવા ડરથી તેણે પોતાના સૌ ગાર્ડોને રેક્જાવિક તરફ દોડી જવા ફરમાવ્યું અને પોતે પણ ત્યાં જ પાછો ફર્યો. રેક્જાવિકમાં તેણે એકે એક ઘર અને એકે એક છુપાવાની જગા તપાસાવરાવી. પણ તે તરફ પેલા બેની કશી ભાળ ન મળતાં તે હવે થિંગ્વેલિર તરફ દોડયો. કદાચ તેની ગેરહાજરીમાં ત્યાં જ કંઈ ન બની ગયું હોય! જોકે, રેક્જાવિકના બચાવ માટે તેણે પોતાના અંગરક્ષકો તથા ખાણ તરફથી આવેલા ગાર્ડોને પણ ત્યાં જ રહેવા દીધા.

૨

થિંગ્વેલિરની ખીણ તે દિવસે સવારે માણસોની અવરજવરથી ઘોંઘાટભરી બની ગઈ હતી. સેંકડો તંબુઓ ઠોકાઈ ગયા હતા અને હજારો ટટવાં આસપાસ ઊગેલું ઘાસ ચરતાં હતાં.

એ મેદાનની વચમાં 'કાનૂન-પર્વત'ના મોટા નામે એક ટેકરી

આવેલી હતી. ખરી રીતે તે લાવાનો બનેલો એક ટાપુ જ હતો, અને તેની આસપાસ એક સાંકડો વહેળો વહ્યે જતો હતો.

આલ્થિંગ દર ત્રીજે વર્ષે મળતી; અને એ પ્રસંગ એક રીતે મહત્ત્વનો રાષ્ટ્રીય પ્રસંગ હોવાથી, દૂરદૂરથી ઘણા લોકોનો ત્યાં મેળો જામતો.

બેઠક શરૂ થાય તે પહેલાં સૌ વચ્ચે પાકની, ઢોરની, અને આબોહવાની વાતો જ ચાલવા લાગી. બે કપરા શિયાળા વચ્ચે ગયા હોવાથી એકબીજાના સુખદુ:ખની વાતો કરવાની ઘણી હતી. પણ પછી તરત તેઓ વાતાવરણમાં અને ધરતીના પેટાળમાં થોડો વખત થયાં જોવા-સાંભળવા મળતી વિચિત્ર નિશાનીઓની વાતોએ ચડયા.

દક્ષિણ તરફના એકે કહ્યું કે, ત્રણ રાત પહેલાં કાળી ધૂળનો વરસાદ અમારા તરફ વરસ્યો હતો. બીજાએ ઉત્તર-પૂર્વથી દક્ષિણ-પશ્ચિમ તરફ ધરતીકંપના એક આંચકાની વાત કરી. ત્રીજાએ આવતી વખતે એક ખીણમાં પોતાના ઘોડાને ચરવા દેવા થોભ્યો હતો તેટલામાં જમીનમાંથી નીકળતા ધુમાડાના વીસ વીસ થંભોની વાત કરી. આ બધા ઉત્પાતોની ખબરો, આંખના પલકારામાં, એકને મોંએથી બીજાને કાને એમ આખા સમુદાયમાં ફેલાઈ ગઈ.

જુવાનિયાઓ હવે કંઈક ચિંતાતુર થઈ ઘરડેરાંને આ ઉત્પાતોનો અર્થ પૂછવા લાગ્યા. ઘરડેરાઓ હાથ ઊંચા કરી ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે, પહેલાં આવા ઉત્પાતોથી જે ઉપદ્રવ આ ટાપુમાં સરજાયો છે, તેવો ફરી ન સરજાય!

ધીમે ધીમે આલ્થિંગની બેઠક શરૂ થવાનો સમય નજીક આવી પહોંચ્યો. પણ ગવર્નર-જનરલ હજુ આવ્યો ન હોવાથી બધા સભ્યો સરઘસ આકારે કાનૂન-પર્વત ઉપર જવા જે સ્થળે ભેગા થયા હતા ત્યાં જ થોભી ગયા.

લોકોમાં હવે અસંતોષનો ગણગણાટ વ્યાપી રહ્યો. ગવર્નર-જનરલ જાણી જોઈને તેઓને અપમાનિત કરવા જ, અને રાહ જોતા બેસાડી

રાખવા ખાતર જ મોડું કરે છે, એમ સૌ કહેવા લાગ્યા. અને છેવટે સૌ એવો પોકાર કરવા લાગ્યા કે, ગવર્નર-જનરલ મોડું કરે તે માટે આલ્થિગનો સમય વીતી જવા દેવાય નહિ. છેવટે ચોતરફના વ્યાપક દબાણથી પ્રેરાઈ આલ્થિગના ૩૬ સભ્યોનું સરઘસ કાનૂન-પર્વતે જવા ઊપડ્યું જ.

સૌથી પ્રથમ વડા ન્યાયાધીશ ન્યાયની તરવાર હાથમાં લઈને ચાલવા લાગ્યા. તેમની પાછળ તેમના મૅજિસ્ટ્રેટો અને બાકીના આલ્થિગ-સભ્યો ચાલ્યા. તેઓ પગથિયાં ચડી કાનૂન-પર્વત ઉપર પહોંચ્યા તે જ વખતે બીજી બાજુનાં પગથિયાંએથી બિશપ જૉન અને તેમના ધર્માચાર્યોનું સરઘસ એ પ્રમાણે જ ત્યાં આવી પહોંચ્યું.

વચ્ચે ન્યાયાધીશ ઊભા રહ્યા; અને તેમને જમણે હાથે બિશપ ઊભા રહ્યા. ડાબે હાથે ગવર્નર-જનરલની જગા ખાલી રહી.

બિશપ જૉને પ્રાર્થના શરૂ કરી. એ પ્રાર્થનામાં ભગવાનના ખોફથી ડરીને ન્યાય તોળવાની તથા ક્ષમાભાવ દાખવવાની વાત મુખ્ય હતી.

ન્યાયાધીશે પછી તરવાર ઊંચકીને માણસ માણસ વચ્ચે સમાનતાથી ન્યાય તોળવાના સોગંદ લીધા.

ત્યાર બાદ તેણે નવા કાયદાઓ એક પછી એક કલમ અનુસાર વાંચવા માંડ્યા — પ્રથમ આઈસલૅન્ડની ભાષામાં અને પછી ડૅનિશ ભાષામાં.

એ વાચન ચાલતું હતું તેવામાં ગવર્નર-જનરલ આવી પહોંચ્યો. ન્યાયાધીશે તેને નમન કરવા થોભ્યા બિના પોતાનું વાચન ચાલુ રાખ્યું. બિશપે પણ તેના તરફ નજર ન કરી; અને સભ્યો પણ જેમ બેઠેલા હતા તેમજ બેસી રહી કાયદાઓનું વાચન સાંભળવા લાગ્યા.

જૉર્ગન જૉર્ગન્સને તરત ત્રાડ નાખીને ન્યાયાધીશને કહ્યું, "થોભો, મારે કંઈક વાત કરવાની છે."

. "નામદાર, યોગ્ય વખતે અને યોગ્ય સ્થળે એ વાત આપ કરી શકો છો; અહીં અત્યારે નહિ."

"મારે અબઘડી — અને અહીં જ એ વાત કહેવી છે. બધા મારી વાત સાંભળો! જે બંડખોર રાજદ્રોહી આ ટાપુની હકૂમત પચાવી પડયો હતો, તે ખાણની કેદમાંથી ભાગી છૂટયો છે."

"ભાગી છૂટયા! માઈકેલ સન-લૉક્સ!" જુદા પ્રકારના ભારે ઉશ્કેરાટવાળા એ શબ્દો લોકોના ટોળામાંથી નીકળ્યા.

"હા, હા, માઈકેલ સન-લૉક્સ ભાગી છૂટયો છે. તે ફરી પોતાની બદમાશી અને કાવાદાવા પાછા શરૂ કરશે; માટે આઈસ-લૅન્ડના લોકો, તમને ડેન્માર્કના મહારાજાની મદદે દોડી આવવા હું હાકલ કરું છું; — એ રાજદ્રોહીને ફરી પકડવો જ રહ્યો. માટે તમે બધા પ્રથમ તે કામમાં મદદ કરવા સાબદા થઈ જાઓ!"

"તમારી પાસે તમારા અંગરક્ષકો ઘણા છે; મદદ માટે અમારી પાસે દોડી આવવાની તમારે શી જરૂર?" નીચેથી એક અવાજ આવ્યો.

"તમારી પાસે દોડી આવવાની જરૂર એટલા માટે છે કે, મારા રક્ષકો રેક્જાવિકનું રક્ષણ કરવાના કામે રોકાયેલા છે; ઉપરાંત તમારો ટાપુ એવો ખાડાખૈયાવાળો છે કે તેઓ તેને સો સો વર્ષ લગી ફીંદ્યા કરે, તોપણ પેલો ગુનેગાર તેમને હાથ ન આવે."

"ભગવાન એમ જ કરે તો સારું!" નીચેથી બીજો અવાજ આવ્યો.

જૉર્ગનનો અવાજ હવે ગુસ્સાથી તરડાવા લાગ્યો —

"પણ તમે લોકો જો એ કામે લાગો, તો એને છુપાવાની કોઈ જગાથી તમે અણજાણ નથી. માટે ન્યાયાધીશ મહાશય, હું તમને આલ્થિંગની આ બેઠક મુલતવી રાખવા વિનંતી કરું છું, જેથી આ સૌ લોકો પેલા રાજદ્રોહીને શોધી કાઢવાના કામે દોડી જઈ શકે."

સૌ લોકોમાં એ વાતથી ઉશ્કેરાટભર્યો ગણગણાટ વ્યાપી રહ્યો. છેવટે ન્યાયાધીશ બોલ્યો, "મને આપનું કહેવું સમજાયું નહિ, નામદાર."

"મારું કહેવું એમ છે કે, તમે ત્રણ દિવસ સુધી આલ્થિગની બેઠક મુલતવી રાખો, જેથી પેલા રાજદ્રોહીની શોધ થઈ શકે."

"નામદાર, આ આલ્થિગ હજાર હજાર વર્ષોથી દર ત્રણ વરસે મળતી આવી છે; પણ તેની ચાલુ બેઠકને આમ કદી સ્થગિત કરવામાં આવી નથી."

"કદી નથી કરવામાં આવી તેથી શું થયું? આજે તમારે તેને સ્થગિત કરવી જ પડશે. બોલો, તમે તેમ કરવા માગો છો કે નહિ?" ગવર્નર-જનરલ તડૂક્યો.

"અમે આપ નામદાર પ્રત્યેની ફરજો અદા કરવા જેમ આતુર છીએ, તેમ આપ નામદારે પણ અમારા પ્રત્યેની ફરજો અદા કરવી જોઈએ."

"પણ એ માણસ રાજદ્રોહી છે; તેને પકડવામાં મદદ કરવી એ તમો સૌની ફરજ છે. બોલો, તમે તે ફરજ અદા કરવા માગો છો કે નહિ?"

"પણ આજનો દિવસ પ્રાચીન પરંપરા અને રિવાજ મુજબ અમારો પોતાનો છે; એટલે આજે આપે જ અળગા રહેવું જોઈએ."

"હું અહીં ડેન્માર્કના રાજાનો પ્રતિનિધિ છું; અને હું આ બેઠકને ડેન્માર્કના રાજાના નામથી સ્થગિત કરવા ફરમાવું છું. તમે સ્થગિત કરો છો કે નહિ?"

"પણ અમે અહીં આઇસલૅન્ડની પ્રજાના પ્રતિનિધિ તરીકે આવ્યા છીએ, અને અમે આપને વચ્ચેથી દૂર હટી જવા અને અમારું કામકાજ દખલ વિના ચાલવા દેવા ફરમાવીએ છીએ."

"તમે સૌ ડેન્માર્કના રાજાના પ્રજાજનો છો; અને હું તેમને નામે આ બેઠક સ્થગિત કરવા ફરમાવું છું." જૉર્ગન જૉર્ગન્સનના ગુસ્સાનો હવે પાર ન રહ્યો.

"પણ ડેન્માર્ક અહીં આવ્યું ત્યાર પહેલાંના અમે અહીં છીએ; એટલે અમે આ બેઠક ડેન્માર્કના રાજાને નામે સ્થગિત કરવાના નથી." ન્યાયાધીશે મક્કમતાથી જવાબ આપ્યો.

જૉર્ગન જૉર્ગન્સને હવે લોકોના ટોળા તરફ ફરીને બૂમ પાડી, "એ રાજદ્રોહીને જીવતો કે મૂએલો પકડી લાવનારને બે હજાર ક્રાઉન ઇનામ આપવામાં આવશે. કોને એટલા તવંગર થવું છે, બોલો!"

"કોઈ આઇસલૅન્ડર બચ્ચો એવા લોહીના પૈસાથી તવંગર થવા નહિ ઇચ્છે." બિશપ જૉન બોલી ઊઠ્યા. "જો એને પકડવો એ અમારી ફરજ હશે, તો અમે આવી કશી ઇનામની લાલચ વિના જ એમ કરવા તત્પર થઈશું."

"ખરી વાત છે, ખરી વાત છે!" સેંકડો લોકો બૂમ પાડી ઊઠ્યા.

જૉર્ગન જૉર્ગન્સન હવે બિશપ, ન્યાયાધીશ, અને આલ્થિંગના ૩૬ સભ્યો તરફ ફરીને બોલ્યો, "તો એમ વાત છે? તમે સૌ એ ગુનેગારને નાસી છૂટવામાં મદદ કરવાનો ગુનો કરી રહ્યા છો. તમે એ ગુનેગારના મદદગાર છો; અને લોકોને છેતરવાનો અને ધોખામાં રાખવાનો ગુનો પણ કરી રહ્યા છો."

પછી તેણે લોકોના ટોળા તરફ ફરીને કહ્યું, "આઇસલૅન્ડના લોકો, તમે જાણો છો કે એ રાજદ્રોહી આઇસલૅન્ડનો વતની નથી – એ કાયદેસર માબાપ વગરનો – વર્ણસંકર અંગ્રેજ છે. તેને આ ટાપુમાંથી હાંકી કાઢવો જોઈએ. મેં હમણાં બે હજાર ક્રાઉનનું ઇનામ જાહેર કર્યું; પણ હવે તેને જીવતો પકડી લાવનારને હું દશ હજાર ક્રાઉન આપીશ; અને તેને મૂએલો લાવનારને વીસ હજાર ક્રાઉન!"

બિશપ જૉન હવે શાંત રહી શક્યા નહિ. તે બોલી ઊઠ્યા, "તમે વળી કોણ છો કે માણસોને આમ ખુલ્લંખુલ્લા હત્યા કરવા ઉશ્કેરી-પ્રેરી રહ્યા છો?"

"હત્યા? એ રાજદ્રોહી તો કાયદાના રક્ષણ બહાર નીકળી ગયેલો બહારવટિયો ગણાય. કોઈ પણ માણસ તેને મારી નાખી શકે. આઈસલૅન્ડનો, ડેન્માર્કનો, અરે આખી દુનિયાનો એ જ કાયદો હોઈ શકે. બહારવટિયાને મારી નાખવો એ હત્યા નથી. માટે તેની પાછળ દોડો! તેને જે મૂએલો મારા પગ આગળ લાવીને નાખશે, તેને વીસ હજાર ક્રાઉન મળશે!"

પણ એટલામાં ટોળાની બહારથી એક માણસને ઊંચકીને અંદર ધસી આવતા બીજા એક માણસને જોતાં વેંત જૉર્ગનની જીભ સિવાઈ ગઈ; અને તેનું મોં મડદા જેવું ફીકું પડી ગયું. લોકોના ટોળાએ કરી આપેલા રસ્તામાં થઈ, જૅસન માઈકેલ સન-લૉક્સને ખભે ઉપાડી કાનૂન-પર્વત સમક્ષ ચાલ્યો આવ્યો. ત્યાં આવી તેણે બેહોશ સન-લૉક્સને જમીન ઉપર મૂકી દીધો.

સૌ લોકો ફાટેલી આંખે જડસડ થઈ એ દૃશ્ય જોઈ રહ્યા.

જૅસને આસપાસ અચાનક વ્યાપી ગયેલી ચુપકીદી તોડતાં બૂમ પાડીને કહ્યું, "તમે સૌ જાણો છો કે હું કોણ છું. તમારામાંના કેટલાક મને ધિક્કારતા હશો, અને કેટલાક મારાથી ડરતા હશો. પણ તમે સૌ મને જંગલી જાનવર જેવો ગણી કાઢો છો એ નિર્વિવાદ છે; તેથી જ તમે સૌએ મળીને મને પાંજરામાં પૂરી દીધો હતો. પણ હું એ પાંજરું તોડીને બહાર આવ્યો છું. તમે સૌ આનંદથી નિરાંતે પોતાનાં ઘરોમાં રહો છો અને સૂઓ છો. પણ આ મારો સાથી – તેને બિચારાને શાં શાં કષ્ટ અને શા શા જુલમો વેઠવા પડ્યા છે, તેનો હું સાક્ષી છું. તમારો રાજા માઈકેલ સન-લૉક્સ ક્યાં મૂઓ છે? મને બતાવો — એ હરામજાદાએ આ બિચારા ઉપર શા શા જુલમ ગુજાર્યા છે, તેની વાત મારે તમો સૌ સમક્ષ તેને સંભળાવવી છે એ માઈકેલ સન-લૉક્સને મારી સમક્ષ રજૂ કરો!"

લોકોનો શ્વાસ એકદમ થંભી ગયો. ન્યાયાધીશે ધ્રૂજતે અવાજે કહ્યું, "પણ તું જે માણસને ઉપાડી લાવ્યો છે, તેને ઓળખતો નથી શું?"

"એને હું ઓળખતો નથી; પણ દુ:ખસંકટમાં એ મારો સાથી – મારો મિત્ર – મારો ભાઈ છે, એટલું હું જાણું છું. પણ તમારો હાકેમ માઈકેલ સન-લૉક્સ ક્યાં છે? મારે સૌથી પ્રથમ તેનું કામ છે; જેથી તમો સૌ સમક્ષ એ હરામજાદાએ આની ઉપર આચરેલા અત્યાચારોની વાત હું કહી સંભળાવું."

જૉર્ગન જૉર્ગન્સન સમજી ગયો કે વાત શી છે. એટલે તે જરા મરડાટભર્યું હસીને બોલ્યો, "બેવકૂફ, માઈકેલ સન-લૉક્સ ક્યાં છે તે હું તને બતાવું,?"

બિશપ જૉન તરત આગળ ધસી આવ્યા અને તેમણે પોતાના બે હાથના પંજા ગવર્નર-જનરલના મોં ઉપર ઢાંકી દીધા.

જૅસન જૉર્ગનને તરત જ ઓળખી ગયો. તે બોલ્યો, "આ બુઢ્ઢાને હું ઓળખું છું. તેને મેં ખાણો તરફ આવેલો જોયો હતો. તો એ પાછો આવ્યો છે શું? મને યાદ આવ્યું; હવે તે ફરી ગવર્નર-જનરલ થયો છે એમ મેં સાંભળ્યું હતું. તો માઈકેલ સન-લૉક્સ ક્યાં છે? અત્યારે તે શું છે? કોઈ મને બતાવો તો ખરા કે, આ બધામાં માઈકેલ સન-લૉક્સ કોણ છે?"

બિશપ અને ન્યાયાધીશે તેના પ્રશ્નનો કશો જવાબ ન આપ્યો. જૉર્ગન જૉર્ગન્સન હવે મરડાટમાં હસી પડયો અને માથું ધુણાવવા લાગ્યો. જૅસનના મનમાં થઈને અચાનક એક વિચાર પસાર થઈ ગયો – અને તરત જ તેણે પોતાનું મોં પંજા વડે ઢાંકી દીધું.

ત્યાર બાદ શું બન્યું તે જૅસન જાણી શક્યો નહિ. પણ પોતાની પાછળ કશી ધમાલ થઈ એટલું તેણે જાણ્યું. એક બાજુથી આવીને કોઈ જમીન ઉપર સૂતેલા સન-લૉક્સ ઉપર ઝૂકી પડયું અને તેને હાથમાં

લઈ ચુંબન કરવા લાગ્યું અને ડૂસકાં ભરવા લાગ્યું : "મારા પતિ! મારા પતિ!"

જેસને નજર કરી, તો તે ગ્રીબા હતી. એક ક્ષણમાં જેસન બધું સમજી ગયો – જેને તે જાનની પરવા કર્યા વિના ઉપાડી લાવ્યો હતો અને અત્યાર લગી જેને બચાવવા અને મદદ કરવા તે કોશિશ કરતો આવ્યો હતો, તે માઈકેલ સન-લૉક્સ જ હતો – તેનો પોતાનો જાની દુશ્મન – જેના ઉપર વેર લેવાની તેણે પોતાની માની આગળ પ્રતિજ્ઞા લીધી હતી!

આ જાણકારીના આઘાતથી જેસન એકદમ તો તમ્મર ખાઈ ગયો. પણ જૉર્ગન જૉર્ગન્સને તેને મારેલા ટાણાથી તે શ્રતેજ થઈ ગયો –

"હંમેશના બબૂચક! તું જેને વેર લેવા શોધે છે તે માઈકેલ સન-લૉક્સ આ જ માણસ છે! તું એને જ અહીં સુધી ઉપાડી લાવ્યો છે! અને તારી જાતને નુકસાન કરીને પણ તેને મદદ કરવાનું આ પહેલી વાર જ તેં નથી કર્યું!"

પણ લોકો જૉર્ગન જૉર્ગન્સનની આ ઉશ્કેરણીભરી બોલી ઉપર ફિટકાર કરી ઊઠ્યા.

દરમ્યાન ગ્રીબા માઈકેલ સન-લૉક્સ ઉપર હૃદયના બધા ભાવો અને હૂંફ વરસાવતી તેને પાછો ભાનમાં લાવવા પ્રયત્ન કરતી રહી.

જેસન એ બધું જોઈને પોતાનું ભાગ્ય અત્યાર સુધી પોતાની કેવી ક્રૂર મશ્કરી બજાવતું આવ્યું છે તે વિચારીને હેરાન થઈ જવા લાગ્યો. હવે શું કરવું તે બાબત તેના અંતરમાં ઘમસાણ મચી રહ્યું. આ માણસને જીવતો જવા દેવો? તો તેની હત્યા કરવાની પોતાની મા સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાનું શું થાય? પોતાનો ગ્રીબા પ્રત્યેનો પ્રેમ તેમજ સન-લૉક્સ પ્રત્યેનો વેરભાવ એ બંને વાનાં ત્યજી, એ બંનેને ભેગાં થઈ સુખી થવા દેવાં? તેની નજર માઈકેલ સન-લૉક્સના આંધળા

મોં ઉપર ઝૂકેલા આંસુ-દદડતા ગ્રીબાના કરુણ ચહેરા ઉપર પડી. અને તરત તેના ઉદાર અંતરાત્માએ વેરભાવને હડસેલી કાઢયો — તિલાંજલી આપી દીધી.

દરમ્યાન, તે માઈકેલ સન-લૉક્સને અહીં શા માટે ઉઠાવી લાવ્યો છે એ પ્રશ્ન લોકો તેને પૂછવા લાગ્યા. જેસને હવે જાતને કંઈક સ્થિર કરી લઈ, ઘોઘરે અવાજે જવાબ આપ્યો — "તમે સૌ જાણો છો કે હું તો માણસોમાં માણસ થઈને જીવવાને લાયક નથી, એટલે આખી જિંદગી એકલો અટૂલો જ ફરતો રહ્યો છું. મારા બાપુએ મારી માતાને મારી નાખી હતી, અને તેથી મેં મારા બાપુને મારી નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. પણ મારું નસીબ જ એવું અવળું છે કે, દરિયાની હોનારતમાંથી મારા બાપુને અજાણમાં મેં જ બચાવ્યા અને તે મારા હાથમાં જ તેમના બીજી પત્નીથી થયેલા બીજા પુત્રને યાદ કરતા મરણ પામ્યા. ત્યારથી મેં એ 'બીજા પુત્ર'ને પણ મારી નાખવાનું નક્કી કર્યું હતું. પણ હું મારા શત્રુને દીઠે ઓળખતો ન હતો, અને કદી તેને ભેગો થયો ન હતો. પણ હું કશુંક કરી શકું ત્યાર પહેલાં તો તમે લોકોએ મને પકડી, મારા ઉપર કામ ચલાવી, મને જીવતો ગંધકની ખાણોમાં દાટી દીધો. ત્યાં નસીબની અવળચંડાઈને કારણે હું મારા દુશ્મનને ઓળખ્યા વિના જ ભેગો થયો, અને તેના ઉપર મને ઊપજેલા ભાવને કારણે તેનો મિત્ર – સાથી – અરે – ભાઈ જ બની ગયો. મને તેના ઉપર નાના બાળક ઉપર ઊપજે એવો વાત્સલ્યનો ભાવ ઊપજ્યો હતો; અને તે પણ મને લગભગ એવા જ ભાવપૂર્વક ચાહતો હતો, એ વાત હું સોગંદપૂર્વક કહી શકું તેમ છું. તમે લોકોએ તો મને જાનવર ગણીને બધા ખ્રિસ્તી માણસોની સોબતમાંથી અળગો ફગાવી દીધો હતો; પણ હું કબૂલ કરું છું કે, ખાણોમાં ભેગા થયા પછી. આ માણસની સોબતથી મારા અંતરમાં માણસાઈનો દીવો પ્રગટયો અને હું માણસ બન્યો."

ગ્રીબા નવાઈ પામી, ચિંતિત મુખે જેસનની દાસ્તાં સાંભળી રહી.

"હું જે માણસને અજાણમાં અહીં ઉપાડી લાવ્યો છું, તે માઈકેલ સન-લૉક્સ છે; અત્યાર સુધી દુઃખમાં જે મારો બંધુ હતો, તે ખરેખર લોહીની સગાઈએ મારો ભાઈ પણ છે, – એમ હું અત્યારે પહેલી વાર જાણવા પામ્યો છું."

"પણ માઈકેલ સન-લૉક્સને તું અહીં શા માટે લાવ્યો છે?" ન્યાયાધીશે હવે જેસનને સીધું જ પૂછયું.

જૉર્ગન જૉર્ગન્સને જ વચ્ચે તે પ્રશ્નનો જવાબ આપી દીધો. તેણે કહ્યું, "તે એને અહીં શા માટે ઉપાડી લાવ્યો છે, એ હજુ તમે નથી સમજી શકતા? તે પોતાના દુશ્મનને અહીં ફરી પકડાવી દેવા જ લઈ આવ્યો છે, વળી!" એમ કહી તેણે ક્રિશુવિકથી આવેલા બેએક ગાર્ડોને જેસન અને માઈકેલ બંનેની ધરપકડ કરવા હુકમ કર્યો.

પણ ન્યાયાધીશે તરત હાથ ઊંચો કરીને કહ્યું, "થોભો!" પછી તેણે ફરીથી જેસનને પૂછયું, "તું માઈકેલ સન-લૉક્સને અહીં શા માટે લાવ્યો છે?"

જૉર્ગન જૉર્ગન્સન એકદમ ચિડાઈ ગયો. તે બોલી ઊઠયો, "આ વળી શું છે? આ માઈકેલ રાજદ્રોહી – બંડખોર છે; અને હજુ ફરીથી ઘણું ઘણું તોફાન મચાવી શકે તેમ છે; માટે તેની ધરપકડ કરી તેને નવો ઉધમાત મચાવતો રોકવો જોઈએ. હું અહીં ડેન્માર્કના રાજાના પ્રતિનિધિ તરીકે ઊભો છું – મારી આજ્ઞાનું પાલન થવું જ જોઈએ."

ગાર્ડો ફરીથી આગળ વધવા તૈયાર થયા, પણ લોકોનું ટોળું તેમની આસપાસ ફરી વળ્યું. ગાર્ડો એ ધક્કામુક્કીમાં એક બાજુ દૂર ધકેલાઈ ગયા. જૉર્ગન જૉર્ગન્સન ગુસ્સાથી લાલ-પીળો થઈ ગયો. તેણે કઢાય તેટલો મોટો ઘાંટો કાઢીને કહ્યું, "સાંભળો! હમણાં જ મેં આ માણસનું માથું લાવનારને વીસ હજાર ક્રાઉન ઇનામ આપવાની

ઘોષણા કરી હતી. પણ હવે તો તમારા જાનની અને તમારા છુટકારાની તમને પડી હોય, તો દૂર ખસી જાઓ! ગાર્ડોને આગળ આવવા દો! નહિ તો તમે સૌના જાન અને આઝાદી ખતરામાં છે, એ સમજી રાખજો."

ન્યાયાધીશ હવે સામું ત્રાડી ઊઠયો, "થોભો! થોભો!"

જૉર્ગન જૉર્ગન્સન ન્યાયાધીશને સંબોધીને બરાડી ઊઠયો, "આ બંને જણા નાસી છૂટેલા કેદીઓ છે, એ યાદ રાખજો."

"પણ આ કાનૂન-પર્વત છે, અને અહીં આલ્થિગ છે, એ તમે પણ યાદ રાખજો. તેઓ કેદી હોય કે નહિ, પણ આઈસલૅન્ડના પ્રાચીન કાયદા અનુસાર તેઓને જે કંઈ કહેવું હોય તે કહેવાની અહીં છૂટ છે." ન્યાયાધીશે મક્કમતાથી જવાબ આપ્યો.

જૉર્ગન જૉર્ગન્સન તુચ્છકારપૂર્વક બોલ્યો, "તમારા આઈસલૅન્ડના કાયદાની મારે શી પંચાત?" પછી તેણે લોકોના ટોળા તરફ વળીને કહ્યું, "ડેન્માર્કના રાજાના નામથી હું તમને ફરમાવું છે કે, આ બે જણની ધરપકડ કરો!"

"અને રાજાઓના રાજાના નામથી હું ફરમાવું છું કે, તેમના ઉપર કોઈએ હાથ નાખવાનો નથી." ન્યાયાધીશે બૂમ પાડી. પછી તેણે જેસન તરફ ફરીને પૂછયું, "માઈકેલ સન-લૉક્સને તું અહીં શા માટે લાવ્યો છે, તે બોલી નાખ."

પણ જેસન કંઈક જવાબ આપે તે પહેલાં જૉર્ગન જૉર્ગન્સન પાછો બોલી ઊઠયો, "મારા સંરક્ષકો રેક્જાવિકમાં છે; અહીં હું એકલો જ છું. તમે બધા જ રાજદ્રોહીઓ છો. તમારામાંનો કોઈ મારા દેશના દુશ્મનની ધરપકડ કરવા આગળ નહીં આવે, તો હું પોતે એની ધરપકડ કરીશ." એમ કહી તેણે પોતાનો જભ્ભો ખુલ્લો કરી, અંદરના કમર-પટ્ટામાંથી એક પિસ્તોલ કાઢી અને તેનો ઘોડો ચડાવ્યો.

સૌનો શ્વાસ થંભી ગયો. માત્ર ગ્રીબાએ તરત જ માઈકેલ સન-લૉક્સના અમળાતા શરીર ઉપર ઊબડી પડીને આડ કરી દીધી.

જેસન હવે ટટાર થઈને જૉર્ગન સામું જોઈને બોલી ઊઠયો, "બુઢ્ઢા, જો તું આ માણસના વાળને પણ અડકવા જશે તેની સાથે હું તને ચીરી નાખીને તારાં બે ફડચાડિયાં કરી નાખીશ."

ટોળામાંના એક માણસે આગળ ધસી આવી, જેસનને પડખે ઊભા રહી, તેને પોતાની બંદૂક આપવા માંડી. પણ જેસને તેને બાજુએ ધકેલી મૂકયો.

ન્યાયાધીશે હવે જેસનને ફરીથી પૂછયું. "તું માઇકેલ સન-લૉક્સને અહીં શા માટે લાવ્યો છે?"

જેસન હવે થોડો વખત ચૂપ ઊભો રહ્યો; જાણે મન સાથે અમુક ઝઘડો પતવતો હોય તેમ. પછી તે બોલ્યો, "હું પણ આઇસ-લૅન્ડર છું; અને આ કાનૂન-પર્વતનું હજારો વર્ષથી ચાલ્યું આવતું મહાતમ બરાબર જાણું છું — કે કોઈને અન્યાય થયો હોય કે કોઈ ઉપર જુલમ થયો હોય, તો તે ગમે તેમ કરીને અહીં આવી પહોંચે — ભલે પછી તે હલકટમાં હલકટ ગુલામ હોય — તોપણ અહીં તે તમો સૌની વચ્ચે મનુષ્ય તરીકેનું સમાન પદ પામે છે. અરે, તે વેરાન વગડામાં છુપાઈ રહેતો બહારવટિયો હોય, છતાં તે જો આ કાનૂન-પર્વત ઉપર પગ મૂકે, અને તેને પાછો બહાર ચાલ્યો જવા દેવામાં આવે, તો તે હંમેશ માટે નિર્દોષ અને મુક્ત બની જાય છે. બોલો, એ વાત સાચી છે કે નહિ?"

હજાર હજાર કંઠેથી અવાજ નીકળ્યો, "સાચી વાત છે; તદ્દન સાચી વાત છે."

"તો આઇસલૅન્ડના ન્યાયાધીશો અને દેશબંધુઓ, હું આને શા માટે અહીં લાવ્યો છું તે તમે સાંભળો! આ માણસનો જમણો પંજો જુઓ — તેમાં એક ખીલો ઠોકી દેવામાં આવ્યો હતો (લોકોમાં ઘેરો ગણગણાટ.); તથા તેની આ આંખો સામું જુઓ — તે તદ્દન આંધળી થઈ ગઈ છે. શાથી? નરકમાં પણ ન સંભવે તેવી બર્બરિયત

અને અમાનુષી જાલીમપણું જ એનું કારણ છે. (લોકોમાં વિરોધનો હુંકાર). એ માણસનો ગુનો કે અપરાધ શો હશે, તે તો હું જાણતો નથી – અને તે જાણવાની મને પરવા પણ નથી. ભલે તે મારા જેવો નાચીઝ હોય, મોટો ગુનેગાર હોય કે નરાધમ હોય – પણ કોઈ પણ ગુના બદલ આવી નરકને અને મોતને ટપી જાય તેવી સજા ન હોઈ શકે. ('નહિ', 'નહિ' એવા સેંકડો પોકાર.) તો સાંભળો! —"

પણ તે જ ઘડીએ અચાનક ભૂમિના પેટાળમાંથી કારમો કડાકો અને ગડગડાટ અચાનક ફાટી નીકળ્યો; અને ભલભલાની છાતી કંપી ઊઠી. જૅસને એને જ અનુલક્ષીને કહેવા માંડયું, "જુઓ સાંભળો, આ કડાકો ટાપુના પર્વતો ઊપસી આવ્યા અને તેની બધી જમીન ઊકળતા લાવાથી ઢંકાઈ ગઈ હતી તે વખતના જેવો કડાકો છે! ભગવાન તમને સૌને તમારાં કૃત્યો – અપકૃત્યોનો બદલો આપવા તૈયાર થયા હોય એમ લાગે છે. પણ ભાઈઓ યાદ રાખો કે, 'બદલો આપવાનું – પાપની સજા કરવાનું – કામ ભગવાનનું છે; માણસનું કામ તો મદદ કરવાનું જ છે!' મને આને ઉપાડી તમો સૌ વચ્ચે થઈને પસાર થવા દો, એટલે તે આઝાદ બને."

આટલું બોલી તેણે ગ્રીબાના ખોળામાંથી માઈકેલ સન-લૉક્સને પોતાના હાથમાં ઊંચકી લીધો, અને પછી સૌ લોકોને હાકલ કરીને કહ્યું, "ચાલો, જગા આપો – મને પસાર થવા દો!"

તરત જ ન્યાયાધીશ અને બિશપે અળગા ખસી જઈ, તેને રસ્તો આપ્યો. ત્યાર પછી તો જૅસન સન-લૉક્સ સાથે લોકોના ટોળાએ આપેલા માર્ગમાં થઈને બહાર નીકળી ગયો.

ચારે તરફથી હજારો અવાજ એકીસાથે પ્રગટયા — "છૂટા! નિર્દોષ! આ બંને જણ આજથી નિર્દોષ અને આઝાદ બને છે!"

૬
પ્રલયંકાળ

૧

પણ એટલાથી કશું પત્યું ન હતું!

હર્ષનાદ કરતા ટોળાએ આપેલા રસ્તામાં થઈને સન-લૉક્સને તેડી જેસન બહાર નીકળ્યો તો ખરો; તથા ગ્રીબાએ બેહોશ માઈકેલ સન-લૉક્સને પોતાના ખોળામાં લઈ લીધો અને તેને ભાનમાં લાવવાના તરત સૂઝે એવા પ્રયાસો કરવા પણ માંડ્યા. પરંતુ જૉર્ગન જૉર્ગન્સન એટલાથી નમતું જોખે તેમ નહોતો. તેણે તરત આલ્થિંગના સભ્યો તરફ અને પાસે ઊભેલા ટોળા સામું જોઈને ત્રાડ નાખી, "તમારા હજાર વર્ષ જરીપુરાણા, જંગલી કાયદાઓનો અમલ કરીને શું રાજી થાઓ છો? જેસન અને માઈકેલ સન-લૉક્સ વચ્ચે કેવો મોટો તફાવત છે, એ તમે બેવકૂફો કેમ ભૂલી જાઓ છો? જેસન આઈસલૅન્ડ દેશનો કેદી છે તથા તમારા જ દેશનો અઠંગ ગુંડો છે, એટલે તમે ભલે તેને તમારા જંગલી કાયદા અનુસાર નિર્દોષ જાહેર કરો અને છૂટો મૂકો. ભગવાન તમારું ભલું કરે! — પણ માઈકેલ સન-લૉક્સ તો ડેન્માર્કનો કેદી છે; કારણ કે, તેણે ડેન્માર્કના રાજા સામે રાજદ્રોહ કરી તેમની સત્તા ઉથલાવી નાખવા પ્રયત્ન કર્યો હતો. એટલે તેને તમારા જંગલી કાયદાઓ અનુસાર મુક્ત કે નિર્દોષ જાહેર કરી શકાય નહિ. ડેન્માર્કના રાજાજી જ તેને માફી બક્ષી શકે; એટલે હજુ તે ગુનેગાર અને કેદી જ છે!"

એ અરસામાં માઈકેલ સન-લૉક્સ ગ્રીબાની મમતાભરી માવજતથી ભાનમાં આવી ગયો હતો. જૉર્ગન જૉર્ગન્સન વાઘની પેઠે તેના તરફ

જ ટાંપી રહ્યો હતો. તે હવે જૅસન તરફ જોઈને હસતો હસતો બોલ્યો, “ આ હરામજાદો નાહકનો જ બેહોશ બનવાનો ઢોંગ કરી રહ્યો હતો — જો હવે તે કેવો ટટાર થઈ ગયો છે? તું એને ઊંચકીને લઈ આવ્યો ખરો, પણ તેથી તે બચી શકવાનો નથી — ઊલટો તું તો એને એના મોતના હાથમાં સોંપવા માટે જ અહીં ઉપાડી લાવ્યો છે!”

જૅસને એ વાતનો કંઈ જવાબ આપ્યો જ હોત, પણ એટલામાં ભારે કડાકો થયો અને આખી ધરતી જાણે થરથર ધ્રૂજવા લાગી. સાથે જ દક્ષિણ તરફથી પૂરપાટ ઘોડો દોડાવતો એક માણસ આવ્યો અને થોભ્યા વગર બૂમો પાડી સૌને ચેતવવા લાગ્યો, “ભાગો! ભાગો! બરફનો પર્વત ઓગળીને ગબડતો ગબડતો આ તરફ આવી રહ્યો છે. જેને જીવ વહાલો હોય તે ભાગે!”

લોકો આભા બની કશું કરે તે પહેલાં દક્ષિણ-પશ્ચિમ તરફથી બીજો એક જણ પૂરપાટ ઘોડો દોડાવતો આવ્યો અને બૂમો પાડવા લાગ્યો, “દરિયામાં નવા ટાપુઓ નીકળવા લાગ્યા છે, અને બધી નદીઓ સુકાઈ ગઈ છે. દરિયા તરફ લાલચોળ પથરાઓનો વરસાદ વરસે છે, અને સમુદ્રનાં પાણી એ પથરાઓ અંદર પડવાથી સુસવાટા કરતાં ઊકળવા લાગ્યાં છે.”

પેલો હજુ વિદાય થાય, એવામાં દક્ષિણ-પૂર્વમાંથી ત્રીજો માણસ પૂરપાટ ઘોડો દોડાવતો આવ્યો અને બૂમો પાડવા લાગ્યો કે, હેક્લા તરફનો મુલક ધોવાઈ ગયો છે અને ધરતીના પટ ઉપર એક તસુ પણ હરિયાળી જગા બાકી રહી નથી. તેને પૂછપરછ કરતાં વધુ ખુલાસો એ મળ્યો કે, ઊકળતા પાણીનું પૂર પર્વત ઉપર ધસી આવ્યું છે અને તેની આગળ ધકેલાતાં બરફનાં ગચિયાંથી ખેતરો, દેવળો, ઢોર, ઘોડા, પુરુષો-સ્ત્રીઓ-બાળકો, બધું દરિયામાં ફંગોળાઈ ગયું છે.

ત્યાં ભેગાં થયેલાં સૌ માણસો હવે એકસામટી ભયંકર ચીસ નાખી, ચારે દિશામાં જ્યાં ઠીક લાગ્યું ત્યાં દોડવા લાગ્યાં. કઈ તરફ

ભય છે અને કઈ તરફ સલામતી છે, તેનો ખ્યાલ કર્યા વિના દરેક જણ જ્યાંત્યાં – એકબીજાની પાછળ – દોડવા લાગ્યું. ઘણાં તો પાછળ મૂકેલાં પોતાનાં સ્ત્રી-બાળકોની ભાળ મેળવવા, જે બાજુ ભય હતો તે તરફ જ દોડયાં. બીજાં કેટલાંક પોતાની સલામતીનો વિચાર કરીને જ ઊલટી દિશામાં દોડી ગયાં.

બે મિનિટમાં તો આખો કાનૂન-પર્વતવાળો પ્રદેશ નિર્જન – વેરાન બની ગયો.

માત્ર ગ્રીબા હજુ અર્ધાપર્ધા બેહોશ અને શૂનમૂન બની ગયેલા માઈકેલ સન-લૉક્સને ટેકવીને સ્થિર ઊભી રહી. અને બીજા બે જણ જે ત્યાં રહ્યા તે જૉર્ગન જૉર્ગન્સન અને જેસન. જૉર્ગન જૉર્ગન્સન હવે શું કરે છે, તે તરફ તાકીને જેસન સ્થિર ઊભો રહ્યો હતો.

પણ એટલામાં જૉર્ગન જૉર્ગન્સનના વીસ અંગરક્ષકો, તેની પરવાનગી વિના જ — તેને આલ્થિંગની બેઠક વખતે એકલો મૂકવો ઠીક નથી એમ માની રેક્જાવિકથી દોડતા આવી પહોંચ્યા.

જૉર્ગન જૉર્ગન્સને પોતાના હુકમ વિના અહીં દોડી આવી રેક્જાવિકને સૂનું મૂકવા બદલ તેમને ઠપકો આપવાને બદલે ઊલટું સમજદારી દાખવીને અહીં દોડી આવવા બદલ ધન્યવાદ આપ્યા.

પેલા લોકોએ ઉતાવળા ઉતાવળા ખબર આપ્યા કે દક્ષિણ તરફ લાવા ફાટી નીકળવાથી તે તરફના લોકો રેક્જાવિક તરફ ભાગી આવવા માંડયા છે, અને રેક્જાવિકમાં ભારે ભીડ જામી છે.

જૉર્ગન જૉર્ગન્સને તો એ કુદરતી કારમી આફતના સમાચારો તરફ કશું જ લક્ષ આપ્યા વિના એ લોકોને તાબડતોબ માઈકેલ સન-લૉક્સની ધરપકડ કરવાનું ફરમાવ્યું. માઈકેલ સન-લૉક્સ છેક જ આંધળી અવસ્થામાં કશું જોયા-સમજ્યા વિના એક બાજુ ગ્રીબા સાથે ઊભો હતો.

જેસને જૉર્ગન જૉર્ગન્સનનો હુકમ સાંભળ્યો કે તરત ત્રાડ નાખી અને લોકોને પોતાની મદદે દોડી આવવા જણાવી માત્ર પોતાના

ખુલ્લા હાથ વડે જ અંગરક્ષકો ઉપર હુમલો શરૂ કર્યો. લોકો તો પોતાની જ ફિકરમાં પડ્યા હતા, એટલે તેઓ તેની મદદે દોડી ન આવ્યા. પણ જેસન એકલાએ જ પોતાના લોખંડી બાહુઓથી કેટલાય અંગ-રક્ષકોને ઠેકાણે પાડી દીધા હોત; પરંતુ જૉર્ગન જૉર્ગન્સને તરત પોતાની પિસ્તોલ ફરીથી હાથમાં લઈ જૅસાન તરફ નિશાન લઈને ફોડી. જૅસનને તો તેના જમણો હાથ જૂઠો થઈને લબડી પડ્યો ત્યાં સુધી કશી ખબર જ ન પડી; પણ હવે અંગ-રક્ષકોએ તેને પાછળથી પકડી લીધો અને જમીન સાથે દબાવી દીધો. દરમ્યાન બીજા અંગ-રક્ષકો માઈકેલ સન-લૉક્સ અને ગ્રીબાને પકડીને રેક્જાવિક તરફ દોડી ગયા.

પણ તે જ ઘડીએ દક્ષિણ તરફથી ધૂણી અને કાળી રેતી ભરેલી હવાનું મોજું દીવાલની માફક ધસી આવ્યું અને ચારે તરફ અંધારું — અંધારું થઈ ગયું. જાણે પ્રલયકાળનું દટંતર આવી પૂગ્યું. જે લોકો હજુ ત્યાં ઊભા હતા તે ગાભરા થઈ પવનના તોફાનમાં ઊડતી રેતીના કણની માફક આમતેમ વીખરાઈ ગયા.

જૉર્ગન જૉર્ગન્સન અને જૅસનને પકડી રાખનારા અંગરક્ષકો પણ ઝટપટ જીવ બચાવીને નાઠા; અને જૅસન એકલો જ આખા મેદાન ઉપર એકલો અટૂલો પડી રહ્યો. દક્ષિણ તરફના પર્વતોની ટોચ ઉપર લાલ જવાળાઓનો પ્રકાશ છવાઈ રહ્યો હતો, તે તેની નજરે પડ્યો.

સ્કેપ્તરનો જવાળામુખી ફાટવા લાગ્યો હતો. છતાં જેસન દિવસના અંધારામાં બાથોડિયાં મારતો અને લથડિયાં ખાતો એ ઉજજડ વેરાનમાં રસ્તો ફફોસતો ભાગવા લાગ્યો. તે ગાંડાની પેઠે બૂમો પાડતો હતો કે, “અલ્યા ભગવાન તું ક્યાં છે? તેં ખાતરી આપી હતી કે 'પાપીની કમાણી મોત છે', તે ક્યાં ગઈ?”

તેના અંતરમાં અશ્રદ્ધા અને કિન્નાનો જવાળામુખી ફાટી પડ્યો.

૨

અંધારામાં કોણ કયાં ભાગતું હતું તેનું કશું ઠેકાણું રહ્યું ન હતું. લોબર્ગની ખીણ તરફ ખડકોની એક ઘાટીમાં જોર્ગન જોર્ગન્સન રસ્તો ચૂકી અટવાઈ ગયો.

બનવાકાળ, તે જેસન પણ પડતો આથડતો ત્યાં જ આવી પહોંચ્યો. જોર્ગને એને એ તરફનો કોઈ ખેડૂત ધારી, રેક્જાવિક તરફનો રસ્તો પૂછયો, અને જો તે સાચો રસ્તો બતાવે તો પાંચ ક્રાઉન ઈનામ આપવા જણાવ્યું.

પણ તરત જ બંને જણ એકબીજાને ઓળખી ગયા. જોર્ગન જોર્ગન્સને તરત જ પિસ્તોલ ઉપર હાથ નાખ્યો. પરંતુ આલ્થિંગ વખતે જેસન ઉપર ફોડયા બાદ તેણે તેને ફરી ભરી ન હતી; એટલે તેને નકામી ગણી દૂર ફેંકી દીધી.

જેસનના અંતરમાંથી તરત જ વિજયના આનંદની ટીસ ઊઠી. તે જાણતો હતો કે પોતે એ બુઢ્ઢા કરતાં ઘણો વધુ બળવાન છે; પરંતુ તેનો જમણો હાથ જોર્ગન જોર્ગન્સનના પિસ્તોલના બારથી નકામો થઈ ગયો હતો, એટલે બંને જણા સરખા જ બની ગયેલા ગણાય. આવા ન્યાયી દ્વંદ્વયુદ્ધમાં એને ખતમ કરી નાખવાનું મળ્યું તેથી તે હુંકાર કરી ઊઠયો.

પણ બીજી જ ક્ષણે તેના અંતરમાં કશો ખટકો થઈ આવ્યો. તે બે ડગલાં પાછો ખસીને એક બાજુ હાથ લાંબો કરીને બોલ્યો —
"જા, પેલો રેક્જાવિક જવાનો રસ્તો છે."

જોર્ગન જોર્ગન્સન હુમલાની જ આશા રાખી રહ્યો હતો. જેસનના બદલાયેલા અવાજ અને વર્તણૂકથી તે આભો થઈ ગયો. તેના ગળામાં ડચૂરો ભરાઈ આવ્યો : કંઈક બોલવા ઈચ્છવા છતાં તે કશું બોલી શકયો નહિ.

"ભલે, મારી નબળાઈ ગણવી હોય તો નબળાઈ ગણજે, બેવકૂફી કહેવી હોય તો બેવકૂફી કહેજે – પણ તું એક વખત મારી માનો બાપ હતો! ભગવાન મારી મા ઉપર કરુણા લાવે અને તને માફ કરે. મારા ભાઈના જીવના બદલામાં પણ તારા લોહીમાં હું મારા હાથ રંગવા માગતો નથી. પણ ઉતાવળ કર, મારી આંખો આગળથી જલદી દૂર થા!"

જૉર્ગન જૉર્ગન્સન તરત જ પોતાના ઘોડાને એડી મારી, ત્યાંથી ભાગતો થયો. તે ગમે તેવો દુષ્ટ માણસ હતો, પણ તેનું પાષાણ-હૃદય પણ અત્યારે શરમથી ઘવાયા વિના ન રહ્યું.

૭

સાચી વફાદાર

૧

રેકેપ્રરનો ભયંકર જ્વાળામુખી ફાટી નીકળવાને કારણે આખા આઈસલૅન્ડનું જીવન જૂનના અંતથી માંડીને બીજા વરસના જાન્યુઆરી સુધી અસ્તવ્યસ્ત થઈ ગયું. દક્ષિણના તથા દક્ષિણ-પૂર્વના પ્રદેશમાંથી ઘરબાર વગરનાં થયેલાં સેંકડો લોકો રેક્જાવિક તરફ ભીડ કરતાં ધસી આવ્યાં હતાં; અને રાજધાનીની વસ્તી બે હજારથી વધીને વીસ હજાર થઈ ગઈ હતી. તેઓ બધાં ક્યાં કેવી રીતે રહેતાં હતાં અને શું ખાતાંપીતાં હતાં તે કોણ જાણે. દરિયા-કિનારો ખુલ્લો રહેતો ત્યાં સુધી તો એ બધાં લોકો માછલાં ઉપર ગમે તેમ કરીને જીવે. પણ ખાડીમાં બધે ઢીંચણપૂર બરફ છવાઈ જાય, ત્યારે તો માછલાંનાં હાડકાં અને લીલ-શેવાળ તથા દરિયા-કિનારે થતી વનસ્પતિ ઉપર જ તેમને ભૂખે મરવું પડે!

આ સંકટગ્રસ્ત લોકોને મદદ મોકલવા માટેની ધા યુરોપમાં સર્વત્ર પહોંચી ગઈ હતી; તથા બટાકા, અનાજ અને ભોજનથી ભરેલાં જહાજ આઈસલૅન્ડ તરફ ધસી રહ્યાં હતાં. પરંતુ બરફમાં જ જકડાઈ જવાથી રેક્જાવિકથી દૂર દરિયામાં જ તે બધાં અટવાઈ રહ્યાં. એક મહિના બાદ તેઓ જ્યારે કિનારે પહોંચ્યાં, ત્યારે બટાકા ચામડાનાં ડીમચાં જેવા થઈ ગયા હતા અને અનાજ તથા બીજા ખાદ્ય પદાર્થો *પથ્થરની શિલાઓ જેવા!*

છેવટે ફેબ્રુઆરીના અંત સુધીમાં બધાં માણસો ફરી પોતપોતાને ઘેર પાછાં ફરવા લાગ્યાં — ભલે એ સ્થળ ગમે તેવું ઉજ્જડ વેરાન બની ગયું હોય! વતનની મોહિની એવી ચીજ છે.

આ કારમી કટોકટી દરમ્યાન માઈકેલ સન-લૉક્સને ભાગ્યે કોઈ યાદ કરતું હોય. જોર્ગન જૉર્ગન્સનને તે વખતે પોતાના હરીફને ખતમ કરવાની સારી તક હતી; પરંતુ ડેન્માર્કની રાજસત્તાની એને ખાસી બીક હતી; — કદાચ તે લોકો માઈકેલ સન-લૉક્સની બાબતમાં આગળ કંઈ પગલું ભરવા ન માગતા હોય તો? ઉપરાંત તેને પોતાને પણ હવે લોકો ઉપરનો કાબૂ ગુમાવી બેઠેલા માઈકેલ સન-લૉક્સને મસળી નાખવામાં કંઈ પ્રયોજન દેખાતું ન હતું — એ તુચ્છ મગતરું હવે તેને શું કરી શકે તેમ હતું?

પણ એ બંને બાબતોમાં તે ભૂલ કરતો હતો: માઈકેલ સન-લૉક્સ જેવો નિષ્ફળ નીવડેલો બંડખોર જીવે કે મરે તે બાબત કૉપન-હેગનવાળા*ને જરાય પડી ન હતી; અને જ્વાળામુખીની બરબાદી ભુલાતી ગઈ તેમ તેમ પોતાને ખાતર દુ:ખ વેઠનાર માઈકેલ સન-લૉક્સ લોકોને વધુ યાદ આવવા લાગ્યો હતો.

અત્યાર સુધી માઈકેલ સન-લૉક્સ રેક્જાવિકની જેલની કોટડીમાં પડી રહ્યો હતો. માત્ર એક પુરુષ — આદમ ફેરબ્રધર — તેને માટે

* કૉપનહેગન એટલે ડેન્માર્કની રાજધાની. અર્થાત્ ડેન્માર્કની રાજસત્તા. — સં૰ ૫૦

કંઈકે અવાજ ઉઠાવ્યા કરતો હતો; અને માત્ર એક સ્ત્રી — ગ્રીબા — આ દુઃખના દિવસોમાં પણ તેને વળગી રહી હતી.

આદમ વારેધડીએ ગવર્નર-જનરલ પાસે દોડી જઈ ફરિયાદ કર્યા કરતો કે, માઈકેલ સન-લૉક્સ પ્રત્યે કેદી તરીકે નહિ, પણ જહાજ ઉપર ગુલામી કરવાની સજા પામેલા ગુનેગારની જેમ વર્તવામાં આવે છે. અને ગ્રીબા વારેઘડીએ બિશપના ઘરમાં પોતાને મળેલા ઉતારેથી જેલખાના સુધી ખાવાપીવાની વસ્તુઓ લઈને આવ-જા કર્યા કરતી. અલબત્ત, માઈકેલ સન-લૉક્સને ખબર ન હતી કે પોતાને માટે આ કાળજી કોણ રાખે છે; – ગ્રીબા પોતે જ એ વાતની જાણ તેને ન થાય તેની કાળજી રાખતી. પણ આખું રેક્જાવિક ગ્રીબા શું કરતી હતી તે જાણતું હતું. પોતે જ્યાં રાજરાણી તરીકેનો મોભો ભોગવી ચૂકેલી હતી, ત્યાં કંગાળ – ભુલાયેલી અવસ્થામાં, પોતાના પતિની જેલની દીવાલનો સ્પર્શ કરવા ખાતર જ, પોતાના બાળક પુત્ર સાથે તે રેક્જાવિકમાં રહેતી હતી.

ધીમે ધીમે લોકોનું માઈકેલ સન-લૉક્સ તરફી થતું જતું વલણ જૉર્ગન જૉર્ગન્સનથી છૂપું રહ્યું નહીં. તેણે હવે માઈકેલ સન-લૉક્સને એટલે દૂર મોકલી દેવાનો વિચાર કર્યો કે જ્યાં લોકો તેને ઓળખતા જ ન હોય; અને ઓળખે તોપણ સંખ્યામાં એટલા ઓછા હોય કે જેથી તેમનો ઉપયોગ ગવર્નર-જનરલ સામે કરવાનું માઈકેલ સન-લૉક્સ જ મુનાસિબ ન માને.

આઈસલૅન્ડની હકૂમત નીચે દૂરમાં દૂર કહી શકાય એવી એક જગા હતી : ગ્રીમ્સી ટાપુ. આઈસલૅન્ડના મુખ્ય ટાપુથી દૂર પાંત્રીસ માઈલ ઉત્તરે શીતવૃત્તમાં તે ટાપુ આવેલો હતો. તે બહુ નાનો હતો, તેમજ તેમાં વસ્તી નામની હતી, – મુખ્યત્વે માછીમારોની. તે ટાપુમાં વેપાર-વણજ આકર્ષે તેવી કોઈ ચીજ ન હોવાથી બહારથી બહુ ઓછાં જહાજો ત્યાં જતાં. અને શિયાળા દરમ્યાન તો આઈસલૅન્ડ અને તે

ટાપુ વચ્ચેનો દરિયો જામી જઈને નાના હોડકા માટે પણ અગમ્ય બની જતો.

અંધ માઈકેલ સન-લૉક્સે એવા નિર્જન ટાપુ ઉપર પોતાને ન મોકલવા માટે ઘણી વિનંતીઓ કરી; તથા આદમ ફેરબ્રધરે તો રીતસર વિરોધનો પોકાર જ ઉઠાવ્યો. પણ જૉર્ગન જૉર્ગન્સને ખંધું હસીને એવો જવાબ વાળ્યો કે, અહીં એક કોટડીમાં ગોંધાઈ રહેવું, તેના કરતાં ત્યાં આખા ટાપુ ઉપર છૂટા ફરવું, એ વધુ સારું ગણાય; એટલે સન-લૉક્સને ગ્રીમ્સી મોકલવો એ તેના હિતમાં છે!

રેક્જાવિકના લોકો પણ પોતાના માનીતા નેતા માઈકેલ સન-લૉક્સને એટલે દૂર ખસેડવાની વાત જાણી બહુ ગુસ્સે થયા; પણ લોકોનો ગુસ્સો કે જુસ્સો દૂરથી તેને વિદાય આપીને જ છેવટે કૃતાર્થ થયો.

માત્ર ગ્રીબા અને બુઢ્ઢો આદમ હજુ પણ માઈકેલ સન-લૉક્સને મદદ શી રીતે પહોંચાડવી તે અંગે પોતપોતાની સ્વતંત્ર યોજનાઓ ઘડવા લાગ્યાં.

માઈકેલ સન-લૉક્સને ગ્રીમ્સી ટાપુ ઉપર ખસેડ્યા બાદ, પ્રથમ તો તે ટાપુ ઉપરના એકમાત્ર તવંગર કહી શકાય તેવા જૉન્સન નામના એક લોભી કંજૂસને સમજાવવામાં આવ્યો કે, તે માઈકેલને આખી જિંદગી સુધીના ગિરમીટિયા* તરીકે રાખી લે. પણ સન-લૉક્સનું આંધળાપણું તથા શરીરનું દૂબળાપણું જોઈ, પેલાએ તેને મફતેય રાખવાની ના પાડી. જૉન્સન સિવાય બીજું કોઈ ત્યાં નોકર કે ગુલામ રાખી શકે તેવું તાલેવંત નહોતું; એટલે પછી સન-લૉક્સને એ ટાપુના પાદરીને સોંપી

* ગિરમીટિયો એટલે 'ઍગ્રીમેન્ટ'-બૉન્ડથી બાંધી લીધેલો નોકર. ફીજી દેશમાં એ રીતે હિંદુસ્તાનમાંથી મજૂરો મોકલવામાં આવતા તે 'ગિરમીટિયા.' નામે ઓળખાતા. – સંપા૦

દેવામાં આવ્યો. એ પાદરી તેને ખવરાવે-પિવરાવે અને સાંચવે; તથા વરસમાં બે વખત તેના સમાચાર રેક્જાવિક ગવર્નરને પહોંચાડે. એ બદલ તેને વરસે ત્રણસો ક્રાઉન ભથ્થું આપવામાં આવે.

માઈકેલ સન-લૉક્સને હાથેપગે બેડીઓ નાખવામાં ન આવી; પણ એ ટાપુનો કિનારો એવી તીણી કરાડોવાળો હતો કે તે એકલો થોડાંક ડગલાં જ ભરવાની હિંમત કરવા જાય કે તરત કોઈ ને કોઈ કરાડમાં ગબડી પડી તેના ફુરચેફુરચા ઊડી જાય.

જે પાદરીની હકૂમત હેઠળ સન-લૉક્સને મૂકવામાં આવ્યો હતો, તે વસ્તુતાએ તેનો જેલર જ હતો. આ પાદરીને વાચકો બરાબર ઓળખે છે; કારણકે, તે બીજો કોઈ નહિ પણ સ્ટિફન ઓરીનું લગ્ન ગવર્નર-જનરલ જૉર્ગન્સનની પુત્રી રાશેલ સાથે કરાવવા બદલ રેક્જાવિકથી ખસેડી અહીં લગભગ દેશનિકાલ કરવામાં આવેલો સિગ્ફ્સ થામ્સન જ હતો.* અહીં આવ્યો ત્યારે તે જુવાન હતો, પણ અહીં આવ્યા બાદ અહીંનો બેકાર એકલવાસ ભૂલવા તે દારૂની લતે ચડી ગયો. એટલે સુધી કે તે આખો વખત લગભગ બેહોશ અવસ્થામાં જ હોતો. તેથી કરીને તેના જજમાનોને જ્યારે કંઈ લગ્ન કે નામ-કરણ વગેરેનું કામ હોય, ત્યારે તેઓ અગાઉથી તેને સમજાવી-પટાવીને તેના ઘરના એકાદ ઓરડામાં રાત માટે પૂરી રાખે, જેથી બીજે દિવસે વખતસર તે જાગૃત અવસ્થામાં મળી આવે.

હવે તેની ઉંમર થવા આવી હતી અને એકલો જ પોતાના શેવાળ-છાયા ઘરમાં એક ચીડિયા બુઠ્ઠા નોકર સાથે દહાડા કાઢતો હતો. તે બહુ અસ્થિર મનનો, બીકણ, તથા ઢીલોપોચો માણસ હતો; છતાં બીજી રીતે તે સીધોસાદો અને ભલોભોળો હતો : કોઈ પણ માણસ પોતાના દુઃખની વાત સંભળાવીને સહેલાઈથી તેની સહાનુભૂતિ પ્રાપ્ત કરી, તેનો લાભ તેમજ ગેરલાભ ઉઠાવી શકે.

---

* જુઓ આગળ પાન ૨૫મું —સંપા૦

પણ માઈકેલ સન-લૉક્સના આવ્યા બાદ સિગ્ફસ પોતાના પચીસેક વર્ષના દારૂના લાંબા ઘેનમાંથી જાણે જાગ્રત થઈ ગયો અને તેના જીવનમાં ઊથલપાથલ મચી રહી. પોતાનો કેદી-પરોણો આવ્યો ત્યાર બાદ તેની સરભરા માટે શું કરવું અને શું ના કરવું એની ગડભાંજમાં પડી તે લગભગ હતાશ થવાની અને ફરી દારૂની લતે ચડવાની તૈયારીમાં હતો, તેવામાં એક અજાણી બાઈ પોતાના હાથમાં એક બાળકને તેડીને તેના ઘરને બારણે આવીને ઊભી રહી. તે જુવાન હતી, ઘાટીલી હતી, પણ તેનાં કપડાં છેક ગરીબ માણસને છાજે તેવાં જ હતાં. તેણે આવીને પાદરીને ત્યાં ઘરકામ કરનાર નોકરડી તરીકે રહેવા મરજી બતાવી. પોતાની કરુણાજનક કહાણી સંભળાવતાં તે લગભગ રડી જ પડી : તે પોતે પરદેશી બાઈ છે, પણ આઇસલૅન્ડના વતનીને પરણી હતી. તાજેતરમાં તેનો પતિ ગુજરી જતાં તે નિરાધાર — નિરાશ્રય બની ગઈ છે. તેના સાંભળવામાં આવ્યું કે, ગ્રીમ્સીના પાદરી એકલા જ છે તેથી તેમને ઘરકામ સંભાળે તેવી બાઈની જરૂર હશે; એટલે તે અહીં આજીવિકા શોધવા આવી છે. તેના જેવી જુવાન બાઈને બીજા કોઈને ઘેર કામ કરવા રહેવું સહીસલામત ન કહેવાય; એટલે પોતાને અને પોતાના બાળકને પાદરીસાહેબને ઘેર ખાવાપીવાનું અને રહેવાનું મળશે, તો તે એમનું બધું ઘરકામ બરાબર સંભાળશે ઈ૦, ઈ૦.

એ અજાણી બાઈ ગ્રીબા જ હતી; અને તે પોતાની કહાણી સિગ્ફસને સંભળાવતી હતી તે દરમ્યાન એ ભલા પાદરીની આંખોમાં આંસુ જ આવી ગયાં. તેણે બીજું કંઈ બોલ્યા વિના તેને સીધી ઘરનું રસોડું સંભાળવા જ મોકલી દીધી. માત્ર એક જ શરત પાદરીએ રજૂ કરી કે, આઇસલૅન્ડવાળા માલિકને ઘેર આઇસલૅન્ડની નોકરડીઓ જે રીતે રહે છે તે રીતે તેણે રહેવું પડશે — એટલે કે, તેણે પોતાના કમરાની સરહદમાં જ રહેવાનું તથા બહારના મહેમાન — મુલાકાતીની નજરે કદી નહિ ચડવાનું. પાદરીએ વધારામાં ઉમેર્યું કે, "ખાસ કરીને

મારે ત્યાં એક મહેમાન હમણાં લગભગ કાયમ માટે રહેવા આવ્યા છે, તેમની નજરે તારે હરગિજ નહિ ચડવું. અલબત્ત, એ મહેમાન આંધળા છે, એટલે તેમની નજરે ચડવાનો સવાલ જ નથી; પણ તેમના સાંભળવામાં આવે એવી કશી હિલચાલ કે ચેષ્ટા પણ તારે કદી નહિ કરવી.”

ગ્રીબાએ તરત જ એ શરત કબૂલ રાખી; કારણ કે, તેની યોજના પણ માઈકેલ સન-લૉક્સથી અણછતા રહેવાની જ હતી. પણ તેણે ઠાવકાઈ દેખાડીને એટલું જ કહ્યું કે, “માલિક, હું એવી રીતે રહીશ કે જેથી તમે પોતે તેમને નહીં કહો ત્યાં સુધી તે જાણી પણ નહિ શકે કે હું પણ આ ઘરમાં રહું છું.”

આમ ગ્રીબાએ પ્રેમીની ચાલાકી દાખવીને માઈકેલ સન-લૉક્સ સાથે એક જ છાપરા હેઠળનો વસવાટ સાધી લીધો. તેમાં તેના બે ઇરાદા હતા — એક તો પતિની નજીક જ કાયમ રહેવું અને તેની માવજત — સારવાર — સેવા બજાવ્યા કરવી. બીજું, એમ પ્રેમ-સેવા દાખવીને કોઈક દિવસ તેને પાછો જીતી લેવો. તે માઈકેલ સન-લૉક્સને એવી ખાતરી કરાવવા માગતી હતી કે, પોતે માન-પ્રતિષ્ઠાને કે વિલાસ-વૈભવને ખાતર નહિ, પણ તેની ઉપરના પ્રેમને ખાતર જ તેને વરી હતી. માઈકેલ સન-લૉક્સ જ્યારથી એવું માનતો થઈ ગયો હતો કે, ગ્રીબા કેવળ ઘમંડી અને છીછરી બાઈ છે; તેથી તેના ઉપર તેને ઘૃણા ઊપજી હોઈ, તેણે તેનો ત્યાગ જ કર્યો હતો. એટલે ગ્રીબાએ તેના અંતરનો બુઝાઈ ગયેલો પ્રેમદીપ ફરી સ્નેહ-સેવા વડે પેટાવવાનો પ્રયત્ન કરી જોવાનો નિરધાર કર્યો હતો.

૨

છ મહિના પસાર થઈ ગયા તે દરમ્યાન ગ્રીબાએ આઈસલૅન્ડની નોકરડીની રીતે આઈસલૅન્ડના માલિકને ત્યાં રહેવાનું વચન બરાબર પાળી બતાવ્યું. માઈકેલ સન-લૉક્સને જરાસરખો અણસાર આવે તેવી

રીતે કદી તે એની પાસે જતી નહિ. સન-લૉક્સની છેક નજીક જઈને જે કંઈ કામ કરવાનું હોતું, તે પેલો બુઢ્ઢો નોકર જ કરતો. પણ ગ્રીબાએ બીજી રીતે પાદરીનું આખું અંધારિયું ગોઝું ઘર આનંદ અને વ્યવસ્થાના પ્રકાશથી ભરી કાઢ્યું.

માઈકેલ સન-લૉક્સ અંધ હોવા છતાં ઘરમાં થયેલો એ ફેરફાર તરત અનુભવી શક્યો. તે એક દિવસ પોતાનું અંધ મોં પાદરી તરફ ઊંચું કરીને કહેવા લાગ્યો, "કોઈ તો એમ જ કહે કે, આ ઘરમાંથી સૂર્યનો પ્રકાશ કદી દૂર થતો જ નથી!"

"ખરી વાત! મારી ભલી ઘરકારભારણનો એ પ્રતાપ છે." પાદરીએ હકાર ભણતાં કહ્યું.

"મેં એનાં પગલાં સાંભળ્યાં છે; તે કોણ છે વારુ?"

"ગરીબ બિચારી જુવાન બાઈ છે – તાજેતરમાં વિધવા થઈ છે."

"જુવાન?"

"હા, જુવાન સ્તો."

"બિચારી, બાપડી!"

ત્યાર પછી કેટલાક દિવસ બાદ ગ્રીબાએ – માઈકેલ સન-લૉક્સ અને પાદરી વચ્ચે આ પ્રમાણે વાતચીત થતી સાંભળી –

"તમે, મહાશય, કદીય પરણવાનો વિચાર કરેલો ખરો?" માઈકેલે પૂછ્યું.

"હા; મને અહીં મોકલી દેવામાં આવ્યો, ત્યારે મારું લગ્ન થવાની અણી ઉપર હતું; પણ મારે અહીં આવવાનું થતાં તે ભલી બાનુ અહીં આવીને મારી સાથે વસવાની હિંમત ન કરી શકી. ત્યાર પછી તો બીજી કોઈ સ્ત્રી પ્રત્યે મેં નજર પણ નાખી નથી."

"પણ હું ખાતરીપૂર્વક કહી શકું છું કે, તમારી પ્રત્યે એ બાઈએ આવો ભૂંડો વ્યવહાર કર્યો હોવા છતાં, તમે હજુ તેને ભાવપૂર્વક યાદ કરતા જ હશો!"

"હા, એ ખરી વાત છે." પાદરીએ નિસાસો નાખ્યો.

"બીજી એક વાત કહો — તમે રેક્જાવિકમાં સામાન્ય સ્થિતિએ હતા ત્યારે પણ કોઈક દિવસ આચાર્ય કે ધર્માધ્યક્ષ થવાની લાલસા તમને થઈ હશે જ, ખરું ને?"

"એમ હતું ખરું; કારણ કે જુવાનીમાં એવાં મહત્ત્વાકાંક્ષી સ્વપ્નો દરેકને હોય છે."

"અને તમને અહીં મોકલી દેવામાં આવ્યા ત્યાર પછી તમારી એ બધી આશાઓ મરી ગઈ, ખરું ને?"

"હા, ખરી વાત છે."

"એ જ જૂની કહાણી!" માઈકેલ સન-લૉક્સ ગણગણ્યો; "પુરુષના જીવનમાં પ્રકાશ કે અંધારું ભરનાર સ્ત્રી જ હોય છે. છીછરી સ્ત્રીઓએ કેટલાય પુરુષોનાં જીવનમાં પૂળો મૂક્યો હોય છે." અને એમ કહી તેણે જે ઊંડો નિસાસો નાખ્યો, તે ગ્રીબાના હૃદયને જાણે આરપાર વીંધી ગયો.

૩

એક વર્ષ પસાર થઈ ગયું. આખા વર્ષ દરમ્યાન પોતાનો પતિ સાંભળી શકે એવો એક શબ્દ પણ ગ્રીબાએ ઉચ્ચાર્યો ન હતો. પણ તેથી તેના કાન જરાય નવરા રહ્યા ન હતા — માઈકેલ સન-લૉક્સ જે કંઈ બોલે તે રજેરજ તે સાંભળ્યા કરતી. માઈકેલ સન-લૉક્સને જે જોઈએ તે માગ્યા પહેલાં રજૂ કરી દેવું, એ જ એનો જાણે ધંધો હતો. દરેક વખતે માત્ર હળવું પગલું જ સન-લૉક્સને કાને પડે — કદાચ કપડાંનો થોડો ઘણો સળવળાટ પણ સંભળાય. પરંતુ એ પગલું અને કપડાંનો સળવળાટ હરવખત માઈકેલને અચાનક બીજી કોઈ સ્ત્રીની — ગ્રીબાની — દુ:ખભરી યાદ જ તાજી કરાવતાં.

ઉનાળામાં માઈકેલ સન-લૉક્સ પાદરીના હાથના ટેકે બહાર જરા ફરવા નીકળતો. બાકી, શિયાળામાં તો નવેમ્બરની શરૂઆતથી ગાઢી

લાંબી રાત શરૂ થતી, તે પછીના મહિનાની ૨૧મી તારીખથી સૂર્ય તેની ઉત્તર તરફની મુસાફરી શરૂ કરે ત્યાં સુધી ચાલુ રહેતી. એ દરમ્યાન કદી સૂર્ય ક્ષિતિજ-રેખાની ઉપર આવે જ નહિ. દરમ્યાન બરફ જામવા માંડે, અને માઈકેલ સન-લૉક્સ બેવડા અંધારામાં જકડાઈ જાય. એક અંધારું શિયાળાનું, અને બીજું વધુ ગાઢ અંધારું તેના અંધાપાનું.

એ ગમગીન અવસ્થા દરમ્યાન એક વખત માઈકેલ સન-લૉક્સ ગણગણ્યો કે, મારી પાસે ફિડલ જેવું કંઈ વાજિંત્ર હોય, તો આ બધા ભારે કલાકો કંઈક સરળતાથી પસાર કરી શકાય. ગ્રીબા તેના એ બોલ સાંભળી ગઈ. ગ્રીબાની પાસે પૈસાની સગવડ તો હતી જ; એટલે તેણે તરત પત્રવ્યવહાર શરૂ કર્યો અને એક દિવસ વસંત ઋતુ બેસે તે પહેલાં પાદરીને નામે કોઈ અજાણી વ્યક્તિએ ભેટ મોકલેલું દેવળ માટેનું 'ઑર્ગન'વાજું આવી પહોંચ્યું.

"કોઈ સંરક્ષક દેવદૂત આપણા મનની વાતો જાણી લઈ, આપણને જોઈતી વસ્તુઓ પૂરી પાડે છે, ખરું ને?" માઈકેલ સન-લૉક્સ રાજી થતો પાદરીને કહેવા લાગ્યો. ગ્રીબા એના ચહેરા ઉપરનો એ રાજીપો દેખીને અર્ધી અર્ધી થઈ ગઈ.

નવું વાજિંત્ર દેવળમાં પહેલે દિવસે વગાડવાનું હતું ત્યારે લોકો દેવળમાં ખાસ ઉત્સાહથી ભેગા થયા. માઈકેલ સન-લૉક્સ ઑર્ગન વગાડવા લાગ્યો અને લોકો ગાવા માંડ્યા. ગ્રીબા પણ લોકો સાથે ગાવામાં ભળી, – પ્રથમ બહુ ધીમેથી, પણ પછીથી તો ઉત્સાહમાં આવી જઈ મોટેથી જ ગાવા લાગી. અચાનક વાજિંત્ર વાગતું બંધ થયું અને ગ્રીબાએ જોયું કે માઈકેલ સન-લૉક્સ નવાઈ પામી પોતાનો અંધ ચહેરો તે ઊભી હતી તે તરફ કુતૂહલપૂર્વક વાળીને જોઈ રહ્યો છે.

એ જ દિવસે પાછળથી માઈકેલ સન-લૉક્સે પાદરીને પૂછ્યું, "દેવળમાં મોટેથી સારું ગાતી હતી એ બાઈ કોણ હતી?"

"બીજી કોણ વળી? આપણી ઘર-કારભારણસ્તો." પાદરીએ જવાબ આપ્યો; "બિચારી જુવાન વયે વિધવા થઈ છે – પરદેશી છે, અને પોતાના છોકરા સાથે અહીં કામ કરવા રહે છે."

"છોકરા સાથે રહે છે?" એટલું પૂછી સન-લૉક્સ ચૂપ થઈ ગયો; અને થોડી વાર બાદ માત્ર એટલું જ ગણગણ્યો; "બાપડી, બિચારી!"

ગ્રીબા આ સવાલ-જવાબ સાંભળતી હતી. તે એકદમ જાતને સંભાળી લઈ અંદર ચાલી ગઈ; અને પછીથી કોઈ વખત આમ છતા ન થઈ જવાય તે માટે કાળજી રાખવાનું નક્કી કરીને રસોડા ભણી જ પુરાઈ રહેવા લાગી.

૪

બે વર્ષ એ રીતે પસાર થઈ ગયાં. પણ હવે ગ્રીબાનો બાળક-પુત્ર ત્રણ વર્ષનો થયો હતો. તે ચાલતો થોડું અને બોલતો વધારે.

આખા ઘરમાં મરજીમાં આવે ત્યાં જતાં કોઈ તેને રોકી શકતું નહીં. એક વખત પોતાના અંધારા અંધાપામાં એકલો બેઠેલો માઈકેલ સન-લૉક્સ તેને જડી ગયો; અને તે બે વચ્ચે મિત્રતા શરૂ થઈ.

સન-લૉક્સે પૂછ્યું – "બેટા તારું નામ શું?"

"માઈકેલ." નાનકાએ જવાબ આપ્યો. પણ પછી તરત ઉમેર્યું, "તમારા છોકલાનું નામ કેઉં છે?"

"બેટા, મારે છોકરો નથી."

"છોકલો જ નથ્થી?"

"પણ જો હોત તો તેનુંય નામ હું માઈકેલ જ પાડત."

નાનકો સન-લૉક્સના અંધ મોં સામું થોડી વાર જોઈ રહ્યો; પછી કશોક વિચાર આવતાં એ તરત એના ઢીંચણ ઉપર ચડી, એને ગળે વળગીને બોલ્યો, "હું તમાલો છોકલો થઈછ."

"હા, બેટા; તું જ મારો છોકરો બનજે; મારી હાથ-લાકડીરૂતો. મને બહુ એકલું એકલું લાગે છે; મારાથી બહાર ફરવા પણ જવાતું નથી."

છોકરો હવે નીચે ઊતરી, અચાનક દેડકાની પેઠે બેસીને બોલ્યો, "જો'ઓ, જો'ઓ ઉં કોન છું?"

"બેટા, મારાથી જોઈ શકાતું નથી; હું આંધળો છું."

"આંધલો એટલે?"

"જે કશું ન દેખી શકે તે. પણ બેટા, તું મારો છોકરો બન્યો છે એટલે તું તારી આંખો વડે જોઈને મને દોરજે એટલે આપણે બહાર ફરવા જઈશું અને પંખીઓને ગાતાં સાંભળીશું."

"ખલી મજા!"

એટલામાં પાદરી બહારથી અંદર આવ્યા. માઈકેલ સાન-લૉક્સે તેમને પૂછ્યું, "અરે, આ છોકરાનો ભેટો અત્યાર સુધી મને કેમ નહીં થયો હોય વારુ?"

"એમાં નવાઈ પામવા જેવું કશું નથી; તમે આઈસલૅન્ડવાસીના ઘરમાં દશ વર્ષ રહો, તોપણ નોકરનાં છોકરાં કદી જોવા ન પામો."

"આ છોકરાની આંખોનો રંગ કેવોક છે, વારુ?" સાન-લૉક્સે પૂછ્યું.

"ભૂરો."

"તો પછી તેના વાળનો રંગ સોનેરી જ હશે!"

"હા; બિલકુલ શણ જેવો."

સાન-લૉક્સ પોતાની બેઠક ઉપર ઢળી પડયો અને ગણગણ્યો, "બધું સમુંસૂતરું ચાલ્યું હોત તો મારે પણ એના જેવો જ છોકરો અત્યારે હોત!"

ગ્રીબાંએ આ બધો વાર્તાલાપ ઘૂંટણિયે પડીને બારણા પાછળથી સાંભળ્યો હતો. તેનું હૃદય ધબકારે ચડીને જાણે ફાટી પડવા લાગ્યું.

તે તરત જ પોતાના કમરામાં દોડી ગઈ. ત્યાંના અરીસામાં તેણે પોતાનું ગાભરું બની લાલ લાલ થઈ ગયેલું મોં જોયું. અચાનક પહેલી જ વાર તેને એમ લાગ્યું કે, પોતે હજુ સુંદર ચહેરા-મહોરાવાળી છે. માઈકેલ સન-લૉક્સને તેનો (ગ્રીબાનો) સુંદર ચહેરો ખૂબ જ પ્રિય હતો એ વિચાર આવતાં તે હર્ષ-પુલકિત થઈ ગઈ.

પણ તરત તેને વિચાર આવ્યો કે, માઈકેલ સન-લૉક્સ તો હવે અંધ બની ગયો છે — તે મારું મુખ શી રીતે ફરી કદી જોવા પામવાનો છે? એ વિચાર તેના હૃદયને તરવારના ઘાની પેઠે ચીરી નાખવા લાગ્યો. તે લગભગ જડ બની જઈને સ્થિર ઊભી રહી. તેની સર્વ સંજ્ઞા જાણે લુપ્ત થઈ ગઈ. જ્યારે ફરીથી તેનું વિચારતંત્ર ચાલુ થયું, ત્યારે કોણ જાણે કેવી રીતે તેને હુસાવિક વૈદનો વિચાર જ પહેલો સ્ફુર્યો. ગંધકની ખાણોમાં ખોદકામ કરવા જનારા મજૂરો ગંધકની ધૂણીથી આંધળા બની જાય, ત્યારે તેમની આંખોનો ઉપચાર કરનાર તરીકે હુસાવિક મશહૂર હતો.

અને એ વૈદનો વિચાર જ ગ્રીબાને તે આખો દિવસ તથા પછીના દિવસે પણ જકડી રહ્યો, — તેને કેમ કરીને અહીં બોલાવવો અને માઈકેલ સન-લૉક્સની આંખોનો ઈલાજ કરાવવો! અને એ વિચારના ભારથી તે જાણે ગૂંળાઈ જવા લાગી. છેવટે તેણે પોતાની પાસેની રોકડના સંગ્રહમાંથી જરા આડકતરા કહેવાય તેવા માર્ગે એ વૈદને પૈસા મોકલાવ્યા અને તેને ગ્રીમ્સી બોલાવ્યો, ત્યારે જ તે કંઈક સાંસતી થઈ.

પણ એ વૈદ આવે તેની રાહ જોવાના વચગાળામાં તેના અંતરને જુદો જ એક ભય ઘેરી વળ્યો.

માઈકેલ સન-લૉક્સ અને પોતાના દીકરા વચ્ચે પહેલી મુલાકાત થઈ ત્યાર બાદ રોજ સન-લૉક્સ અંદરના કમરા તરફ મોં કરીને બૂમ પાડતો, "નાનકા માઈકેલ! નાનકા માઈકેલ! બેટા અહીં આવ તો!"

અને ગ્રીબા તરત નાનકા માઈકેલને લૂછી-પૂછી, તેના સોનેરી વાળ ઓળી કરી, તેને બહાર મોકલી દેતી. પણ ત્યારથી તેના લક્ષમાં આવી ગયું હતું કે, માઈકેલ સન-લૉક્સ તેના (ગ્રીબાના) પગલાના અવાજને લક્ષ દઈને સાંભળવા પ્રયત્ન કર્યા કરતો.

અને એ વસ્તુથી તેને એવો ડર લાગવા માંડયો કે, પોતાને પ્રગટ થવાનો યોગ્ય સમય આવે તે પહેલાં જ સન-લૉક્સ એને ઓળખી તો નહીં કાઢે?

પણ એ ડર કરતાંય બીજો એક ભય તેને હવે રૂંધવા લાગ્યો — માઈકેલ સન-લૉક્સ તેને બીજી જ કોઈ પરદેશી સ્ત્રી — ઘરની નોકરડી — ગણીને અને જાણીને તો તેના તરફ આકર્ષાતો નહીં હોય!

તરત જ ગ્રીબાનું અંતર માઈકેલ સન-લૉક્સ તરફ ઘૃણા અને તિરસ્કારથી ભરાઈ ગયું. કારણ કે, ગ્રીબાએ જોયું હતું કે, માઈકેલ સન-લૉક્સે ભૂલથી પણ તેને (ગ્રીબાને) અહીં કદી યાદ કરી ન હતી. ગ્રીબાને તો તેણે જાણે પોતાના મનમાંથી સદંતર ભૂંસી જ નાખી હતી.

આવો વિચાર કોઈ પુરુષને પોતાની પ્રેમપાત્ર માટે આવ્યો હોત, તો તે એમ જ નક્કી કરી બેસત કે, "એ મને સદંતર ભૂલી જ ગઈ છે — અને બીજા કોઈને સ્વીકારીને ભવિષ્યમાં સુખી થશે. હું તો તેની કશી ગણતરીમાં જ નથી; તો પછી હું પણ મારો જુદો રસ્તો શોધી લઉં એમાં શું ખોટું?"

પણ સ્ત્રીનો તર્કવિચાર જુદી જ રીતે ચાલે છે — ગ્રીબાએ એમ જ વિચાર્યું કે, "મને તો એ છેક જ ભૂલી ગયા છે; પણ મને ભૂલીને એ ક્યાં જવાના છે? હું છું ત્યાં સુધી જોઉં તો ખરી કે, બીજી કોણ એમને જીતી જાય છે! અરે, મારી પાસેથી કોઈ એમને ઝૂંટવી લે એમ નથી!"

૫

એક વખત સન-લૉક્સ પાદરીને પૂછી જ બેઠો — "આ નાનકા માઈકેલની મા દેખાવે કેવી છે?"

પેલા પાદરીએ જવાબ આપ્યો, "મારા જેવા બુઢ્ઢા ખસૂટની આંખો જો બરાબર કદર કરી શકતી હોય, તો મને તો તે યુવતી બહુ સુંદર દેખાય છે – એ નોકરડી થવાને લાયક જ નથી. તેના વાળ સુંદર મજાના છે, અને તેનો અવાજ તો મધુર અને હૃદયસ્પર્શી છે."

"મેં એક વાર તેનો અવાજ સાંભળ્યો છે," માઈકેલ સનલૉક્સે કહ્યું; "પણ તેનો પતિ આઈસલૅન્ડનો હતો અને તે ગુજરી ગયો છે એમ તમે કહો છો, ખરું ને?"

"હા; તેણે એમ જ કહ્યું હતું. અને એક બાબતમાં તે બિલકુલ મારા જેવી છે."

"કઈ બાબતમાં વળી?"

"પોતાનો પતિ ગુજરી ગયો ત્યાર બાદ તે બીજા કોઈ પુરુષ ઉપર નજર નાખવા માગતી નથી – અને કદાચ એ ઈરાદાથી જ તે આ ગ્રીમ્સી ટાપુમાં આવીને જીવતી દટાઈ ગઈ છે. હું પણ હવે બીજી કોઈ સ્ત્રીને મારી પ્રેમપાત્ર તરીકે મનમાં સ્થાપતો નથી તેમ!"

"આહા!" સન-લૉક્સ આંધળાઓ જે રીતે ધીમેથી ગણગણે છે તે રીતે ગણગણ્યો; "ભગવાને જો મને પેલીને બદલે આવી મધુર, આવી વફાદાર, આવી સીધીસાદી સ્ત્રી આપી હોત તો! – પેલીને બદલે – અને છતાં – અને છતાં –"

ગ્રીબા એ સાંભળી તરત જ મનમાં પોકારી ઊઠી, "બાપરે, આ તો મારા ઉપર પ્રેમમાં જ પડતા જાય છે ને કંઈ?"

અને તેણે ત્યારથી જ તેને પોતા પ્રત્યે વધુ ને વધુ પ્રેમમાં જકડતા જવાનો વિચાર કર્યો. એમ કરતાં કરતાં તે જ્યારે હંમેશ માટે તેનો બની રહે, ત્યારે તેને પોતાના હાથ વીંટીને કહી દેવું, 'સન-લૉક્સ, સન-લૉક્સ, હું ગ્રીબા છું, ગ્રીબા!'

ગ્રીબા આ નવા વિચારના જુસ્સામાં ઝૂલતી હતી તે અરસામાં જ હુસાવિક વૈદ્ય ગ્રીમ્સી આવી પહોંચ્યો. તેણે કહ્યું કે, તેને આદમ

ફેરબ્રધર નામના કોઈ અજાણ્યા માણસે લંડનથી કાગળ લખીને એક જણની આંખોની દવા કરવા અહીં મોકલાવ્યો છે. અહીં કહી દઈએ કે, ગ્રીબાએ જ આદમ ફેરબ્રધરના નામથી એ કાગળ તેને ફી સાથે મોકલાવ્યો હતો.

હુસાવિકે પ્રથમ તો દિવસના અજવાળામાં માઇકેલ સન-લૉક્સની આંખ તપાસવાનો પ્રયત્ન કર્યો. પણ દરિયા તરફથી આવેલા ધુમ્મસને કારણે પ્રકાશ ધૂંધળો થઈ ગયો હોવાથી, છેવટે તેણે મીણબત્તી મંગાવી અને ગ્રીબાને તે બરાબર પકડીને પાસે ઊભા રહેવા જણાવ્યું.

ગ્રીબા કદી પોતાના પતિની આટલી નજીક વર્ષોથી આવી ન હતી. પણ અત્યારે તો તે તેના શ્વાસોચ્છ્વાસનો અવાજ તો શું પણ તેનો ધક્કોય પોતાના દિલે અનુભવાય એટલી નજીક ઊભી હતી. તેના પતિની આંખ ઉપર એક પાતળું પડળ જ તેને દેખાઈ જતી અટકાવી રહ્યું હતું. ઘડીભર તો પોતાની તરફ મોં કરી રહેલો માઇકેલ સન-લૉક્સ પોતાને જ બરાબર નિહાળી રહ્યો છે એમ પણ તેને લાગ્યું, અને તેનો હાથ કંપી ઊઠ્યો. તરત જ પેલો વૈદ્ય બોલી ઊઠ્યો —

"જો, જો, બાઈ, તારા હાથમાંની મીણબત્તી આ મહેરબાનના મોં ઉપર જ પડશે!"

ગ્રીબા મહાપરાણે સાંસતી થઈ; પણ એ વૈદ્ય નિરીક્ષણ કર્યા બાદ પોતાનો પતિ ફરી દેખતો થઈ શકશે કે નહિ એ બાબત શો ફેંસલો આપશે તેની ચિંતામાં પડીને તરત પાછી ધ્રૂજવા લાગી.

વૈદ્ય થોડી વાર ચૂપ રહ્યો — ત્યાર પછી તેણે સન-લૉક્સને કહી દીધું — 'તમારી આંખો ફરી દેખતી ન થઈ શકે એવું કશું જ કારણ હું જોઈ શકતો નથી.'

તરત જ માઇકેલ સન-લૉક્સ બોલી ઊઠ્યો —

"ભગવાનની દયા! દયાનિધિનો જય!"

પણ ગ્રીબાના હાથમાંની મીણબત્તી હવે જમીન ઉપર જ પડી ગઈ. અને તે તરત જ મહાપરાણે હોઠ ભીડેલા રાખી કમરાની બહાર દોડી ગઈ. બહાર જઈને તે પણ ડૂસકાં ભરતી ભરતી મોટેથી બોલવા લાગી — "ભગવાનનો જય! કરુણાળુ પ્રભુ તમારો જય!"

પછી પોતાના કમરામાં દોડી જઈ તેણે પોતાના પુત્રને હાથમાં તેડી લઈ, તેના સામું જોઈ જોઈ વારાફરતી રડવા માંડયું તથા હસવા માંડયું.

"હા, હા, તે દેખતા થશે જ અને પોતાના પુત્રને પોતાના પુત્ર તરીકે તરત ઓળખશે. હા, હા, નાનકા, તને એ તરત ઓળખી કાઢશે; કારણકે, તારું મોં અદ્દલ તારા બાપુ જેવું જ છે, બેટા!"

વૈદ્ય બીજે દિવસે એક મહિના સુધી માઇકેલ સન-લૉક્સની આંખમાં નાખવાની દવા આપીને વિદાય થયો. મહિનો પૂરો થયે તે ફરી પાછો આવવાનું અને તેની આંખો ફરી તપાસી આગળ શું કરવું તે વિચારવાનું કહી ગયો હતો.

પણ ગ્રીબાને હવે એક જુદી જ ચિંતા કોરી ખાવા લાગી — માઇકેલ સન-લૉક્સ ફરી દેખતો થશે અને પોતાને જોશે, ત્યારે તેના મનમાં પોતા પ્રત્યેનો મૂળ ધિક્કાર કાયમ જ હશે, તો અત્યાર સુધી પોતે તેના અંધાપાનો ગેરલાભ લઈ તેની પાસે રહેવાની આચરેલી ધૃષ્ટતા બદલ તેને ફરીથી હાંકી કાઢશે — અથવા તેનાથી તદ્દન વિમુખ થઈ જશે. પછી પોતે તેના આ કારાવાસમાં તેની સેવા બજાવવા માટેય તેની પાસે નહિ રહી શકે. તેના કરતાં તે આવો ને આવો અંધ રહ્યો હોત, તો પોતે તેની સેવા-ચાકરી કરતી તેની નજીક રહી શકત અને તેની સંભાળ રાખી શકત. અને તરત તેને હાથે કરીને આ વૈદ્યને બોલાવવા બદલ પસ્તાવો થવા લાગ્યો. પણ થોડી વાર બાદ તરત તેને વિચાર આવ્યો કે, પોતે પાસે રહી શકે તે માટે પતિને અંધ રહેવા દેવા — તેમની આંખોનો ઈલાજ થઈ શકે તેમ હોય તોપણ ન થવા દેવો —

એ તો વફાદાર પત્નીનું લક્ષણ ન કહેવાય! અને માઈકેલ સન-લૉક્સને તેની વફાદારી ઉપર જ વહેમ હતો ને? તેને તે ધન-પ્રતિષ્ઠા – વૈભવની જ યાર માનતો હતો; પોતાના ઉપર પ્રેમની નહિ! "ધતૂ, મારે તેમની નજીક રહેવાનો અને તેમની સેવા કરવાનો લોભ છોડીને, તેમને દેખતા કરવાનો જ લોભ રાખવો જોઈએ. તો જ હું તેમની સાચી વફાદાર પત્ની ગણાઉં!"

૮

ફરી પાછો ક્યાંથી!

૧

માઇકેલ સન-લૉક્સને તેના કારાવાસનાં અઢી વર્ષ દરમ્યાન બહારની દુનિયા સાથે બહુ થોડો જ સંપર્ક રહ્યો હતો. કાનૂન-પર્વત આગળ તેની ફરીથી ધરપકડ કરવામાં આવી, ત્યાર બાદ રેક્જાવિકની જેલમાં તેણે તે દિવસે જે કંઈ બન્યું હતું તેનો બધો હેવાલ સાંભળ્યો હતો – તેની સાથે જોતરેલો સાથી કોણ હતો, તેણે શું કર્યું હતું અને કહ્યું હતું, અને છેવટે તેની વીરોચિત યોજના પડી ભાગી ત્યાર બાદ તે કેવી રીતે કોઈ ન જાણે તેમ અલોપ થઈ ગયો હતો – તે બધું.

ગ્રીમ્સી આવ્યા પછી તેણે આદમ ફેરબ્રધરને એક જ પત્ર લખ્યો હતો, જેમાં તેણે તેમની તબિયતના સમાચાર પૂછ્યા હતા, ગ્રીબાની આજીવિકાની શી વ્યવસ્થા છે તે જાણવા ઇંતેજારી દર્શાવી હતી, તથા જેસનના છેલ્લા જે કંઈ સમાચાર મળ્યા હોય તે જણાવવા આજીજી કરી હતી. પણ તેનો એ કાગળ આદમ ફેરબ્રધરને પહોંચ્યો જ નહીં – કારણ કે, આઈસલૅન્ડનો ગવર્નર-જનરલ એ જ ત્યાંનો પોસ્ટમાસ્ટર-જનરલ પણ હતો!

બીજી બાજુ આદમે પોતા તરફથી બે કાગળો માઈકેલ સન-લૉક્સને લખ્યા હતા : એક કૉપનહેગનથી લખ્યો હતો; કારણ, ગ્રીબા ગ્રીમ્સી ચાલી ગઈ પછી તે પોતે તેના પૈસાની મદદથી ડેન્માર્કના રાજાને રૂબરૂ મળવા કૉપનહેગન ચાલ્યો ગયો હતો. અને બીજો તેણે લંડનથી લખ્યો હતો; – કૉપનહેગનમાં નિષ્ફળ નીવડ્યા પછી તે જુદી જાતની કોશિશ કરી જોવા લંડન ગયો હતો. પણ એના બંને કાગળોનીય એ જ વલે થઈ હતી. આમ બે લાંબાં વર્ષ સુધી ધરતીને છેડે આવેલા ગ્રીમ્સીમાં દેશનિકાલ થયા બાદ, માઈકેલ સન-લૉક્સને કોઈના કશા જ સમાચાર મળ્યા ન હતા.

પણ એ સમય દરમ્યાન જૉર્ગન જૉર્ગન્સન તરફથી સન-લૉક્સ માટે ત્રણ અલિખિત હુકમો આવ્યા હતા ખરા! પહેલો હુકમ તેના ગ્રીમ્સી પહોંચ્યા બાદ ૬૭ મહિના વીતતાં જ આવ્યો હતો – કે એક ડેનિશ યુદ્ધ-જહાજ બારામાં ચોકીપહેરો રાખવા મોકલી આપવામાં આવ્યું હતું. બીજો હુકમ એક વર્ષ વીત્યા બાદ આવ્યો હતો — એક વાવટો ધજાદંડ સાથે મોકલી આપવામાં આવ્યો હતો તે ફરકાવીને પેલા પાદરીએ, કેદી સહીસલામત છે તેની નિશાની, દિવસમાં બે વખત પેલા યુદ્ધ-જહાજને પહોંચાડવાની હતી. અને ત્રીજો હુકમ એક મોટું તાળું અને કૂંચીના રૂપમાં આવ્યો; — માઈકેલ સન-લૉક્સને હવે છૂટો રાખવાને બદલે એક ઓરડામાં કેદ પૂરી દેવાનો હતો અને બહાર એ તાળું લગાવવાનું હતું.

આ ત્રણે હુકમો આદમ ફૅરબ્રધરે ડેન્માર્કમાં અને લંડનમાં જઈને જે ધમાલ મચાવી હતી તેના જવાબરૂપે હતા. પણ પછી તરત જ ચોથો હુકમ આવ્યો કે, પાદરીએ પોતાના જાનના જોખમે કેદી છટકી ન જાય તેની તકેદારી રાખવાની છે; કારણકે, ગમે તે ઘડીએ હવે માઈકેલ સન-લૉક્સને પ્રાણદંડની સજા કરવાની છે.

આ છેલ્લા ભૂંડા સમાચાર, હુસાવિકના વૈદે માઈકેલ સન-લૉક્સની આંખોના નૂર બાબત આપેલા સારા સમાચારની લગોલગ જ આવ્યા;

એટલે વૈદે આપેલા સમાચારથી જે આશા અને ઉલ્લાસ પ્રગટ્યાં હતાં, તે બધાં એક ઝટકે નાબૂદ થઈ ગયાં. માઈકેલ સન-લૉક્સે એ સમાચાર પૂરી સ્વસ્થતાથી સાંભળ્યા. તેણે કહ્યું કે, તેના પોતાના જીવનમાં એક પણ સારી ઘટના તેની તરત જ પછી વધુ ભૂંડી ઘટના આવ્યા વિના સંભવી જ ન હતી. પેલો પાદરી બિચારો તો એ હુકમ સાંભળી લગભગ ભાગી જ પડ્યો. કારણ કે આ છેલ્લાં બે વર્ષ દરમ્યાન, માઈકેલ સન-લૉક્સ તેના પુત્રનું સ્થાન લેવા લાગ્યો હતો – એવો પુત્ર, જે તેની દારૂડિયાપણાની કુટેવને રોકવાની બાબતમાં પિતા સમાન નીવડ્યો હતો!

પણ ભલા સિગ્ફ્સની યાતના કરતાં પણ ગ્રીબાની યાતના વળી વિશેષ હતી. તે તો હવે બહાર કશોક અવાજ આવે, એટલે માઈકેલ સન-લૉક્સને દેહાંતદંડ દેવા લઈ જવા માટે સૈનિકો જ આવ્યા છે એમ માની લેતી. અને બરફના પહાડો કિનારે અથડાઈને તૂટવાનો અવાજ આવે, ત્યારે તે એમ માની લેતી કે, સૈનિકોએ માઈકેલ સન-લૉક્સને બંદૂકે દઈ દીધો છે. તેની બિચારીની બધી તપસ્યા – બધી જ આશાઓ એકદમ ધૂળભેગી થઈ ગઈ હતી.

એક વખત તે ધૂનમાં ને ધૂનમાં ડેનિશ યુદ્ધ-જહાજ જે તરફ ખડું હતું તે તરફ દોડી ગઈ – તપાસ કરવા કે, માઈકેલ સન-લૉક્સને માટે દેહાંતદંડનો જે હુકમ આવ્યો છે તેમાં નામ લખવા કે વાંચવામાં કંઈ ભૂલ તો નથી થઈ? – કારણ કે, આ બિચારો આંધળો આવા નિર્જન ટાપુમાં પુરાઈ રહ્યો છે, તેનાથી કોને કશો ડર હોઈ શકે ભલા, જેથી તેને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવે!

પણ કિનારે ગયા પછી તેની હિંમત ભાગી ગઈ, અને તે કોઈને મળ્યા વિના ઘર તરફ પાછી ફરી. તે વખતે તેણે ઘરમાંથી આવતો તેના નાનકા પુત્ર સાથે વાતચીત કરતા કોઈ અજાણ્યાનો અવાજ સાંભળ્યો. એ અવાજ માઈકેલ સન-લૉક્સનો તો નહોતો જ.

"તો બેટા, તારું નામ માઈકેલ છે, કેમ? અને તારું મોં તારી માના મોંને કેટલું બધું મળતું આવે છે!" અને એટલું બોલતાંમાં તો તે અવાજ બોલનારના ગળામાં જ જાણે રૂંધાઈ જવા લાગ્યો – જાણે કશા ભારે દુ:ખની યાદનો ડચૂરો કંઠમાં ભરાયો હોય!

ગ્રીબા એકદમ ગાભરી બની ગઈ. તે જેવી હાંફળીફાંફળી તે કમરામાં દાખલ થઈ કે તરત જ એક જણ ઢીંચણ ઉપર બેસાડેલા નાનકા માઈકેલને જમીન ઉપર મૂકી દઈને ઉતાવળે બેઠક ઉપરથી ઊભો થઈ ગયો.

એ માણસ જૅસન હતો.

૨

આ બે વર્ષ દરમ્યાન યુરોપમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક નવી ખેંચાતાણ ઊભી થઈ હતી. નૅપોલિયન બોનાપાર્ટે ઇંગ્લૅન્ડ ઉપર ચડાઈ કરવા ડેન્માર્કનો જહાજી કાફલો કબજે કરવા સારુ ડેન્માર્ક ઉપર જમીનમાર્ગે હુમલો શરૂ કર્યો. પણ ઇંગ્લૅન્ડનો નૌકાધ્યક્ષ નેલ્સન તેના કરતાં વધુ ચોકંદો નીકળ્યો – તેણે એકદમ કૉપનહેગન તરફ દરિયામાર્ગે ધસી જઈ, ડેન્માર્કનાં બધાં જહાજો કબજે કરી ઇંગ્લૅન્ડ ઘસડી આણ્યાં.

આદમે આ વાત સાંભળી કે તરત તેણે નેલ્સન પાસે દોડી જઈ ખબર આપી કે, ડેન્માર્કનું એક યુદ્ધ-જહાજ હજુ બાકી છે: માઈકેલ સાન-લૉક્સ નામે એક બ્રિટિશ પ્રજાજનને એ ટાપુમાં પૂરી રાખવા એ જહાજને કેટલાય દિવસથી ગ્રીમ્સી ટાપુ તરફ મૂકી રાખવામાં આવ્યું છે. નેલ્સને તરત એ જહાજને પણ કબજે કરવા પોતાનું એક યુદ્ધ-જહાજ આદમ સાથે ગ્રીમ્સી તરફ રવાના કરી દીધું, તથા એ બ્રિટિશ પ્રજાજનને પણ મુક્ત કરી પેલા ડૅનિશ જહાજ સાથે લેતા આવવાનો હુકમ કર્યો.

પણ નેલ્સને ડેન્માર્કનાં યુદ્ધ-જહાજોનો આમ કબજો લીધો છે એ સમાચાર જૉર્ગન જૉર્ગન્સનને રેક્જાવિક પહોંચ્યા કે તરત તે

સમજી ગયો કે, આમાંથી તો ડેન્માર્ક અને ઇંગ્લૅન્ડ વચ્ચે યુદ્ધ જ ફાટી નીકળશે — અને એ યુદ્ધમાં ઇંગ્લૅન્ડની નૌકા-તાકાત જ જીતશે. એ બધી ધમાલમાં અગત્યની અને બિન-અગત્યની વાતોની તો ખીચડી જ થઈ જશે. ઇંગ્લૅન્ડવાળા કદાચ માઈકેલ સન-લૉક્સને બ્રિટિશ પ્રજાજન ગણી તેનો કબજો મેળવવા અને તેને પહેલાંની પેઠે આઇસ-લૅન્ડનો ગવર્નર-જનરલ કે પ્રેસિડન્ટ બનાવવા પ્રયત્ન કરશે. એટલે પોતાનું પદ સહીસલામત રહે તે ખાતર તેણે તરત ગ્રીમ્સી આગળ મૂકી રાખેલા યુદ્ધ-જહાજના કમાન્ડરને તાબડતોબ થોડા સૈનિકો જમીન ઉપર ઉતારી, માઈકેલ સન-લૉક્સને દેહાંતદંડ દેવાનો હુકમ લખી મોકલ્યો.

પણ આ હુકમની વાત રેક્જાવિકમાં તરત ફેલાઈ ગઈ; એટલે જ્યારે એ હુકમ લઈને જનારા બે ડેનિશ સંરક્ષકોને આઈસલૅન્ડનું નિર્જન વેરાન વીંધી ગ્રીમ્સી તરફના કિનારે દોરી જવા માટે કોઈ ભોમિયા-જાણકારની શોધખોળ ચાલી, ત્યારે રેક્જાવિકમાંથી કોઈ એ કામ કરવા તૈયાર ન થયું.

આ અરસામાં જ જેસને અચાનક રેક્જાવિકમાં પાછી દેખા દીધી હતી. અત્યાર સુધી તે ક્યાં ગયો હતો કે તે શું કરતો હતો તે કોઈ જાણતું ન હતું. જોકે, તે શરીરથી અને મનથી એવો ભાગી પડ્યો હતો કે ભાગ્યે કોઈ તેને ઓળખી પણ શકે. તે રાતદિવસ પીઠાંમાં પડી રહેતો અને ખૂબ દારૂ ઢીંચ્યા કરતો તથા મોટેથી ગાયા કરતો. તેના ચેનચાળા જોઈ સૌએ તે લાંબું જીવે એની આશા જ છોડી દીધી હતી. તે કંઈ નુકસાન ન કરી બેસે એટલી જ દરકાર લોકો રાખતા.

પણ જૉર્ગન જૉર્ગન્સનને જ્યારે ભાળ મળી કે જૅસન આવ્યો છે, ત્યારે તેણે તેને રાજભવનમાં તેડાવી મંગાવ્યો. પણ જૅસનની સ્થિતિ એવી વિચિત્ર થઈ ગઈ હતી કે, જૉર્ગન જૉર્ગન્સને તેને તરત જ

મકાન બહાર કઢાવી મૂકચો. પછી તો જેસને દારૂ પીવામાં અને બૂમ-બરાડા પાડચા કરવામાં માઝા જ મૂકી દીધી. કોઈ તેને કશો ઠપકો આપવા કે સલાહ આપવા પ્રયત્ન જ કરતું નહિ.

પણ એ જ જેસને જ્યારે ચૌટાં-પીઠાંમાં ચર્ચાતી જૉર્ગન જૉર્ગન્સનના છેલ્લા હુકમની વાત સાંભળી, ત્યારે અચાનક તે જાગ્રત થઈ ગયો; — તેનાં ઘેન-સુસ્તી સદંતર નાબૂદ થઈ ગયાં. એટલે જ્યારે ગાર્ડો ભોમિયાને શોધવા એ પીઠામાં આવ્યા, ત્યારે તે એકદમ ઠેકડો મારીને ઊભો થઈ ગયો અને બોલ્યો, "હું તમને રસ્તો બતાવવા સાથે આવવા તૈયાર છું."

"પણ તારા જેવા ગરાડીને સાથે લઈ જઈને શું કરીએ?" એક ડેનિશ ગાર્ડ બોલી ઊઠચો.

જેસન કંઈક વિચાર કરીને પાછો સુસ્તીમાં પડી ગયો હોય તેવો દેખાવ કરીને બોલ્યો, "મા'ળું એમ બને ખરું. ભલે, ભલે, તમે બીજો કોઈ ભોમિયો જ શોધી લો."

પણ લોકોને ખબર પણ પડે કે તેનું શું થયું છે, તે પહેલાં તો તે રેક્જાવિકની બહાર નીકળી ગયો અને નિર્જન વગડો ખૂંદતો ગ્રીમ્સી તરફ વેગે આગળ વધવા લાગ્યો.

બીજે જ દિવસે ગાર્ડોને બીજો સારો ભોમિયો મળી ગયો અને તેઓ પણ ગ્રીમ્સી તરફ કૂચકદમ કરવા લાગ્યા.

૩

ત્યાર પછીને દિવસે જ કૉપનહેગનથી એક ડેનિશ કપ્તાન રેક્જાવિક આવ્યો. તેણે જૉર્ગન જૉર્ગન્સનને ખબર આપ્યા કે, વેસ્ટ-મૅન ટાપુઓ આગળ એક બ્રિટિશ યુદ્ધ-જહાજને આઈસલૅન્ડના ઉત્તર-કિનારા તરફ પૂરપાટ ધસી જતું મેં જોયું છે.

જૉર્ગન જૉર્ગન્સન તરત સમજી ગયો કે, એ બ્રિટિશ યુદ્ધ-જહાજ ગ્રીમ્સી આગળ મૂકવામાં આવેલા ડેનિશ યુદ્ધ-જહાજનો કબજો

લેવા જ જાય છે. પણ જો ઇંગ્લૅન્ડવાળાઓને દૂરને ખૂણે મૂકવામાં આવેલા એ યુદ્ધ-જહાજની માહિતી કોઈની ફૂટથી મળી હોય, તો તે યુદ્ધ-જહાજ ત્યાં કયા કેદીને સાચવવા મૂકવામાં આવ્યું છે તેની પણ તેમને માહિતી આપી હોવી જોઈએ. બ્રિટિશ દરિયાઈ-કપ્તાનોની તાસીર જૉર્ગન જૉર્ગન્સન બરાબર પિછાનતો હતો: તેઓ ચાંચિયાનો ધંધો કરનારા તથા ખૂન-તરસ્યા તોફાની માણસો હોતા; અને જો ગ્રીમ્સી પહોંચ્યા પછી તેઓ માઈકેલ સન-લૉક્સને મારી નાખવામાં આવેલો જાણશે, તો તેઓ રેક્જાવિક આવીને તેને — જૉર્ગન જૉર્ગન્સનને — પણ ગમે ત્યાંથી પકડી કાઢીને નજીકને થાંભલે લટકાવી દીધા વિના નહિ રહે.

જૉર્ગન જૉર્ગન્સન તરત જ સાબદો થઈ ગયો: માઈકેલ સાન-લૉક્સને ઠાર કરવાનો પોતે મોકલાવેલો હુકમ કેમ રદ કરાવવો અને મોકૂફ રખાવવો એની પેરવીમાં તે તરત પડયો. પહેલો હુકમ લઈને જનારા ગાર્ડો એક દિવસની મુસાફરી જેટલા આગળ નીકળી ગયા હતા; અને પોતાના એવા કોઈ માણસ ઉપર તેને ભરોંસો ન હતો કે, જે ચીવટ રાખી પોતાનો નવો હુકમ તેમને વેળાસર પહોંચાડવા પ્રયત્ન કરે! એટલે પેલા ગાર્ડોની પાછળ દોડધામ કરતો તે પોતે જ ઊપડયો — કદાચ થિંગવેલિર પહોંચતા સુધીમાં જ તે પેલા ગાર્ડોને પકડી પાડી શકશે, અથવા કંઈ નહિ તો છેવટે હુસાવિક આગળ હોડીમાં બેસાતા પહેલાં તો જરૂર પહોંચી વળશે — એમ માનીને.

આમ ચાર મંડળીઓ ગ્રીમ્સી તરફ ધસમસાટ ધસી રહી હતી: અંગ્રેજ યુદ્ધ-જહાજ ડેનિશ યુદ્ધ-જહાજનો કબજો લેવા; ગવર્નર-જનરલ જૉર્ગન જૉર્ગન્સાનના ગાર્ડો માઈકેલ સાન-લૉક્સાને તાબડતોબ ઠાર કરવાનો હુકમ લઈને; જૉર્ગન જૉર્ગન્સાન પોતે એ હુકમ રદ કરાવવા માટે; અને જેસાન જે સૌથી પહેલો ઊપડયો હતો તે કયા હેતુથી ત્યાં ગયો હતો તે કોઈ જાણી શકે તેમ ન હતું.

અને ગ્રીમ્સી સૌથી પહેલાં પહોંચ્યો પણ જેસન જ.

૪

જેસને નાનકા માઈકેલને ઢીંચણ ઉપરથી નીચે ઉતારીને એકદમ ઊભા થઈ જઈ ગ્રીબા સામું જોયું કે તરત ગ્રીબા ગાભરી બની જઈને લથડિયું ખાઈ ગઈ. પણ જેસને તરત તેને સંભાળીને હાથમાં પકડી લીધી તથા તેના કાનમાં ધીમેથી કહ્યું, "મારે એક અગત્યની વાત તને કહેવાની છે – તે સાંભળી લીધા પહેલાં તું બૂમાબૂમ કરીને બીજા કોઈને અહીં ન બોલાવતી."

ગ્રીબા જાણે તેનો સ્પર્શ ડંખ્યો હોય તેમ તરત તેના હાથમાંથી છૂટી થઈ જઈને જરા દૂર ઊભી રહીને ફાટેલી આંખ સાથે પૂછવા લાગી, "હું અહીં છું એવું જાણીને તમે અહીં આવ્યા છો?"

"હા."

"તમે ક્યાંથી આવ્યા છો?"

"રેક્જાવિકથી."

ખાડાખૈયા તથા પથ્થરની તીણી ધારો ઉપર ચાલવાથી ચિરાડા પડેલા અને લોહીલુહાણ થયેલા તેના પગ તરફ નજર કરી લઈને ગ્રીબા બોલી, "પગે ચાલતા આવ્યા છો?"

"હા, પગપાળો જ આવ્યો છું." જેસને જવાબ આપ્યો.

"ક્યારે ત્યાંથી નીકળ્યા હતા?"

"પાંચ દિવસ પહેલાં."

"તો તો આખો નિર્જન વગડો ખૂંદીને આટલે સુધી આવવા માટે રાત અને દિવસ ચાલ્યા હશો?"

"રાત અને દિવસ જ ચાલ્યો છું."

"એકલા જ?"

"હા, એકલો જ."

ગ્રીબા હવે ધીરજ ગુમાવીને બોલી ઊઠી, "શું થયું છે? શું થવાનું છે? મારાથી કશું ન છુપાવતા. મેં ઘણું ઘણું સહન કર્યું છે,

તો એ નવું પણ હું સહન કરી શકીશ. તમે શા માટે આવ્યા છો, એ મને કહી દો."

"તારા પતિને બચાવવા માટે!" એટલું કહી જૅસને ગ્રીબાને સાંસતી થવા વિનંતી કરતાં કરતાં એ વાત કહી સંભળાવી કે, માઇકેલ સન-લૉક્સને તત્ક્ષણ ઠાર કરવાનો હુકમ લઈને ગાર્ડો રેક્જાવિકથી આ તરફ આવવા નીકળી ચૂકયા છે.

એટલું સાંભળતાંમાં તો ગ્રીબા હૃદયાફાટ રુદન કરવા મંડી ગઈ. જૅસને અસહાયપણે ચૂપ રહી, તેનો ડૂમો હળવો થવા દીધો. તે મનમાં એટલું જ વિચારી રહ્યો કે, "ગ્રીબા પેલાને કેટલી બધી ચાહે છે!"

પછી ગ્રીબા જ્યારે જરા સાંસતી થઈ, એટલે જૅસને મંદ હસતાં હસતાં, પોતાની આંખોમાંથી મોટાં ફોરાંએ વહેતાં આંસુ અવગણીને કહ્યું, "આમ ગાભરા થઈ જવાની જરૂર નથી. એ હુકમને પહેલેથી જાણી લઈ, તેનો ઉપાય કરવા તો હું પોતે આટલો ઉતાવળો દોડી આવ્યો છું. હજુ વાત એટલી વણસી નથી ગઈ કે જેથી તેનો કોઈ ઉપાય જ ન થઈ શકે."

"હવે વળી શો ઉપાય થઈ શકે? તમે જ કહો છો કે ઠાર કરવાનો હુકમ લઈને ગાર્ડો ઉતાવળા અહીં આવી રહ્યા છે!" ગ્રીબા ડૂસકાં ભરતાં ભરતાં બોલી.

"પણ હજુય નાસી છૂટવાનો ઉપાય થઈ શકે ને?"

"અશક્ય; બહાર આખું એક યુદ્ધ-જહાજ તૈયાર ઊભું છે; અને કિનારા તરફના બધા રસ્તા ઉપર તપાસ રખાય છે."

જૅસન એ સાંભળી હસી પડયો. "અરે કિનારાની એકે એક કરાડ ઉપર ચોકી-પહેરો હોય, તોપણ દરિયા-રસ્તે નાસી છૂટવું હોય તો નાસી છુટાય. અને બંદરમાં યુદ્ધ-જહાજ ભલે ઊભું હોય, તોપણ હું શેટ્લૅન્ડની જે કિસ્તીમાં આવ્યો છું, તે હજુ કિનારા ઉપર જ માછલાં

ભરવાને બહાને થોભી છે; અને હું નિશાની ન કરું ત્યાં સુધી ઊપડવાની નથી."

ગ્રીબા હવે સંપૂર્ણ ગાભરી બની ગઈ હતી. પાણીમાં ડૂબતું માણસ બીજા કશાનો વિચાર કર્યા વિના તરણાને પણ પકડે તેમ, તે પોતાના પતિને બચાવી લેવાનો એક-માત્ર માર્ગ કે ઉપાય જૅસન જ કરી શકે તેમ છે એમ માની, બીજો કશો વિચાર કર્યા વિના તેના તરફ આશાભરી નજરે જોતી મંદ અવાજે બોલી ઊઠી, "તમે મારા પતિને ભગાડવાની કોશિશ ક્યારે કરી શકવા ધારો છો?"

"આવતી કાલે પરોઢ થતા પહેલાં બે કલાક અગાઉ."

"કેમ એટલા મોડા?"

"કારણ કે, આજકાલ ચાંદનીવાળી રાતો છે; અને શરૂઆતમાં અજવાળું વધારે હોય."

"તો હું તે વખતે તૈયાર થઈ રહીશ."

"તારા નાનકાને પણ તૈયાર રાખજે."

"હા, હા, તેને પણ તૈયાર રાખીશ જ."

"કોઈને કશી વાત ન કરતી; અને કોઈ કંઈ પૂછે તો બને તેટલો જવાબ ટાળજે. તું જે કંઈ સાંભળે, અથવા હું જે કંઈ કરું કે કરવાનો ઢોંગ કરું તોય એક શબ્દ પણ બોલતી નહિ; મોં ઉપર પણ કશો ફેરફાર દેખાવા દેતી નહિ કે જેથી કોઈ કંઈ સમજી જાય. બોલ, વચન આપે છે?"

"હા, હા, વચન આપું છું." પણ આટલે સુધી આવ્યા પછી અચાનક તેના મનમાં કશોક વિચાર સ્ફુર્યો. તેણે ડરતાં ડરતાં આડું જોઈને અને નાનકા માઈકેલના માથાના વાળમાં આંગળીઓ ફેરવતાં ફેરવતાં કહ્યું, "પણ જૅસન, તમે મને દગો તો નહીં દો ને?"

"તને શા માટે દગો દઉં, વાહ? કેવો સવાલ પૂછે છે? બીજા કોઈની વાત તો કદાચ ન કહી શકું; પણ તને હું દૂભવું કે દગો દઉં, એવું તું ખરેખર માને છે?"

ગ્રીબા વિચારમાં પડી ગઈ. એવી વિચારગ્રસ્ત કે વિચારમૂઢ અવસ્થામાં જ તે આગળ બોલવા લાગી —

"એક વાત સાંભળી લો; હું જો કે અહીં રહું છું, પણ મારા પતિ એ વાત જાણતા નથી. તે આંધળા છે, અને મને દેખી શકતા નથી; તથા મેં પણ અમુક કારણોથી તેમની આગળ છતા થવાય એવું કાંઈ જ કર્યું નથી — તેમની સાથે આ બધા સમય દરમ્યાન સીધો એક શબ્દ પણ હું બોલી નથી."

"મોઢામોઢ એક શબ્દ પણ બોલી નથી?"

"એક શબ્દ પણ નહીં."

"તું આ ઘરમાં કેટલા સમયથી રહે છે?"

"બે વર્ષથી."

જૅસાનને હવે સાન-લૉક્સ સાથે ગંધકની ખાણમાં થયેલી વાતચીત યાદ આવી; અને બીજી જ ક્ષણે તે બધું સમજી ગયો. માઈકેલ સન-લૉક્સે પોતાની પત્નીનો પ્રેમ બીજો કોઈ પડાવી ગયો હોવાની વાત કરી હતી, અને એમ પણ કહ્યું હતું કે, 'એ માણસ મારી નજરે કદી ન ચડે એમાં જ એનું હિત છે!' ગ્રીબાની બધી યાતના, તેનું બધું રહસ્ય હવે તેને સમજાઈ ગયું : માઈકેલ સાન-લૉક્સ ગ્રીબાને બેવફા સ્ત્રી ગણી ધિક્કારતો હતો; એટલે તેને પોતાની જાણમાં કદી પોતાની પાસે રહેવા દે જ નહીં!

ગ્રીબાએ જૅસાનને વિચારમાં પડી ગયેલો જોઈને પૂછ્યું, "પણ મને તમારી વાત તો કરો : તમે અત્યાર સુધી ક્યાં હતા?"

"હું? અકુયેરી, હુસાવિક, રેક્જાવિક, રણવગડો — એમ બધે જ હતો, — એટલે કે ક્યાંય નહિ!"

"તમે શું કરતા હતા?"

"દારૂ પીવો, જુગાર રમવો, ટૂંકમાં ખરાબ તેટલું બધું કરતો હતો; — એટલે કે કશું જ કરતો ન હતો!"

"જૅસન! મેં એક વખત તમારો અપરાધ કર્યો; પણ ત્યાર પછી તમે આખો વખત મારે માથે બળતી સગડી જ સ્થાપી રાખી છે."

"ના, ના, તેં મારો કશો અપરાધ કદી કર્યો નથી; એ તો હું જ થોડી વાર પાગલ બની ગયો હતો, – અને એમ માની બેઠો હતો કે હું જ તારી સાર-સંભાળ રાખનાર છું એટલે મને તારા ઉપર બધો અધિકાર છે. પણ એ બધું ગાંડપણ તો ક્યારનું પતી ગયું. મારા બોલવા ઉપર એટલી ખાતરી રાખ, હું કશો બીજો ભાવ રાખીને અહીં આવ્યો નથી – મારે માત્ર તને સુખી થયેલી જોવી છે; – મારા જેવા કંગલાથી કંઈ થઈ શકતું હોય તે કરી છૂટીને."

"જૅસન, એક વાત મને કહો – હું તો મારા પતિને ભૂલી શકું એમ ન હતું; પણ બીજી કોઈ સ્ત્રી તમને ચાહી શકી હોત અને તમને સુખી કરી શકી હોત; તમે એમ કેમ ન થવા દીધું?"

"હેં? બીજી કોઈ સ્ત્રી?"

"હા, હા, ક્યાંક ને ક્યાંક તે તમારી રાહ જોતી જ હશે; એટલે તમે જીવનથી હતાશ ન બની જશો. તમને સુખી જોઈશ તો જ મારા અંતરનો એક કાયમનો ખટકો દૂર થશે."

"હું જીવનથી હતાશ શા માટે થાઉં? હું હરગિજ હતાશ થયો નથી." એટલું બોલી જૅસન ફીકું હસવા લાગ્યો. પણ પછી એક ક્ષણમાં ગંભીર બની જઈને બોલ્યો, "તો તું ઘરબાર, સગાં-સાગવાં બધું છોડીને અહીં આ વેરાન વગડામાં તારા પતિની સાથે એક છાપરા નીચે રહેવાનું મળે એટલા માટે જ આવી છે, એમ?"

"હા. એ જ્યાં હોય ત્યાં જ મારું ઘર; એમનાં સગાંસાગવાં એ જ મારાં સગાં-સાગવાં."

"અને તું આ બે લાંબાં વર્ષો સુધી, એની સમક્ષ પ્રગટ થવાનો સમય આવે એની રાહ જોતી જ ગુપચુપ અહીં પડી રહી છે?"

"હા; ભલે ને સાત વર્ષ કે ચૌદ વર્ષ રાહ જોવી પડે તોપણ શું?"

૯

સબસે ઊંચી પ્રેમ-સગાઈ....

૧

આમાં કલાક બાદ, દિવસ પૂરો થયો અને ઘરમાં મીણ-બત્તીઓ પેટાવવામાં આવી. પોતાના કમરામાં એકલા બેઠેલા પાદરી પાસે ગ્રીબા દોડી ગઈ અને કહેવા લાગી, "કોઈ અજાણ્યો માણસ બહાર આવ્યો છે, તે તમને મળવા માગે છે."

ભલા સિગ્ફસે પોતાનાં ચશ્માં પુસ્તક ઉપર મૂકી દીધાં અને ગ્રીબાને કહ્યું, "એ અજાણ્યાને અંદર આવવા દો."

તરત જ જેસન અંદર દાખલ થયો. તેણે નમન કરીને કહ્યું, "સર સિગ્ફસ, મારી મા તમારું નામ આભાર અને આંસુ સાથે યાદ કરતી તે વખતથી તમારું શુભ નામ હું જાણું છું."

"તારી માનું નામ શું હતું, બેટા?"

"રાશેલ; જૉર્ગનની પુત્રી અને સ્ટિફન ઓરીની પત્ની."

"તો તારું નામ જેસન હોવું જોઈએ, ખરું ને?"

"હા, બાપજી."

"દીકરા, મારા ભલા દીકરા," એમ બોલતા એ ભલા પાદરી ઊઠયા અને જેસનના બંને હાથ પકડી લઈને બોલ્યા, "મને તારી બધી યાદ આવે છે. તારો ભાઈ પણ મારે ત્યાં છે. ચાલ, હું તને તેની પાસે લઈ જાઉં!"

"થોભો," જેસન બોલ્યો; "પહેલાં મારા ભાઈને લગતો એક સંદેશ તમે સાંભળી લો."

ભલા પાદરીનું મોં એકદમ પડી ગયું. તે મહાપરાણે બોલ્યા, "તો તું જૉર્ગન જૉર્ગન્સન પાસેથી આવ્યો છું કે શું?"

"ના."

"તો કોની પાસેથી આવ્યો છે?"

"મારાં ભાભી પાસેથી આવ્યો છું."

"તારી ભાભી? માઈકેલ સન-લૉક્સની પત્ની?"

"હા, હા; ભાઈએ તમને કદી તેમને વિષે વાત નથી કરી?"

"હા; વાત તો કરી છે; પણ પોતાને નઠોરપણે દગો દેનાર બેવફા પત્ની તરીકે, તથા પોતે જેને અંતરથી ધિક્કારે છે એવી સ્ત્રી તરીકે તેને ઓળખાવી છે."

"એ ખરું હશે બાપજી; પણ મરવા પડેલા અને પસ્તાતા મનખ ઉપર એવો બધો રોષ રાખવો ન છાજે."

"તો શું તે મરવા પડી છે?"

"હા, બાપજી; તે ક્ષમા-યાચના કરી કરીને ટળવળ્યા કરે છે, અને મારા ભાઈની માફી તેમને નહિ મળે, ત્યાં સુધી તે શાંતિથી મરી શકશે નહિ."

"બિચારી! ભલી દીકરી!"

"ભાભીના ગમે તેટલા દોષ હોય, પણ ભાઈએ તેમની આખરી ઘડીએ એટલી દયા તો દાખવવી જ જોઈએ."

"ભલા ભગવાન!" એટલું બોલીને પાદરી ભગવાનને યાદ કરવા લાગી ગયા.

"ભાભી અત્યારે એકલાં વેદનામાં તરફડે છે; કોઈ તેમની મદદમાં નથી કે કોઈ તેમના ઉપર દયા લાવનાર નથી."

"તે ક્યાં છે?" પાદરીએ પૂછ્યું.

"હુસાવિકમાં." જેસને જવાબ આપ્યો.

"પણ તેણે મને શો સંદેશો કહાવ્યો છે?"

"એવી વિનંતી કહાવી છે કે, તમે એમના પતિને એમની મરણ-પથારીએ હાજર રહેવાની પરવાનગી આપો."

બુઢ્ઢા પાદરીએ હતાશાથી મૂંઝાઈને પોતાના બંને હાથ આકાશ તરફ ઊંચા કરી દીધા.

પણ જૅસાને તરત જ ઉમેર્યું, "એક જ દિવસ માટે – એક જ કલાક માટે. તમે ના પાડતા પહેલાં જરા થોભો અને વિચાર કરો, બાપજી. ભાભી બિચારાં છેક એકલાં છે. તેમણે ગમે તે અપરાધ કર્યા હશે, પણ તે હવે પસ્તાવો કરે છે. તેમને પોતાના પતિને આખરીવાર મળવું છે. તે તમને આજીજી કરે છે કે તમે એટલી પરવાનગી આપો. ભગવાન તમારું ભલું કરે!"

બિચારા પાદરીને અંતરમાં પારાવાર દુઃખ થયું પણ તેણે જવાબ આપ્યો, "દીકરા, એ વસ્તુ અશક્ય છે. બહાર અમારી ચોકી કરતું એક જહાજ ખડું છે. દિવસમાં બે વખત મારે વાવટા વડે નિશાની કરવાની હોય છે કે કેદી સહીસલામત છે; અને દિવસમાં બે વખત જહાજનો ઘંટ મને જવાબ વાળે છે. માટે એ વાત અશક્ય છે, અશક્ય છે. તારી ભાભી ઇચ્છે છે તેમ કરવાનો એકે ઉપાય નથી – એકે રસ્તો નથી."

"ઉપાય અને રસ્તો તો હું બતાવી શકું તેમ છું, બાપજી!" જૅસને ધીમેથી કહ્યું.

"પણ એને એમ બહાર જવા દેવાની હિંમત મારે કરવી ન જોઈએ; એવી ખોટી હિંમત દાખવવા જઈને મારાથી મારું પદ જોખમમાં મૂકી શકાય નહીં!"

"પણ મારા ભાઈ જરૂર પાછા આવશે; પછી શો વાંધો છે?"

"અરે ગયે અકવાડિયે જ રેક્જાવિકથી સંદેશો આવ્યો છે કે, ગમે તે ઘડીએ કેદીને ઠાર કરવાનો હુકમ આવશે – માટે સાબદા રહેજો. માઈકેલ સન-લૉક્સ પણ એ વાત જાણે છે – સૌ કોઈ જાણે છે."

"પણ મારા ભાઈ પાછા જ આવશે, પછી શું?"

"દીકરા, તું એવું અણસમજમાં જ કહે છે. કોઈ પણ માણસ એક વખત આ જગામાંથી બહાર નીકળે, અને અહીં ગમે તે ઘડીએ તેને ઠાર કરવાનો છે એવી તેને ખબર હોય, તો પછી તે અહીં મોતના મુખમાં રાજીખુશીથી પાછો આવે ખરો? તું કેવી દુનિયા બહારની વાત કરે છે?"

"પણ હું સોગંદપૂર્વક કહું છું કે, તે પાછા આવશે."

"ના, ના; હું એક સીધોસાદો બુઢ્ઢો પાદરી છું; અને આવી દૂરની જગાએ મને જીવતો દાટી દેવામાં આવ્યો છે તોપણ દેહધારી કોઈ માણસ એમ છૂટો થયા પછી મરવા પાછો આવે એમ માનવા હું તૈયાર નથી. ઉપરાંત તારે દીકરા, મારો પણ વિચાર કરવો જોઈએ."

"તમારો પણ વિચાર કરીને જ મેં એક રસ્તો વિચારી રાખ્યો છે; અને મારા ભાઈ પાછા જ આવશે તેની તમને ખાતરી થાય તે માટે હું એક બાંહેધરી તમને આપી શકું તેમ છું."

"કઈ બાંહેધરી વળી?"

"તે કેદખાનામાંથી બહાર જાય તેટલો વખત તેમની જગાએ હું પુરાઈ રહીશ."

"શું? તું કહે છે તેનો અર્થ શો થાય તેની તને ખબર છે કે નહિ?"

"હા, હા; એ અર્થ સમજીને જ હું આ પ્રસ્તાવ રજૂ કરું છું."

"પણ તું જાણે છે કે, ગમે તે દિવસે, ગમે તે કલાકે પેલા યુદ્ધ-જહાજમાંથી ખલાસીઓ મારા કેદીને ઠાર કરવાનો હુકમ લઈને આવી પહોંચશે?"

"હા; હા; પણ તેનું શું? તેઓ તમારા કેદીને ઓળખે છે? પહેલાં અહીં આવીને કદી તેને જોઈ ગયા છે, ખરા?"

"ના; કદી નહિ."

"તો પછી એ તમારો કેદી નથી – તેની જગાએ બીજો માણસ છે એમ તેઓને શી રીતે ખબર પડવાની હતી?"

"તેમને તેવી ખબર પડી ન જ શકે; એ વાત તો બરાબર છે."

"તો પછી હું સૂચવું છું તે રસ્તો સ્વીકારવામાં તમારે માથે શું જોખમ રહે છે?"

"મારા જોખમની વાત હું ક્યાં કરું છું, બેટા?" એટલું બોલતાંમાં તો એ ભલા પાદરીની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. "હું તો તારા માથા ઉપર શું જોખમ આવી પડે તેની વાત તને કરું છું. તેં તો મને શરમિંદો કરી દીધો, દીકરા! પણ તું જો આમ તારી જાનને જોખમમાં મૂકવા તૈયાર હોય, તો પછી મારે મારું પદ જોખમમાં મૂકવું જ જોઈએ. હું તેમ કરવા તૈયાર છું, દીકરા. હવે તો તું જ બરાબર વિચારી લે."

"ભગવાન તમારું ભલું કરે."

"તો ચાલ હવે આપણે તરત એને મળી લઈએ. તે ગમે તેવો સિંહ જેવો છે, છતાં અંદરથી ફૂલ જેવો કોમળ છે. તેની પત્નીનો છેલ્લો સંદેશ તેને સંભળાવી લઈએ. તેની પત્નીએ તેના પ્રત્યે ગમે તેટલો ગેરવર્તાવ કર્યો હશે, પણ તે મરવાની તૈયારીમાં છે એ સાંભળી તેને જરૂર દુ:ખ થશે."

એમ કહી, પાદરી પોતાના ખીસામાંથી ચાવી બહાર કાઢવા જતો હતો, તેવામાં જેસન બોલી ઊઠ્યો, "બાપજી, તમને હું જરૂર કરતાં વધુ આ બાબતમાં સંડોવવા માગતો નથી. આપણે જે કરવા માગીએ છીએ તે થઈ જાય ત્યાં સુધી તમે તો તે વાતથી અણજાણ જ રહેવા જોઈએ."

"ઠીક છે, બેટા." પાદરીએ વિચાર કરીને કહ્યું; અને જેસનના હાથમાં ચાવી મૂકી દીધી.

"તમને મારા ઉપર વિશ્વાસ છે ને?" જેસને પૂછ્યું.

"હા; હા; મને તારા ઉપર પૂરો વિશ્વાસ છે."

“તો પછી તમે તમારા કમરામાં ચાલ્યા જાઓ; અને સવારના પહોરમાં જહાજનો ઘંટ સંભળાય ત્યાં લગી કમરાની બહાર નીકળતા નહીં. કાલે સવારે તમે કેદીની ઓરડી તરફ આવશો, ત્યારે હું તમારા હાથમાં આ ચાવી પાછી મૂકી દઈશ. પણ ફરીથી મને કહો, તમને મારા ઉપર પૂરો વિશ્વાસ છે?”

“હા; હા.”

“તમને એવી ખાતરી પડે છે કે, આ યોજનાનું જે કંઈ પરિણામ આવે તે હું વેઠી લઈશ, અને તમને કશી આંચ આવવા નહીં દઉં?”

“મને ખાતરી છે કે તેં આપેલી બાંહેધરી તું બરાબર પાર પાડશે.”

૨

જેસન કેદીના કમરાનું બારણું ઉઘાડીને અંદર દાખલ થયો. અંદર તદ્દન અંધારું હતું — સિવાય કે, એક ખૂણામાં સૂકી લીલ બળતી હતી તેનું રાતું અજવાળું પડતું હતું. તેની પાસે માઈકેલ સન-લૉક્સ નીચું મોં કરીને બેઠો હતો.

તેણે તાળામાં ચાવી ફરવાનો અવાજ સાંભળીને જ પૂછ્યું, “તમે છો, સર સિગ્ફસ?”

“ના.” જેસને કહ્યું.

“તો કોણ છો?”

“એક મિત્ર.”

માઈકેલ સન-લૉકસે જાણે નજરે જોવું હોય તેમ પોતાની અંધ આંખો આગંતુક તરફ ફેરવી.

“એ અવાજ કોનો છે?” માઇકેલ સન-લૉક્સે પૂછ્યું.

“તમારા ભાઈનો.” જેસને જવાબ આપ્યો.

સન-લૉક્સ એકદમ ઊભો થઈ ગયો, અને બોલ્યો, “જેસન?”

“હા, જેસન.”

"તો ભાઈ, પાસે આવ; મને તારી સાથે ભેટવા દે."

બંને જણા એકબીજાના હાથમાં ભિડાઈ ગયા; અને એકી સાથે હસવા તથા રડવા લાગ્યા. થોડી વાર બાદ જેસને કહ્યું —

"સન-લૉક્સ, હું તમારે માટે એક સંદેશ લાવ્યો છું."

"પેલી તરફથી તો નથી ને? હેં?"

"ના, પેલી તરફથી નહીં, પણ વહાલા બુઢ્ઢા આદમ ફેરબ્રધર પાસેથી."

"તે ક્યાં છે?"

"હુસાવિકમાં છે."

"તો તું એમને તારી સાથે લેતો કેમ ન આવ્યો, ભાઈ?"

"તે આવી શકે તેમ નથી."

"કેમ, કેમ? તે બીમાર છે કે શું?"

"તે આખો વગડો ખૂંદી તને મળવા માટે હુસાવિક સુધી આવ્યા; પણ હવે તેમનાથી એક ડગલું પણ આગળ ભરાય તેમ નથી."

"જેસન, ભાઈ, મને સાચેસાચું કહી દે, તે મરવા તો નથી પડયા ને?"

"તે બિચારા તમને રાત અને દિવસ ઝંખ્યા કરે છે. 'સન-લૉક્સ! મારા દીકરા સન-લૉક્સ' એમ સતત બોલતા તે વિલાપ કર્યા કરે છે."

"મારા ભલા બાપુ! મારા વહાલા બાપુ! ભગવાન તેમના ઉપર આશીર્વાદ ઉતારે."

"તે કહાવે છે કે, તે સમુદ્રો ડહોળી અહીં સુધી આવ્યા છે, અને તમને એક વાર જોયા વિના મરી શકે તેમ નથી. તમે અહીં કેદમાં છો એમ તે જાણે છે, છતાં વેદનામાં અને મૂંઝવણમાં તે વાત

ભૂલી જઈ એ પોકાર્યા કરે છે કે ‘બેટા સન-લૉક્સ! દોડી આવ! દોડી આવ! ઉતાવળ કર! હવે બહુ વખત નથી!’”

“હાય!” માઈકેલ સન-લૉક્સ કરુણ ક્રંદન કરી ઊઠયો; “આ અંધાપો! આ કેદ! એક દિવસ પણ મને કોઈ ત્યાં જવા દે, તો હું મારી આખી જિંદગી નોછાવર કરું! એક જ દિવસ! એક જ દિવસ!”

જૅસનથી પણ પોતે ખામુખા ઊભી કરેલી સન-લૉક્સની આ વેદના જોઈ શકાતી નહોતી. પણ તેને પોતાની યોજના પાર પાડવી હતી; એટલે થોડી વાર ચૂપ રહી તેણે આશ્વાસન આપતાં કહ્યું, “તમને ભાઈ એક દિવસ છૂટી મળી શકે તેમ છે; અને તમે ભલે અંધ હો, તોપણ તમને દોરીને લઈ જનાર પણ તૈયાર છે! ખરું કહું છું; મેં બધી ગોઠવણ કરી લીધી છે. તમે કાલે સવારે જ આ સ્થળ છોડી શકશો.”

એ શબ્દો સાંભળતાં જ માઈકેલ સન-લૉક્સ હર્ષનો પોકાર કરી ઊઠયો. પણ પછી થોડો વિચાર કરીને બોલ્યો, “પણ મારાથી આ ભલા પાદરીને દગો ન દઈ શકાય.”

“તે બહુ ભલા માણસ છે; તે તમને એક દિવસ જવા દેવા કબૂલ થયા છે.”

“પણ તેમને ચેતવણી મળી ચૂકી છે કે, ગમે તે ઘડીએ મને હાજર કરવાનો અને સોંપી દેવાનો હુકમ તેમને મળશે. એ ભલા પાદરીએ આ કેદખાનું પણ મને ઘર જેવું કરી આપ્યું છે; હું મારા જાન બચાવવા પણ તેમને આંચ આવે એવું કશું ન કરું.”

“તેમને ખાતરી છે કે, અહીં તમારે મોતના મોંમાં પાછા ફરવાનું હશે તોપણ તમે પાછા આવ્યા વિના નહીં રહો.” જૅસને કહ્યું.

“તો હું એ ભલા બાપજીનો આભાર માની આવું.” સન-લૉક્સ બારણા તરફ જતો જતો બોલ્યો.

પણ જૅસન વચ્ચે આવીને ઊભો રહ્યો. તેણે કહ્યું, "એ ભલા પાદરીને આપણા સાહસમાં જુમ્મેવાર બનાવવા ન જોઈએ. મેં તેમને જણાવવાનું જરૂરી હતું તેટલું જણાવી દીધું છે; અને તેમને પૂરો સંતોષ થયો છે. આપણે જે કરવાના છીએ તે થઈ ચૂકે ત્યાં સુધી તે એ બધાથી અણજાણ રહે એ જ સારું છે. કારણ કે, પછી કંઈ અણધાર્યું બને, તોપણ તેમને માથે કશી જવાબદારી ન આવે."

"પણ હું પાછો અચૂક આવીશ જ." સાન-લૉક્સ બોલ્યો.

"હા, હા; પણ સાંભળો — આવતી કાલે સવારે પો ફાટતા પહેલાં બે કલાક અગાઉ તમારે કિનારે પહોંચી જવાનું છે. ત્યાં નાના ધક્કા પાસે એક નાની હોડી ઊભી હશે, અને થોડે દૂર દરિયામાં એક માછી-જહાજ તૈયાર હશે. અહીં ઘર-કારભારણ તરીકે કામ કરતી ભલી બાઈ તમને ત્યાં દોરી જશે — "

"તે બાઈ જ શા માટે મને દોરી જશે?"

જૅસન એ પ્રશ્નનો જવાબ આપતા પહેલાં કંઈક વિચારમાં પડી ગયો. તેણે પૂછ્યું, "એ બાઈ સામે તમારે કંઈ વાંધો છે, ભાઈ?"

"ના, ના; વાંધો તો શો હોય? બહુ ભલી બાઈ છે – દુ:ખિયારી છે; તેનો પતિ ગુજરી જતાં બિચારી જીવનમાં આનંદ અને આશા વિનાની બની ગઈ છે. બહુ ભલી-ભોળી છે, મોંએ કશું બોલતી નથી; પણ તેનો અવાજ દૂરથી સાંભળતાં મારા કોઈ નિકટના સ્વજનની યાદ આવે છે, જે એક વખત મને બહુ વહાલું હતું."

"*તો તે સ્વજન હવે તમને વહાલું રહ્યું નથી?*"

"ભગવાન જાણે; હું કશો જવાબ આપી શકું તેમ નથી. તેણે મારા જીવનમાં તેમજ તારા જીવનમાં હોનારત સરજી મૂકી છે — પોતાની જાત મારા વૈભવને તેણે વેચી દીધી અને તને આપેલું વચન ફોક કરી દીધું."

"એ બધું તો પતી ગયું ભાઈ! હું તો એ બધું ક્યારનું ભૂલી પણ ગયો છું: ભાભી હંમેશને માટે તમારી જ છે."

"હા, હા, તે મારી જ છે — જીવનમાં અને મૃત્યુમાં પણ! તે ગમે ત્યાં ભૂલી ભટકશે, પણ છેવટે તેને મારી પાસે જ આવવું પડશે — આવવું જ પડશે."

"તો પછી ભાઈ સન-લૉક્સ, તે હજુ તમને વહાલાં છે, ખરું?"

"કોઈ કોઈ વખત તો મને એવું લાગે છે કે, તે મને પહેલાં કદી ન હતી તેટલી વહાલી છે. હવે તો હું આંધળો બન્યો છું, પણ હું તેને હંમેશ મારી પાસે જ જોઉં છું! કદાચ એ સ્વપ્ન હશે, બેવકૂફી જ હશે!"

"પણ એ સ્વપ્ન કદાચ સાચું પડે તો?" જેસને પૂછયું.

"એ વસ્તુ બને તેવી જ નથી. છતાં તે ક્યાં છે? તેનું શું થયું છે? તે એના બાપુ પાસે છે? તે શું કરે છે? તને કશી ખબર છે, ભાઈ?"

"તમને થોડા જ વખતમાં એ બધા સમાચાર મળશે. કાલે તમે અહીંની ભલી ઘર-કારભારણ બાઈને કહેજો, એટલે તે તમને તેની પાસે લઈ જશે."

"પણ તું જ મને કેમ તેની પાસે નહીં લઈ જાય?"

"કારણ કે, તમે પાછા આવો ત્યાં સુધી મારે અહીં જ રહેવાનું છે."

"શું? મારી જગાએ તું અહીં જેલમાં રહેશે?"

"હા."

"મારી જગાએ બંધક-જામીન તરીકે? હેં? બોલી નાખ, ભાઈ!"

"પણ એમાં શો વાંધો છે?"

"પણ ખરે જ, તું સાચા દિલથી એમ કરવા માગે છે?"

"મારા પૂરા દિલથી હું તેમ કરવાનો છું, વળી."

સન-લૉક્સે ધીમે ધીમે પોતાના હાથ લાંબા કર્યા. જ્યારે તેના હાથ જૅસનને અડકયા, ત્યારે તે તરત તેને ગળે વળગીને ડૂસકાં ભરવા લાગ્યો.

"જૅસન, જૅસન, આ તો માત્ર ભાઈ કરે તે કરતાંય ઘણું વધારે છે; તું કેવું જોખમ ખેડે છે તેનો તને ખ્યાલ નથી પણ મને બરાબર ખ્યાલ છે. એટલે મારે તારાથી એ છુપાવવું ન જોઈએ : ગમે તે ઘડીએ — ગમે તે ક્ષણે દરિયામાં ઊભેલા જહાજને હુકમ મળશે કે મને તત્ક્ષણ ઠાર કરવો. હવે ધાર કે, હું મારા વહાલા બાપુને મળવા ચાલ્યો ગયો હોઉં, અને મારી ગેરહાજરીમાં જ એ હુકમ આવે, તો પછી તારું શું ?"

"હું અહીં જ હોઈશ, વળી!" જૅસને સીધોસાદો જવાબ આપી દીધો.

"બહાદુર જુવાન, તું શું બોલે છે? તું તારે માટે વિચાર ન કરી શકતો હોય, તો મારે માટે તો કર. મેં જે કહ્યું તેવું કાંઈ બને, તો પછી જીવનભર હું એક ક્ષણ પણ સુખી રહી શકું ખરો? ના, ના; કદી નહિ. ભલે મને મારી આંખોનું નૂર પાછું મળે — મારું પદ પાછું મળે — મારાં સગાં-મિત્રો પાછાં મળે — અને હું સો વર્ષ જીવું, તોપણ !"

"પણ તમે પાછા આવશો જ, પછી શું ?"

"પણ હું કદાચ પાછો ન પણ આવી શકું! આ ટાપુ અને મુખ્ય ભૂમિ વચ્ચે પાંત્રીસ માઈલનો સાગર પડયો છે, તેમાં ગમે ત્યારે બરફ જામી જાય કે દરિયાઈ તોફાન આવી ચડે. આવા પ્રદેશમાં પાછા આવવા એકે એક દિવસનો હિસાબ ગણનારો કાં તો મૂર્ખ હોવો જોઈએ કે ધૂર્ત. પણ હું એ બેમાંનો એકેય નથી — એટલે હું તને એવી ખાતરી આપી શકતો નથી કે હું ધારેલે સમયે પાછો આવી શકીશ."

"પણ જે તોફાન તમને અહીં પાછા આવતા રોકી રાખશે, તે જ તોફાન પેલા હુકમને પણ આ ભૂમિ ઉપર આવતો રોકી રાખશે ને! અને આવી આડી-અવળી કલ્પનાઓ કરવાની શી જરૂર છે? તમે કહો છો તે હુકમ આજે કાલે કે પરમ દિવસે આવશે જ, એવું માનવાને તમારી પાસે શું કારણ છે? એ હુકમ આટલા દિવસ નથી આવ્યો, તો બે-પાંચ દિવસ વધુ પણ નહિ આવે એમ કેમ ન માનવું? એટલે, મારું અહીં તમારી જગાએ રહેવાનું તો કેવળ ઔપચારિક જ છે — તેમાં હું કશું જ જોખમ ખેડતો નથી, કે તમે મને કશા જોખમમાં નાખતા પણ નથી."

"એ જ શરતે પાદરીબુવા મને અહીંથી જવા દેવા માગે છે?"

"હા."

"તો હું નથી જવાનો." સન-લૉક્સે મક્કમપણે કહી દીધું.

"તમે જો નહિ જાઓ, તો બુઢ્ઢા આદમ બાપુનું હૃદય ભાગી પડશે; કારણ કે, હું જાતે જઈને તેમને ખબર આપીશ કે તમે આવી શકતા હતા છતાં ન આવ્યા."

"પણ હું શાથી ન આવ્યો એ કારણ તું તેમને નહીં જણાવે?"

"ના; હું તો એમ જ કહીશ કે, તમારામાં તેમને માટે લાગણીનો છાંટોય રહ્યો નહોતો એટલે જ તમે નથી આવ્યા."

માઈકેલ સન-લૉક્સ એકદમ ચૂપ થઈ ગયો. થોડી વાર બાદ જેસને માયાળુપણે પૂછ્યું, "સન-લૉક્સ, ભાઈ તમે જશો ને?"

સન-લૉક્સે ટૂંકમાં જવાબ આપી દીધો, "હા."

૧૦

ભગ્ન હૃદય!

૧

મધરાત પછી જેસન સન-લૉક્સના કમરામાં જ સૂઈ રહ્યો. ચાર કલાક બાદ તે ઊઠયો, અને ઘરની બહાર નીકળી ડોકિયું કરી આવ્યો. હજુ વખત થયો ન હતો એટલે તે પાછો આવ્યો. પણ રખે ઊંઘી જવાય એ બીકે તે જાગતો જ બેસી રહ્યો.

પાદરીબુવાના ઘરમાં બધું જ સૂમસામ હતું. કમરામાં સન-લૉક્સના ઊંઘવાના અવાજ સિવાય બીજો કશો અવાજ સંભળાતો ન હતો.

થોડી વારમાં બરફ વરસવા માંડયો અને ચાંદો બુઝાઈ ગયો — ચારે બાજુ અંધારું થઈ ગયું.

"હવે કોઈ ન દેખે તેમ નીકળી જવાનો વખત છે," એમ કહીને તેણે બારી બરાબર બંધ કરી દઈ દીવો પેટાવ્યો, અને સન-લૉક્સને જગાડયો.

સન-લૉક્સ ઊઠયો, તથા ખિન્નતામાં ઘેરાઈ ગયેલાની પેઠે ચુપાચુપ કપડાં પહેરીને તૈયાર થઈ ગયો. જેસને આડીઅવળી વાતો કરતાં કરતાં થોડી કૉફી બનાવી દીધી. પછી તે અંધારામાં ફંફોસતો ગ્રીબાના કમરા તરફ ગયો અને ધીમેથી તેના બારણા ઉપર ટકોરા માર્યા.

ગ્રીબા તૈયાર જ હતી — તે આખી રાત ઊંઘી જ ન હતી. તેણે છાતી ઉપર ઘેટાના ચામડાની ખોઈ લટકાવી હતી, જેમાં ઊંઘતા નાનકા માઈકેલને સુવાડી ઊંચકી જવાની જોગવાઈ તેણે કરવા ધારી હતી.

જૅસને ધીમેથી ગ્રીબાને કહ્યું, "બધી તૈયારી થઈ ચૂકી છે; પણ હું તને એક વાત પૂછવા માગું છું—સન-લૉક્સ કહે છે કે તેને તેની આંખોનું નૂર પાછું મળે પણ ખરું;—એ સાચી વાત છે?"

"હા, હા; હુસાવિકના નેત્રવૈદ્યે એમ ખાતરીબંધ કહ્યું છે." ગ્રીબાએ જવાબ આપ્યો.

"તો પછી તું કોણ છે એ વાત તેને કરીશ તોપણ વાંધો નથી —તને એ હજુ પણ ચાહે છે."

ગ્રીબા બિચારીને એ સાંભળી, હર્ષનું ડૂસકું આવી ગયું. બબ્બે વરસની તપસ્યા બાદ પોતાને એ સદ્ભાગ્ય પ્રાપ્ત થશે એ બદલ તે ઈશ્વરને ધન્યવાદ દેવા લાગી.

જૅસનને મનમાં થયું. "મારો તો આને વિચાર સરખો આવતો નથી!" એ વિચાર આવતાં તેનું હૃદય એકદમ ખિન્ન થઈ ગયું. ધીમે ધીમે તે સન-લૉક્સની કોટડી તરફ પાછો ફર્યો.

પણ સન-લૉક્સ તો જૅસનનો જ વિચાર કર્યા કરતો હતો. તે તરત જ બોલ્યો, "ભાઈ, જૅસન! વિચાર તો કર—અત્યાર સુધી તને હું મારો ખરાબમાં ખરાબ દુશ્મન ગણતો આવ્યો છું—અને તું પણ મારી હત્યા કરવા જ મારી પાછળ પાછળ આઈસલૅન્ડ આવ્યો હતો. પણ છેવટે આખી દુનિયામાં તું જ મારે માટે તારું જીવન ખતરામાં નાખવા તૈયાર થયો છે."

"હા, જીવન વસ્તુ જ કેવો વિચિત્ર સટ્ટો છે?" જૅસન એટલો જવાબ આપી ખડખડાટ હસી પડયો.

"ભગવાન આપણ પામર જનોના રાગદ્વેષના કેવા ધાગા ઉરાડી દે છે?—આપણે કેવાં કેવાં વેર-દ્વેષ સેવતા હોઈએ, પણ આપણી મારફતે જ તે પોતાનું ધાર્યું પાર પાડે છે!"

બધી તૈયારી થઈ ચૂકી એટલે જૅસન મીણબત્તી બુઝાવીને સન-લૉક્સને કોટડી બહાર દોરી ગયો. ગ્રીબા ઓસરીમાં જ તૈયાર

ઊભી હતી. નાનકો માઇકેલ તેની છાતી સરસો ઝોળીમાં નિરાંતે ઊંઘતો હતો.

જૅસને બારણું ધીમેથી ઉઘાડયું. બહાર નીકળ્યા પછી જૅસને સન-લૉક્સને ધીમેથી કહ્યું, "હજુ પો ફાટવાને બે કલાકની વાર છે. ભાઈ, તમે દેખતા હોત તોપણ આગળ એક ડગલું ભરવા જેટલી જગા ન દેખાય તેવું અંધારું છે. માટે તમારો હાથ આ ભલી બાઈના હાથમાં મૂકો, અને ગમે તે થાય પણ કદી એ હાથ હવે છોડતા નહીં."

અને તેણે બંનેના હાથ જોડી આપ્યા.

"આ ભલી બાઈને મારે જ્યાં જવાનું છે તે સ્થળની ખબર છે ને?" સન-લૉક્સે પૂછપરછ કરી.

"તમારે બંનેએ જ્યાં જવાનું છે તે રસ્તાની એને બરાબર ખબર છે." જૅસને જવાબ આપ્યો. પછી તેણે કહ્યું, "હવે મોડું ન કરશો — ચાલતાં થાઓ. ધક્કા આગળ બે માણસો હોડી લઈને તમારી રાહ જોતા હશે. પણ થોભો!" પછી જૅસને ગ્રીબા તરફ વળીને પૂછયું, "તારી પાસે થોડાઘણા પૈસા છે?"

"હા," ગ્રીબાએ ધીમેથી જવાબ આપ્યો.

"તો એ માણસોને થોડા પૈસા આપજો. મેં તેમને સો ક્રાઉન આપવાના કહ્યા છે. એ લોકોને સાવચેતીથી હોડી હંકારવા કહેજો! બસ, ત્યારે આવજો!"

"આવજો!" બંનેએ એકીસાથે જૅસનને જવાબ આપ્યો.

પછી ગ્રીબાએ ધીમેથી સન-લૉક્સનો હાથ ખેંચતાં કહ્યું, "ચાલો!"

"આવજો! આવજો!" જૅસને ફરીથી વિદાય આપતાં કહ્યું. આ જીવનમાં ચાહેલાં અને ધિક્કારેલાં બંને સ્વજનોને તે આખરી વિદાય આપતો હતો.

સન-લૉક્સ આગળ ચાલતો એકદમ થોભી ગયો. તે ભાગી પડેલે અવાજે બોલ્યો, "ભાઈ, જૅસન, મને છેવટના એક વખત ફરી ભેટી લે!"

૨

જૅસન ઘરના બારણા આગળ લાંબો વખત ઊભો રહ્યો, અને બધા અવાજ લક્ષ દઈને સાંભળવા લાગ્યો. પેલાં ધક્કે પહોંચી હોડી ઉપર ચડયાં ત્યારે થયેલો થોડો ચૂંચવાટ, પછી ધીમેથી પાણીમાં પડતાં હલેસાંનો અવાજ, પછી લંગર ઉપાડયું તે વખતે થયેલો સાંકળનો અવાજ – પછી પાછો હલેસાંનો દૂર જતો અવાજ – બધું જ તેણે કાન માંડીને બરાબર સાંભળ્યા કર્યું.

થોડી વારમાં રાત્રીની અંધકારભરી નીરવતામાં એ બધા અવાજ ડૂબી ગયા.

જૅસને હવે થોડાક બાજુએ ફરીને બંદરમાં ઊભેલા ચોકિયાટ જહાજ તરફ નજર કરી. તેમાંથી આવતો દીવાનો પ્રકાશ તેને બરાબર દેખાતો હતો. તેની આસપાસ કશી હિલચાલ તેને જણાઈ કે સંભળાઈ નહિ.

છતાં તે ત્યાં સ્થિર થઈને ઊભો જ રહ્યો. ધીમે ધીમે પર્વતોની ટોચ ઉપરથી ધૂંધળો પ્રકાશ ઉદયમાન થયો.

"ભળભાંખળું થયું – પેલાં સહીસલામત દૂર નીકળી ગયાં છે –" એમ બોલી જૅસન ઘરમાં પાછો ફર્યો. અંદર આવી તેણે મીણબત્તી પાછી સળગાવી. પછી કબાટમાંથી કાગળ કલમ વગેરે લખવાનો સામાન શોધી કાઢ્યો અને પોતાના અણઘડ હાથે લખવા માંડયું —

"ભાઈ, તમારા સાંભળવામાં મારે વિષે ગમે તે વાત આવે, પણ મારી ચિંતા કરતા નહીં. હું નાસી છૂટયો છું અને સહીસલામત છું. પણ મને ફરી મળવાની આશા ન રાખતા. હું ફરી તમારી આગળ છતો થવા હિંમત કરી શકીશ નહિ. તમે હવે તમારા સુંદર વતન તરફ પાછા ફરજો; મારે તો મારા વહાલા વતન આઈસલૅન્ડમાં જ રહેવાનું

છે. ગ્રીબા, વિદાય! સન-લૉક્સ, એ તમને જ ચાહે છે; અને આખી જિંદગી તેણે એકલા તમને જ ચાહ્યા છે. વિદાય! હું ખુશીઆનંદમાં છું. ભગવાન તમારું બંનેનું ભલું કરે.”

કાગળ પૂરો કરી, તેણે બીડી દીધો. પછી ટેબલ ઉપર તેને મૂકી તેના ઉપર કમરાની ચાવી મૂકી. પછી તે વિચારમાં પડી ગયો —

“તેઓએ મારા જણાવ્યા મુજબ સન-લૉક્સને સૂઈ જવા અને ઊંઘી જવા સમજાવી દીધો હશે. જ્યારે તે જાગશે, ત્યારે તો તેઓ દૂર દરિયામાં પહોંચી ગયાં હશે. બધા સઢમાં જોરદાર પવન ભરેલું જહાજ વેગે આગળ ધપ્યે જતું હશે. થોડા વખતમાં સન-લૉક્સને ખબર પડશે કે, પોતાને છેતરવામાં આવ્યો છે! એટલે તે તરત પોતાને પાછો અહીં લઈ આવવા બુમરાણ મચાવશે. પણ તેઓ તેનું જરાય સાંભળશે નહિ. કારણ કે, ગ્રીબાએ મેં શીખવ્યા મુજબ, પેલા લોકોને બધી સૂચનાઓ આપી દીધી હશે. બીજે અઠવાડિયે અથવા એ પછીને અઠવાડિયે તેઓ શેટલૅન્ડ્ઝ પહોંચી જશે. ત્યાં પહોંચ્યા પછી તેમને મારો આ પત્ર મળશે. પછી તો તેઓ ઇંગ્લૅન્ડ જ પહોંચી જશે!”

બરફ વરસવો બંધ પડયો હતો, અને દિવસ ચડવા લાગ્યો હતો.

થોડા વખતમાં મકાન ઉપરથી ચોકિયાટ જહાજને આલબેલ જણાવતો ધ્વજ ફરકાવવામાં આવ્યો અને જહાજ તરફથી પણ જવાબમાં ઘંટ વગાડવામાં આવ્યો.

ત્યાર પછી, કબાટમાંથી મળી આવેલી પાદરીબુવાના દારૂની બાટલી જૅસન ગટગટાવી ગયો, અને પછી પોતે લખેલો કાગળ અને કમરાની ચાવી હાથમાં લઈ તે બહાર નીકળ્યો.

પાદરીના કમરા પાસે જઈ તેણે એ કાગળ અને ચાવી તેમના હાથમાં મૂકી દીધાં.

“પેલો સહીસલામત નીકળી ગયો ને?”

"હા; હા. બંને જણ નીકળી ગયાં, વળી!" જેસને જવાબ આપ્યો.

"બંને જણ એટલે કોણ?" પાદરીએ પૂછ્યું.

"બુઢ્ઢા ખૂસટ, તમને ખબર નથી કે પેલી એની પત્ની હતી?"

"પત્ની? કોણ? કોની?"

"કેમ બાવાજી, તમારી ઘર-કારભારણસ્તો! એ માઈકેલ સન-લૉક્સની સગી પત્ની હતી!"

"ભલા ભગવાન! મને શી ખબર? પણ તેઓ કયારે પાછાં આવશે, વારુ?"

"તેઓ હવે કદી પાછાં નહિ આવે," એટલું બોલતાંમાં જેસન ખડખડાટ હસી પડયો.

"કદી પાછાં નહિ આવે?"

"તેઓ કદી પાછાં ન આવે એવી જ પેરવી મેં બરાબર કરી છે."

"ભલા ભગવાન! આ બધું શું છે?"

"અરે બુઢ્ઢે! એ બધું શું છે તે કહી બતાવું? – રેક્જાવિકમાંથી હુકમ નીકળી ચૂકયો છે – અને આજે જ અહીં આવી પહોંચશે. સન-લૉક્સને ઠાર મારવાનોસ્તો!"

"હેં? આજે જ હુકમ આવી પહોંચશે? તો પછી – તો પછી – શું એને બદલે તેં મરવાનું નક્કી કર્યું છે?"

"બુઢ્ઢા! તમારે તેની શી પંચાત? મારે મરવું કે નહિ એની પંચાત મને હોય કે બીજાને? પણ જાણી રાખો કે, મોત આમ મારી પાસે સામું ચાલતું ન આવ્યું હોત, તો મારે તેની પાસે જવું પડત. મારી જિંદગી હવે વધુ લંબાવ્યે જવામાં કશો માલ નહોતો રહ્યો."

"પણ હું એવું કદી નહિ બનવા દઉં – તું નિર્દોષ માર્યો જાય એ હું કદી જોઈ નહિ રહું!"

"પણ બાવાજી, તમારે એ બનવા દેવું જ પડશે – કારણ કે, એમ કર્યા વિના તમારો છૂટકો જ નથી. પણ સાંભળો – આ કાગળ છે, તે સન-લૉક્સ માટે છે. શેટલૅન્ડ્ઝ જતું જે પહેલું જહાજ મળે, તેની મારફતે તે એને પહોંચાડાવજો – '**થૉરા** જહાજ, શેટલૅન્ડ્ઝ' એટલું સરનામું બસ છે. પણ બુઢ્ઢાજી, તમારો થોડો વધુ દારૂ મને આપી દો જોઉં – મારે હવે જરા ઊંઘી જવું છે – લાંબી ઊંઘ મારે કાઢવાની છે – બહુ લાંબી ઊંઘ !"

"ભગવાન તારું ભલું કરે, બેટા, ભગવાન તારા ઉપર પોતાના સર્વ આશીર્વાદ વરસાવે !"

"ભલે, ભલે, તમે મારે માટે ભગવાનને પ્રાર્થના કર્યા કરો; હું તો એ ભગવાનને પ્રાર્થના નથી કરવાનો. તેણે આ દુનિયા મારા જેવા માટે બનાવી જ નથી – આ દુનિયામાં મારા જેવા માટે તેણે કશું જ રાખ્યું નથી. હું અહીં સન-લૉક્સના બદલામાં હોઈશ જ એની ખાતરી રાખજો – તમને કશી આંચ નહિ આવવા દઉં, સમજ્યા ?"

કમરામાં જઈ, જેસને મોટેથી થોડાં પ્રેમગીતો ગાવા માંડયાં; – પણ થોડી વાર પછી તેના હૃદયની કાળી અંધાર ખિન્નતા તેના અંતરમાં ફરી પાછી વ્યાપી ગઈ – અને તે ડૂસકે ડૂસકે રડવા લાગ્યો.

તેનું હૃદય ભાગી પડયું હતું.

૧૧

જીવન દઈને જીવન કમાવાય!

૧

પછીને દિવસે હુકમ આવી પહોંચ્યો.

એક દિવસની મહેતલ કેદીને આપવામાં આવી હતી. — અને પછીને દિવસે વહેલી સવારે તો ચાર સૈનિકો માઈકેલ સન-લૉક્સને ઠાર કરવા આવી પહોંચ્યા.

ચારે સૈનિકો બાવાજીના ઘર પાસેની એક ખુલ્લી જગામાં લશ્કરી ઢબે બંદૂકો તાકી તૈયાર ઊભા રહ્યા. જેસનને તેની કોટડીમાંથી બહાર લાવવામાં આવ્યો.

તે સ્થિર પગલે ચાલતો હતો, અને તેના ચહેરા ઉપર પડકાર હતો. આટલા દિવસ કમનસીબ જ તેની પાછળ પડેલું હતું; — હવે તે પોતાના કમનસીબને જ હાથતાળી આપવા માગતો હતો!

તેને પડખે બુઢ્ઢો પાદરી સિગ્ફ્સ ચાલતો હતો. આ કેદી કોણ છે એ તે એકલો જ જાણતો હતો. ગ્રીમ્સીનું કોઈ જ કે સૈનિકોમાંનું કોઈ સન-લૉક્સને કે જેસનને ઓળખતું ન હતું. પણ બુઢ્ઢા પાદરીથી કાંઈ બોલી શકાય તેમ ન હતું — ખરી વાત તે કોઈને કહેવા જાય, તો તેનું પોતાનું જ આવી બને.

બુઢ્ઢો પાદરી ગાભરો થઈ ગયો હતો — અને ઉતાવળે પ્રાર્થનાઓ બબડયે જતો હતો.

ચોખ્ખો પ્રાતઃકાળ હતો. જેસન પોતાને માટે નિરધારેલી જગાએ જઈને સ્થિર — ટટાર ઊભો રહ્યો. તેના હાથ તેની પીઠ પાછળ બાંધી દેવામાં આવ્યા.

તે જ ઘડીએ સૂર્યે વાદળની કિનારોને ચકચકિત બનાવી દીધી અને જૅસનના મોં ઉપર ઉજ્જવળ પ્રકાશ છવાઈ રહ્યો.

સૈનિકોએ ગોળીઓ ચલાવી, અને ઘવાયેલો જૅસન તરત જ નીચે તૂટી પડયો. તેણે ખુલ્લી છાતીએ હૃદય ઉપર જ સૈનિકોની ગોળીઓ ઝીલી હતી —

કોઈ પણ માણસની છાતીમાં સારા માટે કે નરસા માટે એવું મોટું હૃદય નહિ ધબકયું હોય.

૨

એક કલાક બાદ તો ત્યાં મોટું ધાંધળ મચી રહ્યું. જૉર્ગન જૉર્ગન્સન ત્યાં પૂરપાટ દોડી આવ્યો હતો, પણ તે મોડો પડ્યો હતો.

એક નજર નાખતાં વેંત તે બધું સમજી ગયો : તેના હુકમનો અમલ થયો હતો, પણ સન-લૉક્સ ભાગી છૂટયો હતો અને જૅસન તેની જગાએ ઠાર થયો હતો.

તેના બંને દુશ્મનો તેને હાથતાળી આપીને તેના હાથમાંથી છટકી ગયા હતા.

તે વિમૂઢ થઈને ત્રાડી ઊઠયો : “આનો શો અર્થ ?”

પેલો બુઢ્ઢો પાદરી એક ક્ષણમાં નમાલું ઘેટું મટીને વિકરાળ વરુ બની ગયો. જૅસનના સ્વાર્પણથી તેને પોતાની પામરતા ઉપર તિરસ્કાર આવી ગયો હતો. તે બોલી ઊઠયો —

“એનો અર્થ એ છે કે, હું એક કંગાળ કાયર છું અને તું એક શાપિત જાલીમ છે.”

બંને જણ એકબીજા સામે તાકીને જોઈ રહ્યા, એવામાં જ બંદર ઉપરથી તોપનો કારમો ગડગડાટ સંભળાયો — બ્રિટિશ યુદ્ધ-જહાજ આવી પહોંચ્યું હતું.

ડેનિશ યુદ્ધ-જહાજે તરત શરણાગતી સ્વીકારી લીધી.

આદમ ફેરબ્રધર હવે કિનારે ઊતર્યો. તેને બધા સમાચાર

સંભળાવવામાં આવ્યા. જ્યાં જૅસન પડેલો હતો ત્યાં તે તરત દોડી ગયો અને તેની સમક્ષ ઘૂંટણિયે પડયો.

તેણે તેના બહેરા બની ગયેલા કાનમાં કહ્યું, "મારા બહાદુર બેટા! તારા જીવનનું તોફાન હવે હંમેશને માટે શમ્યું છે, અને તારો તોફાની આત્મા હવે આરામ પામ્યો છે. ઊંઘ્યે જા, દીકરા! શાંતિમાં પોઢી જા! ઈશ્વર તને ભૂલવાના નથી."

પછી તે પાછો ઊભો થઈ, આસપાસ ઊભેલાઓની સામે નજર કરીને ઘેરે અવાજે બોલ્યો, "કોઈ જો એમ માનતું હોય કે, આ જગતમાં ન્યાય નથી, તે અહીં આવે અને નજરે જુએ – અહીં એક બાજુ આઈસલૅન્ડનો ગવર્નર-જનરલ કહેવાતો માણસ ઊભો છે, અને બીજી બાજુ આખી દુનિયામાં તેનો એકમાત્ર સગો અને સંબંધી સૂતો છે. એક જીવે છે – બીજો મરી ગયો છે. એક સત્તા અને સમૃદ્ધિમાં માતેલો જીવે છે, અને બીજો પાછળ પડીને મારી નખાયેલા વરુની જેમ અહીં પડયો છે. પણ તમે એ બેમાંથી કોણ થવાનું પસંદ કરશો? – આખી દુનિયા જેને ચરણે પડેલી છે એ માણસ બનવાનું? – કે જે આખી દુનિયાને ચરણે પડેલો છે, એ માણસ બનવાનું?"

જૉર્ગન જૉર્ગન્સને માથું નીચું નમાવી દીધું.

આદમ ફૅરબ્રધરે પોતાના ચાબખા તેની પીઠ ઉપર ચમચમાવવાના ચાલુ રાખ્યા —

"જા, ભલા માણસ, સત્તાને તારે સ્થાને જઈ હવે નિરાંતે બેસી જા – તારું પદ છીનવી લે એવું કોઈ આ દુનિયામાં હવે બાકી રહ્યું નથી. પણ એટલું યાદ રાખજે કે, તું શેરીઓના કાદવની પેઠે નર્યા સોનાના ગમે તેટલા ઢગ ભેગા કરીશ, તું બધાં જીવતાં માણસો ઉપર ગમે તેવી મોટી સત્તા અને હકૂમત પ્રાપ્ત કરીશ, તેમ છતાં તારું જીવન હવે એક શાપરૂપ – ઠપકારૂપ – શરમરૂપ બની રહેવાનું છે!

મનુષ્યલોકમાંનો કંગાળમાં કંગાળ માણસ પણ એમ જ કહેશે કે, ભગવાન, બીજું ગમે તે આપજો, પણ જોર્ગન જોર્ગન્સન જેવું જીવન ન આપશો ! જા, જા, આ પવિત્ર ભૂમિને તારી શાપિત જાત વડે વધુ કલંકિત ન બનાવ !"

અને જોર્ગન જોર્ગન્સન, ફટકારાયેલા કૂતરાની જેમ, ત્યાંથી દૂમ દબાવીને ભાગ્યો.

તેઓએ જેસનને નાનકડા દેવળની લગોલગ આવેલી અણસ્પર્શી જમીનમાં દાટચો. સર સિગ્ફ્સે પોતાને હાથે તેની કબર ખોદી. ત્યાં નક્કર લાવાનું તળ હતું. એમ જૂની આગથી ભારેલા પેટાળમાં તેમણે આગ જેવા ભભૂકતા જેસનના હૃદયને ઢબૂરી દીધું.

આકાશ ભૂરું હતું, અને સૂર્ય બરફ ઉપર ઉજ્જવળ પ્રકાશ પાથરી રહ્યો હતો. જેસન જ્યારે પૃથ્વી ઉપર જન્મ્યો હતો, ત્યારે મધરાત હતી; પણ જ્યારે તે એમાંથી વિદાય થયો, ત્યારે ભવ્ય પ્રભાત હતું.

જૂના ગ્રીમ્સી ટાપુના ખડક ઉપર, લાવાનાં ગચિયાંનો એક પિરામિડ છે. અત્યારે તો તે શેવાળથી છવાઈ ગયો છે; પણ ત્યાં જેસન ચિરશાંતિમાં પોઢેલો છે.

સમાપ્ત

અમારાં પ્રકાશનો

[* આવી ફૂદડી મૂકેલાં પુસ્તકો જ હાલમાં ઉપલબ્ધ છે.]

* **લે મિઝેરાબ્લ** યાને **દરિદ્રનારાયણ** સંપા૦ ગોપાળદાસ પટેલ ૭૫.૦૦
[(વિકટર હ્યૂગો કૃત વિખ્યાત નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ.]

ક્રાંતિ કે ઉત્ક્રાંતિ સંપા૦ ગોપાળદાસ પટેલ ૫.૦૦
[વિકટર હ્યૂગો કૃત નવલકથા 'નાઇન્ટી થ્રી'નો વિસ્તૃત સંક્ષેપ, સચિત્ર.]

* **લાફ્ગિ મૅન** યાને **ઉમરાવશાહીનું પોત અને પ્રતિભા** ૮.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ
[વિકટર હ્યૂગોની નવલકથાનો વિસ્તૃત સચિત્ર સંક્ષેપ.]

પ્રેમ-બલિદાન સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૨.૦૦
[વિકટર હ્યૂગો કૃત વિખ્યાત નવલકથા 'ટૉઈલર્સ ઑફ ધ સી'નો વિસ્તૃત સંક્ષેપ, સચિત્ર.]

ધર્માધ્યક્ષ સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦.૦૦
[વિકટર હ્યૂગો કૃત નવલકથા 'હંચબૅક ઑફ નોત્રદામ'નો સચિત્ર સંક્ષેપ.]

'**નિકોલસ નિકલ્બી**' યાને **કરણી તેવી ભરણી** ૧૦.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ
[ડિકન્સ કૃત નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ, સચિત્ર.]

* **પિકવિક કલબ** યાને **'સૌ સારું, જેનું છેવટ સારું'** ૩૦.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ
[ડિકન્સ કૃત નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ.]

*** 'ડોમ્બી ઍન્ડ સન' યાને તવંગરનું સંતાન** ૧૨.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ
[ડિકન્સ કૃત નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ, સચિત્ર.]

વેર અને ક્રાંતિ સંપા૦ બિપિનચંદ્ર ઝવેરી ૩.૦૦
[ચાર્લ્સ ડિકન્સ કૃત વિખ્યાત નવલકથા 'એ ટેલ ઑફ ટૂ સિટીઝ'નો સરળ સચિત્ર સંક્ષેપ.]

ઑલિવર ટ્વિસ્ટ યાને 'એક અનાથ બાળકની કહાણી'
સંપા૦ ગોપાળદાસ પટેલ ૫.૫૦
[ડિકન્સ કૃત જાણીતી નવલકથાનો સચિત્ર છાયાનુવાદ.]

*** જુગારીની દુહિતર** સંપા૦ ગોપાળદાસ પટેલ ૮૦.૦૦
[ડિકન્સ કૃત 'ધ ઓલ્ડ ક્યૂરિયૉસિટી શૉપ' નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ.]

*** આશા અને ધીરજ** સંપા૦ ગોપાળદાસ પટેલ ૩૦.૦૦
[અલેકઝાન્ડર ડૂમા કૃત અદ્‌ભુત રસ-પ્રધાન નવલકથાનો છાયાનુવાદ.]

કાઉન્ટ ઑફ મૉન્ટેક્રિસ્ટો સંપા૦ ગોપાળદાસ પટેલ ૪.૦૦
[કિશોરોના ઇતર વાચન માટે સરળ સંક્ષેપ, સચિત્ર.]

થ્રી મસ્કેટિયર્સ - ૧ યાને પ્રેમશૌર્યના રાહે!
સંપા૦ ગોપાળદાસ પટેલ ૮.૦૦
[અલેકઝાન્ડર ડૂમા કૃત વિખ્યાત નવલકથાનો સચિત્ર, વિસ્તૃત સંક્ષેપ.]

થ્રી મસ્કેટિયર્સ - ૨ યાને વીસ વર્ષ બાદ!
સંપા૦ ગોપાળદાસ પટેલ ૮.૦૦
[ડૂમા કૃત 'ટ્વેન્ટી ઈયર્સ આફ્ટર'નો સચિત્ર સંક્ષેપ.]

થ્રી મસ્કેટિયર્સ - ૩ યાને કામિની અને કાંચન
સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦.૦૦
[ડૂમા કૃત 'વાઇકાઉન્ટ દ બ્રાજલોન'નો સચિત્ર સંક્ષેપ.]

***થ્રી મસ્કેટિયર્સ – ૪ યાને પ્રેમ-પંક** સં૦ ગોપાળદાસ પટેલ ૧૫.૦૦
[ડૂમા કૃત 'લુઈઝા દ લા વાલિયેર'નો સચિત્ર સંક્ષેપ.]

***થ્રી મસ્કેટિયર્સ – ૫ યાને દગા કિસીકા સગા નહિ!** ૧૫.૦૦
સંપા૦ ગોપાળદાસ પટેલ
[ડૂમા કૃત 'મૅન ઇન ધી આયર્ન માસ્ક'નો સચિત્ર સંક્ષેપ.]

કુટુંબ-પરિવાર અનુ૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૧૧.૦૦
[ગુરુદત્ત કૃત હિંદી નવલકથા 'ગુણ્ઠન'નો સચિત્ર અનુવાદ.]

પ્રેમનાથ અનુ૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૧૦.૦૦
[ગુરુદત્ત કૃત હિંદી નવલકથા 'પ્રવંચના'નો અનુવાદ.]

ભૂલ કોની? સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૭.૦૦
[ગુરુદત્ત કૃત હિંદી નવલકથા 'ભૂલ'નો અનુવાદ.]

ભ્રષ્ટાચારને માર્ગે અનુ૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૧૨.૦૦
[ગુરુદત્ત કૃત નવલકથા 'પતનકા માર્ગ'નો અનુવાદ.]

***ગંગાજળ** અનુ૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૧૨.૦૦
[ગુરુદત્ત કૃત બે ભાગની વિરાટ નવલકથા 'ગંગાકી ધારા'-
નો સરળ સંક્ષેપ.]

***ધન અને ધરતી** સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૮૦.૦૦
[ગુરુદત્તની નવલકથા : નોકરી કરતાં સ્વ-રોજગાર ઉત્તમ!]

મોતીની માયા સંપા૦ ગોપાળદાસ પટેલ ૧.૫૦
[નૉબેલ-પ્રાઇઝ વિજેતા જૉન સ્ટાઇનબેકની લખેલી લોકકથા
'પર્લ'નો સંક્ષિપ્ત અનુવાદ, સચિત્ર.]

એક ગધેડાની આત્મકથા સંપા૦ પુ૦ છો૦ પટેલ ૯.૦૦
[કૃશ્ન ચન્દર કૃત હિંદી વ્યંગકથાનો સચિત્ર અનુવાદ;
ન્યાયમૂર્તિ શ્રી. એમ.પી. ઠક્કરની પ્રસ્તાવના સહિત.]

* **તપસ્યા અને નિગ્રહ** સંપા૦ ગોપાળદાસ પટેલ ૫.૦૦
[વિખ્યાત ફ્રેંચ લેખક આનાતોલ ફ્રાંસની નવલકથા 'થાઈ'નો સંક્ષિપ્ત અનુવાદ.]

* **હૃદયપલટો** સંપા૦ ગોપાળદાસ પટેલ ૨૫.૦૦
[ટૉલ્સ્ટૉય કૃત નવલકથા 'રિઝરેકશન'નો વિસ્તૃત સંક્ષેપ.]

ગુનો અને સજા સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૨.૦૦
[ડસ્ટયેસ્કી કૃત વિખ્યાત નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ.]

* **આંધળાઓના દેશમાં** સંપા૦ ગોપાળદાસ પટેલ ૩.૦૦
[એચ. જી. વેલ્સ કૃત રસિક લઘુકથાનો અનુવાદ.]

* **પ્રીત કિયે દુઃખ હોય** [સ્કૉટ કૃત 'કેનિલવર્થ'] ,, ૨૦.૦૦

પ્રેમ-વિજય [સ્કૉટ કૃત નવલકથા 'આઈવન્હો'] ૮૦.૦૦

હિંમતે મર્દા [સ્કૉટ કૃત નવલકથા 'ક્વેન્ટિન ડરવાર્ડ'] (પ્રેસમાં)

મનનિકા સંપા૦ વિજયશંકર મં૦ ભટ્ટ ૩.૦૦

મારી જીવનદૃષ્ટિ ,, ,, ૨.૦૦

* **પંજગ્રંથી** સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦૦.૦૦
[ગુરુ નાનક, ગુરુ અમરદાસ, તથા ગુરુ અર્જુનદેવનાં પાંચ અમૂલ્ય ભક્તિ-પદોનો અનુવાદ, ઉપોદ્ઘાત, ટિપ્પણ સાથે.]

* **ગુરુ નાનકનાં ત્રણ ભક્તિપદો** સંપા૦ ગોપાળદાસ પટેલ ૪૦.૦૦
[ઉપરના 'પંજગ્રંથી' પુસ્તકમાંથી ગુરુ નાનકનાં ત્રણ ભક્તિપદોનો જુદો સંગ્રહ.]

* **ધરતીમાતા** સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦.૦૦
[સર આલ્બર્ટ હાવર્ડના 'સૉઈલ ઍન્ડ હેલ્થ' પુસ્તકનો અનુવાદ; જેમાં લેખક જૂની ખેતી-પદ્ધતિની જોરદાર હિમાયત કરે છે.]

* **'ગાંધી' ફિલ્મની કહાણી** સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦.૦૦
[ફિલ્મ-નિર્માણની એક અનોખી કથા.]

વિચારમાળા સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૦.૭૫
[‘સત્યાગ્રહ’ની સુંદર વિચારકલિકાઓનો સંગ્રહ.]

ચિંતનમણિમાળા સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૧.૦૦
[‘નવજીવન’ માસિકનાં વિચાર-પુષ્પોની ફૂલગૂંથણી.]

અમરવેલ સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
[દેશ દેશનાં ડાહ્યાં સ્ત્રી-પુરુષોનાં વિચાર-મૌક્તિકો.]

આત્મ-શોધનમાળા સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
[આત્મસંશોધનને લક્ષમાં રાખીને ચૂંટેલાં સુભાષિતો.]

વિચાર-મણિ-માળા સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
[પ્રેરક વિચારકલિકાઓ.]

પારસમણિ સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
[વિચારસૃષ્ટિનું શોધન કરનારાં સુવાક્યો.]

અવળ-વાણી સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ ૨.૦૦
[ચાબખા, કોરડા અને કડવી-વાણી જેવાં સુવાક્યો.]

ભારત પર ચડાઈ મગનભાઈ દેસાઈ ૦,૭૫
[ચીની આક્રમણનો ખ્યાલ આપતી પુસ્તિકા, નકશા સાથે.]

ગીતાનું પ્રસ્થાન મગનભાઈ દેસાઈ ૫.૦૦
[મહાભારતના યુદ્ધના મંડાણ પહેલાંની રસિક કથા.]

*** કેળવણીકારનું પોત અને પ્રતિભા** ૧૦.૦૦
[શ્રી. મગનભાઈ દેસાઈ અભિનંદન ગ્રંથ. રાષ્ટ્રીય કેળવણીકાર, સ્વતંત્ર વિચારક અને સાધકની વિચારસૃષ્ટિ અને જીવનચરિત્ર.]

*** કળા એટલે શું?** મગનભાઈ દેસાઈ ૬.૫૦
[ટૉલ્સ્ટૉય કૃત આર્ષ ગ્રંથ ‘વૉટ ઇઝ આર્ટ ?’નો અનુવાદ.]

*** ઈશાવાસ્ય ઉપનિષદ** સંપા૦ મગનભાઈ દેસાઈ ૨.૦૦

*** શ્રીસુખમની** પદ્યમાં અનુવાદક મગનભાઈ દેસાઈ ૫.૦૦
[પાંચમા શીખગુરુ અર્જુનદેવકૃત]

*** શ્રીજપજી** [ગુરુ નાનકદેવકૃત] પદ્યમાં અનુવાદક મગનભાઈ દેસાઈ ૫.૦૦

*** ૩૦ મી જાનેવારી** — મગનભાઈ દેસાઈ — ૧.૫૦
[રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ : અગિયાર ફોટો-ચિત્રો સહિત.]

નવી યુનિવર્સિટીઓ — મગનભાઈ દેસાઈ — ૧.૨૫
[યુનિ૦ શિક્ષણ-વહીવટ અને માહિતી આપતી પુસ્તિકા; ગાંધીજીના ઉચ્ચ શિક્ષણને લગતા લેખો સહિત.]

*** ગાંધીજીનો જીવનમાર્ગ** — મગનભાઈ દેસાઈ — ૬.૦૦
[ગાંધીજીએ જીવન-સાધનામાં આવશ્યક માનેલાં વ્રત-સાધનોની ઝીણવટભરી પ્રમાણભૂત રજૂઆત.]

ગીતાનો પ્રબંધ — મગનભાઈ દેસાઈ — ૨.૦૦
[અષ્ટાદશાધ્યાયિની ગીતાના વિષયની ગોઠવણી અને રજૂઆત કેવી રીતે થઈ છે તેનું સળંગ નિરૂપણ.]

સાવધાન ! — મગનભાઈ દેસાઈ — ૦.૧૦
[અંગ્રેજીના પ્રશ્ન અંગે સમજ આપતી પુસ્તિકા.]

મિડલ સ્કૂલ : "અદકેરું અંગ" — મગનભાઈ દેસાઈ — ૧.૦૦
[અંગ્રેજી રાજ્ય હેઠળ પ્રાથમિક કેળવણીમાં અંગ્રેજોએ શા હેતુથી 'મિડલ સ્કૂલ'ની ફાચર મારી હતી, તેની ચર્ચા.]

*** જિજ્ઞાસુના પ્રશ્નો** (ગાંધીજીને) — સંપા૦ મગનભાઈ દેસાઈ — ૧.૦૦
[કર્મયોગ કે જ્ઞાન-સંન્યાસયોગ અંગે ગાંધીજીને પૂછેલા પ્રશ્નો, તેમના જવાબ સાથે.]

*** કળા વિષે ટૉલ્સ્ટૉય અને ગાંધીજી** — મગનભાઈ દેસાઈ — ૧.૦૦
[કળા વિષેના ટૉલ્સ્ટૉયના મૌલિક વિચારોના વિવરણ સાથે ગાંધીજીના કળા વિષેના વિચારોના ઉતારા.]

સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ — સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ — ૧૨.૦૦
[સાક્ષરશ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી કૃત પ્રસિદ્ધ ગુજરાતી નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ. શ્રી. સોમાલાલ શાહની પીંછીથી દોરેલાં મુખ્ય પાત્રોનાં લાક્ષણિક ચિત્રો સહિત.]

નીલગંગાનાં નીર [યુગાન્ડા જઈ વસેલા ગુજરાતી ભાવુક હૃદયમાં સ્ફુરેલાં કાવ્યોનો સંગ્રહ, સચિત્ર.]	પુરુષોત્તમ ભોજાણી	૫.૦૦
ખોરાક અને સ્વાસ્થ્ય	ઝવેરભાઈ પટેલ	૨.૦૦
સંત ફ્રાન્સિસનું જીવનગાન	અનુ૦ પ્રો૦ મનજીભાઈ ફકીરભાઈ	૧૦.૦૦
* **રાષ્ટ્રનું અણમોલ રત્ન : મગનભાઈ દેસાઈ**	સંપા૦ બિપિન આઝાદ	૩-૦૦
* **રગે રગે ક્રાંતિકારી : આચાર્ય કૃપલાની**	સંપા૦ બિપિન આઝાદ	૩.૦૦
દાંતના રોગો	ડૉ૦ પટ્ટણી	૧.૦૦
* **ભગવાન પાણિનિ**	ધનવંત ઓઝા	૧.૫૦
* **દાદા માવળંકર**	,,	૩.૦૦
* **ગમાર!!**	[ટૉલ્સ્ટૉય કૃત પરીકથા 'ઇવાન ધ ફૂલ']	૫.૦૦
* **મધરાતે આઝાદી**	[આઝાદી મળ્યાના દિવસોની કરુણકથા]	૨૫.૦૦
સત્યાગ્રહી બાપુ [ગાંધીજીના સત્યાગ્રહના પ્રસંગોની રસિક વાર્તાઓ, સચિત્ર.]	સંપા૦ રમેશ ડા. દેસાઈ	૦.૬૦
સરદારશ્રીનો વિનોદ [બારડોલીની લડતના વિનોદના ૬૫ પ્રસંગો સહિત.]	સંપા૦ મુકુલભાઈ કલાર્થી; કલ્યાણજી વિ૦ મહેતા	૨.૦૦

પ્રાપ્તિસ્થાન

આચાર્યશ્રી જે. બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ
મેમોરિયલ ટ્રસ્ટ
સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ
અમદાવાદ-૫૪

ધ બૉન્ડમૅન યાને

આત્મ-બલિદાન

હૉલ કેઈન કૃત

સંપા૦ ગોપાળદાસ પટેલ

નિકોલસ નિકલ્બીનું એક પાત્ર
મિ૦ સ્ક્વિયર્સ : સ્કૂલ-માસ્તર